BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ES-116 ગુજરાતીનું શિક્ષણ (Teaching of Gujarati)

વિભાગ

1

## ભાષા, શિક્ષણ અને ગુજરાતીનું શિક્ષણ


એકમ-1 ભાષા સંકલ્પના અને મહત્ત્વ

એકમ-2 ભાષા સ્વરૂપ અને વિકાસ

એકમ-3 માતૃભાષા, પરિભાષા, મહત્ત્વ અને શિક્ષણ

એકમ-4 માતૃભાષા શિક્ષણનાં હેતુઓ

એકમ-5 માતૃભાષા શિક્ષણનું આયોજન

# ES-116, ગુજરાતીનું શિક્ષણ (વિભાગ-1)


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. ઈશ્વરભાઈ એન. વાઘેલા** | એમ. બી. પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. રણજીતસિંહ પવાર** | શ્રી સી. એચ. શાહ મૈત્રી, વિદ્યાપીઠ મહિલા કૉલેજ ઑફ એજ્યુકેશન, માનસ મંદિર, સુરેન્દ્રનગર |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. રમેશભાઈ પટેલ** | એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ. |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 600
દ્વિતીય આવૃત્તિ-2020, **નકલ :** 180
તૃતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-123-3**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-116 ગુજરાતીનું શિક્ષણ (Teaching of Gujarati)


**વિભાગ-1 ભાષા, શિક્ષણ અને ગુજરાતીનું શિક્ષણ**

એકમ-1 ભાષા સંકલ્પના અને મહત્ત્વ

એકમ-2 ભાષા સ્વરૂપ અને વિકાસ

એકમ-3 માતૃભાષા, પરિભાષા, મહત્ત્વ અને શિક્ષણ

એકમ-4 માતૃભાષા શિક્ષણનાં હેતુઓ

એકમ-5 માતૃભાષા શિક્ષણનું આયોજન

**વિભાગ-2 માતૃભાષા શિક્ષણનાં કૌશલ્યો, અધ્યાપન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ**

એકમ-6 માતૃભાષા શિક્ષણનાં કૌશલ્યો

એકમ-7 માતૃભાષા શિક્ષણની પદ્ધતિઓ

એકમ-8 માતૃભાષા શિક્ષણની પ્રયુક્તિઓ

**વિભાગ-3 માતૃભાષાનાં વિવિધ પાસાંઓનું શિક્ષણ**

એકમ-9 ગદ્યનું શિક્ષણ

એકમ-10 પદ્યનું શિક્ષણ

એકમ-11 વ્યાકરણનું શિક્ષણ

એકમ-12 લેખન અને રચનાનું શિક્ષણ

**વિભાગ-4 માતૃભાષાની આનુષંગિક બાબતો**

એકમ-13 માતૃભાષા શિક્ષણનાં દશ્ય, શ્રાવ્ય ઉપકરણો

એકમ-14 માતૃભાષા શિક્ષણની સામગ્રી

એકમ-15 માતૃભાષા શિક્ષણમાં મૂલ્યાંકન

એકમ-16 માતૃભાષા શિક્ષણમાં નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય

એકમ-17 અન્ય આનુષંગિક બાબતો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાંથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાંની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવાં માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણનાં જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવાં માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમા, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણનાં ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણનાં વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાંનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત, શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાંથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાંથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

**એકમ 1**

# ભાષા સંકલ્પના અને મહત્ત્વ

## : રૂપરેખા :

**1.0 ઉદ્દેશો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 ભાષાના પરિભાષા**

**1.3 ભાષાની લાક્ષણિકતાઓ**

**1.4 ભાષાના ઘટકો**

**1.5 ભાષાનું મહત્ત્વ**

**1.6 તમારી પ્રગતિ ચકાસો**

**1.7 સારાંશ**

**1.8 સ્વાધ્યાય**

**1.9 ચર્ચા માટેના મુદ્દાઓ**

**1.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

**1.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

## 1.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે...

(1) એકમનો પરિચય મેળવી શકશો.

(2) ભાષાની પરિભાષા જાણી શકશો.

(3) ભાષાની વિદ્વાનોએ આપેલી વ્યાખ્યાઓથી પરિચિત થશો.

(4) ભાષાની વ્યાખ્યાઓની સમજ મેળવી શકશો.

(5) ભાષાની સંકલ્પના જાણી શકશો.

(6) ભાષાની લાક્ષણિકતાઓ, વિસ્તૃત સમજ પ્રાપ્ત કરી શકશો.

(7) ભાષાનું મહત્ત્વ સ્પષ્ટ સમજી શકશો.

## 1.1 પ્રસ્તાવના

ભાષા એ માનવ વિકાસનું સૌથી અગત્યનું પરિબળ છે. ભાષાના માધ્યમથી જ તે સમાજમાં પોતાના તમામ વ્યવહારો કરે છે. ભાષા એ વિચારો, ભાવો, કલ્પનાઓ અને અનુભવોને યોગ્ય રીતે વ્યક્ત કરવાનું સાધન છે. સંસ્કૃતિ અને સભ્યતાને જાણવા અને પ્રસારવાનું માધ્યમ છે. જ્ઞાન મેળવવા, જ્ઞાનનો પ્રસાર કરવા, જ્ઞાનનો સંગ્રહ કરવા અને શિક્ષણ આપવા માટેનું મહત્ત્વનું ઉપકરણ છે. વિજ્ઞાન, અર્થતંત્ર, રાજતંત્ર, ઉદ્યોગ, સાહિત્ય, કેળવણી વગેરે બધા ક્ષેત્રોનો વિકાસ ભાષા ઉપર નિર્ભર છે. આમ માણસને માણસ તરીકે દરજ્જો અપાવવામાં અને ઈતર પ્રાણીઓથી તેને પ્રગતિના ઉચ્ચ શિખરો પર બેસાડવામાં ભાષા જ કેન્દ્ર સ્થાને છે. વાણીમાં જે સચવાય છે તે નથી અતીત કે નથી અનાગત, એ છે માનવીની જીવંત અનુભૂતિ. આમ, માનવીની ભાષા એ એની આગવી લાક્ષણિકતા છે. ભાષા જ માનવીની ઓળખ છે. ભાષા થકી જ માનવ પ્રસરણ પામી શકે છે, વિકસી શકે છે, વિસ્તરી શકે છે.

## 1.2 ભાષાની પરિભાષા

સૃષ્ટિ ઉપરના દરેક સજીવમાં અવાજ કાઢવાની શક્તિ છે. આ અવાજને સંજ્ઞારૂપ-અક્ષરદેહ આપવાની શક્તિ વિકસિત કરીએ. ખરેખર આ શક્તિ માણસની પોતીકી વ્યવસ્થા છે. ટૂંકમાં કહીએ તો ધ્વનિનું સંજ્ઞારૂપ એટલે અક્ષર અને અમૂર્ત ભાવોને મૂર્ત રૂપમાં રજૂ કરવા એટલે ભાષા.

ભાષા શબ્દ સંસ્કૃત શબ્દ ભાષા પરથી બન્યો છે. ભાષા ધાતુનો અર્થ બોલવું એમ થાય છે. જે બોલાય તે ભાષા અથવા વાણીનો ઉચ્ચાર એટલે ભાષા તેવી વ્યાખ્યા આપવાની પ્રેરણા થાય. પરંતુ તેમ કરવું યોગ્ય નથી. કારણ કે માનવ મુખમાંથી નીકળતા બધા ધ્વનિઓને ભાષા કહી શકાય નહી. કેટલાક ભાષાની વ્યાખ્યા આપે છે કે વિચારોના આદાન પ્રદાનનું વહન એટલે ભાષા. જો આ વ્યાખ્યા સ્વીકારીએ તો સંકેતોને પણ ભાષા કહેવી પડે. જે યોગ્ય નથી. તેથી આ વ્યાખ્યા પૂર્ણતા પ્રાપ્ત કરતી નથી.

ભાષા અંગે ઘણા વિદ્વાનોએ મંતવ્યો દર્શાવ્યાં છે. એડવર્ડ સપીર તેમના લેંગ્વેજ નામના પુસ્તકમાં ઈ.સ. 1955માં ભાષાની વ્યાખ્યા આપે છે કે ભાષા એટલે સ્વૈચ્છિક રીતે ઉચ્ચારેલા સંકેતોની વ્યવસ્થા વડે વિચારો, ભાવો અને ઈચ્છાઓનું સંક્રમણ કરવાની કેવળ માનવીય અને બિનસાહજિક પદ્ધતિ છે.

Language is a purely human and non instictive method of communicating ideas, emotions and desties by means of a system or voluntary symbols.

અહીં એડવર્ડ સપીર ભાષા સાહજિક છે તે ન સ્વીકારતાં ભાષા એ કેવળ પ્રાપ્ત કરવાનું કૌશલ્ય છે તેમ સ્વીકારે છે. વિચારો, લાગણીઓ અને એષણાઓની યાદચ્છિક ભાષાકીય સંકેતોમાં નિદર્શિત પદ્ધતિને તેઓ સ્વીકારે છે. વ્યક્તિમાં ઊંચા પ્રકારનું સામર્થ્ય હોય તો તેને અનુરૂપ વિચારો, ભાષા સંક્રમણ કરવાની કેવળ માનવીય અને બિનસાહજિક પદ્ધતિ છે તેવું તે માને છે. 'સ્વીટ' ભાષાની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે.

"ભાષા એટલે ધ્વનિ સંકેતો દ્વારા વિચારોની અભિવ્યક્તિ."

સ્વીટ તેમની વ્યાખ્યામાં એક મહત્ત્વના લક્ષણ ઉપર ભાર મૂકે છે કે, ભાષા ધ્વનિરૂપ સંજ્ઞાઓની બનેલી છે. સ્વીટના મત પ્રમાણે વ્યક્તિ પોતાના વિચારો, ભાવ અને ઇચ્છા બીજાઓ પાસે પ્રદર્શિત કરવા માટે જે ધ્વનિરૂપ સાધનોનો ઉપયોગ કરે છે તેને ભાષા કહી શકાય.

પાણિનીએ ભાષા વિશે મત આપતાં કહ્યું છે કે,

"व्यक्त वाचा समुच्चारणैः।"

સારી રીતે ઉચ્ચારેલી વાણી જ ભાષા છે.

અહીં વ્યક્તિ પરસ્પરના વ્યવહારમાં વાચિક માધ્યમ તરીકે સ્વીકારવામાં આવતી વાણીના સર્વમાન્ય સ્વરૂપને ભાષા તરીકે ઓળખવામાં આવ્યું છે.

યોગઋષિ પતંજલિ કહે છે કે જે વાણી વર્ણોથી વ્યક્ત થાય છે તેને ભાષા કહેવાય. હિન્દીના પ્રખ્યાત વ્યાકરણશાસ્ત્રી કહે છે કે ''भाषा वह साधन है जिसके द्वारा मनुष्य अपने विचार दूसरों के समक्ष व्यक्त करता है और दूसरों के विचार स्वयं स्पष्टतया समझ सकता है।''

એડગર સ્ટર્ટિવન્ટ તેમના એન ઇન્ટ્રોડક્શન ટુ લિંગ્વિસ્ટિક સાયન્સ નામના પુસ્તકમાં ભાષાનું વિવેચન નીચે મુજબ કરે છે.

"ભાષા યાદચ્છિક વાચિક સંકેતોની એક વ્યવસ્થા છે, જેના વડે કોઈ એક સામાજિક જૂથના સભ્યો એકબીજાંનો સહકાર સાધે છે અને એકબીજાંના સંપર્કમાં આવે છે."

રોબર્ટ હોલ ઇન્ટેશડકટરી ઓર લિંગ્વિસ્ટિક પુસ્તકમાં ભાષાની વ્યાખ્યા નીચે મુજબ આપે છે.

"ભાષાઓ એટલે યાદચ્છિક સંકેત પદ્ધતિ દ્વારા સંદેશા વ્યવહાર કરવાની માનવો વડે ઉપયોગમાં લેવાની વાચ્ય શ્રાવ્ય આદતોની વ્યવસ્થાઓ."

તેઓ સંમત થાય છે કે યાદચ્છિક સંકેતો દ્વારા માનવ સંદેશાઓને લઈ જવાનું સાધન માધ્યમ ભાષા છે.

ભાષાની ઉપરોક્ત વ્યાખ્યાઓ અને તેના સંદર્ભે કરેલી ચર્ચાને આધારે ભાષા અંગે નીચેની બાબતો સ્પષ્ટ થાય છે.

**ભાષા એટલે...**

ચોક્કસ રીતે અર્થ ધરાવવાની વિશિષ્ટ સંકુલ અને અસાધારણ વ્યવસ્થા. વાચિક અને લેખિત સંકેતોની માળખાકીય તરાહ.

પદ્ધતિસરની વ્યવસ્થિત સાંકેતિક અને વાચિક વ્યવસ્થા.

સામાજિક ઘટના

યાદચ્છિક ધ્વનિ સંકેતોની વ્યવસ્થા.

સમાજના સભ્યોની પ્રત્યાયન-સંક્રમણ વ્યવસ્થા.

યાદચ્છિક ધ્વનિઓની ગોઠવણી કરી, પદવિન્યાસનો સ્વીકાર કરી, સંદેશો મોકલવાની વ્યવસ્થા.

મહાવરો, તાલીમ, કાર્યક્ષમતા અને ધ્વનિઓની કુશળતાપૂર્વકની ગોઠવણી દ્વારા પ્રાપ્ત કરી શકાતો સંસ્કાર.

## 1.3 ભાષાની લાક્ષણિકતાઓ

ભાષાની પરિભાષાની સમજ પ્રાપ્ત કર્યા પછી તેની લાક્ષણિકતાઓ તારવી શકાય છે. ભાષા પણ અન્યની જેમ લક્ષણો-વિશેષતાઓ-વિશિષ્ટતાઓ કે લાક્ષણિકતાઓ ધરાવે છે. ભાષાની લાક્ષણિકતાઓ નીચે મુજબ ગણાવી શકાય.

**1. ભાષા એ યાદચ્છિક ધ્વનિસંકેતોની વ્યવસ્થા છે :**

યાદચ્છિક એટલે મરજી મુજબ. વાચિક ધ્વનિઓ યાદચ્છિક સંકેતોની એટલે કે વાચિક ધ્વનિઓ મરજી મુજબના જેને તે રીતે અનુકૂળ આવ્યા તે રીતના સંકેતો છે. ભાષાના ધ્વનિ સંકેતોને પોતાના કોઈ ચોક્કસ અર્થ નથી. ભાષાના ધ્વનિસંકેતોનો અર્થ કોઈ નિશ્ચિત નિયમાનુસાર ઘડાતો નથી. સમાજ પોતાની મરજી મુજબ ધ્વનિઓને અમુક અર્થના સંકેતરૂપે વાપરે છે. અમુક શબ્દોમાં ધ્વનિઓનો અમુક અર્થ થવાનું કારણ એ છે કે કેવળ એ પ્રકારનો પરંપરાગત ચાલતો વ્યવહાર છે. કોઈ પણ શબ્દ કે ઉક્તિ જ્યારે બોલાય છે ત્યારે એમાં કોઈ અનિવાર્ય નૈસર્ગિક સંબંધ હોતો નથી. હાથ અથવા હસ્ત કે અંગ્રેજીમાં હેન્ડ એમ ભિન્ન ભિન્ન ધ્વનિ સંકેતો એકના એક અર્થને વ્યક્ત કરી શકે છે. તે જ દર્શાવે છે કે ધ્વનિ અને અર્થને કોઈ સ્વયં સિદ્ધ સંબંધ નથી. ધ્વનિ સંકેતો ભાષા સમાજ દ્વારા જે તે અર્થ વ્યક્ત કરવા નિર્માણ થયેલ હોય છે, એટલે જ તે યાદચ્છિક હોય છે. તેમની વચ્ચે કોઈ સાહજિક કે આવશ્યક સંબંધ હોતો નથી. દરેક સમાજને ધ્વનિ સંકેતોની પોતાની આગવી વ્યવસ્થા હોય છે. માટે જ ગુજરાતીમાં 'ભસવું'નો મરાઠીમાં 'ભોંકણે' છે.

**2. ભાષા નિશ્ચિત અર્થ ધરાવતી સંકુલ વ્યવસ્થા છે :**

ભાષાના એક છેડે યાદચ્છિક છે તો બીજે છેડે વ્યવસ્થા છે. બાળક લિપિ શીખ્યા પહેલાં બોલતાં શીખે છે. એટલે બાળક કાનની મદદથી શ્રવણથી ભાષા શીખે છે. સમાજ વ્યવસ્થા માટે યદચ્છથી સંજ્ઞાઓ નક્કી કરે છે. ભાષામાં વપરાતા ધ્વનિસંકેતો પરંપરાથી રૂઢ થઈ ગયા છે. નૈસર્ગિક રીતે જે તે શબ્દના અર્થને તે શબ્દના ધ્વનિસંકેત સાથે કોઈ વાસ્તવિક સંબંધ નથી પણ જે તે ધ્વનિ સંકેતો અને અને તેની ચોક્કસ ગોઠવણી અમુક નિશ્ચિત અર્થ પ્રગટ કરે છે તે એક પરંપરાથી રૂઢ થયેલું છે. દા.ત., ગુજરાતી ભાષામાં કેરી એ એક ફળનો નિર્દેશ કરે છે જ્યારે તે જ ફળ માટે અંગ્રેજીમાં mango શબ્દ વપરાય છે. એટલે કે એક જ ફળ માટે બે જુદી-જુદી ભાષા સમાજમાં અલગ અલગ શબ્દ જોવા મળે છે. જુદી જુદી ભાષામાં તો એક બાબત માટે જુદાં જુદાં શબ્દો હોય છે. તેવી રીતે એક જ ભાષામાં એક જ અર્થ ધરાવતાં અનેક શબ્દો પણ

હોય છે. દા.ત., આંખ માટે ગુજરાતી ભાષામાં લોચન, નેત્ર, નયન, અક્ષિ, ચક્ષુ, નેણ, ચશ્મ, નેન, ચખ, ઈક્ષણ જેવાં અનેક શબ્દો છે. પણ તેનાથી પણ બીજી વાત તે પણ છે કે એક ભાષામાં એક બાબત માટે વપરાતો એક જ શબ્દ જુદાં સંદર્ભમાં બીજો જ અર્થ સૂચવે તેવું પણ બને છે. દા.ત., મારો કોઈ આરો રહ્યો નહીં તેથી જ તે સ્વીકાર્યું જેમાં આરો શબ્દ ઉપાયના સંદર્ભમાં પ્રયોજાયો છે પણ બીજા વાક્યમાં-સાગરના આરે સારસ જોડી ગેલ કરતી હતી-માં આરો શબ્દનો અર્થ કિનારો થાય છે. આથી કહી શકાય કે ભાષા એક સંકુલ વ્યવસ્થા છે.

**3. ભાષા સામાજિક ઘટના છે :**

બાળકનો પ્રથમ શબ્દ એટલે જાણે ઘરમાં ઉત્સવનો અવસર. બાળક જ્યારે પ્રથમ શબ્દ 'મા' ઉચ્ચારે છે ત્યારે તેની માતાનો હર્ષ માતો નથી. કારણ કે માતા-પિતા-દાદા-દાદી અને કુટુંબના સર્વે કુટુંબના સર્વ સભ્યો બાળકના શબ્દો ઉચ્ચાર સાંભળવા તરસતા હોય છે. બાળક જે સમાજમાં જન્મે છે તે સમાજની ભાષા બોલે છે. સમાજથી દૂર જંગલમાં રહેનાર પ્રાણીઓ કે પશુઓની વચ્ચે રહેનાર બાળકને ભાષા આવતી નથી. જંગલમાં વસવાટ કરનાર અમલા અને કમલા નામની બહેનોનો તેમજ રામુ નામના બાળકનો અભ્યાસ આ વાતને સમર્થન આપે છે. તેઓ પણ માણસ હોવા છતાં પશુઓ જેવાં ઉચ્ચારણ કરતા હતા. પણ ભાષા અભિવ્યક્તિ કરી શકતા નહોતા. આમ, ભાષા એ સામાજિક ઘટના છે.

**4. ભાષા ટેવોનો સમૂહ છે :**

ભાષા જેમ જેમ બોલાતી જાય છે આત્મસાત્ થતી જાય છે. તેમ તેમ સમગ્ર વ્યક્તિત્વનો હિસ્સો બની જાય છે. ખાનપાન અને રહન સહનની જેમ ભાષા પણ વ્યક્તિ અમુક રીતે બોલે છે. ભાષા બોલનારાઓમાં પણ જે વિવિધતા જોવા મળે છે તે પણ ટેવોનું પરિણામ છે. દા.ત., ગુજરાતી ભાષા બોલનારા લોકો જે જુદાં જુદાં પ્રદેશમાંથી આવે છે તે લોકો પોતાના પ્રદેશના છાપવાળી ભાષા બોલે છે એટલે કે અલગ અલગ રીતે ભાષા બોલે છે. તેવી જ રીતે માણસ એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં એટલે કે જુદાં વાતાવરણમાં જાય તો પણ ભાષા બદલાતાં ઘણો સમય લાગે છે.

**5. ભાષા એ બહુધા મેળવેલો/કેળવેલો સંસ્કાર છે, તેના વપરાશમાં સર્જનાત્મકતાનો અવકાશ છે :**

ભાષા સામાજિક વાતાવરણ, માતા-પિતા, ભાઈ-બહેન, મિત્રો, સામાજિક વ્યક્તિઓના સહવાસ અને પ્રેરણાથી અને વિવિધ શક્તિઓની પરસ્પર અસરથી ઘડાય છે. જેમ કે ભૂખ, તરસ જન્મજાત પ્રેરણા છે. ભૂખ લાગે છે. તરસ લાગે છે. તેવું અનુભવાય છે. પણ ભૂખ લાગે ત્યારે શું ખાવું ? તરસ લાગે ત્યારે શું કરવું ? તે જે-તે વાતાવરણના ઉછેરથી સંસ્કારાય છે. તેવી જ રીતે માણસને બોલવાની શક્તિ મળી છે પણ ભાષા ક્યાં, કેવી રીતે બોલવી, કયા શબ્દો વાપરવાં તે આસપાસના વાતાવરણ, સહવાસ, પ્રેરણા, કેળવણી, તાલીમ, મહાવરા, દ્વારા શીખી શકાય છે. આમ, ભાષા શિક્ષણની સાથોસાથ માણસ પોતાની બુદ્ધિ પ્રતિભાથી, પોતાની વિશિષ્ટ શક્તિથી સમજથી ભાષાભિવ્યક્તિમાં સર્જનશીલતા પણ લાવી શકે છે. જેમ જેમ શબ્દભંડોળ વધતું જાય, શબ્દ પ્રત્યે અભિજ્ઞાન વધતું જાય તેમ તેમ સર્જનાત્મકતા વિકસતી જાય છે. ભાષામાં પણ શબ્દભંડોળ નવા શબ્દોના ઉમેરણથી, નવા શબ્દોનાં ઘડતરથી શબ્દોના નવોન્મેષથી દિવસે દિવસે વધતું જ જાય છે. કવિતામાં છંદોલયતા, પ્રતીક, કલ્પના, ભાષામાં અલંકારો કે પછી મોબાઈલમાં એસ.એમ.એસ.માં વપરાતી ભાષા સર્જનશીલતાનાં ઉદાહરણો છે.

**6. ભાષા દ્વારા સમાજના સભ્યો પ્રત્યાયન કરી શકે છે :**

ભાષા દ્વારા ભાષા સમાજના સભ્યો પરસ્પર વિચારો અને લાગણીઓની આપ-લે કરી જીવનવ્યહાર ચલાવે છે. ભાષાના અભાવમાં માનવોનો જીવનવ્યવહાર ગતિહીન અને

ઉપરછલ્લો બની જાય છે. મણસ માણસ વચ્ચેની આંતરક્રિયાઓ સીમિત બની જાય છે. ભાષા જીવનવ્યવહારમાં એવી વણાઈ ગઈ છે કે તે વિનાનો સમાજ કલ્પી શકાતો નથી. ખરેખર ભાષાની વ્યવસ્થા દ્વારા માનવસમાજ અસરકારક પ્રત્યાયન કરીને વિકાસ કરી શકે છે.

**7. ભાષા એ સાંસ્કૃતિક સંક્રમણ છે :**

ભાષા દ્વારા માણસ સંક્રમણ કરે છે. તેવી જ રીતે પ્રાણીઓ પક્ષીઓ પણ અમુક અંશે અવાજ દ્વારા સંક્રમણ કરતા હોય તેવું અનુભવાય છે. દા.ત., કોઈ પશુનો મૃતદેહ પડ્યો હોય અને કોઈ કાગડો કે ગીધ ત્યાં આવી ચડે છે ત્યારે તો ખાતાં ખાતાં કા-કા, કા-કા એમ અવાજ કરે છે. અને થોડીવારમાં જ તેના અવાજને કારણે જ કદાચ કાગડાઓ આવી જાય છે. ગીધ આવી જાય છે. આ દશ્ય જોઈને આપણે એવું અનુભવીએ છીએ કે કાગડાએ કા-કા અવાજ અન્ય કાગડાઓને બોલાવ્યા કદાચ આમ ન પણ હોય છતાં તેવું કહી શકાય કે કાગડાથી ખાતાં ખાતાં કા-કા એમ અવાજ થઈ જાય છે અને આ અવાજ બીજા કાગડાઓને આ જગાએ ખાવાનું છે તેવી માહિતી પહોંચાડે છે. આ આખી ઘટનાને સંક્રમણની અવગમનની યા પ્રત્યાયનની ઘટના તરીકે ઓળખી શકાય. આ ઘટના સાથે સંદેશો, સંકેતની સાથે ચતુરપણે સંકળાયેલો છે પણ તે સહજ છે.

માણસ કા-કા બોલે એટલે કોઈ કાકાને બોલાવે છે એવી અવગણતી ઘટના અસ્તિત્વમાં આવે છે. પશુના અવગમનની ઘટના સહજ છે જ્યારે માણસની અવગમનની ઘટના સહન નથી. કારણ માણસનો પેલા કાકાને બોલાવવાનો સ્પષ્ટ ઈરાદો છે. જે પ્રાણી પશુની ઘટનામાં નથી.

આથી એ કહી શકાય કે માણસ અગમન સાધે છે જ્યારે પશુ પક્ષીઓમાં અવગમન સહજ રીતે અજાણપણે થાય છે. પણ માણસ દરેક વખતે જ એક જ રીતે અવગમન સંક્રમણ કરશે તેવું નથી. દરેક વખતે જે જુદી જુદી રીતે પણ પોતાની ઈચ્છા અનુસાર અવાગમન સંક્રમણ કરશે. આ પ્રમાણે અવનગમનની ઘટના માટે જે સંકેતો વાપરે છે તે ઈરાદાપૂર્વકના અને તેની ઈચ્છા પ્રમાણેના એટલે કે યાદચ્છિક હોય છે. આથી તેને શીખવા પડે છે અને એ શીખતા હોવાને લીધે વ્યવસ્થાના રૂપમાં રૂઢ થાય છે. એટલે એમ કહી શકાય કે ભાષા પ્રણાલી ભાષાશૈલી, ભાષાનો ઉપયોગ કરવા માટે શિક્ષણ કે તાલીમ જરૂરી છે. માનવ ભાષા શીખી શકે છે કે તેને શીખવાડી શકાય છે. અને જેમ જેમ તેનો ઉપયોગ વધતો જાય તેમ તેમાં સુધારણા થતી જાય અને સાથોસાથ સર્જનશીલતા પણ આવતી જ જાય છે.

## 1.4 ભાષાના ઘટકો

ભાષાના ઘટકો નીચે પ્રમાણે ગણાવી શકાય. આ ઘટકોની સમૂહરચનાથી ભાષા સર્જાય છે.

**1. વર્ણ કે અક્ષર :**

વર્ણ મૂળભૂત રીતે અવાજો ધ્વનિઓનો સમૂહ છે. ફેફસામાંથી બહિર્ગત થતી હવાના જથ્થાના ધક્કા સાથે ઉચ્ચાર પામતા ધ્વનિઓના સમૂહને અક્ષર કહે છે. બીજી રીતે કહેવું હોય તો એમ કહી શકાય કે શબ્દમાં જેટલાં ઉચ્ચારણના સ્તર હોય છે તેટલા અક્ષરો તેમાં હોય છે.

બધાં પ્રાણીઓ અવાજો કાઢી શકે છે, પણ માનવ દ્વારા ઉચ્ચારતા ધ્વનિઓ એ એવા છે કે જેમના સંયોજનથી અર્થ ધરાવતા એકમો બનાવી શકાય છે. જેમ કે અ, મ અને એ, ને જોડીને અમે શબ્દ બને છે. માણસ અવાજો તો ઘણા કાઢી શકે છે. પણ બધા અવાજોને વર્ણો તરીકે ઓળખવામાં આવતા નથી પણ જે ધ્વનિઓ દ્વારા અર્થ ધરાવતા એકમો બનાવી શકાય છે. તેઓને જ વર્ણો કે વર્ણ ધ્વનિઓ તરીકે ઓળખવામાં આવે છે.

**2. રૂપ કે શબ્દ :**

અર્થવાળો વર્ણ કે અક્ષરનો સમૂહ એટલે શબ્દ. અક્ષરો કે વર્ણો જ્યારે ભેગા મળે છે ત્યારે રૂપ કે શબ્દ બને છે. બીજી રીતે કહીએ તો રૂપ કે શબ્દ એટલે અક્ષરોનો અર્થમુક્ત લઘુત્તમ સમૂહ જેમ કે જો, ગા, નો અર્થ એકાક્ષરી શબ્દ છે તેઓ અર્થ સમજાય છે તેથી તે રૂપ છે પણ તિ, નો અર્થ સમજાતો નથી તેથી તે રૂપ નથી.

3. **અંગ :**

શબ્દકોશગત અર્થ ધરાવનાર રૂપને અંગ કહે છે એટલે કે રૂપ અર્થવાહી છે. રૂપનો અર્થ થઈ શકે છે. તેનો અર્થ શબ્દકોશમાં મળી આવે છે. અંગને પ્રત્યય લાગી શકે છે. દા.ત. વણાટમાં વણ અને આટ એવા બે રૂપ ભેગા થયેલાં છે. પણ વણ રૂપને અંગ કહી શકાય કારણે તે શબ્દકોશનો અર્થ ધરાવે છે. જ્યારે આટરૂપ છે પણ અંગ નથી કારણ તે શબ્દકોશનો અર્થ ધરાવતું નથી.

## 1.5 ભાષાનું મહત્ત્વ

જગતના જીવોમાં માનવું અનન્ય અને અદકેરું સ્થાન ભાષા થકી છે. માનવજાતિએ ભાષાનો ઉપયોગ શરૂ કર્યો ત્યારથી જ તે માનવ બનવા માંડ્યો. તે પહેલા નહીં. એમ એક ભાષા શાસ્ત્રી જણાવે છે તે સર્વથા સત્ય છે. ભાષાના મહત્ત્વને નીચેના મુદ્દાઓ સ્પષ્ટ કરે છે.

1. સંસ્કૃતિના ઉદ્દભવ અને વિકાસ માટે ભાષા અનિવાર્ય છે. માનવસંસ્કૃતિની શરૂઆત ક્યારથી થઈ ? તે પ્રશ્નનો ઉત્તર આપવો હોય તો તેમાં ભાષાની શરૂઆતને પ્રથમ સ્થાન આપવું પડે. વાણી વિના વિકાસ વંઠે. ભાષાના વિકાસની સાથે જ સંસ્કૃતિનો ઉદ્દભવ થયો હતો. પ્રાચીન સંસ્કૃતિની ગાથા તેની લિપિ (ભાષા) થકી જ છે. જો તેઓ પાસે ભાષા ન હોત તો સંસ્કૃતિ જ ન હોત. માનવ સંસ્કૃતિનો વિકાસ પણ ભાષા પર જ આધારિત છે. આધુનિક વિકાસ સુધી પહોંચવામાં ભાષાનું પ્રદાન બહોળું છે.

2. વ્યક્તિ અને સમાજના અસ્તિત્વ અને અસ્મિતાનું અવિભાજ્ય અંગ ભાષા.

   ભાષા વિના વ્યક્તિ કે સમાજ હોઈ શકે ખરો ? વિચારણા માગી લે તેવો પ્રશ્ન છે મૂંગા કે આંધળા વ્યક્તિ પાસે પણ અન્ય સ્વરૂપે ભાષા છે. અને ભાષા છે તો તે અન્ય સાથે જોડાઈ શકે છે. અને વ્યક્તિઓના જોડાણથી જ સમાજ બને છે. વ્યક્તિ અને સમાજ પોતાને ઈચ્છાઓ, એષણાઓ અને અભિચેષ્ટાઓ વ્યક્ત કરી શકે છે. ભાષાથી જ ભાષા દ્વારા જ જે-તે દિશામાં સ્પંદિત થઈ પોતાના સ્પંદનોને સાકાર સ્વરૂપ આપી શકે છે. આમ ભાષા લોકોને જોડનારું અને પૂરનારું બળ છે. આથી કહી શકાય કે ભાષા વિનાનો માનવ પાંગળો છે. ભાષા જ માનવ જીવનના વિકાસનો પાયો છે.

3. **પ્રત્યાયન માટે ભાષા**

   પ્રત્યાયન એટલે કોઈક માધ્યમ વડે માહિતી, સંદેશો, વિચાર કે લાગણીની આપ-લે કરવી. અવગમન, આક્રમણ અને વિચાર સહન એ બધા પ્રત્યાયનના પર્યાય છે. માનવ સમાજ ભાષાના માધ્યમથી પ્રત્યાયન કરે છે. ભાષાનું પ્રથમ અને મુખ્ય કાર્ય પ્રત્યાયન છે. વ્યક્તિ પોતાનો રોજનો વ્યવહાર પ્રત્યાયન દ્વારા-ભાષા વડે પ્રત્યાયન કરીને ચલાવે છે. વ્યક્તિ પોતાના વિચારો, ભાવો, કલ્પનાઓ અને અનુભવોને વ્યક્ત કરવા માટે પ્રત્યાયન કરે છે. તે ઉપરાંત અન્યના વિચારો, ભાવો, કલ્પનાઓ અને અનુભવોને જાણવા માટે પણ પ્રત્યાયન જરૂરી છે. પ્રત્યાયન થકી જ જીવન યાત્રા ચાલે છે. પ્રત્યાયનનું સબળ માધ્યમ ભાષા છે.

   માણસ જન્મે ત્યારથી જ ભાષા દ્વારા પ્રત્યાયન કરે છે. આમ ઘરમાંથી શરૂ થઈ શાળાના શિક્ષણ દરમ્યાન સમાજમાં અન્ય સાથે, વ્યાવહારિક જીવનમાં ઝંપલાવ્યા પછી પણ, ધંધામાં, વેપાર, રોજગારમાં અને આમ સર્વ સ્થાને પ્રત્યાયન કરવા ભાષા ઉપયોગી છે. જીવનભર ભાષા થકી જ પ્રત્યાયન કરી શકાય છે.

4. શિક્ષણ મેળવવા અને આપવા માટે ભાષા ઉપયોગી છે. પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ શિક્ષણ મેળવવામાં ભાષા ઉપયોગી છે. એમ કહેવું હોય તો કહેવાય કે ભાષા હશે તો શિક્ષણ વ્યવસ્થા છે. વિવિધ વિષયોનું જ્ઞાન ભાષા થકી મેળવી શકાય છે. વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવામાં ભાષા ઉપયોગી છે તો શિક્ષકોને શિક્ષણ આપવામાં પણ ભાષા ઉપયોગી છે. જે શિક્ષક ભાષામાં નિષ્ણાત છે, ભાષાનો ક્ષમતાપૂર્વક ઉપયોગ કરી શકે છે, તે શિક્ષકના વર્ગમાં વિદ્યાર્થીઓ

ઉભરાય છે. જ્ઞાન હોય પણ તેને આપવા માટે અભિવ્યક્તિ માટે ભાષાનું મહત્ત્વનું માધ્યમ છે. જેની ભાષા સારી તેનું સર્વે સારું તેમ પણ કહેવાય છે. વિદ્યાર્થીઓ વાંચન-લેખન માટે પણ ભાષા જ પ્રયોજે છે. જ્ઞાનને રજૂ કરવા-પરીક્ષાઓ-કસોટીઓ આપવા માટે ભાષા જ ઉપયોગી છે. આમ, વિવિધ વિષયોનું જ્ઞાન મેળવવામાં તેની રજૂઆત કરવામાં વિદ્યાર્થીને ભાષાનો ઉપયોગ કરવો પડે છે તો શિક્ષકને જ્ઞાન પ્રસારવામાં આપવામાં ભાષાનો ઉપયોગ કરવો પડે છે.

**5. મુક્ત અને સ્પષ્ટ અભિવ્યક્તિ માટે ભાષા**

પ્રત્યાયન અને શિક્ષણ ઉપરાંત અભિવ્યક્તિનું સાધન પણ ભાષા છે. ભાષા દ્વારા વ્યક્તિ અભિવ્યક્ત થઈ શકે છે. વ્યક્તિ અનેક ઊર્મિઓ-લાગણીઓ અનુભવે છે. અને તેને અભિવ્યક્ત કર્યા વિના ચેન પડતું નથી. કોઈને કશો સંદેશો આપવાનો ન હોય, કોઈ શિક્ષણ મેળવવાનું ન હોય એવા સંજોગોમાં પણ આપણે ભાષા દ્વારા અભિવ્યક્તિ કરીએ છીએ. ક્યારેક આપણી સંવેદનશીલતાને આપણા અસ્તિત્વની ખાતરી મેળવવા માટે ભાષા દ્વારા અભિવ્યક્તિ થઈએ છીએ અને આપણી જાતને પામીએ છીએ.

સાહિત્ય સર્જન અભિવ્યક્તિની જરૂરિયાતનું અલગ પરિણામ છે. સાહિત્ય સર્જનના ભાષા દ્વારા સર્જનાત્મક વ્યક્તિઓ સાહિત્યસર્જન કરે છે.

**6. માનવ વિકાસ માટે ભાષા - (વ્યાવસાયિક વિકાસ માટે ભાષા)**

ભાષા દ્વારા જ માનવનો વિકાસ થઈ શકે છે. માણસે જે તે અંગમાં વિકાસ કરવો હોય તો તે માટે ભાષા ઉપયોગી છે. કોઈ વેપારીની દુકાને, કોઈ ડૉક્ટર પાસે ગ્રાહક કે દર્દી જવા પ્રેરાશે. જ્યારે તે વેપારી ડૉક્ટરની ભાષા સારી મીઠી હશે ત્યારે તેનો વેપાર પણ વિકસે છે. તો ડૉક્ટર, શિક્ષક, એન્જિનિયર, ફેરિયો, નેતા, અભિનેતા વગેરેના વિકાસનો આધાર ભાષા જ છે. ભાષા થકી જ વ્યાવસાયિક વિકાસ થઈ શકે છે. વ્યાવસાયિક વિકાસ થકી જ માણસ પોતાનો વિકાસ કરી શકે છે. વિજ્ઞાન અર્થતંત્ર, રાજતંત્ર, ઉદ્યોગ, સાહિત્ય કેળવણી વગેરે તેઓનો વિકાસ ભાષા પર જ નિર્ભર છે. દરેક અંગોમાં ભાષાની આગવી જરૂરિયાત છે. ભાષા વડે માણસ બીજાઓ પાસે કામ કરાવે છે. આ પ્રકારના સહકાર દ્વારા માનવી જે સિદ્ધિઓ સાકાર કરે છે તે સહકાર પણ ભાષા દ્વારા જ શક્ય બને છે.

**7.** ભાષા માણસે શોધેલું સૌથી વધારે વિલક્ષણ ઉપકરણ છે. બીજા ઉપકરણો એના વડે છે. આધુનિક સમયે અન્ય ઉપકરણોના નિર્માણમાં માનવ સહકાર અને શ્રમ વિભાજનની અપેક્ષા રાખે છે. જે ભાષા વિના શક્ય નથી. પ્રસ્તુત ભાષા અને મોડું યાંત્રિક ઓજાર છે. જે માનવ સંસ્કૃતિને શક્ય બનાવે છે. શરીર સાથે ત્વચાને જેવો સંબંધ છે તેવો જ સંબંધ ભાષાને સંસ્કૃતિ સાથે છે.

કોઈપણ પ્રજા કે રાષ્ટ્રે જે કર્યું છે, માણ્યું છે, વેઠ્યું છે, ખોયું છે તે બધું ભાષા દ્વારા પ્રસરે છે. ભાષા માનવીની પ્રત્યેક ક્ષણની સાક્ષી છે. ભાષામાં સમાજનું સાંસ્કૃતિક જીવન ધબકે છે. પ્રજાનો ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ ભાષામાં સંચિત થાય છે.

ભાષા દ્વારા જ વૈજ્ઞાનિક શોધખોળો, મહામાનવીની ગાથાઓ, સિદ્ધિઓ, કષ્ટો અને બોધવચનો, સાહસિકોના સાહસોના વર્ણનો, શિલ્પ સ્થાપત્યના વર્ણનો, વિવિધ ભૌગોલિક શોધખોળો માનવીઓએ ખેલેલાં યુદ્ધો, અને માનવીય કે કુદરતી આફતોથી સર્જાયેલી આફતોના અરૂણ્ય રુદનો ટૂંકમાં માનવના આનંદ અને દુઃખ, વિષાદ અને પ્રસાદ સઘળુ ભાષા દ્વારા જ પ્રત્યાયનથી અને પરોક્ષ રીતે અભિવ્યક્ત થાય છે અને પરિચય થાય છે. આ ભાષા થકી જ માનવ - સમાજ સાંસ્કૃતિક શિક્ષણ પ્રત્યાયન, અભિવ્યક્તિ વિકાસ શક્ય છે. ભાષા છે તો સર્વ છે,

સર્વના અસ્તિત્વનો આધાર-વિકાસનો આધાર-ભાવિનો આધાર ભાષા છે.

## 1.6 તમારી પ્રગતિ ચકાસો. આપેલી ખાલી જગ્યામાં લખો.

**નીચેના પ્રશ્નોના ઉત્તરો આપોસ,**

**1. ભાષાની બે વ્યાખ્યાઓ આપો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**2. ભાષાની કોઈપણ બે વ્યાખ્યાઓ આપી સમજાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**3. ભાષાની અગત્યની ત્રણ લાક્ષણિકતાઓ દર્શાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**4. ભાષાની મહત્ત્વના ઘટકોના નામ લખો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 1.7 સારાંશ

માનવજાત માટે ભાષા એ પ્રત્યાયનનું માધ્યમ છે. પોતાના સમાજના જીવન વ્યવહારને સરળ અને સહજ બનાવવા માટે માનવ ભાષાનો ઉપયોગ કરે છે. આથી તેનું વ્યાવહારિક જીવન સુખમય અને સંતોષમય બને છે. માનવ અને પશુપક્ષીઓમાં મહત્ત્વનો તફાવત એ છે કે માનવ પોતાના અંતના સંબંધોને ભાષા દ્વારા વ્યક્ત કરે છે. આથી ભાષા એની અભિવ્યક્તિઓનો આવિષ્કાર બની જાય છે.

ભાષા શબ્દ ભાષા પરથી આવ્યો છે. તેનો અર્થ વ્યક્ત વાણીનો ઉચ્ચાર કરવો એમ થાય છે. ભાષા વિચારોના આદાન પ્રદાનનું ઉપકરણ છે. ભાષા યાદચ્છિક ધ્વનિ સંકેતોની વ્યવસ્થા છે. તે વ્યવસ્થા

દ્વારા વિચારો, ભાવો અને ઈચ્છાઓનું સંક્રમણ કરવાની તક માણસની પ્રાપ્ત થાય છે. તે બહુધા મેળવેલો, કેળવેલો સંસ્કાર છે. જેના વપરાશમાં સર્જનાત્મકતાને અવકાશ છે. સ્થળ સમયને ધ્યાનમાં રાખી ભાષામાં પરિવર્તન શક્ય બને છે. ભાષા એક અનુકરણાત્મક ઘટના છે અને તેથી તે સામાજિક ઘટના પણ છે.

ભાષાની લાક્ષણિકતાઓમાં તે યાદચ્છિક ધ્વનિસંકેતોની, નિશ્ચિત અર્થ ધરાવતી સંકુલ, સામાજિક વ્યવસ્થા છે. ભાષા દ્વારા સાંસ્કૃતિક સંક્રમણ, પ્રત્યાયન શક્ય બને છે. ભાષાના કેટલાક અંતર્ગત ઘટકો છે પણ રૂપ, અંગ, પ્રત્યય, પદ ક્રમ, પદ સંવાદ અને વાક્યરચનામાંથી ભાષા ઉદ્દભવે છે. વાક્ય રચનામાં આરોહ, અવરોહ, નિશ્ચિત પદ ક્રમ અને સંવાદ ઉપરાંત જંક્ચર મહત્ત્વનાં છે.

ભાષા માનવ સંસ્કૃતિ અને સમાજ માટે મહત્ત્વનું ઉપકરણ છે. સંસ્કૃતિના ઉદ્દભવ અને વિકાસ માટે અને સમાજના અસ્તિત્વ તેમજ વિકાસ માટે, શિક્ષણ-પ્રત્યાયન-અભિવ્યક્તિ માટે અને સામાજિક સાંસ્કૃતિક વિકાસ માટે ભાષા મહત્ત્વનું માધ્યમ છે. ભાષા વિના માનવ, સમાજ, સંસ્કૃતિ શક્ય નથી.

## 1.8 સ્વાધ્યાય

1. ભાષા એટલે શું ? (ભાષાની કોઈ એક વ્યાખ્યા આપી તેને સમજાવો)
2. ભાષાની પરિભાષા સ્પષ્ટ કરો.
3. ભાષાની કોઈપણ ત્રણ લાક્ષણિકતાઓની વિસ્તૃત સમજ આપો.
4. ભાષા વિના માનવ સંસ્કૃતિનો વિકાસ શક્ય નથી. આ વિધાનની ચર્ચા નીચેના મુદ્દાઓને આધારે કરો.
5. માનવ સમાજના વિકાસમાં ભાષાનું મહત્ત્વ.
6. સામાજિક સાંસ્કૃતિક વિકાસમાં ભાષાનું મહત્ત્વ.
7. "ભાષા દ્વારા જ માનવ પોતાનો વ્યવસાય વિકસાવી શકે છે." વિધાન ચર્ચો.

## 1.9 ચર્ચા માટેના મુદ્દાઓ :

1. મનુષ્ય પાસે ભાષા ન હોય તો....! પ્રસ્તુત મુદ્દાના સંદર્ભમાં તમારા વિચારો જણાવો.
2. ભાષા એ યાદચ્છિક ધ્વનિ સંકેતોની વ્યવસ્થા છે. પ્રમુખ વિધાનના સમર્થનમાં તમારા મંતવ્યો ઉદાહરણ સાથે આપો.
3. ભાષા વિના માનવનું અસ્તિત્વ અર્થવિહીન છે. પ્રસ્તુત વિધાન સાથે તમે કેટલે અંશે સંમત થાઓ છો ? તમારી દલીલો જણાવશો.

## 1.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. શ્રીવાસ્તવ, રવિન્દ્રનાથ ભાષા શિક્ષણ, પ્રથમ સંસ્કરણ, ધી મૈકમિલન કંપની ઑફ ઇન્ડિયા લિમિટેડ, નવી દિલ્હી, 1979.
2. Ed ward suppr, Language Am Introduction to the study of speech, citarount brace n.y. 1955.
3. Louis H. Groy : Foundation of Language macmillan and co. N.Y. 1958.
4. J.B. Carroll The study of language, Harward uni., press, Camoridose, 1953.
5. ધનવંતભાઈ અને અન્ય : ગુજરાતી વિષયવસ્તુના નવીન પ્રવાહો, ડૉ. એ. આર. શેઠની કંપની, મુંબઈ, પ્રથમ આવૃત્તિ 1972.


## 1.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

1. ગમે તે બે વ્યાખ્યા 1.2

2. ગમે તે બે વ્યાખ્યા 1.2
3. 1.2
4. 1.3(ફક્ત લાક્ષણિકતાઓ જ) ગમે તે ત્રણ.
5. 1.3(લાક્ષણિકતા સમજ સાથે) ગમે તે બે.
6. 1.3
7. 1.4(4) અ-બ.
8. 1.4 (4) ગમે તે બે.
9. 1.4
10. 1.5 ગમે તે બે.

એકમ 2

# ભાષા સ્વરૂપ અન વિકાસ

## : રૂપરેખા :

**2.0 ઉદ્દેશો**

**2.1 પ્રસ્તાવના**

**2.2 ભાષાનું સ્વરૂપ**

**2.2.1 ભાષાનાં વિવિધ સ્વરૂપો**

**2.3 ભાષા વિકાસને અસર કરતાં પરિબળો**

**2.3.1 શક્તિઓ**

**2.3.2 પ્રેરણા**

**2.3.3 વાતાવરણ**

**2.3.4 સમૂહ માધ્યમો**

**2.4 ભાષા શીખવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો**

**2.5 તમારી પ્રગતિ ચકાસો**

**2.6 સારાંશ**

**2.7 સ્વાધ્યાય**

**2.8 ચર્ચા માટેના મુદ્દાઓ**

**2.9 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

**2.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

## 2.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે....

1. એકમનો પરિચય મેળવી શકશો.
2. ભાષાનું સ્વરૂપ જાણી શકશો.
3. ભાષાના અધ્યયનની પ્રક્રિયા વિશે જાણી શકશો.
4. ભાષાનાં વિવિધ અંગોના વિકાસ વિશે સમજ મેળવી શકશો.
5. ભાષાના વય અનુસાર ભાષા વિકાસ વિશે સમજ મેળવી શકશો.
6. ભાષા વિકાસને અસર કરતાં પરિબળોનો પરિચય મેળવી શકશો.
7. ભાષા શીખવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતોથી અવગત થઈ શકશો.

## 2.1 પ્રસ્તાવના

ભાષા શિક્ષણને અસરકારક અને સરળ બનાવવા માટે ભાષાની સંકલ્પનાના પ્રથમ ચરણનો ખ્યાલ આપણે મેળવ્યો. હવે તેના બીજા ચરણ ભાષાના સ્વરૂપને સમજીએ. શિક્ષક ભાષાના સ્વરૂપને જેટલી સારી રીતે અને સ્પષ્ટ રીતે સમજી શકે એટલી સારી રીતે તે ભાષા શીખવી શકે. જે વિષય શીખવવાના હોય તે વિષયનું સ્વરૂપ સમજ્યા વિના શિક્ષક પોતાના વિષયને સારી રીતે શીખવી શકે નહીં.

ભાષાનો વિષય અન્ય વિષયો કરતાં જુદેરો વિષય છે. અન્ય વિષયનો પાયો ભાષા છે. જીવન વ્યવહારનું સબળ સાધન ભાષા છે. જ્ઞાન મેળવવાનું સબળ સક્ષમ ઉપકરણ ભાષા છે. વ્યાવસાયિક વિકાસ માટે, પ્રત્યાયન માટે ભાષા મહત્ત્વની છે. આમ ભાષા સર્વ વિષયોમાં સર્વકાર્યોનો સ્તંભ છે ; ત્યારે ભાષા શિક્ષકે ભાષાના સ્વરૂપથી જ્ઞાન થવું ખૂબ જ અનિવાર્ય કાર્ય છે. ભાષાનું સ્વરૂપ સમજવા ભાષા વિજ્ઞાનનું જ્ઞાન અને ભાષા વિજ્ઞાનના પુસ્તકોનો અભ્યાસ કરવો પડે. આ પ્રકરણમાં ભાષાના સ્વરૂપને સમજવા પ્રયાસ કરીશું.

## 2.2 ભાષાનું સ્વરૂપ

ભાષા વૈજ્ઞાનિકોના મતે ભાષા વાચિક ધ્વનિઓની વ્યવસ્થા છે. વાચિક ધ્વનિઓ યાદૃચ્છિક સંકેતો છે. એટલે કે ભાષાના ધ્વનિ સંકેતોના પોતાના કોઈ અર્થ નથી. ભાષા બોલનાર સમાજ પોતાની મરજી મુજબ ધ્વનિઓને અમુક અર્થના સંકેત રૂપે વાપરે છે. દા.ત., સફરજન શબ્દના સ, ફ, ર, જ, ન એ ધ્વનિઓના સમૂહનો અર્થ એક ફળ એવો કરીએ છીએ. કારણ કે આપણા સમાજે આ ધ્વનિઓને એક ફળના સંકેત રૂપે વાપરવાનું નક્કી કર્યું છે. સમાજ ધારે તો સફરજનને જામફળ અને જામફળને સફરજન એવું કરી શકે. વાચિક ધ્વનિઓના સંકેતોના કોઈ પ્રાકૃતિક અર્થ નથી. શબ્દોના અર્થ હોય છે એમ કહેવું ભાષા વૈજ્ઞાનિક દૃષ્ટિએ વધુ યોગ્ય છે.

ભાષા વાચિક ધ્વનિ સંકેતોનો માત્ર શંભુમેળો નથી પણ તે સંકેતોની વ્યવસ્થા છે. ભાષાના સંકેતો એકબીજા સાથે આંતર સંબંધોના તંતુઓથી ગૂંથાયેલા છે. ઉદાહરણ તરીકે, ક, ખ, ગ વગેરે ધ્વનિ ઘટકો એ ઉચ્ચારણના પરસ્પર ભેદક ધર્મોની વ્યવસ્થા છે. ક અને ખ એ બંને, ઉચ્ચારના બીજા બધા સરખા ગુણો કે ધર્મો ધરાવે છે, તેમની વચ્ચેનો ભેદક ધર્મ છે. પ્રાણતત્ત્વ એટલે કે ક અલ્પપ્રાણ છે જ્યારે ખ મહાપ્રાણ છે, તેથી એ બંને ધ્વનિઓનું ઉચ્ચારણ જુદું જુદું સંભળાય છે. એ જ રીતે ધ્વનિઓના સ્વરૂપે શબ્દો બને છે અને એ શબ્દો વાક્યમાં ગોઠવાય છે તેની પાછળ એક નિયમિત વ્યવસ્થા છે. ભાષાની વ્યવસ્થાને ભાષા વિજ્ઞાન કે વ્યાકરણ કહે છે.

વાચક ધ્વનિઓની વ્યવસ્થારૂપ ભાષા દ્વારા ભાષા સમાજના સભ્યો પોતાના વિચારો અને લાગણીઓની એકબીજા સાથે આપ લે કરીને જીવન વ્યવહાર ચલાવે છે, સમાજ ભાષા વડે પ્રત્યાયન કરે છે. ભાષાની વ્યવસ્થા ઊભી કરવા પાછળ માનવ સમાજનો મુખ્ય ઉદ્દેશ અસરકારક પ્રત્યાયન કરવાનો છે. ભાષાના અભાવમાં જીવન વ્યવહાર ગતિહીન અને ઉપરછલ્લો બની જાય છે.

ભાષાના સંદર્ભે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.:-

+ ભાષા એક વ્યવસ્થા છે.

+ ભાષા સંકેતોની વ્યવસ્થા છે.

+ ભાષાના સંકેતો વાણીના ધ્વનિઓના બનેલાં છે.

+ વાચિક ધ્વનિઓના બનેલા ભાષાના સંકેતોના અર્થ પ્રાકૃતિક નથી, પણ યાદૃચ્છિક છે.

+ ભાષાના સંકેતો વડે સમાજના સભ્યો વિચારોની આપ-લે કરે છે.

### 2.2.1 ભાષાનાં વિવિધ સ્વરૂપો

ભાષાના સ્વરૂપને સમજવાના બે દૃષ્ટિકોણ (1) ભાષાના બંધારણનું પૃથક્કરણ અને (2) ભાષાનો ઈન્દ્રિયગમ્ય દૃષ્ટિકોણ. ભાષા વિચારોની આપ-લે નું માધ્યમ છે. એટલે કે ભાષા એ સમાજ સાથેના પ્રત્યાયનનું માધ્યમ છે, ઉપકરણ છે. ભાષા દ્વારા સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ, સંવર્ધન અને સંક્રમણ શક્ય બને છે. ભાષાનું અર્થગ્રહણ અને અભિવ્યક્તિ માનવ ઈન્દ્રિયો થકી શક્ય બને છે. તેથી ભાષા ઈન્દ્રિયગમ્ય છે તેમ કહી શકાય. દા.ત., કોઈ વિચારની આપ લે કરવી હોય ત્યારે બંને વ્યક્તિઓમાં એક વ્યક્તિ અભિવ્યક્તિ કરવા મુખ, જીભ, દાંત, હોઠ જેવી શારીરિક અવયવો અને બીજી વ્યક્તિ અર્થગ્રહણ કરવા મગજનો ઉપયોગ કરશે. આમ શારીરિક રીતે કે ઈન્દ્રિયો થકી અભિવ્યક્તિ કે આપણી સાથે વ્યવહારમાં હોય તેવી અન્ય વ્યક્તિ કે વ્યક્તિઓમાં પ્રતિક્રિયા ઉત્પન્ન કરવાની કે તે

ઉત્પન્ન થતી રોકવાની સ્વીકૃત સંજ્ઞાઓની એક રચના છે. આ સંજ્ઞાઓના વિકાસમાં ભાષાનાં મુખ્યત્વે ત્રણ સ્વરૂપો ભાગ ભજવે છે. તે સ્વરૂપો છે. (ક) શ્રાવ્ય સ્વરૂપ (ખ) દશ્ય સ્વરૂપ (ગ) સ્પૃશ્ય સ્વરૂપ.

**(ક) શ્રાવ્ય સ્વરૂપ :** જ્યારે કોઈ વ્યક્તિ બોલે છે અને કોઈ વ્યક્તિ સાંભળે છે ત્યારે ભાષાનું શ્રાવ્ય સ્વરૂપ અસ્તિત્વમાં આવે છે. ભાષા જ્યારે લેખિત સ્વરૂપે અસ્તિત્વ ધરાવતી નહોતી, લિપિબદ્ધ નહોતી ત્યારે શ્રાવ્યરૂપે પ્રયોજાતી. શ્રાવ્ય સ્વરૂપ ઝડપથી અને સહેલાઈથી પ્રયોજી શકાય છે. પણ તે ચિરંજીવી હોતું નથી, અસ્થાયી હોય છે. ભાષાના શ્રાવ્ય સ્વરૂપમાં વક્તા અને શ્રોતા બંને હાજર હોવા જોઈએ. કારણ કે વક્તાના હાવભાવ, કથનને પ્રત્યક્ષ રીતે શ્રોતા સમજી શકે અને તેનું અર્થઘટન કરી શકે. નિરક્ષર લોકો જીવનભર પોતાનો વ્યવહાર શ્રાવ્ય દ્વારા ચલાવે છે. શ્રાવ્ય સ્વરૂપ મૂળભૂત મુખ્યત્વે ભાષા શબ્દનો અક્ષરશઃ અર્થ જે બોલાય છે. (એટલે કે સંભળાય છે) તે એવો થાય છે. શ્રાવ્ય સ્વરૂપ જીવંત છે, પણ ચિરંજીવી નથી. જો કે કેટલાંક શ્રાવ્ય ઉપકરણો (રેડિયો, ટેલિફોન, ગ્રામોફોન, ટેપરેકોર્ડર)ને લીધે ભાષાનું શ્રાવ્ય સ્વરૂપ સ્થાયી રહી શકે છે. તેમજ સ્થળ અને સમયની મર્યાદાથી પર બન્યું છે.

**(ખ) દશ્ય સ્વરૂપ :** જ્યારે ભાષા આંખ વડે ગ્રહણ કરે છે, ત્યારે ભાષાનું સ્વરૂપ દશ્ય હોય છે. લિખિત ભાષા દશ્ય છે. લેખન અને વાંચનમાં ભાષાનાં દશ્ય સ્વરૂપનો ઉપયોગ થાય છે. આ ગૌણ સ્વરૂપ છે, છતાં લેખન કળા અને મુદ્રણકળાને લીધે ભાષાનું દશ્ય સ્વરૂપ ટકાઉ અને વ્યાપક છે. દશ્ય સ્વરૂપ સિવાય જીવન વ્યવહાર ચલાવવો મુશ્કેલ છે. સાંસ્કૃતિક વારસાના હસ્તાતરણમાં અને તેના સંવર્ધનમાં દશ્ય સ્વરૂપનો ફાળો વિશેષ છે. મુખમુદ્રાઓ અને હાથ, માથું વગેરે અંગોના હલનચલન અને ચેષ્ટાઓ દ્વારા પણ માણસ વિવિધ અર્થો પ્રતિપાદિત કરે છે. નૃત્ય પણ ભાવનું સુયોગ્ય પ્રત્યાયન કરે છે. આ બધાનો સમાવેશ દશ્ય સ્વરૂપમાં કરવો જોઈએ. લખવા વાંચવાના અર્થના ભાષાના દશ્ય સ્વરૂપનું શિક્ષણ આપવાની મુખ્ય જવાબદારી શાળા શિક્ષકની છે.

**(ગ) સ્પર્શ સ્વરૂપ :** જ્યારે સ્પર્શ દ્વારા ભાષા ગ્રહણ કરાય છે ત્યારે ભાષાનું સ્પૃશ્ય સ્વરૂપ હોય છે. અંધજનો સ્પર્શ દ્વારા ભાષા ગ્રહણ કરે છે. જે વ્યક્તિઓ જોઈ શકે છે. સાંભળી શકે છે. તેઓ ઉપરના બંને સ્વરૂપનો ઉપયોગ કરે છે. પણ જેઓની આંખ કાર્ય કરતી નથી તેઓ સ્પૃશ્ય સંજ્ઞાઓનું એક વિકસિત સ્વરૂપ છે. આ સ્વરૂપ પણ ગૌણ છે. દશ્ય સ્વરૂપની તુલનામાં તે સીમિત છે.

ભાષાનાં આ ત્રણેય સ્વરૂપો પોતપોતાની આગવી વિશિષ્ટતાઓ ધરાવે છે. શ્રાવ્ય અને દશ્ય સ્વરૂપનો વિશેષ ઉપયોગ થાય છે. માણસ શ્રાવ્ય સ્વરૂપની સાથે હાવભાવ અને લાક્ષણિક મુદ્રાઓના ઉપયોગ દ્વારા તેને વધારે સાર્થક બનાવે છે. જ્યારે લેખિત ભાષા આયાસપૂર્ણ છે. લેખિત ભાષાનું જ્ઞાન વિશિષ્ટ ઉત્તેજના અને પ્રયત્ન માંગી લે છે. આ બંને સ્વરૂપો જીવન વ્યવહાર માટે મહત્ત્વનાં છે. તે જીવન વ્યવહારને સરળ અને અર્થપૂર્ણ બનાવે છે.

### ભાષા વિકાસને અસર કરતાં પરિબળો

ભાષા વિકાસની બાબતમાં બાળકો વ્યક્તિગત તફાવતો ધરાવે છે. કેટલાંક બાળકો યોગ્ય વયકક્ષાએ ભાષા-ઉચ્ચારતાં હોય છે. જ્યારે કેટલાંક બાળકો વયકક્ષા ઓળંગી જાય છે તો પણ ભાષા ઉચ્ચારો કરી શકતા નથી. આ ઉપરથી ખ્યાલ આવે છે કે સમાનવયમાં બાળકોનો ભાષાવિકાસ સમાન હોતો નથી. શબદભંડોળ, વાક્યોની લંબાઈ, વાક્યરચનાની સંકુલતા, શબ્દનાં સ્વરૂપો વગેરે બાબતોમાં બાળકો જુદાં પડે છે. એનું કારણ એ છે કે દરેક બાળકનો ભાષાવિકાસનો ઈતિહાસ અનોખો છે. બાળકના ભાષા વિકાસની પ્રક્રિયા સંકીર્ણ અને સૂક્ષ્મ છે. બાળકના ભાષા વિકાસ પર અનેક પરિબળો જુદી જુદી રીતે અસરકારક બને છે અને દરેક બાળકના ભાષા વિકાસના આગવા ઈતિહાસનું ઘડતર કરે છે. આ બાબતના ભાષા વિકાસ પર નીચેના પરિબળો મહત્ત્વનો ભાગ ભજવે છે. (1) શક્તિઓ (૨) પ્રેરણા (3) વાતાવરણ (4) સમૂહમાધ્યમો

### 2.3.1 શક્તિઓ

બાળકના ભાષાવિકાસ પર બે પ્રકારની શક્તિઓ અસર કરે છે.

(1) શારીરિક શક્તિઓ (2) માનસિક શક્તિઓ

શારીરિક રીતે તંદુરસ્ત બાળક પોતાના અનુભવો અને વાતાવરણનો લાભ ઉઠાવી ભાષા સારી રીતે શીખી શકે અને ગ્રહણ કરી શકે છે. તંદુરસ્ત બાળક વિવિધ પ્રકૃતિઓ અને વિવિધ વ્યક્તિઓના સંપર્કમાં આવીને ભાષાવિકાસની તક ઝડપી શકે છે.

માનસિક શક્તિઓમાં બુદ્ધિ, સ્મૃતિ, એકાગ્રતા તે ધ્યાનના વિસ્તાર જેવી શક્તિઓ બાળકના ભાષાવિકાસનાં પ્રમાણ અને ગુણવત્તા પર ભારે અસર કરે છે. બૌદ્ધિક વિકાસશીલ બાળકો જલ્દી ભાષા શીખે છે. બૌદ્ધિક રીતે પ્રતિભાશાળી બાળકો વહેલાં બોલતાં અને વાંચતા શીખે છે. તેઓ પ્રમાણમાં નાની વયે પુસ્તકો અને વાર્તાઓમાં રસ દાખવે છે. આનું એક રસપ્રદ ઉદાહરણ જાણીતા મનોવૈજ્ઞાનિક સરફ્રાન્સિસ ગાલ્ટનના જીવનમાંથી મળે છે. (ફાઉન્ડેશન ઑફ ઍજ્યુકેશન રીસર્ચ-ગિલ્બર્ટન્સિસ સક્સના પુસ્તકમાંથી) આ અત્યંત પ્રતિભાશાળી મનોવૈજ્ઞાનિકે માત્ર ચાર વર્ષની નાની વયે પોતાની બહેન ઉપર લખેલ પત્રમાં જણાવ્યું છે કે એ વયે પોતે કોઈ પણ અંગ્રેજી પુસ્તક વાંચી શકતા હતા અને થોડું ફ્રેન્ચ પણ વાંચી શકતા હતા. આનાથી ઊલટું મંદ બુદ્ધિવાળાં બાળકો ભાષાવિકાસમાં પાછળ રહે છે. વિવિધ ભાષાકીય કૌશલો અને માનસિક વિકાસ વચ્ચે ગાઢ સંબંધ રહેલો છે. ભાષાના શિક્ષણમાં જ પાયાની પ્રક્રિયા હોય છે. અનુકરણની બુદ્ધિ તેમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ટર્મન કહે છે, બાળકની ભાષા શક્તિને તેના બુદ્ધિઆંક સાથે સારો અનુબંધ હોય છે. આમ બુદ્ધિશાળી બાળકની ભાષાની ગર્હણ કરવાની શક્તિ વિશેષ હોય છે.

### 2.3.2 પ્રેરણા :

બાળકના ભાષાવિકાસ ઉપર બાળકને મળતાં પ્રેરણા અને પ્રોત્સાહન, સારી અસરો જન્માવે છે. બાળક જેમ જેમ ભાષા શીખતું જાય તેમ માતાપિતા, વડીલો અને શિક્ષકો તરફથી યોગ્ય રીતે પ્રોત્સાહિત કરવું જોઈએ. ઘર અને શાળામાં બાળકને ભાષા સાંભળવા, બોલવા, વાંચવા અને લખવા માટે તેને વધુ ને વધુ પ્રોત્સાહિત કરવામાં આવે તેમ તેમ બાળકની ભાષા વધુ વિકસે છે, બાળકની વાતચીત પ્રત્યે મોટેરાઓ મારફતે ધ્યાન અપાતું હોય, આવશ્યકતા અનુસાર તેની કદર કે પ્રશંસા થતી હોય, બાળક ને નવા શબ્દો કે વાક્યો વાપરવા માટે પ્રોત્સાહિત કરાતું હોય, તેના શબ્દ ભૂગોળની બુદ્ધિ માટે વાર્તાકથન દ્વારા નવા નવા શબ્દો સંભળાવાતા હોય, સારા વક્તવ્ય બદલ પ્રશંસારૂપ બે નાનાં મોટાં ઈનામો શાળામાં અપાતાં હોય, ત્યારે બાળકનો ભાષા વિકાસ સારો થાય છે. આ બધી પ્રોત્સાહન-પ્રવૃત્તિઓનો આશ્રય લેવાથી બાળક વધુ ને વધુ પ્રોત્સાહિત થઈને ભાષા શીખવા માટે પ્રેરાય છે.

ભાષામાં હોશિયાર બનવાથી સારા લાભ થાય છે એવું બાળકને સમજાય ત્યારે તે ભાષાવિકાસ માટે પ્રેરિત થઈ સજ્જતા કેળવવા તરફ વળે છે. પ્રેરણા પામેલું બાળક પોતાની શક્તિઓનો ઉપયોગ કરીને સારો ભાષાવિકાસ સાધે છે, પ્રેરણાના અભાવે શક્તિ હોવા છતાં બાળક તેનો ઉપયોગ નહિ કરે અને તેથી તેનો ભાષાવિકાસ કુંઠિત થઈ શકે છે. આમ, પ્રેરણા ભાષાવિકાસને ગતિ અને દિશા આપવાનું અગત્યનું કાર્ય કરે છે. રસ પણ પ્રેરણા છે. તેથી જો કોઈ બાળકને વાચનમાં ખૂબ રસ હોય તો વાચન માટે તે પ્રેરિત છે તેમ કહેવાય. શિક્ષકે આ પ્રકારના બાળકોનાં રસને પ્રેરિત કરતા રહેવું જોઈએ.

### 2.3.3 વાતાવરણ :

બાળકના ભાષાવિકાસ પર વાતાવરણ ખૂબ જ અસર કરે છે. માનવભાષાના વિકાસ માટે માનવીય વાતાવરણ અનિવાર્યપણે આવશ્યક છે. વાતાવરણ બાળકને અનુભવો પૂરા પાડે છે. તે ભાષા ગ્રહણ કરવા માટે અને ભાષાના ઉપયોગ માટે તક આપે છે. ભાષા વિકાસ માટે વાતાવરણ ભારે વિવિધતાવાળું અને જટિલ પરિબળ છે. વાતાવરણમાં પરિવાર, મિત્ર વર્તુળ, શાળા અને શિક્ષકો, સામાજિક આર્થિક પરિસ્થતિ જેવા ઘટકો બાળકના ભાષા વિકાસ પર અસર કરે છે.

**(ક) પરિવાર**

ભાષાનું ઉદ્દગમ સ્થાન પરિવાર છે. ભાષાના શ્રાવ્ય સ્વરૂપમાં વિકાસમાં પરિવારનો ફાળો અગત્યનો છે. જે પરિવારમાં બાળકને માતાપિતા, ભાઈબહેનો, વડીલોની વાતચીત સાંભળવાની અને તેમની સાથે વાતચીત કરવાની તક મળે તો તેની ભાષા ઝડપથી વિકસે છે. જ્યારે જે પરિવારમાં માતાપિતા બંને વ્યવસાયમાં વ્યસ્ત રહેતાં હોય અને બાળક એકલવાયું રહેતું હોય ત્યાં બાળકનો ભાષાવિકાસ મંદ થવાની સંભાવના છે. કારણ કે બાળકને ભાષાકીય અનુભવો પ્રાપ્ત થવા જોઈએ તે પ્રાપ્ત થતા નથી. જો ઘરમાં માતાપિતા કે મોટા ભાઈબહેનો બાળક સાથે વધારે પ્રમાણમાં વાતચીત કરે, વાર્તાઓ અને ગીતો સંભળાવે, પુસ્તકોમાંથી વાર્તાઓ વાંચી સંભળાવે કે ગીતો ગાઈ સંભળાવે, પ્રસંગોના શ્રવણની વારંવાર તક પૂરી પાડે તે બાળકનો ભાષાવિકાસ સારો થાય છે કારણ કે તેને સમૃદ્ધ ભાષાકીય અનુભવો પ્રાપ્ત થાય છે.

માતા બાળક સાથે વધારે સમય પસાર કરે તો તે બાળકનો ભાષા વિકાસ સારો થાય છે. બાળકના ભાષા વિકાસ પર માતાની અસર વિશે થયેલાં કેટલાંક સંશોધનોને આધારે Hazel Francis તેમનો 'Language in Teaching and Learning' પુસ્તકમાં તારવે છે કે, માતાના ઉચ્ચારો, શબ્દો, વાક્યરચનાઓ બાળકની ભાષાનું ઘડતર કરે છે, બાળકના ભાષા વિકાસમાં માતા સક્રિય રસ લે તો બાળકનો ભાષા વિકાસ ઝડપી થાય. જો માતા શારીરિક રીતે અસ્વસ્થ હોય, બીજાં બાળકો કે વડીલો તરફ માતાએ વધુ સમય આપવો પડતો હોય, ઘરની સંભાળ લેવામાં મુશ્કેલી અનુભવતી હોય ત્યારે કોઈ એક બાળક સાથેનો તેનો ભાષાકીય સંપર્ક ઘટી જાય છે અને તેથી બાળકના ભાષાવિકાસને હાનિ પહોંચે છે. બાળકના ભાષાવિકાસ પર માતાની અસર કેટલી સૂચક છે તે દર્શાવતા શબ્દ છે માતૃભાષા. N.L. Gase અને Pavid C. Berlsner તેમજ (Psychology) પુસ્તકમાં નોંધે છે કે અનાથાશ્રમોમાં ઉછરેલાં બાળકો કરતાં કુટુંબમાં ઉછરેલાં બાળકોને ભાષાકીય સંપર્ક માટે લગભગ પાંચ ગણી તક મળે છે. એ હકીકત બાળકના ભાષાવિકાસ ઉપર કુટુંબ કે ઘરની અસર સ્પષ્ટ કરે છે. સંયુક્ત કુટુંબમાં વિભક્ત કુટુંબ કરતાં બાળકનો ભાષાવિકાસ સારો થાય છે.

**(ખ) મિત્ર વર્તુળ :**

બાળક જેમ મોટું થતું જાય છે, ચાલતું થાય છે અને પરિવારની બહાર નીકળતું થાય છે. તેનું મિત્રવર્તુળ શરૂ થાય છે. ત્રણ-ચાર વર્ષના બાળકના મિત્રો જેમ વધારે તેમ તેનો ભાષાવિકાસ વધારે સારો થાય છે. કારણ કે બાળક મિત્રો સાથે રમે છે, ત્યારે તેઓ સાથે પોતાના વિચારો અને લાગણીઓની આપ-લે માટે મુક્ત મનથી ભાષાનો વિકાસ ભાષાનો ઉપયોગકરે છે. W.F. Macrey તેમના Language Jefersen Analysis, પુસ્તકમાં નોંધે છે કે સુપ્રસિદ્ધ ભાષાવિજ્ઞાનJetersen ના મતે તો બાળકના ભાષા વિકાસ માટે બાળકના રમતમિત્રો મુખ્ય પરિબળ છે, આથી બાળક ચાલતું થાય એટલે તેને પાડોશીઓના ઘરમાં અને ફળિયામાં, શેરી કે સોસાયટીના પરિવારમાં અને નાના બાળકો હોય તેવા પરિવારોમાં વિશેષ જવા દેવું જોઈએ.

**(ગ) શાળા અને શિક્ષકો**

બાળક પાંચ વર્ષની ઉંમરે-હવે તો ત્રણ વર્ષની ઉંમરે-શાળામાં પ્રવેશ મેળવે છે. શાળા અને બાળકના ભાષાવિકાસ માટે સભાન અને વ્યવસ્થિત પ્રયાસો કરે છે. વાચન અને લેખનનાં ભાષાકૌશલો વિકસાવવામાં શિક્ષકો બાળકને સુયોજિત રીતે અનુભવો પૂરા પાડે છે, શાળામાં વિવિધ ઉપકરણોની મદદથી શિક્ષક બાળકને ભાષા શીખવે છે. વિવિધ પ્રવૃત્તિઓ રમતો અને ભાષાનાં ઉપયોગની તકો પૂરી પાડી શિક્ષકો બાળકનો ભાષાવિકાસ કરે છે. શૈક્ષણિક પ્રયત્નો ઉપરાંત શિક્ષકો બાળકને ભાષાવિકાસ માટે પ્રેરણા પૂરી પાડે છે. અભણ અને ભણેલા માણસની ભાષામાં રહેલા તફાવતો શાળા અને શિક્ષકોના ભાષાવિકાસ ઉપર રહેલી અસરને સ્પષ્ટ કરે છે. શિક્ષકો બાળકની બોલીને શિષ્ટમાન્ય ભાષાની નજીક લઈ જનારા પ્રવક્તા બને છે.

શાળાનું વાતાવરણ પણ બાળકના ભાષાવિકાસ પર અસર કરે છે. સારી કક્ષાની શાળાઓ અને ઊતરતી કક્ષાની શાળાઓના વાતાવરણની અસર બાળકના ભાષાવિકાસ પર અસર કરે છે, સરકારી પ્રાથમિક શાળા અને ખાનગી પ્રાથમિક શાળાના બાળકોની ભાષામાં તફાવત જોવા મળે છે. જે શાળામાં બાળકોને ભાષાવિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ, રમતો, વિવિધ ઉપકરણો, વિવિધ યુક્તિઓ વગેરેના ઉપયોગ દ્વારા ભાષા-વિકાસની તકો પૂરી પાડવામાં આવે ત્યાં બાળકોનો ભાષાવિકાસ સારો થાય છે. જ્યાં તકો ન મળે ત્યાં ભાષાવિકાસ સારો થતો નથી.

**(ઘ) સામાજિક-આર્થિક પરિસ્થિતિ**

બાળક જે સામાજિક-આર્થિક પરિસ્થિતિમાં જીવે છે તે પણ તેના વાતાવરણનો અવિભાજ્ય અંશ છે. તે બાળકના ભાષાવિકાસ પર ભારે અસર કરે છે. ગરીબ કુટુંબનાં બાળકો પોતાના ઘરમાં જાતજાતનાં રમકડાં, ફળો અને વિવિધ વૈજ્ઞાનિક કે તાંત્રિક સાધનોનો પરિચય કરી શકતાં નથી. પરિણામે આવા બાળકો આ બધા ભૌતિક પદાર્થોના નામ પણ જાણી શકતા નથી. બાળકનું ભૌતિક વાતાવરણ સમૃદ્ધ હોય તો ભાષાવિકાસમાં પરોક્ષ રીતે મદદ મળે છે. શહેરી અને ગ્રામ્યસંસ્કૃતિમાં ઊછરેલાં બાળકોની ભાષાનાં વિવિધ પાસાંના વિકાસમાં નોંધપાત્ર તફાવતો રહેલા હોય છે એવું સંશોધનો દ્વારા સિદ્ધ થયું છે. સમાજના મધ્યમ વર્ગના કુટુંબો કરતાં નીચલા સ્તરનાં કુટુંબોમાં બાળકને જુદું જ ભાષાકીય વાતાવરણ મળે છે, સમાજના નિમ્ન સ્તરનાં કુટુંબોમાં બાળકને જે ભાષા સાંભળવા મળે છે તેનાથી તેનો ભાષાવિકાસ બહુ સમૃદ્ધ થઈ શકતો નથી. આવા કુટુંબોની ભાષામાં વાક્યોની રચના ખૂબ સાદી હોય છે, મર્યાદિત શબ્દો, વિશેષણોનો ઉપયોગ થતો હોય છે, હું કહું તેમ કર આદેશો અને પુરુષવાચક સર્વનામોનું મોટું પ્રમાણ હોય છે, (N.L. Gase and Pavuc Berliner). આ કુટુંબનાં બાળકોની ભાષા ઔપચારિક શિક્ષણને અનુરૂપ હોતી નથી., તેમનું શબ્દભંડોળ શાળાના શિક્ષણ માટે પૂરતું નથી અને શિક્ષકો તેમની શક્તિઓનું અવમૂલ્યાંકન કરે છે, (Itazel Franclis)

**2.3.4 સમૂહ માધ્યમો**

વર્તમાન સમયમાં પ્રસાર માધ્યમોનો વિકાસ થયો છે. રેડિયો, વર્તમાનપત્રો, ચિત્રપટ, દૂરદર્શન, ફોન, મોબાઈલ ફોન જેવાં સમૂહ માધ્યમો બાળકોના ભાષાકીય વિકાસ પર અસર કરે છે. ટી.વી. હવે ઘર-ઘરમાં આવી ગયું છે. ટી.વી.એ વિભક્ત કુટુંબમાં દાદા-દાદીનું સ્થાન લઈ લીધું છે. ટી.વી. ઉપર ઘણાં કાર્યક્રમો બાળકો માટે પણ પ્રસારિત થાય છે. તેમાં ઉચ્ચારતી ભાષાની અસર બાળકો પર થાય છે. સારા ભાષાકીય શુદ્ધ ઉચ્ચારવાળા કાર્યક્રમોની અસર બાળકોના ભાષાવિકાસ પર સારી થાય છે.

**ભાષા શીખવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો**

ભાષા અને ભાષાવિકાસ અંગે આપણે માહિતી મેળવી શાળામાં શિક્ષકે વિદ્યાર્થીને ભાષા શીખવવાની હોય છે. તે સમયે, કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ. મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત, ભાષાનાં સ્વરૂપ, અનેક વિદ્વાનોના ચિંતન, અવલોકનો અને સંશોધનોને આધારે આ બાબતો વિચારેલી છે. તેને ભાષા શિક્ષણના સિદ્ધાંતો પણ કહેવા હોય તો કહી શકાય.

- પ્રથમ શ્રવણ કૌશલની તાલીમ આપ્યા પછી કથન, વાંચન અને લેખન એ ક્રમે ભાષા કૌશલો શીખવવાં જોઈએ. ભાષાનો ઉપયોગ કરવાથી ભાષા આવડે છે, ગોખણપટ્ટીથી નહીં. ભાષાના ચારેય કૌશલને ઉપરના ક્રમે બાળકોને ઉપયોગ કરાવવો જોઈએ.
- બાળકોને ભાષાનું માન્ય સ્વરૂપ શીખવવું જોઈએ. ભૂગોળનો શિક્ષક માન્ય સ્વરૂપનો ઉપયોગ કરતાં શીખે તે જરૂરી છે. કારણ કે તે દ્વારા તે વ્યાપક સમાજ સાથે સરળતાથી પ્રત્યાયન કરી શકે.
- ભાષા શિક્ષણ માટે મૂર્તથી અમૂર્ત તરફ, જ્ઞાતથી અજ્ઞાત તરફ અને સરળથી સંકુલ તરફના શિક્ષણ સૂત્રોનો ઉપયોગ કરવો જોઈએ. વિષય વસ્તુની સરળ, મૂર્ત અને પરિચિત બાબતોની

પહેલાં રજૂઆત કરીને પછી કઠિન અમૂર્ત અને અજ્ઞાત બાબતો શીખવવી જોઈએ.

- આંખ, કાન, નાક, જીભ અને ત્વચા એ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. તેથી આ જ્ઞાનેન્દ્રિયો તેને શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને ગંધના ઇન્દ્રિયાનુભવો પ્રત્યક્ષ રીતે આપવાથી ભાષા શીખવી શકાશે. ભાષા શિક્ષણ દરમ્યાન ચિત્રો, ચાર્ટસ, નમૂનાઓ, મુલાકાતો અને અન્ય ઉપકરણોના ઉપયોગ દ્વારા આ પ્રકારના અનુભવો આપી શકાય.
- ભાષા શીખવા માટે મહાવરો જરૂરી છે કારણ કે ભાષા એ કૌશલ્યો પર આધારિત છે. કોઈપણ કૌશલ્ય હસ્તગત કરવા મહાવરો આપવો અનિવાર્ય છે. આથી ભાષા સાંભળવાની, બોલવાની, વાંચવાની અને લેખન કરવાની વિવિધ પ્રવૃત્તિઓ બાળકને આપવી જોઈએ અને તે દરમ્યાન તેની ભૂલો તરફ નિર્દેશ કરી સુધારણા કરવી જોઈએ.
- ભાષા કૌશલ્યો અને સાહિત્યને વાસ્તવિક જીવન સાથે સંબદ્ધ કરી ભાષાકીય બાબતો શીખવવી જોઈએ. જે કાંઈ શીખવવાનું હોય તે વિદ્યાર્થીના અનુભવને સ્પર્શે તેવું હોવું જોઈએ.
- ભાષા શીખવવાનાં નિયમોથી બાળકને હતાશ ન કરી દેતાં તેને વિવિધ ઉપકરણો અને વ્યવહારુ ઉદાહરણો દ્વારા નિયમો શીખવવા જોઈએ. ત્યારબાદ નિયમોનો વ્યવહારમાં ઉપયોગ કરાવવો.
- શિક્ષણ દરમ્યાન બાળકના પ્રતિભાવોને યોગ્ય બદલાઓ કે સુદૃઢીકરણો પૂરાં પાડવાં જોઈએ. ભાળકને બિરદાવવામાં કચાશ રાખવી જોઈએ નહીં. સારી બાબતોની પ્રશંસા કરવી અને નબળી બાબતો માટે ઉતારી પાડતાં દર્શકની ભૂમિકા ભજવવી.
- શિક્ષકે શિક્ષણકાર્યની વિગતોમાં પરિપૂર્ણતા અને ચોકસાઈ રાખવી. ભાષા સાથે સંકળાયેલી વિગતો અંગે શિક્ષકની જેટલી પરિપૂર્ણતા અને ચોકસાઈ હશે તેટલી બાળકો પણ રાખવા ટેવાશે.

આમ શિક્ષકે ભાષા શિક્ષણને સમજી ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લઈ ભાષા શિક્ષણ આપવામાં આવે તો બાળકોનું ભાવિ ઉજ્જવળ જ હશે.

## 2.6 તમારી પ્રગતિ ચકાસો

નીચેના પ્રશ્નોના ઉત્તરો આપેલી ખાલી જગ્યામાં લખો.

**1. ભાષાનાં સ્વરૂપની વિશિષ્ટતાઓ દર્શાવો.**

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

**2. ભાષાનાં વિવિધ સ્વરૂપો કયા છે ?**

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

**3. ભાષા પર અસર કરતાં ચાર પરિબળો જણાવો.**

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

**4. ભાષા વિકાસમાં પરિવારનો ફાળો જણાવો.**

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

**5. ભાષા વિકાસમાં શાળા અને શિક્ષકોનો ફાળો જણાવો.**

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

## 2.7 સારાંશ

ભાષાના સ્વરૂપની ચર્ચા કરવામાં તેનું વૈજ્ઞાનિક પૃથક્કરણ કરતાં તેના અંતર્ગત ઘટકો વર્ણ, રૂપ, અંગ, પ્રત્ય, પદ અને છેવટે વાક્ય રચનામાં ભાષા પરિણમે છે. વાક્ય રચનામાં આરોહ, અવરોહ, નિશ્ચિત પદક્રમ અને પદસંવાદ હોય છે.

ભાષાનાં વિવિધ સ્વરૂપો હોય છે. ભાષા દશ્ય સ્વરૂપ ધરાવે છે. તેનું શ્રાવ્ય સ્વરૂપ મોટાભાગે સમાજમાં ઉપયોગમાં લેવામાં આવે છે. દશ્ય સ્વરૂપે ભાષાની સંજ્ઞાઓ વાંચી શકાય છે. અંધજનો ભાષાના સ્પર્શ રૂપથી ભાષાનું અર્થગ્રહણ કરે છે. તેઓ માટે દશ્ય સ્વરૂપ જેવું લાગતું નથી. ભાષાનું અધ્યાપનની પ્રક્રિયા મોટાભાગે અનુકરણાત્મક છે. બાળકો વડીલો પાસેથી અનુકરણ કરીને ભાષાનો વારસો મેળવે છે. સમાજના કે પરિવારના સભ્યોના અનુકરણથી ભાષા સહજ રીતે શીખી શકાય છે. તે કુટુંબમાંથી અને સમાજમાંથી અનૌપચારિક રીતે ભાષા શિક્ષણ મેળવે છે. ભાષાના ધ્વનિ ઉત્પાદનમાં ફેફસાં, મુખ, જીભ, તાળવું, નાક, હોઠ કે શ્વાસનળી જેવાં શારીરિક અંગો સહાયભૂત થાય છે. મગજમાં ભાષા વિકાસનાં કેન્દ્રો છે. ધ્વનિતંત્રનો ક્રમિક વિકાસ થાય છે. જેમાં રુદન, વ્યવહાર, હાલરડાંના સૂર જેવું ઉચ્ચારણ અને વાક્યતંત્ર એ ઉચ્ચારણનાં વિકાસનાં ચાર ક્રમિક સોપાનો છે.

બાળકના ભાષા વિકાસ પર શારીરિક શક્તિઓ, માનસિક શક્તિઓ, પ્રેરણા, વાતાવરણ જેમાં પરિવાર, મિત્રવર્તુળ, શાળા અને શિક્ષકો, સામાજિક આર્થિક પરિસ્થિતિ અને સમૂહ માધ્યમો અસર કરે છે. ભાષા શિક્ષકે આ સર્વે બાબતો લક્ષમાં ભાષા શિક્ષણ આપવાના સંનિષ્ઠ પ્રયાસો કરવા જોઈએ.

## 2.8 સ્વાધ્યાય

(1) બાળકના ભાષા અધ્યયનમાં કયા પરિબળો મહત્ત્વનો ભાગ ભજવે છે ?

(2) બાળકનો ભાષાકીય વિકાસ સમજાવો.

(3) બાળકોના ભાષાવિકાસ પર અસર કરતા મહત્ત્વના પરિબળો જણાવી, કોઈ બે વિશે સવિસ્તાર ચર્ચા કરો.

(4) બાળકના ભાષાકીય વિકાસના વિવિધ તબક્કાઓ સમજાવો.

(5) બાળકોને ભાષા શીખવતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખશો તે સમજાવો.

## 2.9 ચર્ચા માટેના મુદ્દાઓ

(1) "ભાષાના શ્રાવ્ય અને દૃશ્ય સ્વરૂપોનો ઉપયોગ મહદ્અંશે બધા માનવો કરે છે." પ્રસ્તુત વિધાનના સંદર્ભમાં તમારા મંતવ્યો આપો.

(2) "ભાષા કુદરતદત્ત નહીં પણ શીખેલું વર્તન છે." પ્રસ્તુત વિધાનના સમર્થનમાં તમારી દલીલો રજૂ કરો.

(3) ભાષાના અધ્યપનની પ્રક્રિયા જન્મ થી શરૂ થઈ મૃત્યુ સુધી ચાલે છે." પ્રસ્તુત વિધાનની સમીક્ષા કરો.

(4) "બાળકના ભાષાવિકાસ પર અસર કરતા પરિબળો" ઉપર તમારા મિત્ર તમારું માર્ગદર્શન માગે છે. માર્ગદર્શન આપતો પત્ર મિત્રને લખો.

## 2.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો


(1) યોગેન્દ્ર ધીરુભાઈ વ્યાસ, ભાષાવિજ્ઞાન અને ભાષા કૌશલ્યોનું શિક્ષણ પ્રથમ આવૃત્તિ, અમદાવાદ : પ્રકાશક લેખક પોતે, 1979.

(2) भाटिया, सुमन, वालक्मे भाषा का विकास, आगरा, केन्द्रीय हिन्दी संस्थान १९८०.

(3) Gilbert sax, foundations of educational Research, Second edition, New Jersey, Prentice Hall Inc, Englewood elifis, 1979.

(4) Francis Hazel; Language in Teaching and Learning, first edition, London, Georse, Allen 2, unwin 1977.


## 2.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

જુઓ2.2

જુઓ2.2.1

જુઓ2.3 (ક)

જુઓ2.3

જુઓ 2.5 (ગ)

એકમ 3

# માતૃભાષા અર્થ, મહત્ત્વ અને શિક્ષણ

: રૂપરેખા :


**3.0 ઉદ્દેશો**

**3.1 પ્રસ્તાવના**

**3.2 માતૃભાષાનો અર્થ અને સંકલ્પના**

**3.3 માતૃભાષાનું મહત્ત્વ**

**3.4 માતૃભાષા શિક્ષણનું સ્થાન**

**3.4.1 શિક્ષણના માધ્યમ તરીકે**

**3.4.2 સામાજિકીકરણના સાધન તરીકે**

**3.4.3 સાંસ્કૃતિક વારસાની જાળવણી તરીકે**

**3.4.4 પ્રત્યાયનના માધ્યમ તરીકે**

**3.4.5 માતૃભાષા અન્ય વિષયોનો પાયો**

**3.4.6 સર્વાંગીણ વિકાસના માધ્યમ તરીકે**

**3.5 માધ્યમિક શાળાકક્ષાએ માતૃભાષાનું શિક્ષણ**

**3.5.1 માતૃભાષા : શિક્ષણની ઉપેક્ષાના કારણો**

**3.5.2 માતૃભાષા શિક્ષણની ઉપેક્ષાને દૂર કરવાના ઉપાયો**

**3.6 તમારી પ્રગતિ ચકાસો**

**3.7 સારાંશ**

**3.8 સ્વાધ્યાય**

**3.9 ચર્ચા માટેના મુદ્દાઓ**

**3.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

**તમારી પ્રગતિના ચકાસોના જવાબો**


## 3.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે -

1. એકમનો પરિચય મેળવશો
2. માતૃભાષાનો અર્થ અને સંકલ્પના જાણશો
3. માતૃભાષાનું મહત્ત્વ જાણશો
4. માતૃભાષા શિક્ષણનું મહત્ત્વ જાણશો
5. માતૃભાષા પ્રત્યેની ઉપેક્ષાના કારણો જાણશો
6. માતૃભાષાની ઉપેક્ષા દૂર કરવાના ઉપાયો જાણશો

## 3.1 પ્રસ્તાવના

સૃષ્ટિની ઉત્પત્તિથી આજ સુધી માનવે ખૂબ જ પ્રગતિ કરી છે અને પ્રગતિની આ વણથંભી યાત્રા ચાલુ છે. આ યાત્રામાં સૌથી પ્રભાવી પરિબળ તરીકે ભાષાને સ્વીકારી શકાય. અનુભવે પ્રાપ્ત જ્ઞાન મનુષ્ય

નવી પેઢીને ભાષાના માધ્યમથી આપે છે. નવી પેઢી એ જ્ઞાનને આગળ વધારે છે. આમ જ્ઞાન પ્રાપ્તિની સંરક્ષણ અને સંવર્ધનની આ યાત્રા સદીઓથી ચાલતી આવી છે.માનવ વ્યવહારોનો સૌથી સારું અને ઉત્તમ માધ્યમ ભાષા છે. ભાષાના માધ્યમથી જ તે પોતાના વિચારો, ભાવો, અનુભવોનું આદાન-પ્રદાન કરે છે.

વિજ્ઞાન, અર્થતંત્ર, રાજ્યતંત્ર, ઉદ્યોગ, સાહિત્ય, કેળવણી જેવા વિવિધ ક્ષેત્રે પ્રગતિનો આધાર ભાષા જ રહ્યો છે. જ્ઞાન પ્રાપ્ત કરવા, પ્રસાર કરવા, સંગ્રહ કરવા માટે ભાષા એક માત્ર માધ્યમ છે. સંસ્કૃતિના વિકાસનો પણ આધાર ભાષા જ રહ્યો છે. ઈતિહાસના અનુભવોથી જાણવા પણ મળે છે કે જ્યાં પણ ભાષાનો લોપ થયો છે ત્યાં સંસ્કૃતિ અને જ્ઞાનનો પણ નાશ થયો છે.

ભાષાઓ અનેક પ્રકારની હોય છે પણ મનુષ્યની માતૃભાષા તેના વિકાસનો અગત્યનો ઘટક છે. જગતનો પ્રથમ અનુભવ માતૃભાષા થકી થાય છે. જીવનમાં શ્વાસનું જેટલું મહત્ત્વ છે તેટલું જ માતૃભાષાનું મહત્ત્વ છે.

## 3.2 માતૃભાષાનો અર્થ અને સંકલ્પના

મૃતભાષા અંગ્રેજી શબ્દ 'Mother Tongue'નો અનુવાદ છે જેનો સરળ અર્થ તેટલો જ કે માતાની ભાષા અહીં એમ કહી શકાય કે માતાના તરફથી મળેલી ભાષા. વિશેષ અર્થમાં એમ કહી શકાય કે માતાના સમાન પોષણ આપનારી ભાષા.

''मातृभाषा की हमारी परिभाषा है : जिसके बोलने में अनपढ आदमी और बच्चा तक भी व्याकरण की गलती न कर सके'' – राहुल सांकृत्यायन

''માત્ર એક જ ભાષા દ્વારા આપણા ભાવોની સ્પષ્ટ વ્યંજન સંભવિત છે. કેવળ એક જ ભાષાના શબ્દોની સૂક્ષ્મતમ વ્યંજનને આપણે સહજ રીતે ગ્રહણ કરી શકીએતે ભાષા એ આપણી માતૃભાષા''- Belsfard

''માતૃભાષા એટલે પોતાના લોકોના વિચારો, લાગણીઓ, મનોકામનાઓ અને વ્યાવહારિક અને સૈદ્ધાંતિક મૂલ્યો કે જે તે સમયે સામાજિક-શૈક્ષણિક રીતે ઘડાયેલા સમૃદ્ધ વારસાનો બાળકોને પરિચય આપતી ભાષા'' - ભાટિયા અને ભાટિયા (The Principles and Methods of Teaching)

''માતૃભાષા એ હૃદયની ભાષા છે.'' - કોલરીઝ

કેટલાંક લોકો માની ભાષાને માતૃભાષા કહે છે પણ આ માન્યતા અધૂરી છે. ઉપરોક્ત વ્યાખ્યાઓ અને વિચારોના આધારે માતૃભાષાની સંકલ્પના સ્પષ્ટ થાય છે જેને નીચે પ્રમાણે દર્શાવી શકાય.

માતૃભાષા એટલે.......

માતાની ભાષા, માતા પાસેથી શીખેલી ભાષા અને માતાની સમાન કક્ષાએ મૂકી શકાય તેવી ભાષા.

માનવનો જન્મ જ્યાં થયો હોય છે તે જન્મભૂમિ અને તેનો ઉછેર પણ જ્યાં થયો છે તે ભૂમિ સાથે સંકળાયેલી ભાષા એટલે કે જન્મ અને ઉછેરની ભૂમિની ભાષા - ત્યાંના લોકો પાસેથી મળેલી ભાષા.

વ્યક્તિ પોતાના વિચારો અને ભાવો સ્પષ્ટ કરી શકે તે ભાષા.

વ્યક્તિ પોતાનો જીવન વ્યવહાર જે ભાષામાં કુશળતાથી કરી શકે તે ભાષા.

પોતાના સમૃદ્ધ વારસાનો પરિચય સુંદર રીતે જે ભાષામાં કરાવી શકે તે ભાષા.

વ્યક્તિના અસ્તિત્વની ઓળખ આપતી ભાષા.

વ્યક્તિના સામાજિક, સાંસ્કૃતિક, બૌદ્ધિક, આંતરમનના વિકાસની શરૂઆત કરી આપનારી ભાષા.

## 3.3 માતૃભાષાનું મહત્ત્વ

જીવનમાં માતૃભાષા એ માનું સ્થાન ધરાવે છે. કેટલાંક મહાપુરુષોના શબ્દોમાં જોઈએ,

મહાત્મા ગાંધીજી : ''મારી માતૃભાષા ગમે તેવી અધૂરી હોય તોય હું મારી માની છાતીએથી અળગો ન થાઉં તેમ માતૃભાષાથી પણ ન થાઉં. મારા જીવનને ઘડનારું દૂધ મને તેના સિવાય બીજે ક્યાંથી મળે? ભાવના અને સંવેદન એ આંતરમનની નિર્વ્યાજ નીપજ છે. આ નીપજનો આવિષ્કાર માતૃપ્રેમ,

સર્વધર્મ નિષ્ઠા વગેરેના પરિણામે છે. માતૃભાષા પ્રત્યેનો સહજ આદર પણ હૃદયની સનાતન સંવેદનાનું સુભગ પરિણામ છે.''

''આપણા માટે ભારતીય ભાષાઓ ભણવી એટલાં માટે જરૂરી છે કારણ કે પોતાની માતૃભાષાના જ્ઞાન વિના કોઈપણ વ્યક્તિ સાચો દેશભક્ત નહિ બની શકે. માતૃભાષાના જ્ઞાન વગર આપણા વિચારો વિકૃત થઈ જાય છે અને હૃદયમાં માતૃભૂમિ પ્રત્યેનો સ્નેહ રહેતો નથી. ભારતીય શાસ્ત્રો અને ધર્મોને વિદેશી ભાષાઓના માધ્યમથી ક્યારેય સમજાવી શકાશે નહિ.''

**(મહાત્મા ગાંધી-ઈન્ડિયન ઓપિનિયન,07-12-1912)**

"શિક્ષણને જો સાર્વજનિક બનાવવું હોય તો માતૃભાષામાં જ હોવું જોઈએ નહીંતર સમાજમાં ભેદભાવની દીવાલ ઊભી થઈ જશે."

**આચાર્ય વિનોબા ભાવે**

"નિજ ભાષા ઉન્નતિ અહૈ સબ ઉન્નતિ કે મૂલ
બિનુ નિજ ભાષા જ્ઞાન કે મિટે ન હિય કે સૂલ"

**ભારતેન્દુ હરિશ્ચંદ્ર**

"વિદેશી ભાષાના માધયમથી ભણનાર અને વાતો કરનાર પોતાનું વ્યક્તિત્વ ગુમાવી ફક્ત નકલ કરનાર માનવી બની જાય છે."

**યુનેસ્કો રીપોર્ટ 1953**

માતૃભાષામાં વ્યવહાર એ એક અનુભૂતિનો વિષય છે. એ તો સ્વાભાવિક આનંદ, સહજ સ્ફૂર્તિ અને ચેતનાની આહ્લાદક અનુભૂતિની બાબત છે. માણસ પોતાના ઘરમાં, પોતાના આત્મીયજન સાથે, પોતાના વિસ્તારમાં અન્ય ભાષા કરતાં પોતાની જ ભાષામાં - માતૃભાષામાં આત્મીયતાપૂર્વક વાત કરે છે.

આમ કહી શકાય કે લગભગ બધાં જ કેળવણીકારો, મનોવૈજ્ઞાનિકો અને વિદ્વાનોએ શિક્ષણ માટે માતૃભાષાના માધ્યમોનો જ આગ્રહ રાખ્યો છે. તેમણે તેને વિકાસના ઘટક તરીકે માન્યું છે.

જીવન વિકાસમાં માતૃભાષાનું ખૂબ જ મહત્ત્વ છે. માતૃભાષા જીવન પથનું પ્રથમ પગલું છે. જીવન વિકાસ પથ પર પગરવ શરૂ કરવામાં માતૃભાષા જ સહાયક બને છે. જન્મ પછી બાળક માતા અને પરિવેશમાંથી માતૃભાષાના માધ્યમથી જ હૃદયની લાગણીઓનું શિક્ષણ મેળવે છે. માતૃભાષા જીવન વિકાસનું અવિભાજ્ય અંગ છે. માણસના શ્વાસોચ્છ્વાસ, હૃદયના ધબકારમાં અને લોહીની ધમનીઓમાં માતૃભાષા જ છવાયેલી છે.

"'વાચામેવ પ્રસાદેન લોકયાત્રા પ્રવર્તતે' (અર્થાત વાણીની કૃપાથી જ જીવન વ્યવહાર ચાલે છે) - પ્રસિદ્ધ સંસ્કૃત કવિ દંડીનું આ વાક્ય માતૃભાષાનું મહત્ત્વ બતાવે છે. જગતના બધાં જ જડચેતન પદાર્થોના ખ્યાલો અને જગત વિશેના અનુભવો માતૃભાષા દ્વારા જ મળે છે. વ્યક્તિ પોતાનું આગવું જગત માતૃભાષા થકી જ નીપજાવે છે. માનવની આંતરિક સંવેદનાઓ ઉર્મિઓને વ્યક્ત કરવા માટે માતૃભાષા જેવું અસરકારક માધ્યમ એકપણ નથી."

**- રવીન્દ્રનાથ ટાગોર**

વ્યક્તિની સર્જન શક્તિ માતૃભાષામાં જ પાંગરે છે. દુનિયાના લગભગ બધા જ સાહિત્યકારો માતૃભાષામાં વિશેષ સર્જન કરી શક્યા છે. આમ માતૃભાષા વિના માનવની વિશેષ અભિવ્યક્તિની કલ્પના કરવી લગભગ અશક્ય છે.

## 3.4 માતૃભાષા શિક્ષણનું મહત્ત્વ

### 3.4.1 શિક્ષણના માધ્યમ તરીકે

જીવનમાં સફળ અને જેમને વિશેષ સર્જન કર્યું હોય તેવા વ્યક્તિઓમાંથી મોટાભાગના લોકો એવું

માને છે કે તેમની સફળતાનું કારણ તેમને માતૃભાષામાં શિક્ષણ મળ્યું તે છે. શાળાઓમાં અનેક વિષયોનું શિક્ષણ અપાય છે પણ આધુનિક જગતમાં વિજ્ઞાન, ગણિત અને ટેકનોલોજીના શિક્ષણની વિશેષ બોલબાલા છે પણ આ વિષયો પણ અસરકારક રીતે શીખવા માટે માતૃભાષા જ સૌથી પ્રભાવી પરિબળ છે. સર્વે વિષયોનો પાયો માતૃભાષા છે. શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોવું જોઈએ આ વિશે લગભગ બધાં જ વિદ્વાનો અને કેળવણીકારો એકમત છે.

"માતૃભાષા એ શિક્ષણમાં ચાળણી છે. જે માહિતી માતૃભાષા દ્વારા જ આપી શકાય તે બીજા રૂપમાં હજમ કરી ન શકાય."

**કાકા કાલેલકર**

"જ્યાં સુધી માતૃભાષાને ઉચ્ચ શિક્ષણનું માધ્યમ જ બનાવાય, જ્યાં સુધી માતૃભાષામાં જ બધા પાઠ્યપુસ્તકોની પ્રાપ્તિ શક્ય ન બનાવાય, ત્યાં સુધી શિક્ષણધારાને મુકત રીતે વહેતી કરવાનું શ્રેય આપણને મળવું શક્ય નથી."

**- રવીન્દ્રનાથ ટાગોર**

"अपनी मातृभाषा को शिक्षा का माध्यम बनाने का अधिकार हमारा वैसा ही जन्मसिद्ध अधिकार है, जैसा राजनैतिक स्वतंत्रता का"

**राहुल सांकृत्यायन**

"भारतीय युवक अपने जीवन के कम से कम ६ कीमती वर्ष गँवा देता है तब अंग्रेजी भाषा सीख पाता है ।शिक्षा का माध्यम अंग्रेजी भाषा होने के कारण हमारी समस्त मौलिकताए नष्ट हो गरुर्इ है ।हमारे बच्चे बिना पंख के पक्षी बन गए है।"

**महात्मा गाँधी**

"અમારું આ સ્પષ્ટ માનવું છે કે શિક્ષણ કાર્ય બાદ પણ વ્યક્તિ પોતાની માતૃભાષા સારી રીતે બોલી શકતો નથી. માધ્યમિક વિદ્યાલયો, મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોમાં માતૃભાષા તથા પ્રાદેશિક ભાષાનું શિક્ષણ ઠીકથી થાય તેવો પ્રામાણિક પ્રયાસ થવો જોઈએ."

**કલકત્તા વિશ્વવિદ્યાલય આયોગ 1917**

१. "पठन-पाठन की शिक्षा मातृभाषा में दी जाये. र. समग्र शिक्षा की नींव को ठोस आधार देना तब संभव होगा जब मातृभाषा में शिक्षा ठीक से दी जायें."

**वर्धा शिक्षा कमिटी रिपोर्ट-१९३७**

१. "माध्यमिक विद्यालय स्तर तक मातृभाषा अथवा क्षेत्रीय भाषा के माध्यम से पढाया जाना आवश्यक है। र. उच्च माध्यमिक विद्यालय में कम से कम दो भाषाओं में पठन-पाठन हो। रुद्मनमें से एक मातृभाषा अथवा क्षेत्रीय भाषा हो।"

**माध्यमिक शिक्षा आयोग ( मुदालियर आयोग ) - 1952-53**

The mother tongue has a very important role to play as the medium of instruction for the most of the school subjects. Its chief value here is that it can be an exact instrument for the explanation and formation of knowledge, even for Junior pupils. This is one reason why language is the focal point in education for instruction in the 'knowledge' Subjects must be carried on in exact language if our pupils are to master them a fact should have the widest recognition"

ઉપરોક્ત વિધાનો માતૃભાષા શિક્ષણનું માધ્યમ હોવું જોઈએ તેની હિમાયત કરે છે. સાથે સાથે તેની અસરકારકતા પણ જણાવે છે. માતૃભાષા વિના શિક્ષણ અધૂરું છે. માટે જ માતૃભાષા રાષ્ટ્રીય કેળવણીનું

એક પ્રમુખ અંગ બની રહી છે. માતૃભાષા વિના શિક્ષણની કલ્પના અશક્ય છે. વિદ્યાર્થીઓ માતૃભાષામાં શિક્ષણ મેળવી:-

- વિષયવસ્તુને સારી રીતે સમજી શકે છે.
- વિષયવસ્તુમાં રહેલા ભાવો અને વિચારોને સમજી આત્મસાત્ કરી શકે છે.
- દરેક બાબતને પોતાની ભાષામાં સારી રીતે અભિવ્યક્તિ કરી શકે છે.
- પોતાની મુશ્કેલીઓ શિક્ષક સમક્ષ સારી રીતે રજૂ કરી શકે છે.
- અદ્યતન પ્રક્રિયામાં શક્તિ અને સમય બચાવી શકે છે.
- તેની સર્જનાત્મક શક્તિઓ વિકસે છે.
- પોતાના જીવનમાં બધા વ્યવહારો સારી રીતે કરી શકે છે.
- તેના વ્યક્તિત્વનો સુયોગ્ય વિકાસ થાય છે.

### 3.4.2 સામાજિકીકરણના સાધન તરીકે

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. માતૃભાષા તેની સામાજિક જરૂરિયાત બને છે. ભાષા એ સામાજિક વ્યવહારનું એકમાત્ર સાધન છે. પોતીકા સમાજમાં માતૃભાષામાં જ સબળ રીતે સામાજિક વ્યવહાર થઈ શકે છે. વ્યક્તિ પોતાની માતૃભાષામાં અભિવ્યક્ત કરીને, ભાષાની મધુરતા દ્વારા બીજાને પોતાના તરફ આકર્ષી શકે છે. તે ઉપરાંત સંબંધો બાંધવામાં અને ટકાવી રાખવામાં માતૃભાષા ઉપયોગી બને છે.

વ્યક્તિ પોતાની માતૃભાષાનાં કૌશલ્યો કેળવીને, માતૃભાષામાં મીઠાશ, પ્રવાહિતા અને સરળતા લાવીને પોતાના સામાજિક વ્યવહારોને સશક્ત અને અસરકારક બનાવી સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કરી શકે છે. કોઈપણ સમાજના વિકાસમાં તે સમાજના લોકોની ભાષાનો ખૂબ જ મોટો ફાળો હોય છે. રાષ્ટ્રની પ્રગતિ સમાજના લોકોમાં તેમની માતૃભાષા પ્રત્યેની આસ્થા પર આભારી છે. માતૃભાષાના શિક્ષણ દ્વારા જ વ્યક્તિ સામાજિક જીવન ટકાવી શકે છે.

### 3.4.3 સાંસ્કૃતિક વારસાની જાળવણી તરીકે

માતૃભાષા વ્યક્તિની પ્રત્યેક ક્ષણની સાક્ષી છે, સાથી છે. વ્યક્તિએ સમાજે, સંસ્કૃતિએ જે કાંઈ માણ્યું હોય, વેઠ્યું હોય, મેળવ્યું હોય, ખોયું હોય તે બધું જ માતૃભાષા મારફતે જ પ્રગટે છે. પ્રજાનો વર્તમાનકાળ, ભૂતકાળ અને ભવિષ્યકાળ માતૃભાષામાં જ સંગ્રહિત થાય છે. આપણી માતૃભાષા ગુજરાતી સાહિત્યનો અભ્યાસ કરીએ ત્યારે ગુજરાતી ભાષાના ઉદ્દભવથી માંડી અત્યાર સુધીનો સાંસ્કૃતિક સંદર્ભ તેમાંથી મેળવી શકાય તેમ છે. ગુજરાતી પ્રજાની ભક્તિ અને ધર્મ પરાયણતા, કુટુંબજીવન, વહેમ અને અંધશ્રદ્ધા, શૌર્ય અને રખાવટની ભાવના, જાહોજહાલી અને ઉત્સવ મેળાઓ, સહિષ્ણુતા અને સાંસ્કૃતિક સમન્વયની મથામણો, અસ્મિતાની ખોજ અને સ્વાતંત્ર્યની તમન્નાનો પરિચય આપણા આ સાહિત્યમાં - માતૃભાષાના સાહિત્યમાંથી જ મેળવી શકાય છે. આપણી ભાષાના લોકસાહિત્યમાં આપણી સંસ્કૃતિની પોતીકી છાપ બરાબર પડેલી જોવા મળે છે. એનો અર્થ એ થયો કે માતૃભાષામાં સામાજિક અને સાંસ્કૃતિક વારસો સચવાયો છે.

આપણા પ્રદેશની સાથોસાથ રાષ્ટ્રની સંસ્કૃતિનો પરિચય પણ માતૃભાષા મારફતે જ મેળવી શકાય છે. કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિનું પ્રેરક, પોષક અને સંવર્ધક પરિબળ ભાષા છે. રાષ્ટ્રની પ્રજાની વ્યાથાઓ, સંવેદનાઓ, વિટંબણાઓ, આનંદાનુભૂતિઓ, એષણાઓ, સ્વપ્નો, ઊર્મિઓની અભિવ્યક્તિ માતૃભાષામાં થાય છે. પ્રજાની સ્મૃતિગાથાઓ કે અતીતનાં સંભારણાં, વર્તમાનની ધબકતી ક્ષણો અને ભાવિની ભવ્ય સિદ્ધિઓ માતૃભાષામાં સ્પંદિત થાય છે. પ્રજાની વિચારધારાઓ, માન્યતાઓ, રીતરિવાજો, ઉજ્જવળ પ્રણાલિકાઓ અને પરંપરાઓ વગેરે માતૃભાષામાં ધબકે છે. એટલે માતૃભાષાનું સર્જાતું અને સર્જાયેલું સાહિત્ય એ પ્રજાની સાંસ્કૃતિક વિકાસગાથાની પ્રતીતિ કરાવે છે. ધર્મગુરુઓના મંથનો, એ મંથનોના પરિપાકરૂપે અભિવ્યક્ત થતું ચિંતન, યાત્રાધામોની ગૌરવગાથા, વીર પુરુષોની

કીર્તિગાથા, પૌરાણિક કથાઓ, નગરોનાં વર્ણનો, શિલ્પ-સ્થાપત્યનાં વર્ણનો, પુરુષ શ્રેષ્ઠો અને શ્રેષ્ઠીઓનાં જીવનચરિત્રો અને કળાસાહિત્ય માતૃભાષામાં જ શબ્દસ્થ થાય છે. આમ માતૃભાષામાં સમગ્ર સાંસ્કૃતિક જીવન ધબકે છે.

માતૃભાષા, પ્રાદેશિક, રાષ્ટ્રીય ઉપરાંત આંતરરાષ્ટ્રીય-વૈશ્વિક કે સમગ્ર માનવજીવનનાં સાંસ્કૃતિક-સામાજિક વારસાનો પરિચય પણ કરાવે છે. સાહિત્ય શિલ્પ-સ્થાપત્ય, વૈશ્વિકપુરુષો, સન્નારીઓ, વૈજ્ઞાનિક શોધખોળો, વૈજ્ઞાનિક સિદ્ધિઓ, વિશ્વપુરુષો, વિવિધ રમતો, વિશ્વસ્તરે આવતા કુદરતી પ્રકોપો, માનવીય પ્રકોપો, વૈશ્વિક સમસ્યાઓ, વિશ્વમાં બનતી અવનવી કુદરતી અને માનવીય ઘટનાઓ વગેરે વિશેની જાણકારી માતૃભાષા થકી જ થાય છે. ખરેખર માતૃભાષા જ સામાજિક સાંસ્કૃતિક વારસાને પામવાનો ચાવી છે.

સાંસ્કૃતિક વારસાને પામવામાં જ નહીં પણ તેને સમૃદ્ધ કરવામાં, સંવર્ધિત કરવામાં, ભાવિ પેઢીને તેમનાથી વાકેફ કરવામાં, માતૃભાષા આવશ્યક માધ્યમ છે. આજનો વિદ્યાર્થી આ વારસાને આત્મસાત્ કરીને તેના વિકાસમાં યોગદાન કરી શકે તે માટે તેને માતૃભાષાનું શિક્ષણ આપવું મહત્ત્વનું છે.

### 3.4.4 પ્રત્યાયનના માધ્યમ તરીકે

પ્રત્યાયન માટે અવગમન, સંક્રમણ કે વિચારવહન જેવા સમાનાર્થી શબ્દો વપરાય છે. પ્રત્યાયન એટલે વિચારો, માહિતીઓ, સંદેશાઓ કે લાગણીઓની આપ-લે કરવી. ભાષા વ્યક્તિની સંક્રમણ સાંકળ શક્તિ બની જાય છે. માતૃભાષા મારફતે જ વ્યક્તિ પોતાના સર્વ વ્યવહારો, સરળતાથી, સ્પષ્ટતાથી અને સચોટતાથી અન્ય વ્યક્તિ આગળ રજૂ કરી શકે છે. તેવી જ રીતે અન્ય વ્યક્તિના વિચારો, લાગણીઓ અને ઊર્મિનું અર્થગ્રહણ પણ માતૃભાષા મારફતે જ વધુ સારી રીતે થઈ શકે છે.

સાહિત્ય સર્જન દ્વારા પણ અભિવ્યક્તિ થાય છે. સાહિત્યકારો પોતાની કૃતિઓ દ્વારા પ્રત્યાયન કરતા હોય છે. વિવિધ સર્જનાત્મક યુક્તિઓ વડે રોજિંદી ભાષાની સરળ અને દ્રુત અર્થ સંક્રાંતિને સાહિત્યકાર વિલમ્બિત કરીને સંદિગ્ધ અર્થની સૃષ્ટિ રચે છે અને તે દ્વારા તેઓ અભિવ્યક્તિ પામે છે. ભાષા સાથે બાળસુલભ લીલા કરીને તે આનંદ પામે છે. પોતાના ભાવકને પણ આનંદમાં ભાગીદાર બનાવે છે.

માણસ મુકત અને સ્વતંત્ર અભિવ્યક્તિ માટે ભાષાનો ઉપયોગ કરે છે. સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન ક્રાંતિકારીઓના આગ ઝરતાં ભાષણો, ગાંધીજી, સરદાર કે નહેરુનાં ભાષણોએ અત્યાચાર અને શોષણ સામેના માનવ વિદ્રોહની સબળ અભિવ્યક્તિ કરી દેશમાં સ્વતંત્રતાનો અહાલેક પોકારી હતી.

વિદ્યાર્થીના પ્રત્યાયનમાં વ્યાપકતા, ઊંડાણ, સંસ્કારિકતા અને સબળતા લાવવા માટે માતૃભાષાનું શિક્ષણ આવશ્યક છે. માતૃભાષાના શિક્ષણથી વિદ્યાર્થીની લેખિત અને મૌખિક અભિવ્યક્તિનો વિકાસ થઈ શકે છે. કુશળ વક્તા, પ્રભાવશાળી લેખક, અસરકારક તેમજ કુશળ કાર્યકર કે સફળ સંચાલક બનવા માટે પ્રત્યાયન ક્ષમતા હોવી આવશ્યક છે. જીવનભર વ્યાપક, ગહન, સંસ્કારી, સબળ, પ્રભાવશાળી પ્રત્યાયન દ્વારા પોતાની જીવનયાત્રાને આગળ ધપાવવા માટે માતૃભાષાનું શિક્ષણ આવશ્યક છે.

### 3.4.5 માતૃભાષા અન્ય વિષયોનો પાયો

માતૃભાષા એ અન્ય વિષયોનો પાયો છે. કારણ કે અન્ય વિષયોનું શિક્ષણ પણ માતૃભાષામાં જ અપાય છે. આથી માતૃભાષાનું જ્ઞાન જેટલું મજબૂત તેટલું અન્ય વિષયનું જ્ઞાન મેળવવાની સરળતા રહે. જો માતૃભાષાનો પાયો જ નબળો હોય તો અન્ય વિષયોના અર્થગ્રહણમાં તેનાં પાઠ્યપુસ્તકો અને સંદર્ભ-સાહિત્યનો ગુરુતમ અને ફળદાયી ઉપયોગ કરવામાં મુશ્કેલી પડવાની જ. જુદાં જુદાં વિષયોમાં કેટલાક પાયાના ખ્યાલો કે પાયાની સંકલ્પનાઓ ભાષાના સ્તરે વિદ્યાર્થીને ન સમજાય તો તેને તે આવડતી નથી. વિજ્ઞાનમાં બાષ્પીભવન, વક્રીભવન, ઉષ્ણતામાન, ચુબંકત્વ, દબાણ વગેરે શબ્દોના અર્થગ્રહણનો આધાર માતૃભાષા છે. તેવી જ રીતે સમાજવિદ્યામાં નિયામકધારો, હિજરત, મહાભિનિષ્ક્રમણ, અખાત, સામુદ્રધુની, ગણરાજ્ય, લોકશાહી અને ગણિતમાં ગુણોત્તર, પ્રમાણ,

વર્તુળ, એકરૂપતા, ખૂણો જેવી સંકલ્પનાઓ સમજવામાં ભાષાની ભૂમિકા બહુ સ્પષ્ટ છે.ગણિતના દાખલાની રકમ વાંચીને તેનું અર્થગ્રહણ થાય તો જ દાખલો વ્યવસ્થિત ગણી શકાય. આ બધા વિષયોનું જ્ઞાન ભાષા દ્વારા મેળવવાનું હોવાથી માતૃભાષાનું શિક્ષણ વિદ્યાર્થીને બરાબર, યોગ્ય રીતે અપાય તે જરૂરી છે. વિદ્યાર્થી દ્વારા થતા અધ્યયનમાં ભાષાની અનન્ય ભૂમિકા છે. જુદાં જુદાં વિષયો માટે કરવી પડતી ઉચ્ચ સ્તરની વિચારણામાં ભાષા અનિવાર્યપણે જરૂરી છે. માતૃભાષામાં વિદ્યાર્થી સાંભળીને અને વાંચીને જેવું સમજી શકે તેના ઉપર બીજા વિષયોમાં તેની સિદ્ધિનો આધાર છે અને તેથી જ માતૃભાષાનું શિક્ષણ મહત્ત્વનું બની રહે છે.

ભાષાના કથન, શ્રવણ, વાચન, અને લેખન મુખ્ય કૌશલ્યો છે. જે વિદ્યાર્થીનું કથન કૌશલ સારું હોય તે પ્રશ્નોનાં ઉત્તરો મૌખિક રીતે, વ્યવસ્થિત રીતે લખીને પરીક્ષામાં પ્રભાવશાળી દેખાવ કરશે. આમ, જે વિદ્યાર્થી ચારેય કૌશલોમાં પ્રાવીણ્ય ધરાવતો હશે તે જ વિદ્યાર્થી શિક્ષણમાં અગ્રીમ અને આગવું - અદકેરું સ્થાન મેળવી શકશે.

ઉપરોક્ત ચર્ચાના આધારે કહી શકાય કે માતૃભાષામાં જે કુશળ તે સર્વ વિષયોનું શિક્ષણ મેળવવામાં પણ કુશળ બનવાના. શિક્ષણની સફરનો આધારમાર્ગ માતૃભાષાની પ્રવિણતા પર જ અવલંબિત છે. તેથી કહી શકાય કે માતૃભાષાની પ્રવિણતા વિના અન્ય વિષયોનું જ્ઞાન પામવું - મેળવવું - લોઢાના ચણા ચાવવા સમાન છે. આથી જ માતૃભાષાના શિક્ષણને સઘન-સબળ બનાવવાની જરૂર છે.

### 3.4.6 માતૃભાષા સર્વાંગિણ વિકાસના માધ્યમ તરીકે

માતૃભાષા દ્વારા સમજવાની અને વિચારવાની પ્રક્રિયા ખીલવી શકાય છે. કોઈપણ વસ્તુ, પદાર્થ, વ્યક્તિ કે ઘટનાને સમજવા તેની ઓળખ મેળવવી પડે. દા.ત. કોઈ પદાર્થને ઓળખવા માટે તે પદાર્થમાં કયા કયા ઘટકો સમાયેલા છે? તેની રચના કેવી છે? તેનો ઉપયોગ શું છે?તે ક્યાં ઉત્પન્ન થાય છે? પદાર્થના ઉપયોગની સારી અને નરસી અસરો શું છે? વગેરે બાબતોનો ખ્યાલ મેળવવો. આ ખ્યાલ મેળવવા તે પદાર્થનું અવલોકન, પરીક્ષણ, તેના ગુણલક્ષણોને જાણવા, ગુણલક્ષણોને અલગ કરવા કે સાંકળવા, ગુણ લક્ષણોનું સામાન્યીકરણ કરીને અનુમાનો અને તારણો પરથી નિર્ણય પર આવવું. આ સમગ્ર પ્રક્રિયાને સળંગ ભાષાબદ્ધ કરીને ચિત્રમાં સ્થિર કરવું જરૂરી છે. આ પ્રક્રિયા એટલે વિચારપ્રક્રિયા જેટલી સમર્થ તેટલી જ સમજ પ્રક્રિયા સમર્થ બને. બાળકની ભાષાની સમજ આ પ્રક્રિયાને વધુ સક્રિય બનાવે કારણ કે માનવનિર્મિત સમગ્ર જગત ભાષા દ્વારા રચાયું છે.

ભાષાની મદદથી અમૂર્ત વિચારણા પણ કરી શકાય છે. ભાષા દ્વારા જ માનસિક શક્તિઓનો વિકાસ થાય છે. અર્થગ્રહણ,પૃથક્કરણ, સંયોજન, અનુમાન, સામાન્યીકરણ, તારણ, નિર્ણય પ્રક્રિયા અને અભિવ્યક્તિ જેવી શક્તિઓમાં પ્રાવીણ્ય મેળવવા ભાષા જ ઉત્તમ સાધન છે. જેનું ભાષા સામર્થ્ય સારું, ભાષાકૌશલમાં સામર્થ્ય સારું તેનું શક્તિપ્રાવીણ્ય પણ સારું બને છે. ભાષા મારફતે જ માનસિક વિકાસ મ્હોરી ઊઠે છે.

વ્યક્તિત્વ ઘડતર માટે ભાષાવિકાસ જરૂરી છે. જેની ભાષા સમર્થતા સારી હોય તેનું વ્યક્તિત્વ આપોઆપ ખીલી ઊઠે છે. કોઈ વ્યક્તિ અપણી સાથે હોય, આપણી સામે બેઠાં હોય, તેમના પરિચયમાં ઘણી લાંબી-પહોળી વાતો કરવામાં આવી હોય પણ જેમાં તે બોલવાનું શરૂ કરે એટલે તેમનો પરીચય મળી જાય. કોઈ લેખકનું પુસ્તક વાંચીએ અને ખ્યાલ આવી જાય કે તે કેવી વ્યક્તિ હશે. આમ શાથી બન્યું કારણ વક્તવ્યની ભાષા. જેટલી ભાષા સારી તેટલી વ્યક્તિની છાપ સારી ઉપસે. અને છેવટે તો વ્યક્તિની છાપ જ તેનું વ્યક્તિત્વ બની રહે છે. આના આધારે કહી શકાય કે ભાષા - માતૃભાષા વ્યક્તિના માનસિક વિકાસ અને વ્યક્તિત્વ વિકાસ માટેની ધરોહર છે. આથી માતૃભાષાનું શિક્ષણમાં મહત્ત્વનું સ્થાન હોવું જોઈએ.

## 3.5 માધ્યમિક શાળાકક્ષાએ માતૃભાષાનું શિક્ષણ

માતૃભાષાના શિક્ષણના મહત્ત્વ અંગે જાણકારી મેળવ્યા પછી તેનું જતન કરી ગૌરવને જાળવવાની જવાબદારી માતૃભાષાના સંતાનોની છે. પરંતુ વર્તમાન સમયે શાળાઓમાં આ બાબતની સમજ ન

હોય તેવું લાગે છે. માધ્યમિક શાળાઓમાં આપણી માતૃભાષાના અધ્યયન - અધ્યાપનની સ્થિતિનું નિરીક્ષણ કરીએ તો આપણું હૃદય ધડકી ઉઠે છે.

પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ જ નહીં કૉલેજકક્ષાએ એટલે ઉચ્ચશિક્ષણમાં પણ પ્રથમવર્ષ અને બીજા વર્ષ દરમ્યાન આર્ટસ્ કૉલેજોમાં માતૃભાષા ફરજિયાત વિષય તરીકે શીખવાય છે. ઉચ્ચશિક્ષણમાં ગુજરાતી સાહિત્ય અને ભાષાના વિષયો મુખ્ય અને ગૌણ વિષયો તરીકે શીખવાય છે. વર્તમાન સમયે અંગ્રેજી માધ્યમની શાળાઓમાં પણ ગુજરાતી વિષય શીખવાય છે. અન્ય ભાષાના માધ્યમની શાળા સિવાય શાળાઓમાં માતૃભાષાના માધ્યમથી જ અને હવે તો ઉચ્ચ શિક્ષણમાં પણ માતૃભાષાના માધ્યમથી આપવાની વ્યવસ્થા ગોઠવાયેલી છે અને માતૃભાષામાં જ જે તે વિષયનાં સંદર્ભ પુસ્તકો મળી રહે તેવા પ્રયાસો પણ થયા છે. આ બાબત વહીવટી પ્રયાસોની છે પણ આપણે ક્યાં તે વિચારસરણી છે.

કહેવત છે કે કૂવામાં હોય તો હવાડામાં આવે. તે રીતે માતૃભાષાના શિક્ષકોની જવાબદારી સવિશેષ રહે. જો શિક્ષકો સજાગ બને તો માતૃભાષાનું શિક્ષણ સર્વોત્કૃષ્ટ બને, પણ અનુભવે સમજાયું છે કે - અનુભવાયું છે કે, શાળા કક્ષાએ આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલી સમુદાય અન્ય વિષયોની અપેક્ષાએ માતૃભાષાના શિક્ષણને ઓછું પ્રાધાન્ય આપે છે. (વિચારવા જેવી વાત એ છે કે ગણિત - વિજ્ઞાન જેવા વિષયોમાં 100 માંથી 100 ગુણ લાવનારા વિદ્યાર્થીઓ છે પણ ગુજરાતીમાં 100માંથી 100ગુણ લાવનારા કેટલા ? કોઈએ જોયા નથી.) શાળાકક્ષાએ માતૃભાષાના અઠવાડિયે પાંચથી છ તાસ રાખવામાં આવે છે. છતાં તે તાસમાં ફક્ત સાહિત્યકૃતિઓ શીખવાય છે. ખરેખર ભાષા શીખવી જોઈએ તે શીખવાતી નથી. વ્યાકરણ શિક્ષણ તો ભાગ્યે જ કોઈ શિક્ષક અલગ તાસ લઈને શીખવતા હોય છે. પાઠ્યપુસ્તકમાં આવતું વ્યાકરણ કૃતિની ચર્ચાની સાથે આપી દેવાય છે. શિષ્ટભાષાના ઉપયોગનો પ્રશ્ન છે તેમાં બહુ ઓછા શિક્ષકો આજે પણ તેમાં સજ્જ જોવા મળે છે. વ્યવહારમાં સામાન્ય આદાનપ્રદાનમાં પણ ઉચિત ભાષા પ્રયોગ જોવા મળતા નથી.

અન્ય વિષયોમાં સજ્જતા કેળવવા માતૃભાષામાં સજ્જતા મેળવવી અનિવાર્ય છે. આ બાબતની જાણ શિક્ષકોને છે ખરી અને કદાચ હોય તો તે વાત વિદ્યાર્થીઓ સુધી પહોંચી છે ખરી વિદ્યાર્થીઓને સાચા માર્ગની જ ખબર નથી. તેઓ તો અન્ય વિષયો કરતાં ભાષા શિક્ષણને ઓછું મહત્ત્વ જ આપે છે. ભાષાના કૌશલોમાં કચાશને તેઓ ગણકારતા જ નથી. વાંચવામાં, બોલવામાં, લખવામાં તેઓ ભાષાનો ઉપયોગ વ્યવસ્થિત રીતે કરી શકતા નથી. ઉચ્ચાર દોષવાળું બોલે છે, વાંચે તો અનેક શબ્દોના વાંચનમાં - ઉચ્ચારણમાં ભૂલો કરે છે. કેટલીક વખતે તો બોલે તેવું વાંચે છે અને તેવું જ લખે પણ છે. શિષ્ટભાષા અને યોગ્ય શબ્દોનો ઉપયોગ તેઓ કરી શકતા જ નથી. રજાચિઠ્ઠી, પત્રલેખન, નિબંધ લેખન જાતે કરી શકતા નથી. હવે તો તેવી પરિસ્થિતિ છે કે પોતાનાં પાઠમાંથી યોગ્ય જવાબો શોધીને પણ તેઓ લખી શકતા નથી. માતૃભાષાનું શિક્ષણ એટલે પાઠ્યપુસ્તકોમાં આપેલી કૃતિઓનું શિક્ષણ, તે કૃતિઓમાં સ્વાધ્યાયમાં આપેલા પ્રશ્નો લખી તૈયાર કરવા, થોડા નિબંધો (નિબંધમાળામાંથી જ તો - શિક્ષકો લખાવી દે તેમ) લખવા અને ગોખીને તૈયાર કરવા, પાઠ્યપુસ્તક આધારિત વ્યાકરણ તૈયાર કરવું, આ થયું માતૃભાષાનું શિક્ષણ. આ પ્રકારની કૂપમંડૂકતામાંથી શિક્ષકો - વિદ્યાર્થીઓ - આચાર્યો બહાર નહીં આવે તો ભાષા મરતી જશે.

આપણે માતૃભાષા પ્રત્યે કેવી ઉપેક્ષા સેવીએ છીએ તેની સમજ મેળવીએ અને તેને દૂર કરવાની દિશામાં શું થઈ શકે તે અંગે વિચારીએ. તમે જ્યારે શિક્ષક બનો ત્યારે આ વિચારણાને યાદ રાખી માતૃભાષા શિક્ષણને સબળ બનાવવા મંડ્યા રહો તેવી શ્રધ્ધા સાથે જ ને !

### 3.5.1 માતૃભાષા શિક્ષણની ઉપેક્ષાના કારણો

માતૃભાષા શિક્ષણમાં શાળાઓમાં જે પરિસ્થિતિ જોવા મળે છે તે જોઈને શરમથી માથું ઝૂકી જાય છે. શાળાઓમાં નીચે જેવી પરિસ્થિતિઓ માતૃભાષાની ઉપેક્ષાના સંકેતો દર્શાવે છે.

(1) **શિક્ષણ અંગે માન્યતાઓ** - બાળકના જન્મ બાદ તે એકાદ વર્ષ પછી માતૃભાષા બોલતો થાય છે. શાળામાં તો પાંચ-છ વર્ષે આવે છે ત્યાં સુધીમાં તે પરિવાર અને સમાજ સાથે રહીને ભાષા શીખી જાય છે. આમ શાળા જીવનનાં આરંભ પહેલા જ તે ભાષા શીખી ગયો છે. શાળા શિક્ષણ દરમ્યાન પણ તે સમાજમાંથી ભાષા શીખતો જ રહે છે. આથી એમ માનવામાં આવે છે કે ભાષા તો બાળક શીખીને જ આવ્યો છે પણ તેમાં શીખવાડવાનું શું હોય ! આવી માન્યતા શિક્ષકોમાં છે તો વિદ્યાર્થીઓમાં પણ છે. તેથી અન્ય વિષયોના શિક્ષણ જેવી ગંભીરતા, ચોક્સાઈ માતૃભાષા શિક્ષણમાં આવતી નથી.

(2) **શિક્ષણની જવાબદારી અન્ય વિષયના શિક્ષકોને સોંપવી** - માધ્યમિક શાળામાં ગુજરાતી ભાષા સાહિત્ય સાથે શિક્ષણ મેળવેલા એકાદ શિક્ષક હોય. બાકીના વ્યાયામ શિક્ષકો -ચિત્ર શિક્ષકો - જરૂરિયાતો અન્ય વિષયના શિક્ષકોમાંથી કોઈપણને માતૃભાષા શિક્ષણની જવાબદારી સોંપવામાં આવે. આમ કરવા પાછળનો હેતુ જે-તે શિક્ષકનો કાર્યભાર પૂર્ણ કરવાની વહીવટી - વ્યવસ્થા કારણભૂત છે તેવું જોવા - જાણવા મળ્યું છે. આ પરિસ્થિતિમાં ગુજરાતી વિષય સાથે તાલીમ પામેલો શિક્ષક અને જેને સાહિત્ય કે ભાષાનું શિક્ષણ કેવી રીતે અપાય તેનો ખ્યાલ જ નથી તેવા શિક્ષકના શિક્ષણકાર્યનો તફાવત પણ ધ્યાનમાં લેવાતો નથી. આ પ્રકારના શિક્ષક ભાષાનું તો શિક્ષણ આપી શકે નહિ પણ સાહિત્ય કૃતિઓમાં દર્શાવેલ લાગણીઓ કે સંવેદનાઓને પણ સ્પષ્ટ ન કરી શકે. શિક્ષણ શાસ્ત્રીથી આર. એસ. ત્રિવેદી આ વ્યથાને વાચા આપતા લખે છે કે,

"અકસ્માતે ગુજરાતી કુટુંબમાં જન્મેલ હર કોઈ વ્યક્તિ કંઈ નહિ તો ગુજરાતી તો જરૂર શીખવાડી શકે, એવી આત્મશ્રદ્ધા સાથે ગુજરાતી ભાષા શિક્ષકને ગુજરાતી ભાષા શિક્ષણની જવાબદારી ગમે તે શિક્ષકને સોંપવામાં આવે છે અને આવા શિક્ષક પણ આ જવાબદારી સહર્ષ સ્વીકારે છે."

આ રીતે ગમે તે શિક્ષકને માતૃભાષા શીખવવાની જવાબદારી સોંપાય તો તેના શિક્ષણનું અધઃપતન ન થાય તો શું થાય ?

(3) **માતૃભાષા શિક્ષણની અયોગ્ય પદ્ધતિ** - માતૃભાષાના શિક્ષણ માટે અનેક પદ્ધતિઓ છે પણ શિક્ષકો ફક્ત કથન પદ્ધતિનો જ ઉપયોગ કરે છે. "ગુજરાતીમાં શું શીખવાનું હોય તે તો વિદ્યાર્થી વાંચીને પણ શીખી જાય." તેવા અભિગમથી અન્ય પદ્ધતિ અંગે વિચારણા થતી જ નથી. શિક્ષક વર્ગમાં આવે, પાઠ્યપુસ્તકનું વાંચન કરે કે કરાવે અને થોડું ઘણું સ્પષ્ટીકરણ કરે ના કરે અને પાઠ પૂરો કરી સ્વાધ્યાય લખવા આપી દે. આ શિક્ષણની પદ્ધતિ આ રીતે શીખવવાથી વિદ્યાર્થીને રસ પડે ખરો ! આજના પાઠ્યપુસ્તકોને નવા સંદર્ભે લખવામાં આવે છે, કૃતિની નીચે 'ભાષા અભિવ્યક્તિ' પણ દર્શાવવામાં આવે છે. આ દ્વારા ભાષા શિક્ષણ તરફ લઈ જવાનો અભિગમ છે. વળી સ્વાધ્યાયમાં પ્રવૃત્તિલક્ષી સ્વાધ્યાય પણ અપાય છે. છતાં આ સર્વે તરફ ઉપેક્ષા જ કરવામાં આવે છે. ભાગ્યે જ તે અંગે વિચારાય છે. અમલીકરણની તો પછી વાત જ ક્યાં ?

(4) **ભાષાશિક્ષણ પ્રત્યેનો અયોગ્ય અભિગમ** - શાળાઓમાં માતૃભાષાનું શિક્ષણ પાઠ્યપુસ્તકકેન્દ્રી જ થાય છે. "પાઠ્ય પુસ્તકમાં આપેલી કૃતિની વિગતો-બાબતોનું શિક્ષણ આપી દેવું એટલે માતૃભાષાનું શિક્ષણ." આ અભિગમ અયોગ્ય છે. વાસ્તવમાં પાઠ્યપુસ્તકો માત્ર માર્ગદર્શનરૂપે સાધન છે. તેના આધારે કૌશલોનું શિક્ષણ - ભાષાનું શિક્ષણ સાંકળવાનું છે. વિવિધ પરિસ્થિતિમાં ભાષાનો ઉપયોગ કેવી રીતે થઈ શકે, શબ્દોના ઉપયોગમાં કઈ કઈ બાબતો રાખવી જોઈએ. શબ્દરચના, વાક્યરચના કેવી રીતે થાય છે? આ શબ્દ અહીં જ કેમ વાપર્યો ? આ પ્રકારની વાક્યરચના કેમ કરી ? વગેરે અંગોનું શિક્ષણ આપવાનું છે. જો આનો ખ્યાલ જ રાખવામાં આવતો ન હોય તો પછી ભાષા શિક્ષણના હેતુઓ વિશે તો કોણ વિચારે ? નિબંધલેખન કરાવવાની પદ્ધતિઓ - પ્રયુક્તિઓ અંગે કે વ્યાકરણ શિક્ષણ અંગે તાલીમ પ્રાપ્ત શિક્ષકો પણ

વિચારે છે ખરા !

**(5) શૈક્ષણિક સાધનોનો અનુપયોગ** - શિક્ષણને અસરકારક બનાવવામાં શૈક્ષણિક સાધનો ઉપયોગી છે. તે વાત બધા જાણે છે છતાં તેનું અમલીકરણ કરવા કોઈ તૈયાર નથી. ખેડૂત ખેતરમાં જાય તો તે જરૂરી સાધનો લઈને જ જાય છે. એવું બીજા વ્યવસાયોમાં પણ જોવા મળે છે. જ્યારે શિક્ષક વર્ગમાં જાય તો ફક્ત પાઠ્યપુસ્તક, ડસ્ટર અને ચોક લઈને જાય છે. કેટલાંક તો કંઈ લીધા સિવાય જ પહોંચી જાય છે. પછી વિદ્યાર્થી પાસેથી પાઠ્યપુસ્તક લઈને શિક્ષણકાર્ય શરૂ કરી દેનારાં પણ છે. કાળા પાટિયાને તો શોભા માટે કે ફક્ત ગણિત-વિજ્ઞાનના શિક્ષકો માટે જ છે. ગુજરાતીના શિક્ષકો માટે તે નથી તેવા અભિગમથી જ કા.પા. લેખન અંગે દુર્લક્ષ સેવાય છે. આ પ્રકારે કાર્ય કરનારા શિક્ષકો પાસે અન્ય સાધનોના ઉપયોગની અપેક્ષા રાખી શકાય ખરી ? સંશોધનોનાં તારણો જણાવે છે કે શૈક્ષણિક સાધનોના ઉપયોગવાળું શિક્ષણ વિદ્યાર્થીની જ્ઞાન લબ્ધિમાં વધારો કરે છે. પણ અહીં કોને તે વાતની પડી છે ? અહીં તો ગોખે તેની લબ્ધિ વધુ.

**(6) શિક્ષકોની પૂર્વતૈયારીનો અભાવ** - માતૃભાષાના શિક્ષણ માટે શિક્ષકો પૂર્વતૈયારી વિના જ શિક્ષણકાર્ય કરતા હોય છે. શાળા કક્ષાએ કોઈ આયોજન તો કરવામાં આવતું નથી. હા, દરેક શાળામાં દૈનિક નોંધપોથી હોય છે પણ તેમાં જે લખાય છે તે તો હસવું આવે તેવું હોય છે. ચીલાચાલુ હોય છે. આયોજન જેવું કંઈ જ હોતું નથી. પછી પૂર્વતૈયારી થાય ખરી ? સંદર્ભગ્રંથો, સામયિકો અને વર્તમાનપત્રો વાંચવાની જ તૈયારી વાચન દ્વારા વિવિધ સંદર્ભોનો ઉપયોગ કરવો જોઈએ પણ પાઠ્યપુસ્તક વાંચવાની જ તૈયારી ન હોય ત્યાં સંદર્ભગ્રંથોનું વાંચન ક્યાંથી થાય અને પૂર્વતૈયારી વિનાનું શિક્ષણ વર્ગને સ્વર્ગ બનાવવાને બદલે નરક જ બનાવે ને ! આ પ્રકારનું દારિદ્રય અધ્યયન પણ દરિદ્ર જ બનાવે છે.

**(7) અન્ય વિષયોના શિક્ષકોનાં વલણો** - અન્ય વિષયશિક્ષકો ગુજરાતી વિષયને સરળ ગણે છે. તેના શિક્ષણમાં શું કરવાનું હોય, કંઈ જ નહિ તેમ માને છે. વળી તે ભાષા શિક્ષકને પોતાનાથી નીચો ગણે છે. પણ તેઓ પોતાના વિષયને સમજવામાં ભાષા જ ઉપયોગી છે તેવું સમજતા નથી. તેઓ તેમના વિષયના અધ્યયન અને અધ્યાપનમાં માતૃભાષાની પરિણામકારી ભૂમિકાથી પરિચિત નથી. ઊલટું તેઓ તેમના થકી થતી ભાષાકીય ભૂલો બદલ અધિકારપૂર્વક ગૌરવ અનુભવે છે. 'ભાષાને શું વળગે ભૂર ! જે રણમાં જીતે તે શૂર' જેવી અખાની કાવ્યપંક્તિનો સ્વ બચાવ માટે ખોટો ઉપયોગ કરી પોતે જે કરે છે તે યોગ્ય છે તેવું માનતા હોય છે. આવા વલણથી વિદ્યાર્થીઓ પર અવળી અસર થાય છે અને તેઓ પણ ભાષાકીય ભૂલો કરતા થાય છે. આ બાબતે આચાર્યે વિચારવું જોઈએ.

**(8) વાચનાલયની સુવિધાનો અભાવ** - શાળાઓમાં પુસ્તકાલય અને વાચનાલય અંગે યોગ્ય વ્યવસ્થા હોતી નથી. પુસ્તકાલય હોય ખરું પણ તે ક્યારેય ખૂલતું ન હોય. વાંચનાલયનો રૂમ તો જ રખાય ને ! કેટલીક શાળામાં તો પુસ્તકાલયના કબાટ પણ કોઈ વર્ગખંડમાં હોય પણ વાચનાલયની વાત કરવાની ક્યાં હોય ? કદાચ વાચનાલયનો રૂમ હોય પણ તેમાં સામયિકો કે વર્તમાનપત્રો મૂકાતાં જ ન હોય, જાણે વિદ્યાર્થીઓને વિશ્રાંતિકાળમાં બેસવાનો રૂમ ! આના પરિણામે વિદ્યાર્થીઓ પુસ્તકો વાંચી શકતા નથી. સામયિકો વાંચી શકતા નથી પણ વિશેષ જ્ઞાનપ્રાપ્તિ ક્યાંથી થાય. કેટલીક શાળાના શિક્ષકો જરૂરી સંદર્ભપુસ્તકો કે વિષયને લગતાં-શિક્ષણને લગતાં સામયિકો વાંચે છે ખરા ? નોકરી મળ્યા પછી વાંચન બંધ થઈ જાય છે. ઈતરવાંચનનો અભાવ માતૃભાષાના શિક્ષણને કંટાળાજનક બનાવે છે. શિક્ષકો ન વાંચે તો તે વિદ્યાર્થીને વાંચવાની પ્રેરણા કઈ રીતે આપી શકે ?

**(9) શબ્દકોશ અને જોડણીકોશનો નહિવત્ ઉપયોગ** - ભાષા શિક્ષણમાં વિદ્યાર્થીઓ શબ્દકોશનો કે જોડણીકોશનો ઉપયોગ કરે તો શબ્દભંડોળની સાથે જોડણી સુધારણા થઈ શકે. દરેક વિદ્યાર્થી પાસે એક ખિસ્સાકોશ કે નાનોકોશ હોવો જોઈએ. જેના આધારે પાઠમાં આવતાં નવીન શબ્દોના

અર્થથી પરિચિત થાય. આમ, નવા નવા શબ્દોના અર્થથી પરિચિત થતાં જઈને પાઠને સમજવામાં સરળતા રહે અને સાથોસાથ શબ્દભંડોળ પણ વધે. સાચી જોડણી એ ભાષાલેખનની એક શિસ્ત છે. તેવો ખ્યાલ શિક્ષકોમાં પણ ઓછો જોવા મળે છે. જેના કારણે તેઓ લેખનમાં ચીવટ રાખતા નથી. સાથોસાથ વિદ્યાર્થીઓમાં ચીવટ કે સજાગતા વિકસાવી શકતા નથી.

**(10) સર્જનાત્મક પ્રવૃત્તિઓના આયોજનનો અભાવ** - શાળામાં કાવ્યપઠન, કાવ્ય પાદપૂર્તિ, વકતૃત્ત્વસ્પર્ધા, નિબંધ સ્પર્ધા, શબ્દ, વાર્તાલેખન, કાવ્યલેખન જેવી સ્પર્ધાઓનું આયોજન થતું નથી. આયોજન થાય તો તેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લેતા નથી. આ માટે શિક્ષકોનો ઉત્સાહ પણ જરૂરી છે. કવિ સંમેલન કે મુશાયરા જેવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં સર્જનશીલતાનો વિકાસ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. પણ આ પ્રકારની પ્રવૃત્તિઓ શાળા કક્ષાએ થતી નથી. કદાચ થાય છે તો તેમાં વિશેષ રસ લઈ વિવિધતા આવતી નથી.

**(11) ગુજરાતી ભાષાશિક્ષકનો દરજ્જો** - ગણિત, અંગ્રેજી જેવા વિષયોની અપેક્ષાએ માતૃભાષા શિક્ષકને શાળામાં અને સમાજમાં એટલો માન-મરતબો મળતો નથી. પરિણામે ગુજરાતી ભાષાનો શિક્ષક પોતાનું ગૌરવ ન જળવાતાં વ્યવસાયનું ગૌરવ અનુભવી શકતો નથી. માટે તેની એક શિક્ષક હસ્તિ-લઘુતાનો ભાવ અનુભવે છે અને તે ભાવ તેનાં કાર્યને પણ ઠેસ પહોંચાડે છે. આથી ગુજરાતી શિક્ષક પોતાની ફરજ યોગ્ય રીતે બનાવવામાં પાછો પડે છે.

**(12) વિદ્યાર્થીઓની સંખ્યા** - દરેક વિદ્યાક્ષેત્રે વિષય તરીકે ગુજરાતી વિષય ફરજિયાત રાખવો પડે છે. તેના પરિણામે વિદ્યાર્થીની સંખ્યા-દરેક વિદ્યાક્ષેત્રે વિષય તરીકે ગુજરાતી વિષય ફરજિયાત રાખવો પડે છે. તેના પરિણામે વિદ્યાર્થીની સંખ્યા વિશેષ રહે છે. શહેરોમાં વર્ગમાં તો 70 થી 80 વિદ્યાર્થીઓ હોય છે. વધારે પડતી સંખ્યા હોવાથી વર્ગવ્યવસ્થા જળવાતી નથી તેથી અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયા યોગ્ય રીતે થતી નથી અને તે તેની ઉપેક્ષાનું કારણ બની જાય છે.

**(13) વ્યાકરણ શિક્ષણને અપૂરતું ઉત્તેજન**-શાળામાં વ્યાકરણનું શિક્ષણ આપવામાં ભાષાશિક્ષકોમાં ઉદાસીનતા જોવા મળે છે. ભાષાશિક્ષકો પાસે વ્યાકરણ શિક્ષણ અંગેની પદ્ધતિઓ અંગે સૂઝ-સમજ કે જાણકારી હોતી નથી. આથી તે વર્ગમાં રસપ્રદ રીતે વ્યાકરણ શીખવી શકતા નથી. એટલે ગોખણપટ્ટી તેવું મનાય છે. વ્યાકરણ તો ભાષાનો પ્રાણ છે. પણ તે પ્રાણને જાણનારો શિક્ષક મળતો નથી. આથી વ્યાકરણ શિક્ષણ પ્રત્યે કોઈને રસ નથી. જે વિદ્યાર્થીની ભાષાશક્તિ માટે હાનિકારક બને છે.

માતૃભાષા પ્રત્યેની ઉપરોક્ત ઉપેક્ષાઓ દૂર કરવા માતૃભાષા શિક્ષકે વળગી પડવું પડશે. જો તે આમ નહીં કરે તો તેની રહી સહી આબરૂના ધજાગરા થશે. શિક્ષકનું માન-ગૌરવ, અભિવ્યક્તિ, અભિયોગ્યતા જળવાય અને વિદ્યાર્થીના વ્યક્તિત્વનો વિકાસ થાય તેમજ સમાજમાં ભાષાનું મહત્ત્વ વધે તે માટે અસરકારક પ્રયત્નો કરવા જ રહ્યા.

### 3.5.2 માતૃભાષાની ઉપેક્ષા દૂર કરવાના ઉપાયો

માતૃભાષાની ઉપેક્ષાના કારણો જોયાં તો તે સર્વે શિક્ષણ સાથે જોડાયેલાઓ જાણે છે. તેના ઉપાયો કરવાની જાગૃતિ રાખવામાં આવે તો તેને દૂર પણ કરી શકાય તેમ છે. ભાષાનું મહત્ત્વ વધારવા, માતૃભાષા સાથે અન્ય ભાષાઓનું મહત્ત્વ વધે તે માટે પણ ગંભીરતાથી તેના ઉપાયો વિચારી ઉપેક્ષા દૂર કરી આપણી અપેક્ષાઓને સંતોષવા તરફ ડગ માંડવાં અનિવાર્ય છે. જે શાળાઓમાં આ રીતે પ્રયાસો થાય છે ત્યાં પણ શાળા પ્રગતિના પંથે પ્રયાણ કરે છે. માતૃભાષાની ઉપેક્ષાને મારી હટાવવા નીચે પ્રમાણેના ઉપાયો યોજી શકાય.

**(1) ખોટી માન્યતાઓ દૂર કરો** - માતૃભાષા બાળક સમાજમાંથી શીખે છે તે વાત સાચી છે. પણ તે જે શીખે છે તે ભાષાનું પૂર્ણ સ્વરૂપ નથી. કદાચ એમ કહી શકાય કે તે ભાષા નહીં પણ બોલી શીખે છે. તે ભાષા બોલતાં શીખે છે પણ શિષ્ટભાષા શીખતો નથી. તેનું શબ્દભંડોળ ઓછું હોય છે. વળી તેને ભાષા વાંચતા કે લખતાં તો આવડતી જ નથી. આમ ભાષાનું શિક્ષણ આ

સર્વે કાર્યો કરવા જરૂરી છે.

ભાષાનું શિક્ષણ જ્ઞાન પ્રાપ્તિ માટે જરૂરી છે. જો તે અર્થસભર વાચન કરી શકે તો જ તે વિકાસ તરફ ગતિ કરી શકે. વાચનની સાથે લેખન પણ જરૂરી છે. આમ ભાષાના કૌશલો ઉપર સામર્થ્ય પ્રાપ્ત કરવા ભાષાનું શિક્ષણ જરૂરી છે. આ બાબતની સમજ ખોટી માન્યતાઓ દૂર કરશે. શિક્ષકો અને શિક્ષિતોના મનમાં આ સમજ હોવી જોઈએ. જો ન હોય તો તે સમજ લાવવી પડશે અને તે સમજ શિક્ષિતો અને શિક્ષકોમાં આવશે તો જ વિદ્યાર્થીઓમાં રહેલી ખોટી માન્યતાઓ દૂર થઈ શકશે.

**(2) ભાષા શિક્ષણની જવાબદારી ભાષા શિક્ષકને જ સોંપો** - વહીવટી ગૂંચોને ઉકેલી શકાય તેવી રીતે શિક્ષકોની ભરતી કરવી જોઈએ અથવા ઉચ્ચકક્ષાએ તેની રજૂઆત કરી વ્યાયામ-ચિત્ર-સંગીત જેવા વિષયો માટે પૂર્ણકાલીન શિક્ષકોના સ્થાને અંશકાલીન શિક્ષકોની ભરતી કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. ભાષા સાથે વ્યાયામ-ચિત્ર-સંગીતની તાલીમ લીધેલ હોય તેવા શિક્ષકની નિમણૂક અંગે વિચારી શકાય. આમ, ભાષા શિક્ષણની જવાબદારી ફક્ત ભાષા શિક્ષકને જ સોંપવી જોઈએ. ગુજરાતી વિષય સાથે સ્નાતક-અનુસ્નાતક અને પ્રશિક્ષણ પામેલા શિક્ષકને જ ગુજરાતી ભાષાનું શિક્ષણકાર્ય સોંપવું જોઈએ.

**(3) માતૃભાષા શિક્ષણ માટે યોગ્ય પદ્ધતિનો ઉપયોગ** - માતૃભાષાના શિક્ષણ માટે વિવિધ અધ્યાપન પદ્ધતિઓ અને પ્રક્રિયાઓ છે. આ સર્વેનો અભ્યાસ કરીને વર્ગમાં જુદી જુદી પદ્ધતિથી શિક્ષણકાર્ય કરવાથી વિદ્યાર્થીઓમાં રસ કેળવાશે. ભાષા પ્રત્યે રસ કેળવાનાં તેઓને તેઓને ભાષા શીખવા પ્રત્યેનો અભિગમ હકારાત્મક બનશે. વર્ગમાં ધ્યાન આપતો થશે અને વિદ્યાર્થીઓ ભાષા શીખવા તરફ પ્રયાણ કરશે. વ્યાકરણ, નિબંધલેખન, પદ્ય-ગદ્ય વગેરે માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવો તે શિક્ષકની જવાબદારી છે, ફરજ છે. આ ફરજ જો ભાષા શિક્ષક બનાવશે નહિ તો ભાષા શિક્ષણ અંગે બીજાઓ તો શું કરી શકશે તે વિચારણાનો પ્રશ્ન બને.

**(4) ભાષા શિક્ષણ પ્રત્યે યોગ્ય અભિગમ** - શાળામાં કૃતિલક્ષી શિક્ષણને બદલે વ્યવહારમાં ભાષાનું ઉચિત ઉપયોજનના સંદર્ભમાં ભાષાશિક્ષણ આપવું જરૂરી છે. જીવનવ્યવહારમાં વડીલો, સમવયસ્કો કે પાડોશીઓ સાથે ભાષાકીય વ્યવહાર કેવી રીતે થઈ શકે. પત્રલેખન, અહેવાલલેખન અને અન્ય લેખનોમાં ભાષાવ્યવહાર, ગોષ્ઠિ કે વાર્તાલાપમાં ભાષાનો ઉપયોગ વગેરે બાબતો તરફ લક્ષ અપાય તે જરૂરી છે. ટૂંકમાં કહેવું હોય તો ભાષાના શ્રવણ, સ્થાન, વાચન અને લેખન કૌશલોનું શિક્ષણની સાથે ભાષાની ખૂબીઓ, શૈલીઓ સંદર્ભ શિક્ષણકાર્ય અભિગમ કેળવવો જોઈએ.

**(5) શૈક્ષણિક સાધનોનો ઉપયોગ**-ભાષાશિક્ષણમાં ઉપયોગી શૈક્ષણિક સાધનો જેવાં કે ટેપરેકોર્ડર, ફ્લેશ કાર્ડસ, ચિત્રો, ચાર્ટ્સ, ફ્લેનલ બોર્ડ, સ્લાઈડ, ઓવરહેડ પ્રોજેક્ટર, ઓડિયો-વીડિયો કેસેટ્સ, ટી.વી. રેડિયો વગેરેનો ઉપયોગ જરૂરી છે. આ ઉપરાંત સંદર્ભો આપવા માટે સંદર્ભગ્રંથો, સામયિકો, વર્તમાનપત્રો, શબ્દભંડોળ માટે શબ્દકોશ, જોડણીકોશ વગેરેનો ઉપયોગ પણ કરવો જોઈએ. શિક્ષકો આ સર્વે સાધનો-સંદર્ભોથી પરિચિત થઈ તેનો ઉપયોગ કરે તો શિક્ષણની રસમયતા વધે. વિદ્યાર્થીઓમાં ભાષા શીખવા તરફ રસ કેળવાય અને ભાષા શીખતા થાય તેવા પ્રયાસો કરવાથી ભાષા શિક્ષણ તરફનો અભિગમ પણ બદલી શકાય.

**(6) તૈયારી સાથે વર્ગપ્રવેશ** - વર્ગમાં પ્રવેશતાં પહેલાં આમ તો પૂર્વ આયોજન કરવું જોઈએ. આયોજન કરીને વર્ગમાં શિક્ષણકાર્ય થાય તો વિદ્યાર્થીને શું શીખવવાનું છે, શાથી શીખવવાનું છે, કેવી રીતે શીખવવાનું છે તેનો ખ્યાલ આવે. કદાચ આ ન થઈ શકે તો આ સર્વે પ્રશ્નો અંગે વર્ગપ્રવેશ પહેલાં વિચારવું તો જોઈએ. આ માટે શાળા સમય દરમ્યાન સમય ન મળે તો શાળા સમય બાદ-શાળા સમય પહેલાં વિચારણા કરવી જોઈએ. આમ કરવામાં ન આવે તો શિક્ષકોએ વિદ્યાર્થીઓને અન્યાય કર્યો છે તેમ કહેવાય. સાથોસાથ આપણે જે વ્યવસાય સ્વીકાર્યો છે તેને પણ અન્યાય કરીએ છીએ. જે પગાર મળે છે તેના સંદર્ભમાં વિચારીએ તો સમાજનો પણ દ્રોહ

કરીએ છીએ. કોઈ વેપારી, કોઈ ખેડૂત, કોઈ કારીગર આ રીતે બેપરવાહીથી કાર્ય કરે તો તેને આપણે ચલાવી લેતા નથી તો શિક્ષકની બેપરવાહીને કેવી રીતે ચલાવી લેવાય. શિક્ષકે આ વિચારીને પૂર્વ તૈયારી સાથે જ વર્ગપ્રવેશની પ્રતિજ્ઞા લેવી જોઈએ.

(7) **વાચનાલયની સુવિધા કરવી** - દરેક શાળામાં પુસ્તકાલય અને વાચનાલય હોવું જોઈએ. આ માટે ગ્રાન્ટમાંથી પૈસા વાપરવાની છૂટ હોય છે. પુસ્તકાલયમાંથી વિદ્યાર્થીઓને પુસ્તકો મળી રહે તેવી વ્યવસ્થા શાળા સમય પહેલા, પછી અને વિશ્રાંતિ દરમ્યાન કરવી જોઈએ. આ માટે વાચનસ્પર્ધા, મારું આદર્શ પુસ્તક, મને ગમતું પુસ્તક જેવી નિબંધસ્પર્ધા યોજવી જોઈએ. આ ઉપરાંત વર્ગપુસ્તકાલયની વ્યવસ્થા પણ ગોઠવી શકાય.

શાળામાં વાચનાલય હોવું જોઈએ. આ વાચનાલયનો ઉપયોગ વિદ્યાર્થી વિશ્રાંતિ કે તેને મળતા ફાજલ સમયમાં તે કરી શકે. વિવિધ સામયિકો અને વિવિધ વર્તમાનપત્રો પણ આવે અને તે સર્વને સુલભ રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. આમ થાય તો વિદ્યાર્થી વાંચતા થાય અને વાચન વધે તો ભાષા સુધરે. ભાષા સજ્જતા કેળવાય.

(8) **શબ્દકોશ - જોડણીકોશનો ઉપયોગ** - વિદ્યાર્થીઓ લેખનશુદ્ધિ કેળવે તે માટે જોડણીકોશ અને શબ્દભંડોળ વધે તે માટે શબ્દકોશનો ઉપયોગ કરતાં થાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. દરેક વર્ગમાં જેટલા વિદ્યાર્થી હોય તેનાથી અર્ધા નાના શબ્દકોશની વ્યવસ્થા કરવામાં આવે તો પણ ચાલે. પાઠ ચલાવતાં પહેલા દરેક વિદ્યાર્થી પાઠ વાંચી જાય અને જે શબ્દો નવા લાગે, ન સમજાય તેની પેન્સિલથી લીટી કરે અને પછી તેના અર્થ શબ્દકોશમાંથી શોધી એક નોટબુકમાં લખે અને ત્યારબાદ તે બીજીવાર પાઠ વાંચે અને પાઠને સમજવાનો પ્રયાસ કરે તે રીતે શિક્ષણકાર્ય કરી શકાય.

(9) **અન્ય શિક્ષકોના વલણોમાં પરિવર્તન** - ભાષા શિક્ષક પોતાની ભાષાનું શિક્ષણ વ્યવસ્થિત રીતે કરે. અન્ય શિક્ષકોને તે શિક્ષણકાર્યમાં કેટલી કઠિનતા છે તેનો ખ્યાલ આપે તો તે શિક્ષકોના વલણોમાં પણ પરિવર્તન આવી શકે. કેટલાંક વિષયો વિદ્યાર્થીઓને અઘરા શાથી લાગે છે. તેને વિષયના શિક્ષકોને સમજાવાથી પણ તેઓ ભાષા શીખવા તરફ વળશે અને ભાષાનું મહત્ત્વ સમજશે. વિદ્વાનોના ભાષાના મહત્ત્વ અંગેના પ્રવચનો રાખીને પણ માતૃભાષા પ્રત્યેનાં વલણો બદલી શકાય.

(10) **વ્યાકરણ શિક્ષણને ઉત્તેજન** - ભાષાનો ઉદ્‌ભવ અને વિકાસ, ભાષાની રચના, શબ્દોની રચના, જોડણીનો ખ્યાલ, વાક્યરચના, લેખનશૈલી વગેરે બાબતો તરફ વિદ્યાર્થીને રસ લેતો કરવો હોય તો વ્યાકરણ શિક્ષણને રસમય બનાવવું પડે. ભાષાપ્રયોગશાળા પણ ઊભી કરવી જોઈએ. લિંગ્વાફોન કે ટેપરેકોર્ડરનો ઉપયોગ કરીને ઉચ્ચારશાસ્ત્રની સૂક્ષ્મતાઓ સુંદર રીતે સમજાવી શકાય. શબ્દરમતો દ્વારા જોડણી શિક્ષણ અને શબ્દરચનાનો ખ્યાલ આપી શકાય. જન્મથી મરણ સુધી સાથે રહેનારી ભાષાના વિવિધ ઘટકોની શાસ્ત્રીય સમજથી જ વ્યવહારમાં ભાષાનો ઉપયોગ સુમેળથી કરી શકાશે તેવો ખ્યાલ વિદ્યાર્થીઓને આપવો જોઈએ.

(11) **સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન** - વિદ્યાર્થીઓની લેખિત અને મૌખિક અભિવ્યક્તિ ખીલવવા માટે વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું રચનાત્મક અને સૂક્ષ્મ આયોજન હિતાવહ છે. વિદ્યાર્થીઓ આ પ્રકારની હરિફાઈમાં ભાગ લે તેવું વાતાવરણ ઊભું કરવું જોઈએ. વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને વિકસાવવા આ પ્રકારની પ્રવૃત્તિઓ યોજવી જોઈએ. વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, શીઘ્ર વકતૃત્વસ્પર્ધા, શીઘ્ર નિબંધસ્પર્ધા, કાવ્યપઠન, કાવ્યગાન સ્પર્ધા, શબ્દસ્પર્ધા, કાવ્યપાદ પૂર્તિ સ્પર્ધાનું આયોજન શાળામાં થવું જોઈએ. જોડણીદિન, ગુજરાતીદિન (માતૃભાષા દિન) સાહિત્યકારોની જન્મતિથિ-મૃત્યુતિથિની ઊજવણી, કવિસંમેલન, ભાષામંડળ, સાહિત્યસર્જકોના વાર્તાલાપ જેવા કાર્યક્રમો યોજવા જોઈએ. હસ્તલિખિત અંક અથવા સામયિક પ્રકાશન દ્વારા પણ વિદ્યાર્થીઓની સર્જનશક્તિને વાચા આપી શકાય. આમ થાય તો શિક્ષક-વિદ્યાર્થી પક્ષે માતૃભાષા પ્રત્યે અહોભાવ અને કદરની ભાવના કેળવાશે.

(12) **વિદ્યાર્થીની મર્યાદિત સંખ્યા** - શિક્ષણના નિર્ધારિત હેતુઓની સિદ્ધિને આંબવા વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત રાખવી જોઈએ. આ ઉપરાંત નિદાન કસોટીઓ દ્વારા વિદ્યાર્થીઓની ખામીઓનું નિદાન કરી તેમાં સુધારણા લાવવાના પ્રયાસો થઈ શકે. ખાસ કરીને વાચનઝડપ, વાચનઅર્થગ્રહણ, જોડણી, ઉચ્ચાર, સંદર્ભ કસોટીઓ લઈને ખામીઓ પ્રત્યે સુધારણા થઈ શકે. લેખિત અભિવ્યક્તિ વિકસાવવા માટેના પ્રયાસો પણ કરવાં જોઈએ.

(13) **ગુજરાતી ભાષા શિક્ષણનું ગૌરવ** - પોતાનું ગૌરવ પોતે જ વધારી શકે. તે ઉક્તિ અનુસાર ગુજરાતી ભાષાશિક્ષકે જ ગૌરવ ઊભું કરવા માટેના પ્રયાસો હાથ ધરવા જોઈએ. જે ભાષા સર્વેશિક્ષણનો પાયો છે. તેના શિક્ષણમાં ગુરુતા ભાવ જ હોવો જોઈએ. આ માટે ભાષાશિક્ષકે સજ્જતા કેળવવી પડશે. આ માટે ભાષા સજ્જતા માટેના વર્ગો, સેમિનારોમાં જઈ પોતાની શિક્ષક તરીકેની સજ્જતામાં ખૂટતાં સમીકરણો ઉમેરીને એક સજ્જ શિક્ષક બનવું પડશે.

શાળાના અન્ય શિક્ષકોના શિક્ષણ કાર્યમાં પણ ભાષાનું મહત્ત્વ કહેલું છે. તેની સમજ આપી દરેક શિક્ષક ભાષા પ્રત્યે ઓરમાયું વલણ ન કેળવે તે માટે આચાર્યે સજાગતા કેળવવી પડશે. શબ્દસંકલ્પનાઓ સમજાવવામાં ભાષાની મહત્તાનો ખ્યાલ આપવો પડશે.

ઉપર્યુક્ત ઉપાયો તો ફક્ત નિર્દેશ છે. આ નિર્દેશો તરફ સમગ્ર શાળાના શિક્ષકો - આચાર્ય સકારાત્મક ભૂમિકા ભજવે તો જ ગુજરાતી ભાષાની અસ્મિતા જળવાશે અને તેનું ગૌરવ વધશે. સૌ આચાર્યો અને શિક્ષકોને સાદ પાડીને કહીએ કે, આપણી માતૃભાષાનું ગૌરવ જાળવવા ચાલો સૌ જંગ માંડીએ.

## 3.6 તમારી પ્રગતિ ચકાસો

નીચેના પ્રશ્નોના ઉત્તરો આપેલી ખાલી જગ્યામાં લખો. પછી પાછળ આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો ચકાસો.

**1. માતૃભાષાની કોઈપણ એક વ્યાખ્યા લખો.**

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

**2. માણસના જીવનવિકાસમાં માતૃભાષાના ફાળા વિશે પાંચ વાક્યો લખો.**

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

**3. વિદ્યાર્થીના સંદર્ભમાં શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોવા અંગેના પાંચ કારણો જણાવો.**

..................................................................
..................................................................
..................................................................
..................................................................

.................................................................

.................................................................

**4. ''માતૃભાષા સાંસ્કૃતિક વારસાની ચાવી છે.'' વિધાનની તરફેણમાં પાંચ મુદ્દા લખો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**5. માતૃભાષાની ઉપેક્ષાનાં અગત્યનાં ત્રણ કારણો જણાવો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**6. માતૃભાષાની ઉપેક્ષા દૂર કરવાનાં ચાર સૂચના આપો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 3.7 સારાંશ

માનવજાતની ઓળખ ભાષા દ્વારા આગવી રીતે થાય છે પણ તેમાં તેની પ્રથમભાષા - માતૃભાષા તેના શ્વાસ સાથે જ અનુભવવાની ભાષા છે. માતૃભાષા એટલે માતા તરફથી મળેલી ભેટ, જન્મભૂમિ તરફથી મળતી ભેટ, ઉછેરભૂમિની ભેટ, હૃદયના ભાવોની અભિવ્યક્તિ, સ્વઅસ્તિત્વની ઓળખ વ્યાવહારિક જીવનને સ્પર્શતી ભાષા એટલે માતૃભાષા. માતૃભાષા માનવજીવનમાં અને તેની સફળતામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. માતૃભાષા એ પ્રત્યાયનનું માધ્યમ છે. તે સંસ્કાર વારસાની ચાવી છે. માતૃભાષા દ્વારા માનસિક વિકાસ અને ઘડતર શક્ય બને છે. માતૃભાષા વડે જ દુનિયાનો પરિચય કરી શકાય છે. માતૃભાષા થકી જ સર્વે વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં સહજતા અને સરળતા રહે છે. આથી શિક્ષણમાં માતૃભાષાનું આગવું અને વિશેષ સ્થાન છે. માતૃભાષા પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ અભ્યાસમાં પણ અમુક સ્તર સુધી ફરજિયાત સ્થાન પામે છે.

માતૃભાષાના શિક્ષણનું આગવું સ્થાન અને તેની આગવી ઓળખ હોવા છતાં તેનું શાળામાં ધોરણ કથળતું જાય છે. માતૃભાષાના શિક્ષણનું દિનપ્રતિદિન સ્તર નિમ્ન થતું જાય છે. તેમાં શિક્ષકોની ઉપેક્ષા, સહેલા વિષય છે તેવી માન્યતા, અન્ય વિષયોના શિક્ષક દ્વારા અપાતું શિક્ષણ, માતૃભાષા શિક્ષણની અયોગ્ય પદ્ધતિ, અયોગ્ય અભિગમ, શૈક્ષણિક સાધનોનો અનુપયોગ, શિક્ષકોની પૂર્વતૈયારીઓનો અભાવ, વાચનાલય-પુસ્તકાલયની સુવિધાનો અભાવ, સર્જનાત્મક પ્રવૃત્તિઓના આયોજનનો અભાવ, ભાષાશિક્ષકો પ્રત્યે ઉપેક્ષાનો ભાવ, વિદ્યાર્થીઓની વિશેષ સંખ્યા જેવા કારણો

જવાબદાર છે.

માતૃભાષાની ઉપેક્ષાને દૂર કરવા તેનાં કારણોનો ખ્યાલ મેળવી તેના ઉપાયો માત્ર વિચારણા જ નહિ પણ તેના અમલીકરણની ખાસ જરૂર છે. માતૃભાષાના પ્રશિક્ષણ પામેલા શિક્ષકો મારફતે જ માતૃભાષાનું શિક્ષણ અપાય. દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો યોગ્ય ઉપયોગ થાય, આચાર્ય અને અન્ય વિષય શિક્ષકો પણ માતૃભાષાનું મહત્ત્વ સમજી તેના વિકાસમાં યોગ્ય સહકાર આપે, શિક્ષિત વાલીઓ પણ તેમાં જોડાય, ભાષાશુદ્ધિનો આગ્રહ રખાય, પુસ્તકાલય અને વાચનાલયની સુવિધા થાય, શિક્ષકો સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ વધારે તો, માતૃભાષા શિક્ષણની અસરકારકતા વધે તેમજ માતૃભાષા શિક્ષણના માધ્યમ તરીકે પણ ઉપકારક બની રહે.

આપણે સૌએ માતૃભાષાનું મહત્ત્વ, ગૌરવની ચર્ચાને સમજવી જોઈએ. માતૃભાષા અન્ય વિષયોની આધારશિલા છે તે વાત ગળે ઊતરી હોય તો, માતૃભાષા અભિવ્યક્તિ અને પ્રત્યાયનનું સરળ અને સહજ સાધન છે તેવું માનતા હોઈએ તો, આપણા સૌની એટલે કે શિક્ષકો, વાલીઓ અને સમાજના સર્વે સભ્યોની ફરજ થઈ પડે છે કે માતૃભાષાનું શિક્ષણ સઘન બને તેવા સંનિષ્ઠ પ્રયાસો કરીએ અને તે સાથે જ માતૃભાષાનું ગૌરવ અને માહાત્મ્ય વધારીએ.

## 3.8 સ્વાધ્યાય

1. માતૃભાષાની કોઈપણ બે પરિભાષા સ્પષ્ટ કરી તેની સંકલ્પના સમજાવો.
2. માતૃભાષાનું ગૌરવ વ્યક્ત કરતાં વિદ્વાનોના મંતવ્યોની ચર્ચા કરી તમારી દૃષ્ટિએ તે સંદર્ભમાં મૌખિક વિચારો જણાવો.
3. ''જીવનવિકાસમાં માતૃભાષાનો ફાળો આગવો છે''વિધાન ચર્ચો.
4. ''શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા જ હોવી જોઈએ'' તમારા મંતવ્યો જણાવો.
5. માતૃભાષાના ઉપયોગનાં કારણો વિગતે જણાવો.
6. માતૃભાષાની ઉપેક્ષા દૂર કરવાના ઉપાયોની ચર્ચા કરો.
7. માતૃભાષાના વિકાસમાં સમાજ અને તેની સંસ્થાઓ શો ફાળો આપી શકે ?

## 3.9 ચર્ચા માટેના મુદ્દાઓ

1. ''દરેક શિક્ષક સૌ પ્રથમ માતૃભાષાનો શિક્ષકોને પણ અન્ય વિષયનો'' પ્રસ્તુત વિધાનનું સમર્થન કરતાં મુદ્દાઓની વિગતે ચર્ચા કરો.
2. ''માતૃભાષાના શિક્ષણની જવાબદારી માતૃભાષા શિક્ષકની જ છે.'' આ વિધાનના સંદર્ભે તમારા મંતવ્યો દલીલો સાથે રજૂ કરો.
3. વર્તમાન વ્યવસ્થાએ જ માતૃભાષાનું શિક્ષણ નિમ્ન કક્ષાનું બનાવ્યું છે વિધાનની યોગ્ય યોગ્યતાની ચર્ચા કરો.
4. શિક્ષણનાં કથળતાં જતાં ધોરણો માટે શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા જ જવાબદાર છે. પ્રસ્તૃત વિધાનની સમીક્ષા કરો.
5. માતૃભાષાના શિક્ષણની અસરકારકતા વધારવા શું કરી શકાય તે સંદર્ભે તમારે વાર્તાલાપ આપવાનો છે. વાર્તાલાપ નોંધ તૈયાર કરો.

## 3.10 કેટલાક ઉપયોગી પુસ્તકો


1. દેસાઈ, નાનુભાઈ અને કવિ કાલિદાસ - માતૃભાષાનું શિક્ષણ, પ્રથમ આવૃત્તિ મુંબઈ, લોંગ જોન્સ, ગ્રીન એન્ડનું લિમિટેડ - 1944
2. ત્રિવેદી આર. એસ. - માતૃભાષાનું અધ્યાપન, પ્રથમ આવૃત્તિ રવાણી પ્રકાશનગૃહ અમદાવા માર્ચ 1955

3. જોષી કનૈયાલાલ - ગુજરાતી અધ્યાપનના સાંપ્રત પ્રવાહો, બાલગોવિંદપ્રકાશન, પ્રથમ આવૃત્તિ, 1972
4. P. Gurry : Teaching of Meother Tongue in Secondary Schools, Longman's and Co. Bombay, 1960
5. Wim Rubun : Suggestions for the teaching of the mother tongue in India, Oxford unipress, Madras, 1943

## 3.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. જુઓ3.2

2. જુઓ 3.3

3. જુઓ 3.4.1

4. જુઓ 3.4.3

5. જુઓ 3.5.1

6. જુઓ 3.5.2

એકમ 4

# માતૃભાષા શિક્ષણના હેતુઓ

## : રૂપરેખા :


4.0 ઉદ્દેશો

4.1 પ્રસ્તાવના

4.2 શૈક્ષણિક હેતુની સંકલ્પના

4.3 શૈક્ષણિક હેતુઓનું મહત્ત્વ

4.4 શિક્ષણના ધ્યેયો અને શિક્ષણના હેતુઓ

4.5 શૈક્ષણિક હેતુઓના પ્રકાર વર્ગીકરણ

4.5.1 જ્ઞાનાત્મક હેતુઓ

4.5.2 ભાવાત્મક હેતુઓ

4.5.3 ક્રિયાત્મક હેતુઓ

4.6 શૈક્ષણિક હેતુઓ : વર્ગશિક્ષણના સંદર્ભમાં

4.6.1 સામાન્ય હેતુઓ

4.6.2 વિશિષ્ટ હેતુઓ

4.6.3 સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓ : તફાવત

4.6.4 સામાન્ય હેતુઓ અનુસંધાને વિશિષ્ટ હેતુઓ

4.6.5 વર્તનપરિવર્તન-અપેક્ષિત વર્તન પરિવર્તનના સંદર્ભમાં વિશિષ્ટ હેતુઓ

4.6.6 સંરચિત હેતુઓની રચના માટે ધ્યાનમાં લેવાની બાબતો

4.7 તમારી પ્રગતિ ચકાસો

4.8 સારાંશ

4.9 સ્વાધ્યાય

4.10 ચર્ચા માટેના મુદ્દાઓ

4.11 ચાવીરૂપ શબ્દો

4.12 કેટલાંક ઉપયોગી પુસ્તકો

4.13 તમારી પ્રગતિના ચકાસોના જવાબો


### 4.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે

1. એકમનો પરિચય મેળવી શકશો.
2. શૈક્ષણિક હેતુઓની સંકલ્પના સમજી શકશો.
3. શૈક્ષણિક હેતુઓનું મહત્ત્વ સમજી શકશો.
4. શિક્ષણના ધ્યેયો અને હેતુઓ વચ્ચેનો તફાવત જાણી શકશો.
5. શૈક્ષણિક હેતુના પ્રકારની માહિતી મેળવી શકશો.
6. માતૃભાષાના સામાન્ય હેતુઓ વિશે જાણી શકશો.

7. માતૃભાષાના વિશિષ્ટ હેતુઓ સમજી શકશો.

8. માતૃભાષાના સામાન્ય હેતુઓ પરથી વિશિષ્ટ હેતુઓની રચના વિશે સ્પષ્ટ થશો.

9. માતૃભાષાના સંરચિત હેતુઓ સંદર્ભે સમજી શકશો.

## 4.1 પ્રસ્તાવના

માનવ કોઈપણ કાર્ય કરે તો તે કાર્ય શા માટે કરવાનું છે ? તેની વિચારણા કર્યા પછી જ તે કાર્ય કરતો હોય છે. આ ઉપરથી કહી શકાય કે માણસનું કોઈપણ કાર્ય હેતુપૂર્વકનું હોય છે. દા.ત. કોઈ વ્યક્તિ પ્રવાસે જાય છે. તો તેની પાછળ તે આનંદ કરવા માટે, નવાં સ્થળો જોવા-જાણવા માટે સ્થળે આવેલી ધાર્મિક, ઐતિહાસિક, રાજકીય, સામાજિક ઈમારતો જોવા માટે, નવા વાતાવરણમાં રહેવા માટે, નવા વ્યક્તિઓને મળવા માટે જેવા હેતુઓ સાથે પ્રવાસ કરે છે.

આપણે અધ્યેતાઓને માતૃભાષાનું શિક્ષણ આપીએ છીએ. આ શિક્ષણ શા માટે આપીએ છીએ ? આ શિક્ષણ દ્વારા કઈ સિદ્ધિઓ પ્રાપ્ત કરવા ઈચ્છીએ છીએ ? આ શિક્ષણ દ્વારા કયા પરિણામો મેળવવા માગીએ છીએ ? આ સઘળા પ્રશ્નોના જવાબો એટલે માતૃભાષાના હેતુઓ, માતૃભાષાના શિક્ષણને ફળદાયી બનાવવું હોય તો સૌ પ્રથમ ઉપરોક્ત પ્રશ્નોની વિચારણા કરીને હેતુઓ નક્કી કરવા અનિવાર્ય છે. કારણ હેતુવિહીન શિક્ષણના યોગ્ય પરિણામો મેળવવા મુશ્કેલ છે. કારણ હેતુ વિનાનું શિક્ષણ કાર્ય લક્ષ્ય નક્કી ન હોવાને કારણે ક્યાં લઈ શકે તે અંગે કંઈ કરી શકાય નહિ.

## 4.2 શૈક્ષણિક હેતુની સંકલ્પના

માતૃભાષા શિક્ષણના અંતે તમે કઈ સિદ્ધિઓ પ્રાપ્ત કરવા ઈચ્છીએ છીએ તે સિદ્ધિઓ, પરિણામો, લાભો અને અપેક્ષાઓને માતૃભાષા શિક્ષણના હેતુઓ કહેવાય.

- N.C.E.R.Tના વિધાન મુજબ, હેતુ એવું બિંદુ છે કે જેની દિશામાં કાર્ય કરવામાં આવે છે અથવા હેતુ એવું વ્યવસ્થિત પરિવર્તન છે જે ક્રિયા દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.
- પ્રસ્તુત વ્યાખ્યામાં ત્રણ પરિમાણો મૂકવામાં આવ્યા છે.(1) હેતુ (લક્ષ્ય-ધ્યેય) માટેની ક્રિયાની દિશા (2) ક્રિયા (3) ક્રિયાથી આવનાર પરિવર્તન એટલે કેહેતુ નક્કી કરવા, તે હેતુને સિદ્ધ કરવા ક્રિયાની દિશા-પદ્ધતિ-પ્રયુક્તિ નક્કી કરવી, ક્રિયા નક્કી થયા બાદ તે પ્રમાણે ક્રિયા કરવી અને તે ક્રિયાથી આપણે જે પરિવર્તન ઈચ્છ્યું હતું તે આવ્યું કે નહિ તે જોવું.
- વર્તમાન હેતુલક્ષી અને મૂલ્યાંકનલક્ષી શિક્ષણની સંકલ્પના ડૉ. બેન્જામિન બ્લૂમની વિચારસરણીમાંથી અસ્તિત્વમાં આવેલી છે. ડૉ. બ્લૂમના વિચારો પ્રમાણે વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન પરિવર્તનો લાવવાનું કાર્ય શિક્ષણનું છે. વિષયશિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં જે પરિવર્તનો લાવવા ઈચ્છીએ છીએ તે વિષયશિક્ષણના હેતુઓ બને છે.
- હેતુ એટલે વિદ્યાર્થી સફળતાપૂર્વક અધ્યયન અનુભવો પૂર્ણ કરે ત્યારે શું શું કરી શકશે તે દર્શાવતું વિધાન.
- શિક્ષણકાર્યના અંતે વિદ્યાર્થીઓમાં કયા કયા ઈચ્છનીય પરિવર્તનો આવશે તે દર્શાવતા વિધાનો.
- શિક્ષણકાર્યને અંતે પ્રાપ્ત કરવા ધારેલાં પરિણામો દર્શાવતાં વિધાનો.
- શિક્ષણકાર્યનું અપેક્ષિત પરિણામ દર્શાવતાં વિધાનો.
- માતૃભાષા શિક્ષણને અંતે અધ્યેતામાં આવતાં ભાષાલક્ષી વર્તન ફેરફારોને દર્શાવતાં વિધાનો.
- હેતુ નિર્ધારણમાંN.C.E.R.Tની વ્યાખ્યામાંથી ફલિત થતા ત્રણ પરિણામો ઉપરાંત વિષયનું સ્વરૂપ, બાળકના શારીરિક-માનસિક વિકાસની કક્ષા, સમાજ અને રાષ્ટ્રની જરૂરિયાતો અને હેતુ સિદ્ધિની વ્યાવહારિક સાધ્યતાનો વિચાર કરવો પડે છે. આ દૃષ્ટિએ હેતુઓ જડ નહિ પણ પરિવર્તનશીલ અને વિકાસશીલ હોય છે. હેતુઓ વ્યવહારુ અને ફળીભૂત થાય તેવા ઊધ્વગામી હોય છે.

## 4.3 શૈક્ષણિક હેતુઓનું મહત્ત્વ

શિક્ષણમાં શૈક્ષણિક હેતુઓનું ઘણું મહત્ત્વ છે. શૈક્ષણિક હેતુઓ શિક્ષણની પ્રક્રિયાનું આરંભ બિંદુ છે. શૈક્ષણિક હેતુ સંરચના કરવાથી,

- શિક્ષણ પદ્ધતિની પસંદગીનો અવકાશ રહે છે - શિક્ષણની અનેક પદ્ધતિઓ છે. તે પદ્ધતિમાંથી કઈ પદ્ધતિથી એક શીખવવો જોઈએ તે હેતુસંરચનાથી ખ્યાલ આવે છે. એકમને અંતે કઈ સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે તે હેતુ નક્કી થાય તો જ ખ્યાલ આવે અને તેના આધારે પદ્ધતિની પસંદગી થઈ શકે.
- શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે વિચારી શકાય છે - શિક્ષક વર્ગમાં જ્યારે શિક્ષણકાર્ય કરે છે ત્યારે તેણે વર્ગવ્યવહાર કેવી રીતે તૈયારી કરવી અને વર્ગમાં જઈને શું કરવું ? તે અંગેની વિચારણા હેતુસંરચના કરવાથી આવે છે. તે ઉપરાંત વિદ્યાર્થીઓને વર્ગમાં કઈ કઈ પ્રવૃત્તિઓ કરાવવી જોઈએ અને વર્ગ બહાર કઈ પ્રવૃત્તિમાં જોડવા જોઈએ તે પણ નક્કી કરી શકાય છે.
- શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે ખ્યાલ આવે છે. વર્ગમાં પદ્ધતિઓ ઉપરાંત કેટલીક પ્રયુક્તિઓનો પણ ઉપયોગ કરવાનો હોય છે. દા.ત. વાચન, પ્રયુક્તિ, જ્ઞાનપ્રયુક્તિ, પઠનપ્રયુક્તિ વગેરે. હેતુઓ નક્કી થયેલા હોય તો કઈ કઈ પ્રયુક્તિઓ એકમમાં થઈ શકશે ? કરાવી શકાશે ? વગેરે વાતનો ખ્યાલ આપે છે.
- શૈક્ષણિક સંદર્ભ સામગ્રીની પસંદગી કરી શકાય છે. - વર્ગશિક્ષણમાં અસરકારક શિક્ષણકાર્ય માટે શૈક્ષણિક સાધનોનો ઉપયોગ આવશ્યક છે. એકમને અનુરૂપ શૈક્ષણિક સાધનોની પસંદગી કરી તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય, તેમાંથી કયા અને કેવા પ્રશ્નો પૂછી શકાય વગેરે બાબતો અંગે વિચારણા થઈ શકે છે.
- સમગ્ર શિક્ષણ પ્રક્રિયાનું નિયમન કરી શકાય છે. - વર્ગમાં  જઈને શું શું કરવાનું છે ? અને શું નથી કરવાનું ? આ બંને વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ હોવી જોઈએ. જો હેતુ અંગે સ્પષ્ટતા હોય તો તે અંગે પણ વિચારણા કરીને જે નથી કરવાનું તેની ઉપર નિયમન કરી શકાય છે. જે કરવાનું છે તે કેવી રીતે કરવું ? ક્યારે કરવું ? તે માટે કયું સાધન, પદ્ધતિ કે પ્રયુક્તિ વાપરવી તે અંગે પણ નક્કી કરી શકાય છે. આમ, શિક્ષણકાર્યને ચોક્કસ દિશા આપવામાં તે ઉપયોગી બને છે. સાથોસાથ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીમાં કયા વર્તન પરિવર્તનો લાવવાનાં છે તે તરફ કાર્ય કરવામાં ધ્યાન આપી શકાય છે.
- વર્તનપરિવર્તનલક્ષી કે સુધારાલક્ષી શિક્ષણ અંગેવિચારણા અને અમલ માટે જરૂરી છે. - શિક્ષણ ફક્ત વિષયવસ્તુ કેન્દ્રી કે પાઠ્યપુસ્તકેન્દ્રી ન બની રહે પણ અધ્યેતાકેન્દ્રી બને, અધ્યેતાના વર્તનમાં પરિવર્તન લાવનારું બને, અધ્યેતાની ખામીઓ સુધારનારું બને તે માટેના શિક્ષણ માટે હેતુ સંરચના ઉપયોગી છે.
- મૂલ્યાંકન માટે - શિક્ષણના અંતે કઈ નીપજ પ્રાપ્ત થઈ, કયા પરિણામો પ્રાપ્ત થયા, સંરચિત હેતુમાંથી કયા હેતુ સિદ્ધ થયા વગેરે માટે વિદ્યાર્થીઓનું પરીક્ષણ કે મૂલ્યાંકન કરવું જરૂરી છે. જો શૈક્ષણિક હેતુઓ રચાયેલા હોય તો તેના સંદર્ભમાં શિક્ષણકાર્યની સરળતા, અધ્યયન-અધ્યાપન ક્રિયાની ગુણવત્તા અને વિદ્યાર્થીઓએ મેળવેલી સિદ્ધિ અંગે મૂલ્યાંકન થઈ શકે છે. આ ઉપરાંત મૂલ્યાંકન માટેના પ્રશ્નો, પ્રવિધિ-પ્રયુક્તિ અને મૂલ્યાંકન સાધનનો પણ ખ્યાલ મેળવી શકાય છે.

આમ, શૈક્ષણિક હેતુઓ શિક્ષણનાં આયોજન, અમલ, મૂલ્યાંકન અને સુધારણા માટે મહત્ત્વનાં છે. તેથી શિક્ષણનો આરંભ કરતાં પહેલાં શિક્ષણકાર્ય અંગેના હેતુઓ સુનિશ્ચિત કરવા જોઈએ.

## 4.4 શિક્ષણના ધ્યેયો અને શિક્ષણના હેતુઓ

શિક્ષણના ધ્યેયો અને શિક્ષણના હેતુઓ વચ્ચે તફાવત રહેલો છે જે નીચેના મુદ્દાઓને આધારે ખ્યાલ આવશે.

**શૈક્ષણિક ધ્યેયો(Aims)**

1. સમગ્ર શિક્ષણ સાથે સંબંધિત છે. વિષયના સંદર્ભે પણ ધ્યેયો નક્કી થાય છે. દા.ત. રાષ્ટ્રીય એકતા, સાંસ્કૃતિક વારસો, નૈતિકતા, નાગરિકતા વગેરે.
2. સૈદ્ધાંતિક, વ્યાપક અને અંતિમ સ્વરૂપના હોય છે.
3. વિષયના સમગ્ર શિક્ષણ વ્યવહારને અંતે સિદ્ધ થાય પણ ખરા અને ન પણ થાય. સિદ્ધિની માત્રામાં સાપેક્ષતા હોઈ શકે.
4. સઘન, સતત અને વ્યવસ્થિત પરિશ્રમ સિવાય સિદ્ધિ મળતી નથી.
5. ધ્યેયો મૂલ્યાંકનક્ષમ હોતા નથી. તેથી મૂલ્યાંકન પ્રયુક્તિ અંગે મૂંઝવણ રહે છે અને સિદ્ધિનું માપન થતું નથી.
6. ધ્યેયો કાર્ય માટે દિશાસૂચક છે.
7. નાગરિક ઘડતર માટે ઉપયોગી છે.
8. ધ્યેયો સામાજિક વિકાસ, મૂલ્યવિકાસ, વલણ વર્તન વિકાસ તરફ પ્રયાણ કરે છે.
9. ધ્યેયોનો આધાર સમાજ અને ફિલસૂફી છે.

**શૈક્ષણિક હેતુઓ (Objectives)**

1. વિષયના શિક્ષણ સાથે સંબંધિત છે. દા.ત. જ્ઞાનાત્મક હેતુઓ, ભાવાત્મક હેતુઓ, ક્રિયાત્મક હેતુઓ.
2. વિષયલક્ષી અને વિકાસલક્ષી સ્વરૂપના હોય છે.
3. ખૂબ જ લાંબા ગાળે સિદ્ધ થાય છે. વિશિષ્ટ હેતુઓની સિદ્ધિ વડે એક સામાન્ય હેતુ સિદ્ધ થાય. જે શિક્ષણના કોઈ એક તબક્કે સિદ્ધ થાય.
4. સઘન, સતત અને વ્યવસ્થિત પરિશ્રમયુક્ત શૈક્ષણિક કાર્ય દ્વારા જ સિદ્ધિ મેળવી શકાય છે.
5. હેતુઓને મૂલ્યાંકનક્ષમ બનાવી શકાય છે. તેથી મૂલ્યાંકન પ્રવિધિનો પણ ખ્યાલ આવે છે અને સિદ્ધિનું મૂલ્યાંકન-માપન વ્યવસ્થિત કરી શકાય છે.
6. હેતુઓ પણ કાર્ય માટે દિશાસૂચક છે.
7. વ્યક્તિનું વિષયના સંદર્ભમાં ઘડતર કરી શકાય છે. તેના દ્વારા તેનામાં સદ્ગુણો અને સદ્મૂલ્યો પણ વિકસાવી શકાય છે.
8. શિક્ષણના હેતુઓ અંતે તો શિક્ષણના ધ્યેયો પ્રતિ જ પ્રયાણ કરતા હોવાથી તે પણ તેના સંદર્ભમાં જ વિચારી શકાય.
9. શિક્ષણના હેતુઓનો આધાર વિષય, ધોરણ અને વિષયાંગ છે.

### 4.5 શૈક્ષણિક હેતુઓના પ્રકાર : વર્ગીકરણ

શૈક્ષણિક હેતુઓ એટલે વિષયના સંદર્ભમાં પ્રાપ્ત કરવા ધારેલ સિદ્ધિઓ-પરિણામો-લાભો-ફાયદાઓ કે અપેક્ષાઓ અને મનોવૈજ્ઞાનિક વિદ્વાનોએ કાર્ય કરેલ છે. ખૂબ જ પ્રચલિત એવું વર્ગીકરણ બેન્જામીન બ્લૂમ અને તેના સાથીદારોએ આપેલ છે. તેમણે વિવિધ પ્રકારના વર્તનને આધારે વર્ગીકરણ કરેલ છે.

| | |
|---|---|
| | જ્ઞાનાત્મક હેતુઓ |
| શૈક્ષણિક હેતુઓ | ભાવાત્મક |
| | ક્રિયાત્મક (મનોશારીરિક) |

#### 4.5.1 જ્ઞાનાત્મક હેતુઓ

જ્ઞાનાત્મક હેતુઓમાં જ્ઞાન કે માહિતી મેળવવી, જ્ઞાનની સમજ મેળવવી, જ્ઞાનનો ઉપયોગ કરવો,

જ્ઞાન કે માહિતીનું વિશ્લેષણ કે સંશ્લેષણ કરવું અને મૂલ્યાંકન કરવું જેવા હેતુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**(1) જ્ઞાનપ્રાપ્તિ :**

જ્ઞાનપ્રાપ્તિ એટલે હકીકતો, વિગતો જાણવી, યાદ કરવી કે યાદ રાખવી એટલે જ્ઞાન ધરાવવું. જ્ઞાનનો સીધો સંબંધ સ્મૃતિ સાથે છે. આમાં ચોક્કસ પ્રકારના તથ્યો, આંકડાઓ, સિદ્ધાંતો, નિયમો, વ્યાખ્યાઓને યાદ રાખવાનું સમાવિષ્ટ થાય છે. મહત્ત્વનું એ છે કે જે સામગ્રી યાદ કરવાનું કહેવામાં આવે કે જરૂર પડે તે જ સામગ્રી યાદ આવવી જોઈએ. જ્ઞાનપ્રાપ્તિના હેતુ સૌથી નિમ્નસ્તરે આવે છે. જ્ઞાનપ્રાપ્તિના હેતુ પર સમજના હેતુનો આધાર રહેલો છે. જ્ઞાનને લગતા હેતુઓ રચવા માટે વ્યાખ્યાયિત કરે, વર્ણન કરે, ઓળખાવે, નામ આપે, યાદી બનાવે, જોડકા જોડે, રૂપરેખા આપે,યથાવત્ રજૂ કરે, જણાવે, યાદ કરે, આપેલા વિકલ્પમાંથી પસંદગી કરે જેવા ક્રિયાપદો વાપરવા જોઈએ.

**(2) જ્ઞાનની સમજ : (અર્થગ્રહણ)**

આપેલા વિષયવસ્તુના અર્થને પામવાની શક્તિ એટલે અર્થગ્રહણ કે સમજ. આ ક્ષમતાની અભિવ્યક્તિ ભાષાંતર દ્વારા કરેલ સામગ્રીનું અર્થઘટન કે સ્પષ્ટીકરણ રજૂ કરવાથી કે સામગ્રીના આધારે કાર્ય કારણની આગાહી કરવાથી થાય છે. આ પ્રકારની અધ્યયન નીપજ માત્ર યાદ કરવું કે સ્મૃતિમાં લાવવું એક પગલું આગળ છે. જ્ઞાનની સમજનો આધાર જ્ઞાન પર રહેલો છે. જેની પાસે જ્ઞાન વધારે હોય તો સમજ પ્રાપ્ત કરી શકે. સમજના હેતુ પર ઉપયોજનના હેતુનો આધાર રહેલો છે. આ હેતુ દ્વિતીય સ્તરનો છે.

- અર્થગ્રહણ-સમજને લગતા હેતુઓ રચવા માટે તફાવત આપે, અનુમાન કરે, ઉદાહરણ આપે, સારાંશ રજૂ કરે, રૂપાંતર કરે, ભાષાંતર કરે, કારણો આપે, સ્પષ્ટીકરણ આપે, સ્પષ્ટ કરે, સમજાવે, અટકળ કરે, સામાન્યીકરણ કરે જેવા ક્રિયાપદો વાપરવાં જોઈએ.

**(3) ઉપયોજન**

ઉપયોજન એટલે મેળવેલા જ્ઞાનનો તદ્દન નૂતન અને નિશ્ચિત કે અનિશ્ચિત પરિસ્થિતિમાં ઉપયોગ કરવાની શક્તિ-સામર્થ્ય કે ક્ષમતા. આ ક્ષમતાની અભિવ્યક્તિ નિયમો, સિદ્ધાંતો, રહસ્યો વિશે જ્ઞાન મેળવ્યા પછી તેનું નવી પરિસ્થિતિમાં અમલીકરણ કરવાથી થાય છે. દા.ત. ઉપમા અલંકારના નિયમો શીખ્યા પછી કેટલાંક વાક્યો કે પંક્તિઓમાંથી તે અલંકાર ઓળખી બતાવે. આ પ્રકારની અધ્યયન નીપજ માત્ર યાદ રાખવું કે સમજવું એક પગલું આગળ છે. ઉપયોજનનો આધાર જ્ઞાન અને તેની સમજ પર રહેલો છે. જ્ઞાન હોય પણ તે જ્ઞાનની સમજ ન હોય તો તેનું ઉપયોજન થઈ શકતું નથી. દા.ત. કોઈ વિદ્યાર્થીએ છંદ વિશે જ્ઞાન મેળવ્યું હોય અને તે જ્ઞાનને ગોખીને યાદ રાખ્યું હોય પણ તેની યોગ્ય અને વિશેષ સમજ મેળવેલી ન હોય તો તે વિદ્યાર્થી છંદ ઓળખાવી શકશે નહિ.આમ કહી શકાય કે જ્ઞાન હોય અને તેની સમજ હોય તો જ્ઞાનનું ઉપયોજન-ઉપયોગ કરી શકે. એટલે કે ઉપયોજનનો આધાર જ્ઞાન અને તેની સમજ બને છે. આ હેતુ તૃતીય સ્તરનો છે.

- ઉપયોજન-ઉપયોગને લગતા હેતુઓ રચવા માટે ઉકેલ આપે, ગણતરી કરે, પરિવર્તન કરે, નિદર્શન કરે, શોધી કાઢે, ઉપયોગક્ષમ બનાવે, સુધારો કરે, નિયમ, સાધન કે સૂત્રનો ઉપયોગ કરે, તૈયાર કરે, સંબંધ સ્થાપિત કરે, નવસર્જન કરે જેવા ક્રિયાપદો વાપરવાં જોઈએ.

**(4) વિશ્લેષણ :**

વિશ્લેષણ કરવું એટલે છૂટું પાડવું-જુદું પાડવું, વિભાજિત કરવું. મેળવેલા જ્ઞાનને-સમજીને તેના ઘટક તત્ત્વોમાં વિભાજિત કરવાનું સામર્થ્ય એટલે વિશ્લેષણ. જ્ઞાન કે માહિતીને નાના નાના અંશોમાં, યોગ્ય મુદ્દાઓમાં વિભાજન કરવું એટલે વિશ્લેષણ. જ્યારે બે પાત્રો વચ્ચે રહેલી સમાનતાઓ અને અસમાનતા તારવે. કોઈક નિયમ કે સિદ્ધાંતને આધારે વર્ગીકરણ કરવામાં આવે ત્યારે વિશ્લેષણ કર્યું કહેવાય.

- વિભાજન-જુદું પાડવું-છૂટું પાડવું વગેરે ક્રિયા કરવાથી જે-તે વિષયસામગ્રીનું સુગઠિત માળખું સુપેરે સમજી શકાય છે. અહીં સામગ્રીના વિભાગોની ઓળખ, વિભિન્ન વિભાગો વચ્ચેના સંબંધનું વિશ્લેષણ અને સામગ્રીના બંધારણને નિશ્ચિત કરતા સિદ્ધાંતોની જાણકારીનો સમાવેશ થાય છે. વિશ્લેષણની શ્રેણીમાં આવતી અધ્યયન નીપજ અર્થગ્રહણ અને ઉપયોજન કરતા ઉચ્ચ બૌદ્ધિક સ્તરની હોય છે. કારણ અહીં સામગ્રીના વિષયવસ્તુ અને તેના બંધારણને નિશ્ચિત કરતાં સ્વરૂપગત નિયમોની સમજ જરૂરી બને છે. આ હેતુ ચતુર્થ છે.
- વિશ્લેષણને લગતા હેતુ રચવા માટે વિભાગીકરણ કરે, ભેદ પારખે, તારણો તારવે, રૂપરેખા તૈયાર કરે, સંબંધો દર્શાવે, ઉદાહરણો દ્વારા સ્પષ્ટ કરે, આકૃતિ-આલેખ દ્વારા સમજાવે, મુદ્દા દર્શાવે, જુદું પાડે, વિભાજન કરે, પેટા મુદ્દા પાડે, છૂટું પાડે જેવા ક્રિયાપદો વાપરવા જોઈએ.

**(5) સંશ્લેષણ**

જુદી જુદી અને છૂટી છૂટી માહિતીનું સંયોજન કરીને નવા વિચારોકે નવી માહિતીનું સર્જન કરવું એટલે સંશ્લેષણ કરવું. વિવિધ અંગો કે વિભાગો તે જોડીને નવા સ્વરૂપનું સંગઠન રચવાની શક્તિ એટલે સંશ્લેષણ. આમાં અનન્ય એવું વક્તવ્ય કહેવાના સર્જનનો પણ સમાવેશ થાય છે. તદ્ઉપરાંત વિવિધ ક્રિયાઓનું સંયોજન કરીને યોજના ઘડવી. દા.ત. (પાઠ્યયોજના) તથા માહિતીના વર્ગીકરણ માટે અમૂર્ત સંબંધોના વિભાગો રચવાનો પણ સમાવેશ થાય છે. આ શ્રેણીમાંની અધ્યયન નીપજ સર્જનાત્મક વર્તનને સ્પર્શે છે. આમાં મુખ્ય મુદ્દો નવી તરાહો અને માળખાની રચના પર છે.

- સંશ્લેષણનો આધાર જ્ઞાન, સમજ, ઉપયોગ, વિશ્લેષણ જેવી જ્ઞાનાત્મક ક્ષેત્રની પ્રક્રિયાઓ ઉપરની નિપુણતા પર છે. ઉપલબ્ધ વિચારો કે માહિતીને આધારે નવા વિચારો કે નવી માહિતીનું સર્જન કરવું એ પ્રમાણમાં કઠિન જ્ઞાનાત્મક પ્રક્રિયા છે. ભાષામાં તો વિદ્યાર્થી જ્યારે કથન કરે કે લેખન કરે ત્યારે પોતાના ભાષાજ્ઞાન-સમજને આધારે નવી ભાષા રચનાઓ સર્જે છે. નવા વાક્યો સર્જે છે. કથન અને લેખન કૌશલોમાં ભાષાજ્ઞાનનું સંશ્લેષણ થાય છે. તેથી ભાષાના શિક્ષણમાં તો સંશ્લેષણનો હેતુ એટલે અભિવ્યક્તિનો હેતુ એમ કહી શકાય. આ હેતુ પંચમસ્તરનો છે.
- સંશ્લેષણના હેતુ રચવા માટે વર્ગીકરણ કરે, શ્રેણીકરણ કરે, રચના કરે, સંગઠનસુગ્રથન કરે, યોજના બનાવે, પુનરચના કરે, સુધારા-વધારા દ્વારા સંવર્ધન કરે, સર્જે, નિષ્પન્ન કરે, વ્યાખ્યા કરે, નિયમને શબ્દબદ્ધ કરે, વક્તવ્ય આપે, વક્તવ્ય લખે, સંયોજન કરે, એકત્રીકરણ કરે જેવાં ક્રિયાપદો વાપરી શકાય.

**(6) મૂલ્યાંકન**

મૂલ્યાંકન એટલે સામગ્રી અંગે નિર્ણય લેવાની, મૂલ્યાંકિત કરવાની શક્તિ, આવો નિર્ણય કોઈપૂર્વ નિશ્ચિત હેતુના સંદર્ભે કરવાનો હોય છે અને નિર્ણયો ચોક્કસ માપદંડો પર આધારિત હોવા જોઈએ. માપદંડ આંતરિક (સ્વરૂપગત) સંગઠન અંગેનો કે બાહ્ય (હેતુગત) પ્રસ્તુતતા અંગેનો હોઈ શકે. આથી કહી શકાય કે હકીકતો અને માપદંડોને આધારે નિર્ણયો લેવા એટલે મૂલ્યાંકન કરવું. મૂલ્યાંકન કરવું એ જ્ઞાનાત્મક ક્ષેત્રનો સર્વોચ્ચ હેતુ છે. એટલે કે મૂલ્યાંકનની અધ્યયન નીપજ સૌથી ઊંચો બૌદ્ધિકસ્તર સૂચવે છે. કારણ અહીં આગળની બધી જ શક્તિઓનો વિનિયોગ કરવાનો રહે છે. આ હેતુ સર્વોચ્ચ સ્તરનો છે.

- મૂલ્યાંકનની હેતુ રચના માટે અર્થઘટન આપે, મૂલ્યાંકન કરે, તુલના કરે, ફલિતાર્થો તારવે, ટિપ્પણી કરે, ભેદ પારખે, ઉચિત ઠેરવે, ટેકો આપે, સંબંધાત્મક સમીક્ષા આપે, અનુભવન કરે, તરફેણ કે વિરોધ કરે જેવા ક્રિયાપદોનો ઉપયોગ કરવો જોઈએ.

જ્ઞાનાત્મક હેતુઓમાં સૌથી ઉચ્ચકક્ષાનો હેતુ મૂલ્યાંકનનો છે. આ રીતે જ્ઞાનપ્રાપ્તિ એ નિમ્નસ્તરે આવશે અને ચઢતા ક્રમમાં જોઈએ તો જ્ઞાનપ્રાપ્તિ સમજ ઉપયોજન વિશ્લેષણ સંશ્લેષણ મૂલ્યાંકન

છે. નીચેના સ્તરના હેતુઓ પર તેનાથી ઉપરના હેતુઓનો આધાર રહેલો છે. જ્ઞાનપ્રાપ્ત કરે ત્યારબાદ સમજ કેળવશે.

**4.5.2 ભાવાત્મક હેતુઓ**

ભાવાત્મક હેતુઓમાં આનંદ અનુભવવો, અભિરૂચિ કેળવવી કદર કરાવવી, પ્રતિભાવ આપવો, ગમો-અણગમો થવો, મૂલ્યો કેળવવા જેવા હેતુઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

ભાવાત્મક ક્ષેત્રના હેતુઓ મૂલ્યાંકનક્ષમ કે અવલોકનક્ષમ હોતા નથી. તેમાં લાગણી, ભાવ કે ઊર્મિઓને વિશેષ સ્થાન છે. તરત જ મૂલ્યાંકન કરવામાં આવે તો તેને તે લાગણી, ભાવ કે ઊર્મિ થઈ હોય તે જણાય ખરી. પણ તેની અસર લાંબા સમય સુધી રહેશે કે નહિ તે કહી શકાય નહીં. દા.ત. કોઈ ભજન સાંભળે અને તે ભજનમાં દર્શાવેલ વિગતોને આધારે તેને ભગવાન પ્રત્યે પ્રેમ જાગે અને તે સમયે તે તેમાં મગ્ન બને. કદાચ તે ભક્તિ કરવી જોઈએ તેવું પણ માનવા લાગે. પરંતુ સાચે જ તે ભક્તિ તરફ વળી જશે તે કહેવું મુશ્કેલ છે. આથી ભાવાત્મક હેતુઓ મૂલ્યાંકનક્ષમ હોતાં નથી.

ભાવાત્મક હેતુઓને પાંચ વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે.

**(1) ગ્રહણ**

આપેલી સામગ્રીને આત્મસાત્ કરવી એટલે ગ્રહણ. આ ક્ષમતાની અભિવ્યક્તિ વિદ્યાર્થીને વિષયવસ્તુમાં રસ કે અભિરુચિ કેળવાયાં છે કે નહિ તેના આધારે થઈ શકે.

- ગ્રહણને લગતા હેતુઓ રચવા માટે શ્રવણ કરે, ધ્યાન આપે, સભાન થાય, સંવેદનશીલતા દર્શાવે, સૂચના અનુસરે, ટટ્ટાર બેસે, પ્રત્યુત્તર આપવાની તત્પરતા દર્શાવે જેવા ક્રિયાપદોનો ઉપયોગ કરવો જોઈએ.

**(2) પ્રતિચાર**

શિક્ષણકાર્ય દરમ્યાન વિદ્યાર્થી સહકાર આપે તો પ્રતિચાર આપ્યો તેમ કહી શકાય. આ બાબતની પ્રતીતિ વિદ્યાર્થી વર્ગમાં ઉત્તર આપે, મદદ કરે, ચર્ચામાં ભાગીદાર બને જેવી ક્રિયા દ્વારા થાય છે.

- પ્રતિચારને લગતા હેતુઓ રચવા માટે ઉત્તર આપે, વાંચે, મંજૂરી દર્શાવે, મદદ કરે, લખે, કહે, અહેવાલ રજૂ કરે, મહાવરો કરે, ચર્ચા કરે જેવા ક્રિયાપદો ઉપયોગી છે.

**(3) મૂલ્ય અધિગ્રહણ**

વિષયવસ્તુ શીખ્યા બાદ વિદ્યાર્થી તેમાં રહેલાં મૂલ્યને સ્વીકારે અને જીવનમાં તેને સ્થાન આપી મૂલ્યશીલતા કેળવે તે મૂલ્ય અધિગ્રહણ.

મૂલ્ય અધિગ્રહણને લગતા હેતુઓ રચવા માટે સાર્થકતા સિદ્ધ કરે, પહેલ કરે, કાર્યમાં જોડાય, દરખાસ્ત મૂકે, નિસ્બત દર્શાવે જેવા ક્રિયાપદો ઉપયોગી સંગઠન.

**(4) સંગઠન કરે**

વિષયવસ્તુને આધારે વિદ્યાર્થી સ્વમૂલ્યાંકન કરીને પોતાનામાં રહેલી ખામીઓ અંગે વિચારે અને તેને દૂર કરવા વિચારે તે સંગઠન.

સંગઠનને લગતા હેતુઓ રચવા માટે મૂલ્યોની તુલના કરે, પરિવર્તન કરે, વળગી રહે, દૃષ્ટિકોણ સ્પષ્ટ કરે, મૂલ્યવ્યવહારનું સંશ્લેષણ કરે, અગ્રતાક્રમ ગોઠવે, સ્વમૂલ્યાંકન તથા ઓળખ દર્શાવે જેવા ક્રિયાપદો વાપરી શકાય.

**(5) વ્યક્તિત્વ નિર્માણ**

વિષયવસ્તુને આધારે વિદ્યાર્થી પોતાના વ્યક્તિત્વમાં જરૂરી પરિવર્તનો લાવે ઉત્તમ પ્રકારના વ્યક્તિત્વનું નિર્માણ કરે તે વ્યક્તિત્વ નિર્માણ.

વ્યક્તિત્વ નિર્માણને લગતા હેતુઓ રચવા માટે અમલ કરે, વિશેષતા દર્શાવે, પ્રભાવ પાડે,

સેવા કરે, લાયક બને, વ્યવહાર-પરિવર્તન કરે, સ્વતંત્ર્ય વ્યક્તિત્વ દર્શાવે, મૂલ્ય સંવર્ધન કરે જેવા ક્રિયાપદો વાપરી શકાય.

### 4.5.3 ક્રિયાત્મક હેતુઓ

ક્રિયાત્મક હેતુઓ એટલે વિદ્યાર્થીઓ ક્રિયાઓ કરે, કાર્ય કરે, પ્રવૃત્તિ કરે. વિદ્યાર્થીઓ પોતાના શરીરોના અંગોનો ઉપયોગ કરીને ક્રિયાશીલતા કેળવે તે ક્રિયાત્મક હેતુ કહેવાય. આ હેતુને મનોશારીરિક હેતુ પણ કહેવામાં આવે છે. કારણ કે વિદ્યાર્થી જ્યારે ક્રિયા કરે છે ત્યારે શરીરના અંગોનો ઉપયોગ તો કરે જ છે પણ તેની સાથે તેને વિચારવું પડે, નિર્ણય કરવો પડે જેવી માનસિક ક્રિયાઓ પણ કરવી પડે છે. આ માટે તે મગજનો ઉપયોગ કરે છે.

- ક્રિયાત્મક અંગના હેતુની સંરચના માટે સુલેખન કરે, આકૃતિ દોરે, આલેખ બનાવે, ચાર્ટ રચે, સ્કેચ કરે, પ્રયોગ દોરે, કાવ્યગાન કરે, કાવ્યપઠન કરે, ઉચ્ચારણ કરે, સાધન ઓપરેટ કરે, ચિત્ર દોરે, રાગ દર્શાવે, વાચન કરે, ઉત્તર લખે, વિચારો લખે જેવા ક્રિયાપદો ઉપયોગમાં લઈ શકાય.

## 4.6 શૈક્ષણિક હેતુઓ : વર્ગશિક્ષણના સંદર્ભમાં

રોજબરોજના શિક્ષણ દ્વારા શિક્ષક-વિદ્યાર્થીઓના વર્તનમાં જે પરિવર્તનો લાવવા ઈચ્છે તે શૈક્ષણિક હેતુઓ છે. ધ્યેયો-લક્ષ્યાંકોને પહોંચવા માટે કોઈ માધ્યમની આવશ્યકતા રહે છે. વર્ગશિક્ષણ આ માટેનું ઉત્તમ માધ્યમ છે. તે દ્વારા જ ધ્યેયો પરિપૂર્ણ થઈ શકે. અલબત્ત વર્ગશિક્ષણને આ માટે હેતુલક્ષી અને પ્રવૃત્તિલક્ષી બનાવવું પડે. આમ, ત્યારે જ થઈ શકે જ્યારે ભાષાશિક્ષક તેના દરેક પાઠને અથવા એકમને સામાન્ય હેતુઓને ધ્યાનમાં લઈ વિશિષ્ટ હેતુઓને આધારે વર્તન-પરિવર્તનોના સંદર્ભમાં જ શીખવે. આવું શિક્ષણ જ વિદ્યાર્થીઓમાં ધાર્યો વર્તન ફેરફાર લાવી શકે. આ રીતે વિચારતાં ભાષાશિક્ષકે તેના શિક્ષણમાં નીચેના સંદર્ભમાં હેતુઓ નક્કી કરવા પડે. (1) સામાન્ય હેતુઓ (2) વિશિષ્ટ હેતુઓ (3) અપેક્ષિત વર્તન પરિવર્તનો (સંરચિત હેતુઓ)

### 4.6.1 સામાન્ય હેતુઓ

વિષયના સંદર્ભમાં, વર્ગશિક્ષણ માટે નિશ્ચિત કરાયેલા અધ્યયન હેતુઓને (શૈક્ષણિક હેતુઓને) સામાન્ય હેતુઓ કહે છે. આ હેતુ વિષયને આધારે નક્કી થાય છે. આ હેતુઓની સિદ્ધિ અનેક તાસના શિક્ષણના અંતે એટલે કે લાંબાગાળે સિદ્ધ થાય છે. અનેક વિશિષ્ટ હેતુઓની સિદ્ધિ વડે એક સામાન્ય હેતુ સિદ્ધ કરી શકાય છે. જે શિક્ષણના કોઈ એક તબક્કે સિદ્ધ થાય. તેની સિદ્ધિ અનિશ્ચિત હોય છે. તેની અસર કે પરિણામ તત્કાળ જોઈ શકાતાં નથી.

માતૃભાષા શિક્ષણના સામાન્ય હેતુઓ નીચે પ્રમાણે છે.

1. વિદ્યાર્થીઓ ભાષાના મૂળતત્ત્વો (કૃતિઓનું વિષયવસ્તુ, સાહિત્ય પ્રકારો, લેખન રચનાના પ્રકારો, વ્યાકરણ, શબ્દભંડોળ)નું જ્ઞાન પ્રાપ્ત કરે.
2. વિદ્યાર્થીઓ શ્રવણ દ્વારા અર્થગ્રહણ કરે.
3. વિદ્યાર્થીઓ વાચન દ્વારા અર્થગ્રહણ કરે.
4. વિદ્યાર્થીઓ પ્રાપ્ત જ્ઞાનનું (પાઠ્ય અને વ્યાકરણલક્ષી વિષયવસ્તુ) ઉપયોજન કરે.
5. વિદ્યાર્થીઓ કથન દ્વારા અભિવ્યક્તિ કરે.
6. વિદ્યાર્થીઓ લેખન દ્વારા અભિવ્યક્તિ કરે.
7. વિદ્યાર્થીઓ સાહિત્ય કૃતિઓનો આનંદ મેળવે. સાહિત્ય કૃતિઓમાં રસ લે કે રસદર્શન કરે. અગાઉ આપણે બ્લૂમ રચિત વર્ગીકરણ યોજનાની વિગતે ચર્ચા કરી છે. માતૃભાષા શિક્ષણના સામાન્ય હેતુઓનું બ્લૂમ રચિત યોજના મુજબનું વર્ગીકરણ નીચે મુજબ દર્શાવી શકીએ.

**બ્લૂમ-યોજના અનુસાર સામાન્ય હેતુઓનું વર્ગીકરણ/સારણી**

| ક્રમ | માતૃભાષા શિક્ષણના સામાન્ય હેતુઓ | હેતુસ્તર | હેતુક્ષેત્ર |
|---|---|---|---|
| 1. | ભાષાના મૂળતત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરે | જ્ઞાનપ્રાપ્તિ | જ્ઞા |
| 2. | શ્રવણ દ્વારા અર્થગ્રહણ કરે | અર્થગ્રહણ કે સમજ | ના, ભ |
| 3. | વાચન દ્વારા અર્થગ્રહણ કરે | ઉપયોજન | ત્મ |
| 4. | પ્રાપ્તજ્ઞાનનું ઉપયોજન કરે | | ક |
| 5. | કથન દ્વારા અભિવ્યક્તિ કરે | સંશ્લેષણ | ક્ષે |
| 6. | લેખન દ્વારા અભિવ્યક્તિ કરે | | ત્ર |
| 7. | સાહિત્ય કૃતિઓનો આનંદ મેળવે-રસ લે-રસદર્શન કરે | અનુભવ-પ્રતિભાવ કદર | ભાવાત્મક ક્ષેત્ર |

ઉપર્યુક્ત સારણી ઉપરથી ખ્યાલ આવે છે કે માતૃભાષા શિક્ષણના પ્રથમ છ હેતુઓ જ્ઞાનાત્મક ક્ષેત્રના છે જ્યારે સાતમો હેતુ ભાવાત્મક ક્ષેત્રનો છે. આ સાત હેતુઓ વાસ્તવમાં પાંચ હેતુઓમાં સમાવિષ્ટ થાય છે. જ્ઞાનપ્રાપ્તિ, અર્થગ્રહણ (સમજ), ઉપયોજન, સંશ્લેષણ (અભિવ્યક્તિ) અને રસદર્શન, પ્રસ્તુત પાંચ હેતુઓમાં બ્લૂમ રચિત વર્ગીકરણ મુજબ કહેવું હોય તો તેમ પણ કહેવાય કે જ્ઞાનાત્મક ક્ષેત્રના ચાર હેતુઓ જ્ઞાનપ્રાપ્તિ, અર્થગ્રહણ, ઉપયોજન અને સંશ્લેષણ છે જ્યારે ભાવાત્મક ક્ષેત્રના આનંદ કે રસ દર્શનનો સમાવેશ થાય છે. અહીં ક્રિયાત્મક કે મનોશારીરિક હેતુઓ જોવા મળતા નથી તેમ કહેવાય. જુદો કે આ બાબત અંગે તેમ કહી શકાય કે ભાષામાં શ્રવણ, વાચન, કથન અને લેખન એ ચાર કૌશલ્યો છે અને આ ચાર કૌશલ્યો-ક્રિયાત્મક કે મનોશારીરિક હેતુઓમાં સ્થાન પામે. આ ચારેય કૌશલ્યોને આપણે જ્ઞાનાત્મક ક્ષેત્રમાં ગણીએ છીએ તેની સાથે તેને ક્રિયાત્મક ક્ષેત્રમાં પણ ગણવાં જોઈએ. આમ કરવાથી તે હેતુઓની સિદ્ધિમાં વિશેષ ધ્યાન આપી શકાય તેમ છે.

### 4.6.2 વિશિષ્ટ હેતુઓ

સામાન્ય હેતુઓની પરિપૂર્તિ એક તાસમાં થઈ શકે નહિ. સામાન્ય હેતુઓ સિદ્ધ કરવા માટે વધુ સમય-લાંબાગાળાનો સમય જોઈએ. સામાન્ય હેતુઓની સિદ્ધિ માટે માતૃભાષાના વિષયવસ્તુના સંદર્ભમાં તાસ-શિક્ષણને ધ્યાનમાં લઈ એક તાસમાં સિદ્ધિ થઈ શકે તેવા ટૂંકાગાળાના એટલે કે રોજ-બરોજના શિક્ષણમાં ઉપયોગી થાય તેવા હેતુઓની રચના કરી શકાય. આ રીતે બનાવેલા હેતુઓને વિશિષ્ટ હેતુઓ કહેવાય.

- વિશિષ્ટ હેતુઓની રચના સંદર્ભે વિષયવસ્તુને પણ નાના નાના મુદ્દામાં વિભાજિત કરવા પડે અને તે મુદ્દાઓને આધારે જ હેતુઓ નક્કી કરવા પડે.
- ઉપરોક્ત વિચારણાને આધારે વિશિષ્ટ હેતુઓને નીચે મુજબ વ્યાખ્યાયિત કરી શકાય.
- એક જ તાસમાં સિદ્ધિ થઈ શકે તેવા હેતુઓ એટલે વિશિષ્ટ હેતુઓ.
- સામાન્ય હેતુની સિદ્ધિ અર્થે ટૂંકાગાળામાં સિદ્ધ થઈ શકે તેવા હેતુઓ એટલે વિશિષ્ટ હેતુઓ.
- સામાન્ય હેતુની સિદ્ધિ અર્થે, વિષયવસ્તુને નાના એકમોમાં-મુદ્દામાં વિભાજિત કરી તેના સંદર્ભમાં રચાયેલાં હેતુઓ કે જે એક તાસમાં ટૂંકાગાળામાં સિદ્ધ થઈ શકે તેને વિશિષ્ટ હેતુઓ કહેવાય.
- વિશિષ્ટ હેતુઓના લક્ષણો-સંકલ્પના
- વિશિષ્ટ હેતુઓ એટલે -
- ટૂંકા સમયમાં-એક તાસમાં સિદ્ધ થઈ શકે તેવા હેતુઓ
- ઓછાં સાધનોથી અને શક્તિથી સિદ્ધ થઈ શકે તેવા હેતુઓ
- એકમના નાના મુદ્દાને આધારે રચાયેલા હેતુઓ

- ભાષાકીય રીતે સરળ-ટૂંકા અને સ્પષ્ટ હેતુઓ
- મૂલ્યાંકન થઈ શકે તેવા હેતુઓ
- વિષયવસ્તુની સ્પષ્ટતા કરતાં હેતુઓ
- શું વિશિષ્ટ શીખવવાનું છે તેની સ્પષ્ટતા કરતા હેતુઓ
- વિષય-વિષયાંગ અને વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસારના હેતુઓ
- શૈક્ષણિક પદ્ધતિઓ સાધનો-અભિગમો-અધ્યયન અનુભવો, વર્તન તરાહો અને મૂલ્યાંકન માટે દિશા સૂચવતાં હેતુઓ

**4.6.3 સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓ : તફાવત**

સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓ વચ્ચેનો તફાવત નીચે પ્રમાણે તારવી શકાય.

| **સામાન્ય હેતુઓ** | **વિશિષ્ટ હેતુઓ** |
|---|---|
| શિક્ષણના ધ્યેયો કે લક્ષ્યો તરફ પ્રયાણ કરે છે. | સામાન્ય હેતુઓ તરફ પ્રયાણ કરે છે. |
| કેટલાંક સામાન્ય હેતુઓ બધા વિષયો માટે એકસરખા હોય છે. જેમ કે જ્ઞાનપ્રાપ્તિ, સમજ, | જે તે વિષયના વિષયવસ્તુના સંદર્ભમાં તેની રચના કરવામાં આવે છે. |
| ઉપયોગ તેની નિષપત્તિ, વ્યાપક અને વિશાળ હોય છે. | સમય અને પરિસ્થિતિની દૃષ્ટિએ એક તાસને અંતે સિદ્ધ થઈ શકે તેવાં વાસ્તવિક હોય છે. |
| સ્પષ્ટ વિધાનના રૂપમાં તેની રચના હોય છે. | અપેક્ષિત વર્તન-પરિવર્તનની ભાષામાં સ્પષ્ટ આલેખન કરવામાં આવે છે. |
| એક સામાન્ય હેતુ માટે અનેક વિશિષ્ટ હેતુઓ હોઈ શકે. | વિષયવસ્તુના સ્વરૂપને આધારે એક તાસમાં તેની સંખ્યા નિશ્ચિત થાય છે. |
| તેની સંકલ્પના અસ્પષ્ટ અને અમૂર્ત છે. | ટૂંકાગાળાના છે અને તાસને અંતે સિદ્ધિ કરી શકાય છે. |
| વાર્ષિક પ્રશ્નપત્ર (બ્લૂપ્રિન્ટ)ની રચના સમયે ધ્યાનમાં રાખવામાં આવે છે. | સંકલ્પના સ્પષ્ટ અને માપન કરી શકાય છે. |
| | તાસને અંતે થતાં મૂલ્યાંકનમાં તેની સિદ્ધિનું માપન થઈ શકે છે. |

**4.6.4 સામાન્ય હેતુના અનુસંધાને વિશિષ્ટ હેતુઓ**

સામાન્ય હેતુઓના અનુસંધાને વિશિષ્ટ હેતુઓની રચના કરવાની છે. આ સંદર્ભમાં કેવી રીતે રચના કરવી તેની સમજ આજ પ્રકરણમાં આગળ આપેલી છે. તેને ધ્યાનમાં લઈ વિશિષ્ટ હેતુઓની રચના કરવી જોઈએ.

અહીં કેટલાંક વિશિષ્ટ હેતુઓના ઉદાહરણ આપવાનો પ્રયાસ કરેલ છે. અહીં આપેલા વિશિષ્ટ હેતુઓ ટૂંકમાં તે કોઈ એકમને ધ્યાનમાં લઈને રચેલા નથી પણ ઉદાહરણરૂપે જ આપેલા છે, એટલે જ્યારે તાસ આયોજન માટે હેતુ સંરચના કરવાની હોય ત્યારે આ હેતુઓ જોઈ શકાય ખરા પણ આ જ હેતુઓને સીધા લખી શકાય નહીં. કારણ કે તે કોઈ એકમને ધ્યાનમાં રાખી રચાયા નથી.

**સામાન્ય હેતુ – 1 : વિદ્યાર્થીઓ ભાષા અને સાહિત્યનું જ્ઞાન પ્રાપ્ત કરે**

**વિશિષ્ટ હેતુ : વિદ્યાર્થીઓ**

- સાહિત્યકૃતિનું વિષયવસ્તુ જાણે.
- સાહિત્યકૃતિના પ્રકારો વિશે જાણે.
- નવા શબ્દો અને રૂઢિપ્રયોગોના અર્થ જાણે.
- શબ્દકોષનો ઉપયોગ કરી શબ્દોના અર્થ જાણે.

- વ્યાકરણની વિવિધ સંકલ્પનાઓ જાણે.
- વ્યાકરણ વિષયક બાબતો જાણે.
- જોડણી અંગેના નિયમો જાણે.
- લેખનના પ્રકારોથી જ્ઞાન થાય.
- ઉચ્ચારણ વિશે ખ્યાલ મેળવે.

**વિશિષ્ટ હેતુ – 2 : વિદ્યાર્થીઓ શ્રવણ દ્વારા અર્થગ્રહણ કરે**

- એકાગ્રતાથી સાંભળે
- વક્તા પ્રત્યે અભિમુખ બને
- પૂછાયેલા પ્રશ્નોના ઉત્તર આપે
- સાંભળેલી સામગ્રીમાંથી મહત્ત્વના અંશો તારવી રજૂ કરે.
- સાંભળેલી સામગ્રીમાંથી વિવિધ ભાવો સમજે.
- વિવિધ વાક્ય તરેહો સાંભળીને તેમાંના ભાવો સમજે.
- સાંભળેલી સામગ્રીને આધારે તદ્દવિષયક ચર્ચામાં ભાગ લે.
- સાંભળેલી સામગ્રીને આધારે તેમાંના ભાવો વચ્ચેનો સામ્યભેદ પારખે.
- કથનનો સાર ગ્રહણ કરે.

**સામાન્ય હેતુ - 3 : વિદ્યાર્થીઓ વાચન દ્વારા અર્થગ્રહણ કરે.**

**વિશિષ્ટ હેતુ : વિદ્યાર્થીઓ**

- માન્ય ભાષામાં યોગ્ય ઝડપ, સ્વરભાર અને આરોહ-અવરોહથી વિરામચિહ્નોને ધ્યાનમાં રાખીને વાચન કરે.
- શ્રોતાઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને ક્ષોભરહિત સસ્વર વાચન કરે.
- સાહિત્યપ્રકારોને અનુરૂપ સસ્વર વાચન કરે.
- વાચન સામગ્રીના ભાવોને અનુરૂપ વાચન કરે.
- વાચન સામગ્રીમાંના નવા શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવતોના અર્થ કરે.
- વાચન સામગ્રીનું મૂકવાચન કરી જરૂરી બાબતોના ઉદાહરણ આપી તફાવત અને સમાનતા વર્ણવે.
- વાચન સામગ્રીમાંની વિગતોને સાંકળી સમજે.
- વાચન સામગ્રીને યોગ્ય શીર્ષક આપે.
- વાચન સામગ્રીનો સારાંશ દર્શાવે.
- ભાવને અનુરૂપ વાચનની ગતિનું નિયમન કરે.
- શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવતોના અર્થ કરે.
- શબ્દોનો શુદ્ધોચ્ચાર કરે.

**સામાન્ય હેતુ – 4 : વિદ્યાર્થીઓ કથન દ્વારા અભિવ્યક્તિ કરે.**

**વિશિષ્ટ હેતુ : વિદ્યાર્થીઓ**

- અર્થ અને ભાવ અનુસાર આરોહ-અવરોહ સાથે શુદ્ધ ઉચ્ચારથી અભિવ્યક્તિ કરે.
- હર્ષ, શોક જેવા વિવિધ ભાવોને સમજીને રજૂઆત કરે.
- રોજિંદા જીવનમાં બનતી ઘટનાઓનું ક્રમબદ્ધ વર્ણન કરે.

- મુલાકાત, વાર્તાલાપ અને ચર્ચાના પ્રસંગોએ અસરકારક રજૂઆત કરે.
- કાવ્યોનું યોગ્ય સ્વરભાર સાથે પઠન કરે.
- ચર્ચા સભાઓમાં જુદાં જુદાં વિષયો પર પોતાના વિચારો રજૂ કરે.
- ભૌતિક રચનાઓ સ્વસ્થતાપૂર્વક રજૂ કરે.
- માન્યભાષાના શબ્દોનું શુદ્ધ અને સાહજિક રીતે ઉચ્ચારણ કરે.
- સંદર્ભ અને કક્ષાને અનુરૂપ યોગ્ય શબ્દોની પસંદગી કરીને કથન કરે.
- નિયત સમય મર્યાદાને ધ્યાનમાં રાખી મુક્ત વક્તવ્ય આપે.
- સ્વાનુભાવો અસરકારક રીતે કથન કરે.
- નાટ્યાંશો અને સંવાદોનું ભાવવાહી કથન કરે.
- વિવિધ કાર્યક્રમોમાં વિષયને અનુરૂપ મૌખિક અભિવ્યક્તિ કરે.
- ભૌતિક રચનાઓની સ્વસ્થતાપૂર્વક અભિવ્યક્તિ કરે.

**સામાન્ય હેતુ – 5 : વિદ્યાર્થીઓ લેખન દ્વારા અર્થગ્રહણ કરે.**

**વિશિષ્ટ હેતુ : વિદ્યાર્થીઓ**

- જરૂરી અર્થને અનુરૂપ શબ્દો લખે.
- લેખનમાં ભાવાર્થને અનુરૂપ વિરામચિહ્નો વાપરે.
- સંદર્ભ અને કક્ષાને અનુરૂપ યોગ્ય શબ્દોની પસંદગી કરી લખે.
- એક જ અર્થ માટેના અનેક શબ્દોનો લેખનમાં ઉપયોગ કરે.
- વિચારોને જરૂરી પરિચ્છેદો પાડીને લખે.
- વિવિધ સ્વરૂપના પત્રો લખે.
- વિવિધ પ્રકારના નિબંધો લખે.
- મુદ્દાને આધારે વાર્તાલેખન કરે.
- જુદી-જુદી પ્રવૃત્તિઓના મુલાકાતના અહેવાલ સરળ ભાષામાં લખે.
- આપેલા વિષયને અનુરૂપ સંવાદો લખે.
- વાંચેલી સામગ્રીનો સાર લખે, સંક્ષેપ કરે.
- અપરિચિત ગદ્યાંશ કે પદ્યાંશ સમજીને તેના પ્રશ્નોના ઉત્તરો લખે.
- વિચાર વિસ્તાર કરીને લખે.
- લેખનમાં રૂઢિપ્રયોગો-કહેવતો-નવા શબ્દો પ્રયોજે.
- સામાસિક પદોને લેખનમાં પ્રયોજે.
- વિષયને અનુરૂપ જરૂરી વિગતોની લેખનમાં રજૂઆત કરે.
- સાદા અને સંયુક્ત અને સંકુલ વાક્યોમાં વિચારો લખે.
- વ્યાવહારિક કાર્યોમાં પણ સ્વસ્થતાથી લેખન કરે.
- વિવિધ ફોર્મ - અરજીઓમાં યોગ્ય રીતે અને સ્વસ્થ રીતે લેખન કરે.
- અલંકારોનો ઉપયોગ લેખનમાં કરે.

**સામાન્ય હેતુ – 6 : વિદ્યાર્થીઓ સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં રસ અને વલણ કેળવે**

**વિશિષ્ટતાઓ :**

- સાંભળેલી અને વાંચેલી સામગ્રી ગમવા-ન ગમવાનાં કારણો રજૂ કરે.

- સાંભળેલી અને વાંચેલી સામગ્રીને અનુરૂપ સામગ્રી વિશે વાત કરે.
- પાઠ્યસામગ્રીના આધારે મૂળકૃતિઓ જોવાની (વાંચવાની) અભિરુચિ કેળવે. (ઉદા. કોઈ નાટ્યખંડ હોય તો મૂળ નાટક જુએ)
- એકસરખા વિષયવસ્તુવાળા કાવ્યોનું શ્રવણ-વાચન-સંગ્રહ કરે.
- ભાષાવસ્તુમાં વ્યક્ત થયેલ નવીનતા તારવે.
- વાચનરુચિ કેળવે.
- રાષ્ટ્રીય મૂલ્યો તારવે - કેળવવા સભાન બને.
- સાંભળેલી કે વાંચેલી કૃતિને આધારે જે-તે લેખકની અન્ય કૃતિઓ વાંચવા પ્રેરાય.
- કૃતિને આધારે અભિપ્રાય આપે.
- કૃતિને અનુરૂપ સંદર્ભકૃતિઓ વાંચવા પ્રેરાય.
- કૃતિમાં રહેલા વિચાર અને ભાવનું સૌંદર્ય માણે.
- ભાષાવસ્તુમાં વ્યક્ત થયેલ મૌલિકતા અલગ તારવીને દર્શાવે.
- સાહિત્યના જુદાં જુદાં સ્વરૂપો પ્રત્યે વાચન અભિરુચિ કેળવે.
- કૃતિમાંના વિચારોને આધારે સમસંવેદના અનુભવે.
- કૃતિમાંની મૌલિકતા દર્શાવે.

**સામાન્ય હેતુ - 7 : વિદ્યાર્થીઓ મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરે**

**વિશિષ્ટ હેતુઓ : વિદ્યાર્થીઓ**

- કૃતિમાં રહેલા મૂલ્યોને જીવનમાં અનુસરે.
- કૃતિના વિવિધ પાત્રોમાં રહેલા સદ્‌ગુણોને અનુસરે.
- કૃતિ-લેખનના યોગ્ય વિચારોને જીવનમાં અપનાવે.
- કૃતિમાં રહેલા આદર્શોને અનુસરે.
- કૃતિના મુખ્ય ભાવને ધ્યાનમાં લે.
- વ્યાકરણના નિયમોનો ઉપયોગ કથન-લેખનમાં કરે.
- વ્યાકરણના પ્રશ્નોના ઉકેલમાં નિયમો પ્રયોજે.
- વ્યાકરણના મુદ્દાઓની ઓળખમાં તેના નિયમોનો ઉપયોગ કરે.
- વ્યાકરણીય મુદ્દાઓનું વિશ્લેષણ કરે.
- વ્યાકરણીય મુદ્દાઓનું વર્ગીકરણ કરે.
- વ્યાકરણીય મુદ્દાઓનો તફાવત તારવે.
- વાક્યરચનાઓ શુદ્ધ બનાવે.
- વ્યાકરણના નિયમોનો ઉપયોગ કરી લેખનમાં ભાષાકીય શુદ્ધતા જાળવે.
- લેખન અને કથનમાં વિવિધ અલંકારો, સામાસિક શબ્દો, નવા શબ્દો, રૂઢિપ્રયોગો-કહેવતો, વાક્યોના વિવિધ પ્રકારો વગેરેનો ઉપયોગ કરે.

**4.6.5 વર્તન પરિવર્તન (અપેક્ષિત વર્તન-પરિવર્તનના સંદર્ભમાં વિશિષ્ટ હેતુ)**

વર્તન-પરિવર્તન એટલે શિક્ષણકાર્યની નીપજ કે પરિણામ કોઈપણ કાર્ય કે પ્રવૃત્તિના અંતે કોઈને કોઈ ફાયદો-લાભ-નીપજ થતી હોય છે. જો તેવો ફાયદો કે લાભ કે નીપજ ન થાય તો તે કાર્ય કે પ્રવૃત્તિ કરવાનો કોઈ અર્થ નથી.આનંદ થાય તો પણ તે એક પ્રકારનો લાભ-ફાયદો કે નીપજ છે.

એક શિક્ષણકાર્ય કરીએ છીએ ત્યારે તે કાર્યને કારણે વિદ્યાર્થીઓમાં શું ફેરફારો થશે ? શું પરિવર્તન આવશે ? તેમના વર્તનમાં શું પરિવર્તન આવશે ? તેમના વલણમાં શું પરિવર્તન આવશે ? તે તેની નીપજ કહેવાય.


વર્તન-પરિવર્તન વિશિષ્ટ હેતુઓને પૂરક છે.વિશિષ્ટ હેતુ વિદ્યાર્થીને અમુક એકમ શીખવવો છે તો તે શા માટે શીખવવો છે તેનો જવાબ આપે છે. જ્યારે વર્તન-પરિવર્તન એ જે હેતુ માટે એકમ શીખવાય છે તેની નીપજ [Learning Product OR Out come] દર્શાવે છે. વિશિષ્ટ હેતુ વર્ગશિક્ષણનો નિશ્ચિત હેતુ દર્શાવે છે જ્યારે વર્તન પરિવર્તન વર્ગશિક્ષણકાર્યની નિશ્ચિત નીપજ-ફાયદો કે લાભ દર્શાવે છે.

- માતૃભાષાનો શિક્ષક વર્ગશિક્ષણ દરમ્યાન વિવિધ અધ્યયન અનુભવો પૂરા પાડે છે જ્યાં કે તે વિદ્યાર્થીઓને આદર્શ વાચનનો નમૂનો આપે છે.
- આદર્શ કાવ્ય પઠન કે ગાનનો નમૂનો આપે છે.
- પ્રશ્નો પૂછી ઉત્તર મેળવી અર્થગ્રહણ કરાવે છે.
- ચર્ચામાં ભાગીદાર બનાવે છે.
- ચિત્રનું અર્થઘટન કરાવે છે.
- નવા શબ્દોથી પરિચિત કરે છે.
- રૂઢિપ્રયોગો-કહેવતોના અર્થ સ્પષ્ટ કરાવે છે.
- વ્યાકરણના વિવિધ મુદ્દાઓનો પરિચય કરાવે છે.
- વ્યાકરણના વિવિધ મુદ્દા-સંકલ્પના-રચનાની સ્પષ્ટતા કરાવે છે.
- અનુભવો દ્વારા આ થઈ અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયા. આ પ્રક્રિયાનું પરિણામ શું ? તેની નીપજ શું ? વિદ્યાર્થીઓના પૂર્વ વર્તનમાં કે પૂર્વ અનુભવમાં કે પૂર્વ વલણમાં કોઈ ફેરફાર-કોઈ પરિવર્તન થયું ખરું ? શિક્ષકે આનો ઉત્તર શોધવા વિદ્યાર્થીઓમાં મેળવેલ જ્ઞાન, અનુભવ, સિદ્ધિની ચકાસણી કરવી પડે. આવી ચકાસણી તે શિક્ષણકાર્ય દરમ્યાન પણ કરતો રહે અને શિક્ષણકાર્યના અંતે પણ કરે. ચકાસણી કે મૂલ્યાંકનને આધારે અધ્યયન-અધ્યાપનની નીપજ જોઈ શકાય-જાણી શકાય. આમ વર્તન ફેરફાર એ શિક્ષણકાર્યનું પરિણામ કે નીપજ છે. તે વિદ્યાર્થીઓ શું કરશે ? (વિદ્યાર્થીઓ પ્રશ્નોના જવાબ આપશે) એમ કહેવાને બદલે વિદ્યાર્થીઓ શું કરી શકે-શું કરે છે ? (વિદ્યાર્થીઓ પ્રશ્નોના જવાબ આપે-આપી શકે છે) એમ કહે છે.
- નીચે એક એકમને આધારે સામાન્ય હેતુ-વિશિષ્ટ હેતુ અને વર્તન-પરિવર્તનો ઉદાહરણરૂપે જોઈએ.

**ધોરણ- 9 એકમ : સંતો અમે રે વહેવારિયા (નરસિંહ મહેતા)**

| **સામાન્ય હેતુ** | **વિશિષ્ટ હેતુ** | **(સંરચિત હેતુ) વર્તન-પરિવર્તન** |
|---|---|---|
| જ્ઞાનપ્રાપ્તિ | વિદ્યાર્થીઓ કવિ પરિચય મેળવે | વિદ્યાર્થીઓ કવિ પરિચય આપે |
| અર્થગ્રહણ | વિદ્યાર્થીઓ કાવ્યનું અર્થગ્રહણ કરે | વિદ્યાર્થીઓ કાવ્યમાં રજૂ કરેલા વેપારનું નામ આપે |
| | | વિદ્યાર્થીઓ વસાણાનું મૂલ્ય કહે |
| | | વિદ્યાર્થીઓ વસાણું મેળવી શકે તેવી વ્યક્તિના લક્ષણો કરે |
| અભિવ્યક્તિ | વિદ્યાર્થીઓ કાવ્યમાં રહેલાં ભાવો જાણે | વિદ્યાર્થીઓ કાવ્યના વેપારને સમજાવે/વેપારને સ્પષ્ટ કરે |
| ઉપયોજન | | |
| | વિદ્યાર્થીઓ કાવ્યમાં રહેલ અલંકાર વિશે જાણે | વિદ્યાર્થીઓ કાવ્યમાં રહેલાં ભાવને જણાવે |
| | | વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો દ્વારા કાવ્યમાં રહેતા વિચારોને જણાવે. વિદ્યાર્થીઓ કાવ્યમાં રહેલ અલંકારનું નામ આપે. |

- માતૃભાષાના સામાન્ય હેતુઓ, વિશિષ્ટ હેતુઓ, વર્તન-પરિવર્તનની સાથે શિક્ષણના ધ્યેયોનો અભ્યાસ કર્યો. આ સમગ્ર હેતુઓ એકબીજાની સાથે સંકળાયેલા છે. વર્તન-પરિવર્તનના સંદર્ભમાં હેતુ રચનાને સંરચિત હેતુ ગણીએ તો ત્યાંથી શરૂ કરી શિક્ષણના ધ્યેયોને નીચેની આકૃતિથી સ્પષ્ટ કરી શકાય.




શિક્ષણના ધ્યેયો અને માતૃભાષા શિક્ષણના હેતુઓ દર્શાવતી આકૃતિ સંરચિત હેતુઓ દરરોજના તાસના વિષયવસ્તુને ધ્યાનમાં લઈ વિશિષ્ટ હેતુઓને આધારે વિદ્યાર્થીઓના વર્તનમાં લાવવા ધારેલાં પરિવર્તનોના સંદર્ભમાં રચવામાં આવે છે. આથી તે વર્તનના પરિવર્તનની ચોક્કસ પરિભાષાના સંદર્ભે અવલોકનક્ષમ-મૂલ્યાંકનક્ષમ હેતુ છે. આ હેતુઓ વર્ગશિક્ષણની પ્રક્રિયાથી ઉપયોગમાં લીધેલ પદ્ધતિ-પ્રયુક્તિઓ શૈક્ષણિક સાધનો-સંદર્ભોના સક્ષમ ઉપયોગથી સિદ્ધ કરી શકાય છે. સંરચિત હેતુઓ સિદ્ધ થાય તો વિશિષ્ટ હેતુઓને આંબી શકાય છે અને તે રીતે આગળ વધતા સામાન્ય હેતુઓ અને શિક્ષણના ધ્યેયો-લક્ષ્યાંકો જે વિશાળ છે તેને પણ સિદ્ધ કરવાની દિશામાં જઈ શકાય છે.

સંરચિત હેતુઓનું ફલક નાનું છે. તેનાથી વિશિષ્ટ હેતુનું ફલક મોટું છે. તેનાથી સામાન્ય હેતુઓનું ફલક વધારે મોટું છે અને શિક્ષણના ધ્યેયોનું ફલક વિશાળ છે. આમ, સૂક્ષ્મથી વિશાળ તરફ ગતિ કરી શકાય. પા-પા પગલીથી શરૂ કરી દોડવા સુધીની ગતિ મેળવી શકાય છે. વાસ્તવમાં શિક્ષક માટે તો સંરચિત હેતુઓ જ મહત્ત્વના છે. જે શિક્ષક દરરોજના શિક્ષણથી શી નીપજ મેળવવાની છે તેનો વિશેષ ખ્યાલ રાખે તો શિક્ષણના ધ્યેયોની સિદ્ધિ ચોક્કસ થઈ શકે, ટીપે ટીપે સરોવર ભરાય તેવી આ પ્રક્રિયા છે. જે સમજી જાય અને અમલીકરણ કરે તે સફળતા પામે.

### 4.6.6 સંરચિત હેતુઓ (વર્તન-પરિવર્તનના સંદર્ભમાં હેતુઓ)ની રચના માટે ધ્યાનમાં લેવાની બાબતો

વર્ગશિક્ષણ દ્વારા શિક્ષક વિદ્યાર્થીઓના કયા વર્તનમાં પરિવર્તન લાવવા ઈચ્છે છે તે દર્શાવતા વિધાનને અપેક્ષિત વર્તન-પરિવર્તનના સંદર્ભનો હેતુ કહેવાય. આ પ્રકારના હેતુની રચના કરવી પ્રશિક્ષણાર્થી અને શિક્ષક માટે તે જરૂરી છે. અગાઉની ચર્ચાના સંદર્ભમાં પણ હેતુઓના મહત્ત્વને ધ્યાનમાં લઈ શિક્ષકે શિક્ષણકાર્ય કરતા પહેલાં હેતુની સંરચના કરવી જોઈએ. હેતુઓની રચના કરતાં પહેલાં કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી પડે. એ બાબતોને ધ્યાનમાં રાખવામાં ન આવે તો હેતુની રચના થાય ખરી પણ હેતુ સિદ્ધ થયો કે નહિ તેનો ખ્યાલ રહે નહિ. સ્પષ્ટ અને વૈજ્ઞાનિક રીતે રચાયેલો હેતુ જ શિક્ષણની પ્રક્રિયાની દિશા નક્કી કરી શકે અને આ દિશાને આધારે હેતુ પણ સિદ્ધ થઈ શકે. આ બાબતને સમજીને ચલાવી લેવાની વૃત્તિનો ત્યાગ કરી હેતુઓની સંરચના કરવી જોઈએ -

- હેતુ સંરચનામાં વાસ્તવિકતા ધ્યાનમાં રાખવી. હેતુની રચના નક્કર અને વાસ્તવિક-સરળ અને સાદી ભાષામાં કરવી. આલંકારિક ભાષા પ્રયોજવી જ નહિ. એક તાસમાં સિદ્ધ થાય

તેટલા જ હેતુઓ નક્કી કરવા. હેતુઓનો હારડો બનાવવાની જરૂર નથી. આગળ સૂઝ-સમજથી વૈજ્ઞાનિક હેતુની રચના કરવી. આ માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી.

**હેતુ વિધાન વાક્યમાં લખાયેલો હોવો જોઈએ -**

દા.ત.

(1) વિદ્યાર્થીઓ 'ગોવિંદનું ખેતર' નવલિકામાં આવતા બધાં પાત્રોના નામ નીચે લીટી દોરે.

(2) વિદ્યાર્થીઓ 'અપાઈ મુજથી ગયું' કાવ્યમાં ભિખારણને જોઈએ કવિને આવેલા વિચારોને કાવ્યના ક્રમ મુજબ લખે.

(3) વિદ્યાર્થીઓ ઉદાહરણ દઈને સ્પષ્ટ સમજીને સમાસનો વિગ્રહ કરી નામ જણાવે.

- હેતુ અવલોકનક્ષમ હોવો જોઈએ - અવલોકનક્ષમ એટલે અવલોકી શકાય, જોઈ શકાય-મૂલ્યાંકન કરી શકાય તેવા વર્તનનો સ્પષ્ટ ઉલ્લેખ હોવો જોઈએ. શિક્ષણને અંતે વિદ્યાર્થી શું કરી શકશે એટલે કે તેના વર્તનમાં શું પરિવર્તન આવશે તેનો સ્પષ્ટ ઉલ્લેખ હેતુ વિધાનમાં થયેલો હોવો જોઈએ. વિદ્યાર્થી જાણે, સમજે, સમજશે, અર્થગ્રહણ કરે, જ્ઞાનગ્રહણ કરે વગેરે જેવા વર્તનો અસ્પષ્ટ છે. વિદ્યાર્થી જાણે તેમ કહીએ ત્યારે તેણે શું જાણ્યું ? તેણે જાણ્યું કે નહિ ? તે કેવી રીતે જોઈ શકાય. દા.ત. વિદ્યાર્થી જીવરામ ભટ્ટ વિશે જાણે તેમ કહીએ ત્યારે તેણે જીવરામ ભટ્ટ વિશે શું જાણ્યું ? જાણ્યું કે નહિ ? તેની શિક્ષકને કેવી રીતે ખબર પડે ? માટે આ હેતુની રચના આ રીતે કરી શકાય. વિદ્યાર્થીઓ જીવરામ ભટ્ટના મિથ્યાભિમાન સંબંધી ઘટનાઓ જણાવે.
- ટૂંકમાં હેતુની રચના સમયે શિક્ષણના અંતે વિદ્યાર્થીમાં અવલોકનક્ષમતા જોઈ શકાય તેવા વર્તનનો ઉલ્લેખ થયેલો હોવો જોઈએ. આ માટે નીચે જેવાં ક્રિયાપદો વાપરવા જોઈએ. લખે, કહે, આપે, શોધે, તારવે, ઓળખે, જણાવે, લીટી દોરે, બોલે વગેરે. હેતુના વિધાનમાં અવલોકનક્ષમ વર્તનનો ઉલ્લેખ ન હોય તો હેતુની સંરચના અર્થહીન છે, અવૈજ્ઞાનિક છે.
- હેતુ વિધાનમાં અવલોકનક્ષમ વર્તનનો ઉલ્લેખ કરવાનું કાર્ય શિક્ષક કે પ્રશિક્ષણાર્થીને પક્ષે ખૂબ ઊંડો વિચાર અને સતત પરિશ્રમ માગી લે તેવું છે પણ પૂરતો મહાવરો કરવાથી આ કાર્ય થઈ શકે તેવું છે. શિક્ષણના અંતે વિદ્યાર્થી શું કરી શકશે તે વિચારીએ એટલે પ્રત્યેક હેતુના અવલોકનક્ષમ વર્તનનો ઉલ્લેખ કરી શકીએ.
- હેતુ સંરચનામાં અવલોકનક્ષમ વર્તનનો ઉલ્લેખ અનિવાર્ય પણ હોવો જોઈએ. ગોળ ગોળ હેતુઓને બદલે અવલોકનક્ષમ વર્તનના સ્પષ્ટ ઉલ્લેખવાળા હેતુઓ જ શિક્ષણક્રિયાને સફળ બનાવે છે. અવલોકનક્ષમ વર્તનના ઉલ્લેખને પરિણામે સમગ્ર શિક્ષણક્રિયાનું દરેક કાર્ય વિચારપૂર્વકનું બની રહેશે. તેથી હેતુ સંરચનામાં વિદ્યાર્થીના અવલોકનક્ષમ વર્તનોના સ્પષ્ટ ઉલ્લેખો હોવાની બાબત પર ભાર મૂકવો જરૂરી છે.
- માતૃભાષા શિક્ષણના સામાન્ય હેતુઓમાં સાહિત્યકૃતિનો આસ્વાદ કે સાહિત્યકૃતિમાં રસ કેળવવાનો-ભાવાત્મક હેતુની સંરચનામાં કયા અવલોકનક્ષમ વર્તનનો ઉલ્લેખ કરવો તે પ્રશ્ન શિક્ષક સમક્ષ આવે છે. આ માટે શિક્ષકની સજાગ વિચારણા જરૂરી છે. સાહિત્યકૃતિમાં વિદ્યાર્થીને રસ પડે તો તે શું શું કરશે ? તે વિચારવું જોઈએ. આ વિચારણાને અંતે અવલોકનક્ષમ વર્તનો મળી જ રહે છે. કૃતિ-શિક્ષણના અંતે વિદ્યાર્થીને કૃતિ ગમી કે નહિ તેનો મૌલિક કે લેખિત અહેવાલ આપે, તેને કૃતિ ગમે કે ન ગમે તેનો ખ્યાલ તેના મુખ પરના ભાવો જોવાથી આવી શકે. જો તે કૃતિ અંગે હકારાત્મક ભાવ દર્શાવે તો તેને કૃતિ ગમી તેમ કહેવાય અને નકારાત્મક ભાવ દર્શાવે તો તેને કૃતિ ગમી નથી, કેટલીકવાર કૃતિ ગમી હોય તો તે વિદ્યાર્થી સાથે કે શિક્ષક સાથે ચર્ચા કરશે, કૃતિની ચોક્કસ બાબતો તરફ ધ્યાન કેન્દ્રિત કરશે. આમ, ભાવાત્મક હેતુઓ બાબતે પણ ચોક્કસ વિચારણા કરવામાં આવે તો અવલોકનક્ષમ વર્તનનો ઉલ્લેખ કરી શકાય.

- અવલોકનક્ષમ વર્તન કઈ પરિસ્થિતિમાં, કેવા સંજોગોમાં, કેવી રીતે પ્રગટશે તે પણ હેતુવિધાનમાં સ્પષ્ટ કરવું જોઈએ. દા.ત. વિદ્યાર્થી જીવરામ ભટ્ટ જમવા બેઠા નાટ્યખંડની ઘટનાઓને લગતા આડાઅવળા ક્રમે લખેલાં વિધાનોને નાટ્યખંડ વાંચન પછી નાટ્યખંડના ઘટનાક્રમ મુજબ ગોઠવીને લખો.
- ઉપરોક્ત હેતુમાં નાટ્યખંડ વાચન પછી પરિસ્થિતિ સંજોગોનો નિર્દેશ કરે છે અને નાટ્યખંડના ઘટનાક્રમ મુજબ કેવી રીતેનો નિર્દેશ કરે છે.
- અવલોકનક્ષમ વર્તનનું લઘુત્તમ સ્તર હેતુવિધાનમાં જણાવવું જોઈએ.

  વિદ્યાર્થી શિક્ષણને અંતે અવલોકનક્ષમ વર્તનના ઓછામાં ઓછા કયા સ્તરને પ્રાપ્ત કરે તો હેતુસિદ્ધ થયો તેમ ગણવો. ઝો સ્પષ્ટ રીતે જણાવવું જોઈએ. જો લઘુત્તમ સ્તરનો ઉલ્લેખ થયો ન હોય તો મૂલ્યાંકન શી રીતે કરવું ? કયા માપદંડોને આધારે કરવું તે અંગે અસ્પષ્ટતા રહે. આથી અવલોકનક્ષમ વર્તનનો ઉલ્લેખ જરૂરી છે. દા.ત. વિદ્યાર્થીએ આપેલા પાંચ ઉદાહરણોમાંથી ત્રણ ઉદાહરણોના છંદ ઓળખી બતાવે. આ ઉદાહરણમાં પાંચમાંથી ત્રણના છંદ ઓળખે તે શબ્દો લઘુત્તમ સ્તર દર્શાવે છે.
- હેતુ વિધાનમાં વિષયવસ્તુનો ઉલ્લેખ સ્પષ્ટ રીતે થયેલો હોવો જોઈએ.

  શિક્ષણના અંતે વિદ્યાર્થીનું વર્તન પ્રગટ થશે તે વિષયવસ્તુ સાથે સંબંધિત હશે. આપણે જે વિષયવસ્તુ શીખવીએ છીએ તે વિષયવસ્તુના સંદર્ભમાં વર્તન-પરિવર્તન લાવવા ઈચ્છીએ છીએ. આથી હેતુ વિધાનમાં વિષયવસ્તુનો ઉલ્લેખ થયેલો હોવો જોઈએ. દા.ત. વિદ્યાર્થીઓ જીવરામ ભટ્ટ જમવા બેઠા પાઠની ઘટનાઓને ક્રમમાં ગોઠવશે. આમાં જીવરામ ભટ્ટ જમવા બેઠા પાઠની ઘટનાઓ શબ્દો વિષયવસ્તુનો ઉલ્લેખ કરે છે.
- હેતુઓ નિશ્ચિત સમયમર્યાદામાં સિદ્ધ થઈ શકે તેવા હોવાં જોઈએ.
- હેતુની સંરચનામાં વાસ્તવિકતા અંગે ધ્યાન રાખવું જોઈએ. ખોટા રંગરોગાન કરીને કે મોટી મોટી અપેક્ષાઓ રાખતા હેતુ સિદ્ધ થતા નથી. આથી વિદ્યાર્થીઓની કક્ષા, વિદ્યાર્થીઓની શક્તિ અને મર્યાદાને ધ્યાનમાં લઈ હેતુની રચના કરવી જોઈએ.
- બે ત્રણ હેતુ સાથે ન લખતાં સ્વતંત્ર સ્વરૂપમાં લખવા જોઈએ.

  દા.ત. 'ચિતારો' કાવ્યને આધારે ચિતારોની ઓળખ જણાવી તેણે કરેલાં કાર્યો જણાવે. આ હેતુમાં બે બાબતોની ઓળખ અને કાર્યો જણાવવાની વાત કરવામાં આવી છે તે યોગ્ય નથી. ફક્ત એક જ બાબત જણાવવી જોઈએ.
- શિક્ષણકાર્યના હેતુઓની સંરચના સમયે બધા જ પ્રકારના હેતુઓને પ્રાધાન્ય આપવું જોઈએ.

  શિક્ષણકાર્યના હેતુઓ ત્રણ પ્રકારના છે. (1) જ્ઞાનાત્મક (2) ભાવાત્મક (3) ક્રિયાત્મક. આ ત્રણેય પ્રકારના હેતુઓને કોઈપણ એકમ શીખવતી વખતે ધ્યાનમાં રાખી હેતુ સંરચના કરવી જોઈએ. માતૃભાષાના હેતુઓની સંરચનામાં જ્ઞાનાત્મક અને ભાવાત્મક હેતુઓ જ વિચારાય છે. અગાઉની ચર્ચા જો ધ્યાનથી જોશો તો ખ્યાલ આવશે કે ભાષામાં ક્રિયાત્મક હેતુઓ પણ છે. તેને ધ્યાનમાં લઈ હેતુઓની સંરચના કરવી જોઈએ.

**હેતુઓની ચકાસણી માટે..**

- વિદ્યાર્થી શું કરી શકશે ? કયું અવલોકનક્ષમ વર્તન કરશે ?
- વિદ્યાર્થી કઈ પરિસ્થિતિમાં વર્તન કરશે ?
- વિદ્યાર્થીના વર્તનનું મૂલ્યાંકન શી રીતે થશે ?
- અવલોકનક્ષમ વર્તનનું લઘુત્તમ સ્તર કયું છે ?

આ ચાર પ્રશ્નોના જવાબ હેતુ વિધાનમાંથી મળે તો હેતુઓ સ્પષ્ટ અને વૈજ્ઞાનિક રીતે રચાયેલા છે તેમ કહી શકાય.

- શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં હેતુઓ કેન્દ્રસ્થાને છે. શૈક્ષણિક હેતુઓને આધારે શૈક્ષણિક પદ્ધતિ, શૈક્ષણિક-પ્રયુક્તિઓ, શૈક્ષણિક-પ્રવૃત્તિઓ, શૈક્ષણિક સાધનો અને શૈક્ષણિક સંદર્ભોની પસંદગી વર્ગશિક્ષણ માટે કરી શકે છે. અપેક્ષિત સિદ્ધિના મૂલ્યાંકનનો આધાર પણ હેતુ છે ત્યારે શૈક્ષણિક હેતુઓની સંરચના યોગ્ય રીતે થાય અને સિદ્ધિ મેળવવા માટેના પ્રયાસો પણ કરી શકાય.

## 4.7 તમારી પ્રગતિ ચકાસો

**નીચેના પ્રશ્નોના જવાબ આપેલી જગ્યામાં લખો.**

**1. શૈક્ષણિક હેતુ એટલે શું ?**

..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................

**2. શૈક્ષણિક હેતુનું મહત્ત્વ દર્શાવતા ત્રણ મુદ્દા લખો.**

..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................

**3. જ્ઞાનાત્મક હેતુઓ કયા કયા છે ?**

..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................

**4. ભાવાત્મક હેતુઓ કયા કયા છે ?**

..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................
..................................................................................

5. **ક્રિયાત્મક હેતુ એટલે શું ?**

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

6. **વિશિષ્ટ હેતુનો અર્થ આપો.**

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

7. **વર્તન પરિવર્તન એટલે શું ?**

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

8. **સંરચિત હેતુ રચવા મહત્ત્વની કઈ બે બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ?**

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

9. **હેતુની રચના યોગ્ય છે કે અયોગ્ય તે તપાસવા પ્રશ્નો પૂછવા જોઈએ ?**

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 4.8 સારાંશ

શૈક્ષણિક હેતુ એટલે શિક્ષણકાર્યને અંતે પ્રાપ્ત કરવા ધારેલાં પરિણામો, વિદ્યાર્થીમાં લાવવા ધારેલા

વર્તન ફેરફારો-ઈચ્છનીય પરિવર્તનો. હેતુ નિર્ધારણ માટે વિષયવસ્તુ, તેનું સ્વરૂપ, બાળકની માનસિક કક્ષા, સમાજ-રાષ્ટ્રની જરૂરિયાતો, હેતુ સિદ્ધ કરવાની પદ્ધતિ-પ્રયુક્તિઓ, હેતુની દિશા, હેતુ સિદ્ધિ માટેની ક્રિયા અને ક્રિયાથી આવનારા પરિવર્તનો-પરિણામોને ધ્યાનમાં લેવામાં આવે છે.

- હેતુ સંરચનાથી પદ્ધતિ-પ્રવૃત્તિઓ, પ્રયુક્તિઓ, સંદર્ભસામગ્રી, શૈક્ષણિક સાધનોની પસંદગી કરી શકાય છે. શિક્ષણપ્રક્રિયાનું નિયમન, વર્ગશિક્ષણ પ્રક્રિયા અને મૂલ્યાંકન પ્રયુક્તિઓ અંગે વિચાર થઈ શકે છે.
- કેળવણીની જેમ માતૃભાષા શિક્ષણના પણ સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ હોય છે. માતૃભાષાના શિક્ષકે ભાષા કૌશલ્યોના સંદર્ભમાં સામાન્ય હેતુઓ અને તેના વિશિષ્ટ હેતુઓને લક્ષમાં રાખી શિક્ષણકાર્ય કરવું જોઈએ. જે-તે એકમનું શિક્ષણકાર્ય કર્યા પછી કેવું પરિણામ મેળવવાની અપેક્ષા છે તે નક્કી કરીએ એટલે હેતુ નક્કી કર્યા કહેવાય. હેતુઓને નજરમાં રાખીને જ સિદ્ધિના લક્ષ્યને આંબવા પ્રયત્ન કરવા જોઈએ. કોઈ નિશ્ચિત સમયમર્યાદામાં સિદ્ધ થઈ શકે તે હેતુ અને જેવી સિદ્ધિ માટે લાંબા સમય સુધી રાહ જોવી પડે તે ધ્યેય.
- ભાષાશિક્ષણના હેતુઓને મુખ્ય ત્રણ વિભાગોમાં વહેંચી શકાય. (1) જ્ઞાનાત્મક જેમાં જ્ઞાન, સમજ, ઉપયોજન, વિશ્લેષણ, સંયોજન અને મૂલ્યાંકન જેવા હેતુઓ સમાવિષ્ટ છે. (2) ભાવાત્મક હેતુઓના ગ્રહણ, પ્રતિચાર, મૂલ્યઅધિગ્રહણ, સંગઠન અને વ્યક્તિત્વ નિર્માણ જેવા પાંચ વિભાગો છે. (3)મનોશારીરિક કે ક્રિયાત્મક હેતુઓ જેમાં ક્રિયાની વિચારણા સંકળાયેલી છે.
- માતૃભાષામાં સામાન્ય હેતુઓમાં જ્ઞાન - અર્થગ્રહણ, ઉપયોજન, અભિવ્યક્તિ અને આનંદ કે રસ દર્શન જેવા હેતુ છે. સામાન્ય હેતુઓની સિદ્ધિ અર્થે વિશિષ્ટ હેતુઓ તાસશિક્ષણને ધ્યાનમાં લઈ રચવાના હોય છે. હવે નવા સંદર્ભે વર્તન-પરિવર્તનના સદર્ભે હેતુ સંરચના કરવામાં આવે છે. વર્તન-પરિવર્તન એટલે શિક્ષણકાર્યની નીપજ કે પરિણામ. વર્તનપરિવર્તન શિક્ષણકાર્યને અંતે શું પરિણામ મળશે તે દર્શાવે છે. તેને બીજા શબ્દોમાં સંરચિત હેતુઓ પણ કહી શકાય, જે દરરોજના તાસના વિષયવસ્તુને ધ્યાનમાં લઈ વિશિષ્ટ હેતુઓને આધારે વિદ્યાર્થીઓના વર્તન પરિવર્તનમાં લાવવા ધારેલા પરિવર્તનોના પરિણામોના સંદર્ભમાં રચવામાં આવે છે.
- હેતુની રચના કરવા માટે નીચે જેવા મુદ્દાઓ ધ્યાનમાં લેવા જોઈએ (1) હેતુ વિધાન સ્વરૂપે હોવો જોઈએ (2)હેતુ અવલોકનક્ષમ હોવો જોઈએ (3) અવલોકનક્ષમ વર્તન કઈ પરિસ્થિતિમાં કેટલી રીતે પ્રગટશે તે સ્પષ્ટ કરવું જોઈએ (4)અવલોકનક્ષમ વર્તનનું લઘુત્તમ સ્તર જણાવવું જોઈએ (5) વિષયવસ્તુનો ઉલ્લેખ હોવો જોઈએ (6) સ્વતંત્ર હેતુ જ લખવા (7)સમયમર્યાદાને ધ્યાનમાં લઈ રચવા (8) બધા જ પ્રકારના હેતુને ધ્યાનમાં લઈ રચવા (9) હેતુ શિક્ષણના વ્યાપક ધ્યેયોને અનુરૂપ હોવા જોઈએ.
- વિદ્યાર્થી શું કરી શકશે ? કયું અવલોકનક્ષમ વર્તન કરશે ? કઈ પરિસ્થિતિમાં વર્તન કરશે ? વર્તનનું મૂલ્યાંકન શી રીતે થશે ? વર્તનનું લઘુત્તમ સ્તર કયું છે ? જેના પ્રશ્નોથી હેતુ વૈજ્ઞાનિક રીતે રચાયો છે કે નહિ ? તેની ચકાસણી થઈ શકે છે.

## 4.9 સ્વાધ્યાય

1. શૈક્ષણિક હેતુની સંકલ્પના સ્પષ્ટ કરો.
2. શૈક્ષણિક હેતુઓનું મહત્ત્વ જણાવો.
3. શૈક્ષણિક હેતુઓ અને શિક્ષણના ધ્યેયો વચ્ચેનો તફાવત આપો.
4. શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ કરો.
5. બેન્જામીન બ્લૂમે હેતુઓનું કરેલું વર્ગીકરણ વિગતે સમજાવો.

6. સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

7. વર્તન પરિવર્તનના સંદર્ભમાં વિશિષ્ટ હેતુઓ અંગે સ્પષ્ટતા કરો.

8. હેતુઓની રચના સમયે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખશો ? ઉદાહરણ સહિત સમજાવો.

9. કોઈપણ એક એકમને ધ્યાનમાં રાખી સામાન્ય હેતુઓના સંદર્ભમાં વિશિષ્ટ હેતુઓ અને વર્તન પરિવર્તનના સંદર્ભમાં હેતુઓની રચના કરો.

## 4.10 ચર્ચા માટેના મુદ્દાઓ

1. પાઠ આયોજનમાં હેતુઓની રચના કરવી જોઈએ કે નહીં તે સંદર્ભમાં ચર્ચા કરો.

2. ધ્યેયો સમગ્ર શિક્ષણને સ્પર્શે છે જ્યારે હેતુઓ વર્ગશિક્ષણને સ્પર્શે છે. વિધાન સંદર્ભે ચર્ચા કરો.

3. કોઈ એક એકમના સંદર્ભમાં હેતુ સંરચના કરી તેને અનુરૂપ કઈ પદ્ધતિ, પ્રવૃત્તિ, શૈક્ષણિક સાધન પ્રયોજી શકાશે તે વિશે વિચારણા કરો.

4. માતૃભાષા શિક્ષણમાં સંરચિત હેતુઓની સિદ્ધિ માટે કઈ કઈ પ્રવૃત્તિઓ યોજી શકાશે તે સંદર્ભે ચર્ચા કરો.

## 4.11ચાવીરૂપ શબ્દો

**ઉદ્દેશો :** સમગ્ર શિક્ષણના અંતે સિદ્ધ થાય તેવા હેતુઓ.

- સામાન્ય હેતુઓ - વિષયના સંદર્ભમાં, વર્ગશિક્ષણ માટે નિશ્ચિત કરાયેલા અધ્યાપન હેતુઓ એટલે સામાન્ય હેતુઓ.
- વિશિષ્ટ હેતુઓ - સામાન્ય હેતુઓની પરિપૂર્તિ અર્થે, વિષયવસ્તુના સંદર્ભે, એક તાસને અંતે સિદ્ધ થઈ શકે તેવા હેતુઓ એટલે વિશિષ્ટ હેતુઓ.
- સંરચિત હેતુઓ - રોજબરોજના શિક્ષણના સંદર્ભે, વિષયવસ્તુના સંદર્ભે, વિશિષ્ટ હેતુઓને આધારે, એક તાસના અંતે વિદ્યાર્થીઓના વર્તન-પરિવર્તનમાં જે વર્તન ફેરફારોની અપેક્ષા હોય - એટલે કે શિક્ષણના અંતે જે પરિણામો મેળવવા ઈચ્છતા હોય તે દર્શાવતા વિધાનો એટલે સંરચિત હેતુઓ.
- અવલોકનક્ષમ - જેનું પરિણામ સ્વરૂપે નિરીક્ષણ થઈ શકે. જે જોઈ શકાય તેવા હોય તે.
- મૂલ્યાંકનક્ષમ - જેનું મૂલ્યાંકન થઈ શકે તેવા હોય તે - જેની ચકાસણી કરવામાં સુલભતા-સરળતા રહે તેવા.

## 4.12 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. ત્રિવેદી ગુણવંત, ભાષાશિક્ષણની પ્રક્રિયા, પ્રથમ આવૃત્તિ, (અમદાવાદ, રાજ્ય શિક્ષણજીવન 1969)

2. જોષી કનૈયાલાલ, ગુજરાતી અધ્યાપનના સાંપ્રત પ્રવાહો, (બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ પ્રથમ આવૃત્તિ-1972)

3. આકૂવાલા સી. કે., ગુજરાતીનું અભિનય અધ્યાપન, (નીરવ પ્રકાશન, અમદાવાદ, બીજી આવૃત્તિ-1988-89)

4. Bloom, Benjamin s. Taxonomy of Education, (New york, David Mekay, 1956)

5. Mackey, William francis, Language Teaching Analysis, second impression, (London, ongmans, Grcen and co. Ltd. 1966)

6. Sax, Gilbert, Principles of educational measurement and evaluation, (Belmont, wades worth publishing company, lath.)

7. Gage M.V. and Berliner D.C., Educational Psychology, first exition, (Chicago, randmcnally college publishing company 1975.)

8. Francis Haiel, language in teaching and learning, first Edition, (London,George, Allen and Unwin, 1977.)

9. Pierce w.d. and Lorber, MA : objectives and methods for secondary Teaching, first Edition, (New jersey, prenice hall, inc.Englewood eliffs : 1977.)

## 4.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. જુઓ 4.2
2. જુઓ 4.3
3. જુઓ 4.5.1
4. જુઓ 4.5.2
5. જુઓ 4.5.3
6. જુઓ 4.6.2
7. જુઓ 4.6.5
8. જુઓ 4.6.6
9. જુઓ 4.6.6

એકમ 5

# માતૃભાષા શિક્ષણનું આયોજન

## : રૂપરેખા :

5.0 ઉદ્દેશો

5.1 પ્રસ્તાવના

5.2 શૈક્ષણિક આયોજન

5.2.1 શૈક્ષણિક આયોજનની સંકલ્પના

5.2.2 શૈક્ષણિક આયોજનના પ્રકારો

5.2.3 શૈક્ષણિક આયોજનનું મહત્ત્વ

5.2.4 શૈક્ષણિક આયોજનની જરૂરિયાત

5.2.5 શૈક્ષણિક આયોજન માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા

5.3 તાસ આયોજન

5.3.1 તાસ આયોજન સંકલ્પના

5.3.2 તાસ આયોજનનું મહત્ત્વ

5.3.3 તાસ આયોજનની પૂર્વશરત

5.3.4 તાસ આયોજનનાં સોપાનો

5.4 એકમ આયોજન

5.4.1 પ્રસ્તાવના

5.4.2 અર્થ અને સંકલ્પના

5.4.3 સિદ્ધાંતો

5.4.4 પ્રકારો

5.4.5 મહત્ત્વ

5.4.6 એકમ આયોજનના સોપાનો

5.5 સારાંશ

5.6 સ્વાધ્યાય

5.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો

5.8 તમારી પ્રગતિના ચકાસોના જવાબો

## 5.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે...

1. એકમનો પરિચય મેળવી શકશો.
2. શૈક્ષણિક આયોજનની સંકલ્પના સમજી શકશો.
3. શૈક્ષણિક આયોજનના પ્રકારો વિશે માહિતી મેળવશો.
4. શૈક્ષણિક વાર્ષિક આયોજનમાં ધ્યાનમાં રાખવાની બાબતો જાણી શકશો.
5. શૈક્ષણિક વાર્ષિક આયોજનથી થતા લાભોનો ખ્યાલ મેળવશો.

6. શૈક્ષણિક આયોજનનાં સોપાનો વિશે જાણશો.
7. શૈક્ષણિક આયોજનના મહત્ત્વ વિશે જાણશો.
8. શૈક્ષણિક આયોજન માટે જરૂરિયાત વિશે સમજી શકશો.
9. શૈક્ષણિક આયોજન માટે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ જાણી શકશો.
10. તાસ આયોજનની સંકલ્પના સમજી શકશો.
11. તાસ આયોજનનું મહત્ત્વ જાણી શકશો.
12. તાસ આયોજનની પૂર્વશરતોથી માહિતગાર થશો.
13. તાસ આયોજનના વિવિધ અભિગમોની સમજ મેળવી શકશો.
14. પાઠ આયોજનના પ્રકારો વિશે માહિતી મેળવી શકશો.
15. તાસ-આયોજનના સોપાનોની વિસ્તૃત સમજ મેળવી શકશો.
16. વિષયવસ્તુની સંકલ્પના, વિષયવસ્તુનું પૃથક્કરણ, વિષયવસ્તુના મુદ્દાના લેખન અંગે સમજ મેળવશો.
17. વિષયાભિમુખ (પ્રારંભ)ની સંકલ્પના, મહત્ત્વ, લક્ષણો, પ્રયુક્તિઓ આધાર વિશે સ્પષ્ટ થઈ શકશે.
18. વર્ગમાં વિષયાંગની ચર્ચા સંદર્ભમાં પ્રયુક્તિઓ, નવા શબ્દોની ઓળખ પ્રયુક્તિઓથી જ્ઞાન થઈ શકશે.
19. લેખન ફલકનોંધની સંકલ્પના, મહત્ત્વ, ઘટકો વિશે માહિતી મેળવી શકશો.
20. ગદ્ય શિક્ષણમાં અપનાવવા જેવી બાબતોથી પરિચિત થઈ શકશો.
21. એકમ-આયોજનની સંકલ્પના, મહત્ત્વ, સિદ્ધાંતો વિશે સ્પષ્ટ થઈ શકશો.
22. એકમ આયોજન અને પાઠ આયોજન વચ્ચેનો તફાવત સમજી શકશો.
23. એકમ આયોજનના સોપાનોની સમજ મેળવી શકશો.

## 5.1 પ્રસ્તાવના

કોઈપણ કાર્યને સાકાર કરવા યોજના બનાવી, તેની પ્રત્યેક નાની હકીકતો અને વિગતોનો વિચાર કરવો તથા એ સૌના અમલ માટે તબક્કાવાર વિવિધ પ્રયુક્તિઓનો વિચાર કરી લેવો અને તે સઘળું દક્ષતાપૂર્વક પૂર્ણ થયા પછી કયા પરિણામોની નિષ્પત્તિ થશે તે નક્કી કરવું - આ પ્રકારની પ્રક્રિયાને આયોજન કહેવામાં આવે છે.

ક્યાં જવું છે ? લક્ષ્યાંક કઈ રીતે પ્રાપ્ત કરવા છે ? લક્ષ્યાંકે પહોંચવા કોની કોની સહાય લેવાની છે ? કેટલી સહાય લેવાની છે ? લક્ષ્યાંકે પહોંચવામાં કયા અવરોધો આવશે ? એ અવરોધો દૂર કરવા શું થઈ શકે ? વગેરેનો માનસિક વિચાર કે ચિંતન કરવું એ જ આયોજન.

કોઈપણ પ્રવૃત્તિ કે આયોજનને સફળતાપૂર્વક પાર પાડવા માટે તેના વિવિધ પાસાંઓનું ઝીણવટભર્યું ચિંતન કરી, તેના આધારે એક તલસ્પર્શી, સુવ્યવસ્થિત નોંધ તૈયાર કરવી તેને આયોજન કહેવામાં આવે છે.

## 5.2 શૈક્ષણિક આયોજન :

આયોજન એ કાર્યની ઉત્તમ સફળતા માટેની ગુરૂ ચાવી છે. સાહિત્ય, સંગીત, રમતગમત ઈત્યાદિ કલાઓમાં પારંગત થયેલ વ્યક્તિ સફળ આયોજનને વરેલી હોય છે. સરકાર પણ રાષ્ટ્રના સામાજિક, આર્થિક, શૈક્ષણિક, ઔદ્યોગિક, વૈજ્ઞાનિક વગેરેના વિકાસ માટે ટૂંકા અને લાંબાગાળાનાં આયોજનો કરે છે. આમ, કોઈપણ ક્ષેત્રની સફળતા માટે કાર્યની પૂર્વવિચારણા કરવી તે આયોજન.

### 5.2.1 શૈક્ષણિક આયોજનની સંકલ્પના :

શિક્ષણ એક પ્રક્રિયા છે. તે પ્રક્રિયાને સફળ બનાવવા માટે આયોજન કરવું જરૂરી બને છે. શિક્ષણની પ્રક્રિયા સંકુલ અને અત્યંત સૂક્ષ્મ છે. શિક્ષણની સાથે અનેક બાબતો સંકળાયેલી છે. ત્યારે શિક્ષણની પ્રત્યેક બાબતો અંગે આયોજન વિચારવું પડે.

શૈક્ષણિક આયોજન એટલે શિક્ષણની દરેક બાબતો કે ક્ષેત્રો અંગેની વિચારણાપૂર્વકની નોંધ. શિક્ષણના ક્ષેત્રને સફળ બનાવવાની સફરનું આયોજન એટલે શૈક્ષણિક આયોજન. શિક્ષણ ક્ષેત્રે અસરકારકતા અને પ્રગતિ કરવા માટેના વિવિધ માર્ગો અને કાર્ય પદ્ધતિઓની વિચારણા અને તેના અમલીકરણ અંગેનું ચિંતન એ જ શૈક્ષણિક આયોજન. શિક્ષણના સંદર્ભે ભવિષ્યમાં કરવાના કાર્યોનો, તેના ઉદ્દશોની સિદ્ધિઓનો, તેની પદ્ધતિનો, જરૂરી સાધન સામગ્રીનો, વિવિધ પ્રયુક્તિઓનો, તેની સાથે સંકળાયેલ સંસ્થાઓ અને વ્યક્તિઓના ચિંતનયુક્ત વિચારનું આલેખન એટલે શૈક્ષણિક આયોજન. શિક્ષણકાર્યને અસરકારક અને સફળ બનાવવા માટે શિક્ષણ સાથે સંકળાયેલ વિવિધ પાસાંઓની વિચારણા અને ગૂંથણીને શૈક્ષણિક આયોજન કહેવાય.

શિક્ષણની વર્તમાન પરિસ્થિતિ, વર્તમાન પરિસ્થિતિમાંથી ભવિષ્યમાં કઈ પરિસ્થિતિએ પહોંચવું છે ? (લક્ષ્યાંક નક્કી કરવો) લક્ષ્યાંક નક્કી કર્યા બાદ તેને પ્રાપ્ત કરવાની પદ્ધતિ - પ્રવિધિ અને પ્રયુક્તિની વિચારણા, લક્ષ્યાંક પ્રાપ્ત કરવા કોને કોને, ક્યાં અને કેવી રીતે સાંકળવા, લક્ષ્યાંકની આડે આવતા અવરોધો અંગે વિચારણા, અવરોધોને દૂર કરવાની વિચારણા. આમ, દરેક તબક્કે સફળતા માટે માનસિક રીતે વિચારવું કે ચિંતન કરવું એટલે શૈક્ષણિક આયોજન. ટૂંકમાં હોય તો શિક્ષણમાં પ્રગતિ માટે તેનાં વિવિધ પાસાંઓનું ઝીણવટભર્યું ચિંતન, આ ચિંતનની તલસ્પર્શી, સુવ્યવસ્થિત નોંધ એટલે શૈક્ષણિક આયોજન.

### 5.2.2 શૈક્ષણિક આયોજનના પ્રકારો

શૈક્ષણિક આયોજનના પ્રકારો અંગે નીચે મુજબ વિચારી શકાય.

1. **રાષ્ટ્રીય શૈક્ષણિક આયોજન**

   સમગ્ર રાષ્ટ્રના શિક્ષણના વિકાસ માટે કરવામાં આવતા આયોજનને રાષ્ટ્રીય શૈક્ષણિક આયોજન કહેવાય.

2. **રાજ્ય (પ્રાદેશિક) શૈક્ષણિક આયોજન**

   સમગ્ર રાજ્યના શિક્ષણ વિકાસના આયોજનને આધારે દરેક રાજ્ય શિક્ષણના વિકાસ માટેનું આયોજન કરે તે પ્રાદેશિક શૈક્ષણિક આયોજન.

3. **જિલ્લા સ્તરે શૈક્ષણિક આયોજન**

   રાજ્યના આયોજનની સફળતા માટે જિલ્લા સ્તરે કરવામાં આવતું આયોજન.

4. **તાલુકાનું શૈક્ષણિક આયોજન**

   રાજ્યના શૈક્ષણિક આયોજનની સફળતા માટે તાલુકા સ્તરે કરવામાં આવતું આયોજન.

5. **ગ્રામ્ય શૈક્ષણિક આયોજન**

   આયોજનના સંદર્ભે શાળામાં કરવાની પ્રવૃત્તિઓ, શિક્ષણકાર્ય અંગેનું આયોજન.

6. **વાર્ષિક આયોજન**

   રાષ્ટ્ર, રાજ્ય જિલ્લા તાલુકા કે શાળામાં વર્ષ દરમ્યાન કરવામાં આવનાર શિક્ષણને લગતી પ્રવૃત્તિઓનું આયોજન.

   શાળામાં વાર્ષિક આયોજન, અભ્યાસક્રમનું આયોજન, સહાભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન, અન્ય પ્રવૃત્તિઓનું આયોજન, સાધનો અને મકાન સંદર્ભે આયોજન એમ અનેક પાસાં સંદર્ભે આયોજન કરવું પડે છે. બધી જ જગ્યાએ શિક્ષણ-અભ્યાસક્રમ સાથે સંકળાયેલાં છે. શાળા

કક્ષાએ કોઈપણ કક્ષાના અભ્યાસક્રમ સામાન્ય એક વર્ષમાં પૂરો કરવાની શિક્ષક પાસે અપેક્ષા રાખવામાં આવે છે. આ અભ્યાસક્રમ વર્ષ દરમ્યાન યોગ્ય રીતે પૂર્ણ થાય તે માટે શિક્ષણ તેનું વાર્ષિક આયોજન કરે છે. નિશ્ચિત હેતુઓની સિદ્ધિ માટે વિદ્યાર્થીઓમાં ઈચ્છિત પરિવર્તન લાવવા માટે અને સમયમર્યાદામાં અભ્યાસક્રમ પૂરો કરવા માટે વાર્ષિક આયોજન કરવામાં આવે છે. વાર્ષિક આયોજન કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવાની હોય છે.

- અભ્યાસક્રમનો વિસ્તાર
- વર્ષમાં શિક્ષક કાર્ય માટે પ્રાપ્ત દિવસો, રજાના દિવસો, પરીક્ષાના દિવસો, શાળામાં ઉજવાતા ઉત્સવો માટેના દિવસો, પુનરાવર્તન માટેનો સમય વગેરેનો વિચાર કરી લેવો જોઈએ.
- અધ્યાપન કાર્ય દરમ્યાન ઉપયોગી આવશ્યક શૈક્ષણિક સાધનો, સંદર્ભગ્રંથોની સૂચિ તૈયાર કરવી.
- સ્થાનિક, સામાજિક, સાંસ્કૃતિક, ભૌતિક પરિસ્થિતિ ધ્યાનમાં લઈ એકમો શીખવવા માટેના સમયની પસંદગી કરવી. 'વૈશાખનો બપોર' કાવ્ય ઉનાળામાં જ શીખવવા માટેના સમયની પસંદગી કરવી. 'વૈશાખનો બપોર' કાવ્ય ઉનાળામાં જ શીખવવાનો વિચાર કરી શકાય.
- તુલનાત્મક, ક્ષેત્રીયકાર્ય કે અન્ય પ્રવૃત્તિ પણ વિચારી લેવી જોઈએ.
- અધ્યાપન માટેની પદ્ધતિ, પ્રવિધિઓ કે અભિગમોનો વિચાર કરી લેવો.
- અન્ય વિષયો સાથેના અનુબંધનો વિચાર કરવો જોઈએ.
- મૂલ્યાંકન કે સ્વાધ્યાય કાર્ય પણ વિચારી લેવું.
- આયોજન વખતે અન્ય શિક્ષક કે આચાર્ય સાથે ચર્ચા વિચારણા કરી લેવી.
- ટૂંકમાં માસ, કામના દિવસ, અભ્યાસક્રમના એકમ, પેટાએકમ, શૈક્ષણિક સાધનો, સંદર્ભ ગ્રંથો, અધ્યાપન પદ્ધતિઅને પ્રવિધિ, અભિગમો, અધ્યાપન અનુભવો, અનુબંધ, સ્વાધ્યાય, મૂલ્યાંકન વગેરેથી વિચારણા કરીને વાર્ષિક આયોજન તૈયાર કરવું જોઈએ.આ સાથે નીચેની બાબતોનું આયોજન પણ કરવું જોઈએ.
- શાળાના કુલ દિવસ/અવધિનું આયોજન
- નબળા વિદ્યાર્થી પ્રગતિનું આયોજન
- માતૃભાષાનાં અંગોના કાર્યનું આયોજન
- એકમ શિક્ષણનું આયોજન
- પરીક્ષા-મૂલ્યાંકનનું આયોજન
- માર્ગદર્શન - વિસ્તારનું આયોજન
- કૌશલ્યોના વિકાસનું આયોજન
- અધ્યાપન કાર્યનું આયોજન
- અભ્યાસપૂરક પ્રવૃત્તિનું આયોજન, વાર્ષિક આયોજનથી શિક્ષકને, વિદ્યાર્થીને, આચાર્યને અને શાળાને મૂળ લાભ થાય છે.
- કામમાં ચોકસાઈ આવે છે.
- સમયમર્યાદામાં સમગ્ર અભ્યાસક્રમને યોગ્ય ન્યાય આપી શકાય છે.
- ભાવિકાર્યનો અગાઉથી વિચાર કરવામાં આવે છે.
- નિશ્ચિત સમયમાં નિશ્ચિત કાર્ય પૂરું થઈ શકે છે.
- એક જ ધોરણમાં બધા વિભાગોમાં અભ્યાસક્રમનું આયોજન એકસરખું રહે છે.
- શાળા સંચાલનના કેટલાક પ્રશ્નો, પરીક્ષા, પરિણામો, અહેવાલો વગેરે સરળતાથી થઈ શકે છે.

- શિક્ષક કાર્યનો હિસાબ રાખવાનું કાર્ય સરળ બને છે. અંદાજેલા કામની સાથે તેને સરખાવી શકાય છે.
- નવા દાખલ થનાર શિક્ષકને થોડું માર્ગદર્શન મળે છે.
- વાલી અને વિદ્યાર્થીઓ અભ્યાસક્રમના આયોજનની મદદથી યોગ્ય સમયે પોતાનું કાર્ય કરી શકે છે.
- અભ્યાસક્રમ, પરીક્ષા અને વિદ્યાર્થી કેન્દ્રમાં રાખી શકાય.
- વિદ્યાર્થીની વ્યક્તિગત ભિન્નતાને લક્ષમાં લઈ શકાય.
- અનુબંધ સાધવાની તક રહે છે. તેથી શિક્ષણ વધુ જીવંત અને વાસ્તવિક બનાવી શકાય.
- અધ્યયન પ્રવૃત્તિઓ-અનુભવો અંગે પૂર્વવિચારણા થઈ હોવાથી એ વધુ સમૃદ્ધ રીતે અને અસરકારક રીતે આપી શકાય છે.
- પૂર્વ વિચારણાને કારણે વિષય અંગેની સૂઝ વધે છે. પરિણામે આત્મવિશ્વાસ આવે છે અને શિક્ષણ ફળદાયી બને છે.
- દૃઢીકરણ અને પુનરાવર્તન માટે પૂરતો સમય રહે છે.
- શિક્ષણ વધુ વ્યવસ્થિત અને ક્રમબદ્ધ બનાવી શકાય છે.
- વિવિધ પદ્ધતિઓ, પ્રવિધિઓ અને અભિગમોનો ઉપયોગ શક્ય બને છે. પરિણામે શિક્ષણ અસરકારક અને વૈવિધ્યપૂર્ણ બને છે.
- સંદર્ભગ્રંથોના અભ્યાસ માટેનો સમય મળી રહે છે. પરિણામે તેનો યોગ્ય ઉપયોગ શક્ય બને છે.
- માસિક, અઠવાડિક કે દૈનિક આયોજનમાં સરળતા રહે છે.
- વાર્ષિક આયોજનને કારણે શિક્ષક પોતે વિચારેલા આયોજનનું સતત ચિંતન કરી શકે છે. પરિણામે કેટલાક ફેરફાર કરવાનું જરૂરી લાગે તો પણ એ માસિક, અઠવાડિક કે દૈનિક યોજનાને અમલમાં મૂકતાં પહેલાં ફેરફાર કરી શકે છે.
- વાર્ષિક આયોજનનાં ક્રમિક સોપાનો નીચે પ્રમાણે છે.
- આયોજન માટેની તૈયારી અને આયોજનનું કાર્ય

**A. આયોજન માટે તૈયારી અને આયોજનનું કાર્ય :**

સૌ પ્રથમ વિષય શિક્ષણના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓનો વિચાર કરવો જોઈએ. આ વિચારણા વિષય શિક્ષણના લાંબાગાળાના કે ટૂંકાગાળાના હેતુઓને અનુલક્ષીને કરી શકાય, અભ્યાસક્રમો, પદ્ધતિનાં પુસ્તકો, અહેવાલો ઈત્યાદિનો આધાર લઈ સામાન્ય પદ્ધતિ નક્કી કરવામાં આવે છે અને આખરે વિષય શિક્ષણના હેતુઓનું વર્ગીકરણ આ પ્રમાણે કરવામાં આવે છે. જ્ઞાન પ્રાપ્તિ, અર્થગ્રહણ, રસદર્શન અને અભિવ્યક્તિ.

**B. અભ્યાસક્રમની એકમોમાં વહેંચણી :**

અભ્યાસક્રમનું વસ્તુ જોતાં તેમની કેટલીક વિગતો એકબીજાની સાથે સંકળાયેલી હોય છે. તેને એકસાથે ગોઠવવાથી શિક્ષણનો એકમ રચાય છે, આમ પ્રત્યેક એકમ શિક્ષણનો એક સ્વતઃ સંપૂર્ણ ઘટક છે.

એકમનું શિક્ષણકાર્ય પૂરું થયા પછી એકમનું મૂલ્યાંકન કરવામાં આવે છે :-

1. વિષયવસ્તુની એકતા
2. શિક્ષણ માટેની તેની ક્ષમતા
3. તેમાંથી નીપજતું પરિણામ

ગુજરાતીનો અભ્યાસક્રમ જોતાં ગદ્ય, પદ્ય, વ્યાકરણ અને લેખન એવા વિભાગો પાડવામાં આવે છે. તેમાં પણ એક ભાવના પાઠો કે કાવ્યો એમ એકમ બનાવવામાં આવે છે. તેના શિક્ષણ માટે શૈક્ષણિક ઉપકરણો, પ્રયુક્તિઓ સંદર્ભો ઈત્યાદિ નોંધવામાં આવે છે.

**C. એકમો, હેતુઓ અને સમય :**

વાર્ષિક આયોજનમાં વિષય વસ્તુના એકમો, હેતુઓ અને સમયનો વિચાર કરવો જરૂરી છે. હેતુઓ અને એકમો જોતાં દરેકને કેટલું મહત્ત્વ આપવું તે વિચારવું જોઈએ. બધા જ એકમો અને હેતુઓને સરખું મહત્ત્વ આપવામાં આવે તો ખોટું છે. હેતુઓ, એકમો અને સમયને ત્રણેયને એક કોઠામાં મૂકી શકાય.

હેતુઓ

| એકમો | જ્ઞાનપ્રાપ્તિ | અર્થગ્રહણ | રસદર્શન | અભિવ્યક્તિ |
|---|---|---|---|---|
| 1 | | | | |
| 2 | | | | |
| 3 | | | | |
| 4 | | | | |
| 5 | | | | |
| કુલ તાસ | | | | |

માતૃભાષાના શિક્ષણને વર્ષ દરમ્યાન કુલ કેટલાં તાસ મળે તેના આધારે વાર્ષિક આયોજન કરવું જોઈએ. રજાના દિવસે, તહેવારો, ઉત્સવો, પરીક્ષાઓ વગેરે બાદ કરી શિક્ષણકાર્ય માટે મળતા દિવસો અને ગુજરાતીને મળતા અઠવાડિયે કુલ તાસની સંખ્યા જે તે શાળાની સ્થાનિક પરિસ્થિતિપ અનુકૂળતા અને અધિકારીની સૂચના અનુસાર નક્કી કરી શકાય.

ઉદા. ગુજરાતી અઠવાડિયે 5 તાસ મળે છે X કામના અઠવાડિયાના 28 = 145 તાસ મળે. આ 140 અઠવાડિયાને ત્રણ વિભાગમાં વહેંચી શકાય (1) જૂનથી ઓગસ્ટ-45 તાસ + (2) સપ્ટેમ્બર થી ડિસેમ્બર 45 તાસ અને (3) જાન્યુઆરી થી માર્ચ 50 તાસ = કુલ 140 તાસ.

ઉપરોક્ત વર્ગીકરણ મુજબ વિભાગવાર આયોજન બનાવવા નીચે મુજબનો કોઠો તૈયાર કરી શકાય.

| વિભાગ | વિષય વિભાગ | તાસ | એકમ પાઠનું નામ | સાહિત્ય પ્રકાર |
|---|---|---|---|---|
| 1 | ગદ્ય | 16 | - | - |
| 0 | પદ્ય | 8 | - | - |
| 0 | વ્યાકરણ | 9 | - | - |
| 0 | નિબંધ | 12 | - | - |

વિભાગ 2 અને 3 માટે આજ પ્રમાણે આગમ આયોજન થઈ શકે.

અભ્યાસક્રમના વાર્ષિક આયોજનમાં વધુ વિગતોનો સમાવેશ કરવા નીચેની રીતે પણ કોઠો બનાવી શકાય.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| માસ | વિષયાંગ | શૈક્ષણિક | શૈક્ષણિક | શૈક્ષણિક | શૈક્ષણિક | વિશેષ નોંધ |
| કાર્ય | | મુદ્દા | સાધનો | સંદર્ભગ્રંથો | પ્રવૃત્તિઓ | નોંધ |

ઉપર દર્શાવ્યા પ્રમાણે વાર્ષિક આયોજન તૈયાર કરી શકાય.

7. સત્ર આયોજન

શૈક્ષણિક વર્ષ દરમ્યાન બે સત્ર રાખવામાં આવે છે. જેમાં (1) શાળા શરૂ થાય ત્યારથી દિવાળી

સુધીનું સત્ર (૨) દિવાળીની રજા પછીથી વાર્ષિક સુધીનું સત્ર આ બીજા સત્ર માટે વાર્ષિક આયોજનના આધારે સત્ર દરમ્યાન કરવાના કાર્યો - અભ્યાસક્રમ અંગે આયોજન કરવામાં આવે તેને સત્ર આયોજન કહેવામાં આવે છે.

6. માસિક આયોજન

9. દરેક મહિના માટે કરવામાં આવતું આયોજન એટલે માસિક આયોજન.

10. પખવાડિક આયોજન પંદર દિવસનું આયોજન

11. અઠવાડિક આયોજન સાત દિવસનું આયોજન (સોમથી શનિ સુધીનું) આયોજન

12. દૈનિક આયોજન દિવસ દરમ્યાનનું આયોજન. આ માટે દરેક શાળામાં શિક્ષકની દૈનિક આયોજન નોંધપોથીનો ઉપયોગ થાય છે.

### 5.2.3 શૈક્ષણિક આયોજનનું મહત્ત્વ

શિક્ષકની સફરને સફળ બનાવવા આયોજન હોકાયંત્ર સમાન છે. અભ્યાસક્રમરૂપી નાવને નિયત કિનારે પહોંચાડવા માટે આયોજન સમય સૂચકતા પૂરી પાડે છે. આથી આયોજન વિનાનું અધ્યાપન કાર્ય સુકાન વિનાના નાવ જેવું છે. ચોક્કસ આયોજન જ ધ્યેય સિદ્ધ કરે છે. શૈક્ષણિક આયોજનથી નીચે જેવા ફાયદા થાય છે.

- નિશ્ચિત ધ્યેયને પ્રાપ્ત કરી શકાય છે.
- ચોક્કસ કાર્ય પદ્ધતિ નક્કી કરી શકાય છે.
- શિક્ષણકાર્ય નાવીન્યસભર બને છે.
- શિક્ષણકાર્ય દરમ્યાન આવનાર અવરોધોનો ખ્યાલ આવે છે અને તેના નિવારણ કરી શકાય છે.
- કાર્ય ટેવ વિકસે છે.
- અભ્યાસક્રમ નક્કી કરેલા સમયમાં પરિપૂર્ણ કરી શકાય છે.
- શાળામાં ઉપલબ્ધ શૈક્ષણિક સાધનોનો યોગ્ય ઉપયોગ કરી શકાય છે.
- સમય-શક્તિ અને નાણાંનો ઉચિત ઉપયોગ થાય છે.
- સંદર્ભગ્રંથોનો વિનિયોગ કરવામાં આયોજન સહાયક બને છે.
- સૌના સહિયારા પ્રયાસોનો લાભ મેળવી શકાય છે.
- શાળા અને શિક્ષકને પૂરેપૂરું સ્વાતંત્ર્ય મળી રહે છે.
- કેટલીક બાબતોની આગારી અને ચેતવણી મળી શકે છે.
- શિક્ષણનું સાતત્ય જાળવી શકાય છે.

### 5.2.4 શૈક્ષણિક આયોજનની જરૂરિયાત

શૈક્ષણિક આયોજનનું મહત્ત્વ વિશે માહિતી મેળવ્યા પછી શિક્ષણ ક્ષેત્રે આયોજનની જરૂરિયાત સ્વીકારવામાં આવેલ છે. આયોજનની જરૂરિયાતના સંદર્ભ નીચે જેવી બાબતો વિચારી શકાય.

- શાળાની જરૂરિયાતો, શાળાએ અપનાવેલા શિક્ષણના ધ્યેયો, શાળાનું તત્ત્વજ્ઞાન વગેરે સાહજિકતાથી સિદ્ધ કરી શકાય છે.
- શાળામાં સાધનો, સમાજનાં સાધનો અને માનવસંપત્તિને વધુમાં વધુ પ્રમાણમાં ઉપયોગ કરી શકાય છે.
- શાળા સમાજના બધા જ સભ્યો, શાળા સાથે સંબંધ ધરાવતી વ્યક્તિઓ અને સંસ્થાઓનો ફાળો નિશ્ચિત સ્વરૂપમાં મેળવવાનો એક સહિયારો પ્રયાસ કરી શકાય છે.
- શાળાની વિશિષ્ટતા સ્પષ્ટ નજરે તરી આવે છે અને શાળાની આગવી ભાતને પ્રતિબિંબિત કરી શકાય છે.

- શિક્ષણ વિકાસ અને સુધારાની પ્રક્રિયાનાં દર્શન કરાવી શકાય છે.
- શાળા અને સમાજ વચ્ચેનો જીવંત સંપર્ક ઊભો કરી શકાય છે.
- વિદ્યાર્થીઓ, શિક્ષકો, સમાજ અને સંચાલક મંડળને ઉત્તપ્રેરણા મળી શકે છે.

**5.2.5 શૈક્ષણિક આયોજન માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા**

વાર્ષિક આયોજન હોય કે તાસ આયોજન હોય તેમાં ત્રણ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

1. સમયમર્યાદા
2. વિષયવસ્તુ
3. પદ્ધતિ

**1. સમયમર્યાદા :**

માધ્યમિક શાળામાં ભાષાશિક્ષણના આયોજન માટે સમય અંગે વિચારણા કરવી જોઈએ. શાળાને સમયની ફાળવણી નક્કી કરીને આપવામાં આવે છે. શાળા, તેમાં ખાસ કોઈ ફેરફાર કરી શકતી નથી. તેનું અનુકરણ જ કરવાનું હોય છે. માતૃભાષાના શિક્ષણ માટે માધ્યમિક શાળામાં ૫ તાસ ફાળવવામાં આવે છે. તેને કુલ શૈક્ષણિક દિવસો અનુસાર વિચારીએ તો કેટલા દિવસનું - તાસનું શિક્ષણકાર્ય થશે.

| | |
|---|---|
| વર્ષના કુલ દિવસો | 80 |
| રવિવાર | 42 |
| એપ્રિલ પરીક્ષાના દિવસો | 25 |
| શાળા શરૂ થાય ત્યારના દિવસો | 06 |
| અન્ય કસોટીના દિવસો | 12 |
| ઉત્સવના દિવસો | 10 |
| અણધાર્યા પ્રસંગ દિવસો | 10 |
| કુલ દિવસો | 185 |

આમ સમગ્ર વર્ષ દરમ્યાન 180 દિવસ શિક્ષણકાર્ય માટે મળશે. તેમાં ફક્ત 135 દિવસ માતૃભાષાના શિક્ષણ માટે મળશે. તેમાં અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહેશે. આમ, સમયમર્યાદા એક અગત્યની બાબત આયોજન માટે છે.

**2. વિષયવસ્તુ :**

માતૃભાષાના વિષયવસ્તુમાં ગદ્ય-પદ્ય-વ્યાકરણ અને લેખનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પૂરકવાંચન - ઈતરવાંચન અને મુખપાઠ પણ પ્રાધાન્ય આપવું જોઈએ. આ સાલમાં વિભાગોને ન્યાય મળી રહે તે રીતે શિક્ષણકાર્ય માટે મળનાર તાસમાં ફાળવણી કરવી જોઈએ.

**3. પદ્ધતિ**

વર્ગમાં વિષય વસ્તુની રજૂઆત કરવા માટે પદ્ધતિ અંગેની વિચારણા ખૂબ જ જરૂરી છે. પદ્ધતિની વિચારણામાં સંદર્ભ પુસ્તકો, શૈક્ષણિક સાધનો, શૈક્ષણિક પ્રયુક્તિઓ, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, મૂલ્યાંકન અને સ્વાધ્યાય અંગે વિચારણા કરવી જોઈએ. શિક્ષણની અનેક પદ્ધતિઓમાંથી એકમને અનુરૂપ પદ્ધતિ નક્કી કરવી જોઈએ.

**5.3 તાસ આયોજન**

શૈક્ષણિક આયોજનમાં સૌથી નાનું આયોજન તાસ આયોજન છે. આ આયોજન શાળાકક્ષાએ કોઈ એક વિષયના કોઈ એક એકમના એક તાસમાં શિક્ષણકાર્ય થઈ શકે તેવા મુદ્દાના સંદર્ભમાં તૈયાર કરવામાં આવે છે.

### 5.3.1 તાસ આયોજનની સંકલ્પના

તાસ આયોજન પાઠની પૂર્વતૈયારીની રૂપરેખા છે. વિષયાંગ શીખવવાની કાર્ય પદ્ધતિની અંકિત, શાબ્દિક રૂપરેખા એટલે તાસ આયોજન. તાસ આયોજન માટે પાઠ આયોજન, વ્યક્તિગત આયોજન જેવા પર્યાય શબ્દો વપરાય છે. પાઠ આયોજન એટલે વર્ગમાં એક તાસ દરમ્યાન જે મુદ્દો શીખવવાનો છે તેને શીખવવા માટે જુદી જુદી તરાહથી વિચારણા. વર્ગ શિક્ષણકાર્ય પહેલાંની શિક્ષણ દ્વારા થતી આ ક્રિયાત્મક વ્યવસ્થા છે. પ્રથમ વિદ્વાનોએ આપેલી કેટલીક વ્યાખ્યાઓ જોઈએ.

- "પાઠ આયોજન એટલે શૈક્ષણિક હેતુઓની પ્રાપ્તિ માટે શિક્ષક જે ક્રિયાઓનું આયોજન કરે તેનો આલેખપત્ર."

**— બોસિંગ**

- "હેતુઓને વ્યાખ્યાયિત કરવા, પાઠ્યવસ્તુની પસંદગી અને તેની ક્રમબદ્ધ ગોઠવણી કરવી તથા પાઠ્યવસ્તુની રજૂઆત માટેની પદ્ધતિ અને પ્રક્રિયાઓ નક્કી કરવી એટલે પાઠ આયોજન."

**— બિનિંગ અને બિનિંગ**

- "પાઠ આયોજન એ શિક્ષક દ્વારા થતું , વર્ગ વ્યવહારને અમલમાં મૂકવા માટેના કાર્યક્રમરૂપ પૂર્વદર્શનની રૂપરેખા હોય છે."

**— ભાટિયા અને અરોરા**

- "પાઠ આયોજન એ વર્ગમાં કાર્ય કરવાની માનસિક અને સાંવેગિક રીતે વિદ્યાર્થીઓને અનુભવો પૂરા પાડવાની શિક્ષકની યોજના છે."
- "પાઠ આયોજન એ હકીકતમાં કાર્યયોજના છે. જેથી તેમાં શિક્ષકનું ક્રિયા કૌશલ્યનું, તેનું તાત્ત્વિક જ્ઞાન, તેનું વિદ્યાર્થી સંબંધિત જ્ઞાન, શિક્ષણના લક્ષ્ય સંબંધિત જ્ઞાન, શિક્ષણ સંબંધી સામગ્રીનું જ્ઞાન તથા પ્રભાવશાળી પ્રવિધિ, પદ્ધતિના વિનિયોગની એની યોગ્યતા પણ સમાયેલી છે."

**— લેસ્ટર સેન્ફસ**

- પાઠ આયોજન પાછળની મહત્ત્વપૂર્ણ વિગતોના શિક્ષણની આ પ્રભાવશાળી યોજના શિક્ષણનું હૃદય છે.
- પાઠ આયોજન એ વર્ગ શિક્ષણમાં શિક્ષક દ્વારા અપેક્ષિત વર્તન નીપજાવવાના અપેક્ષિત અનુભવોનું માનસિક અને સાંવેગિક કલ્પના ચિત્ર છે.... એ ઘણી રીતે પ્રભાવશાળી શિક્ષણનું હાર્દ કે કેન્દ્રરૂપ છે.
- તે શિક્ષક પ્રેરિત, પ્રોત્સાહિત , આયોજિત છતાં વિદ્યાર્થીની સ્વપ્રવૃત્તિ માટે ઉદાર શક્યતાઓ પૂરી પાડે છે.
- પાઠ આયોજન એટલે અમલમાં મૂકવાની યોજનાની બધી જ પ્રવૃત્તિઓ, પાસાંઓ, પ્રક્રિયાઓ અને વિગતોનું અગાઉથી કરેલું માનસિક પ્રત્યક્ષીકરણનું વાસ્તવિક લેખિત સ્વરૂપ... આમ, પાઠ આયોજન એટલે...
- કોને, ક્યારે, ક્યાં, કેટલા સમયમાં, શું શીખવવાનું છે ?
- શા માટે, શી રીતે, કયા સાધનો, કઈ પદ્ધતિઓ કે પ્રવૃત્તિઓ, અભિગમોથી શીખવવાનું છે.
- ક્યાં અને કેવા પ્રશ્નો દ્વારા, કયા ઉદ્દીપકો દ્વારા શીખવવાનું છે ?
- કયા પ્રકારની પ્રવૃત્તિઓ કરવાની છે કે અપનાવવાની છે ?
- કયા પ્રકારની મૂલ્યાંકન-સ્વાધ્યાયની પ્રવિધિ ઉપયોગમાં લેવાની છે ?
- કાર્ય ઓળખ માટે, વિષયાભિમુખ માટે કઈ પ્રવૃત્તિઓ અને આધારોનો ઉપયોગ કરવાનો છે ?
- લેખન ફલકનોંધનું સ્વરૂપ કેવું રાખવાનું છે ?

- જેવા પ્રશ્નોનો રામબાણ ઉત્તર કે શિક્ષકે કરેલી સૂઝ પૂર્વકની વિચારણાનું લેખિત સ્વરૂપ

**5.3.2 તાસ આયોજનનું મહત્ત્વ**

પાઠ આયોજન એ અધ્યાપનલક્ષી વર્ગવ્યવહારની રૂપરેખા છે. આ રૂપરેખા શિક્ષક દ્વારા તૈયાર થાય છે અને અમલીકરણ પણ તે જ કરે છે. આયોજન સમયમાં ચોક્કસ હેતુઓની સિદ્ધિ માટે અમલમાં મૂકાય છે ત્યારે તેના આયોજનમાં જેટલી સૂઝબૂઝ રખાય તેટલી તેની ઉપયોગિતા વધે. પાઠ આયોજન નીચે જેવી બાબતો માટે મહત્ત્વનું છે.

- શિક્ષણને પૂર્વતૈયારની તક મળતાં તેનો આત્મવિશ્વાસ વધે છે.
- સમય મર્યાદાને ધ્યાનમાં રાખી નિશ્ચિત સમયમાં, નિશ્ચિત ધ્યેયોની સિદ્ધિ માટે શિક્ષક વિષયવસ્તુના મુદ્દાની ગોઠવણી અને કાર્યપદ્ધતિ અંગે વિચારી શકે છે.
- વર્ગ શિક્ષણ દરમ્યાન ઉદ્દભવનારા પ્રશ્નો, મૂંઝવણો, સમસ્યા કે અવરોધોનું પૂર્વદર્શન કરીને તેના ઉપાયો યોજી શકે છે.
- વિષયવસ્તુના પ્રારંભ માટેની પ્રયુક્તિઓ અને અમલીકરણ અંગે વિચારી શકાય છે.
- વર્ગકાર્ય દરમિયાન કઈ પ્રવૃત્તિઓ આપવી, વિદ્યાર્થીઓનો ભૌતિક સહયોગ ક્યાં અને કેવી રીતે મેળવવો, કયા શૈક્ષણિક અનુભવો પૂરા પાડવા, મૂલ્યાંકન, સ્વાધ્યાયમાં કયા પ્રશ્નો પૂછવા, કઈ વર્ગવ્યવહારની તરાહો પ્રયોજાય વગેરેનો શિક્ષકને ખ્યાલ આવે છે. ઉપરાંત આ બધાનો ક્રમિક અને સુગમ સમન્વય તે સાધી શકે છે.
- અધ્યાપનકાર્ય માટે ઉપયોગી નીવડે તેવી સાધનસામગ્રી મેળવવામાં અને તેના વિવિધલક્ષી ઉપયોગ માટે વિચારી શકાય છે.
- પાઠ આયોજન પૂર્વ જ્ઞાન અને વિષયવસ્તુ સાથે અનુબંધ કેળવવામાં મદદરૂપ થાય છે. અન્ય વિષયો સાથે પણ અનુબંધ કેળવી શકાય છે.
- પાઠ આયોજનમાં પૂર્વજ્ઞાન અને વિષયવસ્તુ સાથે સંદર્ભો, સંદર્ભસામગ્રી મેળવવામાં વિચારણા થઈ શકે છે.
- શિક્ષકમાં લેખન, વાંચન અને સર્જનની સુટેવો કેળવાય છે તથા તે ઉત્સાહી અને પરિશ્રમી બને છે.
- પાઠ આયોજન શિક્ષક-વિદ્યાર્થી ઉભયના શક્તિ, સમય અને નાણાંનો બચાવ કરવામાં સહાયભૂત થઈ શકે છે.
- યોગ્ય પદ્ધતિઓ, અભિગમો અને પ્રવૃત્તિઓનો ક્રમ ગોઠવી શિક્ષણને વધારે ફળદાયી બનાવી શકે છે.
- વિષય-વિષયાંગને અનુરૂપ મૂલ્યાંકન તરાહ પસંદ કરી હેતુઓના સંદર્ભમાં વિષયવસ્તુ તથા શિક્ષણ પદ્ધતિનું મૂલ્યાંકન થઈ શકે છે.
- લેખન ફલક નોંધનું વ્યવસ્થિત, આકર્ષક વિગતપૂર્ણ સ્વરૂપ નિશ્ચિત થઈ શકે તથા તેનો સંક્ષેપ કરવાનું વિચારી શકાય છે.
- અધ્યાપન-અધ્યાયન વ્યવહારને સરળ બનાવી શકાય છે.
- વર્ગના તમામ વિદ્યાર્થીઓને સાથે રાખી સક્રિય શિક્ષણકાર્ય થઈ શકે છે.
- સમયપત્રકના બંધનમાં રહ્યા છતાં શિક્ષણનું સાતત્ય જાળવી શકાય છે.
- વિદ્યાર્થીઓને અપેક્ષાઓને સંતોષવામાં આયોજન મદદરૂપ બને છે.
- આયોજન શિક્ષણ પ્રક્રિયાને નાવીન્યપૂર્ણ બનાવે છે.
- આયોજનથી વર્ગ વાતાવરણ જીવંત અને તાજગીપૂર્ણ બનતાં વિદ્યાર્થીઓને જે શીખવામાં અધ્યાપનમાં રસ વધે છે.

- અન્ય શિક્ષકો, અધ્યાપકો તથા સહાયકોનો યોગ્ય સહકાર મેળવી પાઠની ગુણવત્તામાં વધારો કરી શકાય છે.
- ટૂંકમાં શૈક્ષણિક પ્રક્રિયાની નિષ્પત્તિ માટે પાઠ આયોજનનું સ્થાન માનવ શરીરમાં રહેલા હૃદયના સ્થાન જેટલું મૂલ્યવાન છે. ખરેખર તે શિક્ષણનો અરીસો છે. આથી જ એક કેળવણીકારે કહ્યું છે કે જીવનમાં બીજા કાર્યોની જેમ પાઠનું પણ શિક્ષકે આયોજન કરવું પડે. કારણ કે પૂર્વવિચારણા અને તૈયારી વિના વર્ગમાં અપાતો પાઠ ધ્યેયબિંદુએ પહોંચ્યા કરતાં આડો-અવળો વિશેષ જાય છે.

### 5.3.3 તાસ આયોજનની પૂર્વશરતો

પાઠ આયોજનની સંકલ્પનાત્મક સમજ પરથી ખ્યાલ આવે છે. પાઠ આયોજન માટે જ્ઞાન ક્ષમતાઓ, સમજ, અનુભવ અને કૌશલ અનિવાર્ય ગણાય જેવી કોઈ બિનતાલીમી અને બિનઅનુભવી વ્યક્તિ શિક્ષણ પાઠનું આયોજન કરે છે અને કોઈ તાલીમી અને અનુભવી શિક્ષક શિક્ષણ પાઠનું આયોજન કરે તો તફાવત જોવા મળે જ મળે કારણ કે શિક્ષણ એ આજીવન ચાલતી પ્રક્રિયા હોવા છતાં ઔપચારિક શિક્ષણ કાર્ય એ નથી, યજ્ઞકાર્ય છે. આથી જ પાઠ આયોજન અંગે કેટલીક પૂર્વશરતો છે. જે આયોજનકર્તાએ ફરી જોવી જ રહી.

1. વિષયનું જ્ઞાન, માહિતી સ્વરૂપ અને વિષયવસ્તુ સંબંધિત કૌશલ્યો પ્રભુત્વ હોવું જોઈએ. વિષયવસ્તુની સ્પષ્ટ સમજ માટેનાં ઉદાહરણો શિક્ષક પાસે હોવાં જોઈએ.
2. બાળકોની અધ્યયન ક્ષમતાઓ, વૈયક્તિક તફાવતો, માનસિક વિકાસ, વયકક્ષા અને અધ્યયનના સિદ્ધાંતોનું જ્ઞાન હોવું જોઈએ.
3. અધ્યાયનના સિદ્ધાંતો, પ્રવૃત્તિઓને કે પદ્ધતિઓનું જ્ઞાન અને ઉપયોગનું કૌશલ અનિવાર્ય ગણાય.
4. શિક્ષણના ધ્યેયો, સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓ અંગેની વિશદ્-સ્પષ્ટ સમજ અને તેઓ વચ્ચેના તફાવતની સમજ હોવી જોઈએ.
5. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનની સ્પષ્ટતા હોય તો જે જ્ઞાન આપવાનું છે તેના આયોજનના આધારની વિચારણા થઈ શકે.
6. અધ્યાપનનાં સાધનો અને તેના ઉપયોગનું જ્ઞાન હોવું જોઈએ.
7. વિષયની સાથે સંકળાયેલા અનુબંધિત વિષયોનું જ્ઞાન હોવું જોઈએ.
8. ઉપરોક્ત પૂર્વશરતોને આધારે અધ્યાપન કાર્યને વધુ રસપ્રદ બનાવનારી બાબતોના સમાવેશ સાથે પરિસ્થિતિ અનુસાર પરિવર્તન થઈ શકે તે રીતે આયોજન થાય તો શિક્ષકની કાર્યક્ષમતા વધશે.

**તમારી પ્રગતિ ચકાસો (1)**

**1. તાસ આયોજન એટલે શું ?**

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

**2. તાસ આયોજનની ત્રણ લાક્ષણિકતાઓ જણાવો.**

..........................................................................
..........................................................................

...............................................................................

...............................................................................

...............................................................................

...............................................................................

3. તાસ આયોજનનું મહત્ત્વ દર્શાવતાં બે વિધાનો લખો.

...............................................................................

...............................................................................

...............................................................................

...............................................................................

...............................................................................

...............................................................................

4. વાર્ષિક આયોજન એટલે શું ?

...............................................................................

...............................................................................

...............................................................................

...............................................................................

...............................................................................

...............................................................................

5. વાર્ષિક આયોજનમાં ધ્યાનમાં રાખવાની બાબતો ટૂંકમાં જણાવો.

...............................................................................

...............................................................................

...............................................................................

...............................................................................

...............................................................................

...............................................................................

6. શૈક્ષણિક આયોજન એટલે શું ?

...............................................................................

...............................................................................

...............................................................................

...............................................................................

...............................................................................

...............................................................................

7. વાર્ષિક આયોજનના સોપાનો જણાવો.

...............................................................................

...............................................................................

...............................................................................

...............................................................................

..................................................................

..................................................................

### 5.3.4 તાસ આયોજનનાં સોપાનો

હજી સુધી હરબાર્ટની પાંચમી સદી પ્રમાણે શિક્ષણકાર્ય થતું રહ્યું હતું પરંતુ બાળકો વૈજ્ઞાનિક પદ્ધતિ કેળવે, કેટલાંક જરૂરી વલણો કેળવે, સમજપૂર્વક વિચારે, કૌશલ્ય કેળવે વગેરે હેતુઓ સારી રીતે સિદ્ધ થયા નહીં એટલે શિક્ષણકાર્ય માહિતીપ્રદ અને અરસિક બની ગયું. આથી વિદ્યાર્થી નિષ્ક્રિય બનતો ગયો, હરબાર્ટની પંચપદી યોજના બાળકેન્દ્રીને બદલે વિષય કેન્દ્રી બની રહી.

શિક્ષણના ક્ષેત્રે એક યા બીજા કારણે પરિવર્તનો આવતાં જ રહે છે. શાણા સમાજની જરૂરિયાતોમાં ફેરફાર થયો. પરિણામે કેળવણીની સંકલ્પના બદલાઈ શિક્ષણનું કેન્દ્ર બાળક બન્યું. શિક્ષણનો હેતુ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સાધવાનો છે. આ વાતનો ઝડપથી સ્વીકાર થતો ગયો. શિક્ષણ બાળકના વર્તનમાં અપેક્ષિત પરિવર્તન લાવવાનું સાધન બન્યું, શિક્ષણના ઉદ્દેશો બાળકના વર્તન-પરિવર્તનનું, શિક્ષણ-પરીક્ષણ અને મૂલ્યાંકનનું કેન્દ્ર બન્યાં. આમ શિક્ષણ હેતુ કેન્દ્રી બન્યું. આથી શિક્ષણના હેતુઓ બદલાયાં. સમગ્ર શૈક્ષણિક માળખામાં પરિવર્તન આવવા લાગ્યું.

પદ્ધતિમાં હરબાર્ટની પંચપદીની માફક નિયત માળખું નથી. સોપાનો-પગથિયાં અંગે કોઈ જડ નિયમો નથી. પરિસ્થિતિ, જરૂરિયાત અને એકમ અનુરૂપ માળખું ગોઠવવાનું હોય છે.

**હેતુકેન્દ્રી તાસ આયોજનમાં નીચેની બાબતો આવશ્યક ગણાય છે.**

- વિષયાંગ-એકમ
- પાઠના હેતુઓ
- વિષયવસ્તુના મુદ્દા
- અધ્યાપન - અધ્યયન પદ્ધતિ
- સંદર્ભગ્રંથો અને શૈક્ષણિક સામગ્રી
- પ્રારંભ
- હેતુ કથન
- વિષય નિરૂપણ
- મૂલ્યાંકન -પુનરાવર્તન
- સ્વાધ્યાય
- લેખન ફલકનોંધ

આ મુદ્દાઓનો સમાવેશ તાસ આયોજનમાં કરવામાં આવે છે. એનો અર્થ એવો નથી કે તે કાયમી છે, અનિવાર્ય છે. આમાં પરિવર્તન થઈ શકે છે. આપણે ભાષાશિક્ષણના સંદર્ભે નીચે જેવા સોપાનોની ચર્ચા કરીશું.

1. સામાન્ય બાબતો : પાઠ આયોજનની શરૂઆતમાં પાઠ આપનારની વિગતો આપવાની હોય છે.

   પાઠ આપનારનું નામ : .............................. રોલ નંબર ...............

   શાળાનું નામ : .................................... પદ્ધતિ-1 .......................

   ધોરણ : ........................... પદ્ધતિ-1 ............................................

   વિષય : .................. તારીખ ...............પાઠનો સળંગ ક્રમ ...........

   વિષયાંગ ................. વાર ................. સમય .......................

**2. સામાન્ય હેતુઓ :**

વિષયના સંદર્ભમાં દરેક વિષયના સામાન્ય હેતુઓ નક્કી કરવામાં આવેલા છે. તેની નોંધ અહીં પાઠના વિષયવસ્તુને ધ્યાનમાં લઈને કરવાની હોય છે. (સામાન્ય હેતુઓ વિશેની સમજ એકમ-4માં આપેલી છે. ત્યાંથી વાંચી સમજ મેળવી શકશો)

**3. અધ્યાપન પદ્ધતિ :**

માતૃભાષા શિક્ષણની અધ્યાપન પદ્ધતિઓ અનેક છે. જેમ કે, વ્યાખ્યાન, પ્રશ્નોત્તર, આગમન-નિગમન, પ્રોજેક્ટ, નિરીક્ષિત સ્વાધ્યાય, પેનલચર્ચા, પરિસંવાદ, જૂથચર્ચા, કથન-ચર્ચા વગેરે વર્ગશિક્ષણમાં અધ્યેતા સક્રિય ભાગીદાર બને અને તેઓને વિવિધ પ્રવૃત્તિઓ મળી રહે તેવી અધ્યાપન પદ્ધતિ પસંદ કરવી જોઈએ. વિશિષ્ટ હેતુઓ, વિદ્યાર્થીઓની કક્ષા, વિષયવસ્તુ, શાળા કે વર્ગની મર્યાદાઓનો વિચાર કર્યા પછી અધ્યાપન પદ્ધતિ નક્કી કરવી જોઈએ. પદ્ધતિ વિષયક માહિતી માટે ભાષાશિક્ષણની પદ્ધતિઓનો, એકમ જુઓ.

પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ ઘણી છે. શિક્ષક માત્ર કોઈ એક પદ્ધતિનો ઉપયોગ ન કરતાં વિષયવસ્તુ, સમય ધોરણ વગેરેને ધ્યાનમાં લેતાં વિવિધ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો ઉચિત સમન્વય કરીને શૈક્ષણિક પ્રક્રિયાને અસરકારક બનાવે છે. જુદી જુદી પદ્ધતિઓનો સમન્વય થતાં તે અધ્યાપન માટે પ્રોત્સાહક વાતાવરણ તૈયાર કરી શકે છે. વિશેષ તો શિક્ષકે સતત એ જ કરવાનું છે કે જેથી વર્ગખંડમાં તે એવા વાતાવરણને ખડું કરે કે વિદ્યાર્થીઓ સ્વઅધ્યયન કરતા થાય.

**4. સંદર્ભ સાહિત્ય :**

વિષયવસ્તુને સમૃદ્ધ, માહિતીપૂર્ણ અને રસપ્રદ બનાવવા, વિષયવસ્તુને સ્પષ્ટતાથી સમજવા અને સમજાવવા, ખૂટતી વિગતો ઉમેરવા અને મૂળ બાબતો શોધવા વિષયવસ્તુનો તલસ્પર્શી અભ્યાસ કરવા માટે સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરવો જોઈએ. આ માટે વિવિધ સંદર્ભ પુસ્તકો, જેમાં જ્ઞાનકોષો, વિવેચનગ્રંથો, નવલકથા, નિબંધગ્રંથો ઉપરાંત સામયિકો, વર્તમાનપત્રોનું વાચન કરવું જોઈએ.

પાઠનોંધમાં સંદર્ભ સાહિત્યની નોંધ વ્યવસ્થિત કરવી જેમાં પુસ્તકનું નામ, લેખકનું નામ, પ્રકાશનનું નામ, આવૃત્તિ, પ્રકાશન વર્ષ અને સંદર્ભ જે પાન પરથી લીધો હોય તેનો નંબર અવશ્ય લખવો જોઈએ.

**5. વિશિષ્ટ હેતુઓ :**

શિક્ષણ દ્વારા અધ્યેક્ષતાના વર્તનમાં ઇચ્છિત પરિવર્તનો લાવી તેનો સર્વાંગી વિકાસ સાધવાનો મુખ્ય હેતુ છે. હેતુઓ બે પ્રકારના છે. (1) સામાન્ય અને (૨) વિશિષ્ટ. સામાન્ય હેતુઓની બાબતે આગળ જોયું. વિશિષ્ટ હેતુઓની નોંધ કરતાં સમયે તેને વર્તન-પરિવર્તનની ભાષામાં લખવાના હોય છે. તે સંદર્ભે વિશેષ સમજ એકમ-4 માતૃભાષા શિક્ષણના હેતુઓમાં આપેલી છે. પરંતુ પાઠ આયોજનમાં જ્યારે તેને લખો ત્યારે નીચેની બાબતો ધ્યાનમાં રાખશો.

- નક્કી કરેલી સમય-મર્યાદામાં સિદ્ધ થઇ શકે તેવા હોવાં જોઈએ.
- અપેક્ષિત વર્તન-પરિવર્તનની ભાષામાં લખાયેલા હોવાં જોઈએ.
- એક વિધાનમાં એક જ હેતુનો સમાવેશ થવો જોઈએ.
- ટૂંકા, સરળ અને સ્પષ્ટ ભાષામાં લખાયેલા હોવાં જોઈએ.
- અપેક્ષિત વર્તન-પરિવર્તનની પરિસ્થિતિની સ્પષ્ટ માહિતી હોવી જોઈએ.
- હેતુ બાળકનાં વય, ધોરણ, પરિપક્વતા અને ક્ષમતા પર આધારિત હોવાં જોઈએ.
- દરેક હેતુ તેના વિષયમુદ્દાની સામે જ નોંધાયેલા હોવાં જોઈએ.

**(ક) વિષયવસ્તુ :**

વિષયવસ્તુ એટલે જે તે વિષયના અભ્યાસક્ષેત્રમાં આવતાં સૈદ્ધાંતિક કે તાત્ત્વિક ઘટકોની ગૂંથણી. વિષયવસ્તુ એટે વિષયનું ચોક્કસ, વ્યવસ્થિત જ્ઞાન, માહિતી કે વિગતોનું સંકલન વિષયવસ્તુમાં વિષયોચિત સંકલ્પનાઓ, સિદ્ધાંતો, નિયમો, વ્યાખ્યાઓ, વર્ણનો, સ્પષ્ટીકરણો, ઘટનાઓ અને તેમનો કાર્યકારણ સંબંધ, અસરો જેવી બાબતોનો સમાવેશ થતો હોય છે. માતૃભાષાના વિષયવસ્તુમાં ગદ્યકૃતિઓ, પદ્યકૃતિઓ, વ્યાકરણ અને નિબંધ લેખનનો સમાવેશ થાય છે. દરેકમાં વૈવિધ્ય રહેલું છે. સાહિત્ય પ્રકારો અને વિચારોની દૃષ્ટિએ વિવિધતા છે. જે વિગતોના શિક્ષણ-અધ્યયન દ્વારા અભ્યાસી વિષયલક્ષી જ્ઞાન, જ્ઞાનનો ઉપયોગ કરવાની ક્ષમતા, સમજ, કૌશલ્યો, રસ, રુચિ અને વલણમાં અપેક્ષિત વિકાસ સાધી શકે તે વિષયવસ્તુ.

વિષયવસ્તુ શિક્ષણ માટેની કાચી સામગ્રી બને છે. દરેક વિષયને પોતાનું આગવું અને વિશિષ્ટ વિષયવસ્તુ હોય છે. વિષયવસ્તુ વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે સરળ કે સંકુલ, રૂપરેખાત્મક કે વ્યાપક, વર્ણનાત્મક કે સમીક્ષાત્મક હોય શકે છે. વિષયવસ્તુને સઘન બનાવવા પાઠ્યપુસ્તક ઉપરાંત સંદર્ભગ્રંથો, સામયિકો, પ્રત્યાયન માધ્યમો, તજ્જ્ઞોની મુલાકાત, ચર્ચાવિચારણા અને વાર્તાલાપ સાથે સંપર્ક રાખવો પડે છે. શિક્ષક પોતાના ઉત્સાહ, પરિશ્રમ અને રજૂઆતની આવડત વડે વિષયવસ્તુને પ્રભાવિ રીતે પ્રયોજી શકે, અધ્યાપન પ્રક્રિયાનું ચાલકબળ, નિહિત અને આગત વિષયવસ્તુ છે. શિક્ષણ વિષયવસ્તુના માધ્યમથી, વિદ્યાર્થીની વર્તન-તરેહોની ગૂંથણી કરી તેના વ્યક્તિત્વ વિકાસ પ્રતિ દોરી જાય છે. ભિન્ન-ભિન્ન વિષયવસ્તુ, ભિન્ન-ભિન્ન તાત્ત્વિક, સૈદ્ધાંતિક તેમજ ભાષાકીય તત્ત્વોનો સમાવેશ કરતું હોય છે. શિક્ષક વિષયવસ્તુના સંપૂર્ણ જ્ઞાન દ્વારા જ અધ્યાયનને નિશ્ચિત દિશા આપી શકે છે. વિષયવસ્તુ દ્વારા જ અધ્યેતામાં વિષયલક્ષી જ્ઞાન, જ્ઞાનનો ઉપયોગ કરવાની ક્ષમતા, સમજ, કૌશલ, રસ અને મનોવલણો ઘડી શકાય છે. વિષયવસ્તુના મુખ્ય અને ગૌણ વિચારો, ભાષાતત્ત્વ, તાત્ત્વિક, સમાજશાસ્ત્રીય કે આ ચાર શાસ્ત્રના ઇંગિતોની તારવણી કરી, શિક્ષક વર્ગશિક્ષણ, ઉત્સાહ અને આત્મવિશ્વાસથી કરી શકે છે.

**(ખ) વિષયવસ્તુ પૃથક્કરણ :**

વિષયવસ્તુના વિશ્લેષણ માટે પાઠ્યપુસ્તકના આધારો, પાઠ્યવસ્તુના તત્ત્વોની વિશેષતાઓ તથા પાઠ્યવસ્તુના તત્ત્વોની તાર્કિક ગોઠવણીનું જ્ઞાન આવશ્યક છે. માતૃભાષામાં વિષયવસ્તુને પ્રસંગો, પાત્રો, શબ્દચિત્રો, રૂપકો, સંવાદો, રેખાચિત્રો વગેરે પ્રમાણે વર્ગીકૃત કરી શકાય. ભાષાવસ્તુને નવા શબ્દો, સામાસિક શબ્દો, રૂઢિપ્રયોગ, કહેવતો, સંધિ, અલંકાર વગેરેમાં વર્ગીકૃત કરી શકાય.

વિષયવસ્તુના મુદ્દા અને પેટા મુદ્દાને ઊભા ક્રમમાં લખી તેની સામે મુદ્દાની વિગતો આડી લાઈનમાં લખવી જોઈએ. વિષયાંગની વિશેષતાઓ પ્રમાણે તેની લાક્ષણિકતાઓ નોંધવી. વાર્તા, નિબંધ, નવલકથાખંડ, લઘુકથા, કાવ્યના વિવિધ પ્રકારો અને સંબંધિત સાથે એક આપેલ વિષયવસ્તુના સંદર્ભમાં લાક્ષણિકતાઓ તારવવી જોઈએ. ભાષાવસ્તુના મુદ્દામાં ઉપર દર્શાવેલ વિગતોમાં વર્ગીકૃત કરીને તેને પેટા મુદ્દા બનાવી તેની નીચે આવતી વિગતોનો નોંધ કરવાની હોય છે. અહીં શબ્દોના અર્થે, સમાસવિગ્રહ સંધિવિગ્રહ અલંકાર છે. (તે તેમના નામ સાથે લખવાનાં હોય છે. (તે તેમના નામ સાથે લખવાનાં હોય છે. ભાષાવસ્તુના પદોની આગળ કોઈ નિશાન ન મૂકાય પરંતુ પાછળ અર્થ માટે લઘુરેખા (-), વિરુદ્ધાર્થી શબ્દ માટે ચોકડી (×) રૂઢિપ્રયોગ માટે લઘુરેખા (-) સંધિ માટે બરાબર (=) જેવા સંકેતો વાપરવા જોઈએ. ભાષાના આયોજનમાં વિષયવસ્તુ, ભાષાવસ્તુને તેના પેટા વિભાગો પાડી ક્રમિક રીતે માળખારૂપ વિગત સાથે લખવા જોઈએ.

**(ગ) વિષયવસ્તુના મુદ્દા અને તેની સમજ :**

પાઠ આયોજનના આ વિભાગમાં સર્વ પ્રથમ વિષયાભિમુખ વિગતો લખવાની હોય છે. વિષય પ્રવેશ માટે જે પ્રવિધિ ઉપયોગમાં લીધી હોય તેનું વસ્તુ સંક્ષેપમાં લખવું જોઈએ. દા.ત. નાટક, વાર્તા, પ્રસંગ હોય તો તેના મુદ્દા લખી શકાય. પરંતુ સંદર્ભ પંક્તિ, અવતરણ, કહેવત, દુહો હોય તો તે જે રીતે રચના જે રીતે લખ્યો હોય તે જ રીતે લખવાનો હોય છે.

વિષયપ્રવેશ પછી જે-તે સાહિત્યકૃતિના કર્તાનો સંક્ષિપ્ત પરિચય લખવો.

આ બધાની નોંધ પછી વિષયવસ્તુના મુદ્દા લખવાના હોય છે. વિષયવસ્તુના પૃથક્કરણના સંદર્ભમાં ચોક્કસ મુદ્દા સંક્ષેપમાં લખી શકાય. મુખ્ય વિષયવસ્તુનો સમગ્રલક્ષી ખ્યાલ અને કેન્દ્રવર્તી વિચાર રજૂ કરવો જોઈએ. તેમજ તેના મુખ્ય અને ગૌણ વિચારોનો પણ સમાવેશ કરવો જોઈએ.

ત્યારબાદ સમગ્ર વિષયાંગને ધ્યાનમાં લઈ સમજ, બોધ, નિયમાનુસાર કે સિદ્ધાંત રજૂ કરવા જોઈએ. ટૂંકમાં કહેવું હોય તો સમગ્ર શિક્ષણ પ્રક્રિયાના અંતે શું નિચોડ નીકળશે તે લખવું જોઈએ.

છેલ્લે ભાષાવસ્તુ-ભાષાના ઘટકતત્ત્વોની નોંધ કરવાની હોય છે. અહીં શબ્દની વિશેષ સમજને પણ અવકાશ આપવો જેથી વિષયવસ્તુની સમજ પ્રગટે. અહીં શબ્દોના અર્થ, રૂઢિપ્રયોગના અર્થ, સમાસનો વિગ્રહ, સંધિનો વિગ્રહ, અલંકારના પ્રકાર અને તેનો અલંકાર કે છંદનું નામ લખવાનું હોય છે.

**7. વર્ગવ્યવહારનો નિર્દેશ :**

પાઠ આયોજન એ શિક્ષણ પ્રક્રિયાનું હૃદય છે તો વર્ગવ્યવહાર એ પાઠ આયોજનનું લોહી છે. વર્ગશિક્ષણની પ્રક્રિયા આ સોપાનના વ્યવસ્થિત આયોજન અને અમલ પર અવલંબે છે. વર્ગવ્યવહારમાં નીચેનાં વર્તનો કરવામાં આવે છે.

- શિક્ષક-વિદ્યાર્થીઓનો શાબ્દિક અને અશાબ્દિક વ્યવહાર (પ્રવૃત્તિઓ)
- અધ્યાપન પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, સિદ્ધાંતો, સૂત્રોનો ઉપયોગ
- અધ્યાપન-અધ્યયન કૌશલો, અભિગમો, સંચાલનનો સમન્વય
- શિક્ષક-વિદ્યાર્થીની અપેક્ષાઓ અને વર્તન તરાહોનું સાયુજ્ય
- વિષયવસ્તુ સાથે અન્ય વિષયો, વર્તમાન ઘટનાઓ, અનુભવો અને વાસ્તવિકતાઓનો અનુબંધ
- વિષયભિમુખ પ્રવિધિઓનો ઉપયોગ-જરૂરી આધારોનો ઉપયોગ
- શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ
- જરૂરી સૂચનાઓ
- મૂલ્યાંકન-સ્વાધ્યાયની પ્રવિધિઓનો ઉપયોગ

આ સઘળા ઘટકો વચ્ચેની આંતરક્રિયામાંથી વર્ગવ્યવહાર નિષ્પન્ન થાય છે. આ ઘટકોની સૈદ્ધાંતિક સમજ તથા વિનિયોગની સાવચેતીઓ રાખવી જોઈએ.

વર્ગવ્યવહારનો નિર્દેશ વિભાગમાં સૌ પ્રથમ વિષયાભિમુખ પ્રવિધિ અંગેની સૂચના લખવાની રહે છે. તેમાં શિક્ષક-વિદ્યાર્થીની પ્રવૃત્તિ, ઉપયોગમાં લીધેલી પ્રવિધિ, આધાર, ફલશ્રુતિનો ઉલ્લેખ થવો જોઈએ. સૂચનાની નીચે શિક્ષકે વિદ્યાર્થીની પૂછવાના પ્રશ્નો લખવાના હોય છે. બીજું વિષયાંગની જાહેરાત કરવાની હોય છે. તે અંગેની નોંધ લખવાની છે. ત્રીજું લેખક-કવિ પરિચયની પ્રયુક્તિ-સાધન શિક્ષણ-વિદ્યાર્થીની પ્રવૃત્તિ અંગે સૂચના લખવાની હોય છે. પાંચમું વિષયાંગનું નિરૂપણ ચર્ચા-સમજ માટેની પ્રયુક્તિઓ, પદ્ધતિ, અનુબંધ, શૈક્ષણિક સંદર્ભ, સાધન, આધારો, શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિઓ વગેરેની સાથે પ્રશ્નોની નોંધ કરવાની હોય છે. છેલ્લે

શિક્ષક સ્વાધ્યાયમાં શું આપશે તેની નોંધ કરવાની હોય છે. આમ, વ્યવસ્થિત રીતે વર્ગવ્યવહારનો નિર્દેશ આયોજનમાં થયેલો હોય તો વર્ગમાં જ્યારે શિક્ષણકાર્ય કરવા શિક્ષક જાય ત્યારે તેણે શું? કેવી રીતે? ક્યાં કયું કાર્ય કરવાનું છે તેની સાથે વિદ્યાર્થીઓ પાસે શું? કેવી રીતે ક્યાં કયું કાર્ય કરાવવાનું છે તેનો ખ્યાલ રહેશે.

**8. સમય**

આયોજનમાં સમયની નોંધ કરવી આવશ્યક છે. સમયનું આયોજન કરવામાં આવ્યું હોય તો જ યોગ્ય સમયે, નક્કી કરેલા સમયમાં કાર્ય કરી શકાય. સમય બાબતે વિષયાભિમુખ માટે પાંચ મિનિટ અને મૂલ્યાંકન સ્વાધ્યાય માટે પાંચ મિનિટનો સમય રાખવો જેથી વિષયાંગની સમજ માટે વધુ સમય ફાળવી શકાય.

**9. સંદર્ભ સાહિત્ય-શૈક્ષણિક સાધન**

પાઠ આયોજનમાં જે-તે મુદ્દાની સામે જે-તે સાધનનો-સંદર્ભનો ઉપયોગ કરવાનો હોય તેની નોંધ કરવી જોઈએ.

શિક્ષણ વધુ સુગમ, સરળ, અસરકારક અને રસપ્રદ બને એ માટે શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. શૈક્ષણિક સાધનોના ઉપયોગનું મહત્ત્વ સ્પષ્ટ કરતાં એડગર ડેઇલ નોંધે છે કે રોજિંદા શિક્ષણ દરમયાન શિક્ષણ શીખવે છે. જ્યારે દૃશ્ય-શ્રાવ્ય સાધન દ્વારા બાળક જાતે અધ્યપન કરે છે. દૃશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા કરેલું અધ્યપન રોજબરોજના જીવંત અનુભવો ત્વરિત રીતે પૂરા પાડે છે, જ્ઞાનની બધી ઇન્દ્રિયોને સ્પર્શે છે, સ્મરણમાં ઝડપથી રહે છે, જ્ઞાન મેળવવા ઉત્તેજિત કરે છે, બાળકનાં ધ્યાન અને રસ ખીલવે છે તેમજ જીવંત અનુભવોનું જીવંત વાતાવરણ ખડું કરવામાં મદદરૂપ બને છે. યાદ એટલું રાખવાનું કે દૃશ્ય-શ્રાવ્ય સાધનો માત્ર સાધનો છે, સાધ્ય નથી. તેથી જે સિદ્ધ કરવાનું છે તેનો હેતુ ધ્યાનમાં રાખી સાધનોનો ઉપયોગ થવો ઘટે.

**10. વિષયાંગાભિમુખ**

વિષયાંગાભિમુખ એટલે વિષયાંગ અભિમુખ થવું. વિષયાંગ પ્રતિ ધ્યાન કેન્દ્રિત કરવું. વિષયાંગાભિમુખ માટે વિષયપ્રવેશ, પ્રારંભ, આરંભ, પ્રસ્તાવના, પ્રાસ્તાવિક, પૂર્વભૂમિકા વિષયાભિમુખ અને પાઠપ્રવેશ જેવાં વિવિધ નામો પણ છે. શિક્ષણકાર્યનું આરંભબિંદુ એટલે વિષયાભિમુખ-તે વિષયાંગ શિક્ષણ માટેનું પૂર્વ તૈયારીરૂપ સોપાન છે.

**(A) સંકલ્પના :**

વિદ્યાર્થીનું વિષયાંગ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવા, વિષયાંગ પ્રતિ અભિમુખ કરવા, જિજ્ઞાસા જાગૃત કરવા, એક વિષયના શિક્ષણકાર્યમાંથી બીજા વિષયના શિક્ષણકાર્ય તરફ લાવવા, નવા વિષયવસ્તુથી પરિચિત કરવા, સરળતાથી જ્ઞાન તત્પર બનાવવાના અભિગમને વિષયાંગાભિમુખ કહે છે.

વિદ્યાર્થીના પૂર્વજ્ઞાનને, પરિચિતને, નવા જ્ઞાન સાથે સાહજિક રીતે સાંકળીને વિદ્યાર્થીને શિક્ષણકાર્ય માટેના પૂર્વનિશ્ચિત વિષયના કોઈ એક મુદ્દા (વિષયાંગ) તરફ તત્પરતા કેળવે તે માટેનો પ્રયાસ એટલે વિષયાંગાભિમુખ.

**(B)** લક્ષણો : વિષય પ્રવેશમાં નીચે મુજબની લાક્ષણિકતાઓ હોય તો તે વધુ અર્થસભર અને સિદ્ધ કરનારો બને છે.

- તે સાહજિક અને સ્વાભાવિક હોવો જોઈએ.
- શિક્ષણને રસપ્રદ બનાવનારો હોવો જોઈએ.
- વિશિષ્ટ અને મૌલિક રજૂઆત સાથેનો હોવો જોઈએ.

- વિષયને અનુરૂપ હોવો જોઈએ.
- વયકક્ષાને અનુરૂપ હોવો જોઈએ.

**C. મહત્ત્વ :**

જ્ઞાન મેળવવા માટે તત્પર બનાવવા આ અભિગમનું કાર્ય નાનુંસૂનું નથી. નીચે દર્શાવેલી બાબતો ઉપરથી ખ્યાલ આવશે જે.

**વિદ્યાર્થીઓ...**

- શિક્ષક જે નવું જ્ઞાન પીરસવાના હોય તો જ્ઞાન ઝીલવા માટે તત્પર બને છે.
- શિક્ષક જે એકમ કે વિષયાંગનું શૈક્ષણિક કાર્ય કરવાના છે તેની સાથે જ્ઞાનાત્મક સ્તરે સંબંધ કેળવે છે.
- શિક્ષક જે વિષયવસ્તુની રજૂઆત કરવાના છે તે પ્રત્યે ઈંતેજારી થતાં સંવેગાત્મક સંબંધ બંધાય છે. વર્ગવ્યવહારમાં પ્રારંભથી જ ભાગીદાર બનાવવાની તક શિક્ષણને સાંપડે છે.
- સરળતાથી નવું જ્ઞાન પ્રાપ્ત કરવા તત્પર બને છે.
- પાઠયવસ્તુ સંબંધિત પૂર્વજ્ઞાનની ચકાસણી કરી શકાય છે.
- ને અન્ય વિષયમાંથી પાઠયવિષય-વિષયાંગ પ્રતિ દોરી જવા માટે મહત્ત્વનું છે.
- જ્ઞાત વિષયનો અજ્ઞાત પાઠ્યવસ્તુ સાથે સંબંધ પ્રસ્થાપિત કરી, પાઠ્યવસ્તુ સાથે પરિચય કરાવી શકાય છે.

**D. વિષયાભિમુખ માટેની પ્રયુક્તિઓ :**

વિષયાભિમુખ કરતા પૂર્વે વિદ્યાર્થીની વયકક્ષા, ક્ષમતા, રસ અને પૂર્વજ્ઞાનનું ધ્યાન રાખી, પાઠપ્રકારે, પાઠના ભાવ કે બોધ, પ્રતિ વિદ્યાર્થી જઇ શકે તેવી પૂર્વ વિચારણા કરવી જોઇએ. વિષયાભિમુખની વિવિધ પ્રવૃત્તિમાંથી પાઠના ભાવે કે બોધ સાથે અર્થપૂર્ણ સંબંધ સ્થાપી શકે તેવી જ પ્રયુક્તિ પસંદ કરવી જોઇએ.

પાઠ્ય પ્રવેશ માટે છ પ્રયુક્તિઓનો ઉપયોગ થઇ શકે છે. આ પ્રયુક્તિ સાથે બીજા આધારો પણ ઉપયોગમાં લઇ શકાય.

(1) **કથન :** કથનમાં વાર્તાકથન કે પ્રસંગ કથન કે વિષયવસ્તુને અનુરૂપ કથન કરીને પાઠનો પ્રારંભ થઇ શકે. દા.ત. 'સુદામે દીઠા શ્રીકૃષ્ણ દેવરે' કાવ્ય પ્રારંભ અગાઉના છ કરવામાં આવેલી વિગતોનું કથન કરીને થઇ શકે.

(2) **પ્રશ્નોત્તરી :** પૂર્વજ્ઞાન આધારિત પ્રશ્નો પૂછીને વિષયાંગ પ્રત્યેની સભાનતા કેળવી શકાય. દા.ત. ખેડૂતોના સરદાર એકમ શીખવતાં સરદાર પટેલના જીવન સાથે સંકળાયેલા અને અધ્યેતાના પૂર્વજ્ઞાન પર આધારિત પ્રશ્નો પૂછી શકાય.

(3) **નાટ્યકરણ :** વિષયવસ્તુને અનુરૂપ નાનકડા પ્રસંગનું નાટક કે રોલ-પ્લે કરી શકાય. દા.ત. 'દીકરો' પાઠ શીખવતાં પહેલાં તેજમલ કાવ્યનું નાટ્યકરણ કરીને પાઠનો પ્રારંભ થઇ શકે.

(4) **નિદર્શન :** નિદર્શનમાં ચિત્રદર્શન, નકશાદર્શન, મૉડેલ દર્શનનો સમાવેશ થાય છે. દા.ત. 'ઝબકજ્યોત' પાઠનો પ્રારંભ સ્વતંત્રતા સમયે નીકળેલાં સરઘસોના ચિત્રો દર્શાવીને કરી શકાય.

(5) **વાચન :** કોઇ સંદર્ભ ફકરો કે અવતરણનું વાચન કરીને તેના આધારે પ્રશ્નો પૂછીને પ્રારંભ થઇ શકે. કોઇપણ નદી વિષયક પાઠનો પ્રારંભ કાકા કાલેલકરના નહીં લોકમાતાના અવતરણના વાચન દ્વારા થઇ શકે.

(6) **ગાન :** કોઇપણ કાવ્ય કે ગીતની પંક્તિઓનું ગાન કે પઠન કરીને વિષયપ્રવેશ થઇ શકે. દા.ત. 'માટીનો સ્પર્શ' : જીજીનો સ્પર્શ પાઠનો પ્રારંભ જનની કાવ્યની પંક્તિઓ દ્વારા થઇ શકે. સિવાય સિપાઇ માતા વિષયક અન્ય કાવ્યોમાંથી પણ કાવ્ય પંક્તિઓ પસંદ કરી શકાય.

(E) **વિષયાભિમુખના આધારો-સાધનો :** પ્રયુક્તિ મુજબ નીચે જેવા આધારે-સાધનોનો ઉપયોગ થઇ શકે.

– કથન પ્રશ્નોત્તરી માટે : પ્રસંગ, વાર્તા, પૂર્વજ્ઞાન, આધારિત વિષયવસ્તુ, વર્ણન બનાવ, સંદર્ભ ફકરો.

– નાટ્યકરણ-પ્રશ્ન માટે - પ્રસંગ, વાર્તા, પૂર્વજ્ઞાન, આધારિત વિષયવસ્તુ, વર્ણન બનાવ, સંદર્ભ ફકરો.

– નિદર્શન - પ્રશ્ન માટે - ચિત્ર, ચાર્ટ સમયરેખા, નકશા, અવતરણ, મૉડેલ, નમૂના, ફેનમ સામગ્રી.

– વાચન-પ્રશ્ન માટે સંદર્ભ ફકરો, અવતરણ, સમાચાર, સંદર્ભ કટિંગ

– ગાન- પ્રશ્ન માટે કાવ્ય પંક્તિ, ફિલ્મગીત-પંક્તિ, પ્રાર્થના-પંક્તિ, ભજન, શ્લોક, ટેપ રેકોર્ડર

(F) **ધ્યાનમાં રાખવાની બાબતો :**

– શિક્ષણકાર્ય કરવાનું હોય તે એકમની સમજ મેળવી લેવી.

– એકમને અનુરૂપ પૂર્વજ્ઞાન વિશે વિચારવું - અગાઉનાં ધોરણોનો પાઠ્યપુસ્તકો જોઇ જવા.

– અધ્યેતાની ઉંમર, ધોરણ કે કક્ષાને ધ્યાનમાં રાખી વિષયપ્રવેશની પ્રવિધિ વિચારવી.

– કૃત્રિમ નવીન તાર્કિક પ્રવિધિ ન વિચારવી - સરળ, સ્વાભાવિક, રૂપે વિષયપ્રવેશ વિચારવો.

– એક પ્રવિધિના વિકલ્પરૂપે અન્ય પ્રવિધિ પણ વિચારી રાખવી. દરેક પાઠ માટે વિભિન્ન પ્રવિધિ ઉપયોગમાં લેવી.

– વિષયપ્રવેશ કરવો જોઇએ માટે કરવો યોગ્ય નથી. સહેતુક વિષયપ્રવેશ થવો જોઇએ.

– તત્કાળ ચિત્ર, આકૃતિ દોરી ઉપયોગમાં લેવું અયોગ્ય છે.

– વિષયાંગના વિષયપ્રવેશના વ્યવહારની કોઇપણ વિગત કા.પા. પર ન લખવી વિષયપ્રવેશ પૂર્ણ થયા બાદ, વિષયાંગની જાહેરાત પછી કા.પા. પર વિષયાંગ લખવો.

(11) **વિષયાંગની જાહેરાત :** વિષયાભિમુખ જેટલું જ મહત્ત્વનું સોપાન વિષયાંગની જાહેરાત છે. હરબોરની પંચપદીમાં તેને હેતુકથન કહેવામાં આવે છે. તે પાઠ પ્રવેશ બાદનું સોપાન છે. પાઠનો પ્રારંભ ગમે તેટલો આકર્ષક અને અસરકારક હોય, પણ તેને વિષયાંગ સાથે સાંકળતાં વિધાનોની રજૂઆત યોગ્ય ન હોય તો પણ વિદ્યાર્થી સરળ રીતે વિષયાંગ પ્રતિ પહોંચતો નથી. આ સોપાનમાં પ્રારંભના અર્થ કે બોધને નવા જ્ઞાન સાથે સાહજિક રીતે સાંકળી, નવા જ્ઞાનના શીર્ષકની જાહેરાત કરવામાં આવે છે. તેનું અંતિમ વિધાન આજે આપણે આવો જ ભાવ કે બોધ વ્યક્ત કરતા પાઠ કે કાવ્યપાઠ કરતું કાવ્ય ......... શીખીશું / હોય છે.

(12) **લેખક-કવિ પરિચય :** વિષયાંગની જાહેરાત વર્ગમાં કર્યા બાદ જે-તે પાઠ કે કાવ્યના સર્જકનો પરિચય આપવાનો હોય છે. લેખક પરિચય ક્યારે આપવો તે અંગે બે મતો ઉપસી આવેલા છે. પ્રથમ મત મુજબ સર્જક પરિચય પાઠના પ્રારંભની પ્રયુક્તિ પૂર્ણ થયા બાદ વિષયાંગની જાહેરાત કર્યા બાદ આપવો જોઇએ. જેથી વિદ્યાર્થીઓ લેખકનો પરિચય મેળવે ત્યારે તેમના અન્ય સાહિત્ય સર્જનની પણ વાત કરવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓમાં વિશિષ્ટ પ્રકારનો રસ ઉત્પન્ન થાય છે. શિક્ષક અન્ય કૃતિઓની લેખક વિશેની રસિક વાત કરે અને કહે કે તેનાં જેવી જ અન્ય કૃતિ કે તે જ લેખકની એક કૃતિ આજે આપણે શીખવાના છીએ. તો વિદ્યાર્થીઓમાં આનંદ સાથે ઉત્સુકતામાં ઉમેરો થાય છે. પરિણામ સ્વરૂપ તે વર્ગશિક્ષણમાં વિશેષ-રસપૂર્વક જોડાય છે.

બીજો મત એવો છે કે, પાઠના અંતે લેખકનો પરિચય આપવો જોઇએ. કારણ કે વિષયાભિમુખ પ્રયુક્તિ દ્વારા પાઠ પ્રતિ વિદ્યાર્થીનું આકર્ષણ થયું હોય ત્યાં જ લેખક પરિચય આપવાથી તેમાં

અવરોધ થવાની શક્યતા રહે છે. જ્યારે પાઠના અંતે લેખકનો પરિચય અપાય તો જે તે પાઠમાં રસ પડ્યો હોય-પાઠ અધ્યયનમાં તેણે આનંદ અનુભવ્યો હોય તો તેના લેખક વિશે પણ જાણવાની ઇચ્છા થાય કવિ અને લેખક પરિચય સમય તેમની અન્ય કૃતિઓ વિશે જણાવવામાં આવતાં જે કૃતિઓ વાંચવા માટેની પ્રેરણા પણ મળે.

આમ, સર્જક પરિચય આપવો તે જરૂરી જ છે. શિક્ષકે પોતાના અનુભવ આધારે ઉપરના ગમે તે તબક્કે પરિચય આપવાનો રહે છે. બીજી બાબતમાં ધ્યાન રાખવાનું છે કે પ્રશિક્ષણાર્થીઓ લાંબા પાઠમાં એક પાઠને ત્રણ-ચાર તાસમાં વહેંચીને પાઠ આપે છે ત્યારે પ્રથમ તાસ સમયે અથવા છેલ્લા તાસ સમયે લેખક પરિચય આપવો જોઇએ. એટલે એક પાઠનું શિક્ષણ કાર્ય ત્રણ કે ચાર તાસ આપવાનું હોય ત્યારે ફક્ત એક જ વાર પરિચય આપવાનો છે.

**(13) આદર્શ વાચન-ગાન-પઠન :** આ સોપાનથી જે-તે વિષયાંગના અધ્યયન-અધ્યાપનનો પ્રારંભ થાય છે. તે વિદ્યાર્થીઓને વિષયાંગના વિષય વસ્તુનો પરિચય કરાવવાની સાથે આદર્શ મુખવાચન કે ગાન-પઠનનો આદર્શ નમૂનો પૂરો પાડે છે. વાચન જેટલું સ્પષ્ટ, ભાવવાહી અને અસરકારક થાય. ગાન કે પઠનમાં રાગ, ભાવવાહિતા લય સ્પષ્ટ ઉચ્ચારણની અસરકારકતા જેટલી ઊંચી તેટલું પાઠ કે કાવ્યનું અર્થગ્રહણ વિદ્યાર્થીઓ સારું કરી શકે. આ સાથે કૃતિમાં રસ ઉત્પન્ન થયો હોય તો તે અધ્યાપન દરમિયાન પણ સક્રિયતા હોય છે. આ દ્વારા વિદ્યાર્થીઓનું શ્રવણ કૌશલ વિકસાવવાનો હેતુ પણ રહેલો છે. આથી શિક્ષકે પાઠવાચન મૂળ જ ધીરજ-પૂર્વક અને સાવધાનીથી કરવું જોઇએ.

પાઠના આદર્શ વાચન બાદ શિક્ષક કાપા પર બે-ત્રણ ટૂંકા હેતુ પ્રશ્નો રજૂ કરી વિદ્યાર્થીની પાઠ અંગેની સમજ સ્પષ્ટ કરી શકે છે. આ માટે શિક્ષકે વિદ્યાર્થીઓને મૂકવાચન કરાવવાનું હોય છે. આ સોપાન વિદ્યાર્થીના મૂકવાચનના વિકાસ માટે અગત્યનું સોપાન છે, પણ સમય-મર્યાદાને કારણે કેટલાક શિક્ષકો તેનો ઉપયોગ ટાળે છે.

**(14) વિષયાંગની ચર્ચા અને શૈક્ષણિક અનુભવો :** પાઠનું આદર્શ વાચન કે કાવ્યનું ગાન કે પઠન બાદ પાઠ્યવસ્તુના અધ્યાપનનો પ્રારંભ કરવામાં આવે છે. પાઠ્યવસ્તુ વિદ્યાર્થી સમક્ષ મૂકતી વખતે જે-તે શિક્ષકે ગદ્ય કે પદ્ય શિક્ષણના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ સામેથી ધ્યાનમાં રાખવા જોઇએ. હેતુને સર કરવા માટે પદ્ધતિ, શૈક્ષણિક સાધનો કે પ્રવૃત્તિઓનો ઉપયોગ કરવો જોઇએ. અધ્યેતાકેન્દ્રી શિક્ષણની હિમાયત થઇ રહી છે ત્યારે અધ્યેતાને શીખવવા કરતાં શીખતો કરવાનું વલણ અપનાવવું જોઇએ. આ માટે શૈક્ષણિક અનુભવો આપવા શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવવી જોઇએ. વિદ્યાર્થીને વાચન, લેખન, ગણન, વર્ગીકરણ, અભિવ્યક્તિ, દોરવું, રજૂ કરવું, ગોઠવવું, અવલોકવું, તારવવું, પુરવણી કરવી, રચવું જેવી કુશળતાઓ પ્રાપ્ત કરે તેવી તકો કે પ્રવૃત્તિઓ આપવી જોઇએ. આ માટે ભાષામાં નીચે જેવી પ્રવૃત્તિઓ આપી શકાય.

પાત્રોની યાદી તૈયાર કરો. પાત્રો-પાત્રો વચ્ચેના સંબંધો પણ જણાવો.

- પાત્રોના ગુણ લક્ષણોની યાદી કરો.
- પાઠ્ય વસ્તુના આધારે સંવાદો બનાવો - સંવાદો રજૂ કરો.
- પાઠના સંદર્ભે અન્ય અનુરૂપ દષ્ટાંતો આપો. - કાવ્ય પંક્તિઓ રજૂ કરો.
- કાવ્યના સંદર્ભે અનુરૂપ કાવ્ય પંક્તિઓ - દષ્ટાંતો આપો.
- પાઠમાં આવતી કહેવતો - રૂઢિપ્રયોગો તારવો.
- પાઠમાં આપને ન સમજાતા શબ્દોની યાદી તૈયાર કરો.
- પાત્રો-ઘટના-પ્રસંગો વચ્ચેના તફાવતો તારવો.

ઉપરોક્ત પ્રવૃત્તિઓ કે શૈક્ષણિક અનુભવો વડે વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન ફેરફારો લાવી શકાય છે. શૈક્ષણિક અનુભવોમાં શિક્ષકે પણ કેટલીક પ્રવૃત્તિઓ કરવાની છે. તેના આધારે વિદ્યાર્થી પાસે તે

પ્રવૃત્તિઓ કરાવી શકે છે. આ વિભાગનો સૂત્રધાર શિક્ષક છે છતાં તેણે વિદ્યાર્થીઓમાં મિત્ર, માર્ગદર્શક અને ફિલસૂફની ભૂમિકા અદા કરવાની હોય છે. ક્રિયા દ્વારા શિક્ષણ અને સર્જનથી આનંદનો સિદ્ધાંત સમાયેલો છે. જેટલા પ્રમાણમાં અસરકારક અનુભવો આપવામાં આવે તેવું શિક્ષણ ચેતનવંતુ, ઉત્સાહ પ્રેરક અને નવીનતાપૂર્ણ બને છે. વિષય અને વિષયાંગના સંદર્ભમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ વિચારી શકાય. દા.ત. શિક્ષક પ્રશ્નો પૂછવા, કથન કરવું (સ્પષ્ટીકરણ કરવું), આકૃતિ દોરવી, કા.પા. નોંધ કરવી, ચિત્રો બતાવવાં વગેરે જેવી પ્રવૃત્તિઓ કરે તો વિદ્યાર્થી પાસે ઉત્તર આપે, શ્રવણ કરે, આકૃતિ દોરે, કા.પા. નોંધ નોંધપોથીમાં ઉતારે, ચિત્રનું નિરીક્ષણ કરી અર્થઘટન કરે, ચર્ચાનાં ભાગ લે, ગાન કરે વગેરે પ્રવૃત્તિઓ કરાવી શકાય.

આ સોપાનમાં પાઠમાં આવતા નવા શબ્દોની ઓળખ પણ વિદ્યાર્થી સ્વયં કરી શકે, તે માટે શિક્ષકે કેટલાંક ઉદાહરણો પૂરાં પાડવા જોઇએ. શિક્ષકે નવા શબ્દનો અર્થ સ્વયં ન કહેતાં વિદ્યાર્થીને તેના અર્થ શોધવા માટે મદદરૂપ બનવાનું છે. શબ્દના અર્થ પૂછતી વખતે તેની નોંધ કા.પા.માં કરવી જરૂરી છે.

નવા શબ્દોથી વિદ્યાર્થીને પરિચિત કરવા માટેની વિવિધ પ્રયુક્તિઓ પૈકી કેટલીક નીચે મુજબ છે.

**વાક્ય પ્રયોગ દ્વારા**

પાઠમાં આવતા જે-તે શબ્દને વાક્યમાં પ્રયોજીને પાઠના સંદર્ભમાં અર્થ મેળવવો તે ઉપરાંત અન્ય અર્થ પણ મેળવી શકાય

દા.ત. 'મેથીપાઠ' શબ્દનો પરિચય કરાવવા બે વાક્યો મૂકી શકીએ.

- અમારે ત્યાં મેથીપાક બનાવ્યો છે.
- આજ તેને મેથીપાક ચખાડ્યો ત્યારે જ તેણે ઉત્તર આપવાનું શરૂ કર્યું.

  બન્ને વાક્યોમાં 'મેથીપાક' શબ્દનો અર્થ જુદો થશે.

  સ્પષ્ટીકરણ દ્વારા - ચર્ચા દ્વારા - દા.ત. 'પલ્લવગ્રાહી' શબ્દને સ્પષ્ટ કરવા નીચે જેવા પ્રશ્નો પૂછીને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરીશું.

- આ શબ્દમાં કેટલાં શબ્દો છે ? કયા કયા
- 'પલ્લવ' એટલે શું ?
- 'ગ્રાહી' એટલે શું ?
- પાંદડું ક્યાં સુધી વૃક્ષ સાથે ટકી રહે ? - પાનખર સુધી જ - થોડો સમય
- મૂળ રૂપ સુધી વૃક્ષ સાથે ટકી રહે ? - વૃક્ષ ટકે ત્યાં સુધી.
- મૂળ ક્યાં સુધી વિકસે ? - ઊંડે સુધી.
- મૂળ સુધી ઉતરવામાં અને પાંદડાંને પકડવામાં શો તફાવત છે ?

  આમ કોઇ પણ વિષયનો ઊંડાણથી અભ્યાસ કર્યા વિના ઉપર ચોટિયા અભ્યાસથી મેળવેનું પાંડિત્ય એટલે પલ્લવગ્રાહી પાંડિત્ય.

- આકૃતિ, ચિત્ર કે મૉડેલ દ્વારા : દા.ત. 'સ્તંભ' શબ્દ કોઇ સ્થાપત્યના ચિત્રમાંના 'સ્તંભ'ને દર્શાવીને, સ્ફિહંસ, પિરામીડ, શબ્દ તેના મૉડેલ કે ચિત્ર દ્વારા, ત્રિકોણ શબ્દ આકૃતિ દ્વારા સમજાવી શકાય.
- સમાસ વિગ્રહ કરીને - દા.ત. ગજાનન - જેનું મુખ હાથી જેવું છે તે.
- સંધિ વિગ્રહ કરીને - દા.ત. અતિશયોક્તિ - અતિશયક ઉક્તિ.
- વિરોધી શબ્દ આપીને - દા.ત. ધવલ શબ્દ આપેલા હોય તો તેના જેવો પ્રશ્ન પૂછવો
- 'શ્યામ' શબ્દનો વિરોધી પાઠમાંથી શોધી કઢો.

– સમાનાર્થી શબ્દ આપીને - દા.ત. 'વારિ' શબ્દ પાઠમાં આપેલ હોય તો 'જળ' કે 'પાણી' શબ્દનો સમાનાર્થી શબ્દ પાઠમાંથી શોધી કાઢો.

– વર્ણન કરીને - દા.ત. 'નરસિંહ' શબ્દની સમજૂતી માટે આ શબ્દમાં બે શબ્દો સમાયેલા છે. (1) નર (2) સિંહ નર એટલે માણસ. સિંહ એટલે સિંહ. જેવું અડધું શરીર માણસ જેવું અને અડધું શરીર સિંહ જેવું છે તે નસિંહ. બીજો અર્થ તેનો તે પણ કરી શકાય કે સિંહ જેવો માણસ, સિંહ સમાન ગુણો ધરાવતો માણસ.

– ઉપસર્ગ કે પૂવર્ગ જુદાં પાડીને - દા.ત. સુવાક્ય - સુ એટલે સારું અને વાક્ય એટલે વિધાન - સારું વિધાન. પ્રાદેશિક - પ્રદેશ કયા - રાજ્ય કે પ્રદેશ સાથે જોડાયેલું.

– કથા કરીને - દા.ત. ભાગીરથી - ભગીરથે તપ દ્વારા અવતરણ કરાવેલી ગંગા નદીની કથા દ્વારા.

– લક્ષ્યાર્થ તારવીને - દા.ત. 'આંખોમાં કૂવા પડ્યા' ની સમજ જ્યારે કૂવાની લાક્ષણિકતા તારવી કઈ લાક્ષણિકતા આંખ સાથે જોડવાથી અર્થ મળે તે વિચારવા કહેવું - (અર્થ - આંખે અંધાપો આવવો - આંખો ઊંડી ઉતરી જવી)

ગદ્ય કે પદ્યમાં આવતી ઘટના કે વિષયવસ્તુની સાથે વિદ્યાર્થીને ભાષા પણ શીખવવાની છે. તેને ધ્યાનમાં રાખી શબ્દ ઓળખ ઉપરાંત, સમાનાર્થી, વિરોધાર્થી શબ્દો, કહેવતો, રૂઢિપ્રયોગો, સમાસ, અલંકાર, છંદ વગેરેની ચર્ચા પણ વિદ્યાર્થી સામેથી મૂકીને ગદ્ય કે પદ્યમાં તેનાથી સર્જાતી ચમત્કૃતિ અને તેની ગદ્ય-પદ્યનાં અર્થમાં પોષકતાં સિદ્ધ કરવી જોઇએ. તો જ વિદ્યાર્થી ભાષાને માણી શકે. તેમજ તેના વ્યવહારમાં તેનો ઉપયોગ કરી શકે.

**15. મૂલ્યાંકન**

તાસ-શિક્ષણને અંગે વિદ્યાર્થીએ શું પ્રાપ્ત કર્યું ? કેટલું ગ્રહણ કર્યું ? કેટલું સમજ્યા ? શિક્ષકે ઇચ્છિત કે વર્તન-પરિવર્તન આવ્યું કે નહિ ? તેની ચકાસણી કરવા મૂલ્યાંકન કરવાનું છે. શિક્ષણકાર્યની સફળતા કે નિષ્ફળતાનો અરીસો મૂલ્યાંકન છે. મૂલ્યાંકનને આધારે શિક્ષક વિદ્યાર્થીઓમાં રહેલી અણસમજ, જે-તે બાબત સમજાઇ નથી. અર્થગ્રહણ થયું નથી. ગ્રહણ કરી શક્યા નથી, શિક્ષકે ઇચ્છેલાં વર્તનમાં પરિવર્તન આવ્યું નથી. તેની શોધ કરીને જરૂરી ઉપચાર કાર્ય પણ આપી શકે છે. સાથો સાથ પોતાના શિક્ષણ કાર્યમાં પુનઃવિચારણા કરી જરૂરી ફેરફારો લાવી શકે છે.

– ટૂંકા કે વસ્તુલક્ષી પ્રશ્નો પૂછીને

– લેખિત પ્રશ્નોની પ્રત આપીને

– કાવ્યગાન કરાવીને

– કથન, દર્શન કે સ્પષ્ટીકરણ કરાવીને

– જૂથ કાર્ય આપીને

– સંવાદ રજૂ કરાવીને

– ચિત્રકામ કરાવીને

– ચિત્રનું અર્થઘટન કરાવીને

– નાટ્યીકરણ કરાવીને

**16. સ્વાધ્યાય :**

વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલ જ્ઞાનના દૃઢીકરણ માટે કે પુનરાવર્તન માટે સ્વાધ્યાય આપવામાં આવે છે. સ્વાધ્યાય કાર્ય પાઠના હેતુ અને વિષયવસ્તુ આધારિત હોવું જોઇએ. જે એક દિવસ, સપ્તાહ કે માસ જેટલા સમયગાળાનું હોઇ શકે. સ્વાધ્યાય પ્રકારો જેવા કે ભૂમિકા સર્જક મૂલ્યાંકન

સ્વાધ્યાય, કૌશલલક્ષી સ્વાધ્યાય, તુલનાત્મક સ્વાધ્યાય વગેરેમાંથી અનુકૂળતા પ્રમાણે પસંદગી કરી શકાય.

સ્વાધ્યાય પ્રશ્નોમાં વિવિધતા લાવી વિદ્યાર્થીઓની કક્ષા અને રુચિને પોષવી જોઇએ. સ્વાધ્યાય અનેક સ્વરૂપે આપી શકાય. જેમાં,

| | | |
|---|---|---|
| - વાચન | - લેખન | - મુખપાઠ |
| - મુલાકાત | - ચિત્ર કે આકૃતિ દોરવી | - મૉડેલ બનાવવું |
| - સંક્ષેપીકરણ | - અવલોકન | - સમસ્યા ઉકેલવી |
| - સંગ્રહ કરવો | - ભાષાંતર કરવું | - કંઠસ્થ કરવું |
| - માહિતી એકઠી કરવી | - શબ્દાર્થ શોધવા | - વિસ્તૃતીકરણ |
| - પ્રશ્નો કે ટૂંકનોંધ | - સંવાદ રચવા | - નાટ્યીકરણમાં રૂપાંતર |
| - બીજી વાર્તા લેખન | - કાવ્ય રચના કરવી | - સમાન ભાવવાળાં કાવ્યો |
| - વાર્તા શોધવી. | | |

ઉપરોક્ત પ્રકારના સ્વાધ્યાય આપી દઢીકરણ, પુનરાવર્તનનાં સાધનોથી વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા વિકસો તે પણ વિચારવું જોઇએ.

**17. લેખન ફલક નોંધ**

લેખન ફલકનોંધ એ શિક્ષણના સમગ્ર કાર્યની છબી છે. બીજા શબ્દોમાં શિક્ષણકાર્યનો કાર્ડિયોગ્રામ છે. શિક્ષકની સજ્જનતા અને સફળતાનો ખ્યાલ કા.પા. કાર્ય પરથી મેળવી શકાય છે.

કાળું પાટિયું, શ્યામ ફલક, કૃષ્ણ ફલક, શ્યામપટ, બ્લોકબોર્ડ, ચોકબોર્ડ, ચાકફલક, લીલું પાટિયું (હાલ હાથના પાટિયાં આવતાં) જ્યાં વિશેષ નામો ધરાવતાં બોર્ડને લેખન ફલકબોર્ડ કહેવાય છે.

શિક્ષક અધ્યયન કરતાં કરતાં વિષયવસ્તુના સંકુલ ખ્યાલો, નિયમો, સિદ્ધાંતો, સંકલ્પનાઓ, વ્યાખ્યાઓ વગેરેની સ્પષ્ટ સમજ આપવા અને વિદ્યાર્થીઓ સાંભળતા સાંભળતાં તેને જોઇ શકે તે હેતુથી તેને કા.પા. પર નોંધ કહે છે. વિદ્યાર્થીઓના ધ્યાનને જકડી રાખતું કાર્ય તે જ લેખન-ફલક નોંધ.

**A. મહત્ત્વ :**

લેખન ફલક નોંધ અધ્યાપનને સુગમ બનાવવામાં કેટલું યોગદાન આપે છે તે નીચેના મુદ્દાઓથી સ્પષ્ટ સમજી શકાશે.

– સસ્તું, સુલભ અને ઉપયોગમાં કિંમતી સાધન છે.

– શિક્ષક, વિષયવસ્તુ અને વિદ્યાર્થીઓને જોડતી કડી છે.

– અસ્પષ્ટ બાબતો સ્પષ્ટ અને અઘરી બાબતો સરળ બને છે.

– વિષયવસ્તુની રજૂઆતમાં બળ અને આધાર મળે છે.

– વિષયવસ્તુના સંકુલ ખ્યાલો, નિયમો જેવા અમૂર્ત સ્વરૂપને મૂર્ત સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

– શ્રાવ્ય અનુભવનું દશ્ય અનુભવ સાથે સંયોજન થતાં અધ્યયન અનુભવને સુદઢ બનાવી શકાય છે.

– શિક્ષણકાર્ય સચોટ અને દીર્ઘકાલીન બને છે.

– કોઠા સ્વરૂપમાં કે આકર્ષક વ્યવસ્થિત નોંધ વિદ્યાર્થીની માનસિક શક્તિઓને વિકસાવે છે. સ્મૃતિ ગહન બને છે.

– વિદ્યાર્થીઓના ધ્યાનને કેન્દ્રિત કરી શકાય છે.

– વર્ગ વ્યવસ્થાની શિસ્ત જાળવવામાં મદદરૂપ થાય છે.

– વિદ્યાર્થીનો સહકાર લઇ સમૂહ શિક્ષણ સફળ બનાવી શકાય.

– આખા વર્ગને એક સાથે કામ આપી શકાય છે.

– અધ્યાપનમાં પ્રવૃત્તિઓનું વૈવિધ્ય જળવાય છે.

– મહત્ત્વની બાબતો પર ભાર આપી શકાય છે.

– શિક્ષક લેખન અને કથનનું સંકલન કરીને પોતાની આવડતને વધુ સારી રીતે રજૂ કરી શકે છે.

– વ્યવસ્થિત નોંધ વિદ્યાર્થીઓમાં લેખન કૌશલ્યનો પણ વિકાસ કરે છે. શુદ્ધ જોડણી, વિરામ ચિહ્નોનો ઉચિત ઉપયોગ કરતાં શીખે છે.

શૈક્ષણિક તકનિકીનો ગમે તેટલો વિકાસ થાય પણ કા.પા. કાર્યના ઉપરોક્ત મહત્ત્વના મુદ્દાને જોતાં એમ કહી શકાય કે જ્યાં અને જ્યાં સુધી વર્ગખંડ છે ત્યાં સુધી કા.પા. કાર્ય શિક્ષકને માટે કાયમી સાથીદાર રહેવાના છે પણ ઉપરોક્ત મહત્ત્વ ત્યારે જ સિદ્ધ થાય જ્યારે કા.પા. કાર્ય નીચેના ઘટકોને ધ્યાનમાં રાખીને કરાય.

**B. કા.પા. કાર્યના ઘટકો :**

કા.પા.કાર્યને આદર્શ સ્વરૂપ આપવા નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ.

**1. હસ્તાક્ષરની સુવાચ્યતા :**

– પ્રત્યેક અક્ષર લિપિશાસ્ત્ર અનુસાર મરોડદાર હોવો જોઇએ.

– બે અક્ષરો વચ્ચે યોગ્ય અંતર હોવું જોઇએ.

– બે શબ્દો વચ્ચે પણ યોગ્ય અંતર હોવું જોઇએ.

– છેલ્લી પાટલીનો વિદ્યાર્થી વાંચી શકે તેટલું અક્ષરનું કદ હોવું જોઇએ.

– લેખનની જાડાઇ એકસરખી જળવાઇ રહેવી જોઇએ.

– શીર્ષક, વિધાન, સંધિ, વિરોધી શબ્દો વગેરેને રજૂ કરતી વખતે યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરવો.

**2. કા.પા.કાર્યની સ્વચ્છતા - સુઘડતા :**

– લખાણ લખતાં પહેલાં કા.પા. ને વ્યવસ્થિત સાફ કરવું. સફેદ ચોકના ધાબા દેખાતા હોય અને તેના પર જ લખાય તો જોનારને અરુચિકર લાગે.

– વિષયવસ્તુ મુજબ યોગ્ય વિભાગો પાડી કા.પા. પર પણ જુદાં જુદાં વિભાગોના શીર્ષકો આપીને લખવું.

– લખાણ સીધી લીટીમાં હોવું જોઇએ.

– અક્ષર પર અક્ષર લખાઇ ન જાય તેની કાળજી લેવી જોઇએ.

– રંગીન ચોકનો પ્રમાણસર ઉપયોગ કરવો જોઇએ.

**3. કા.પા.કાર્યની યથાર્થતા :**

– વિષયવસ્તુને આધારે રજૂ થતા મુદ્દાઓમાં સાતત્ય જળવાય તે જોવું જોઇએ.

– વિષયવસ્તુના તારવેલા બધા જ વિશ્લેષણને કા.પા. નોંધમાં જરૂરી નથી. પણ સમગ્ર એકમની સારરૂપ તર્કસંગત બાબતોને ક્રમબદ્ધ અને વિદ્યાર્થીને ઉપયોગી બને તે રીતે રજૂ કરવી જોઇએ.

– શીર્ષક અને તેને આધારે તારવેલા મુદ્દા વચ્ચે તર્કસંગત અને યોગ્ય સંબંધ જળવાતો હોવો જોઇએ.

– મુદ્દાઓ ટૂંકા અને સરળ તેમજ સ્પષ્ટ ભાષામાં લખાવા જોઇએ.

– કોઇ એક શૈક્ષણિક મુદ્દા અંતર્ગત તારવેલી જુદી જુદી બાબતોની વાક્ય રચનાનું સ્વરૂપ સરળ હોવું જોઇએ. કોઇ એક બાબત વાક્ય વિધાનના સ્વરૂપમાં તો કોઇ બાબત મુદ્દાના સ્વરૂપમાં લખાય તેમ ન થવું જોઇએ.

– ભાષા શિક્ષણમાં પત્રલેખન, પ્રસંગો, શીર્ષકની યથાર્થતા, રૂઢિપ્રયોગ, સંધિ વગેરેને અલગ-અલગ વિભાગમાં સ્પષ્ટ રીતે દર્શાવવા જોઇએ.

**4. પ્રકીર્ણ બાબતો :**

– કા.પા. નો ઉપયોગ કરતાં પહેલાં તેને સ્વચ્છ કરવું.

– કા.પા. કાર્ય કર્યા પછી વર્ગખંડ છોડતા પહેલાં કા.પા. નોંધ સાફ કરવી.

– કા.પા. કાર્ય કરતી વખતે સંપૂર્ણ પીઠ દેખાય તેમ કા.પા. નોંધ ન લખવી.

– કા.પા. નોંધ વિદ્યાર્થીઓ સારી રીતે લખી શકે તે માટે વચ્ચે ઊભા ન રહેવું.

– લખતી વખતે ચોકનો અવાજ ન થાય તે જોવું.

– કા.પા. સાફ કરતી વખતે રજકણો ન ઉડે તે જોવું.

– આત્મવિશ્વાસપૂર્વક અને સાહજિકતાથી કા.પા. નોંધ લખવી.

– ખૂબ ભાર દઇને કે ખૂબ હળવા હાથે કા.પા. નોંધ ન કરવી.

– ભીના કરેલા ચોકથી કા.પા. નોંધ ન કરવી.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઇને કરાયેલી કા.પા. નોંધ શિક્ષકના શિક્ષણ કાર્યની આરસી બની રહે છે.

માતૃભાષાના શિક્ષણ દરમ્યાન લેખન ફલક નોંધ ને બે વિભાગોમાં વહેંચી શકાય.

(1) પ્રથમ વિભાગમાં નવા શબ્દો - વિરોધાર્થી શબ્દો, સમાસ, સંધિ, રૂઢિપ્રયોગો, કહેવતો, અલંકાર, છંદ, વગેરે બાબતોનો સમાવેશ થઇ શકે. પાઠના સંદર્ભે જરૂરી હોય તેટલી બાબતો લેવી જોઇએ.

(2) બીજા વિભાગમાં પાઠ કે કાવ્યના મુદ્દા લખવા જોઇએ. જેમાં કોઇ એક મુજબ મુદ્દો લખી તેના સ્પષ્ટીકરણ સ્વરૂપે ટૂંકમાં કેટલીક વિગતો વિદ્યાર્થીને ઉપયોગી બને તેવી હોય તે જ લખવી. દા.ત. દેવશંકરના પાત્રની લાડુપ્રિયતા મુખ્ય મુદ્દો અને તેના લક્ષણો ટૂંકમાં લાડુ માટે નોકરીનો ત્યાગ, ગોરપદાનો સ્વીકાર, પુનઃ નોકરીમાં ન છૂટકે જોડાવું, લાડુંના સ્વપ્ન જોવા. લાડુ માટે અપમાન વગેરેનો સમાવેશ કરી શખાય. લેખન ફલક નોંધ જુદાં જુદાં સાહિત્ય પ્રકારો મુજબ જુદી જુદી હોઇ શકે છે. તે જ રીતે ગદ્ય-પદ્ય વ્યાકરણ અને લેખનના પાઠમાં પણ લેખન ફલકમાં વિભિન્નતા હોય છે.

**તમારી પ્રગતિ ચકાસો (2)**

**નીચે આપેલા પ્રશ્નોના જવાબ નીચે આપેલી ખાલી જગ્યામાં લખો.**

**(1) પાઠ આયોજનના ત્રણ પ્રકારો જણાવો.**

(1) ................. (2) ................. (3) .................

**(2) તાસ આયોજનના મહત્ત્વનાં પાચ સોપાનો જણાવો.**

(1) ................. (2) ................. (3) .................

(4) ................. (5) .................

(3) વિશિષ્ટ હેતુઓ, પાઠ આયોજનમાં વિશિષ્ટ હેતુઓ કેવી રીતે લખશો ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(4) વિષયવસ્તુના મુદ્દાના લેખન સમયે શું શું ધ્યાનમાં લેશો ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(5) તાસ આયોજનમાં વર્ગવ્યવહારમાં કયા વર્તનો કરવાં જોઈએ ? તમારા મતે મહત્ત્વના પાંચ વર્તનો જણાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(6) વિષયાંગની પ્રયુક્તિની રચના સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(7) નવા શબ્દનો પરિચય કરાવવા કઈ પ્રયુક્તિઓ ઉપયોગી બને છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(8) લેખન ફલક નોંધ કરવામાં કઈ બાબતો ધ્યાનમાં રાખશો ?

..........................................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

**(9) વિશિષ્ટ સ્વાધ્યાય આપવા શું કરશો ?**

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

## 5.4 એકમ આયોજન

### 5.4.1 પ્રસ્તાવના :

તાસ આયોજનમાં નિશ્ચિત એકમનું માત્ર એક તાસ પૂરતું જ અધ્યાપન કાર્ય થાય આટલા ઓછા સમયગાળામાં કોઇ વિષયવસ્તુની ઊંડાણભરી ચર્ચા, પ્રવૃત્તિ કે વિવિધ શૈક્ષણિક અનુભવો પૂરા પાડવાનું શક્ય બનતું નથી. વિષયવસ્તુનું માત્ર એકાંગી અને ઉપરછલ્લું અધ્યયન જ કરી શકાય છે. તાસ આયોજનની આ મર્યાદા એકમ આયોજન નિવારે છે. વિદ્યાર્થીઓને એકમની નિયત કરેલા હેતુ અનુસાર અધ્યાપન કાર્ય કરાવવા, ઊંડાણભર્યા વિવિધ શૈક્ષણિક અનુભવ પૂરા પાડવા તેમજ વિષયવસ્તુની સર્વાંગી ચર્ચા માટે એકમ આયોજન વધારે યોગ્ય ગણાય.

### 5.4.2 અર્થ અને સંકલ્પના :

એકમ આયોજન માટે વસ્તુવિષયક ઉપવિભાગ આયોજન, પ્રકરણ આયોજન જેવા પર્યાય વાપરી શકાય છે. એકમ આયોજનનો મૂળભૂત વિચાર હર્બાટ આપેલો પરંતુ તેમના વિચારનું અમલીકરણ ઇ.સ. 1920માં શરૂ થયું. એકમની વ્યાખ્યા અંગે વિદ્વાનોમાં એકમત નથી. વિવિધ શિક્ષણ શાસ્ત્રીઓ એ વિવિધ વિચારો રજૂ કરેલ છે. છતાં તેથી જાણીતી સંકલ્પના આ પ્રમાણે છેઃ-

- A unit is and unified learning experience.
- The unit is a plan of instruction based on a significant certtart of learning
- એકમ એટલે સમાનકક્ષાવાળા અધ્યયન અનુભવોનું સંકલન

  પાઠ્યપુસ્તકના સમાન અધ્યયન અનુભવો આપતા પાઠોના સંપૂર્ણ એકમ તરીકે શિક્ષણ-કાર્ય કરવામાં આવે તેને એકમ આયોજન કહે છે. એકમ આયોજનમાં વિષયના છૂટાછવાયા મુદ્દાને સ્થાને સમાન ભાવવાળી કૃતિઓ એકત્રિત કરી એક એકમ બનાવવામાં આવે છે અને તેનું ત્રણ કે ચાર તાસ સુધી સતત-સર્વાંગી અધ્યાપન થાય છે. આમાં વિષયવસ્તુનું સાતત્ય મહત્ત્વનું છે તે વિરાંત ઉપરાંત વિષયવસ્તુનાં બધા જ પાસાનું અધ્યાપન મૂળ જ ઊંડાણપૂર્વક કરાવવામાં આવવું જોઇએ. પાઠ્યપુસ્તકના કોઇ એક પાઠની વસ્તુનાં જુદાં જુદાં પાસાં પર તૈયાર કરેલા જુદાં જુદાં પાઠો યોજીને પણ એકમ પાઠની રચના થઇ શકે છે. માતૃભાષા એકમ પાઠમાં ભાવ-આકલન, વાચન, ભાષાશિક્ષણ અને લેખિત અભિવ્યક્તિ અને ચાર પાઠમાં સમાવેશ થઇ શકે.

**એકમ આયોજન એટલે ....**

- એક જ પાઠનાં જુદાં જુદાં પાસાંના શિક્ષણનું આયોજન
- સમાન ભાવવાળી કૃતિઓના શિક્ષણનું આયોજન

– કોઈએક મુખ્ય મુદ્દા કે સમસ્યાના સંબંધિત પેટા મુદ્દાઓનાં અધ્યયન-અધ્યાપનની હારમાળાનું આયોજન.

### 5.4.3 સિદ્ધાંતો

ક્લોસ નિપરે એકમ આયોજનના નીચેના સિદ્ધાંતો સૂચવ્યા છે :-

– એકમ આયોજન પરિવર્તનશીલ છે.
– અનેક સંદર્ભોથી તૈયાર કરાય છે. જેમાં શૈક્ષણિક વિગતો અને પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવે છે.
– વિષયાંગ શિક્ષણ માટે તે દિશા દર્શન કરી સાતત્ય અને પૂર્ણતા પ્રદાન કરે છે.
– એકમ આયોજન વર્ગશિક્ષણમાં તાસ-આયોજન સ્વરૂપે જ અમલમાં મૂકાય છે. પાઠ આયોજનના આ બધા લાભો એકમ આયોજનમાં રહેલા છે.
– એકમ આયોજન અનુભવોનું સાતત્ય પુરું પાડે છે અને સતત સર્વાંગી મૂલ્યાંકન થઇ શકે છે.

### 5.4.4 પ્રકારો

એકમ આયોજનના બે પ્રકારો છે :-

(1) વિષયવસ્તુ કેન્દ્રી-વિષયવસ્તુના વિભાગો પાડીને કોઇ એક મુખ્ય મુદ્દાના પેટાવિભાગો પાડીને કરેલું આયોજન

(2) પ્રકૃતિકેન્દ્રી - વિષયવસ્તુની લાક્ષણિકતાઓના સંદર્ભમાં કોઇએક સમાન લાક્ષણિકતાવાળો વિવિધ કૃતિઓનું કરેલું આયોજન

ઉપરોક્ત બન્ને આયોજનમાં સોપાનોની રીતે કોઇ તફાવત નથી. તેથી બન્ને તદ્દન ભિન્ન નથી પણ મહત્તાની દૃષ્ટિએ જ પ્રકાર પાડવામાં આવેલ છે.

### 5.4.5 મહત્ત્વ :

એકમ આયોજન તાસ આયોજનની મર્યાદાઓને દૂર કરી, વિષયવસ્તુના સમગ્રલક્ષી અધ્યાપનને તાકે છે. તેનું મહત્ત્વ આ મુજબ કહી શકાય.

– શિક્ષણની પ્રક્રિયા શિક્ષણ પૂર્ણ, અખંડિત, સળંગ અને ચિરંજીવ બને છે.
– શિક્ષણના સામાન્ય અને વિશિષ્ટ હેતુ પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે.
– વિષયવસ્તુને સંપૂર્ણ ન્યાય આપી શકાય છે. જેમ કે કાવ્ય શિક્ષણના એકમમાં ભાષાવસ્તુ, શબ્દચિત્રો, વિષયવસ્તુ, સાહિત્ય, અર્થગ્રહણ અને વિવિધ પાસાંને સંપૂર્ણ ન્યાય આપી શખાય છે.
– વિદ્યાર્થીઓમાં રસ, ઉત્સાહ, સક્રિયતા લાવી શકાય છે.
– વિદ્યાર્થીઓને ચોક્કસ અને વિશેષ પ્રમાણમાં અધ્યયન અનુભવો પૂરાં પાડી શકાય છે.
– વિવિધ પદ્ધતિઓ, સાધનો, પ્રયુક્તિઓ, પ્રવૃત્તિઓ અને માનવસ્ત્રોતોનો યોગ્ય ઉપયોગ કરી શકાય છે.
– વિદ્યાર્થીઓમાં ચોક્કસ હેતુ પરિવર્તન માટે સમય આપી શકાય છે.
– શિક્ષકનો શ્રમ અને સમય બચે છે. આત્મવિશ્વાસ વધે છે.
– મૂલ્યાંકન સઘન અને સર્વ પાસાંને સ્પર્શતું થઇ શકે છે.
– સ્વાધ્યાયમાં વિવિધતા લાવી શકાય છે.
– પુનરાવર્તન અને દૃઢીકરણ થઇ શકે છે.
– શિક્ષકે કરવાનાં કાર્યોનો ખ્યાલ આવે છે.
– શિક્ષણના તમામ પાસાંને ધ્યાનમાં લઇ ન્યાય આપી શકાય છે.
– શિક્ષકને શિક્ષણકાર્યની સ્વતંત્રતા અને આત્મસંતોષ મળે છે.
– વિદ્યાર્થીની ગતિ અને ક્ષમતા અનુસાર આયોજનમાં પરિવર્તન થઇ શકે છે.

- વિદ્યાર્થીની ભૂલોને નિવારી શકાય છે.
- શિક્ષક પોતાની મર્યાદા કે ક્ષમતા પ્રમાણે આયોજનમાં પરિવર્તન લાવી શકે છે.
- શિક્ષણ સરળ, સફળ અને રસદાયક બને છે.

**5.4.6 એકમ-આયોજનનાં સોપાનો :**

જેમ મકાનનો નકશો મકાનના ચિત્રની છાપ મગજમાં ઉપસાવે તેમ એકમ આયોજનમાં મુખ્ય એકમની સાથે પેટા એકમોની 4 થી 6 તાસમાં ફાળવણી કરી હોય તો તે કયા સોપાનો દ્વારા સિદ્ધ થશે તેની રૂપરેખા એકમ આયોજનના સોપાનોમાં રજૂ કરવામાં આવે છે આ સોપાનો દ્વારા એકમ આયોજન દરમિયાન કયું વિષયવસ્તુ, કેવી રીતે રજૂ કરવાનું છે, કઇ સંકલ્પનાઓ સ્પષ્ટ કરવાની છે, કયા હેતુઓ સિદ્ધ કરવાના છે, કયા શૈક્ષણિક સાધનોની મદદ લેવાની છે તેમજ તેના મૂલ્યાંકન, સ્વાધ્યાય અને સંદર્ભ સાહિત્યની સમજ આપે છે. એકમ આયોજનની રૂપરેખામાં નીચેનાં સોપાનો તૈયાર કરવામાં આવે છે. આ રૂપરેખા સ્પષ્ટ થયા પછી જેટલા તાસ લેવાના હોય તેટલા તાસનું તાસ પ્રમાણે પાઠ આયોજન નોંધવામાં આવે છે.

**1. એકમ :**

સમગ્ર આયોજનને ધ્યાનમાં રાખી મુખ્ય એકમ કે કોઇ વિષય નક્કી કર્યો હોય તો તે સમગ્ર એકમનું નામ અહીં લખવાનું હોય છે. દા.ત. ગોવિંદનું ખેતર, ઝબલક જ્યોત કે કૃષ્ણ ભક્તિનાં કાવ્યો.

**2. પેટા એકમ :**

સમગ્ર એકમને જેટલા તાસમાં વહેંચવામાં આવ્યો હોય તે પ્રમાણે નિશ્ચિત વિભાગોમાં વહેંચવામાં આવે છે જેમ કે,

તાસ-1 પ્રારંભ, લેખક પરિચય, આદર્શ વાચન-ગાન-પઠન

તાસ-2 વિષયવસ્તુની ચર્ચા, પ્રસંગો, ભાવનિરૂપણ

તાસ-3 પાત્રાલેખન, શીર્ષકની યથાર્થતા, ભાષાવસ્તુ, શૈલી

તાસ-4 સમગ્રલક્ષી ચર્ચા

તાસ-5 મૂલ્યાંકન

**3. શૈક્ષણિક હેતુઓ :**

સમગ્ર એકમને ધ્યાનમાં લઇ સામાન્ય અને વિશિષ્ટ હેતુઓની નોંધ કરવામાં આવે છે. દરેક સામાન્ય હેતુની નીચે બે ત્રણ વિશિષ્ટ હેતુઓની નોંધ મૂકીને ક્રમબદ્ધ રીતે લખવામાં આવે છે.

**4. વિષયવસ્તુ-ભાષાવસ્તુના મુદ્દા :**

સમગ્ર એકમને ધ્યાનમાં લઇ તાસ પ્રમાણે વિષયવસ્તુના જે-તે વિભાગ પ્રમાણે મુદ્દા વિભાજિત કર્યા હોય તેની ટૂંકમાં નોંધ કરવામાં આવે છે. સાથો સાથ ભાષાવસ્તુના મુદ્દા પણ લખવામાં આવે છે.

**5. વિષયપ્રવેશ :**

આ સોપાનમાં પેટા એકમ અનુસાર વિષયાભિમુખ પ્રયુક્તિ નિશ્ચિત કરી તેના સંબંધી નોંધ કરવામાં આવે છે.

**6. અધ્યાપન પદ્ધતિ-પ્રયુક્તિઓ**

આ સોપાનમાં સમગ્ર એકમને લક્ષમાં રાખી કઇ કઇ પદ્ધતિઓ, પ્રયુક્તિઓનો ઉપયોગ કરવાનો છે. તેની નોંધ કરવામાં આવે છે. દા.ત. કથન પદ્ધતિ, નાટ્યકરણ પદ્ધતિ ગાન પ્રયુક્તિ વગેરે.

**7. શૈક્ષણિક સાધનો :**

એકમની વિગતો અને હેતુઓને ધ્યાનમાં રાખી શૈક્ષણિક સંદર્ભો-સામગ્રી અને સાધનોનો ઉપયોગ કરવાનો હોઇ તેની નોંધ મૂકવામાં આવે છે. દા.ત. ચાર્ટ્સ, ચિત્રો, ટેપરેકોર્ડર, એલ.સી.ડી.

**8. અધ્યયન પ્રવૃત્તિઓ :**

વર્ગની અંદર કે બહાર, વ્યક્તિગત કે સામૂહિક રીતે વિદ્યાર્થીઓ અને શિક્ષકને સમગ્ર એકમ ૠૠદરમિયાન જે-જે પ્રવૃત્તિઓ કરવાના હોય તેની નોંધ મૂકવામાં આવે છે. દા.ત. ચાર્ટસ બનાવવો, પાત્રગત લક્ષણો તારવવાં, સંદર્ભ પંક્તિઓ એકઠી કરવી વગેરે.

**9. મૂલ્યાંકન :**

સમગ્ર એકમ પર આધારિત મૂલ્યાંકન કસોટી બધા તાસને અંતે લેવામાં આવે છે. અહીં પ્રત્યેક પેટાએકમમાં મૂલ્યાંકન થતું નથી. અધ્યાયને અંતે મૂલ્યાંકન થાય છે.

**10. સ્વાધ્યાય :**

દરેક તાસમાં પેટા એકમ સંદર્ભે સ્વાધ્યાય કાર્ય આપવામાં આવે છે. દરેકના અંતે કેવો સ્વાધ્યાય અપાશે તેની નોંધ મૂકવામાં આવે છે.

**11. સંદર્ભ સાહિત્ય :**

શિક્ષક સમગ્ર એકમને તૈયાર કરવામાં પાઠ્યપુસ્તક સિવાય જે જે અન્ય પુસ્તકો, સામયિકો, વર્તમાનપત્રો, શબ્દકોષનો ઉપયોગ કરે તેની નોંધ અહીં મૂકવામાં આવે છે. કોઇ વ્યક્તિ કે સ્થળની મુલાકાત લેવાના હોય તો તેની નોંધ પણ મૂકવાની હોય છે.

**12. લેખનફલક નોંધ :**

પ્રત્યેક પેટા એકમના વિષયવસ્તુને આધારે તેનાં ભાષાવસ્તુ અને વિષયવસ્તુ આધારિત લેખન ફલક નોંધનું આયોજન કરવામાં આવે છે.

**તમારી પ્રગતિ ચકાસો-3**

**1. એકમ આયોજનની સંકલ્પના સમજાવો.**

................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................

**2. એકમ આયોજનના ત્રણ સિદ્ધાંતો દર્શાવો.**

................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................

**3. એકમ આયોજનના અને તાસ આયોજન વચ્ચેનો તફાવત દર્શાવતા ચાર મુખ્ય મુદ્દાઓ નોંધો.**

................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................

**4. એકમ આયોજનનાં સોપાનોની સૂચિ બનાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**5. એકમ આયોજનનું મહત્ત્વ દર્શાવતા ચાર મુદ્દાઓ નોંધો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 5.5 સારાંશ

શિક્ષણકાર્ય એ હેતુલક્ષી પ્રવૃત્તિ છે, પ્રક્રિયા છે. તમે પરિણામલક્ષી બનાવવા માટે હેતુ સિદ્ધિ માટે નિશ્ચિત પદ્ધતિ-પ્રક્રિયાઓ કરવી અનિવાર્ય છે. આ માટે પહેલેથી વિચારણા કરવી જરૂરી છે. શિક્ષણકાર્યનો હેતુ નક્કી કરવા, પદ્ધતિ નક્કી કરવી, પ્રક્રિયા નક્કી કરવી અને વર્ગમાં કરવાની પદ્ધતિઓ નક્કી કરી તેની વર્ગશિક્ષણકાર્ય પહેલાં જ વિચારણા કરી લેખિત નોંધ તૈયાર કરવી તેને પાઠ આયોજન અથવા પાઠનોંધ - તાસ આયોજન તરીકે ઓળખવામાં આવે છે. આ સંદર્ભમાં અનેક વિદ્વાનોએ આપેલી વ્યાખ્યાઓ સાથે તેની સમજ આપવાનો પ્રયાસ કરેલ છે.

શૈક્ષણિક આયોજન શિક્ષણની અનેક બાબતો - ક્ષેત્રો - વિભાગો - સમય સાથે સંકળાયેલું છે. તેને ધ્યાનમાં રાખી સમગ્રથી માંડી શાળામાં લેવાના તાસ સુધીના આયોજનને તેમાં સાંકળી શકાય. શાળાઓએ વાર્ષિક આયોજન, સત્ર-આયોજન-માસિક આયોજન-દૈનિક આયોજન અને તાસ આયોજન કરવાનાં હોય છે. તે સંદર્ભે પણ આચાર્ય અને શિક્ષક પાસે માહિતી હોવી જોઇએ. અહીં તે આપવાનો પ્રયાસ કરેલ છે.

પાઠ આયોજન નોંધ તૈયાર કરતાં પહેલાં શિક્ષક પાસે કેટલીક અપેક્ષાઓ અનિવાર્ય છે. જેમાં ખાસ કરીને વિષયનું જ્ઞાન સમજ કૌશલ, બાળકોના સંદર્ભે માહિતી અને જ્ઞાન, અધ્યાપન સંદર્ભે પદ્ધતિઓ-પ્રવૃત્તિઓ સાધનોના ઉપયોગ-કૌશલો અધ્યાપનના હેતુઓ, અન્ય વિષયોનું જ્ઞાન જેવી બાબતો મહત્ત્વની છે. તાસ આયોજનના વિવિધ ફાયદા છે. તેમાં તેમાં અભિગમો પણ જોવા મળે છે. જેમાં હરબાર્ટની પંચપદી જાણીતી છે. પાઠ આયોજન માટે પંચવદી અભિગમ પ્રચલિત છે છતાં તેની મર્યાદાઓ પણ છે.

તાસ આયોજન માટેનાં સોપાનો અંગે વિસ્તૃત ચર્ચા કરેલ છે. ખાસ કરીને હેતુકેન્દ્રી તાસ આયોજનને ધ્યાનમાં રાખી સોપાનો વિચારેલ છે. આ સોપાનોમાં વિષયવસ્તુની સમજ જરૂરી છે. તે સંદર્ભે તેની સંકલ્પના, પૃથક્કરણ અને લેખન સંબંધી માહિતી આપવામાં આવી છે. બીજું મહત્ત્વનું સોપાન વર્ગવ્યવહાર અધ્યયન-અધ્યાપન પ્રવૃત્તિઓ-પ્રયુક્તિઓનું છે. જે બાબતે પણ જરૂરી સમજ આપવાનો પ્રયાસ કરેલ છે. ત્રીજું સોપાન વિષયાભિમુખ અને ચોથું કા.પા. નોંધ વિશેષ મહત્ત્વનાં હોઇ તે અંગે પણ વિસ્તૃત સમજ આપી છે.

ભાષાશિક્ષણ માટે પાઠ આયોજન નોંધ પાઠ્યપુસ્તકના એકમ આધારિત હોય છે. પાઠ્યપુસ્તકમાં ભાષાપાઠ ગદ્ય, પદ્ય, રચના-પ્રકાર સ્વરૂપમાં અપનાવાય છે. માધ્યમિક સ્તરે સાહિત્યસ્વરૂપ ઉપરાંત વ્યાકરણ અને ભાષાજ્ઞાનનું મહત્ત્વ વિશેષ છે. આધારે સાહિત્ય અને ભાષાઉચ્ચારણથી માંડી નિબંધ-સ્વતંત્ર લેખન તેમજ ભાષાની કૃતિલક્ષી સમજ ઉપયોગી છે. વ્યાકરણશિક્ષણ ભાષાપદ્ધતિના મહાવરા

અભ્યાસ માટે નિબંધ રચના, કાવ્યસમીક્ષા લેખનકાર્ય માટેનું શિક્ષણ જેવા વિવિધ પ્રયત્નો ભાષાશિક્ષણના હેતુઓની સિદ્ધિ માટે અપનાવાય છે. તે માટે પાઠ આયોજન, પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, મૂલ્યાંકન, સ્વાધ્યાયલક્ષી વિચારણા કરવામાં આવી છે. આમ, માતૃભાષાનું માતૃભાષામાં પાઠઆયોજન ઉપરાંત એકમ આયોજન પણ થઇ શકે છે. માતૃભાષાના સંદર્ભે એકમની સંકલ્પના સ્પષ્ટ કરવામાં આવી છે. એકમ આયોજનનું મહત્ત્વ, પાઠ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત અને તેમાં સોપાનોને આવરી તાસ-આયોજન અને એકમ આયોજન સંદર્ભે વિગતે ચર્ચા કરવાનો ઉપક્રમ રાખેલ છે.

## 5.6 સ્વાધ્યાય :

1. શૈક્ષણિક આયોજન એટલે શું ? શૈક્ષણિક આયોજનની સંકલ્પના અને તેનું મહત્ત્વ સ્પષ્ટ કરો.
2. શૈક્ષણિક આયોજન કરતી વખતે કઇ કઇ બાબતો ધ્યાનમાં રાખશો ? ચર્ચો.
3. તાસ આયોજનની સંકલ્પના સ્પષ્ટ કરી તેનું મહત્ત્વ જણાવો.
4. તાસ-આયોજનનાં સોપાનોની વિસ્તૃત ચર્ચા કરો.
5. વિષયાભિમુખ માટેની પ્રયુક્તિઓ ઉદાહરણ સહિત સ્પષ્ટ કરો.
6. વિષયાભિમિખ માટે કયા કયા આધારો ઉપયોગમાં લેશો તે ઉદાહરણ સહિત જણાવો.
7. તાસ શિક્ષણ દરમ્યાન ઉપયોગી શબ્દ આલેખ પ્રયુક્તિઓની સમજ ઉદાહરણ સહિત આપો.
8. કા.પા. નોંધ શિક્ષકની આરસી છે. 'વિધાનની ચર્ચા કરો'
9. એકમ આયોજન એટલે શું ? તેની સંકલ્પના સ્પષ્ટ કરી તેના સિદ્ધાંતો અને ઉપયોગિતાની ચર્ચા કરો.
10. એકમ આયોજન અને પાઠ આયોજન વચ્ચેનો તફાવત દર્શાવો.
11. એકમ આયોજન કરતી વખતે કઇ કઇ બાબતો લક્ષમાં લેશો ?
12. પાઠ આયોજન નોંધ જેટલી અસરકારક તેટલું જ શિક્ષણ અસરકારક વિધાનની સમીક્ષા કરો.
13. આયોજનનોંધ શિક્ષણ સંરચનાની સીડી છે. ચર્ચા કરો.
14. કોઇપણ એક ગદ્ય પાઠ લઇ પાઠ આયોજન નોંધ તૈયાર કરો.
15. કોઇપણ એક પદ્ય પાઠ લઇ પાઠ આયોજન નોંધ તૈયાર કરો.
16. કોઇપણ એક વ્યાકરણનો મુદ્દો લઇ પાઠ આયોજન નોંધ તૈયાર કરો.
17. કોઇપણ એક વિષયાંગ પસંદ કરી નિબંધ પાઠ આયોજન નોંધ તૈયાર કરો.
18. કોઇપણ ગદ્ય-પદ્ય-વ્યાકરણ-નિબંધના વિષયાંગ પર એકમ આયોજન નોંધ તૈયાર કરો.

## 5.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. ઘોડીવાલા, આદમ-સાહિત્યનું અધ્યાપન, પાર્શ્વપ્રકાશન, અમદાવાદ-1990.
2. આકુવાલા સી. કે. - ગુજરાતી અભિનય અધ્યાપન, ભારત પ્રકાશન, અમદાવાદ-1970.
3. જોષી કનૈયાલાલ - ગુજરાતી અધ્યાપનનાં સાપ્રંતપ્રવાહો, બાલ ગોવિંદ પ્રકાશન, અમદાવાદ-1972.
4. ત્રિવેદી, ગુણવંત-ભાષાશિક્ષણની પ્રક્રિયા, રાજ્યશિક્ષણ ભવન, અમદાવાદ-1969.
5. દવે, જયેન્દ્ર કવિતાનું શિક્ષણ, સરદાર પટેલ યુનિવર્સિટી, 1982.
6. દેસાઇ ધનવંત અને જોષી હરિકૃષ્ણ - ગુજરાતી શિક્ષણમાં નવીન દૃષ્ટિ, એ. આર., શેઠની કંપની, મુંબઇ-1971.
7. દેસાઇ ધનવંત, ગુજરાતી અધ્યાપનના નવાપ્રકારો, એ. આર. શેઠની કંપની, અમદાવાદ.
8. શ્રીવાસ્તવ રવિન્દ્રનાથ ભાષાશિક્ષણ-પ્રથમ સંસ્કરણ, વિ. મેકમિલન કંપની ઓફ ઇન્ડિયા લિમિટેડ-1979.

## 5.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(1) 1. 5.3.1 જુઓ (છેલ્લો મુદ્દો)

2. હેતુલક્ષી, તાર્કિકકામ, માહિતી વૈવિધ્ય

3. 1. હેતુલક્ષી શિક્ષણ વિચારણા થઇ શકે છે.

   2. પ્રવૃત્તિઓ કેન્દ્રી શિક્ષણ - વિચારણા થઇ શકે છે.

4. 5.2.2.6 જુઓ

5. 5.2.2.6 જુઓ

6. 5.2.1 જુઓ

7. 5.2.2.6 જુઓ

8. 5.2.2.7 જુઓ

(2) 1. 5.3.5 જુઓ

2. 5.3.6 જુઓ વિશિષ્ટ હેતુ - વિષયવસ્તુના મુદ્દા - વર્ગવ્યવહાર - વિષયાભિમુખ અને કા.પા. કૌશલ

3. 5.3.6.5 જુઓ

4. 5.3.6.6 જુઓ

5. 5.3.6.7 જુઓ

6. 5.3.6.10 જુઓ

7. 5.3.6.14 જુઓ

8. 5.3.6.7.13 જુઓ

9. 5.3.6.16

(3) 1. 5.4.2 જુઓ

2. 5.4.3 જુઓ

3. 5.4.6 જુઓ

4. 5.4.7 જુઓ

5. 5.4.5 જુઓ

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-116
# ગુજરાતીનું શિક્ષણ
# (Teaching of Gujarati)

વિભાગ

# 2

## માતૃભાષા શિક્ષણનાં કૌશલ્યો, અધ્યાપન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ


એકમ-6 માતૃભાષા શિક્ષણનાં કૌશલ્યો

એકમ-7 માતૃભાષા શિક્ષણની પદ્ધતિ

એકમ-8 માતૃભાષા શિક્ષણની પ્રયુક્તિઓ

## ES-116, ગુજરાતીનું શિક્ષણ (વિભાગ-2)


**લેખક**

| | |
|---|---|
| **ડૉ. ગીતાબેન ભણસારી** | નિવૃત એસોસિએટ પ્રોફેસર, એસ. ડી. શેઠીઆ કૉલેજ ઓફ એજ્યુકેશન, મુંદ્રા, કચ્છ. |

**પરામર્શક (વિષય)**

| | |
|---|---|
| **ડૉ. રણજીતસિંહ પવાર** | શ્રી સી. એચ. શાહ મૈત્રી, વિદ્યાપીઠ મહિલા કૉલેજ ઑફ એજ્યુકેશન, માનસ મંદિર, સુરેન્દ્રનગર |

**પરામર્શક (ભાષા)**

| | |
|---|---|
| **ડૉ. રમેશભાઈ પટેલ** | એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ. |

**સંપાદન અને સંયોજન**

| | |
|---|---|
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |

**સંયોજન સહાય**

| | |
|---|---|
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 600
દ્વિતીય આવૃત્તિ-2020, **નકલ :** 180
તૃતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-128-8**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-116 ગુજરાતીનું શિક્ષણ (Teaching of Gujarati)

**વિભાગ-1 ભાષા, શિક્ષણ અને ગુજરાતીનું શિક્ષણ**

એકમ-1 ભાષા સંકલ્પના અને મહત્ત્વ

એકમ-2 ભાષા સ્વરૂપ અને વિકાસ

એકમ-3 માતૃભાષા, પરિભાષા, મહત્ત્વ અને શિક્ષણ

એકમ-4 માતૃભાષા શિક્ષણનાં હેતુઓ

એકમ-5 માતૃભાષા શિક્ષણનું આયોજન

**વિભાગ-2 માતૃભાષા શિક્ષણનાં કૌશલ્યો, અધ્યાપન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ**

એકમ-6 માતૃભાષા શિક્ષણનાં કૌશલ્યો

એકમ-7 માતૃભાષા શિક્ષણની પદ્ધતિઓ

એકમ-8 માતૃભાષા શિક્ષણની પ્રયુક્તિઓ

**વિભાગ-3 માતૃભાષાનાં વિવિધ પાસાંઓનું શિક્ષણ**

એકમ-9 ગદ્યનું શિક્ષણ

એકમ-10 પદ્યનું શિક્ષણ

એકમ-11 વ્યાકરણનું શિક્ષણ

એકમ-12 લેખન અને રચનાનું શિક્ષણ

**વિભાગ-4 માતૃભાષાની આનુષંગિક બાબતો**

એકમ-13 માતૃભાષા શિક્ષણનાં દૃશ્ય, શ્રાવ્ય ઉપકરણો

એકમ-14 માતૃભાષા શિક્ષણની સામગ્રી

એકમ-15 માતૃભાષા શિક્ષણમાં મૂલ્યાંકન

એકમ-16 માતૃભાષા શિક્ષણમાં નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય

એકમ-17 અન્ય આનુષંગિક બાબતો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાંથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાંની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવાં માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણનાં જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવાં માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમા, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણનાં ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણનાં વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાંનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત, શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાંથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાંથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

## પ્રસ્તાવના

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના દૂરવર્તી શિક્ષણનાં બી.એડ્.ના તાલીમાર્થીઓ માટે તેમના અભ્યાસક્રમના અંતર્ગત ભાગરૂપે વિવિધ અધ્યાપન પદ્ધતિઓનો અભ્યાસ કરવાંનો હોય છે. ગુજરાતી અધ્યાપન પદ્ધતિ પસંદ કરનાર તાલીમાર્થીઓ માટે ગુજરાતી વિષયની સ્વાધ્યાય પુસ્તિકા પ્રસિદ્ધ કરતાં આનંદ અનુભવીએ છીએ.

આ સ્વાધ્યાય પુસ્તિકામાં શિક્ષણનાં વિવિધ કૌશલ્યો :-

**એકમ-1 માતૃભાષા શિક્ષણનાં વિવિધ કૌશલ્યો**

જેવા કે શ્રવણ, કથન વાચન, લેખનની વિષયવસ્તુ આધારિત વિસ્તૃત ચર્ચા જેમાં કૌશલ્યોનું મહત્ત્વ, વિકાસ માટેની પ્રવૃત્તિઓ કૌશલ્યના દોષો નિવારણના ઉપાયો વગેરેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

**એકમ-2 માતૃભાષા શિક્ષણની વિવિધ પદ્ધતિઓ**

વિષયવસ્તુ આધારિત વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. જેમાં વ્યાખ્યાન પદ્ધતિ, આગમન-નિગમન પદ્ધતિ, સ્વાધ્યાય પદ્ધતિ, જૂથ ચર્ચા પદ્ધતિ, પ્રોજેક્ટ પદ્ધતિ તેમજ નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિની ચર્ચા કરવામાં આવી છે.

**એકમ-3 માતૃભાષા શિક્ષણની પ્રયુક્તિઓ**

જેમાં કથન, ચર્ચા પ્રશ્નોત્તર, નાટ્યીકરણ પ્રવૃત્તિની ચર્ચા કરવામાં આવી છે.

**અભ્યાસ અંગે માર્ગદર્શન**

1. અહીં ત્રણ એકમનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે એકમ અંગેની વિસ્તૃત અભ્યાસપૂર્ણ માહિતી આપવામાં આવી છે.
2. પ્રત્યેક એકમનાં આરંભમાં તેનું માળખું આપવામાં આવ્યું છે તેમ એ માળખાની વ્યવસ્થા બરાબર સમજી લો અને પછી જ ક્રમશ તેના અભ્યાસમાં આગળ વધો.
3. પ્રારંભ એકમનો પરિચય આપવામાં આવ્યો છે. આ પરિચય ધ્યાનપૂર્વક વાંચો આમ કરવાંથી એકમને ગ્રહણ કરવામાં વધુ અનુકૂળતા રહેશે.
4. સમગ્ર એકમનો અભ્યાસ કર્યા પછી તેનું મનન કરો. સારાંશ એક વાર યાદ કરી જાઓ. યાદ રાખેલા સારાંશને એકમને અંતે અપાયેલા સારાંશ સાથે સરખાવી જાઓ. અને જે મુદ્દાઓ રહી ગયા હોય તે સમાવી લઈને ફરીથી કૃતિનો સાર યાદ રાખવાનો પ્રયાસ કરો.
5. એકમના કેટલાંક મુદ્દાઓની ચર્ચાને અંતે તમારી પ્રગતિ ચકાસો એ શીર્ષક નીચે કેટલાંક સ્વાધ્યાયો આપવામાં આવ્યા છે. આ સ્વાધ્યાયોના ઉત્તરો શોધી અલગ નોંધપોથીમાં તૈયાર કરો.
6. એકમને અંતે સ્વાધ્યાય પ્રશ્નો આપવામાં આવેલ છે. આ સ્વાધ્યાય પ્રશ્નોના ઉત્તરો તૈયાર કરી તમારા કેન્દ્ર ઉપરના માર્ગદર્શન દ્વારા તેમનું પરીક્ષણ કરાવો.
7. સમગ્ર એકમનું કાળજીપૂર્વક અને એકાગ્રતાપૂર્વક અધ્યયન અધ્યાપન કરવાંથી તમે તમારી જાતે જે તે એકમની માર્ગ જાણકારી મેળવી શકશો. જરૂર છે માત્ર ખંત-ઉત્સાહને પુરુષાર્થની.

એકમ 6

# માતૃભાષા શિક્ષણનાં કૌશલ્યો

## : રૂપરેખા :


6.0 ઉદ્દેશો

6.1 પ્રસ્તાવના

6.1.1 ભાષા કૌશલ્યોનું વર્ગીકરણ

6.2 શ્રવણ કૌશલ્ય

6.2.1 શ્રવણ કૌશલ્ય અર્થ-સંકલ્પના

6.2.2 શ્રવણ કૌશલ્યનું મહત્ત્વ

6.2.3 શ્રવણ કૌશલ્યના હેતુઓ

6.2.4 શ્રવણ કૌશલ્ય શિક્ષણ

6.2.5 શ્રવણ કૌશલ્ય પર અસર કરતાં પરિબળો

6.2.6 શ્રવણ કૌશલ્ય વિકસાવવા માટેની પ્રવૃત્તિઓ

6.2.7 શ્રવણ કૌશલ્ય વિકાસની રમતો

6.2.8 સારાંશ

6.2.9 સ્વાધ્યાય

6.3 કથન કૌશલ્ય

6.3.1 પ્રસ્તાવના

6.3.2 કથન કૌશલ્ય અર્થ/સંકલ્પના

6.3.3 કથન કૌશલ્યનું મહત્ત્વ

6.3.4 કથન કૌશલ્યના હેતુઓ

6.3.5 કથન કૌશલ્યના મુખ્ય ઘટકો

6.3.6 મૌખિક અભિવ્યક્તિ ઉપર અસર કરતાં પરિબળો

6.3.7 બાળકમાં જોવા મળતાં અશુદ્ધ ઉચ્ચારણ

6.3.8 કથન કૌશલ્ય વિકાસવાની પ્રવૃત્તિઓ

6.3.9 સારાંશ

6.3.10 સ્વાધ્યાય

6.4 વાચન કૌશલ્ય

6.4.0 વાચન કૌશલ્યના ઉદ્દેશો

6.4.1 પ્રસ્તાવના

6.4.2 વાચન પ્રક્રિયાનું સ્વરૂપ

6.4.3 વાચન પ્રક્રિયાનું મનોવૈજ્ઞાનિક પાસું

6.4.4 વાચન કૌશલ્યનો અર્થ- સંકલ્પના

6.4.5 વાચન કૌશલ્ય શિક્ષણ

6.4.6 વાચન શિક્ષણ પદ્ધતિઓ

6.4.7 વાચનના પ્રકાર

6.4.7.1 મુખવાચન

6.4.7.2 મુખવાચનમાં થતાં દોષો

6.4.7.3 મુખવાચન દોષ નિવારવાના ઉપાય

6.4.7.4 મુખવાચન કેળવતી પ્રવૃત્તિઓ/સહઅભ્યાસ

6.4.7.5 મુખવાચનમાં જોવા મળતાં દોષો

6.4.7.6 મુખવાચન કૌશલ્ય કેળવતી પ્રવૃત્તિઓ

6.4.8 સારાંશ

6.4.9 સ્વાધ્યાય

તમારી પ્રગતિ ચકાસોના જવાબો

6.5 લેખન કૌશલ્ય

6.5.1 લેખન કૌશલ્ય ઉદ્દેશો

6.5.2 પ્રસ્તાવના

6.5.3 લેખિત અભિવ્યક્તિની સંકલ્પના/અર્થ

6.5.4 લેખિત અભિવ્યક્તિનું મહત્ત્વ

6.5.5 લેખન કૌશલ્યના હેતુઓ/ઉદ્દેશો

6.5.6 લેખિત અભિવ્યક્તિના વિવિધ સ્વરૂપો

6.5.7 લેખિત અભિવ્યક્તિના આધાર સ્તંભો

6.5.8 લેખન કૌશલ્ય શીખવવાની પદ્ધતિઓ

6.5.9 લેખન કૌશલ્ય વિકસાવવામાં ધ્યાનમાં રાખવાની બાબતો

6.5.10 લેખિત અભિવ્યક્તિની ઉણપો/દોષ

6.5.11 લેખિત અભિવ્યક્તિની ઉણપો દૂર કરવાના ઉપાયો

6.5.12 લેખિત અભિવ્યક્તિને કેળવતી પ્રવૃત્તિઓ

6.5.13 સ્વાધ્યાય

6.5.14 સારાંશ

તમારી પ્રગતિ ચકાસોના જવાબો

6.5.15 કેટલાંક ઉપયોગી પુસ્તકો (એકમ-1)

## 6.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે :-

(1) માતૃભાષાના કૌશલ્યનો અર્થ અને સ્વરૂપ સમજી શકશો.

(2) શ્રવણ કૌશલ્ય, કથન કૌશલ્ય, વાચન કૌશલ્ય અને લેખન કૌશલ્યની સંકલ્પના સમજી શકશો.

(3) માતૃભાષાનાં ઉપરોક્ત કૌશલ્યોના વિવિધ ઘટકો વિશે જાણી શકશો.

(4) પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાઓએ વિવિધ કૌશલ્યોના હેતુઓની માહિતી મેળવી શકશો.

(5) શ્રવણ, કથન, વાચન અને લેખન કૌશલ્ય કેળવવા માટેની વિવિધ પ્રયુક્તિઓથી વાકેફ થશો.

(6) વર્ગખંડમાં ઉપરોક્ત કૌશલ્યો વિકસાવવા માટેની વિવિધ પ્રવૃત્તિઓની/પદ્ધતિઓની જાણકારી મેળવી શકશો.

(7) વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્યો કેળવવા માટેની યોગ્ય સમજ વિકસાવી શકશો.

## 6.1 પ્રસ્તાવના

વ્યક્તિ જન્મથી મૃત્યુ સુધી શીખતી રહે છે માટે જ શિક્ષણને આજીવન પ્રક્રિયા ગણી છે. બાળક જન્મે ત્યારે રડે છે. થોડા પ્રમાણમાં વૃદ્ધિ અને વિકાસ થાય એટલે તે કલરવ કરે છે. એકાક્ષર વિચારણા કરે છે. ત્યારબાદ તે માંગણીઓ રજૂ કરે છે. આજુબાજુના વ્યક્તિઓના સંપર્કથી તે ઘણું બધું શીખે છે. તે શાળાએ જતો ન હોવા છતાં શબ્દ ભંડોળ વિકસવું રહે છે. પરંતુ જીવન વિકાસ માટે વ્યક્તિ વિશેષ પ્રયત્ન કરે છે. આ માટે જે તે ઔપચારિક શિક્ષણ મેળવે છે.

બાળક નાનું હોય ત્યારે તે પોતાની માતૃભાષામાં વ્યક્ત થયેલી કેટલીક બાબતો સાંભળીને સમજી શકે તે જ પ્રમાણે સાંભળીને બોલતાં શીખે છે. જીવન વિકાસ માટે તેણે વાંચતાંને લખતાં પણ શીખવું પડે છે. આમ વ્યક્તિ સાંભળીને બોલી શકે વાંચી શકે અને લખી પણ શકે ત્યારે આપણે કહીએ તે ભાષા સમજી શકે છે.

અહીં ભાષા સાથે ચાર બાબતો સાંકળેલી છે. ભાષા સાંભળવી, ભાષા બોલવી, ભાષા વાંચવી અને ભાષા લખવી આ ચાર પ્રવૃત્તિઓમાં વ્યક્તિ કુશળ બને તે જ તેને ભાષા આવડે છે. તેમ કહેવાય.ટૂંકમાં વ્યક્તિને ભાષા શીખવા કે શીખવવા માટે ચાર કૌશલ્યો સિદ્ધ કરવા જ પડે છે. આ ચાર કૌશલ્યોને આપણે શ્રવણ, કથન, વાંચન અને લેખન કહીશું.

### 6.1.1 ભાષા કૌશલ્યોનું વર્ગીકરણ

1. માતૃભાષાના મુખ્ય ચાર કૌશલ્ય શ્રવણ, કથન, વાંચન અને લેખનનું બે રીતે વર્ગીકરણ કરીશું.

ભાષા કૌશલ્યો

| પ્રાથમિક કૌશલ્યો | દ્વિતીય કક્ષાનાં કૌશલ્ય |
|---|---|
| શ્રવણ-કથન | વાચન-લેખન |

ભાષા કૌશલ્યોનું વર્ગીકરણ ઉપર્યુક્ત રીતે કરવા પાછળનું કારણ એ છે કે શ્રવણ અને કથન કૌશલ્ય બાળક જન્મે પછી સાહજિક રીતે વિકસે છે. તે માટે બાળક જન્મે પછી સાહજિક રીતે વિકસે છે. તે માટે ચોક્કસ ઔપચારિક લાંબાગાળાના પ્રયત્નો કરવા પડતા નથી. જ્યારે વાંચન અને લેખન કૌશલ્ય વિકસાવવા માટેના બાળકના વિકાસને ધ્યાનમાં રાખી ઔપચારિક પ્રયત્નો કરવા પડે છે. આમ બાળકના વૃદ્ધિ અને વિકાસને ધ્યાનમાં રાખી પ્રથમ વિકસતાં અને પછી વિકસતાં કૌશલ્યોમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

2. શ્રવણ કથન, વાંચન અને લેખન કૌશલ્યનું બાળક દ્વારા થતી પ્રક્રિયાને આધારે પણ વર્ગીકરણ કરી શકાય છે.

ભાષા કૌશલ્ય

| અર્થ ગ્રહણ કૌશલ્ય | અભિવ્યક્તિ કૌશલ્ય |
|---|---|
| શ્રવણ-વાચન | કથન-લેખન |

ઉપરોક્ત રીતે ભાષા કૌશલ્યનું વર્ગીકરણ કરવા પાછળનો હેતુઓ છે કે બાળકો કોઈપણ માહિતી શ્રવણ અને વાંચન દ્વારા મેળવે છે.

વ્યક્તિ પોતાની લાગણી, ઈચ્છા, ઈરાદો, અપેક્ષા કે કોઈપણ વિચાર કથન કે લેખન દ્વારા વ્યક્ત કરે અને અભિવ્યક્તિ કૌશલ્ય તરીકે વિકસાવે, આમ ચારે કૌશલ્યના સુમેળભર્યા સહયોગથી ભાષાનાં વૃદ્ધિ અને વિકાસ થઈ શકે.

## 6.2 શ્રવણ કૌશલ્ય

ભાષાનું શ્રવણ આધારિત અર્થઘટન, આ અર્થગ્રહણ સંરચના, વિશ્લેષણ, સંશ્લેષણ અભિવ્યક્તિ, ભાષાનાં અંગો કરામતો અને સંદર્ભોલક્ષી વ્યવહારોની સાહજિકતા, ચોકસાઈ, ઝડપ અને સ્તરના ધોરણે થઈ શકે છે.

### 6.2.1 શ્રવણ કૌશલ્ય : અર્થ

બોલાતી ભાષાના સભળાયેલાં અવાજો ઓળખી તેનો અર્થ સમજવાની પ્રક્રિયા એટલે શ્રવણ સંકલ્પના- માત્ર ભાષાના અવાજો સાંભળવા એટલે શ્રવણ કર્યુ ન કહેવાય પરંતુ, સાંભળેલા અવાજોનું અર્થ ગ્રહણ થાય ત્યારે શ્રવણની ક્રિયા થઈ તેમ કહેવાય. સાંભળ્યું એ શ્રવણ માટે જરૂરી છે.

સાંભળવું અને અર્થ ગ્રહણ-શ્રવણ

ફક્ત ગુજરાતી ભાષા સમજતા વ્યક્તિને અંગ્રેજી ભાષામાં કોઈ વાત કરવામાં આવશે તો તે અંગ્રેજી ભાષા દ્વારા વ્યક્ત થયેલી વાત સાંભળશે ખરો પરંતુ તેનું અર્થ ગ્રહણ કરી શકતો નથી જેથી તે શ્રવણ કરે છે તેમ ન કહેવાય,

અંગ્રેજીમાં પણ સાંભળવું અને શ્રવણ માટે અલગ શબ્દો આપ્યા છે. સાંભળવું એટલે Hearing અને Listening આમ, કાન દ્વારા સાંભળવુએ શારીરિક પાસું છે. જ્યારે સાંભળેલા અવાજને અર્થ સાથે સમજવાની ક્રિયા (શ્રવણ)એ મનોવૈજ્ઞાનિક પાસું છે.

Hearing અને Listening શબ્દોની સંકલ્પના સમજીએ.

- Hearing is the apprehension of the sound, Listening is the Comprehension of symbols.
- Listing may be defind as the Parceptual aspect of hearing.
- Listining technicallty is Known as Listening The process of Listening is the process of recognizing and interpreting of comprehending the spoken langtage.

શ્રવણ દ્વારા થતાં અર્થ ગ્રહણમાં વક્તાના હાવ-ભાવ અને હલન-ચલન અને ચેષ્ટાનો ફાળો રહેલો છે. આમ શ્રવણ કૌશલ્યને ભાષાના શ્રાવ્ય સ્વરૂપ "ઉપરાંત ભાષાના દશ્ય સ્વરૂપ સાથે પણ સંબંધ છે" માટે જ કોઈ પણ વ્યક્તિ પોતાના વિચારો અન્યને સંભળાવે ત્યારે પોતે હાવ-ભાવ સાથેની કેટલીક ચેષ્ટાઓ પણ કરે છે. જેથી સાંભળનાર વ્યક્તિ સરળતાથી અર્થ ગ્રહણ કરે છે. જેમકે રેડિયો સાંભળીને સમજવું તેના કરતાં ટી.વી. જોઈને સમજવામાં વધારે અનુકૂળ કરતાં રહે છે.

ઉપર્યુક્ત ચર્ચાના આધારે કહીશું કે શ્રવણ એટલે

- ધ્યાનપૂર્વક સાંભળવું.
- અર્થગ્રહણ સાથે સાંભળવું.
- વક્તાના વિચારો સમજવા.
- તાત્કાલિક સાંભળવું અને સમજવું.

- શુદ્ધ ઉચ્ચારો ગ્રહણ કરીને સાંભળવું.

- હાવ-ભાવ અને ચેષ્ઠાઓને સમજવી.

**તમારી પ્રગતિ ચકાસો.**

1. નીચેના વિધાનોમાંથી ખોટાં વિધાનો સામે (✓)નું નિશાન કરો.

2. બાળક જન્મજાત ભાષા ક્ષમતાઓ ધરાવે છે.

2. બાળક વૃદ્ધિ વિકાસના ધોરણે ભાષાની વર્તનલક્ષી ચેષ્ટાઓ વિકસાવે છે.

3. બાળક શ્રવણ કૌશલ્ય શાળામાં પ્રવેશ પછીથી મેળવે છે.

4. બાળકો શ્રવણ કૌશલ્ય પ્રયત્ન અને ભૂલના ધોરણે શીખે છે.

1. ભાષા કૌશલ્ય એટલે……(વાક્ય પૂર્ણ કરો)

2. ભાષા વર્તનલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ…. (વાક્ય પૂર્ણ કરો)

3. ભાષા કૌશલ્યને સમજાવવાના બે અભિગમ નોંધો.

1…………………………………………

2…………………………………………

4. સાંભળવું અને શ્રવણ કરવુંનો અર્થ ભેદ સમજાતાં બે વિધાન લખો.

1…………………………………………

2…………………………………………

**6.2.2 શ્રવણ કૌશલ્યનું મહત્ત્વ**

- શ્રવણ વ્યક્તિના ભાષા જીવનનું પ્રસ્થાન બિંદુ છે. ભાષાનો આરંભ જ શ્રવણ દ્વારા થાય છે. શ્રવણના અનુભવને આધારે ભાષા વિકાસ સાધી શકાય છે.
- ભાષાનાં બીજા કૌશલ્યો શ્રવણ પર આધારિત છે.
- લોકશાહી જીવન પદ્ધતિમાં બીજાની વાત શાંતિથી અને ધીરજપૂર્વક સાંભળવા અને વિરોધી મતને સહન કરવા માટે શ્રવણ કૌશલ્ય જરૂરી છે.
- નવા વિચારો-માહિતીની પ્રાપ્તિ કરવા માટે જરૂરી છે.
- આપણે જેટલું શાન પ્રાપ્ત કરીએ છીએ, તેના 25% શાન શ્રવણ દ્વારા પ્રાપ્ત કરીએ છીએ. આમ શાન મેળવવા શ્રવણ જરૂરી છે.
- ભાષાનાં મૂળ ઉચ્ચારણો શીખવા માટે શ્રવણ કૌશલ્ય જરૂરી છે.
- બાળકોએ વાણીપ્રવાહ વિકસે તે માટે વાણી શ્રવણ કૌશલ્ય જરૂરી છે.
- શિક્ષણ અને અન્ય વિદ્યાર્થીઓને પરસ્પર સાંભળવા માટે તેની આવશ્યકતા છે.
- પ્રો.એફ.એલ.બિલોઝ, કહે છે., જે શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓને ધ્યાનપૂર્વક સાંભળતા કરે અને જે સાંભળે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા થયા તેવી રીતસર અજમાવી શકે છે. તેઓનું કાર્ય સાર્થક થાય છે. કારણ કે જેણે શ્રવણ માટેનું યોગ્ય વલણ કેળવ્યું છે. તે હંમેશા એક રુચિકર વ્યક્તિ બની રહે છે. અને બીજી કોઈ વ્યક્તિ જેનામાં શ્રવણ માટે વલણ અને શક્તિ નથી, તેના કરતાં તે નવા વિચારો ગ્રહણ કરી શીખવાને વધુ લાયક હોય છે.
- સમાજમાં અનેક જાહેર સ્થળોએ શ્રવણ કૌશલ્યની જરૂર પડે.
- રેડિયો, ટી.વી.ભાષણ, સંવાદ, નાટક, શ્રુતલેખન ચર્ચા સભા વગેરેને સાંભળવા માટે શ્રવણની જરૂર પડે.
- વ્યક્તિ પોતાના રોજિંદા જીવનમાં વાંચન કરતાં ઘણો જ વધારે સમય શ્રવણમાં ગાળે છે.

### 6.2.3 શ્રવણ કૌશલ્યના હેતુઓ

ગુજરાત રાજ્યમાં શિક્ષણના વિવિધ સ્તર (પ્રાથમિક, માધ્યમિક ઉચ્ચમાધ્યમિક શિક્ષણ કક્ષાએ શ્રવણ કૌશલ્યનાં હેતુઓનું સ્પષ્ટીકરણ કરેલ છે.)

વિદ્યાર્થી.....

- ધીરજપૂર્વક સાંભળે.
- વક્તા પ્રત્યેની અભિમુખતા કેળવી તેમને ઝડપથી સાંભળે.
- વિષયવસ્તુની સંબંધિત પ્રવૃત્તિ અંગેની સરળ સૂચના શરતોનો અમલ કરે.
- માતૃભાષાના સ્વરોનો અને વ્યંજનોનો ઉચ્ચારભેદ પારખે.
- વાતચીત અને વાતચીત સંદર્ભમાં પ્રશ્નો પૂછે.
- શબ્દના વિવિધ પ્રયોગોનો અર્થ સમજે.
- શિષ્ટ ભાષા તથા પ્રાદેશિક બોલીના ઉચ્ચારણોનો ભેદ સમજે.
- વક્તાના કથનને સમજપૂર્વક અનુસરે.
- વક્તાના કથનમાં રહેલ વ્યંગ, વિનોદ ભાવના વગેરે સમજે.
- ઔપચારિક અને અનૌપચારિક કથનનો ભેદ સમજે.
- સાંભળતી વખતે મૂલ્યાંકનની સમજ કેળવે.
- વર્ગ તથા સભા ગોષ્ઠીમાં, રેડિયો તથા દૂરદર્શન પર કક્ષાનું વાર્તા સાંભળે.
- વક્તાના વિચારોમાં સંમત કે અસંમત હોવા છતાં તેની વાત શિષ્ટતાથી સાંભળે.
- જ્ઞાન મનોરંજન પ્રેરણા માટે સાંભળે.
- વિવેચનાત્મક દૃષ્ટિથી સાંભળે.

હવે આપણે ધો.6 થી 10ના શ્રવણ કૌશલ્યના હેતુઓ જોઈશું.

1. ધીરજપૂર્વક તેમજ ધ્યાનપૂર્વક સાંભળે.
2. શિષ્ટભાષા અને પ્રાદેશિક લોકબોલીના ઉચ્ચારણોનો ભેદ સમજે.
3. વક્તાના કથનને સમજપૂર્વક અનુસરે.
4. વર્ગમાં સભાઓમાં તથા રેડિયો અને ટેલિવિઝન જેવાં માધ્યમો દ્વારા કવિતા, સમાચાર, સંવાદ, વાર્તા વગેરે સાંભળીને અર્થગ્રહણ વ્યંગ, વિનોદ, ભાવના વગેરે સમજે.
5. વક્તાના કથનમાં રહેલા વ્યંગ, વિનોદ, ભાવના વગેરે સમજે
6. શ્રવણ દ્વારા જ્ઞાન, મનોરંજન અને પ્રેરણા મેળવે.
7. ઔપચારિક અને અનૌપચારિક કથનનો ભેદ સમજે.

ધોરણ 9થી 10

સામાન્ય હેતુ વિદ્યાર્થીઓ શ્રવણ દ્વારા અર્થગ્રહણ કરે.

1. વર્ગ તથા સભા ગોષ્ઠીમાં, રેડિયો, તથા દૂરદર્શન પર કક્ષાનુરૂપ વાર્તા, ભાષણ સાંભળીને ઉદ્દેશ સમજે.
2. વક્તાના કથનમાં રહેલાં વ્યંજના, વિનોદ વગેરે સમજે
3. વક્તાના વિચારો સાથે અસંમત હોવા છતાં તેની વાતને ધ્યાનપૂર્વક અને શિષ્ટાચાર સાથે સાંભળી તેના દૃષ્ટિકોણને સમજે.
4. જ્ઞાન મનોરંજન, પ્રેરણા માટે

5. વક્તાની વાતને વિવેચનાત્મક દૃષ્ટિથી સાંભળી સમજવી અને તેનું મૂલ્યાંકન કરવું.

### 6.2.4 શ્રવણ કૌશલ્ય શિક્ષણ

બાળકની ક્ષમતા શ્રવણ પ્રવૃત્તિથી ભાષા વ્યવહાર અને મહાવરો શ્રવણ કૌશલ્ય શિક્ષમ ટૂંકમાં બાળકોની ક્ષમતાને ધ્યાનમાં રાખી વર્ગમાં વિવિધ ભાષા વ્યવહાર પ્રયોજવાના છે કે જ્યાં બાળકના પક્ષે શ્રવણ હોય, બાળકની વય, કક્ષા ક્ષમતા પ્રમાણે શિક્ષકે બાળકની માનસિકને શારરીરિક શક્તિઓ જાળવી, બાળકની મર્યાદાઓ ધ્યાનમાં રાખવી ત્યારબાદ શ્રવણ કૌશલ્યની તાલીમ કે શિક્ષણ આપવું.

શાળામાં આવતાં બાળકો જુદાં જુદાં સામાજિક-આર્થિક સ્તર ધરાવતાં કુટુંબમાંથી આવે છે. શાળામાં આવતાં પૂર્વે તેમની ચોક્કસ રીતે અને ચોક્કસ પ્રમાણમાં ભાષા વિકાસ થયેલો હોય છે. જેથી બાળકોમાં રહેલી હકારાત્મક અને નકારાત્મક બાબતોથી પરિચિત બનીને શિક્ષકે શૈક્ષણિક કાર્યનું આયોજનને અમલીકરણ કરવું.

### 6.2.5 શ્રવણ કૌશલ્ય પર અસર કરતાં પરિબળો

શ્રવણ કૌશલ્ય ત્યારે જ વિકસે જ્યારે વિદ્યાર્થીને વારંવાર શ્રવણ કરવાની તક સાંપડે. ઘણીવાર એવું જોવા મળે છે કે બાળક શ્રવણ કરે છે તેમ માનીને શિક્ષક કથન કરે છે. પરંતુ બાળકમાં શ્રવણની પ્રક્રિયા થતી નથી. આથી શ્રવણ પર નીચેનાં પરિબળો અસર કરે છે.

**ધ્યાન :**

સાંભળનાર વ્યક્તિનું ધ્યાન સાંભળવામાં હશે તો જ શ્રવણની ક્રિયા થશે જેથી વ્યક્તિ એકાગ્ર રીતે ધ્યાનપૂર્વક સાંભળે તે જરૂરી છે.

**સ્મૃતિ :**

વ્યક્તિ અનુભવમાંથી જે નવું શીખે છે એટલે કે બાળકે એકવાર સાંભળેલા શબ્દો, શબ્દસમૂહ, વાક્યો, ઉચ્ચારણો વગેરેને સ્મતિમાં રાખીને જરૂર પડે ત્યારે યાદ કરી યોગ્ય ઉપયોગમાં કરશે તો જ પ્રત્યક્ષીકરણ થશે અને તો જ અર્થ ગ્રહણ કરી શકશે.

**ભેદકત્વ**

સાંભળેલ વિષયવસ્તુને સમજીને તેમાંથી સમાનતા અને વિભિન્નતા તારવતાં આવડે તે જરૂરી છે. ગ,ધ, છ, શ, કયા, કયા, ગોળ-ગોળ, વગેરે સાંભળી ભેદ સ્પષ્ટ કરે તે જરૂરી છે.

**બુદ્ધિ**

વ્યક્તિનો બુદ્ધિઆંક જેટલો વધુ તેટલી સમજશક્તિ વધુ જેથી સાંભળેલી બાબતને યાદ રાખવામાં બુદ્ધિ મહત્ત્વનો ભાગ ભજવે છે.

**રસરુચિ**

બાળકને જે વિષયવસ્તુ સંભળાવવામાં આવે છે. તેમાં તેને રસ-રુચિ હોવાં જરૂરી છે. તો જ ધ્યાનથી સાંભળશે. આમ શ્રવણ માટે જે તે વિષયવસ્તુ માટે રસરુચિ જરૂરી છે.

**શારીરિક શક્તિ**

વ્યક્તિમાં જો કાન કે સાંભળવાની તકલીફ હશે અથવા એવું સાંભળી શકતો હશે તો તે વ્યવસ્થિત રીતે સંપૂર્ણપણે સાંભળી નહીં શકે. તેમજ લાંબો સમય એક જ જગ્યાએ બેસીને ધ્યાનપૂર્વક સાંભળવામાં પણ તકલીફ ઊભી થશે.

**વક્તાનું પ્રત્યક્ષ દર્શન**

- વક્તાને જોઈને શ્રવણ કરતા હશે તો શ્રવણ ક્રિયા સારી થશે.
- વક્તા અને શ્રોતા વચ્ચેનું અંતર
- વક્તા અને શ્રોતા બરાબર જોઈ શકતો નથી. ક્યારેક બરાબર સંભળાતું પણ નથી ને શ્રોતાને અર્થગ્રહણમાં મુશ્કેલી પડે છે.

**શ્રવણનો સમય**

શ્રોતા એકજ બેઠકે લાંબા સમય સુધી શ્રવણ કરે તો માનસિક રીતે કંટાળી જાય છે.

**વક્તાનું વ્યક્તિત્વ**

વક્તા માટે શ્રોતાના મનમાં કોઈ નકારાત્મક પૂર્વગ્રહ હોય તો શ્રોતા વક્તાની સરળતાથી સ્વીકારી શકતો નથી.

**ભાષાનું માધ્યમ**

વક્તા જે ભાષામાં કથન કરતાં હોય તે ભાષા અંગેનું શ્રોતાનું જ્ઞાન કેટલું છે. તેના ઉપર શ્રવણનો આધાર રહેલો છે.

**વાતાવરણ**

જો શાંત વાતાવરણમાં શ્રવણ થતું હોય તો અર્થ ગ્રહણ સારું થાય છે. ઉપરાંત શ્રોતાની બેઠક વ્યવસ્થા માઈકની સુશ્રાવ્યતા વગેરે બાબતો પણ શ્રવણ પર અસર કરે છે.

**શ્રવણ કૌશલ્યલક્ષી વર્ગ શિક્ષણ**

આપણે જાણીએ છીએ કે આપણી ભાષા વ્યવસ્થાનાં ભાગરૂપે જે ધ્વનિ કામગરી બજાવે છે. તેને ધ્વનિ ઘટક તરીકે ઓળખવામાં આવે છે. ભાષા કે વક્તા આ ધ્વનિ ઘટકોની રચનામાં પરસ્પરની વ્યવસ્થા રચી અર્થ ભેદ કરે છે.

કેટલાંક ધ્વનિઓના ઉચ્ચાર ભેદનું શ્રવણ કરવાનો મહાવરો અર્થ ગ્રહણ માટે ઉપયોગી બને છે. જેમ કે મળ/મર, મલ/મળ વગેરે.

ધ્વનિ ઘટકની સંરચનામાં અર્થ ભેદની કામગીરી સમજાવવા પણ આ મહાવરો ઉપયોગી બને છે. આ પ્રકારનો મહાવરો આપવા માટે નીચેના જેવા વિષયવસ્તુનો ઉપયોગ વિવિધ સ્તરની સંરચનામાં કરવામાં આવે છે.

અ  શબ્દ યુગ્મઃ પાળ/બાળ

બ  ત્રણ શબ્દઃ કાણું/ગાણું/ખાણું

ક  પદ સમૂહ રામનામની માળા

ડ  નાનાં વાક્યો : ગાય લીલું ઘાસ ગાય છે.

**6.2.6 શ્રવણ કૌશલ્ય વિકસાવવા માટેની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ :**

બાળકને નવા શબ્દો શીખવવા માટે સાહચર્ચ જરૂરી છે. ફક્ત શબ્દો સાંભળવાથી કે કદાચ પૂરેપૂરું અર્થ ગ્રહણ ન કરી શકે જેથી ચોક્કસ શબ્દોથી પરિચિત કરવા માટે ચિત્રો કે પ્રતિકૃતિનો ઉપયોગ કરવો અને ચોક્કસ શબ્દો, શબ્દસમૂહો કે પંક્તિનો વર્ગમાં વારંવાર શ્રવણનો મહાવરો કરાવવો જોઈએ.

- બાળકોને પ્રાસવાળાં અને લય પ્રધાન ગીતો/ કાવ્યો કે કાવ્યપંક્તિ વારંવાર સંભળાવવાં જોઈએ.
- શિક્ષકે વર્ગમાં કથન કર્યા બાદ પ્રશ્ન પૂછી મૂલ્યાંકન કરવું જોઈએ.
- પાઠ્યપુસ્તકમાંથી સંવાદો/નાટકો/એકાંકીનું વાંચન કરાવવું જોઈએ.
- ટેઈપરેકોર્ડર, મોબાઈલ કે કમ્પ્યૂટર ઉપર બાળકોને પોતાના ખોટા ઉચ્ચારો સંભળાવવા.
- શ્રવણ કૌશલ્ય વિકસાવવા અવાજ ભેદપરખ, શ્રવણ એકાગ્રતા, શ્રવણ પુનઃસ્મરણ અર્થગ્રહણ વગેરે માટેની રમતો રમાડવી જોઈએ.
- રેડિયો, ટી.વી. પરથી પ્રસારિત થતા અને યુ-ટ્યૂબ પરથી ડાઉનલોડ કરીને વિવિધ કાર્યક્રમો સંભળાવવા અને દર્શાવવા.
- શાળામાં મહેમાનોના વક્તવ્યો સંભળાવવાં.

- પ્રાર્થના સભામાં સમાચાર, સુવિચારનું વાંચન થવું જોઈએ. ઉપરાંત તહેવારો, ઉત્સવો, મહાપુરુષોના જીવન પ્રસંગોની જાણકારી આપી વિદ્યાર્થીઓની શ્રવણ શક્તિ વિકસાવવી.
- નાટક, રાસ, ગરબા, ગીત, ભજન, ટૂચકા વગેરે રજૂ કરી તેમનું ધ્યાન એકાગ્ર બને અને શ્રવણ કૌશલ્ય વિકસે તેવાં પ્રયત્નો કરવાં.
- સાહિત્યકારો, દેશભક્તો, વૈજ્ઞાનિકો ધર્મ પ્રવર્તકો વગેરેની જન્મજયંતિ કે પુણ્યતિથિ ઉજવવા વક્તવ્યો આધારિત કાર્યક્રમો યોજવા.
- ચર્ચાસભા, વક્તૃત્વ સ્પર્ધા, સેમિનાર, વાર્તાકથન, અહેવાલ વાંચન જેવી સ્પર્ધાઓ ગોઠવવી.
- કવિ સંમેલન કે કવિ મુશાયરાઓનું આયોજન કરવું.
- વિદ્યાર્થીઓ પ્રવાસ કરી આવે તો તેમના અનુભવો વર્ગમાં રજૂ કરે તેવી તક પૂરી પાડવી.

**તમારી પ્રગતિ ચકાસો :**

**1. શ્રવણ કૌશલ્યનું મહત્ત્વ જણાવતી ચાર બાબતો નોંધો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**6.2.7 શ્રવણ વિકાસની રમતો**

શિક્ષણ શ્રવણ કૌશલ્યના વિકાસ માટે નીચે મુજબની રમતો રમાડી શકે છે.

- ટેલિફોન

  વિદ્યાર્થીઓને વર્તુળાકારે પાસે પાસે બેસાડવા, શિક્ષકે કોઈ એક વાક્ય વિદ્યાર્થીના કાનમાં કહેવું ઉદા. 'ભારતમાં સંતાનોએ તેની સેવા કરવી જોઈએ' દરેક વિદ્યાર્થી/એક પછી એક વાક્ય સાંભળી જમણી બાજુના વ્યક્તિના કાનમાં વાક્ય કહેશે. અંતનો વિદ્યાર્થી વાક્ય મોટેથી બોલશે.

- સાંભળો અને કરો.

  વર્ગખંડમાં શિક્ષક એક પડદા પાછળ રહેશે. વિદ્યાર્થીને કાગળમાં વિવિધ આકૃતિ દોરવાની સૂચના આપશે. વિદ્યાર્થી સાંભળીને તે મુજબ આકૃતિ દોરવાનો પ્રયત્ન કરશે. ઉદા.એક મોટું વર્તુળ દોરો, વચ્ચે મોટું ચોરસ દોરો, તેને એક વિકર્ણ દોરો...

- આંખો બંધ કરીને સાંભળો.

  વર્ગ સમક્ષ એક વિદ્યાર્થી આંખો બંધ કરી શિક્ષકની સૂચનાઓનું પાલન કરશે. ઉદા. ડાબી બાજુ એક પગલું ખસો. પાછળ ફરો. વગેરે.

**તમારી પ્રગતિ ચકાસો.**

**1. શ્રવણ કૌશલ્યલક્ષી મહાવરો આપવામાં કઈ બાબતોનો સમાવેશ કરી શકાય.**

**1.** .....................................................................

**2.** .....................................................................

**3.** .....................................................................

**2. શ્રવણ કૌશલ્ય પર અસર કરતાં ચાર પરિબળો જણાવો.**

1. ....................................................................

2. ....................................................................

3. ....................................................................

4. ....................................................................

**3. શ્રવણ કૌશલ્ય વિકસાવવાની ચાર અગત્યની પ્રવૃત્તિઓ દર્શાવો.**

1. ....................................................................

2. ....................................................................

3. ....................................................................

4. ....................................................................

### 6.2.8 સારાંશ

બાળકના જન્મથી તેના શિક્ષણની પ્રક્રિયા વૃદ્ધિ વિકાસ સાથે જો કોઈ જન્મજાત ખામી, ખોડ કે ઊણપ ન હોય તો તેના વર્તનમાં ફેરફાર જોવા મળે છે. તેના સ્વશિક્ષણની કેટલીક ક્ષમતા તેનામાં છે જ, સાંભળવાની અને બોલવાની ક્ષમતા આધારિત પ્રવૃત્તિઓ મહાવરાના ધોરણે વિકસતી રહે છે. તેની ક્ષમતાઓ ભાષા વર્તનના આચરણમાં રૂપાંતર પામી ભાષા કૌશલ્યના નામે ઓળખાય છે.

શ્રવણ, કથન, વાંચન અને લેખન ક્ષમતા વિકાસની કક્ષાએ શ્રવણ, કથન, વાંચન અને લેખન ક્ષમતા વિકાસની કક્ષાએ ભાષા કૌશલ્યો સમજવાના બે અભિગમ છે.

1. પ્રાથમિક કૌશલ્યો- શ્રવણ અને કથન

   દ્વિતીય કૌશલ્યો - વાંચન અને લેખન

2. ગ્રહણ કૌશલ્યો-શ્રવણ અને વાંચન

   અભિવ્યક્તિ કૌશલ્યો કથન અને લેખન

સાંભળવું અને શ્રવણ કરવું શબ્દનો અર્થ વિવેક કરવો જોઈએ. સાંભળવું એટલે શ્રવણેન્દ્રિય દ્વારા અવાજનું સંવેદન (Sensation) અનુભવવું + શ્રવણ કરવું એટલે સાંભળવું સાંભળેલાંનું અર્થ ઘટન કે અર્થ ગ્રહણ કરવું.

- શ્રવણ કૌશલ્ય શિક્ષણકાર્ય માટે આયોજન પૂર્વ બે ત્રણ બાબતોની વિચારણા કરવી જોઈએ. કયા વર્ગ/ધોરણમાં શિક્ષણ કાર્ય કરવાનું છે. શાળાનાં બાળકોની શ્રવણ કૌશલ્યની મર્યાદાઓ, બાળકોના આર્થિક સામાજિક સ્તરનો પણ વિચાર કરવો જોઈએ.
- શ્રવણ કૌશલ્યના હેતુઓ શિક્ષણના વિવિધ સ્તરે અભ્યાસક્રમની અપેક્ષાના સંદર્ભ જાણી તેની સિદ્ધિ માટે શિક્ષણકાર્ય/પ્રયત્નોનું આયોજન કરવું જોઈએ.
- વર્ગમાં શ્રવણ શિક્ષણને પોષક પરિબળો વ્યક્તિગત, માનસિક પરિસ્થિતિના મૂલ્યના સંદર્ભ જાણવા જોઈએ.

1. અવાજ ભેદ પારખવાની શક્તિ
2. શ્રવણ સ્મૃતિ વિસ્તાર
3. શ્રવણની એકાગ્રતા
4. શ્રવણ અને પુનઃ સ્મરણ કરવું
5. શ્રવણ અર્થ ગ્રહણ કરવું.

આ રીતે શ્રવણ કૌશલ્ય વિકસાવવા વિવિધ પ્રવિધિ, અને મૂલ્યાંકનના આધારે વિકસાવી શકાય છે.

વર્ગ શિક્ષણમાં શ્રવણ કૌશલ્યલક્ષી મહાવરાઓ પણ આપવા જોઈએ. આ મહાવરાઓ ધ્વનિ ઘટક વ્યવસ્થા, ધ્વનિ અર્થભેદની કામગીરી માટે વાક્ય રચના ઉક્તિનું શ્રવણ, શબ્દ ભંડોળ, સ્વરભાર સંદર્ભ યુક્ત અર્થ ઘટન, શબ્દ પ્રયોગો, પદ્ય-ગદ્ય વિવિધ બોલીનાં ઉદાહરણ, વાક્યોના શ્રવણ અર્થ ગ્રહણનો મહાવરો આપવો જોઈએ. આ માટે વિશેષ વિષય વસ્તુનું ભાષા વસ્તુનું આયોજન કરી શકાય શ્રવણ કૌશલ્યનાં વિકાસ માટે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન પણ કરવું જોઈએ.

### 6.2.9 સ્વાધ્યાય

નીચેના પ્રશ્નો બે ત્રણ વાક્યમાં ઉત્તર આપો.

1. ભાષાના પ્રાથમિક અને પદ્ધતીય કૌશલ્ય વચ્ચેનો તફાવત સમજાવો.
2. અભિવ્યક્તિ કૌશલ્ય અને ગ્રહણ કૌશલ્ય તફાવત સમજાવો.
3. શ્રવણ કૌશલ્યનો અર્થ સમજાવો.
4. તમારી સંમતિની નિશાની અને અસંમતિ (✓)ની નિશાનીથી દર્શાવો.

1. જે સાંભળે છે. તે શ્રવણ પણ કરે છે. ☐
2. સંદેશાને સંદર્ભની શી જરૂર ? ☐
3. શ્રવણ કૌશલ્યના હેતુઓને ભાષા શિક્ષણ સાથે કોઈ સંબંધ નથી. ☐
4. શ્રવણ કૌશલ્ય શિક્ષણ માટે સંકેતો અને ધ્વનિઓનું પ્રત્યક્ષીકરણ અનિવાર્ય છે. ☐

- શ્રવણ કૌશલ્યના વિકાસ માટેની રમતોનું વર્ણન કરો.

## 6.3 કથનકૌશલ્ય-2

### 6.3.1 પ્રસ્તાવના

આપણે શ્રવણ કૌશલ્યની ચર્ચામાં ભાષા કૌશલ્ય તરીકે શ્રવણ અને કથન કૌશલ્યને પ્રાથમિક કૌશલ્યો તરીકે ઓળખાવ્યા છે કારણ કે બાળક ભાષા શીખવાના પ્રયત્નોમાં તેની શારીરિક વૃદ્ધિ અને વિકાસની સાથે શ્રવણ કરવાની અને બોલવાની કે મૌખિક અભિવ્યક્તિ કે કથન કરવાની ક્ષમતાઓનો સમાવેશ થાય છે. આ બંનેના શારીરિક સંબંધને લક્ષમાં રાખી કહી શકાય છે. કે જે શ્રવણ કરી શકે તેને બોલવાની ઈચ્છા થાય, પ્રેરણા મળી રહે. વળી માનવનું રીતિતંત્ર જ એવું તે કે વાસ્તવ જગતમાં સંપર્કમાંથી જે કોઈ અનુભવ મળે તે કહેવાનો, વ્યક્ત કરવાનો પ્રયત્ન કરે તે જ વૃત્તિ, લાગણીને વ્યક્ત કરવાનું અનિવાર્ય પણ હોય. તેમ તેની સારીરિક જરૂરિયાતો પણ બાળકને બોલવાની, અભિવ્યક્તિ કરવાની પ્રેરણા આપે છે. આમ કથન દ્વારા અભિવ્યક્તિએ સરળ પણ ખૂબ જ અગત્યનું કૌશલ્ય છે. આ કૌશલ્ય તે અનુકરણ દ્વારા સહજ રીતે કેળવે છે. કથનના માધ્યમથી વ્યક્તિ પોતાની જરૂરિયાતો અને હૃદયની ભાવનાને વ્યક્ત કરી શકે છે.

### 6.3.2 કથન કૌશલ્ય : અર્થસંકલ્પના

**અર્થ**

વ્યક્તિ જ્યારે પોતાના વિચારોને શુદ્ધ ભાવનામાં પ્રસંગોચિત રીતે, ગતિ, વલય, માધુર્ય, સ્પષ્ટતા સાથે સ્વાભાવિક રીતે વાણી દ્વારા રજૂ કરે એટલે કથન કર્યુ કહેવાય ટૂંકમાં વ્યક્તિ પોતાના વિચારો અને લાગણીઓ વાણીદ્વારા યોગ્ય રીતે અભિવ્યક્ત કરે તેને કથન કૌશલ્ય કહેવાય.

**સંકલ્પના**

વ્યક્તિ જ્યારે બોલે છે ત્યારે કથન કરે છે તેમ ન કહેવાય. એટલે કે બોલવું એ કથન કે મૌખિક અભિવ્યક્તિ નથી પણ વ્યક્તિ જે હેતુ સાથે બોલે છે. તે હેતુ સિદ્ધ થાય તો જ તેણે કથન કર્યું કહેવાય વ્યક્તિના બોલવાનો હેતુ પોતાના વિચારોને પોતે જે રીતે સમજે તેજ રીતે અન્ય વ્યક્તિને વાણી દ્વારા પહોંચાડી શકે. વ્યક્તિ બોલીને પોતાના વિચારો વ્યક્ત કરે પરંતુ શ્રોતા જો સમજી ન શકે તો તેમાં વિચાર રજૂ કરવાની નબળાઈ ગણીશું.

નાનું બાળક બોલે ત્યારે તે શું બોલે છે તેનો ખ્યાલ આવતો નથી. જેથી આપણે કહીશું કે બાળકમાં કથન કૌશલ્યનો વિકાસ થયો નથી. કથન કૌશલ્યમાં અવાજ ધ્વનિએ શરીરનું વૈજ્ઞાનિક પાસું છે અને તેના દ્વારા પ્રગટ થતાં અર્થ કે વિચારોએ મનૌવેજ્ઞાનિક પાસું છે. વિચારણા વિના કથન શક્ય નથી.

કથન વિચાર પર આધારિત છે. કથન એ અભિવ્યક્તિનું કૌશલ્ય છે. જે કાંઈ બોલાય તે પ્રથમ વિચારાય પછી જ ઉચ્ચારાય છે.

કથન ભાષાના શ્રાવ્ય સ્વરૂપ સાથે સંબંધ ધરાવે છે. શ્રવણની તુલનામાં ભાષાનું સક્રિય કૌશલ્ય છે. કથન વખતે ભાષાના ધ્વનિઓ ઉચ્ચારણતંત્ર દ્વારા અભિવ્યક્ત થાય છે અને તે સમયે વક્તા સક્રિય હોય છે તે વાતચીત દરમ્યાન વક્તા શ્રાવ્ય માધ્યમ ઉપરાંત મુદ્દા અને ચેષ્ટાની મદદ લે છે. તેથી જ કથન કૌશલ્યનાં દૃશ્ય માધ્યમનો પણ ઉપયોગ થાય છે. સંવાદને વાતચીત દરમિયાન કથન કૌશલ્યનાં બે પાસાં અનુભવાય છે. 1.બોલવું અને 2. કહેવું બોલવું જેને અંગ્રેજીમાં To Speak કહેવાય. બોલવા માટે શ્રાવ્ય માધ્યમની જરૂર પડે છે. પરંતુ કહેવા માટે શ્રાવ્ય અને દૃશ્ય બંને માધ્યમની જરૂર પડે છે. ટૂંકમાં બોલવું એટલે ભાષા ધ્વનિનું ઉચ્ચારણ થાય. વિચારોને અન્ય સામે યોગ્ય રીતે વાણી દ્વારા રજૂ કરી શકાય. વાણીમાં સ્વાભાવિકતા, સ્પષ્ટતા, ગતિશીલતા, વ્યાવહારિકતા, અશક્યતા અને પ્રભાવ જેવા ગુણો હાય છે.

### 6.3.3 ભાષાનાં વિવિધ સ્વરૂપો

- વ્યક્તિના વિકાસ અને સમાજમાં મોભાનો આધાર તેના કથન કૌશલ્ય પર અવલંબે છે.
- રોજિંદા જીવન વ્યવહાર ચલાવવા-પ્રત્યાપન માટે કથન આવશ્યક છે.
- વ્યક્તિના જીવન ઘડતરમાં કથનનો અમૂલ્ય ફાળો છે.
- વ્યક્તિની પોતાની લાગણી, વિચારો કે ભાવ વ્યક્ત કરવા કથન જરૂરી છે.
- ભાષાના વિકાસ માટે કથન કૌશલ્ય અનિવાર્ય છે.
- નાગરિકતાની તાલીમ આપવા/સુટેવોના ઘડતર માટે કથનનું આગવું મહત્ત્વ છે.
- વિચારોના પ્રત્યાપનમાં લેખન શક્તિ કે સર્જન શીલતા વિકસાવવા માટે કથન જરૂરી બને છે.
- જુદાં જુદાં વ્યવસાયો કે શિક્ષક, વકીલ, ટીવી, રેડિયો એનાઉન્સર, બિઝનેસ માર્કેટીંગ વ્યવહારમાં કથન સફળતા આપે છે.
- સામાજિકતા કેળવવા કથન જરૂરી છે.
- રાજકીય કારકિર્દી ઘડતરમાં કથન જરૂરી છે.
- Every moment process, every wish, every need mast be introduced by word, accompained by word, commented on in word, followed by word and dismissed by word.
- **F.L.Billows**

### 6.3.4 કથન કૌશલ્યના હેતુઓ

આપણા રોજિંદા વ્યવહારો વાતચીત કે કથન દ્વારા ચાલે છે. પરિવાર અને સમાજના સભ્યો સાથે વિચારો ભાવો, લાગણીઓ વ્યક્ત કરવા કથન અસરકારક, સરળ અને સહજ મધ્યમ છે. મૌખિક અભિવ્યક્તિ, એટલે યોગ્ય સમયે, યોગ્ય શ્રોતા સમક્ષ, યોગ્ય શબ્દ, યોગ્ય વાણીનો ઉપયોગ વિદ્યાર્થીમાં ભાષા શિક્ષણ દ્વારા નીચેનાં વર્તન-પરિવર્તનો આવે કે જોવા મળે ત્યારે તેનામાં મૌખિક અભિવ્યક્તિ કે કથન કૌશલ્યનો વિકાસ થયો છે તેમ કહી શકાય.

વિદ્યાર્થીઓ :-

- યોગ્ય ઝડપથી બોલી શકે.
- અચકાયા વિના અર્થાનુસાર લીટી બોલવાની ક્ષમતા કેળવે.

- સંવાદાત્મક અભિનયમાં ભાગ લે.

ધોરણ 6 થી 8

- સ્વર અને વ્યંજનના શુદ્ધ ઉચ્ચાર કરે.
- યોગ્ય વાક્ય રચનાનો ઉપયોગ કરે.
- પોતાના વિચારો, ભાવ, લાગણી વગેરે સ્પષ્ટ અને અસરકારક રીતે વ્યક્ત કરે.
- મૌખિક રજૂઆતમાં વાર્તા, ઘટના પ્રસંગ, જોયેલાં દશ્ય-પ્રસંગોનોનું વર્ણન કરી શકે.
- વિવિધ પ્રકારના કાવ્યોનું ગાન કરી શકે.
- અંતાક્ષરીમાં ભાગ લઈ શકે.
- નાટ્યાત્મક સંવાદો પ્રભાવિક રીતે રજૂ કરી શકે.

ધોરણ 8 થી 10

- સંયમિત ભાષામાં પોતાના વિચારોની સંમતિ કે અસંમતિ વ્યક્તિ કરી શકે.
- પોતાના મનોભાવો જેવાકે હર્ષ, આનંદ ક્રોધ, ગુસ્સો, દુઃખ, વિસ્મય, આદર, સન્માન, વગેરે ભાવપૂર્ણ રીતે વ્યક્ત કરે.
- પ્રસંગ અનુરૂપ ટૂંકુ વક્તવ્ય આપી શકે.
- યોગ્ય હાવભાવ સાથે બોલતાં શીખે
- અભિનય કરી શકે.
- સંભાષણ/વાર્તાલાપ/ વાદ-વિવાદ/ ચર્ચા સભામાં ભાગ લઈ શકે.
- સંકોચ વિના જાહેરમાં પોતાના વિચારો વ્યક્ત કરી શકે.

**6.3.5 કથન કૌશલ્યના મુખ્ય ઘટકો**

1. સ્પષ્ટતા અને શુદ્ધ ઉચ્ચારણ
2. ગતિ અને સુશ્રાવ્યતા
3. વિરામ ચિહ્નોનો અને સ્વરભાર

**તમારી પ્રગતિ ચકાસો :**

- પ્રાથમિક કક્ષાએ કથનકૌશલ્ય વિકાસ

  આ માટે શિક્ષક નીચેના જેવી પ્રયુક્તિનું આયોજન કરી શકે

- વિદ્યાર્થી પોતાનો પરિચય આપે.

  મે શું જોયું ? વર્ણન કરે.

  પ્રશ્ન/ઉત્તર

  વાતચીત

  સંવાદ-નાટક-અભિનય ગીત ગાન જાહેરાત-સૂચના-કથન-સમાચાર કથન, વાક્ય વાચન, સમાચાર વાચન, અંતાક્ષરી

- માધ્યમિક- કક્ષાએ કથન કૌશલ્ય વિકાસ

  પ્રવૃત્તિઓનું આયોજન શ્રવણના આધારે

  વાક્ય પૂર્તિ કરવી

  વાક્ય રૂપાંતર કરવું

  સમાનાર્થી કહેવત આપવી

વાર્તાના પ્રારંભથી કલ્પના કરવી

સમાન પરિસ્થિતિ વર્ણવવી

આ પ્રમાણે કથનપ્રેરક વર્ણવવી

- ઉચ્ચારણ માધ્યમિક કથનકૌશલ્ય વિકાસ

પદ્ય પંક્તિઓની સમજૂતી

અભિપ્રાયાત્મક

વિવેચનાત્મક પુસ્તક પરિચય સમીક્ષા

સર્જનાત્મક વર્ણન

ટીકાત્મક અભિપ્રાય

તુલનાત્મક કથન- અભિવ્યક્તિ

નાટ્યાત્મક ઉક્તિઓ

4. શબ્દોની યોગ્ય પસંદગી

5. વાણીમાં માધુર્ય

**તમારી પ્રગતિ ચકાસો.**

**1. કથન કૌશલ્યનો અર્થ બે થી ત્રણ વાક્યમાં સમજાવો.**

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

**2. કથન કૌશલ્યનું મહત્ત્વ દર્શાવતા ચાર મુદ્દાઓ લખો.**

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

**3. કથન કૌશલ્ય આધારિત બાળકના ચાર હેતુઓ લખો.**

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

### 6.3.6 મૌખિક અભિવ્યક્તિ (કથન કૌશલ્યો) પર અસર કરતાં પરિબળો.

એક જ વર્ગમાં અભ્યાસ કરતાં સમાનવયના અને સમાન પરિસ્થિતિમાં ઉછરેલાં બાળકોની મૌખિક અભિવ્યક્તિ સમાન નથી. આ ઉપરાંત બાળકોની બોલીમાં પ્રાદેશિકતા જોવા મળે છે. ઘણાં બાળકો માન્ય, શિષ્ટભાષાનો ઉપયોગ કરતાં નથી. તેમના ઉચ્ચાર પણ અશુદ્ધ હોય છે. કથન પર અસર કરતાં કેટલાંક પરિબળોને કારણે આવી ભિન્નતા જોવા મળે છે. તો નીચે કેટલાંક પરિબળો આપ્યા છે જે કથન કૌશલ્ય પર અસર કરે છે.

**1. શારીરિક કારણો**

ઉચ્ચારણ અવયવોના અપૂરતા વિકાસ અથવા ખામીયુક્ત હોવાના કારણે બાળક અશુદ્ધ ઉચ્ચારણ કરે છે. ઘણી વખત શ્રવણ અવયવની ખામીના કારણે બાળકના કથન કૌશલ્યનો વિકાસ થતો નથી. શારીરિક ખામીઓ કારણને લીધે તોતડાઈને, થોથવાઈને કચકચાવીને, ઠાંસીઠાંસીને બોલે છે.

**2. વાતાવરણ જન્યકરણો**

ભાષા અર્જિત સંપત્તિ છે. બાળક વાતાવરણમાંથી અનુભવ દ્વારા ભાષા શીખે છે. તેથી કથન શક્તિ પર વાતાવરણની મોટી અસર થાય છે જેમ કે,

- કુટુંબ અને સમાજનું વાતાવરણ
- પ્રાદેશિકતા
- મિત્રોની ટોળી
- સંપર્કમાં આવતા અન્ય ભાષાના લોકો
- સમૂહ માધ્યમો

**3. મનોવૈજ્ઞાનિક કારણો**

આત્મવિશ્વાસ અને વ્યક્તિત્વની કથન કૌશલ્ય પર મોટી અસર થાય છે. બહુમુખી વ્યક્તિઓનો કથન કૌશલ્ય વધુ વિકસિત હોય છે.

**4. પરિસ્થિતિજન્ય કારણો**

- વ્યક્તિ પર ચોક્કસ પરિસ્થિતિની અસર થાય ત્યારે વાણીની અભિવ્યક્તિમાં ફેરફાર જોવામળે છે.
- બાળક ફિલ્મનાં પાત્રોનું અનુકરણ કરી બોલે છે.
- શિક્ષકની ભાષાનું અનુકરણ કરે.
- સમૂહ માધ્યમોની અસરથી બોલીમાં વિવિધ ભાષાના શબ્દોનો વારંવાર ઉપયોગ કરે. યોગ્ય માર્ગદર્શન ન મળે.

આમ મૌખિક અભિવ્યક્તિ ઉપર વિવિધ પરિબળો અસર કરે છે.

### 6.3.7 અશુદ્ધ ઉચ્ચારણોની શુદ્ધિ માટેના ઉપાયો

- અશુદ્ધ ઉચ્ચારણ માટેના વ્યક્તિગત કારણો શોધી તપાસીને સંદર્ભ જરૂરી માર્ગદર્શન આપીને અશુદ્ધ ઉચ્ચારણ નિવારવા નીચેના શક્ય ઉપાયો યોજી શકાય.
- વિદ્યાર્થીઓમાં શારીરિક ખામી હોય. વિશેષ કરીને ઉચ્ચારણના અવયવમાં ખામી હોય તો તેને નિષ્ણાંત તબીબની સલાહ અનુસાર માર્ગદર્શન આપી ઉચ્ચારણ શુદ્ધ કરાવી શકાય.
- અશુદ્ધ ઉચ્ચારણ કરનાર બાળકમાં ક્ષોભ અને સંકોચ દૂર કરાવવા તેમના પ્રત્યે સહાનુભૂતિ દાખવી આત્મવિશ્વાસ પેદા કરી શકાય તેવી પ્રવૃત્તિ આનાથી શુદ્ધ ઉચ્ચારણો કરાવવા જોઈએ.
- કઠિન શબ્દો, સંયુક્ત શબ્દો

  જોડાક્ષરના શુદ્ધ ઉચ્ચારણ માટે સૌ પ્રથમ આવા શબ્દોની યાદી કરાવીને શુદ્ધ ઉચ્ચારણ કરવાની તાલીમ આપવી પુનઃ ઉચ્ચારણ ને મહાવરા દ્વારા શુદ્ધ ઉચ્ચારણ કરાવી શકાય.

- ધ્વનિમુદ્રિત યંત્ર (ટેપ રેકોર્ડ)ઉપર શુદ્ધ ઉચ્ચાર સંભળાવવાં બાળકના પોતાના અશુદ્ધ ઉચ્ચારણ સાંભળે ભૂસે અને પછી શુદ્ધ ઉચ્ચારણ કરે તે રીતે શાળામાં સાધનોનો ઉપયોગ કરી શુદ્ધ ઉચ્ચારણ કરાવી શકાય.
- શિક્ષકે પોતે હંમેશા શુદ્ધ ભાષા બોલાવી શુદ્ધ ઉચ્ચારો કરવા, શિક્ષકની બાળક ઉપર વિશેષ અસર જોવા મળે છે. તેથી શિક્ષકે સતત પોતાના વર્તન વ્યવહારમાં સંભાળપૂર્વક ઉચ્ચાર કરવા જોઈએ.
- સુંદર વક્તવ્યો, પ્રવચનો, ગીતો, નાટક સંવાદ વગેરેની કેસેટ સતત સંભળાવીને તેથી શુદ્ધ ઉચ્ચારણ કરવાની તાલીમ આપી શકાય.
- વિદ્યાર્થીઓને જુદી જુદી સ્પર્ધાઓ યોજી ભાગ લેતા કરવા વક્તૃત્વ, ગીત, ભજન, કાવ્ય કથન, વાર્તાકથન જેવી સ્પર્ધા દ્વારા ભાષા અભિવ્યક્તિઓ શુદ્ધ ઉચ્ચારણની તાલીમ આપી શકાય.

ઉપરોક્ત કાર્ય કે ઉપાયો યોજવાથી વિદ્યાર્થીઓ અશુદ્ધ ઉચ્ચારણો શુદ્ધ કરાવી શકાય.

**તમારી પ્રગતિ ચકાસો :**

**1. મૌખિક અભિવ્યક્તિ પર અસર કરતાં પરિબળો જણાવો.**

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

**2. અમૂર્ત ઉચ્ચારણની શુદ્ધિ માટેના ઉપાયો જણાવો.**

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

### 6.3.8 કથન કૌશલ્ય વિકસાવવાની પ્રવૃત્તિઓ

બાળક સૌ પ્રથમ તો ભાષાકીય યુક્તિઓ આપમેળે નક્કી કરી લે છે. પછી જ તેની આસપાસ બોલાયેલી વાણી સમજી શકે છે. ત્યારબાદ વાક્યો રચે છે. અને વ્યાકરણની રચના પછી જ સમજે છે. તેના પોતાના રચેલાં ભાષાકીય નિયમોમાં તે પરિવર્તન અને સુધારણા સતત કરતો રહે છે. જો આમ ઔપચારિક રીતે શિક્ષણ આપીને આમ કરવામાં આવશે તો તેની કથન અશુદ્ધિ ઝડપથી સુધરાવી શકાય. તે માટે નીચે જેવી પ્રવૃત્તિઓ કરાવી શકાય.

**વર્ગશિક્ષકની પ્રવૃત્તિઓ**

- શિક્ષકે વર્ગમાં સતત દ્વિધ્રુવી કે ત્રિ-ધ્રુવી શિક્ષણની પ્રક્રિયાનો અમલ કરવો.
- શિક્ષકે વિદ્યાર્થીઓને સતત બોલતો કરવાં પ્રશ્ન કળા, જૂથ ચર્ચા, ઉદાહરણ જેવી પ્રક્રિયાઓ વધુ અજમાવવી.
- બાળકને વર્ગખંડમાં પૂરતી સ્વતંત્રતા આપવી જેથી બાળક નિઃસંકોચ બોલી શકે.

- જે બાળકમાં મર્યાદા કે ખામી જોવા મળે તેવા બાળકને વધુ માર્ગદર્શન આપવું તેની સાથે સહાનુભૂતિ પૂર્ણ વ્યવહાર કરવો.
- શુદ્ધ ઉચ્ચારોનો સતત મહાવરો કરાવવો.

  સમૂહગાન પણ કરાવી શકાય.
- ગદ્ય કૃતિઓનું પાઠનું સંવાદમાં રૂપાંતર કરી વિદ્યાર્થીઓને સંવાદ બોલાવવા માટે પ્રેરિત કરવા.
- સમાનભાવ વાળી કૃતિઓ વાંચે અને જાહેરમાં વાંચન કરે તેવી ટેવ પાડવી.
- વિદ્યાર્થીઓ જે ગૃહકાર્ય કરી આવે છે. તે ગૃહકાર્ય મૌખિક રીતે પૂછવું.
- વિદ્યાર્થીઓમાં યોગ્ય શ્રવણ શક્તિ વિકસાવીને કથન માટે અભિપ્રેરિત કરી શકાય તે માટે શિક્ષકે શુદ્ધ ઉપચાર, આરોહ-અવરોહ, ભાવ, લય, સંવેદના વગેરે પ્રમાણે ભાષાશૈલી પ્રયોજીને તે રીતે વિદ્યાર્થીઓ બોલે તે માટે તેમને અનુકૂળ પ્રશ્નોત્તરી અજમાવવી.
- આમ અનેક રીતે વર્ગ ખંડની પદ્ધતિઓ યોજી શકાય.

**સહઅભ્યાસ પ્રવૃત્તિઓ**

- શિક્ષકે વર્ગમાં વર્ગ બહાર એવી કેટલીક પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું છે કે જેથી વિદ્યાર્થીઓએ કથન કૌશલ્યનો સહારો લેવો પડે આ માટે નીચે જેવી પ્રવૃત્તિઓનું આયોજન થઈ શકે.

**વાર્તાકથન**

- બાળકોને વાર્તા સાંભળવી ગમે છે. શિક્ષકે બાળકોને વાર્તા કહેવી અને બાળકો પાસે વાર્તા કથન (કહેવડાવી) કરાવવું.

**અભિનયક્ષમતા વિકસાવવી**

- નાટક, એકપાત્રી અભિનય, સંવાદ વગેરે કરાવવા. પાઠ્યપુસ્તકમાં આપેલ કૃતિઓની સહાય પણ લઈ શકાય.

**ચર્ચા અને પરિસંવાદ**

- બાળકો પ્રારંભમાં ચર્ચા-સંવાદમાં ભાગ લેતાં સંકોચ અનુભવે છે. તેમને પ્રોત્સાહન સહાનુભૂતિ, પ્રેરણા પૂરી પાડી ચર્ચા-પરિસંવાદનું આયોજન થઈ શકે.

**વકતૃત્ત્વ સ્પર્ધા**

- મૌખિક અભિવ્યક્તિને અસરકારક બનાવવા શાળામાં વારંવાર વકતૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરી મૌખિક અભિવ્યક્તિ વિકસાવી શકાય.

**પ્રશ્નોત્તરી (ક્વીઝ સ્પર્ધા)**

- ક્વોઝ સ્પર્ધાનું આયોજન કરવું જોઈએ. જેનાથી વિદ્યાર્થીઓ ઉચ્ચાર શુદ્ધિમાં શ્રવણની સાથે કથન પણ અસરકારક રીતે વિકસાવે.

**શબ્દ રમતો**

- જુદાં જુદાં પ્રકારની શબ્દ રમતો રમાડવી. વર્ગનાં બે જૂથ અંતાક્ષરીની માફક શબ્દોમાં આવતાં વર્ણ ઉપરથી શબ્દ બનાવે, એક શબ્દમાંથી અનેક શબ્દો બનાવે.
- વિદ્યાર્થી શબ્દો, સમાનાર્થી શબ્દો, રૂઢિપ્રયોગ, કહેવતોની સમજ વગેરે શબ્દ રમત રમાડવાથી શબ્દોના શુદ્ધ ઉચ્ચારણ કરી શકાય.
- આ ઉપરાંત ગીત, ભજન સ્પર્ધા ગોઠવી શકાય. ટી.વી.પરથી, રેડિયો પરથી પ્રસારિત થતાં કાર્યક્રમો બતાવીને સંભળાવી શકાય, જેનાથી પણ શુદ્ધ ઉચ્ચારણ અને મૌખિક અભિવ્યક્તિની તાલીમ આપી શકાશે.

- **પ્રાર્થના સભા**

  પ્રાર્થનાસભામાં બાળકો વિવિધ માહિતી રજૂ કરે, જેવી કે સુવિચાર, સમાચાર વાચન, જાણવા જેવું, મુલાકાતના અંશ, પ્રવાસ-પર્યટન, પ્રસંગ વર્ણન વગેરે આવી પ્રવૃત્તિઓથી જ્ઞાન સાથે આનંદ પણ મળે. તેથી આવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.

**તમારી પ્રગતિ ચકાસો.**

**1. વિદ્યાર્થીની મૌખિક અભિવ્યક્તિ વિકસાવવા મળેલી વર્ગખંડ-શિક્ષણની ચાર પ્રવૃત્તિઓ જણાવો.**

**1.** ..............................................................

**2.** ..............................................................

**3.** ..............................................................

**4.** ..............................................................

**2. મૌખિક અભિવ્યક્તિ વિકસાવવા શાળામાં કઈ કઈ પ્રવૃત્તિઓ યોજી શકાય ? ચારનાં નામ આપો.**

**1.** ..............................................................

**2.** ..............................................................

**3.** ..............................................................

**4.** ..............................................................

**6.3.9 સારાંશ**

બાળકની વૃદ્ધિ વિકાસની સાથે બોલવાની ક્ષમતાઓ પણ વિકસતી રહે છે.

- વાણી આરંભ પૂર્વેની અવસ્થા છે.
- મનોવિજ્ઞાનીઓ બાળકની વાક્ક્રિયાના વિકાસક્રમને મતાંતર સાથે પણ સ્વીકારે છે.
- વિવિધ ભાષા જૂથમાં બાળકોના ઉચ્ચારણલક્ષી અભ્યાસના આધારે સ્વલોપીનનાં તારણો નીચે મુજબ છે.
- પદાર્થ કે માણસ ચીંધવા માટે ઉચ્ચારણ
- હુક્મ, માંગણી, વિનંતી, ઈચ્છા વ્યક્ત કરવા માટેનાં ઉચ્ચારણો
- અસંમતિ કે સૂચનનો નકાર સૂચવવા માટે ઉચ્ચારણો
- પરિસ્થિતિ તે ઘટનાના વર્ણન માટે ઉચ્ચારણ
- માણસ કે વસ્તુ પોતાની પાસે છે તે સૂચવવા માટેના ઉચ્ચારણ
- વર્ણનશીલ ઉચ્ચારણ.
- હા/ના પ્રશ્નોનાં ઉચ્ચારણો
- મૌખિક અભિવ્યક્તિ પર પ્રાદેશિકતા, શારીરિક કારણ, સામાજિક વાતાવરણ, પરિસ્થિતિજન્ય કારણો અસર કરે છે.
- બાળકોમાં અશુદ્ધ ઉચ્ચારણ માટેનાં અનેક કારણો હોઈ શકે, જેવાં કે શારીરિક અંગોની ખામી, વાતાવરણની અસર, કુટુંબની અસર, પાડોશ કે સમાજનું વાતાવરણ, સમૂહ માધ્યમોની અસર પણ અશુદ્ધ ઉચ્ચારણ માટે અસર કરે છે.
- અશુદ્ધ ઉચ્ચારણોની શુદ્ધિ માટે જુદાં-જુદાં પ્રકારની પ્રવૃત્તિ-પ્રયુક્તિઓનું આયોજન કરી મૂલ્યાંકન કરાવી શકાય.

### 6.3.10 સ્વાધ્યાય

- નીચેનાં પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

1. આત્મકેન્દ્રી વ્યવહારની વિશેષતાઓ જણાવો.
2. બાળકોની મૌખિક અભિવ્યક્તિના મહાવરા માટે ભાષા વસ્તુ સૂચવો.

- સ્વાગત પ્રવચન-આભાર દર્શન

3. નીચેનાં વિધાનોમાં હકીકતદોષ હોય તો ભાષા વસ્તુ સૂચવો

1. વાણી અને કથન એકબીજાંના પર્યાય છે.
2. કથનકૌશલ્ય વિકસાવવા ઔપચારિક પ્રયત્નોની જરૂર નથી.
3. કથનકૌશલ્ય માટે અભિનય ક્ષમતા મહત્ત્વની નથી.

**તમારી પ્રગતિ ચકાસોના જવાબો.**

(1) કથનકૌશલ્યનો અર્થ

- વ્યક્તિ પ્રસંગોચિત વાતચીત કરી શકે.
- પોતાના વિચારોને સુંદરતા, સુસ્પષ્ટતા અને વાણીની મધુરતા દ્વારા કહી શકે.
- પોતાના વિચારોને લાગણીઓ વાણી દ્વારા વ્યક્ત કરી શકે.

(2) કથનભાષાના શ્રાવ્ય સ્વરૂપ સાથે સંબંધ ધરાવે છે. કથન વખતે ભાષાના ધ્વનિઓ, ઉચ્ચારતંત્ર દ્વારા નિષ્પન્ન થઈ શકે.

(3) કથનકૌશલ્યનું મહત્ત્વ

1. રોજિંદા જીવન વ્યવહાર ચલાવવા માટે જરૂરી.
2. વ્યક્તિગત વિકાસ માટે.
3. નાગરિકતાની તાલીમ દ્વારા ઘડતર કરી શકાય.
4. વિચારોના પ્રત્યાયનની સાથે લેખન શક્તિ વિકસાવવા.

4. કથનકૌશલ્ય આધારિત હેતુઓ :-

- વિદ્યાર્થી
- યોગ્ય ઝડપથી બોલી શકે.
- અચકાયા વિના અર્થાનુસારી બોલવાની ક્ષમતા કેળવે.
- કથનમાં યોગ્ય શુદ્ધ ભાષા રચનાનો ઉપયોગ કરી શકે.
- વિવિધ પ્રકારના કાવ્યોનું ગાન કરી શકે.

1. મૌખિક અભિવ્યક્તિ પર પ્રાદેશિકતા વધુ અસર કરે છે.

- ઉદા.સુરતના લોકો 'ળ' કે 'ડ'ને બદલે 'ર'નો ઉપયોગ કરે છે. તેથી અશુદ્ધ ઉચ્ચારણ થાય.
- કાઠિયાવાડીઓ સૌરાષ્ટ્રના લોકો શેનો ઉપયોગ 'છ'ની જગ્યાએ કરે છે.

2. શારીરિક ખામીને કારણે બાળક તોતડાય, ગભરાઈને બોલે, કાલું-ઘેલું નાકમાંથી બોલે, દાંત કચકચાવીને બોલે શ.શ જેવો અવાજ કરી બોલે વગેરે અશુદ્ધિઓ ઉચ્ચારણમાં વર્તાય છે.

1. મૌખિક અભિવ્યક્તિ વિકસાવવા માટેની વર્ગખંડની ચાર પ્રવૃત્તિઓ

1. ગદ્યપાઠોનું સંવાદમાં રૂપાંતર કરી ભાવ-લય આરોહ-અવરોહપૂર્વક ઉચ્ચારણ કરાવવા.
2. કાવ્યગાન
3. પ્રશ્નોત્તરી

4. ગૃહકાર્યના પ્રશ્નોથી મૌખિક જવાબ મેળવવા.

2. મૌખિક અભિવ્યક્તિ વિકસાવવા માટેની સહાભ્યાસિક પ્રવૃત્તિ.

1. વક્તૃત્ત્વ સ્પર્ધા

2. કાવ્યપાઠન સ્પર્ધા

3. એક શબ્દમાંથી વધુમાં વધુ કેટલાં શબ્દ બનાવી શકે તેવી 1 મિનિટની સ્પર્ધા

4. વાર્તાકથન/પ્રસંગ કથન

## 6.4 વાચન કૌશલ્ય

### 6.4.0 વાચન કૌશલ્ય : ઉદ્દેશો

(1) વાચન કૌશલ્યનો અર્થ સ્વરૂપ સમજી શકશો.

(2) વાચન પ્રક્રિયાનું સ્વરૂપ સમજાશે.

(3) વાચનની વ્યાખ્યા સમજી શકશો.

(4) વાચન તત્પર બાળકનું વર્તન સમજી શકશો.

(5) માધ્યમિક કક્ષાના વાચન કૌશલ્યનાં હેતુઓ જાણી શકશો.

(6) પ્રાથમિક કક્ષાએ વાચન શિક્ષણના પ્રયત્નોથી માહિતગાર થઈ શકશો.

(7) વાચન-અર્થગ્રહણ કૌશલ્યનું સ્વરૂપ સમજશો.

(8) વાચન શિક્ષણની વિવિધ પદ્ધતિઓથી પરિચિત થશો.

(9) વાચનના મુખ્ય પ્રકારોની વિશેષતા જાણી શકશો.

### 6.4.1 પ્રસ્તાવના

આપણે ભાષા કૌશલ્યની સમજ શરૂઆતમાં મેળવતાં વાચન અને લેખનને દ્વિતીય કૌશલ્ય તરીકે ઓળખાવ્યાં હતાં કારણ શ્રવણ અને બોલવું- કથન જેવી બાળક માટે વૃદ્ધિવિકાસ સાથે જ ભાષા સર્જનની વિકાસની ક્ષમતાઓ છે તેવી વાચન અને અન્ય નથી. કારણ કે બાળક સાંભળે છે શ્રવણ કરે છે અને બોલે છે તેટલી સાહજિકતાથી તે વાંચી શકતો નથી, કારણ વાચનએ વાચક માટે પ્રતીકો/ સંજ્ઞાનું/ધ્વનિકરણમાં રૂપાંતર કરી સમજાવવાની પ્રક્રિયા છે. જે માટે તેના શ્રવણના અનુભવો અને ભાષા લેખન ભાષા ઘટકો, લિપિ, સંકેતો, સંદર્ભો વગેરે સાથે પ્રત્યાભિજ્ઞાન અને અર્થઘટનના ઔપચારિક પ્રયત્નો દ્વારા શીખવાનું છે. મૌખિક ભાષા અને લિપિબદ્ધ ભાષાનો ભેદ કે તફાવત સમજવાનો છે. આમ વાચન પ્રક્રિયા અને પ્રવૃત્તિના સ્વરૂપની વિચારણા કરતાં તેને શીખવા માટે ઔપચારિક પ્રયત્નો અને મહાવરો અનિવાર્ય ગણાય છે. તે બાળકના વૃદ્ધિ વિકાસની જેવી સાહજિક નથી. એટલે તો પ્રૌઢોને પણ વાચન લેખન શીખવાડવાના કાર્યક્રમો/સાક્ષરતા અભિયાન યોજવા પડે છે.

### 6.4.2 વાચન પ્રક્રિયાનું સ્વરૂપ

વાચનપ્રક્રિયા અને શારીરિક પ્રક્રિયા ગણાય છે. કારણ આ પ્રક્રિયામાં માનસિક તેમજ શારીરિક પ્રક્રિયાનો સમાવેશ થયેલો છે. એટલે કે વાચન શીખનારને માનસિક અને શારીરિક પ્રક્રિયાઓ કેળવવાનો અને સમન્વય કરવાનો પ્રયત્ન યા મહાવરો કેળવવો પડે. વાચનપ્રક્રિયા બાળકના શિક્ષણ પ્રાપ્તિના પ્રયત્નોમાં શ્રવણ પ્રક્રિયાની જેમ ગ્રહણશીલ કૌશલ્ય તરીકે ઉપયોગી કૌશલ્ય કહેવાય છે. કારણ શ્રવણ કૌશલ્ય તરીકે ઉપયોગી કૌશલ્ય કહેવાય છે. શ્રવણ કૌશલ્યમાં બાળક વક્તા શ્રોતાના સંપ્રેષમ સંબંધ સમજે છે. ત્યારે સાંભળેલી વિગતો. ઉક્તિઓ ધ્વનિ ઘટકોનું અર્થઘટન અર્થગ્રહણ કરે છે. જ્યારે વાચન પ્રક્રિયામાં વાચન સામગ્રી સાહિત્યના વક્તા અને શ્રોતાની કામગીરી બાળક જ કરે છે. અને એજ તે સાંભળે છે. અને અર્થ ગ્રહણ કરે છે. ત્યારે પણ તે લિપિબદ્ધ શબ્દો/વાક્યોની ભાષા/માહિતી/સમજ

જ્ઞાનના આધારે તેના જીવન અનુભવોના સંદર્ભમાં અર્થગ્રહણ કરે છે. એટલે વિદ્યાર્થીઓની વાચન પ્રક્રિયા કેળવવાના પ્રયત્ન કરનાર શિક્ષકોએ પણ આ કૌશલ્યની વૈજ્ઞાનિક માહિતીની સમજ મેળવવી અનિવાર્ય ગણાય.

### 6.4.3 વાચન પ્રક્રિયાનું મનોવૈજ્ઞાનિક પાસું

વાચન પ્રક્રિયામાં સક્રિય એવી શારીરિક ક્રિયાઓ જેવી કે ભાષા પ્રતિકો/શબ્દોની ઓળખ દ્વારા ઓળખ/મુદ્રિત શબ્દો/વાક્યોને વાંચવા માટે ડાબેથી જમણા હાથ તરફની આંખની ગતિ, વાક્યંત્રના સ્નાયુઓ વગેરે અવયવોની સક્રિયતાનો સમાવેશ થાય છે.

માનસિક પ્રક્રિયાઓમાં ભાષા પ્રતીકો/શબ્દોની ભેદપરકતા, વાક્ય સંરચનામાં વપરાયેલા શબ્દોના સંદર્ભમાં અર્થ ઘટાવવાની ક્રિયા, વિગતો તારવવી, સમજાવવી જેવી અર્થ ગ્રહણની પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. આ બંને પ્રકારની પ્રક્રિયાઓ બાળક સાહજિકતાથી, ચોકસાઈથી, ગુણવત્તાની કક્ષા જાળવી ઝડપથી કરતો થાય તો બાળક સાહજિકતાથી કૌશલ્ય કેળવી શકે અને વાચન અર્થઘટન/અર્થ ગ્રહણ કરી શકે. વળી આ પ્રક્રિયાનો ઘટકલક્ષી મહાવરો શરૂઆતમાં આપવા સાથે અન્ય પ્રક્રિયાઓ સાથે સમન્વય પણ થતો જાય છે. આ પ્રક્રિયામાંની કેટલીક પ્રક્રિયાઓનો મહાવરો કાળજીપૂર્વક આયોજાય તો તેની મર્યાદાઓ બાળકના વાચન કૌશલ્યની સિદ્ધિઓને પણ મર્યાદિત રાખે છે. આટલી ચર્ચા સમજ્યા પછી આપણે વાચન પ્રક્રિયાની વ્યાખ્યાને સમજી શકીશું.

### 6.4.4 વાચન કૌશલ્યનો અર્થ-સંકલ્પના

વાચન પ્રક્રિયાનું સંકુલ સ્વરૂપ જોતાં તેની સર્વ સંમત એક વ્યાખ્યા આપવાનું મુશ્કેલ છે. છતાં અભ્યાસીઓએ તેની વ્યાખ્યાઓ નીચે મુજબ કરી છે.

1. "વાચન એ અર્થસંશોધનની અને પ્રાપ્ત કરવાની (સમજવાની) સક્રિયા પ્રક્રિયા છે." -***ડેબ્રો***
2. "વાચનએ માત્ર મુદ્રિત શબ્દોનું સ્પષ્ટ દર્શન કે સાચું ઉચ્ચારણ કે પ્રત્યેક શબ્દના અર્થની પ્રત્યાભિજ્ઞા કરતાં પણ વિશેષ છે." -***રુથ સ્ટ્રેંગ***
3. "વાચન શક્તિ એટલે સંજ્ઞાઓ અને અવાજનું પ્રત્યક્ષીકરણ સાધી તેનો અર્થ ઘટાવવાની શક્તિ." - ***રોબિન્સન***
4. "વાંચનએ ચિંતનશીલ, વિચારશીલ પ્રક્રિયા છે." - ***બેક્સ***
5. "વાંચનએ તર્કની પ્રક્રિયા છે." -***થોર્નડાઈક***
6. "વાંચનએ અર્થ મેળવવાની પ્રક્રિયા કરતાં અર્થ તારવવાની પ્રક્રિયા છે." -***ઝડમેન***

સંકલ્પના વાંચનની વ્યાખ્યા કે અર્થ ઉપરથી નીચેની સંકલ્પના કે સ્પષ્ટતા થાય છે.

- વાચનને બાળકની ક્ષમતા સાથે સંબંધ છે.
- વાચન પ્રક્રિયા ક્રમિક છે.
- વાચન પ્રક્રિયામાં મુદ્રિત સંકેતોનું દર્શન, ઓળખ કે ભેદપરખતા, અર્થ ઘટન, અર્થ ગ્રહણ, તર્ક, વિચાર અને ચિંતન જેવી પેટા પ્રક્રિયાઓ સમાયેલી છે.
- વાચન પ્રક્રિયાએ વાચન કૌશલ્યના વિકાસ માટેની સાપેક્ષ ક્રિયા છે.

### 6.4.5 વાચન કૌશલ્ય શિક્ષણ

વાચન કૌશલ્ય શાળાઓમાં શીખવવાનું મુખ્ય કારણ તો આપણે જાણીએ છીએ તેમ આ કૌશલ્ય શીખવા માટે ઔપચારિક પ્રયત્નોનું આયોજન અનિવાર્ય છે, બીજુ કે વાંચનના તજ્જ્ઞોનું અભ્યાસ તારણ એવું સૂચવે છે કે સામાન્ય રીતે વાંચન શીખવા માટે બાળકની 6 વર્ષની વયમર્યાદા ઉચિત છે. છતાં બાળકના વૃદ્ધિ-વિકાસના વૈયક્તિક તફાવતો ધ્યાનમાં લેતાં વાંચન સંશોધન તજ્જ્ઞો વાચન શીખવવાની શરૂઆત કરતાં પહેલાં બાળકની વાચન તત્પરતા તપાસવાનો આગ્રહ રાખે છે.

બાલવાડી/આંગણવાડી/મોન્ટેસરી કક્ષાએ એટલે કે પૂર્વ પ્રાથમિક કક્ષાએ એવા અનુભવો મેળવે છે કે જે તેની વાચન તત્પરતા સર્જવામાં મદદરૂપ બને. આપણે વાચન તત્પર બાળકનાં કેટલાંક વર્તન નીચે મુજબ નોંધ શકીએ.

### 6.4.6 વાચન શિક્ષણ પદ્ધતિઓ

વાચન શિક્ષણની પદ્ધતિઓનો ઉપયોગ વાચનની શરૂઆત કરતાં બાળકો માટે પ્રાથમિક કક્ષાએ ખાસ ઉપયોગમાં લેવાય છે. કારણ મુદ્રિત સામગ્રી વાંચવાની શરૂઆત બાળકો પ્રાથમિક કક્ષાથી કરે છે. અહીં કેટલીક જાણીતી પદ્ધતિનો પ્રવિધિસહ પરિચય મેળવીશું.

**1 મૂળાક્ષર યા વર્ણ પદ્ધતિ (Alphabet Method)**

આ પદ્ધતિની આધારભૂત માન્યતા એવી છે કે ભાષામાં પ્રયોજાતાં વર્ણોનાં રૂપ અને નામ જાણ્યા પછી શબ્દોની ઓળખ અને તેના ઉચ્ચારણ અંગે સરળતા રહે છે. શબ્દની જોડણી જાણી લેવાથી બાળક તેમાં પ્રયુક્ત અક્ષરોથી પરિચિત થાય છે જાણવાથી આ અક્ષરોને મળવાથી સર્જાતા અન્ય શબ્દોની રચના સમજવામાં પણ સરળતા રહે છે. આ પદ્ધતિમાં શબ્દ ઓળખ અંગે વધારે કાળજી લેવાય છે પણ શબ્દના અર્થ અંગે પૂરી કાળજી લેવાતી નથી. આ પદ્ધતિ શીખવાની પ્રક્રિયાના અનુબંધ સિદ્ધાંત પર આધારિત છે.

મૂળાક્ષર પદ્ધતિમાં બાળક વર્ણ અને માત્રાઓની મદદથી શબ્દોનું વાચન કરવાનો મહાવરો મેળવે છે. અહીં મૂળાક્ષર અને તેનાથી શરૂ થતા શબ્દનો મહાવરો તેમજ બારાખડીના આધારે શબ્દોમાં વપરાયેલાં મૂળાક્ષરો ઓળખવાનો મહાવરો પણ અપાય છે.

આ પદ્ધતિનો ઉપયોગ કરનારાઓની આધારરૂપ ધારણા એવી છે કે વાંચન શીખવા માટે બાળક પાસે મૂળાક્ષરોનું જ્ઞાન/ઓળખ અનિવાર્ય છે. શબ્દ ઓળખ માટે ડાબેથી જમણી બાજુ આંખની ગતિ અને ઉચ્ચારણ કરવું. એ વાચન પ્રક્રિયાનું પ્રથમ સોપાન છે. છતાં વિદેશના સંશોધન તારણ મુજબ આ પદ્ધતિથી પ્રાપ્ત વાચનસિદ્ધિ પ્રારંભિક કક્ષાએ બાળકને સફળ બનાવે છે. તેમજ નબળી સામાજિક, આર્થિક સ્થિતિ ધરાવતાં કુટુંબના બાળકોને આ પદ્ધતિથી વિશેષ લાભ થાય છે.

આ પદ્ધતિની મર્યાદાઓ પણ તારવવામાં આવે છે.

- આ પદ્ધતિ અરુચિકર અને અમનોવૈજ્ઞાનિક જણાઈ છે.
- બાળકો મૂળાક્ષરોનું સ્પષ્ટ વાચન કરવા છતાં વાચન રુચિ કેળવી શકતાં નથી.
- મૂળાક્ષરોની સાથે સાથે વાંચનની ટેવ પડે છે.
- બાળકની વાચન ઝડપ કેળવાતી નથી.

**2. શબ્દ પદ્ધતિ (Look and say Method)**

આ પદ્ધતિ "જુઓ અને કહો" નામથી પણ ઓળખાય છે. આ પદ્ધતિ મુજબ વર્ણને બદલે શબ્દના વાચનનો મહાવરો અપાય છે. શરૂઆતમાં ચિત્રોની મદદથી શબ્દોને ઓળખવામાં આવે છે. પછી શબ્દના મૂળાક્ષરોનું જ્ઞાન મેળવે છે. ચિત્ર સિવાયના શબ્દની ઓળખ આપવા અન્ય સંકેતોનો ઉપયોગ કરવામાં આવે છે. જેવાં કે :-

- નામનું/સંજ્ઞાનું બહુવચન દર્શાવતાં રૂપો.
- ક્રિયા અથવા વિશ્લેષણની દૃષ્ટિએ શબ્દ પસંદગી
- ભાષામાં વારંવાર વપરાતો શબ્દ

**ફાયદા**

- બાળકો શબ્દને અર્થને સમજવા પ્રયત્ન કરે છે.

**મર્યાદાઓ**

- નવા શબ્દોની ઓળખ સહેલાઈથી બાળક કરી શકતો નથી.
- બાળકો ચિત્રો જુએ છે પણ શબ્દના અક્ષરોની અવગણના કરે છે.
- જાતે વાચન કરી શકતો નથી.

### 3. વાક્ય પદ્ધતિ (Sentence Method)

આ પદ્ધતિના પુરસ્કર્તાઓ માને છે કે ભાષાનો નાનામાં નાનો એકમ વાક્ય છે. જેથી વાચનનો એકમ પણ એક વાક્ય હોય તે જરૂરી છે. આ પદ્ધતિ મુજબ બાળકો વાક્યના સંકેતોની મદદથી શબ્દોના અર્થ સમજી વિચારનું અર્થગ્રહણ કરે છે. બાળકો વર્ણ કે શબ્દને છૂટક છૂટક વાંચવાને બદલે આખા વાક્યને વાંચવાનો પ્રયત્ન કરે છે. જેથી વાંચવાની ઝડપ અને રુચી વધે છે. બાળકોનાં જાણીતાં વપરાશ વાક્યો, પાઠ્યપુસ્તકના પાઠનાં વાક્યોનો ઉપયોગ કરવામાં આવે છે.

**ફાયદા**

- બાળક સ્વભાવિક રીતે અર્થગ્રહણ સાથે વાક્યો વાંચવા ટેવાય.
- તેમના વ્યવહારની વાક્ય સામગ્રી અનુભવ સંબંધિત વાક્યો મદદરૂપ બને છે.
- વાક્યાર્થ જાણ્યા પછી બાળકો શબ્દોના અર્થ, સંરચના સમજવામાં અજ્ઞાત રહે છે.

**મર્યાદા**

- બાળકો પૂર્ણ વાક્ય વાંચવામાં મુશ્કેલી અનુભવે છે.
- વાક્યોની મર્યાદિત સંખ્યાને લીધે શબ્દો પણ મર્યાદિત સંખ્યામાં વાંચવા ટેવાય છે.
- બાળકોને શબ્દ જોડણીનો ખ્યાલ આવતો નથી.

### 4. વાર્તા પદ્ધતિ (Stay Method)

આ પદ્ધતિ અનુસાર શરૂઆતમાં વર્ગમાં બાળકોને વાર્તા કહેવામાં આવે છે જેથી બાળકો પાત્રોની વાતચીત પ્રસંગલક્ષી વાક્યો વગેરેથી પરિચિત થાય છે. આ વાર્તાના કેટલાંક વાક્યો તેમાંના શબ્દો, તેના અક્ષરો વગેરેનું જ્ઞાન આપવામાં આવે છે. તેમાં આવતા નવા શબ્દોનું પણ જ્ઞાન આપવામાં આવે છે. વાર્તા સાતત્યને કારણે વિદ્યાર્થીઓનો વાચન પ્રયાસ જળવાઈ રહે છે. આ પદ્ધતિને વાક્ય પદ્ધતિના વિસ્તરણ સ્વરૂપે ઓળખવામાં આવે છે.

**ફાયદા**

- બાળક શરૂઆતથી જ અર્થગ્રહણનો મહાવરો મેળવે છે.
- જેમને વાર્તાનો ઘટનાક્રમ સમજે છે.
- અનુમાન કરી શકે છે.
- પરિણામનો વિચાર કરે છે.
- તુલના કરે છે.
- બોધ તારવે છે.

**મર્યાદાઓ**

- બાળકો શરૂઆતથી વાક્યોના શબ્દોને ઓળખી અર્થ ગ્રહણ કરવાનું ટાળે છે. આ આવડત-યોગ્યતા લાંબા સમયે વિકસે છે.
- બાળકો વાર્તા સ્મરણ, અનુમાનથી વાંચે છે. જેથી વાક્ય/શબ્દ/વાણીની સમાનતા ઓછી મેળવે
- નિશ્ચિત વાક્યો અને શબ્દોથી લખાયેલી વાર્તાઓ પણ ઓછી મળે છે. જેથી શિક્ષણની કામગીરીની સાથે મૂંઝવણ કે સમસ્યા વધે છે.

- ઉચ્ચ ધોરણો માટે આ પદ્ધતિની ઉપયોગિતા વિશ્વાસ યોગ્ય નથી.

આમ આ પદ્ધતિમાંની કોઈ એક પદ્ધતિ બધાં બાળકો માટે લાભદાયી નથી. કોઈ એક પદ્ધતિનો જુદાં જુદાં શિક્ષકો દ્વારા સમાન અમલ થવો શક્ય પણ નથી છતાં વાંચન કૌશલ્યનાં વિવિધ પાસાંના વિકાસ માટે જુદી જુદી પદ્ધતિઓ ઉપયોગમાં આવે છે. વળી વિશ્લેષણ પ્રક્રિયા અપનાવવી પદ્ધતિ અધિક બાળકોને ઉપયોગ જણાઈ છે. એટલે કે વિશ્લેષણ પ્રક્રિયા અપનાવતી પદ્ધતિ બધાં બાળકોને ઉપયોગી જણાઈ છે. એટલે કે વિશ્લેષણ પ્રક્રિયા અપનાવવી પદ્ધતિ અધિક બાળકોને ઉપયોગી જણાઈ છે. એટલે કે વિશ્લેષણ પ્રક્રિયા અપનાવતી પદ્ધતિ બધાં બાળકો માટે ઉપયોગી નથી જણાઈ. સંશ્લેષણ પદ્ધતિ કેટલાંક બાળકો માટે ઉપયોગી જણાઈ છે. આમ વાંચન શિક્ષણ પદ્ધતિની સફળતા બાળકની વય, કક્ષા, સજ્જતા તેમજ શિક્ષણની સુઝ, રુચિ પર આધાર રાખે છે.

### 5. સામૂહિક વાચન પદ્ધતિ (Group Reading Method)

આ પદ્ધતિમાં શિક્ષક બાળગીત, ઉર્મિગીત અભિનયગીતો જોડકણાં કે વાર્તાના વાચનનું નિદર્શન આપે છે. વિદ્યાર્થીઓ શિક્ષકના નિર્દેશનની સામૂહિક અનુકરણ કરે છે અને આમ અનુકરણ કરતાં કરતાં આદર્શ વાંચન શીખી જાય છે.

**ફાયદા**

- ક્ષોભ કે શરમ અનુભવતાં બાળકો પણ સામૂહિક પ્રયત્નોમાં સામેલ થઈ શકે છે.
- બાળકનો ઉચ્ચારદોષ પ્રાદેશિક ઉચ્ચારણની મર્યાદા વગેરે દૂર કરી શકાય છે.
- સંયુક્તાક્ષરના ઉચ્ચારોમાં વિશ્વાસ કેળવી શકાય છે.
- બાળકની શ્રવણ એકાગ્રતા અને શ્રવણ દ્વારા અર્થ ગ્રહણની પ્રક્રિયા પોષક બને છે.
- બાળકની સ્મૃતિ વિકસતી રહે છે.

**મર્યાદા**

- શિક્ષકના વાચન નિદર્શનની મર્યાદાઓ વિદ્યાર્થીના વાચનની પણ મર્યાદા બની છે.
- કેટલીકવાર બાળકો પોતાની મર્યાદાઓ અવગણે છે.

### 6. અનુકરણ પદ્ધતિ

આ પદ્ધતિમાં શિક્ષક તમામ વર્ણોના ઉચ્ચાર કરીને બાળકોને તાલીમ આપે છે. બાળકો શિક્ષકના ઉચ્ચારણનું અનુકરણ કરે છે. ધીમે ધીમે વાંચતા શીખી જાય છે. પરંતુ આ પદ્ધતિનો વિકાસ કરીને એવી ભાષાઓનું વાંચન શીખવતી વેળાએ થાય છે કે જેનાં ઉચ્ચારણો અશ્લીલ રીતે થતાં હોય.

**ફાયદા**

- પદ્ધતિથી બાળખો શિક્ષકના શબ્દ ઉચ્ચારણનું પુનરાવર્તન કરતાં હોવાથી પહેલ કરવા તત્પર રહે છે.
- બાળકો પોતાના ઉચ્ચારનું પુનરાવર્તનની સફળતાને લીધે પુનઃ પ્રયત્નો કરવા પ્રેરાય છે.
- બાળકમાં શુદ્ધ વાચન કરવાનો આત્મવિશ્વાસ કેળવાય છે.
- બાળકોને વાચનલક્ષી શરૂઆતના પ્રયત્નો દ્વારા વાંચનભિમુખ કરવામાં સહકાર મળે છે.

**મર્યાદા**

આ પદ્ધતિમાં બાળકો શબ્દો ઉચ્ચારણ અને શબ્દ સરંચનાની ઓળખનું સાહચર્ય કેળવી શકતાં નથી.

- કેટલીક વખત જે શબ્દનું ઉચ્ચારણ બાળક કરે છે તે શબ્દોને પણ મુદ્રિત સ્વરૂપમાં ઓળખી શકતાં નથી.
- બાળકો શબ્દો સંરચના શીખે છે પણ સામી બાજુ વાચન ઓછું શીખે છે.

## 7. સાહચર્ય પદ્ધતિ (Associate Method)

આ પદ્ધતિ શબ્દ અને તેની સાથે ચિત્રનું સાહચર્ય કેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. બાળકોને અનુભવક્ષેત્રના-વ્યવહારમાં શબ્દો નક્કી કરી તેને સાર્થક ચિત્રો પરથી જુદાં જુદાં ચિત્રો અને પૂંઠા પરના સંબંધિત શબ્દનું સાહચર્ય રચવાનું છે. આ પ્રવૃત્તિ બાળક માટે શબ્દ અને ચિત્રની સાથે શબ્દ સાહચર્યની અભિમુખતા કેળવવામાં મદદરૂપ બની શકે. સાહચર્ય કરવાથી બાળકો માટે ગમ્મત સાથે જ્ઞાનની રમત બની રહે છે.

**ફાયદા**

- આ પદ્ધતિ દ્વારા બાળકોની ચિત્રની સાથે સાહચર્ય ગ્રહણને અસરકારક બનાવે છે.
- પ્રવૃત્તિલક્ષી પ્રવિધિ બાળકોની શીખવાની તત્પરતા જાળવી રાખે છે.
- ચિત્ર અને શબ્દનું સાહચર્ય રચાવાથી સરળતા અને સ્પર્ધાત્મક વૃત્તિ નિપજાવે છે.

**મર્યાદા**

- બાળકો ચિત્ર-શબ્દ સાહચર્ય વિના ધ્વનિના ઉચ્ચારણ સાહચર્યથી વંચિત રહે છે.
- બાળકોને ચિત્ર વિના જાણીતા શબ્દોને ઓળખવાની મર્યાદા રહે છે.

આમ, આ રીતે પદ્ધતિમાંની કોઈ એક પદ્ધતિ બધાં બાળકો માટે લાભદાયી નથી. કોઈ એક પદ્ધતિનો જુદાં-જુદાં શિક્ષકો દ્વારા સમાન અમલ થવો શક્ય પણ નથી છતાં વાંચન કૌશલ્યનાં વિવિધ પાસાંના વિકાસ માટે જુદી જુદી પદ્ધતિઓ ઉપયોગમાં જણાઈ છે. આમ વાચન શિક્ષણ પદ્ધતિની સફળતા બાળકની વય, કક્ષા સજ્જતા, તેમજ શિક્ષકની યોગ્યતા, સૂઝ, અને રુચિ પર આધાર રાખે છે.

### 6.4.7 વાચનના પ્રકાર

વાચનના શિક્ષકની શરૂઆત મુખવાચનથી થાય છે. અને તે દ્વારા બાળકો ભાષાકીય લિપિ તેની ઓળખ સાથે ઉચ્ચારણ, મહાવરો મેળવે છે. એટલે વાચન માટેની જરૂરી કેટલીક માહિતી કે ક્રિયા વિદ્યાર્થી પાસે હોવી જરૂરી છે. જેમાં શબ્દોની ઓળખ, દષ્ટિફલક, શ્રાવ્ય પરખ અને ઉચ્ચારણ આ ચારનો સમન્વય કરવાથી વાચન કૌશલ્ય વધુ કેળવી શકાય.

વાચનના મુખ્ય બે પ્રકાર પાડી શકાય :-

1. મુખ વાચન
2. મૂક વાચન

### 6.4.7.1 મુખવાચન

મુખવાચન એ મૌખિક વિચારણાની સંક્રમણ પ્રક્રિયા કહી શકાય. મોટા ભાગે પ્રાથમિક શાળામાં મુખ વાચનનો મહાવરો આપવામાં આવે છે. પણ માધ્યમિક કક્ષાએ મુખવાચનનું જેટલું મહત્ત્વ હોવું જોઈએ એટલો મહાવરો મળતો નથી. સંભવતઃ વિદ્યાર્થી શિક્ષણ કાર્ય પૂર્ણ કરી સમાજમાં જ્યારે એક નાગરિક તરીકેની ફરજ બજાવે ત્યારે તેના મુખ વાચન કરવાની પરિસ્થિતિ અને પ્રસંગો તેના જીવનમાં વારંવાર આવે છે. મુખવાચન યોગ્ય સ્વરભાર, સ્વરાંકન, શુદ્ધ ઉચ્ચારણ અને યોગ્ય ગતિથી કરવામા આવે તો શ્રોતા વાંચન સાંભળવામાં તલ્લીન બની શકે.

### 6.4.7.2 મુખવાચનમાં થતાં વાચનદોષો

મુખવાચનમાં વિદ્યાર્થીના અનેક દોષો જોવા મળે છે જે નીચે મુજબ છે :-

- બાળક ખૂબ ધીમેથી વાંચે.
- ખૂબ ઝડપથી વાંચે.
- અવાજની માત્રા ઊંચી હોય કે નીચી હોય.
- અશુદ્ધ ઉચ્ચારણ કરે.

- વાચનની શરૂઆતમાં પ્રથમ વર્ણનો ઉચ્ચાર અટકી અટકીને કરે.
- વાચનમાં સતત પુનરાવર્તન કરે.
- યોગ્ય આરોહ-અવરોહ, ભાવ અને લયથી ન વાંચે.
- વાંચનમાં પ્રવાહિતાનો અભાવ હોય.
- વાંચતી વખતે વાચનની વિગતો કે લીટીઓ ઉપર આંગળીઓ મૂકી રાખે.
- કેટલાંક શબ્દોમાં જોડાક્ષર શબ્દોનો ઉપયોગ બરાબર ન કરેલો હોય.
- અર્ધા અક્ષરવાળા શબ્દ પૂર્ણ છે તેમ સમજીને વાંચે.
- તોતડાઈને વાંચે.
- યોગ્ય લાઈનમાં ન વાંચે.
- અનુનાસિક અને અનુસ્વાર વાળા શબ્દોમાં ભેદ સમજ્યા વગર વાંચે.
- આંખની ખૂબ જ નજીક પુસ્તકને પકડે અને વાંચે.
- વાંચતાં-વાંચતાં ગળું ખંખેરવાની ટેવ હોય.
- વાંચતી વખતે દાંત ઝકડીને હોઠ ભીડીને વાંચન કરે.
- વાંચતાં-વાંચતા હાંફ ચડે.
- વાંચતી વખતે મોઢામાંથી સિસકારા બોલાવે.
- વાંચનમાં પણ શુદ્ધ ઉચ્ચારને બદલે પ્રાદેશિકતાની છાંટ લાવે.

આમ મુખવાંચન કરતી વખતે બાળકમાં અનેક દોષો જોવા મળે છે. આ દોષો સુધારવા માટે નીચેના ઉપાયો યોજી શકાય.

**6.4.7.3 મુખ વાંચનના દોષ નિવારવા ઉપાયો**

વિદ્યાર્થીઓ વાંચનમાં જે ભૂલો કરે છે તે ભૂલો અંગે પ્રથમ શોધકાર્ય આરંભવું જોઈએ શોધ કાર્ય કર્યા બાદ વિદ્યાર્થીની ભૂલો ક્યાં કારણોને લીધે થાય છે તે જાણવું પણ જરૂરી છે એટલે વાંચન દોષ થવા માટેના શારીરિક, મનોવૈજ્ઞાનિક, પરિસ્થિતિજન્ય, કે સંવેગાત્મક કારણો હોઈ શકે તો પ્રથમ કારણો જાણી તેને આધારે વાચન દોષ દૂર કરવાના માટેના નીચેના ઉપાયો યોજી શકાય.

1. જો બાળકમાં કોઈ શારીરિક ખામી કે ઉણપ હોય તો તે અંગે સૌ પ્રથમ ડૉક્ટર કે તબીબી તપાસણી બાદ બાળકને માર્ગદર્શન આપ શકાય.

- બાળકની ખામીની જાણ તેના માતા-પિતા કે વાલીને કરવી અને બાળકની શારીરિક ખામી દૂર કરવા માટેના ઉપાયો અંગે માર્ગદર્શન આપવું.
- જો આંખની નજીકને દૂરની દૃષ્ટિની ખામી હોય તો બાળક ચશ્માં પહેરીને વાંચે તેવી સલાહ આપવી.
- બાળકના સ્વરયંત્રની ખામી હોય તો તો સ્વરયંત્ર, ફેફસાં, તાળવું, વગેરેમાં ઉચ્ચારણ કરતી વખતે કઈ કઈ આદત કેળવવી તેનું માર્ગદર્શન આપવું.
- બાળકમાં કમજોરી હોય, ફેફસાંની બીમારી હોય તો વાંચતા-વાંચતાં હાંફ ચડે, થાકી જાય, વારંવાર પુનરાવર્તન દ્વારા વાંચે આ બધી ખામીઓ દૂર કરવા બાળકને પોષણયુક્ત ખોરાક આપવો. વિટામિનની ગોળીઓ દાક્તરી સલાહ મુજબ આપવા માટે માતા-પિતાને માર્ગદર્શન આપવું.

2. મનોવૈજ્ઞાનિક કારણોને લીધે વિદ્યાર્થી વાંચનમાં ગભરાટ અનુભવે, શરમ કે લઘુતાગ્રંથિ જેવા પરિબળો ભાગ ભજવતા હોય તો તે દૂર કરવા માટે નીચેના ઉપાયો યોજી શકાય.

- વિદ્યાર્થીઓનો બુદ્ધિઆંક જાણી તેની માનસિક પરિસ્થિતિનો સાચો ખ્યાલ મેળવવો.
- બાળકને વર્ગમાં પૂરતી સ્વતંત્રતા આપવી.
- બાળકને સતત પ્રોત્સાહિત કરવું.
- શાબ્દિક કે અશાબ્દિક સુદૃઢકો પૂરાં પાડવાં.
- બાળક સાથે સહાનુભૂતિ પૂર્ણ વ્યવહાર કરવો.

3. જો બાળકમાં ક્રોધ, ગુસ્સો, આળસ કે સુસ્તી હોય તો બાળક વાંચન કરવામાં બે ધ્યાન દેખાય તો તે માટે નીચેના ઉપાયો યોજી શકાય.

- બાળક લઘુતાગ્રંથિ કે ગુરુતાગ્રંથિથી પીડાતો હોય તો તે પ્રથમ દૂર કરવી.
- વાંચવામાં બાળક ગુસ્સા સાથે વાંચતો હોય એવું લાગે તો તેની સાથે પ્રેમાળ કે માયાળુ વર્તન દાખવવું.
- આળસને કારણે વાંચનમાં બેદરકારી દાખવે ત્યારે વાચન રસ કેળવવા માટે તેના રસના વિષયોનું વાંચન કરાવવું. તેની સાથે બાળક જ્યારે વાંચવા જાય ત્યારે વાંચન કરાવવું.

  આ રીતે પ્રેરણા પૂરી પાડતા રહેવાથી બાળક વાચનમાં રસ કેળવશે.

4. કેટલીકવાર બાળકમાં પરિસ્થિતિજન્ય કારણોને લીધે વાંચનમાં દોષ કરતો હોય તો તે સમયે બાળકને નડતી કેટલીક સમસ્યાઓ જાણવી કે જેથી તેનું નિરાકરણ કરી શકાય.

- જો શાળામાં ફર્નિચર અગવડતાભર્યું તો સગવડતાવાળું કરવું.
- શિક્ષકે પોતે હંમેશ શુદ્ધ ઉચ્ચારણ સાથે વાંચન કરવું.
- ગ્રામ્ય વિસ્તારોના બાળકો ચિત્ર/ચર્ચા/વાર્તાચિત્ર, ફોટા વગેરે બતાવી વાંચન પ્રત્યે રસ કેળવાય તે રીતે વિવિધ અનુભવ પૂરાં પાડવાં.
- વિરામચિહ્નોનો ચાર્ટ બનાવી તે ઉપરથી તેનું મહત્ત્વ સમજાવીને વાંચનમાં ક્યાં ક્યાં અટક સ્થાન તે દર્શાવી તેની સાથે તેની રીત બતાવવાથી વિદ્યાર્થીઓ વાંચનમાં રસ કેળવી શકાય છે.
- શાળાના શિક્ષક મિત્રો શુદ્ધ ઉચ્ચારથી શિક્ષણકાર્ય, વાતચીત કે વર્તન કરે તેમજ તેઓ પણ શુદ્ધોચારણનો વર્ગમાં આગ્રહ રાખે તો શુદ્ધ વાંચન કરાવી શકાય.

**6.4.7.4 મુખવાચનને કેળવતી પ્રવૃત્તિઓ/સહાભ્યાસિક પ્રવૃત્તિઓ**

- વર્ગખંડમાં ટેઈપરેકોર્ડર ઉપર આદર્શ વાંચન સંભળાવવું.
- રેડિયો વાર્તાલાપ પ્રસારિત થતા હોય તો તે સંભળાવવા અન્યના વાર્તાલાપોનું રેકોર્ડિંગ કરી સંભળાવી શકાય.
- પ્રાર્થના સભામાં સમાચાર વાંચન, સુવિચાર વાંચન, જાણવા-જેવું, ટુચકાનું વાંચન, વિશેષ ઉત્સવોની ઉજવણીના પ્રસંગોનું અહેવાલ વાંચન કરાવી શકાય.
- વર્ગખંડમાં કાવ્ય પઠન, ગદ્ય વાંચન, નાટકનું વાંચન વગેરે કરાવી શકાય.
- વાર્તાવાંચન, નિબંધવાંચન, લેખવાંચન, અહેવાલવાંચન વગેરેની સ્પર્ધા યોજી શકાય.
- મહાપુરૂષોની જન્મ જયંતિ કે પૂર્ણતિથિએ તેમના જીવન ઝરમરની ઝાંખીનું વાંચન કરાવી શકાય.
- વિશિષ્ટ દિવસોની ઉજવણી જેવી કે ગુરુપૂર્ણિમા, શિક્ષકદિન, હિન્દીદિન, વૃક્ષારોપણદિન, સાક્ષરતાદિન, વિજ્ઞાનદિન, વિશ્વ વસ્તીદિન વગેરે જે તે દિવસની મહત્તા દર્શાવતા લેખોનું વાંચન કરાવવું.
- શાળામાં આવેલ નવાં પુસ્તકોમાંથી લેખનું વાંચન કરાવવું તેથી પુસ્તક વાંચન રસ વિકાસાવી શકાય. આ રીતે વિવિધ પ્રકારના કાર્યક્રમો રાખી શકાય.

#### 6.4.7.5 મૂકવાચન

મૂકવાંચન કૌશલ્યની સિદ્ધિની સાથે મૂકવાંચનનું મહત્ત્વ સ્વીકારવું જોઈએ કારણ કે શાળામાં અભ્યાસ પ્રવૃત્તિ જૂથ કે સમૂહમાં અપનાવાય છે. મુખવાચન દ્વારા જ અભ્યાસની પરિસ્થિતિની અન્ય સહઅધ્યાયીઓના બાળક માટે થાક, કંટાળો નીપજાવે, એટલે અભ્યાસ પ્રવૃત્તિ તરીકે આ પ્રવૃત્તિની મર્યાદા છે. વળી એકમ વિષયવસ્તુનું પ્રમાણ જોતા મૂકવાચનની ઝડપ સતત જાળવી રાખવાનું કઠિન બને. આ કારણો મૂકવાચનનું મહત્ત્વ વધારનારાં છે.

#### 6.4.7.6 મૂકવાચનમાં જોવા મળતા દોષો

મૂકવાચન કરતી વખતે વિદ્યાર્થી જે કંઈ વાંચે છે અને કેવી રીતે વાંચે છે તેનો ખ્યાલ હોય, અથવા વિદ્યાર્થી કઈ રીતે વાંચે છે તે પ્રતિ ધ્યાન આપવામાં આવે તો નીચે પ્રમાણેના વાંચન દોષો જોવા મળે છે.

1. વિદ્યાર્થી આંગળી કે પેન્સિલ વડે શબ્દ પ્રત્યે લક્ષ દર્શાવે અને તે રીતે વાંચે.

   મોટાભાગના વિદ્યાર્થી મૂકવાચન કરતી વખતે દરેક ઉપર આંગળી મૂકીને ઝડપથી વાંચતો જાય તે છે.

2. વાંચનની ઝડપથી સામે માથું હલાવવું. મુખ્યત્વે વાંચન ઝડપની કસોટીમાં આ દોષ જોવા મળે છે. જ્યારે વાંચન થતું હોય ત્યારે માથાનું થોડું હલનચલન થાય છે. ગુજરાતી ભાષાના લખાણનું વાંચન કરતા માથું ડાબીથી જમણી બાજુ હલન-ચલન કરે છે પણ હલન-ચલનથી વાંચવામાં અવરોધ આવે છે.

3. જો આંખનું નિરીક્ષણ કરીએ તો માથાની સાથો સાથ આંખનું પણ જાણે હલન-ચલન થતું જોવા મળે વાંચન કરતાં પુનઃ દૃષ્ટિ સ્થાપિત થાય તો ફરી વાચનમાં પુનરાવર્તન કરે છે. અંગ્રેજીમાં જેને Regrssion એટલે કે પીછે હઠ કહેવાય. પુનઃ દૃષ્ટિનો આ દોષ જોવા મળે છે.

4. કેટલાંક વાચકો મંદ હોય છે પણ કેટલાંક મૂક વાચન કરતી વખતે પણ હોઠ ફફડાવે છે. એટલે કે અવાજ કરીને વાંચે છે. જો વાચનમાં ચોકસાઈ રાખવી હોય તો અવાજ સાથે વાંચવુ એક વાંચન દોષ ગણાય.

5. કેટલીક આંખને માથના હલન-ચલનની સાથે વાચક શરીરને પણ હલાવતી હોય તેવું લાગે છે. એટલે શારીરિક હલન-ચલનનો ઉપયોગ કરી વળી કેટલીક વાર વાચન હલન-ચલન કરતો હોય, સ્થિર જગ્યાએ બેસીને વાંચન કરતો હોય ત્યાં વાંચનમાં આંતરિક ગણગણાટ સાથે વાંચન કરે છે. વાંચન કરે છે ત્યારે મનમાં શબ્દ, લીટી, વિવિધ, નિયમ, સિદ્ધાંત વગેરેને યાદ કરવા આંતરિક ઉપચાર કરે છે. (જેને સાદીભાષામાં ગોખણપટ્ટી કરતો હોય તેવું લાગે.)

   આ રીતે મૂકવાચનમાં દોષો જોવા મળે છે.

#### 6.4.7.7 મૂકવાચન દોષ નિવારવાના ઉપાયો

મૂકવાચન પ્રક્રિયામાં વાકગતિઓનું પ્રમાણ ખોટું, હોય તો મૂકવાચનની ગતિ વધારે હોય, શક્તિનો વપરાશ પણ ઓછો થાય, પરિશ્રમ ઓછો કરે, થાકી નજવાય જેથી મૂકવાચન દ્વારા થતાં દોષો નિવારવાના નીચેના ઉપાયો યોજી શકાય.

- વાચકોએ શબ્દ તરફ લક્ષ કેન્દ્રિત ન કરતાં વાચન સામગ્રીના અર્થ ગ્રહણ પર વિશેષ ભાર મૂકવો.
- વાચનની સમજ અને ગતિનો ખ્યાલ આપવો.
- વિદ્યાર્થીઓની વયકક્ષા પ્રમાણે  તેમને હેતુલક્ષી, વિશિષ્ટ, શિષ્ટ પ્રકારનું વાંચન થાય.
- વાચન કાર્ડ તૈયાર કરાવી વાચનનો મહાવરો આપવો પેન્સિલ કે ફૂટ કે આંગળીથી શબ્દ પ્રત્યે લક્ષ કેન્દ્રિત કરે છે તે દૂર કરાવી શકાય.

- વાચન દરમિયાન વાચન સ્થિતિ ઊભા રહી વાંચન કરે તેવી સૂચના સતત આપવી બાળકોને માથું કે ખોળો હલાવવાનાય નથી તે અંગે સભાનતા કેળવવા વિશેષ જાગૃત કરવા.
- વિદ્યાર્થીઓ વાચન વિસ્તાર વધારે તે માટે જરૂરી દષ્ટિ ફલકનો વિસ્તાર કરવો જોઈએ.

  આંખની નબળાઈને આંખો નજીક પુસ્તક રાખી વાંચન કરતા હોય તેમના દોષ નિવારી શકાય.
- શબ્દસમૂહની યોગ્ય સમજ આપવાની પુનઃ વાંચન કે પુનઃ દષ્ટિનો દોષ ટાળી શકાય.
- વિદ્યાર્થીનાં રસ, રુચિ પ્રમાણે આનંદ મળે તેથી વાંચન સામગ્રી સતત પૂર્ણ પાડવી.
- મનોરંજન મળી રહે તેવું વાંચન પણ કરાવવું.
- સમસ્યા ઉકેલ વાંચન કરવાથી વ્યાપક એકાગ્રતા કે ધ્યાન વધુ સ્થિર કરી શકશે તે નથી તેના હલન-ચલન દોષો વધુ નિવારી શકાશે.
- ટૂંકમાં, વાચન સુધાર કાર્યક્રમ વાચન નિદાન અને ઉપચારાત્મક કાર્ય પર આધારિત છે. તેથી શિક્ષકે બાબળમાં જોવા મળતાં મૂકવાચનના દોષો નિવારવા પ્રયત્ન કરવા જોઈએ.

### 6.4.7.9 મૂકવાચન કૌશલ્યને કેળવતી પ્રવૃત્તિઓ

- વાચન માટે પ્રાપ્ય પુસ્તકો અને સામયિકોની માહિતી વિદ્યાર્થીઓ મેળવી શકે તેવી સુવિધા ઊભી કરવી.
- મૂકવાચન માટે પ્રોત્સાહન મળી રહે તેવા કાર્યક્રમો યોજવા.
- શિક્ષકના આદર્શ વાંચન પછી ગદ્ય/પદ્યમાં માધ્યમિક કક્ષાએ 3થી 5 મિનિટ વિષય વસ્તુનું મૂક વાચન કરાવવું.
- પુસ્તક પ્રદર્શન પુસ્તક મેળો, અભિરુચિ ચકાસવા વાચન કસોટી, વાચન પ્રત્યેના અભિગમો કે વલણો માપવાના કાર્યક્રમો યોજી શકાય.
- વાચન શિબિર કાર્યક્રમની ગોઠવણી કરવી.
- વાચન આધારિત પ્રોજેક્ટ કરાવવાં.
- શાળાનું પુસ્તકાલય અને વાચનાલય વિદ્યાર્થીઓ માટે ખુલ્લાં રાખવાં.
- સપ્તાહમાં દરેક વિદ્યાર્થી એકાદ પુસ્તકમાંથી વાંચન કરી સાથે સાથે તે પ્રકારનું આયોજન કરવું. ઈતર વાચન માટે સપ્તાહમાં એક તાસ રાખવો પ્રોક્ષી તાસમા શિક્ષકે પુસ્તકાલયમાંથી પુસ્તકો લાઈ જઈ વિદ્યાર્થીઓને વાંચવા આપવાં.
- વધુ પુસ્તક વાંચનાર વિદ્યાર્થીઓને શાબ્દિક, અશાબ્દિક પ્રેરણા પૂરી પાડવી. શક્ય હોય તો પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓને શાબ્દિ અશાબ્દિક પ્રેરણા પૂરી પાડવી. શક્ય હોય તો પ્રાર્થના સભામાં વિદ્યાર્થીને શાબાશી પણ આપવી.

  ઉપરોક્ત પ્રયાસો પુસ્તક મૂકવાચન કૌશલ્ય કેળવવા માટે પ્રયોજી શકાય.

**તમારી પ્રગતિ ચકાસો જવાબો**

1. ધોરણ-9થી 10ના વાચન કૌશલ્યના વિશિષ્ટ હેતુઓ, વિષયવસ્તુનો અર્થ બોધ, શબ્દભંડોળ વિકસે, સાહિત્ય સ્વરૂપોના પ્રકારોમાં રસ કેળવે, સાહિત્યકારોનો જીવન પરિચય મેળવે એ પ્રકારના દર્શાવ્યા છે.
2. ડૉ.બ્લૂમનું નોંધપાત્ર કાર્ય ટેક્નોલોજી શિક્ષણના હેતુઓની વૈજ્ઞાનિક વિચારણા છે.

3 વાચન-અર્થગ્રહણની કક્ષાઓ નીચે મુજબ છે.

1. શાબ્દિક અર્થગ્રહણ

2. અર્થઘટનીય કક્ષા

3. શબ્દપદ્ધતિ

5. મુખવાચનની મર્યાદાઓ નીચે મુજબ છે.

- વાંચનની શરૂઆતમાં પ્રથમ વર્ણ કે શબ્દ અડી અડીને વાંચે.

- જોડાક્ષરો કે સંયુક્ત અક્ષરોનો ઉચ્ચારોમાં વર્ણ આગળ પાછળ મુકે છે.

- વાંચતા વાંચતા હાંફી જાય/શ્વાસ રુંધાય.

6. મૂકવાચન કૌશલ્ય વિકાસ માટેની પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.

- પુસ્તક પ્રદર્શનના પુસ્તકમેળા જેવા કાર્યક્રમો યોજવા.

- પ્રોક્ષી તાસમાં શિક્ષક વિદ્યાર્થીઓને પુસ્તકો વાંચવા આપે.

- સપ્તાહમાં એક તાસ વાંચન તાસ ગોઠવાય.

- વધુ પુસ્તક વાંચનાર વિદ્યાર્થીને સુદ્રઢક પ્રેરણા પૂરી પાડવી.

## 6.5 લેખન કૌશલ્ય

### 6.5.1 ઉદ્દેશો

1. લેખન કૌશલ્યનો અર્થ/સ્વરૂપ સમજી શકશે.

2. લેખન કૌશલ્યના ઘટકોની સમજ કેળવી શકશે.

3. પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાના લેખન કૌશલ્યના હેતુની માહિતી મેળવી શકશે.

4. પ્રાથમિક/માધ્યમિક કક્ષાએ લેખન કૌશલ્ય શિક્ષણના પ્રયત્નો સમજી શકશે.

5. લેખન કૌશલ્યલક્ષી સજ્જતાઓનો પરિચય મેળવી શકશે.

### 6.5.2 પ્રસ્તાવના

આપણે શ્રવણ, કથન અને વાંચન કૌશલ્યોની ચર્ચા વિચારણા કરી ગયા જેથી ભાષા કૌશલ્યોનો ભાષા સાથેના સંબંધનો સ્પષ્ટ ખ્યાલ મેળવી શકાય વળી વાંચન કૌશલ્યની જેમ લેખન કૌશલ્ય પણ ઔપચારિક પ્રયત્નો મહાવરા દ્વારા સિદ્ધ કરવાનું છે. બાળક શાળામાં પ્રવેશ મેળવે છે. તે જ દિવસે આપણે તેને આંકડો ઘૂંટાવીએ છીએ. એટલે કે લેખન લખાવીએ છીએ. વાચન કરાવીએ છીએ જેનાથી શ્રવણનો સમન્વય કરવાનો પ્રયત્ન કરીએ છીએ. કૌશલ્ય શીખવવાના ક્રમમાં લેખન કૌશલ્ય છેલ્લાં ક્રમાંક પર છે. એટલે કે કૌશલ્ય વિકાસમાં અગાઉના ત્રણ કૌશલ્યની પૂર્ણાતરૂપ કૌશલ્યએ લેખન એમ કહી શકાય. વળી શ્રવણએ ભાષાની અનુભૂતિ આધારિત ભાષા સર્જનનું કૌશલ્ય છે. તેમ લેખન ભાષાની અનુભૂતિના ભૌતિક સ્વરૂપે છે. તેમાં સર્જન કરવાનું કૌશલ્ય છે. એમ પણ કહી શકાય તેથી જ ભાષામાં ચારેય કૌશલ્યને પરસ્પરના પૂરક રૂપે વિચારાય છે. વિદ્યાર્થી ભાષાના ભૌતિક સ્વરૂપના વાચન દ્વારા ભાષાની અનુભૂતિનું સર્જન કરવાનો પ્રયતન કરે છે. લેખન દ્વારા વિદ્યાર્થી ભાષા બોધની લિપિ સમજે છે. શબ્દ રૂપો/વાક્ય રચનાઓ વાચન દષ્ટિએ પાઠની સાથે તેની સંરચનાનું વિશ્લેષણ કરી અર્થ તારવે છે. એટલે તો લેખનની ખૂબીઓ મર્યાદાઓ પણ વાચન દ્વારા સમજાય છે આમ વાચન-લેખન પણ પરસ્પરનાં પૂરક બની રહે છે સામાન્ય રીતે બાળક તેવું સાંભળે છે તેવું બોલે છે અને જેવું બોલે છે તેવું લખે છે. એટલે લેખિત અભિવ્યક્તિના પાયામાં શ્રવણ કૌશલ્ય, કથન કૌશલ્ય વાંચન કૌશલ્ય વગેરે રહેલાં જ છે. અહીં આપણે માત્ર લેખિત અભિવ્યક્તિની વાત કરીએ છીએ.

### 6.5.3 લેખિત અભિવ્યક્તિની સંકલ્પના/અર્થ

ભાષાના લેખિત સ્વરૂપની કુશળતાના ત્રણ વિભાગો પડે છે :-

1. પ્રથમ વિભાગમાં ભાષા લેખનની કેટલીક ઔપચારિક કે યાંત્રિક બાબતો, અક્ષરો, જોડણી વિરામચિહ્નો લખાણનું સ્વરૂપ (Form) વગેરેનો સમાવેશ થાય છે.
2. બીજાં વિભાગમાં શુદ્ધ લેખનની વ્યાકરણ સાથે સંકળાયેલી બાબતો આવે છે.
3. ત્રીજા વિભાગમાં લેખનની વિવિધ રચનાઓ, લેખનનાં સ્વરૂપો, ભાષાનો ક્ષમતાપૂર્વક ઉપયોગ, શૈલી, વસ્તુસામગ્રીની રસદાયકતા, વાક્યમાં અને પરિચ્છેદમાં વસ્તુની સુયોજિત તાર્કિક ગોઠવણી વગેરેનો સમાવેશ થાય છે.

   ડૉ.વિલિયમ અને હેન્નાગ્રીને લેખિત ભાષાકીય કુશળતાઓનું નીચે મુજબ પૃથક્કરણ કર્યું છે. તેને આપણે લેખનના ભૌતિક સ્વરૂપના ઘટકો તરીકે ઓળખાવી શકીએ છે :-

- લિપિ મરોડ
- મૂળાક્ષરો/ચિહ્નો
- સુરેખ હસ્તાક્ષરો
- શુદ્ધ જોડણી/લેખન રૂઢિ
- અર્થોચિત અને ભાવવાહી શબ્દોની વરણી
- સાચી શબ્દ સંરચના
- અર્થઘટન, ભાવવાહી, વૈવિધ્યયુક્ત, વ્યાકરણ શુદ્ધ વાક્ય રચનાઓનો ઉપયોગ
- લેખન પ્રકારનું સાર રજૂઆતનું માળખું
- વિરામચિહ્નો ઉપયોગ
- લેખન વ્યવસ્થા/પ્રારંભ/અંત વગેરે
- લેખનમાં શબ્દ ભંડોળ વૈવિધ્યનો વિનિયોગ
- લાઘવપૂર્ણ લખવાની શૈલી
- લખાણમાં અર્થપૂર્ણ અભિવ્યક્તિ

આ રીતે લેખન કૌશલ્ય, લેખિત ભાષા, અભિવ્યક્તિ, પરિસ્થિતિ રૂપ સાર્થકતા, વિનિયોગ વગેરેનો ભાષાકીય કુશળતામાં સમાવેશ થાય છે. વિદ્યાર્થી પોતાનાં ભાવ, લાગણી, જરૂરિયાત, વિચારો, સ્પંદનો શુદ્ધ રીતે સરળતાથી સાર્થક રીતે લખીને રજૂ કરે તે લેખિત અભિવ્યક્તિ છે. જો વાચક વાંચે તો વાચકને લેખકના હૃદયના ઉદ્‌ગારો, આવેગો અને સંવેગો સાથે તાદાત્મ્ય સાધે તેવું લખાણ લેખિત અભિવ્યક્તિના સુંદર નમૂનો તરીકે ગણી શકાય.

### 6.5.4 લેખિત અભિવ્યક્તિનું મહત્ત્વ

વિદ્યાર્થી પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચશિક્ષણ પૂરું કરી જીવનના ઉંબરે પગ માંડે છે. ત્યારે તેણે કેટલાંકને પત્રો લખવાના હોય છે, તો કેટલાંક વિદ્યાર્થીને પત્રો લખવા ઉપરાંત કાર્યક્રમના અહેવાલ, સંચાલન કાર્ય (કોમેન્ટરી) પ્રવચન કે પ્રસંગના અહેવાલ રજૂઆત પ્રસંગો સાંપડે છે. ત્યારે જો તેની લેખિત અભિવ્યક્તિ નબળી હશે, ભાષાનું દારિદ્રય હશે તો લેખનમાં અનુભવોની સચ્ચાઈ, હૃદયનું સંવેદન અને ભાષાની પ્રવાહિતા આવી શકશે નહીં.

આજના કમ્પ્યુટર અને ટેક્નોલોજીના સાંપ્રત યુગમાં વિદ્યાર્થીને ડગલેને પગલે પોતાના વિચારો અભિવ્યક્ત કરવાના પ્રસંગો ઊભા થતા રહે છે અને તે પ્રસંગો સમયે જો બાળક મૂંગુ મંતર બની રહેશે તો તેના વ્યક્તિત્ત્વનો સર્વાંગી વિકાસ થઈ શકશે નહીં. આથી, જીવન દરમિયાન જે જે મેળવ્યું છે, જે ત્યજ્યું છે, જે અનુભવ્યું છે તેનો વારસો વારસદારો ઝીલે અને એમાંથી ભાવિ રાહ સંવારે એવી વડીલોની ઈચ્છા હોય છે. આ બધું શક્ય શી રીતે બની શકે ? પેઢી દરપેઢી તે વારસો શી રીતે સચવાઈ રહે ? એ માટે લેખિત અભિવ્યક્તિનું સ્વરૂપ ખૂબ મહત્ત્વનું બની રહે છે.

તેથી લેખન કૌશલ્યનું મહત્ત્વ નીચે મુજબ જોઈ શકાય :-

- લેખન દ્વારા વ્યક્તિ પોતાની અભિવ્યક્તિને લાંબા સમય સુધી સાચવી રાખે છે.
- લેખન દ્વારા વિચારોનું આદાન-પ્રદાન કરે ભૂતકાળની માહિતી મેળવી શકે.
  જીવનનો ઉત્તમોત્તમ વિકાસ સાધી શકે.
- ભાવિ પેઢી માટે વાંચનરૂપ ભાથું મૂકી શકે.
  વ્યક્તિ પોતાનાં અનુભવો, સ્મરણો, સાહિત્ય સ્વરૂપે સાચવી શકે.
  દસ્તાવેજી પૂરાવા માટે લેખિત અભિવ્યક્તિ મહત્ત્વની છે.
- સામાજિક, ધાર્મિક, રાજકીય શૈક્ષણિક, આર્થિક વ્યવહારો નિભાવવા લેખિત અભિવ્યક્તિ જરૂરી છે.
- જુદાં-જુદાં વ્યવસાયમાં કુશળતા મેળવવા માટે લેખન ઉપયોગી થઈ પડે છે.
  આમ, એક સામાન્ય નાગરિક માટે વિવિધ સ્વરૂપમાં વિવિધ લેખન કૌશલ્ય ઉપયોગી બની શકે છે.

**6.5.5 લેખન કૌશલ્યના હેતુઓ/ઉદ્દેશો**

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થી ધોરણ 1થી 4, 5 થી 7, 8 થી 10 અને ઉચ્ચકક્ષાને જુદાં-જુદાં સ્તરે શિક્ષણ મેળવે છે ત્યારે પ્રારંભિક અવસ્થાથી ઉચ્ચકક્ષાના શિક્ષણકાર્ય સુધી વિદ્યાર્થી પોતાના વિચારોને શુદ્ધ ભાષામાં તાર્કિક રીતે લખી શકે આ સર્વ સામાન્ય ઉદ્દેશને સાર્થક કરવા કેટલીક ક્ષમતાઓ વિકસાવવી વિદ્યાર્થીના વર્તનમાં પરિવર્તન લાવવા જરૂરી છે જે નીચે મુજબની છે.

વિદ્યાર્થી....

- વ્યવસ્થિત અને સુઘડ રીતે લેખન કાર્ય કરવાની ટેવ પાડે.
- એકવડી લીટીની નીચે લખવાની ટેવ પાડે.
- લખતી વખતે દૃષ્ટિ અને હાથના સહકાર પ્રયુક્ત સંબંધ પ્રસ્થાપિત કરીને લખી શકે.
- અક્ષરોની સમપ્રમાણતા જાળવીને લખી શકે.
- યોગ્ય વિરામ ચિહ્નોનો સમુચિત ઉપયોગ કરીને લખી શકે.
- પોતાના શબ્દભંડોળમાંથી યોગ્ય શબ્દોની પસંદગી કરીને લખી શકે.
- આસપાસના પર્યાવરણને લગતા પરિચિત વિષયો અંગે સરળ અને શિષ્ટભાષામાં લખે.
- સરળ શબ્દો અને વાક્યોનું અનુલેખન અને શ્રુતલેખન કરે.
- ધોરણ 6 થી 8
- સુવાચ્ય અને મરોડવાળા અક્ષરોમાં લખે.
- સીધી લીટીમાં શબ્દો વચ્ચે આવશ્યક જગ્યા રાખીને લખવાની ટેવ પાડે.
- સમાનાર્થી શબ્દોનો સમાનતાપૂર્વક અને સાવધાનીપૂર્વક ઉપયોગ કરે,
- શ્રુતલેખન, અનુલેખન, પત્ર, નિબંધ, વાર્તા, અરજી લેખન સંવાદ, વિચાર-વિસ્તાર, ગદ્યસમીક્ષા અર્થ ગ્રહણ સંક્ષેપ્તીકરણ ડાયરી, રોજનીશી વગેરે જેવાં જુદાં જુદાં સાહિત્ય સ્વરૂપો લખતાં શીખે.
- લેખનમાં પરિચ્છેદ પાડતાં શીખે.
- કાવ્ય પંક્તિઓનો સારાંશ સરળ ભાષામાં લખે.
- શાળા, ઉત્સવ, માટે આમંત્રણ કે નિમંત્રણ પત્ર લખે.

- વિશિષ્ટ દિન પ્રસંગની ઉજવણીનો અહેવાલ લખે.
- ધોરણ 9 મા 10 મા શબ્દો, રૂઢીપ્રયોગો અને પદ વિન્યાસનો અસરકારક અને યોગ્ય ઉપયોગ કરી લખે.
- શુદ્ધ જોડણી જાણવા માટે જોડણી કોશ કે શબ્દ કોશનો ઉપયોગ કરી લખે.
- વિચાર, ઊર્મિ અને ભાવને અનુરૂપ શબ્દ પસંદગી કરે
- પ્રતીક, શબ્દ ચિત્રો, શૈલી, સચોટતા, અલંકાર ઈત્યાદિનું મહત્ત્વ સમજે.
- પોતાના વિચારોને સ્વતંત્ર રીતે નીડર શૈલીમાં રજૂ કરે.
- લેખન કાર્યમાં શિષ્ટભાષા શૈલી પ્રયોજે.
- વર્તમાન પત્ર/સામયિક/પાક્ષિક/માસિકમાં આલેખાયેલા લેખોનો તુલનાત્મક અભ્યાસ કરી શકે.
- વિવિધ પ્રકારના લેખો લખવાની ક્ષમતા કેળવી શકે.

આવી વિદ્યાર્થીની લેખન અભિવ્યક્તિ શૈલી ક્ષમતાઓ વિચારીને તે પ્રમાણે વિદ્યાર્થીના વર્તનમાં અપેક્ષિત વર્તન પરિવર્તન લાવવા માટેના ઉદ્દેશો સિદ્ધ કરી શકાય.

### 6.5.6 લેખિત અભિવ્યક્તિનાં વિવિધ સ્વરૂપો

**1. ફકરો લેખન**

પાઠ્યસામગ્રી આધારિત અથવા મનગમતાં વિષય પર પાંચ-દસ વાક્ય લખવાનો અભ્યાસ એટલે ફકરા લેખન, ઉદા. મારું ઘર, મારો પ્રિય તહેવાર, વૃક્ષ વગેરે.

**2. નિબંધ લેખન**

આ સ્વરૂપ ખૂબ જ પ્રચલિત છે. જીવનને સ્પર્શ કરતાં અથવા અભ્યાસક્રમમાં સમાવિષ્ટ વિષય પર એકસોથી ત્રણસો શબ્દોમાં પોતાના વિચારો લેખિત સ્વરૂપે વ્યક્ત કરવાં એટલે નિબંધ લેખન, ઉદા.ભારતીય ગ્રામ્ય સંસ્કૃતિ, તહેવારોનું જીવનમાં મહત્ત્વ, વિજ્ઞાન આશીર્વાદકે અભિશાપ વગેરે.

**3. વિચાર વિસ્તાર**

એકાદ પંક્તિમાં ગૂઢ વિચાર મૂકાયેલ હોય છે તેને સમજીને, નવીન શબ્દો, રૂઢિપ્રયોગો વગેરેનો ઉપયોગ કરીને વિસ્તારથી સમજાવવું એટલે વિચાર વિસ્તાર.

**4. આત્મકથા**

કોઈપણ સજીવ કે નિર્જીવ પાત્રને મુખ્ય પાત્ર બનાવી તેને પ્રથમ પુરુષ તરીકે માનીને જીવનની કલ્પનિક કથા કે વાસ્તવિક કથા લખવાની શૈલીને આત્મકથા કહેવામાં આવે છે. ઉદા.ફાટેલી ચોપડીની આત્મકથા, ઘાયલ સૈનિકની આત્મકથા વગેરે.

**5. સંક્ષેપ્તીકરણ**

મૂળ વિચાર કે ભાવને જાળવી રાખી વિસ્તૃત લેખનને ઓછામાં ઓછા શબ્દોમાં લખવાની કલા એટલે સંક્ષેપીકરણ મૂળ લેખનમાં આવેલ અલંકારિત ભાષા, કહેવતો, રૂઢિપ્રયોગો, વિશેષણો હટાવી કેન્દ્રવર્તી વિચારને ટૂંકમાં લખવું.

**6. પત્રલેખન**

પત્રલેખન એક અદ્‌ભૂત કલા છે. જો કે મોબાઈલ અને ઈન્ટરનેટના આવતાં એના ઉપયોગ ઓછો થઈ ગયો છે છતાં સરકારી-ધંધાકીય પત્રો આજે પણ એટલા જ અગત્યના છે. યોગ્ય રીતે માળખા મુજબ પત્ર લખવું ખરેખર એક જ કલા છે.

### 7. વિસ્તૃતીકરણ

વિચાર લેખન દ્વારા વિદ્યાર્થીઓને અન્યના ઉમદા વિચારોનું સમજપૂર્વક આકલન કરવાની તાલીમ આપવાનો, ઉમદા વિચારોનો પોતાની જ્ઞાન, માહિતી અનુભવના આધારે વિસ્તારથી સમજૂતી આપતાં તેના મૂલ્યાંકનનો મહાવરો કેળવવાનો અને વિચારના આધારરૂપ ચિંતન, માન્યતા, ઉપદેશ કે આદર્શને તારવી કાઢવાનો મહાવરો આ પ્રકારના લેખન દ્વારા મળે.

### 8. અહેવાલ લેખન

પત્રકાર, જાહેર સમસ્યાલક્ષી અભ્યાસ સમિતિના સંયોજન યા તો કોઈ સમાજ હિત-કલ્યાણને ઝાંખપ લગાડતી ઘટના, બનાવ અંગેની તપાસ સમિતિના જવાબદાર સહસ્ય કે સંસ્થાની પ્રવૃત્તિના જવાબદાર નેતા તરીકે જરૂરી અહેવાલ રજૂ કરવાની ફરજ બની રહે છે. અહેવાલ લેખનની કામગીરી જે તે કાર્યક્રમના અનુકાર્ય રૂપે થતી કામગીરી છે. તેથી નૈતિક જવાબદારી મોટી ગણાય છે, આથી અહેવાલ લેખન કૌશલ્યને પણ મહત્ત્વ અપાયું છે.

### 9. વાર્તાલેખન

સમગ્ર વાર્તાની રૂપરેખા ધ્યાનપૂર્વક વાંચી, દરેક મુદ્દાને ક્રમિક ગોઠવી તેમાં કલ્પનાનો રંગ પૂરી પ્રસંગોચિત્ર શબ્દ,. રૂઢિપ્રયોગો, કહેવતો, અલંકારિક ભાષા પ્રયોજી વાર્તારસભર બનાવવી જોઈએ અને તેને યોગ્ય શીર્ષક આપતાં શીખવું જોઈએ.

### 10. ગદ્ય/પદ્ય સમીક્ષા

ગદ્ય/પદ્યને બે ત્રણવાર વાંચી તેનો સંપૂર્ણ અર્થ સમજી નીચે આપેલ પ્રશ્નો યોગ્ય ઉત્તર સ્વભાષામાં વિદ્યાર્થીઓ અને તેને ઉચિત શીર્ષક આપવાનો મહાવરો વિદ્યાર્થીઓને આપવો જોઈએ આ પણ એક મહેનત માંગી લે તે પ્રકારનું કૌશલ્ય કહી શકાય.

### 11. સંવાદ લેખન

ધારદાર, ચોટદાર, સંવાદ લિખિત અભિવ્યક્તિનું આગવું સ્વરૂપ છે.

### 12. રોજનીશી/ડાયરી

વ્યક્તિ પોતાની દિનચર્ચા આત્મકથા સ્વયં લખે અને તેની નોંધ કરે. તે ડાયરી એટલે રોજનીશી/ડાયરી વ્યક્તિનો વ્યક્તિત્ત્વનો સાચો ઈતિહાસ બનાવે છે. વ્યક્તિની જીવનની ઘટમાળ આલેખતી વિગતો એટલે રોજનીશી કે ડાયરી ગુજરાતી સાહિત્યમાં મહાદેવભાઈની ડાયરી પ્રસિદ્ધ સાહિત્યકૃતિ બની છે.

### 13. અનુલેખન, શ્રુતલેખન, શીઘ્રલેખન

વિદ્યાર્થીઓના હસ્તાક્ષરની સુધારણા માટે, હસ્તાક્ષરની તાલીમ માટે શુદ્ધ જોડણી, વિરામચિહ્નોની સમજ, પરિચ્છેદ પાડીને લખવું વગેરે વિગતો આપવા માટે પ્રારંભિક કક્ષાએ આ પ્રકારના લેખનનો મહાવરો આપવો પણ જરૂરી છે.

### 6.5.7 લેખિત અભિવ્યક્તિના આધાર સ્તંભો

1. સુરેખ હસ્તાક્ષર

   ગાંધીજીએ ખરાબ અક્ષરને કેળવણીની અધૂરપ ગણી છે સુરેખ હસ્તાક્ષર લેખનના લાવણ્યને પ્રગટ કરે છે. આ માટે વિદ્યાર્થીઓ :-

- બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખે.
- બે અક્ષરો વચ્ચે યોગ્ય અંતર રાખે.
- અક્ષરોનું કદ એક સરખું રાખે.
- અક્ષરોના મરોડ અને વળાંકમાં એકસૂત્રતા દાખવે.
- યોગ્ય ઝડપથી લખે તો અક્ષરોની સુરેખતા બને છે.

**2. હાંસિયો અને પરિચ્છેદ**

લખાણ માટે સુવાચ્યતા બહુ જરૂરી છે. લખાણ સ્પષ્ટ હોય, સ્વચ્છ હોય, વ્યવસ્થિત હોય તો વાચકને સહેજે વાંચવાનું મન થાય છે. નિબંધ, સંવાદ, પત્ર કે પ્રવાસ વર્ણન હોય, વાર્તા હોય તો પણ વિદ્યાર્થી પાનામાં બે આંગળી જેટલો ભાગ એટલે 1/5 ભાગનો હાંસિયો પાડે/હાંસિયો પાનાંની ડાબી બાજુ કરે, પ્રશ્નોના નંબર હાંસિયામાં લખે તે આવશ્યક છે.

**3. ભાષા/ શબ્દ વિષયક સજ્જતા**

આ સજ્જતા કેળવવા માટે વિદ્યાર્થીઓની શબ્દ ઘડતરની સમજ કેળવાવી જોઈએ. જેમ કે ભાષારૂપને આગળ-પાછળ પ્રયત્ન, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદથી પરિચિત થાય, વાક્યરચનામાં શબ્દોની સંરચના પણ સમજે, યોગ્ય શબ્દોની પસંદગી કરે, વિવિધ પ્રકારના શબ્દો પ્રયોજે, શબ્દોની પુનરુકિત ટાળે, વિષય મુદ્દાને સુસંગત શબ્દ રચના પ્રયોજે, કહેવત, રૂઢિપ્રયોગોને પ્રયોજે લખાણને આહ્લાદક બનાવે, મૌલિકતાથી લખે વગેરે જેવી બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

**4. વિચારોની ક્રમિકતા/વાક્ય રચના વિષયક સજ્જતા**

આ માટે વિદ્યાર્થીઓ લેખનને વધુ પ્રાસાદિક કે માણવાલાયક બનાવવા માટે વિદ્યાર્થીઓ

- વિચારોની ગૂંથણી કરે.
- સંદર્ભનો ઉપયોગ કરે.
- અનુભૂતિપૂર્ણ લેખન કરે.
- વિચારોમાં ક્રમિકતા દાખવે.
- વિચારોમાં સમૃદ્ધિ લાવે જેવી સજ્જતાનો સમાવેશ કરવો જરૂરી છે.

**5. જોડણી, વિરામચિહ્નો અને અનુસ્વાર**

શુદ્ધ જોડણી, વ્યાકરણ શુદ્ધ વાક્ય રચના, અને વિરામચિહ્નો લેખનમાં ઉપયોગ કરવો જરૂરી છે. વિદ્યાર્થીઓને ભાષા વસ્તુ અને વ્યાકરણ વિષયક પૂરતું જ્ઞાન આપીને લેખન કાર્ય કરાવવાનો મહાવરો આપવો જોઈએ.

- વિદ્યાર્થીઓ શુદ્ધ જોડણીમાં લખે.
- અનુસ્વારનો યોગ્ય ઉપયોગ કરે.
- વિરામચિહ્નો યોગ્ય ઉપયોગ કરી તે યોગ્ય રીતે મૂકી શીખવવાથી.

**6. લાગણી અને ભાવનાની અભિવ્યક્તિ**

લખાણ ગમે તેવી સ્વચ્છ, સુઘડ, અને સાતત્યપૂર્ણ હોય પણ જો તેમાં લાગણી અને ભાવનાથી ઝલક કે હલક ન હોય તો લખાણ લુખ્ખું લાગે છે. તેથી સ્વાભાવિક રીતે લેખનમાં નીચેની બાબતોનો મહાવરો આપવો જરૂરી છે.

- વિદ્યાર્થીઓ ભાવયુક્ત ભાષા લખે.
- લાગણીસભર લખાણ લખે.
- ભાવનાની અભિવ્યક્તિ સહજતાથી કરે.
- સ્પંદન, ઊર્મિ, દુઃખ, ક્રોધ આનંદ જેવી લાગણીઓનો અનુભવ કરી શકાય તે રીતે લખે
- સંવેદનને શબ્દદેહથી યુક્ત કરે.

આમ, લેખન કૌશલ્ય વિકસાવતાં પહેલાં તેના આધાર સ્તંભોની વિસ્તૃત છણાવટ કે સમજ આપવામાં આવે તો વિદ્યાર્થીઓમાં લેખન કૌશલ્યની અભિવ્યક્તિ સારી રીતે વિકસાવી શકાય.

### 6.5.8 લેખન કૌશલ્ય શીખવવાની પદ્ધતિઓ

બાળકો સાથે લેખનની પ્રથમ શરૂઆત આડાં-ઊભાં લીટાં કરીને કે કોઈપણ ચિત્ર દોરીને થવી જોઈએ ભાતભાતના આકારો કાઢવાની બાળકોને છૂટ આપવી અને સ્વતંત્રતા આપવી. તો બાળક હોંશે હોંશ આગળ વધશે, અને એ રીતે દિવાલ પર, કાળાપાટિયા પર, ઘરમાં, નોટબુકમાં, સ્લેટ ઉપર વિવિધ આકાર કે ચિત્ર દોરીને ચોક્કસ ક્રમમાં આકારોની મરોડ શીખવાની પ્રક્રિયા તેમને સહાય કરે છે. સ્નાયુઓ ઉપર કાબૂ મેળવ્યા પછી અમુક પદાર્થોની ઓળખ સાથે મોન્ટેસરીના સિદ્ધાંતને અમલમાં મૂકવો જોઈએ. બાળકોને શરૂઆતમાં સીધી લીટી દોરતાં શીખવાડવી, પછી આડી લીટી કરે, વર્તુળ કરે, વર્તુળમાંથી લીટી દોરી રેખા ખેંચે અને આ રીતે કક્કો શીખવવાની શરૂઆત કરે.

બાળકને લખતાં શીખવવા માટે નીચેની ચાર પદ્ધતિ પ્રચલિત છે.

1. અનુકરણ પદ્ધતિ
2. પેસ્ટોલોજીની રચનાત્મક પદ્ધતિ
3. જેકોટોટ પદ્ધતિ
4. મોન્ટેસોરી પદ્ધતિ

**1. અનુકરણ પદ્ધતિ**

શિક્ષક સ્લેટ પર અથવા કાળાપાટિયા પર એકાએક અક્ષર લખી દે છે અને બાળક એજ રીતે હાથને ચલાવી અનુકરણ કરતાં શીખી લે છે. આજે સામાન્ય શાળાઓમાં આ રીતે અનુકરણ પદ્ધતિ દ્વારા ક, ખ, જેવા મૂળાક્ષરો અને 1,2 વગેરે આંક લખી આપે છે, અને બાળક શિક્ષકને અનુસરીને લખતાં શીખે છે.

**2. પેસ્ટોલોજીની રચનાત્મક પદ્ધતિ**

બાળકોને રમત રમાડતાં રમાડતાં અક્ષર જ્ઞાન શીખવવાની પદ્ધતિ એટલે પેસ્ટોલોજી પદ્ધતિ.જુદાં જુદાં આકારના ટુકડાને જોડી પૂર્ણ આકારની આકૃતિ બનાવવી, જુદાં જુદાં આકારો પરથી જોડીને વાક્યરચના બનાવવી. આ પદ્ધતિ પેસ્ટોલોજી પદ્ધતિ કહેવાય છે. આ માટે જુદાં જુદાં રંગના ટુકડા, શબ્દના ટુકડા, વિભિન્ન આકૃતિઓ તૈયાર કરતી વખતે બાળક રંગની ઓળખ, શબ્દ-વર્ણની ઓળખ, શબ્દરચનાની ઓળખ કે ખ્યાલ મેળવી શકે છે.

આ પદ્ધતિમાં પૃથક્કરણ, વર્ગીકરણ અને એકીકરણ આ ત્રણે કાર્યો મહત્ત્વનાં છે. જો કે પેસ્ટોલોજી નમૂના સ્વરૂપે રાખવામાં આવે છે. બાળકો એક એક શબ્દ મૂળ વાક્ય સાથે પોતે લખેલા વાક્યને મૂળવાક્ય સાથે સરખાવે છે. અને પોતાના દ્વારા થયેલી ભૂલને સ્વયં સુધારે છે. આ રીતે બાળક પૂરું વાક્ય લખી લે છે.

**3. જેકોટોટ પદ્ધતિ**

આ પદ્ધતિ દ્વારા બાળક સ્વયં લેખન કાર્ય સુધારે છે. આ પદ્ધતિમાં બાળકો સમક્ષ પૂરું વાક્ય નમૂના સ્વરૂપે રાખવામાં આવે છે. બાળકો એક એક શબ્દ મૂળ વાક્ય સાથે પોતે લખેલા વાક્યને મૂળવાક્ય સાથે સરખાવે છે. અને પોતાના દ્વારા થયેલી ભૂલને સ્વયં સુધારે છે. આ રીતે બાળક પૂરું વાક્ય લખી લે છે.

4. મોન્ટેસોરી પદ્ધતિ

આ પદ્ધતિમાં બાળકોને ઈન્દ્રિયોની તાલીમ આપવામાં આવે છે. બાળક હાથ, કાન, આંખ વગેરેથી કામ કરે અને સૌ સાથે હળીમળી કાર્ય કરે એ પ્રમુખ સોપાન છે. મોન્ટેસોરીની પેટીમાં મૂળાક્ષરો માટે પાટિયાં કે પતરાંઓનાં અનેક સાધનો તૈયાર કરવામાં આવ્યાં હોય છે. કેટલાંક પાટિયાંમાં અક્ષર કોતરેલાં હોય છે. કેટલાંક માં ઉપસાવેલા હોય છે. કેટલાંક પાટિયાઓમાં કોતરી કાઢેલા અક્ષરોની ઓળખ અને ગોઠવણનો પ્રયોગ પણ કરી શકાય છે. આમ, અનેક

પ્રકારની રમતના પ્રયોગો મારફતે બાળકોને સ્નાયુ ઉપર કાબૂ મેળવવાનું શીખવવામાં આવે છે.

**6.5.9 લેખન કૌશલ્ય વિકસાવવા ધ્યાનમાં રાખવાની બાબતો.**

- લીટીને અડાડીને લખાણ થવું જોઈએ.
- બાળકોને જ્યારે મહાવરો આપવામાં આવે ત્યારે બાળકો કેટલું લખે છે તે નહીં પણ કેવું લખે છે તે ધ્યાનમાં રાખવું. ભલે ઓછું લખે પણ સુવાચ્ય મરોડદાર અક્ષરો કાઢી લખે તે બાબતને ધ્યાનમાં લેવી.
- લેખન માટેનું વિષય વસ્તુ જુદાં જુદાં વિદ્યાર્થીઓ માટે જુદું જુદું રાખવું જેથી નબળાં બાળકો ઉતારો કે નકલ ન કરે.
- લખાણમાં થતી ભૂલો તરફ વિદ્યાર્થીઓનું પ્રેમથી ધ્યાન દોરવું. બાળકોને અનુલેખનનો સતત મહાવરો આપવો.
- શ્રુતલેખન વખતે બાળકોની ઝડપ ધ્યાનમાં રાખી બોલવાની ઝડપ રાખવી જોઈએ.
- શિક્ષકે નબળાં બાળકોને વ્યક્તિગત માર્ગદર્શન આપવું જોઈએ.
- પાઠ્યપુસ્તકનું લખાણ સતત લખાવવું જરૂરી છે.
- બાળકો જેવું બોલે છે તેવું લખે છે. માટે તેમની બોલવાની ભાષા શિષ્ટ હોવી જોઈએ.
- સંયુક્તવાળા અક્ષરો, જોડાક્ષર, હ્રસ્વ-દીર્ઘની સતત ભૂલો થઈ શકે તેવા શબ્દો વર્ગમાં કાળા પાટિયા પર જમણીબાજુ આખો દિવસ લખેલા રાખવા જેથી બાળકો તે જોડણી સજાગતાથી જુએ અને વાંચી શકે.

**તમારી પ્રગતિ ચકાસો**

**1. લેખિત અભિવ્યક્તિનાં ચાર સ્વરૂપોનાં નામ આપો.**

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

**2. લેખિત અભિવ્યક્તિના મુખ્ય આધાર સ્તંભો જણાવો**

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

**3. લેખિત અભિવ્યક્તિના આધાર સ્તંભ એવા સુરેખ હસ્તાક્ષરમાં કઈ કઈ બાબતોનો સમાવેશ કરશો ?**

....................................................................
....................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**4. લેખન કૌશલ્ય વિકસાવવા માટેની પદ્ધતિઓના નામ દર્શાવો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

### 6.5.10 લેખિત અભિવ્યક્તિની ઊણપો/દોષ

લેખિત અભિવ્યક્તિના આધાર સ્તંભને અનુસરવાથી લેખિત અભિવ્યક્તિનો ઊણપો આપમેળે દૂર કરાવી શકાય, પ્રથમ લેખિત અભિવ્યક્તિમાં વિદ્યાર્થીઓ સામાન્ય કઈ કઈ ભૂલો કરે છે. તે જોઈએ.

**1. જોડણીની ભૂલો**

મોટા ભાગના બાળકો વ્યાકરણ શુદ્ધ જોડણીની અનેક ભૂલો કરે છે. જેમાં હ્રસ્વ-દીર્ઘનો ખ્યાલ ન હોવો, અનુસ્વાર ક્યાં મૂકવો તેનો ખ્યાલ ન હોય, વગેરે ભૂલો કે ક્ષતિઓ હોય છે.

**2. અનુસ્વારની સામાન્ય ભૂલો**

વિદ્યાર્થીઓને અનુસ્વારનું પૂરતું જ્ઞાન/માહિતી કે સમજ પ્રાથમિક કક્ષાઓથી આપવામાં આવતાં નથી આથી તેવી ભૂલો પણ સામાન્ય રીતે મોટા ભાગના બાળકોમાં જોવા મળે છે.

**3. વિરામચિહ્નોની**

વિદ્યાર્થીઓને વિરામચિહ્નોનું શિક્ષણ અપાય છે પણ લેખનમાં કેવી રીતે અને ક્યારે ઉપયોગ કરવો તે અંગે સમાનતા ન હોવાથી વિરામચિહ્નોની ભૂલો પણ કરે છે.

**4. સુવાચ્ય અક્ષરોનો અભાવ.**

ગાંધીજીએ કહ્યું છે કે ખરાબ અક્ષરોએ અધૂરી કેળવણીની નિશાની છે. એ હિસાબે પ્રાથમિક કક્ષાએ બાળકોને સુવાચ્ય અક્ષરો કાઢવાની તાલીમ આપવામાં આવતી નથી તેની ભૂલો પણ સર્વ સામાન્ય જોવા મળે છે.

**5. શિથિલ વાક્યરચના**

વિદ્યાર્થીઓનું વાંચન વિશાળ ન હોવાથી વાક્યરચના પણ શિથિલ જોવા મળે છે. સુંદર ભાષા પ્રયોજવાની ક્ષમતાનો પણ અભાવ જોવા મળે છે.

**6. ભાષા દારિદ્રય**

બાળકોના અશુદ્ધ ઉચ્ચાર અપૂરતું વાંચન, શ્રવણની એકાગ્રતાનો અભાવ આ બધાં કારણને લીધે ભાષા દારિદ્રય કારણે જોવા મળે છે. ભાષા ઉપર પ્રભુત્વ ન હોવાથી ભાષા દરિદ્રય જોવા મળે છે.

**7. વ્યાકરણના જ્ઞાનનો અભાવ**

આજે વર્તમાન સમયમાં મોટા ભાગની શાળાઓમાં વ્યાકરણ વિષયક જ્ઞાન આપવામાં નીરસતા વ્યાપેલી જોવા મળે છે. જેને કારણે શુદ્ધ વ્યાકરણજ્ઞાન ન આપવાથી લેખનમાં વ્યાકરણ વિષયક નિયમ, વિભિન્ન પ્રત્યય વગેરેને લગતી અનેક ક્ષતિઓ જોવા મળે છે.

**8. પરિચ્છેદની સમજનો અભાવ**

વિદ્યાર્થીઓને લેખનમાં મુદ્દાસર રચના કરાવવી અને પરિચ્છેદ પાડીને રચના લખવી તે અંગેનું શિક્ષણ પણ આપવામાં આવતું નથી. તેથી વિદ્યાર્થીઓ લેખનને સળંગ લખી નાખે છે. તેથી પરિચ્છેદની સમજનો અભાવ પણ જોવા મળે છે.

**9. આ ઉપરાંત નીચેની કેટલી ભૂલો નબળી કક્ષાનાં બાળકોમાં બહુધા જોવા મળે છે.**

- મૌલિકતાનો અભાવ
- ઉચ્ચકક્ષાની, લાઘવયુક્ત વિચારસરણીનો અભાવ
- વિચારોમાં ક્રમિકતાનો અભાવ
- વર્ણન શક્તિ, કલ્પનાશક્તિ કે તર્ક શક્તિની ખિલવણીને અભાવ.
- વિવિધ પ્રકારના શબ્દ ભંડોળની રચનાનો ઉપયોગ કરવાનો અભાવ આ બધી ભૂલો પણ લેખનકાર્યમાં જોવા મળે છે.

**10. તપાસ કાર્ય તરફ બેદરકારી**

વર્ગખંડમાં વર્તમાન સમયમાં વર્ગદીઠ વિદ્યાર્થી સંખ્યા 70 થી 75 જેટલી હોય છે. તેથી આટલા મોટા વર્ગમાં લેખનકાર્ય તપાસણી કરવા માટે શિક્ષક ઉપરછલ્લું લેખન કાર્ય તપાસી લે છે.

- શિક્ષક ઉપર શિક્ષણ કાર્યની સાથે અનેક પ્રકારનો કાર્યબોજ હોવાથી લેખન કાર્ય તપાસવામાં બેદરકારી દાખવે છે.
- માતૃભાષાનું શિક્ષણ કાર્ય કરનાર શાળામાં એક જ શિક્ષક હોય તો તેના ઉપર શિક્ષણ કાર્યમાં ભાષાના વધુ તપાસનો ભાર જોવા મળે છે. તેની સાથે ત્રણથી ચાર કે તેનાથી વધુ વર્ગોમાં ભાષાના લેખનકાર્યની નોટો જોવાની જવાબદારી હોવાથી કાર્યભારણ વધી જાય છે. તેથી શિક્ષકો થાક અને કંટાળાને લીધે લેખનકાર્યની તપાસણીમાં બેદરકારી હોવાથી લેખનકાર્યમાં ઊણપો જોવા મળે છે.

**6.5.11 લેખિત અભિવ્યક્તિની ઊણપો દૂર કરવાના ઉપાયો.**

લેખનકાર્યની તપાસણી એ સૌને મૂંઝવતો પ્રશ્ન છે. જો શિક્ષક દ્વારા પદ્ધતિસર અને યોગ્ય રીતે શિક્ષણ કાર્ય કરવામાં આવે તો લેખનકાર્યની ઉણપો દૂર નીચેના ઉપાયો યોજી શકાય.

**જોડણીની ભૂલો**

- જોડણીકોશનો ઉપયોગ કરાવવો.
- વારંવાર થતી જોડણીની ભૂલોનો ચાર્ટ વર્ગમાં લગાડવો.
- શાળાના બધા શિક્ષકોએ શુદ્ધ જોડણીની ભૂલોનો ચાર્ટ વર્ગમાં લગાડવો.
- શાળાના બધા શિક્ષકોએ શુદ્ધ જોડણીની ઓવરહેડ પ્રોજેક્ટર પર બતાવવી.
- જોડણી અંગેના સરળ નિયમોનું જ્ઞાન આપવું.
- સંધિયુક્ત શબ્દોની જોડણી સંધિના નિયમોને લીધે પરિવર્તન પામે છે. તેનું જ્ઞાન આપવું.
- જોડણીદોષની વ્યક્તિગત ચર્ચા કરી માર્ગદર્શન આપવું.
- જોડણી અંગેની રમતો રમાડવી.
- શુદ્ધ ઉચ્ચારણનો મહાવરો આપવો.
- સામયિક પાક્ષિક/માસિક અંકોના લેખોનું વાંચન કરાવવું.

**અનુસ્વારની ભૂલો**

- અનુસ્વાર અંગેના નિયમો સમજાવવા.

- અનુસ્વારનું જ્ઞાન કે શિક્ષણ આગમન પદ્ધતિથી આપવું.
- અનુસ્વારનો ચાર્ટસ તૈયાર કરાવવો.
- અનુસ્વાર-માનસ કેળવવા અનુસ્વારની રમતો યોજવી.
- સુંદરમ્ અનુસ્વાર અષ્ટક કંઠસ્થ કરાવવું.
- અનુસ્વાર અને અનુનાસિક વચ્ચેનો ભેદ સમજાવવો.
- પુસ્તકોના વાચન દરમિયાન અનુસ્વારનું અનુકાર્ય આપવું જોઈએ.

**વિરામ ચિહ્નોની ભૂલો**

- વિરામ ચિહ્નોની ભૂલો માટે વિરામચિહ્નોની યોગ્ય સમજ આપવી જોઈએ.
- ક્યારે, ક્યાં વિરામ ચિહ્નો પ્રયજવા તેનું મહત્ત્વ જણાવવું જોઈએ.
- વિરામચિહ્નો મૂકે તે અંગે લેખનકાર્ય કરાવવાનો મહાવરો આપવો જોઈએ.
- વિરામચિહ્નો ન મૂકવાથી થતા અર્થના અનર્થ જેવી રમતો રમાડવી જોઈએ.

**સુવાચ્ય અક્ષરોનો અભાવ**

- કલમ કે પેન પકડતાં શીખવવું
- શિક્ષકો અને વિદ્યાર્થીઓએ અક્ષરોના મરોડ વ્યવસ્થિત કરવા જોઈએ.
- દરેક તાસમાં શિક્ષકે કાળાપાટિયા પર શિક્ષણકાર્યની સરસ રીતે નોંધ કરવી જેથી વિદ્યાર્થીઓ સારા અક્ષરો લખવાની તાલીમ મેળવશે.
- વિદ્યાર્થીઓને વધુ પડતું લેખનકાર્ય ન આપવું જેને કારણે લખવામાં ગરબડિયા અક્ષરોથી ન લખે.
- લખાણની સ્વચ્છતા અને સુઘડતા તરફ ધ્યાન આપવું.
- સારા અક્ષરોના આ નમૂના ભીંતપત્રો પર મૂકવા
- સારા લેખો સુંદર લેખનથી લખાવો તેના નમૂનાઓનું વાંચન કરાવવું.
- શાળામાં બોર્ડ ઉપર સુવિચારો લખતાં રહે તેવી તાલીમ આપવી.
- અનુલેખન કરાવવું.

**શિથિલ વાક્ય રચના**

- વિવિધ પ્રકારની વાક્ય રચનાની સમજ આપવી.
- વાક્ય રચનાની વિશિષ્ટતાને ખામીઓ કે ખૂબી રજૂ કરવી.
- વિદ્યાર્થીઓ વાચનમાં રસ કેળવે તે માટે જુદાં જુદાં પ્રકારના લેખોનું સતત વાંચન કરાવવું.
- વાંચનમાં એકાગ્રતા કેળવે તે માટે પ્રશ્નોત્તરી/ચર્ચા પણ યોજી શકાય તે રીતે વાક્યરચના સુધારણા કરી શકાય. વાક્યમાં વર્ણ કે પદની ફેર બદલીથી થતાં પરિવર્તનો કેવા અનર્થ સર્જી શકે તેની સમજ આપવી.

**ભાષા દારિદ્રય**

- વાચન તરફ અભિમુખ કરવા
- વાચન રસ કેળવવાં વાચન ક્ષમતા કસોટી યોજવી.
- વિવિધ પ્રકારના સાહિત્યમાં રસ કેળવે તે માટે વિષય વસ્તુના શિક્ષણકાર્ય સાથે સાહિત્ય પ્રકારની માહિતી આપવી. તે વિદ્યાર્થીઓને સર્જન કરવા પ્રેરી શકાય.
- શિક્ષક વર્ગમાં સંદર્ભ પુસ્તકોની માહિતી પણ આપવી જોઈએ.

- વિવિધ પ્રકારના સ્વાધ્યાય આપવા જેથી વિદ્યાર્થીઓ વાંચન રસ કેળવે.

વ્યાકરણના નિયમોનું જ્ઞાન

- વિદ્યાર્થીઓને સારી રીતે વ્યાકરણ શીખવાડવા માતૃભાષાના ફાળવેલા તાસ મુજબ વ્યાકરણ શિક્ષણ માટેના તાસ ફાળવી વ્યાકરણ શીખવવું.
- વ્યાકરણના નિયમો/સિદ્ધાંતો ભાષાશાસ્ત્રની રચના પ્રમાણે જે તજ્જ્ઞોએ તૈયાર કર્યા છે, તે મુજબ જ વ્યાકરણ જ્ઞાનને વધારવાના ઉપાય યોજવા.
- વ્યાકરણના સામાન્ય નિયમોનો મહાવરો વારંવાર આપવો જોઈએ.
- વ્યાકરણ પ્રત્યેની સૂત્ર કે પૂર્વગ્રહ દૂર કરવા
- શિક્ષકે વ્યાકરણ શીખવવા અને વિદ્યાર્થીને શીખતો કરવા સતત શિક્ષણમય વાતાવરણ બનાવવું.

**મૌલિકતાનો અભાવ**

- મનન કરવાની ટેવ પાડવી જોઈએ.
- વાચન-લેખનનાં વિવિધ વિષયોના જુદાં જુદાં નમૂના પૂરા પાડવા જોઈએ.
- વિવિધ પ્રકારની ભાષાશૈલીનો પરિચય આપવો જોઈએ.
- વિદ્યાર્થીઓમાં વાચનશોખ કેળવવા વિવિધ પ્રવૃત્તિઓ કરાવવી.
- વિચારોનો અન્ય વિષયો સાથે અનુબંધ કરતાં શીખવવું જોઈએ.

**પરિચ્છેદ ની સમજનો અભાવ**

- વિદ્યાર્થીઓને ફકરા પાડવાનું જ્ઞાન આપવું જોઈએ.
- ક્રમિક અને સુરેખ પરિચ્છેદની રીતો શીખવવી જોઈએ.
- નમૂનાના ફકરા વિદ્યાર્થીઓને બતાવવા જોઈએ.

**અન્ય ઉપાયો**

- ઉતર વાંચન પ્રત્યે શોખ કેળવવાય તેવી પ્રવૃત્તિઓ યોજવી.
- વર્ણન શક્તિ અને કલ્પનાશક્તિ ખીલે તે માટે વિવિધ પ્રકારના લેખનકાર્યનું કક્ષા પ્રમાણે આયોજન કરવું જોઈએ.
- વિદ્યાર્થીઓમાં વિવિધ પ્રકારનું શબ્દ ભંડોળ વધે માટે વિવિધ પ્રકારની શબ્દ રમતની પ્રયુક્તિ યોજવી જોઈએ.
- લેખન-તપાસણીમાં કાર્ય બોજને હળવો કરવા વિદ્યાર્થીઓના જૂથ પાડીને બુદ્ધિને વિવિધ કક્ષા પ્રમાણે હોશિયાર વિદ્યાર્થીના માર્ગદર્શન હેઠળ લેખનકાર્યની નોટો ચકાસણી કરાવી શકાય.
- ભાષા શિક્ષણની સામાન્ય ભૂલોની યાદી બનાવી વિદ્યાર્થીઓને તેની સમજ આપવી. અને ભૂલોનું પુનરાવર્તન ન કરે તે માટે જરૂર પડે શિક્ષાત્મક કાર્ય પણ કરાવી શકાય.
- વિદ્યાર્થીઓની જોડણીની ભૂલો નીચે લીટી કરવી અને વિદ્યાર્થી જોડણી કોશનો ઉપયોગ કરી જાતે જોડણી સુધારે તેવા પ્રયાસો કરવા જોઈએ.
- વિદ્યાર્થી મૌલિકતાથી લખી શકે તે માટે પ્રેરણા પૂરી પાડવી વિદ્યાર્થીઓના સારા લેખનના નમૂનાઓનું વાંચન કરાવવું કે તેમને ભીંતપાત્ર પણ મૂકી શકાય.
- વિદ્યાર્થીઓની ભૂલો દર્શાવી તે અંગ સતત અનુલેખન કાર્ય પણ કરાવવું.
- વિદ્યાર્થીઓનું સારું-નરસું બધું જ કાર્ય લેખકે સહાનુભૂતિપૂર્વક જોવું જોઈએ.
- બાળકોની કલ્પના શક્તિને ઉત્તેજન આપવા શાળામાં અને વર્ગમાં નિર્ભયતા અને સહાનુભૂતિસભર વાતાવરણ પૂરું પાડવું જોઈએ.

- જુદાં જુદાં લેખનકાર્યમાં વિદ્યાર્થીઓ રસ કેળવે તે માટે લેખન શિક્ષણ માટે જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ થવો જોઈએ.

  આમ, વિવિધ પ્રકારના ઉપાયો લેખન શિક્ષણના કાર્યની ક્ષતિઓ નિવારવા માટે યોજી શકાય જરૂર છે શિક્ષકે ધૈર્ય, સમજ, કેળવવાનીને વિદ્યાર્થીઓના હિતને સતત ધ્યાનમાં રાખી શિક્ષણ કાર્યનો મહાવરો કરાવવાનો.

**6.5.12 લેખિત અભિવ્યક્તિ કેળવતી પ્રવૃત્તિઓ**

વિદ્યાર્થીઓને શ્રુત લેખન અને અનુલેખનનો સતત મહાવરો આપવો.

- વર્ગમાં વાર્તાલેખન સ્પર્ધા ગોઠવવી
- નિબંધ સ્પર્ધાનું આયોજન કરવું.
- બુલેટિન બોર્ડ ઉપર વિચાર-વિસ્તાર, સમાચાર, જાણવા-જેવું દરરોજ લખાય અને તે બદલાતું રહે. જેથી વિદ્યાર્થીઓ નવું વાંચન કરી શકે.
- જોડણીની રમતો રમાડવી.
- પ્રવાસ વર્ગનો તૈયાર કરાવવા. શાળાના પ્રવાસનું આયોજન કરવું. જૂથમાં પ્રવાસ વર્ણન કરે અને પ્રાર્થના સભામાં તેનું વાંચન કરાવવું.
- સારા લેખનના નમૂના ભીંતપત્રો પર મૂકતા રહેવું જોઈએ.
- હસ્તલિખિત અંક તૈયાર કરવા.
- હસ્તાક્ષર સુધારણા પ્રોજેક્ટ કાર્ય લઈ શકાય.
- જોડણી સુધારણા પ્રકલ્પનો વિનિયોગ કરી શકાય.
- વિદ્યાર્થીઓ ખિસ્સાકોશનો ઉપયોગ કરે તેવી શબ્દ રમતો ગોઠવવી.
- મહાપુરુષોની જન્મજયંતિ, પુણ્યતિથિ, ઉત્સવ, તહેવાર કે વિશિષ્ટ દિવસની ઉજવણીના વિદ્યાર્થીઓ અહેવાલ તૈયાર કરે.
- મહાપુરુષોના જીવનનાં પ્રેરણાદાયી પ્રસંગોનું વાંચન કરાવવું, તેની સાથે તેનાં જીવનનાં સ્મરણો નોંધે તેવી પ્રવૃત્તિ કરાવવી જોઈએ.

**6.13 સ્વાધ્યાય**

**1. લેખિત અભિવ્યક્તિની ચાર ઊણપો જણાવો.**

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

**2. લેખિત અભિવ્યક્તિની ઊણપો સુધારવા માટેના છ ઉપાયો બતાવો.**

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

3. **લેખિત અભિવ્યક્તિ વિકસાવવા માટેની ચાર પ્રવૃત્તિઓનાં નામ આપો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 6.14 સારાંશ

- લેખન કૌશલ્ય પણ વાચન કૌશલ્યની જેમ મહાવરા સિદ્ધ કરવાનું છે.
- લેખન કૌશલ્યએ શ્રવણ, કથન, વાચન કૌશલ્યના વિકાસથી પ્રભાવિત થાય છે.
- લેખન કૌશલ્ય અંગે લેખનની કરામતો, રૂઢિપ્રયોગોને રજૂઆતનું માળખું સમજવું જોઈએ.
- પ્રાથમિક માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ લેખનના હેતુઓ સ્પષ્ટ કરવામાં આવ્યા છે.
- લેખિત અભિવ્યક્તિનાં વિવિધ સ્વરૂપો આ મુજબ છે.
- પરિચ્છેદ સંરચના
- નિબંધ
- વિચાર-વિસ્તાર
- આત્મકથા
- સંક્ષેપીકરણ
- પત્રલેખન
- વિસ્તૃતીકરણ
- વાર્તાલેખન
- ગદ્ય/પદ્ય-સમીક્ષા
- સંવાદ લેખન
- રોજનીશી/ડાયરીલેખન
- અનુલેખન, શ્રુતલેખન, શીઘ્રલેખન

**લેખિત અભિવ્યક્તિનાં આધાર સ્તંભો આ મુજબ છે :-**

સુરેખ હસ્તાક્ષર, હાંસિયો કે પરિચ્છેદ, ભાષા/શબ્દ વિષયક સજ્જતા, વિચારોની ક્રમિકતા, જોડણી, વિરામચિહ્નો અને અનુસ્વાર, લાગણી અને ભાવની અભિવ્યક્તિ.

લેખન કૌશલ્ય શીખવવાની વિવિધ પદ્ધતિઓનો પણ ઉપયોગ થઈ શકે. જેવી કે :-

- અનુકરણ પદ્ધતિ
- પેસ્ટોલોજીની રચનાત્મક પદ્ધતિ
- જકેટોટ પદ્ધતિ
- મોન્ટેસોરી પદ્ધતિ.

લેખિત અભિવ્યક્તિ વિકસાવવા માટે રૂઢિવિષયક સજ્જતા જોડણી, લિપિચિહ્નો, સંયુક્ત વર્ણો, જોડાક્ષરો વગેરેની તકેદારી રાખવી.

- લેખિત અભિવ્યક્તિમાં સામાન્ય જોવા મળતી ભૂલો જેવી કે :-

- જોડણી ભૂલો
- અનુસ્વારની ભૂલો
- વિરાચિહ્નોની ભૂલો
- સુવાચ્ય અક્ષરોનો અભાવ
- શિથિલ વાક્યરચના
- ભાષા દારિદ્રય
- વ્યાકરણના જ્ઞાનનો અભાવ
- પરિચ્છેદની સમજનો અભાવ
- તેમજ શિક્ષક પક્ષીય અનેક ઊણપો છે તે સુધારવા માટેના ઉપાયો પણ યોજી શકાય. લેખિત અભિવ્યક્તિ વિકસાવવા માટેની વર્ગ ખંડની વિવિધ શિક્ષણ પદ્ધતિને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરી શકાય.

**તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

1.
2. ✓
3. ✓
4. ✓

2. લેખન સમતાઓ.

1. લિપિના માન્ય સ્વરૂપનો જ ઉપયોગ કરવો.
2. વિરામ ચિહ્નોનો ઉપયોગ કરવો.
3. શુદ્ધ જોડણી જાણવા મળે જોડણીકોશ જોવાની ક્ષમતાનો વિકાસ.

3. પ્રાથમિક કક્ષાએ લેખન કરામતોનું દઢીકરણ થઈ શકતું નથી કારણ કે વર્ગ સંખ્યા વધુ હોવાથી વ્યક્તિગત કાળજી લઈ શકાતી નથી.

**તમારી પ્રગતિ ચકાસો (2)**

**1. લેખિત અભિવ્યક્તિનાં ચાર સ્વરૂપો**

- નિબંધલેખન
- પત્રલેખન
- અહેવાલલેખન
- ગદ્ય/પદ્ય-સમીક્ષા લેખન

**2. લેખિત અભિવ્યક્તિના મુખ્ય આધારસ્તંભો**

- હાંસિયો/પરિચ્છેદ
- સુવાક્ય હસ્તાક્ષર
- વિચારોની ક્રમિકતા
- જોડણી, વિરામચિહ્નોને અનુસાર
- લાગણી કે ભાવની અભિવ્યક્તિ

3. લેખિત અભિવ્યક્તિના આધાર સ્તંભ સુરેખ હસ્તાક્ષરમાં બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખીને લખી, લીટીને અડીને લખાણ લખે, અક્ષરોનું કદ એક સરખું રાખે, અક્ષરોના મરોડ જે વળાંક યોગ્ય કરે.

4. લેખન કૌશલ્ય વિકસાવવા માટેના પદ્ધતિઓ નીચે મુજબની છે.

1. અનુકરણ એપપદ્ધતિ

2. પેસ્ટોલોજીની રચનાત્મક પદ્ધતિ

3. જેકોટોટ પદ્ધતિ

4. મોન્ટેસોરી પદ્ધતિ

## 6.15 કેટલાંક ઉપયોગી પુસ્તકો (એકમ-1)


1. Brumfit C,J Johnsonk, Ed The communicatiove Approach to Language Teaching English Language Book.Society-Ipxford University Press.
2. Cirry.P: Teaching of mother tongu in Secondary School, London, Longmans 1960
3. Narushimhaaroo K.V.V.L.and Nadaraja Pilloi:Drill and Expercises in Language Teaching. Central Institute of Language, Mansaavgotn Mysore-1987
4. દેસાઈ હેમંત- કવિતાની સમજ, યુનિ.ગંર્થ નિર્માણ બોર્ડ-અમદાવાદ.
5. પટેલ મોહનભાઈ અને શેઠ ચંદ્રકાન્ત : વિરામચિહ્નો ગુજરાત વિદ્યાપીઠ પ્રકાશન- 1973
6. પટેલ ભાઈલાલભાઈ અને ઉપાધ્યાય : ઈન્દ્રવદન, વાચન વિજ્ઞાન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-1994.
7. પટેલ ભાઈલાલભાઈ અને ઉપાધ્યાય ઈન્દ્રવદન વાચન-મીમાંસા, સેવા વિસ્તરણ એમ.બી.પટેલ કૉલેજ ઓફ એ એજ્યુકેશન વલ્લભ વિદ્યાનગર-1976
8. ત્રિવેદી રમણાઈ શં : માતૃભાષાનું અધ્યાપન, રવાણી પ્રકાશન અમદાવાદ-1955
9. ઝવેરી મનસુખલાલ : વાક્ય પૃથક્કરણ અને શુદ્ધલેખન વાયા અને કંપની મુંબઈ 1965
10. દેસાઈ ધનવંત, ગુજરાતી અધ્યાપનના નવીન પ્રવાહો, એ.આર.શેઠની કંપની અમદાવાદ-1961

એકમ 7

# માતૃભાષા શિક્ષણની પદ્ધતિઓ

## : રૂપરેખા :


7.0 ઉદ્દેશો

7.1 પ્રસ્તાવના

7.2 ભાષા શિક્ષણ પદ્ધતિઓ

7.2.1 શિક્ષક કેન્દ્રી પદ્ધતિઓ

7.2.2 વિદ્યાર્થી કેન્દ્રી પદ્ધતિઓ

7.3 ભાષા શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

7.3.1 સ્વાધ્યાય પદ્ધતિ

7.3.2 વ્યાખ્યાન પદ્ધતિ

7.3.3 પ્રોજેક્ટ (પ્રકલ્પ)પદ્ધતિ

7.3.4 આગમન પદ્ધતિ

7.3.5 નિગમન પદ્ધતિ

7.3.6 જૂથ ચર્ચા પદ્ધતિ

7.3.7 નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ

7.4 સારાંશ

7.5 સ્વાધ્યાય

તમારી પ્રગતિ ચકાસોના જવાબો

7.1 કેટલાંક ઉપયોગી પુસ્તકો.


## 7.0 ઉદ્દેશો

1. શિક્ષણ પદ્ધતિના સ્વરૂપની વિચારણા સ્પષ્ટ કરી શકશો.
2. શિક્ષણ પદ્ધતિઓનો વિકાસ જાણી શકશો.
3. પ્રચલિત શિક્ષણ પદ્ધતિઓનો વિકાસ જાણી શકશો.
4. શિક્ષણ પદ્ધતિઓના ઉપયોગ અંગે માર્ગદર્શન મેળવી શકશો.
5. સ્વાધ્યાય પદ્ધતિ અંગે વિવિધ પાસાંઓની સમજૂતી મેળવશો, ભાષા શિક્ષણ માટે તેનો વિનિયોગ સમજશો.
6. વ્યાખ્યાય પદ્ધતિ અંગે વિવિધ પાસાંઓની સમજૂતી મેળવશો. ભાષા શિક્ષણ માટે તેનો વિનિયોગ સમજશો.
7. પ્રકલ્પ પદ્ધતિ અંગે વિવિધ પાસાંઓની સમજૂતી મેળવશો. ભાષા શિક્ષણ અંગે તેનો વિનિયોગ સમજશો.

## 7.1 પ્રસ્તાવના

શિક્ષણની પ્રક્રિયા લક્ષી/વર્ગ શિક્ષણના પ્રયત્નો શિક્ષણ ક્ષેત્રે મનોવિજ્ઞાનની વધતી જતી સિદ્ધિઓ સાથે સાથે ગુણાત્મક સુધારણાઓ અપનાવે છે. તે સાથે સમાજની બદલાતી જતી વ્યવસ્થાઓ અને

જરૂરિયાતોને કારણે શિક્ષણ સંસ્થા પાસેની અપેક્ષાઓ પણ બદલાતી રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો શિક્ષણ પ્રક્રિયાની વૈજ્ઞાનિક સમજ વિકસતી રહે છે. અને સમાજને શાળા તરફથી પ્રાપ્ત સેવાઓ પણ બદલાતી રહે છે. પરિણામે પંરપરાગત શિક્ષણ પદ્ધતિઓ પણ બદલાતી રહે છે. કેટલીક નવી શિક્ષણ પદ્ધતિઓ પણ ઉમેરાતી જાય છે.

## 7.2 ભાષા શિક્ષણ પદ્ધતિઓ

**માતૃભાષા શિક્ષણની પદ્ધતિઓનો ચાર્ટ**

- અધ્યયન અધ્યાપનની પદ્ધતિઓ
  - શિક્ષક કેન્દ્રી પદ્ધતિઓ
    - વર્ણન
    - વાર્તા
    - વ્યાખ્યાન
    - પ્રશ્નોત્તરી
  - વિદ્યાર્થી કેન્દ્રીત પદ્ધતિઓ
    - **ચર્ચા કેન્દ્રી**
      - 1. વાદ વિવાદ
      - 2. જૂથચર્ચા
      - 3. પેનલ ચર્ચા
      - 4. સેમિનાર
      - 5. પરિસંવાદ
      - 6. મુક્તચર્ચા
      - 7. ગોલમેજી પરિષદ
      - 8. કાર્યશાળા
      - 9. ગોષ્ઠિ
      - 10. મધપૂડો
    - **સ્વઅધ્યયન કેન્દ્રી**
      - 1. સ્વાધ્યાય
      - 2. નિરીક્ષિત અભ્યાસ
      - 3. અભિક્રમિત અધ્યયન
      - 4. અધ્યાપન પ્રતિમાન
    - **અભિનય કેન્દ્રી**
      - 1. નાટક
      - 2. ત્વરિત નાટક
      - 3. સંવાદ
      - 4. રૂપક
    - **મોક કાર્યક્રમ**
      - 1. મોક પંચાયત
      - 2. મોક પાર્લામેન્ટ
      - 3. મોક ન્યાયાલય
      - 4. મોક પત્રકાર પરિષદ
      - 5. મોક બેન્ક
      - 6. મોક પોસ્ટ ઑફિસ
      - 7. મોક ધર્મપરિષદ
      - 8.મોક પોલિસ સ્ટેશન

### 7.2.1 શિક્ષક કેન્દ્રી પદ્ધતિઓ

જે અધ્યાપન પદ્ધતિના કેન્દ્રમાં શિક્ષક હોય, મુખ્ય સક્રિયતા શિક્ષકની હોય વિદ્યાર્થીની સહભાગિતા ઓછી હોય  અથવા નહિવત્ હોય તેને શિક્ષક કેન્દ્રી પદ્ધતિ કહેવામાં આવે છે. ભાષા શિક્ષણ માટે નીચે મુજબની શિક્ષક કેન્દ્રી પદ્ધતિઓ છે.

**1. વર્ણન :**

ભાષા શિક્ષણમાં અમૂર્ત કે મૂર્ત બાબતો શીખવવા માટે ઘણી વખત વર્ણન કરવાની જરૂર પડે છે. શિક્ષક યોગ્ય હાવભાવ, દષ્ટાંતો, આરોહ-અવરોહ દ્વારા વિષયવસ્તુના મુદ્દાનું વર્ણન કરી પ્રો શૈક્ષણિક કાર્યને અસરકારક બનાવે છે. 'હિમાલયના પ્રાકૃતિક સૌંદર્યનું વર્ણન' આવા મુદ્દાને અસરકારક રીતે શીખવી શકે છે.

**2. વાર્તા :**

વાર્તા નાના મોટા સૌને ગમે છે. ભાષા શિક્ષણમાં વાર્તા ખૂબ જ અગત્યની બાબત છે. હાવભાવ સાથે પ્રભાવી રીતે વાર્તાકથન દ્વારા શિક્ષક વર્ગખંડના શિક્ષણો પ્રભાવી બનાવી શકે છે.

**3. વ્યાખ્યા :**

ખૂબ જ જૂની, બહુ પ્રચલિત અને શિક્ષક માટે હાથવગી આ પદ્ધતિ છે. વ્યાખ્યાન સરલ અને અસરકારક બને તો જ સફળતા પ્રાપ્ત થાય છે. નીરસ અને માત્ર માહિતી પ્રચૂર વ્યાખ્યાનથી કંટાળો આવે છે. મોટા ધોરણોમાં ખૂબ જ ઉપયોગી છે.

**4. પ્રશ્નોત્તરી :**

પ્રશ્નોત્તરી એ ખૂબ જ પ્રાચીન અને પ્રભાવી શિક્ષણ પદ્ધતિ છે. વિદ્યાર્થીના પૂર્વજ્ઞાન તપાસના, તુલના કરવા, મૂલ્યાંકન કરવા આ પદ્ધતિ ખૂબ ઉપયોગી છે. પ્રતિભાવાન શિક્ષક હાવભાવ સાથે પ્રભાવી રીતે પ્રશ્નો પૂછીને વિદ્યાર્થીઓ પાસેથી માહિતી કઢાવવા ઘણી નવી નવી માહિતી આપી પણ શકે છે. નાના અને મોટા બંને ધોરણો પ્રભાવી શિક્ષણ પદ્ધતિ છે.

**7.2.2વિદ્યાર્થી કેન્દ્રી પદ્ધતિઓ**

આ પદ્ધતિઓ આધુનિક છે. વિદ્યાર્થી કેન્દ્રમાં રહેલો હોવાથી તેની સક્રિયતા વધુ રહે છે. આ પદ્ધતિઓ રસિક અને પ્રભાવી હોય છે.

**(અ) ચર્ચા કેન્દ્રી પદ્ધતિઓ**

જે પ્રવૃત્તિઓના કેન્દ્રમાં ચર્ચા હોય છે. ચર્ચાના માધ્યમની અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયા શક્ય બને છે.

**1. વાદ-વિવાદ (ડિબેટ)**

વિદ્યાર્થી મુક્તપણે અભ્યાસના વિવિધ મુદ્દાઓની સભામાં દલીલો કરે છે. વિરુદ્ધ અને તરફેણમાં ચાલતી દલીલો અને ચર્ચાના મધ્યમથી જ્ઞાન આદાન પ્રદાનની પ્રક્રિયા થાય છે. સમાજમાં ચાલતા કેટલાંક સળગતા મુદ્દાએ અંગે ચર્ચા કહી શકાય છે.

**2. જૂથ ચર્ચા :**

વિષય વસ્તુના પાંચથી છ વિભાગો પાડી એટલી જ જૂથમાં વિદ્યાર્થીઓ વહેંચવામાં આવે છે. ચર્ચા કરવાની કામગીરી સોંપવામાં આવે છે.

**3. પેનલ ચર્ચા :**

આ પદ્ધતિઓ હેતુ જે તે વિષયના તજ્જ્ઞ વ્યક્તિઓના વિચારોથી વિદ્યાર્થીઓએ માહિતગાર કરવા માટે આ પદ્ધતિનો અસરકારક રીતે ઉપયોગ થઈ શકે છે. મોટા ભાષણો હોતા નથી પણ વિશેષજ્ઞો ચર્ચાઓ કરે છે. આ ચર્ચાઓ ખૂબ જ સ્વાભાવિક હોય છે. શ્રોતાઓ પ્રશ્નો પૂછી શકે છે. પેનલ તેમના જવાબો આપે છે. પેનલના અધ્યક્ષ ચર્ચાનું સમાપન કરે છે.

**4. સેમિનાર :**

શિક્ષકની દેખરેખ નીચે કોઈ કઠિન વિષયનો અભ્યાસ અને ચર્ચા કરનારું મંડળ કે કોઈ એક વિષય પર વિચાર વ્યક્ત કરવા એકત્રિત થયેલા વિશેષજ્ઞોનું સંમેલન એટલે સેમીનાર શાળાના દરેક ધોરણના તેજસ્વી વિદ્યાર્થીઓને શિક્ષક નિશ્ચિત વિષયાંગનું સંદર્ભ સાહિત્ય આપી જરૂરી માર્ગદર્શન આપે અથવા વર્ગના પાંચ-સાત તેજસ્વી વિદ્યાર્થીઓને કોઈ એકમ કે મુદ્દા સંદર્ભ-સાહિત્ય આપી સ્વઅધ્યયન કરવાનું કહેવામાં આવે. વિદ્યાર્થીએ પૂરતી તૈયારી સાથે વર્ગ સમક્ષ મુદ્દાની છણાવટ કરે. તેમાંથી જ એકાદ અધ્યક્ષ બને. વક્તા પરિચય, વિચાર પ્રસ્તુતિ અને સમાપન વગેરેનો ક્રમ સચવાય. વર્ગમાંથી સાંભળનાર સમૂહ પણ પ્રશ્ન પૂછે વિશેષજ્ઞ વિદ્યાર્થી જવાબ આપે આવી પદ્ધતિને સેમિનાર પદ્ધતિ કહેવામાં આવે છે.

**5. પરિસંવાદ :**

કોઈ એક ઘટના કે બનાવની અલગ અલગ દૃષ્ટિથી શિક્ષકોના કે વિદ્યાર્થીઓના સમૂહ બનાવી રજૂઆત કરે અને જરૂરી બાબતો પર ચર્ચા કરે. 'અનુસારની ઉપયોગીતા' 'ભાષામાં અલંકાર' વગેરે બાબતે શિક્ષક અથવા વિદ્યાર્થીઓના સમૂહની વચ્ચે સંવાદ થાય એટલે પરિસંવાદ

**6. મુક્ત ચર્ચા :**

ભાષા, શાળા, સમાજના જ્વલંત મુદ્દા પર ખૂલ્લી ચર્ચા, જેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ સહભાગી બને ચેરમેન કે અધ્યક્ષ હોતાં નથી. એકાદ સભ્ય ચર્ચાની શરૂઆત કરે. સૌ પોત પોતાનો મંતવ્ય વ્યક્ત કરે, કોઈ નિષ્કર્ષ નહીં.

**7. ગોળમેજી પરિષદ :**

પેનલ ચર્ચા અને મુક્તચર્ચાનો સમન્વય કરવામાં આવે છે. કોઈ એકાદ વિષય પ્રત્યે વિદ્યાર્થીઓની રૂચિ જાગૃત કરવા આ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય છે. રાઉન્ડ ટેબલની આસપાસ બેસીને ચર્ચા કરવામાં આવતી હોય છે.

**8. કાર્યશાળા (વર્કશોપ) :**

કાર્ય દ્વારા અધ્યય એટલે વર્કશોપ. એટલે કે અધ્યયન અને ક્રિયાશીલતાનો પ્રત્યક્ષ સમન્વય. વાતો નહીં પણ પ્રત્યક્ષ કાર્ય એ વર્કશોપનો મંત્ર છે. જ્ઞાન પ્રાપ્તિની ક્રિયાને ક્રિયાશીલતા સાથે જોડીને જીવંત અનુભવ આપવામાં આવે છે. જોડણી સુધાર કાર્યક્રમનો વર્કશોપ રાખી શકાય.

**9. ગોષ્ઠિ :**

સરખા સ્તરના લોકો સહજ ચર્ચા કરે તે ગોષ્ઠિ, તેમાં ભાગ લેનાર સભ્યો એક મુદ્દાને કેન્દ્રમાં રાખીને ચર્ચા કરે. ચર્ચાનો બહુ ભાર કે ગંભીરતા રાખ્યા વગર સમસ્યાનો હલ કરવા માટેનો પ્રયાસ થાય છે.

**10. મધપૂડો (Buzz Session)**

વર્ગનાં તમામ વિદ્યાર્થીઓને પાંચ-છ વિદ્યાર્થીઓના જૂથમાં વહેંચી દેવામાં આવે છે. છ-સાત સમૂહમાં વિદ્યાર્થી ગણગણાટ કરતાં કોઈ એક મુદ્દા પર આવી ચર્ચા કરે છે. જૂથમાં જ નિષ્કર્ષ મેળવે છે. આમ મધમાખીઓની જેમ ગણગણાટ થતો હોવાથી એને મધપૂડો પદ્ધતિ કહેવામાં આવે છે. એક મુખ્ય એકમના પાંચ-સાત પેટા એકમોની ચર્ચા એક સાથ કરવામાં આવે છે.

**(બ) સ્વઅધ્યયન કેન્દ્રી પદ્ધતિઓ**

આ પ્રકારની પદ્ધતિઓ વિદ્યાર્થી સ્વ-અધ્યયન દ્વારા શીખે છે.

**1. સ્વાધ્યાય પદ્ધતિ :**

પ્રાચીન સંકલ્પના ગૃહકાર્ય પૂરતી સીમિત હતી હવે શિક્ષક દ્વારા તૈયાર કરેલા સ્વાધ્યાય કરતાં વિદ્યાર્થી સ્વ પ્રયાસથી જ્ઞાન પ્રાપ્તિ કરે છે. સ્વાધ્યાયએ સ્વધ્યયનની પ્રવૃત્તિ બની છે. સ્વાધ્યાય વ્યક્તિગત અથવા સમૂહ કે નાના જૂથમાં આપી શકાય છે. તેમાં શિક્ષકનું માર્ગદર્શન ઓછામાં ઓછું હોય છે.

**2. નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ :**

આ પદ્ધતિ સ્વાધ્યાય પદ્ધતિનું જ વિકસિત સ્વરૂપ છે. સ્વાધ્યાય વિદ્યાર્થી શિક્ષકની ગેરહાજરીમાં જાતે કરે છે પણ જો વિદ્યાર્થી શિક્ષકની હાજરીમાં સ્વાધ્યાય કરે તો તે નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ કહેવાય છે. શિક્ષક વિદ્યાર્થીઓને નિશ્ચિત એકમ આધારિત પ્રશ્નો આપી દે છે. વિદ્યાર્થીઓ વર્ગમાં શિક્ષકની ઉપસ્થિતિમાં જાતે પ્રશ્નોના જવાબ શોધે છે. શિક્ષક ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરે છે જરૂર પડે ત્યાં માર્ગદર્શન પણ આપે છે. આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓને સ્વાધ્યાય વ્યક્તિ રીતે આપવામાં આવે છે.

**3. અભિક્રમિત અધ્યયન :**

તજ્જ્ઞ શિક્ષકો દ્વારા નિશ્ચિત ફ્રેમમાં પાઠ્ય સામગ્રી તૈયાર કરવામાં આવે છે. સમગ્ર એકમને નાના નાના સોપાનોમાં વહેંચી દેવામાં આવે છે. વિદ્યાર્થી પ્રતિચાર દ્વારા તેનો ક્રમિક અભ્યાસ કરે છે. ઉત્તેના અને પ્રતિચારના સિદ્ધાંત પ્રમાણે વિદ્યાર્થી શીખે છે. વિદ્યાર્થી સ્વગતિ પ્રમાણે પ્રગતિ કરે છે. વિદ્યાર્થી ભૂલ દ્વારા શીખે છે તે સિદ્ધાંતને પણ સ્વીકારવામાં આવે છે.

4. **અધ્યાપન પ્રતિમાન (Models of Teaching) :**

અધ્યયન અને અધ્યાપનના સિદ્ધાંતોના આધારે જ અધ્યયન થવું જોઈએ અભિક્રમિત અધ્યયન પણ સ્કિનરના અધ્યયન સિદ્ધાંડ મોડેલ છે. કોઈ રૂપરેખા અથવા ઉદ્દેશ્ય અનુસાર વ્યવહારને ઢાળવાની પ્રક્રિયાને પ્રતિમાન કહેવાય.વિવિધ પ્રકારના શિક્ષણ પ્રતિમાનો અસ્તિત્વમાં સંખ્યા છે.

(ક) **અભિનય કેન્દ્રી પદ્ધતિઓ :**

જે પદ્ધતિઓમાં અભિનયનું તત્ત્વ પ્રધાન હોય તેવી પદ્ધતિઓનો અહીં સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓને અભિનય ખૂબ જ ગમતું હોય છે તેથી આ વિદ્યાર્થીઓ માટે રસપ્રદ પદ્ધતિઓ છે.

1. **નાટક (Drama)**

વિવિધ વ્યવસાયવાળા વ્યક્તિ જેવા કે ડૉક્ટર, પોલીસ, સૈનિકનો અભિનય, ઐતિહાસિક પાત્રો રાણી લક્ષ્મીભાઈ, શિવાજી મહારાજના જીવનના પ્રસગે કે સમાજને પ્રેરણા સાથે એવા પ્રસંગો પર વિદ્યાર્થીઓ નાના સહજ સંવાદોનો ઉપયોગ કરી ડ્રામા કરે છે. રોલ પ્લે, એકપાત્રીય અભિનય, માઈમ વગેરેનો પણ આમાં જ સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓની કથન અને અભિનય કલાનો ખૂબ જ વિકાસ થાય છે.

2. **ત્વરિત નાટક**

એક વિષય પર જાતે સંવાદો રચવા અને તુરંત અભિનય કરવા આવા પ્રકારના નાટકોનો ઉપયોગ થાય છે. દહેજ પ્રથા, શાકભાજીવાળી વગેરે પાત્રોના અભિનય થઈ શકે છે. વિદ્યાર્થી રસપૂર્ણ શિક્ષણ મેળવે છે.

3. **સંવાદ**

પાઠમાં આવતા વિવિધ પાત્રોનાં નાના નાના સંવાદો વિદ્યાર્થી જાતે રચે અથવા વિદ્યાર્થી શિક્ષકની મદદથી સંવાદ રચે અને બોલે. મોટા વિદ્યાર્થી જાતે જ રચી અને બોલી શકે છે.

4. **રૂપક**

નિર્જીવ બાબતોને સજીવના રૂપે પ્રસ્તુત કરવા એટલે રૂપક, વૃક્ષ, પર્વત, કોઈ એકાદ જીલ્લો બની વિદ્યાર્થી તેની વિગતો કહી શકે છે. આવી બાબતો કલ્પનિક હોય છે પણ નાના બાળકોને આવી બાબતો ખૂબ ગમે છે આનાથી વિદ્યાર્થીની કલ્પના અને ભાષાશક્તિ ખૂબ વધે છે.

(ડ) **મોક કાર્યક્રમો :**

મોક કાર્યક્રમો એટલે જેમાં નમૂનારૂપ પરિસ્થિતિ ઊભી કરવામાં આવે છે. અસલના જેવી જ મોક પરિસ્થિતિ ઊભી કરવામાં આવે છે. અદાલત, પંચાયત, દુકાનદાર વગેરે વિષયો પર એક કાર્યક્રમો રાખી શકાય છે. આવા કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓને ખૂબ જ રસ પડે છે. ભણેલા વિષયોનું દ્રઢીકરણ કરી શકાય છે.

## 7.3 ભાષા શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

ભાષા શિક્ષણ માટેની વિવિધ પદ્ધતિઓની આપણે ટૂંકમાં માહિતી મેળવી હવે અહીં આપણે કેટલીક પદ્ધતિઓની વિસ્તારથી માહિતી મેળવીશું.

### 7.3.1 સ્વાધ્યાય પદ્ધતિ (Assignment Method)

વર્તમાનમાં ઝડપથી વિકસતી જ્ઞાનની ક્ષિતિજોમાં શીખવવાની વાત ખોટી પડે છે. ત્યારે જાતે શીખવાની દિશામાં આગળ વધવું જોઈએ. શિક્ષકોએ બાળકોને ભણાવા કરતા ભણતા કરવાની જરૂર છે. આ દિશામાં સ્વાધ્યાય પદ્ધતિ ખૂબ જ ઉપયોગી છે.

પ્રાચીન સમયમાં સ્વાધ્યાય એટલે પાકું કરવું, રૂઢ કરવું, જાતે પુનરાવર્તન કરવું એવો થતો હતો. નાની સંકલ્પના મુજબ નવો એકમ શીખવા માટે નિશ્ચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. સ્વાધ્યાય પદ્ધતિ એક પ્રકારની એક જૂથ-અભ્યાસ પદ્ધતિ છે, Assignment is the work that is assigned to students eighter in the class or out of class study એટલે કે સ્વાધ્યાય વિદ્યાર્થીઓને વર્ગમાં કે વર્ગ બહાર આપવામાં આવતું કાર્ય છે.

અમેરિકન લેખક નેલ્સન એલ.બોસિંગ સ્વાધ્યાયની વ્યાખ્યા આપતાં કહે છે કે "જે એકમ વિદ્યાર્થીઓને ભણવાનો છે તેની ઓળખ અને સ્વીકારરૂપે જે શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવે અને જેનાથી એ એકમનો અભ્યાસ ક્ષમતાપૂર્વક થઈ શકે એવી પ્રવૃત્તિ"

આમ સ્વાધ્યાય એટલે :-

- સ્વ-અધ્યયનની એક પ્રવૃત્તિ છે.
- વર્ગમાં કે વર્ગ બહાર થતી અભ્યાસ પ્રવૃત્તિ છે.
- કાયમી કામની માંડણી હોય છે.
- કાર્ય પ્રવૃત્તિ માટેની ચોક્કસ પ્રક્રિયા છે.
- સ્વાધ્યાય દ્વારા અભ્યાસ ક્ષમતાપૂર્ણ બને છે.
- એ ગૃહકાર્ય નથી. ગૃહકાર્ય એ તો માત્ર ઘર પર અર્થાત્ વર્ગ બહાર કરવાનું કાર્ય છે, તેને સ્વાધ્યાયનું એક અંગ કહી શકાય.
- સ્વાધ્યાયમાં શિક્ષકનું માત્ર ઘર પર અર્થાત્ વર્ગ બહાર કરવાનું કાર્ય છે, તેને સ્વાધ્યાયનું એક અંગ કહી શકાય.
- સ્વાધ્યાયમાં શિક્ષકનું માર્ગદર્શન ઓછામાં ઓછું હોય છે.
- સ્વાધ્યાયના હેતુઓ સ્પષ્ટ હોય છે.
- સ્વાધ્યાય પ્રશ્નો કે પ્રવૃત્તિઓની રચના કુશળતાપૂર્વકની હોય છે.
- સ્વાધ્યાય વિવિધ સ્વરૂપના હોઈ શકે, દા.ત.વાંચન, લેખન, અવલોકન, જ્ઞાનસંપાદનના સ્વાધ્યાય વગેરે.
- સ્વાધ્યાય વ્યક્તિગત પણ આપી શકાય, જૂથમાં પણ આપી શકાય.
- સ્વાધ્યાય લાંબી તેમજ ટૂંકી મુદ્દતના હોઈ શકે.

  ટૂંકમાં, કહીએ તો સ્વાધ્યાય=સ્વ+અધ્યયન, વિદ્યાર્થી જાતે અધ્યયન કરતો થાય, તેનાં કૌશલ્યો વિકસે એવો મૂળભૂત હેતુ આ પદ્ધતિમાં સમાવિષ્ટ છે.

**સારા સ્વાધ્યાયના લક્ષણો**

- પાઠ-આયોજનના વિશિષ્ટ હેતુઓને સિદ્ધ કરે તેવો હોય.
- વિદ્યાર્થીઓને તેમના અધ્યયનમાં પ્રોત્સાહિત-અભિપ્રેરિત કરતો હોય.
- વિદ્યાર્થીઓને તેમના અધ્યયનમાં પ્રોત્સાહિત-અભિપ્રેરિત કરતો હોય.
- વિગતોનું સાહચર્ય સ્થાપતો હોય.
- જે તે સંદર્ભમાં સામગ્રીનો મહત્તમ ઉપયોગ કરાવે તેવો હોય.
- સૂચિત પ્રશ્નો જ્ઞાન, જ્ઞાનનો ઉપયોગ, સમજ અને કૌશલ્યલક્ષી હેતુઓ અભિપ્રેરિત હોય.
- સૂચિત પ્રશ્નો કે પ્રવૃત્તિઓમાં સરખા, મધ્ય અને કઠિન એમ ત્રણ પ્રવૃત્તિ દષ્ટિનું આયોજન પ્રતિબિંબિત થતું હોય.
- વિદ્યાર્થીઓની માનસિક શક્તિઓનો વિકાસ કરે તેવો હોય.

- વિદ્યાર્થીઓની કક્ષા, આવશ્યકતાઓ, અભિરુચિઓ અને વિષયવસ્તુ સાથે સંબંધિત હોય.

**સ્વાધ્યાય પદ્ધતિના લાભ**

- વિદ્યાર્થી સ્વપ્રયત્ને નિયત એકમની માહિતી પ્રાપ્ત કરે.
- વિવિધ સાધન-સંદર્ભોના ઉપયોગનું કૌશલ્ય વિકસાવી શકે.
- વિદ્યાર્થી વિવિધ સાધન સંદર્ભોના ઉપયોગ દ્વારા માહિતીની તારવણી અને નોંધ કરતાં શીખે છે.
- વિદ્યાર્થીઓ સમૂહમાં રહી કાર્ય કરવાની લોકશાહી ઢભ વિકસાવી શકે છે.
- વિદ્યાર્થીઓને ફુરસદના સમયના યોગ્ય ઉપયોગની ટેવ પડે છે.
- પરસ્પર વિષયાંગોનું સંકલન કરી સમવાયી શિક્ષણ શક્ય બને છે.
- વિદ્યાર્થીમાં ચોક્કસ પ્રકારે વર્તન ફેરફારો લાવી શકાય છે.

**મર્યાદાઓ**

- પ્રાથમિક ધોરણોમાં સફળતાની સંભાવના ઓછી હોય છે.
- શિક્ષકો અને બાળકોએ ખૂબ જ મહેનત કરવી પડે છે સમય વધુ લાગે છે.
- જૂથ સ્વાધ્યાય આપવામાં આવે તો ત્યાં જ્ઞાનના ટુકડા પડે છે. એક જૂથ જે અભ્યાસ કરે છે અન્ય જૂથ કરતું નથી.
- જૂથમાં કેટલાંક બાળકો નિષ્ક્રિય રહે છે તેઓ કશું જ શીખતાં નથી.
- સુસજ્જ પુસ્તકાલયનાં અભાવે અસરકારતા ઓછી રહે છે.
- નબળાં બાળકો પડકારને પહોંચી વળી શકતાં નથી તેથી તેઓ સ્વાધ્યાય કરવાનું રાખે છે.
- સંકલ્પનાનું શિક્ષણ આપી શકાતું નથી.
- આર્થિક ખર્ચ વધુ માંગે છે.

**સ્વાધ્યાય પદ્ધતિની સફળતાનો આધાર :**

- શિક્ષકે સ્વાધ્યાય પદ્ધતિનો અમલ માટે કરેલું આયોજન સ્પષ્ટ ક્રમિક અને મુદ્દાસર હોવું જોઈએ.
- સ્વાધ્યાય અને સ્વાધ્યાયના ઉકેલ માટે શિક્ષકે-વિદ્યાર્થીઓને આપેલા માર્ગદર્શન પર રહેલો છે.
- શિક્ષકે વર્ગશિક્ષણમાં વિદ્યાર્થીઓને સ્વાધ્યાય આપતા કે સોંપતા પહેલાં તેના અમલ અંગે તેની કાર્ય પદ્ધતિથી વિદ્યાર્થીઓને વાકેફ કરવા જોઈએ.
- માતૃભાષા શિક્ષકે વિવિધતાપૂર્ણ રીતે પ્રશ્નોની રચના કરવી જોઈએ.
- સ્વાધ્યાયમાં જ્ઞાન, જ્ઞાનની સમજ, જ્ઞાનનો ઉપયોગ તેમજ કૌશલ્યના વિકાસ માટેના પ્રશ્નોનો સમાવેશ હોવો જોઈએ.

**સ્વાધ્યાયના પ્રકાર**

આ સ્વાધ્યાય પ્રકાર સૂચિત કે તેમાં અન્ય પ્રકારો ઉમેરી શકાય.

1. પાઠ્યપુસ્તકલક્ષી સ્વાધ્યાય.
2. પ્રકરણ આધારિત સ્વાધ્યાય
3. વિષયાંગ આધારિત સ્વાધ્યાય
4. સમસ્યાલક્ષી સ્વાધ્યાય
5. પ્રકલ્પ આધારિત
6. મહાવરો/અભ્યાસ સ્વાધ્યાય

7. એકમ આધારિત સ્વાધ્યાય

8. પ્રાયોગિક સ્વાધ્યાય

10. પુનરાવર્તન સ્વાધ્યાય

**7.3.2 વ્યાખ્યાન પદ્ધતિ**

વ્યાખ્યા અને કથનને કેટલાંક અભ્યાસીઓ એક જ માને છે. વ્યાખ્યાનમાં સ્પષ્ટીકરણ પર વધારે ભાર મૂકવામાં આવે છે. જ્યારે કથનમાં વર્ણન પર ભાર મૂકવામાં આવે છે. વ્યાખ્યાન પદ્ધતિ એટલે અધ્યાપન પ્રવિધિ જેમાં મુખ્ય વિચારો કે જેમને-પ્રશ્ન કે સમસ્યા સ્વરૂપે સમજવાનાં છે. તે અંગે વિદ્યાર્થીઓ સાથે સ્પષ્ટીકરણ અથવા વિવરણનો સમાવેશ થાય છે. આમ, વ્યાખ્યાનનો ઉદ્દેશ્ય કંઈક સ્પષ્ટીકરણ કરવાનો છે. અને તેમાં વર્ણન, કથન, વૃતાંતને પણ સમાવાય છે. જ્યારે કથન દ્વારા ઘટના, પ્રસંગ, હકીકત તથ્યની માહિતી આપવાની છે. આમ કથન દ્વારા માહિતીની માનસિક જાણકારી આપવાનો ઉદ્દેશ્ય છે જે સમસ્યા ઉકેલ મેળવવામાં મદદરૂપ બને. જ્યારે વ્યાખ્યાન, વાર્તા, કથન, વૃત્તાંત સ્વરૂપ પણ સ્પષ્ટીકરણ વિવરણ કરી શકે. આટલી સ્પષ્ટતા પછી આપણા વ્યાખ્યાન પદ્ધતિના ઉદ્દેશો સમજીએ.

વ્યાખ્યા પદ્ધતિનો ઉપયોગ :

1. એકમ અધ્યયનની પ્રેરણા આપવી.

2. એકમની સ્પષ્ટતા કરવી.

3. એકમલક્ષી ફેર તપાસ/વિચારણા કરવી.

4. એકમ યોગ્ય વધારાની માહિતી પહોંચાડવી.

**અધ્યાપન માટે વ્યાખ્યાન પદ્ધતિ**

સામાન્ય રીતે માધ્યમિક કક્ષાએ વ્યાખ્યાન પદ્ધતિનો ઉપયોગ પ્રકરણલક્ષી હોય છે. વિદ્યાર્થીઓના સહભાગની અનિવાર્ય અપેક્ષાઓના કારણે વ્યાખ્યાન એકપક્ષીય રજૂઆત હોવાથી તે શિક્ષક કેન્દ્રી બની જાય છે. જેથી ઉચ્ચ શિક્ષણ કક્ષાએ તે મહત્ત્વની બની રહે છે. છતાં માધ્યમિક કક્ષાએ પણ વ્યાખ્યાન પદ્ધતિનું વર્ચસ્વ-ઉપયોગ આજે ચિંતાજનક છે. માહિતીલક્ષી વિષયજ્ઞાન, કે ભાષા-શિક્ષણ અંગે વાર્તા, કવિતાનું રસદર્શન જેવા સંવેદનીય વર્ણન/વિવરણ અંગે વ્યાખ્યાન/કથન ઉપયોગી જણાય, પણ વિજ્ઞાનના પ્રયોગ પણ વ્યાખ્યાનથી શીખવવામાં આવે તે ચિંતાજનક બની રહે છે.

**વ્યાખ્યાન સ્વરૂપ : પુનઃ સંસ્કરણ**

ઉચ્ચ શિક્ષણ કક્ષાએ જ્યાં શિક્ષક દ્વારા વ્યાખ્યાન પદ્ધતિનો વિકલ્પ સાહજિક રીતે અપનાવાઈ રહ્યો છે. તેના આધારે વ્યાખ્યાનના પ્રકાર દર્શાવવાના પ્રયત્નો પણ થયાં છે. જેવાં કે :-

- ઔપચારિક વ્યાખ્યાન
- સોદાહરણીય વ્યાખ્યા
- રૂપાંતરિત વ્યાખ્યાન
- મિશ્ર વ્યાખ્યાન
- અનૌપચારિક વ્યાખ્યાન
- અનૌપચારિક ટૂંકું વિવરણ

આ પ્રકારની મુખ્ય વિશેષતા પણ તારવી શકાય.

**1. ઔપચારિક વ્યાખ્યાન**

ઔપચારિક વ્યાખ્યાન તૈયારી રજૂઆત માટે એક નિશ્ચિત સ્વરૂપનો આગ્રહ રાખે છે.

**2. સોદાહરણીય વ્યાખ્યાન**

આ વ્યાખ્યાનને દશ્ય બનાવવાના અન્ય પ્રયત્નોમાં કા.પા.નોંધ વિકસાવતા જવું, ચિત્ર, આકૃતિ, નકશો, સ્લાઈડ, ફિલ્મસ્ટ્રીપ, અવલોકન, જેવાં ફેરફાર અપનાવાય છે.

**3. રૂપાંતરિત વ્યાખ્યાન**

આ પ્રકારના વ્યાખ્યાનમાં કેટલાક ફેરફારો અપનાવવામાં આવે છે. જેવાં કે, પ્રશ્નો નિપજાવવા મધપૂડો (Buzz Sessions) અંતે લઘુકસોટી, નિદર્શનાત્મક વ્યાખ્યાન સમસ્યાયુક્ત, ચર્ચાયુક્ત વ્યાખ્યાન પણ કરી શકાય.

**4. મિશ્ર વ્યાખ્યાન**

આ વ્યાખ્યાનમાં બે-ત્રણ અભિગમમાં કે પ્રયુક્તિઓના મિશ્ર પ્રયોગો કરવામાં આવે છે.

**5. અનૌપચારિક સ્પષ્ટીકરણ વ્યાખ્યાન**

અનૌપચારિક વાતચીત સાથે કેટલુંક સ્પષ્ટીકરણ અપનાવવામાં આવે છે.

વ્યાખ્યાનની પૂર્વ તૈયારી અને રજૂઆત

- વ્યાખ્યાનના ઉદ્દેશોની સ્પષ્ટતા, એ વ્યાખ્યાન વિષયવસ્તુના આયોજન માટેના પૂર્વશરત ગણાય. વિષયવસ્તુની પસંદગી અને આયોજન એવું હોવું જોઈએ કે જેથી વ્યાખ્યાન અમૂર્ત વિગતોના નીરસ શ્રવણનો દુરાગ્રહ ન બને.
- વ્યાખ્યાન માટે પાઠ્યપુસ્તક પ્રાપ્ત માહિતી અને સ્ત્રોતોમાંથી પ્રાપ્ય માહિતીના આધારે સ્ત્રોતોમાંથી પરિચય.
- વ્યાખ્યાનની રજૂઆત માટે, જ્ઞાનના આધારે અજ્ઞાનના અધ્યાપનના સિદ્ધાંતને અમલમાં મૂકી શકાય. વ્યાખ્યાનની રજૂઆત વિદ્યાર્થીઓને એકાગ્રતાથી શ્રવણ કરવા અને સંદર્ભવાચન માટે અભિપ્રેરણા આપે એવી હોવી જોઈએ.
- વ્યાખ્યાનના શ્રાવ્ય અનુભવોને મૂર્ત બનાવતાં ઉદાહરણ પસંદગીની ઉતાવળ કે બેકાળજી, ઉદાહરણ દ્વારા સમજને બદલે ગેરસમજ પ્રેરતા રહે છે.
- વ્યાખ્યાનની શરૂઆત, રજૂઆત માટે વિદ્યાર્થીઓને ધ્યાન માટે ઉત્તેજના પૂરી પાડે એવી વાર્તા, પ્રસંગ, સમાચાર કથન, તત્કાલીન ઘટના દશ્ય-સ્વરૂપ મુદ્દા જેવી પ્રયુક્તિઓને ઉપયોગમાં લેવી જોઈએ.
- વ્યાખ્યાનમાં રમૂજનું તત્ત્વ ઉમેરવા સાદશ્ય, તુલના, ઉદાહરણ પ્રાસંગિક વર્ણનની છટા જેવી પ્રયુક્તિઓ પ્રયોજવી જોઈએ.
- વ્યાખ્યાન પદ્ધતિએ અધ્યાપન માટે કેટલાક હરબાર્ટની પદ્ધતિની પંચપદી-પાંચ સોપાન, પૂર્વતૈયારી, રજુઆત, તુલના, સામાન્યીકરણ અને ઉપયોગનો અભિક્રમ અપનાવવા સૂચવે છે.
- વ્યાખ્યાનના રજૂઆતની ઝડપ, અવાજની માત્રા, હાવભાવ, શબ્દભાર, હલનચલન જેવા વાણી અભિવ્યક્તિ કૌશલ્યના ઘટકોમાં ઉચિત ફેરફાર અપનાવવા જોઈએ.

**વ્યાખ્યાન પદ્ધતિના ફાયદા**

1. મુદ્રિત વિષયવસ્તુને શ્રાવ્ય-દશ્ય, ચેતનામુક્ત અને અસરકારક સ્વરૂપે અનુભવવા યા અનુભૂતિ કરવાની તક મળે છે.
2. અગત્યની વિગતો, મુદ્દાઓ, પરિસ્થિતિઓને સ્પષ્ટ કરી શકાય છે.
3. વિદ્યાર્થીઓની ક્ષમતાઓ, પૂર્વજ્ઞાન, જરૂરિયાત વગેરેને ધ્યાનમાં રાખી કથન/વ્યાખ્યાનને અમલમાં મૂકી શકાય છે.

**વ્યાખ્યાન પદ્ધતિ મર્યાદાઓ**

1. વિદ્યાર્થીઓના સહભાગીપણાને વ્યાખ્યાનની મર્યાદાઓ રોકે છે.
2. વિદ્યાર્થીઓને શ્રવણ કૌશલ્ય તાલીમ કે મહાવરો આપવામાં આવતી નથી. તેમજ બધા જ વૈયક્તિક તફાવતો ધરાવતાં હોવાથી શ્રવણમય પદ્ધતિની સફળતા પડકારરૂપ બની રહે છે.
3. વ્યાખ્યાન શિક્ષક માટે પાઠ્યપુસ્તકનો વિકલ્પ બની રહે છે.
4. વ્યાખ્યાન, વિદ્યાર્થીઓ માટે શિક્ષકનો વિકલ્પ પણ બની રહે છે.

**ભાષાશિક્ષણ માટે વ્યાખ્યાન પદ્ધતિનો વિનિયોગ**

ભાષા શિક્ષણના એકમ ગદ્ય કે પદ્ય પ્રકારની કૃતિઓના શિક્ષણકાર્ય માટે આ પદ્ધતિનો વિનિયોગ કરી શકાય. જેથી પ્રાથમિક કક્ષાએ કથનસ્વરૂપે અને માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક કક્ષાએ વ્યાખ્યાન સ્વરૂપે આ પદ્ધતિ અમલમાં મૂકી શકાય.

કવિતા, વાર્તા, પ્રવાસ વર્ણન જેવી કૃતિઓના શિક્ષણ માટે સંવેદનશીલ-આસ્વાદ યોગ્ય અભિવ્યક્તિના પ્રયોગોથી વ્યાખ્યાનનું આયોજન કરી શકાય.

છતાં વ્યાખ્યાન પદ્ધતિનો નવા સંસ્કરણ સ્વરૂપે આપણે વિનિયોગ કરવો પડશે, કારણ કે, વ્યાખ્યાનના શ્રોતા વર્ગ- (વિદ્યાર્થીઓ)ની શ્રવણક્ષમતાઓ, એકાગ્રતા, અર્થગ્રહણક્ષમતા, વય, કક્ષાઓ મર્યાદિત છે. જેથી અસ્ખલિત વાક્ધારા પ્રકાર અનુચિત ક્રિયાકાંડ બની જાય, પરિણામે વિદ્યાર્થીઓ વ્યાખ્યાનની, તેની વિગતોની અવગણના કરી, વિવરણ-ગાઈડ લેખકની વાતો, હકીકતોનો પુરસ્કાર કરે છે.

કવિતા, વાર્તા, પ્રવાસના આસ્વાદ-અનુભાવન રજૂ કરતાં વ્યાખ્યાન અંગે પણ વિદ્યાર્થીઓનું લાગણી સ્તર સમસંવેદનાની મર્યાદાઓ સાથે ઈન્દ્રિયગ્રાહ્ય અનુભવો કે અનુભૂતિને વ્યક્ત કરતું શબ્દભંડોળ, શિક્ષક દ્વારા સ્પષ્ટીકરણરૂપ રજૂ કરાતાં પરિસ્થિતિ, ભાવના ઉદ્દીપક એવાં ઉદાહરણની પસંદગી, વિદ્યાર્થીઓના પૂર્વ અનુભવો સાથે સાદશ્ય, કે સંબંધનીય જીવવાની-નીપજાવનારી રજૂઆત પદ્ધતિની સફળતાની પ્રતીતિ કરાવી શકે.

આમ, આ પદ્ધતિથી સફળતાના પડકારો એ, આ પદ્ધતિનું સાહજિક પરિવર્તન કથન-માહિતી કથન પ્રવૃત્તિ લેખે આપણા વર્ગ શિક્ષણમાં બહુમાન્ય બની ગયું છે. અને તે પણ શિક્ષકની સજ્જતા, સૂઝ કે મર્યાદાઓને સંસ્કારતું કે કથળતું પણ જાય છે, સૂઝ વ્યાખ્યાન પદ્ધતિ સાહજિક નથી પણ સાહસિક છે એ ભૂલવું ન જોઈએ.

**7.3.3 પ્રોજેક્ટ (પ્રકલ્પ)પદ્ધતિ**

પ્રકલ્પ-પ્રોજેક્ટ પદ્ધતિએ અમેરિકન વ્યવહારવાદના દર્શનના સમર્થનવાળી છે કે બાળક સ્વભાવથી સ્વયંપ્રેરિત પ્રવૃત્તિનો અનુસરનારો છે. તેની પાછળ તેની અખૂટ શક્તિઓનો સંચાર પણ છે. જ્ઞાન પ્રાપ્તિ માટે પણ પ્રવૃત્તિ અનિવાર્ય છે. શિક્ષણપ્રક્રિયાને પ્રેરવા, ઉત્તેજવા પ્રવૃત્તિ ઉપયોગી છે. આ બાળક તેની આસપાસનાં સંજોગોમાંથી પણ પ્રવૃત્તિ પ્રેરણા મેળવતો હોય છે. તેને ધ્યેયલક્ષી બનાવવી અને બાળક સ્વયંપ્રેરિત પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતી સમસ્યા અનુભવે અને તેનો ઉકેલ લાવવા સ્વપ્રવૃત્તિ કરે, એવી જહોન ડ્યૂઈની સમસ્યા પદ્ધતિના આધાર સાથે ક્લિપેટ્રિક પ્રકલ્પ-પદ્ધતિનું આગવું સ્વરૂપ આપે છે.

શિક્ષણનું ધ્યેય વ્યવહારિક દક્ષતા છે. શિક્ષણ જીવાતા ક્રિયાશીલ જીવનના પરિણામરૂપ હોઈ શકે. બાળક માટે શાળા જીવનની સમાજજીવનની પ્રતિકૃતિરૂપ બની રહે છે. બાળકો પણ શાળા જીવનનો આનંદ સ્વયં પ્રેરિત પ્રવૃત્તિ કરવામાં અનુભવે છે. આમ બાળકોની સ્વયં પ્રેરિત છતાં ધ્યેયલક્ષી પ્રવૃત્તિ, શાળાજીવનમાં અનુભવાતા અનુભવોને વાસ્તવિક જીવનમાં-વાતાવરણમાં પાર પાડવાના બાળકોના પ્રયત્નો, તેમાં સર્જાતી સમસ્યાઓ, તેનો ઉકેલ મેળવવાનો કે મેળવ્યાનો આનંદ જેવી પ્રક્રિયા આ પદ્ધતિના હાર્દરૂપ છે.

**પ્રોજેક્ટની વ્યાખ્યા**

પ્રોજેક્ટની વ્યાખ્યા આપવાના પ્રયત્નો શિક્ષણશાસ્ત્રીઓએ અને દાર્શનિકોએ કર્યા છે.

- "વાસ્તવિક પરિસ્થિતિમાં પાર પાડેલું કોઈ સમસ્યાત્મક કાર્ય"

*- સ્ટીવન્સન*

- "શાળાજીવનમાં ઉતારેલો વાસ્તવિક જીવનનો અંશ."

*- બેલાર્ડ*

- "સામાજિક સંજોગોમાં ચાલતી અને દિલથી ઉપાડેલી કોઈ સપ્રયોજન પ્રવૃત્તિ"

*- કિલપેટ્રીક*

- "બાળક જ્યારે કોઈ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે મુક્ત અને નૈતિક પરિસ્થિતિમાં સ્વેચ્છાએ જાતે કામ કરવા તત્પર બને ત્યારે બાળક જે કામ કરે તેને સાચા અર્થમાં પ્રોજેક્ટ કહેવાય."

*- પ્રો.હુમાયુન કબીર*

- "હેતુ પૂર્વકની પ્રવૃત્તિઓને પ્રોજેક્ટ પદ્ધતિ કહે છે, જે વ્યક્તિને વિશિષ્ટ પ્રવૃત્તિઓના અંત સુધી દોરી જાય છે. વિદ્યાર્થીઓ પોતે જ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે"

*- યોકામ અને સિમ્પસન*

આમ, પ્રોજેક્ટના આધારરૂપ ચાર લક્ષણો જેવાં કે, સ્વયંસ્ફુરિત, સ્વપ્રયોજનતા, સમસ્યાત્મક પરિસ્થિતિ અને સર્જનનો આનંદ પણ તારવી શકાય.

અભ્યાસીઓએ પ્રોજેક્ટના ત્રણ પ્રકારો પણ સૂચવ્યાં છે. જેવાં કે :-

1. સર્જનાત્મક : નવીન વસ્તુનાં નિર્માણનું ધ્યેય છે.
2. ઉપભોગાત્મક : જેમાં વસ્તુઓનો ઉપયોગ, ઉપભોગની પ્રવૃત્તિ કેન્દ્ર સ્થાને હોય.
3. સમસ્યાત્મક : ધ્યેયલક્ષી પ્રવૃત્તિમાંથી અથવા અનુભવાતી સમસ્યાના નિવારણ માટેના પ્રયત્નો કેન્દ્રસ્થાને હોય.

**પ્રોજેક્ટ (પ્રકલ્પ)ના સોપાન**

પ્રોજેક્ટના મુખ્ય સોપાન નીચે મુજબ છે. :-

**1. યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ**

આ સોપાનમાં પ્રોજેક્ટ પ્રત્યે ભૂમિકા બાંધવાની હોય છે. વિદ્યાર્થીની રૂચિ, શક્તિ અને જરૂરિયાત અથવા શાળા, સમાજ કે વિષયની જરૂરિયાત અનુસાર વિદ્યાર્થીઓની સામે સમસ્યાને વિસ્તારથી મુકવી જેથી વિદ્યાર્થી સમસ્યા સાથે પોતાની જાતને જોડી શકે અને યોગ્ય સમસ્યાની પસંદગી કરી શકે. ભૂમિકા બાંધવાના માધ્યમો નીચે મુજબ હોઈ શકે. :-

વાતચીત, ચર્ચા, પ્રશ્નોત્તરી, વાર્તા, કથન, ચિત્રદર્શન, સ્લાઈડ શો, ફિલ્મ બતાવવી, પર્યટન, પ્રવાસ, સમસ્યા, જરૂરિયાતમાંથી ઉત્પન્ન થાય છે જેથી રજૂઆત એવી હોવી જોઈએ કે જરૂરિયાતની તીવ્રતા સમય અને બાળકોનું અગત્યની સમસ્યા પ્રત્યે ધ્યાન દોરાય અને તેઓ જાતે જ યોગ્ય સમસ્યાની પસંદગી કરી શકે.

**2. પ્રોજેક્ટની પસંદગી**

અહીં ઉત્પન્ન કરેલી પરિસ્થિતિના આધારે વિદ્યાર્થી જાતે સમસ્યાની કે પ્રોજેક્ટની પસંદગી કરે તે જરૂરી છે. શિક્ષકે અતિ ઉત્સાહી બનીને પોતે સમસ્યાની પસંદગી કરે તે જરૂરી છે. શિક્ષકે અતિ ઉત્સાહી બનીને પોતે સમસ્યાની પસંદગી કરે તે યોગ્ય નથી. વિદ્યાર્થી સ્વયં સમસ્યાને પડકાર સ્વરૂપે સ્વીકારે એવું શૈક્ષણિક મૂલ્ય છે. આ પડકાર વાસ્તવિક જરૂરિયાતોના આધારે ઉદ્ભવતો હોવો જોઈએ.

**3. આયોજન**

પ્રોજેક્ટની સફળતા માટે આ ખૂબ જ મહત્ત્વનું સોપાન છે. આયોજનની તમામ બાબતે વિદ્યાર્થીઓ દ્વારા જ આયોજન થાય અને શિક્ષક ફક્ત માર્ગદર્શનની ભૂમિકા ભજવે તે અગત્યનું છે. આયોજનમાં નીચેની બાબતોનો મુખ્યત્વે વિચાર કરવાનો હોય છે.

3.1 હેતુઓ

3.2 વિષયવસ્તુ

3.3 જૂથ રચના

3.4 જૂથ સર્પ (સર્પની વહેંચણી)

3.5 શૈક્ષણિક સાધન સામગ્રી

**4. અમલ**

ઉપરોક્ત તમામ બાબતોનું આયોજન કર્યા બાદ વિદ્યાર્થીઓ પ્રોજેક્ટનો અમલ કરશે. બધું જ કાર્ય જાતે કરશે. શિક્ષક ફક્ત નિરીક્ષણ કરશે અને જરૂર લાગતા માર્ગદર્શન આપશે. વિદ્યાર્થીઓ તાસ, સમય અને જૂથમાં વહેંચાય અને પ્રવૃત્તિશીલ બનશે. શિક્ષક તેમની વચ્ચે સક્રિય રહી પ્રોત્સાહન આપ્યા કરશે.

**5. અહેવાલ લેખન**

દરેક જૂથમાં એકને અહેવાલ લેખનનું કાર્ય સોંપેલ હશે તે પોતપોતાના જૂથના કાર્યનું અહેવાલ લખશે. કાર્ય સમાપ્ત થયા બાદ જૂથમાં આ અહેવાલનું વાચન થશે. જરૂરી સુધારા વધારા બાદ બધા જૂથની વચ્ચે દરેક જૂથનું અહેવાલ વાચન થશે. અહીં શિક્ષક કે કોઈપણ વિદ્યાર્થી સુધારા સૂચવી શકે અંતે સામૂહિક અહેવાલ લખાશે.

**6. મૂલ્યાંકન**

પ્રોજેક્ટ શરૂ થાય ત્યારથી અહેવાલ વાચન સુધી મૂલ્યાંકન ચાલુ જ રહે છે જેમ કે :-

- શિક્ષક પ્રગતિશીલ વિદ્યાર્થીઓની કાર્ય કરવાની ખાસિયતો, સ્વભારત, સહકાર, નેતૃત્વ જેવી બાબતોનું મૂલ્યાંકન કરતાં રહે છે.
- વિદ્યાર્થીઓના કાર્ય દ્વારા તૈયાર થયેલ સામગ્રીનું મૂલ્યાંકન
- મૂલ્યાંકન કસોટી દ્વારા મૂલ્યાંકન

પ્રોજેક્ટ-પદ્ધતિના દાર્શનિક આધાર ઉપરાંત મનોવૈજ્ઞાનિક આધાર તરીકે જ્ઞાનગ્રહણના ત્રણ નિયમોની પૃષ્ટિ મળે છે એ નોંધવું જોઈએ. જેવાં કે :-

**1. તત્પરતાનો નિયમ (Law of Readiness)**

બાળકની શીખવા માટેની ઉત્સુકતા હોય તત્પરતા હોય તો તે સાહજિકતાથી શીખે છે. વળી, જ કંઈ શીખવાથી બાળકની આવશ્યકતા, જરૂરિયાત, પૂરી થતી અનુભવાય, તેવું શીખવાની બાળકની તત્પરતા વધતી હોય છે. સ્વયંપ્રેરિત પ્રવૃત્તિમાં બાળકોની તત્પરતા નોંધપાત્ર હોય છે.

**2. અભ્યાસનો નિયમ (Law of Readiness)**

જ્ઞાનની વ્યાખ્યામાં જ જાણવું + કરવું વ્યવહારમાં મૂકવું એવો અર્થ સમાયેલો છે. જેથી જ્ઞાનનું સ્વરૂપ વ્યવહારાત્મક કે વ્યવહાર સિદ્ધ છે, જ્ઞાનને આત્મસાત્ કરવા, મનો પ્રક્રિયાના અંગરૂપ સાધવા આચાર-આયાસ મહાવરો-અભ્યાસને અનિવાર્ય ગણવામાં આવ્યો છે. પ્રોજેક્ટ જ્ઞાન, પ્રવૃત્તિ કે કાર્યની નીપજરૂપ હોય છે અને તેનો વિનિયોગ પણ થતો રહે છે.

3. **સંતોષનો નિયમ (Low of Effect)**

બાળકોની તત્પરતા-પ્રવૃત્તિ અને તેના કારણે સંતોષાતી આવશ્યકતાઓના કારણે અનુભવાતો સંતોષ-વધુ કાર્ય પ્રવૃત્તિ માટે અને વધુ સંતોષ મેળવવા માટે બાળકોને તત્પર જ રાખે છે. આ પદ્ધતિ વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ, રચનાત્મકવૃત્તિ કજિયાખોરવૃત્તિ, આત્મપ્રકાશનવૃત્તિ વગેરે વૃત્તિઓને કાર્યરત કરે છે. પરિણામે વિદ્યાર્થીના અજ્ઞાત મનમાં રહેલી લઘુતાગ્રંથિને દૂર કરવામાં પણ મદદરૂપ બને છે.

આમ, આ પદ્ધતિના મનોવિજ્ઞાનનું સમર્થન મળે જ છે. વળી પ્રોજેક્ટ-પદ્ધતિથી શીખનારને આ ફાયદા પણ થાય છે.

પ્રોજેક્ટ-પદ્ધતિની મર્યાદાઓ

- પ્રોજેક્ટ-પદ્ધતિની શિક્ષણકાર્ય નિમિત્તે કેટલીક વાસ્તવિક મર્યાદાઓ પણ અનુભવાય છે.
- અભ્યાસક્રમનાં બધાં જ વિષયો, વિષયાંગોને આ પદ્ધતિએ શીખવી અભ્યાસક્રમ પૂરો શીખવવાનું મુશ્કેલ છે.
- પ્રવૃત્તિ, ક્રિયા આધારિત જ્ઞાન પણ મર્યાદિત જ રહે છે. કારણ પ્રોજેક્ટની કામગીરી જેટલું જ જ્ઞાન મળે છે. બધું જ જ્ઞાન પ્રવૃત્તિથી-પ્રોજેક્ટથી મેળવાય એમ કરવું કઠિન છે.
- પ્રોજેક્ટ કાર્ય દરેક વિષયના શિક્ષણ અપનાવી શકાય પણ તે ખર્ચાળ બને, વળી તેનું સાતત્ય જાળવવું, પાઠ્યક્રમ અને સમયપત્રકનું પાલન કરવું. નવા નવા પ્રોજેક્ટ હાથ ધરવા વગેરે અંગેની સમસ્યાઓને કારણે પ્રોજેક્ટ-પદ્ધતિને સંસ્થાગત કરવાનું શક્ય ન બને. પરિણામે એનાથી વિદ્યાર્થી પક્ષે મળતા કાયમી લાભ પણ મળતાં નથી.

પ્રોજેક્ટ પદ્ધતિનો વિનિયોગ અને શિક્ષકની ભૂમિકા

આ પદ્ધતિએ શિક્ષણકાર્ય કરવામાં શિક્ષકની નૈતિક, વ્યાવસાયિક જવાબદારી વણી બધી જાય છે.

1. પ્રોજેક્ટ-વિષયોનો નિર્ણય લેવાથી માંડી સિદ્ધાંત પ્રવૃત્તિઓમાં માર્ગદર્શનની ભૂમિકા અનિવાર્ય બની રહે છે.
2. વિદ્યાર્થીઓ સાથેના સંબંધો સામાન્ય રીતે વર્ગશિક્ષણના સંબંધો કરતાં વિશેષ અને ઘનિષ્ઠ રીતે વિકસે છે જે શિક્ષકની ભૂમિકાને પડકારરૂપ પણ બને છે.
3. શિક્ષકની ભૂમિકા પ્રોજેક્ટના અવલોકનની, વિદ્યાર્થીઓને અભિપ્રેરિત અને કાર્યરત રાખવાની, તેમજ કાર્યસહકાર જાળવી રાખવાની અને તેને માટેની કાર્યનિષ્ઠા જાળવી રાખવાની હોય છે.
4. શિક્ષકની જ્ઞાનમીમાંસા, માહિતી સમૃદ્ધિ, નેતૃત્વની ક્ષમતાઓ, માનસિક સ્વાસ્થ્ય તેમજ સર્જનાત્મક નિરીક્ષણ યા અવલોકન વગેરે સક્રિય રાખવાની ભૂમિકા અનિવાર્ય છે.

પ્રોજેક્ટ પદ્ધતિની સફળતાનો માપદંડ :-

પ્રોજેક્ટ-પદ્ધતિએ થતા શિક્ષણકાર્યની સિદ્ધિને સફળતાને નીચેના માપદંડના આધારે સમજાવી શકાય

1. પ્રવૃત્તિ/કાર્યના અનુભવોની ગુણવત્તા
2. પ્રવૃત્તિ/કાર્યના અનુભવોની ગુણવત્તા
3. ઉપયોગી અને વ્યવહારુ હેતુઓ
4. અનુભવોથી મળતા લાભ/ફાયદા
5. આર્થિક ભારણ કે જવાબદારીઓ.

પ્રોજેક્ટના નિર્ણયલક્ષી પ્રશ્નોની વિચારણા

પ્રોજેક્ટ માટેના વિષય વિષયાંગ પસંદગી માટે નીચેના જેવા પ્રશ્નોની વિચારણા કરવી જોઈએ.

1. પ્રોજેક્ટ વિષય-વિષયાંગની યોગ્યતા અને તેનું શૈક્ષણિક મૂલ્ય છે.
2. વિષય-વિષયાંગ પ્રોજેક્ટ કાર્યનુભવોને પડકારરૂપ છે તેના પ્રયત્નો શૈક્ષણિક ગુણવત્તા ધરાવે છે.
3. વિદ્યાર્થીઓની જરૂરિયાત, રસ, ક્ષમતાઓને માન્ય છે.
4. પ્રોજેક્ટ માટે આર્થિક જોગવાઈઓ, વસ્તુ, વિષયવસ્તુ વગેરે પ્રાપ્ય છે ?
5. એ અમલયોગ્ય અને ક્રિયાત્મક છે ?
6. તેનો નિર્ણય/પસંદગી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી છે ?
7. સમયમર્યાદામાં પૂર્ણ કરી શકાશે ?
8. તેના દ્વારા નિશ્ચિત ધ્યેયો અને ધ્યેયલક્ષી પ્રવૃત્તિઓ સિદ્ધ થાય છે ?

**ભાષાશિક્ષણ માટે પ્રોજેક્ટ પદ્ધતિનો વિનિયોગ**

માતૃભાષા શિક્ષણ માટે પ્રોજેક્ટ પદ્ધતિનો વિનિયોગ કરવા માટે નીચેના જેવાં વિષયાંગો સ્વીકારી શકાય.

- સાહિત્યકારો અને જીવન-કવન
- પ્રેમાનંદના આખ્યાનોમાં સમાજદર્શન
- સુધારકયુગના સાહિત્યકારો
- સાક્ષરયુગના સાહિત્યકારો
- સાક્ષરયુગના સાક્ષરો : જીવન અને કવન
- નર્મદનો જમાનો
- ગુજરાતી કાવ્યપ્રકારો
- ગુજરાતી ખંડકાવ્યો
- ગાંધીયુગનું સાહિત્ય
- ગિજુભાઈનાં બાળકાવ્યો
- ગુજરાતનું ગરબા સાહિત્ય
- જોડણી શિક્ષણ
- ગુજરાતી લોકસાહિત્યમાં લોકજીવન
- ગુજરાતી ભક્તિસાહિત્ય
- હસ્તાક્ષર સુધારણા
- ગુજરાતી હાઈકુસાહિત્ય
- સુરેશ જોષીની વાર્તાકલા
- કાલેલકરનું પ્રવાસ સાહિત્ય

**7.3.4 આગમન પદ્ધતિ**

**પ્રસ્તાવના**

આગમન પદ્ધતિમાં વિવિધ અનુભવોનો ઉપયોગ કરીને નિયમો તારવવામાં આવે છે.

**આગમન પદ્ધતિ અર્થ/સંકલ્પના**

આ પદ્ધતિમાં સમાજમાં કેટલાક વિદ્યાર્થીઓ વિશિષ્ટથી સામાન્ય તરફ જાય છે. વિશિષ્ટ ઉદાહરણોને આધારે વિદ્યાર્થીને સામાન્ય નિયમન કે સિદ્ધાંતોનું જ્ઞાન આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ પર કોઈ

સિદ્ધાંત કે નિયમ ઠોકી બેસાડવામાં આવતો નથી, પણ શિક્ષક વિદ્યાર્થીઓ સમક્ષ ઘણાં ઉદાહરણો રજૂ કરે છે. આ વિશિષ્ટ ઉદાહરણો પરથી વિદ્યાર્થીઓ સામાન્ય નિયમો, સત્યો કે સિદ્ધાંતો તારવે છે. જોયસના મતાનુસાર આગમન પદ્ધતિએ વિશેષ દૃષ્ટાંત, ઉદાહરણની મદદથી સામાન્ય નિયમો પદ્ધતિસર પ્રાપ્ત કરવાની ક્રિયા છે. આ એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે. આ પદ્ધતિમાં શિક્ષણના બે સિદ્ધાંત સૂત્રોનો અમલ થઈ શકે છે.

1. વિશિષ્ટથી સામાન્ય તરફ જવું.
2. સ્થૂળથી સૂક્ષ્મ તરફ જવું.

વિદ્યાર્થીઓને શિક્ષક વિવિધ ઉદાહરણ આપે છે. તેથી તેને આધારે સામાન્ય બાબતો તારવી તેનો પ્રકાર નક્કી કરી શકાય છે. આમ, વિવિધ ઉદાહરણો પરથી વિદ્યાર્થીઓ સરળતાથી સામાન્યીકરણો તારવી શકે છે.

**આગમન પદ્ધતિનાં સોપાનો**

1. વિદ્યાર્થી સમક્ષ ઉદાહરણ રજૂ કરવાં.
2. વિદ્યાર્થીઓ રજૂ થયેલ ઉદાહરણનું નિરીક્ષણ કરી તુલના દ્વારા સમાનતા કે ભેદતા ચકાસે છે.
3. ઉદાહરણ પરથી નિયમની તારવણી કે રચના નિયમીકરણ કરાય છે.
4. પ્રાપ્ત નિયમ કે સિદ્ધાંતની ચકાસણી બીજાં વધુ ઉદાહરણની મદદથી કરી શકાય.

**આગમન પદ્ધતિનું મહત્ત્વ**

આ પદ્ધતિનું મહત્ત્વ નીચે પ્રમાણે દર્શાવી શકાય.

- આ પદ્ધતિ અનુસાર વિદ્યાર્થીઓ વિવિધ ઉદાહરણો પરથી નિયમ, સૂત્ર, સિદ્ધાંત કે સત્ય તારવવામાં સક્રિય સામેલગીરી નોંધાવે છે. જેને કારણે વ્યાકરણના જ્ઞાનની સમજ સરળતાથી મેળવી શકે છે.
- આ પદ્ધતિ મનોવૈજ્ઞાનિક પરિબળ ઉપર કાર્ય કરે છે તેથી વિદ્યાર્થીઓ તાર્કિક શક્તિ વિકસે છે.
- વિદ્યાર્થીઓ તર્ક બદ્ધ વિચારણા કરી નિયમોની તારવણી, ચકાસણી કરી શકે છે.
- આ પદ્ધતિથી મેળવેલું જ્ઞાન વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ ધરાવવામાં મદદ કરે છે. વિદ્યાર્થી સ્વયંપ્રેરણા મેળવે છે ને નિર્ણયની તારવણી પણ કરી શકે છે.
- વિદ્યાર્થીઓ સ્વપ્રયત્નથી ચકાસણી કરી શકતા હોવાથી તેમને આનંદ અને સંતોષની લાગણીની અનુભૂતિ થાય છે.
- આ પદ્ધતિમાં ગોખણપટ્ટીને કોઈ અવકાશ નથી.
- વિદ્યાર્થીઓની વિચારવાની શક્તિ વિકસે છે. તેને કારણે સ્મૃતિ શક્તિનો ગાળો લાંબો રહે છે.

**મર્યાદાઓ**

- આ પદ્ધતિમાં વ્યાકરણ શિક્ષણના વિવિધ સિદ્ધાંત, સૂત્રો નિયમોની તારવણી માટે કાયમ વધુ પ્રમાણમાં ઉદાહરણ આપવાં પડે છે. જો કે એક/બે ઉદાહરણ પરથી વિદ્યાર્થીઓ નિર્ણય તારવી શકતા નથી.
- આ શિક્ષણ પદ્ધતિમાં સમય વધુ લાગે છે.
- ઘણીવાર ઉદાહરણનું પ્રમાણ વધુ અપાય છે ત્યારે ક્યારેક વિદ્યાર્થીઓમાં નીરસતા પણ આવવાની શક્યતા રહેલી છે.
- હોશિયાર વિદ્યાર્થી માટે પડકારરૂપ બનતી નથી.
- શિક્ષકે આ પદ્ધતિથી શિક્ષણ કાર્ય કરવામાં ઘણું ધૈર્ય રાખવું પડે છે.

### 7.3.5 નિગમન પદ્ધતિ

**સંકલ્પના :** અમૂર્ત પરથી મૂર્ત અને સામાન્યથી વિશિષ્ટને સમજવાની પ્રક્રિયા થાય છે. ત્યારે નિગમન પદ્ધતિનો ઉપયોગ થયો એમ કહી શકાય. આ પદ્ધતિમાં સૌ પ્રથમ નિયમો, સત્યો, કે સિદ્ધાંતો રજૂ કરવામાં આવે છે. પછી વિવિધ ઉદાહરણો પરથી તારવેલા નિયમો સત્યો કે સિદ્ધાંતોની ચકાસણી નિગમન દ્વારા કરવામાં આવે છે. નિગમન એટલે નીપજ, જે શિક્ષણ આપે તેની નીપજ, વિદ્યાર્થીઓ પાસેથી મેળવી શકાય, એટલે વિદ્યાર્થીને અપાયેલા કે વિદ્યાર્થીઓએ મેળવેલાં અનુભવને આધારે સત્ય પારખતાં શીખે છે.

નિગમન પદ્ધતિનું મહત્ત્વ

- નિગમન પદ્ધતિમાં વ્યાકરણના કોઈ નિયમો કે સિદ્ધાંતો ચકાસવા માટે આપતાં ઉદાહરણ બેથી ત્રણ પૂરતાં થઈ રહે છે. તેથી શિક્ષણકાર્યમાં સમયનો બચાવ થાય છે.
- નિયમ સિદ્ધાંત કે સત્યતા વ્યાકરણના નિયમ મુજબ નક્કી કરેલ છે. તેથી શિક્ષકને ખાસ મહેનત કરવી પડતી નથી.
- જ્ઞાન પ્રાપ્તિની ગતિ ધરાવે છે તેની અભ્યાસક્રમ પૂરો થઈ શકે છે.
- ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે આ પદ્ધતિ ઉપયોગી બની શકે છે.
- આ પદ્ધતિમાં પુનરાવર્તનનો મહાવરો થાય છે.
- વિદ્યાર્થીઓ પાસેથી દૃઢીકરણ પણ સારું કરાવી શકાય છે તેથી ઉપયોગી બની રહે છે.
- વિદ્યાર્થીઓ નિયમો કે સિદ્ધાંત ઉપરથી સૂત્ર આપે છે. તેથી સ્મૃતિ શક્તિ વિકસાવી શકાય છે.
- કાર્ય કારણનો સંબંધ સ્થાપી શકાય છે.
- આગમન પદ્ધતિની મર્યાદાઓ દૂર કરે છે.

**મર્યાદાઓ**

નિગમન પદ્ધતિની નીચેના જેવી કેટલીક મર્યાદાઓ પણ છે :-

- પ્રારંભમાં જ વ્યાકરણના નિયમ/સિદ્ધાંત/સૂત્ર આપી દેવાથી બાળક માટે તેને સમજવું મુશ્કેલ બને.
- નિયમ કેવી રીતે આપ્યો તેની જાણ હોવાથી વિદ્યાર્થીઓની તર્ક શક્તિ કે સમજશક્તિ અવરોધાય છે.
- સતત દૃઢીકરણ કરાવવાને કારણે ગોખણપટ્ટીને ઉત્તેજન મળી શકે છે.
- આ પદ્ધતિ મનોવૈજ્ઞાનિક ન ગણાય કારણ કે અહીં સામાન્ય પરથી વિશિષ્ટ કે અમૂર્ત પરથી મૂર્ત પર જવાના નિયમનો ઉપયોગ થાય છે.
- વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ કેળવાતો ન હોવાથી આત્મ નિર્ભરતાની ભાવના પણ કેળવાતી નથી.
- જે વિદ્યાર્થીઓની સ્મરણ કક્ષા કે યાદ રાખવાની શક્તિ સારી નથી તે વિદ્યાર્થીઓ ઉદાહરણ આપી શકતાં નથી.

**માતૃભાષાના શિક્ષણમાં આગમન-નિગમન પદ્ધતિનો વિનિયોગ**

આગમન-નિગમન પદ્ધતિ એકબીજાંની વિરુદ્ધ થતી પદ્ધતિ હોવા છતાં એકબીજાની વિરોધી નહિ, પરંતુ પૂરક પદ્ધતિઓનો એક સાથે વર્ગ શિક્ષણમાં ઉપયોગ કરવામાં આવે તો શિક્ષણ વધુ અસરકારક બને છે વર્ગ શિક્ષણ દરમ્યાન સૌ પ્રથમ સિદ્ધાંતોની તારવણી કર્યા બાદ વિદ્યાર્થીઓ પાસેથી બીજા અન્ય ઉદાહરણો મેળવીને તેના દ્વારા કે નિયમ કે સિદ્ધાંતોની વિશેષ સમજ આપવી જોઈએ. ક્યારેક ચિંતનાત્મક ગદ્ય સ્વરૂપની કૃતિ હોય તો આ પદ્ધતિ શિક્ષકને ઉપયોગી શકે. આપણે એક દૃષ્ટાંત લઈ આ બાબત વિચારીએ.

**વિષયાંગ દ્વંદ્વ સમાસ**

શિક્ષક શરૂઆતમાં કા.પા. પર કે રોલઅપ પર નીચેનાં જેવાં વાક્યો બાળકોને વાંચવા આપશે.

- તમારું પરિણામ બે-ત્રણ દિવસમાં મળી જશે.
- રામ-સીતા વનમાં જાય છે.
- શિવજીના મંદિરની આગળ-પાછળ કરણ ઊગી નીકળી છે.
- વર્તમાનપત્રમાં આજ-કાલ અણુકરાર સંધિની જ ચર્ચા છે. આ વાતોમાં જે શબ્દો ઘણાં કરેલ છે તે શબ્દ વાંચો. જોડાયેલાં પદો છે. તેમની વચ્ચે સમાનતાનો સંબંધ છે. દા.ત.બે દિવસમાં તે ત્રણ દિવસમાં તમારું પરિણામ મળી જશે.

  રામ અને સીતા વનમાં જાય છે.
- શિવજીના મંદિરની આગળ કે પાછળ કરણ ઊગી નીકળે છે. આ રીતે વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર તારવણી રશે. આવી શિક્ષક પ્રશ્નોત્તર કરી શકે છે. આ વાત થઈ આગમન પદ્ધતિની

જ્યારે નિગમન પદ્ધતિમાં શિક્ષક શરૂઆતમાં દ્વંદ્વ સમાન કોને કહેવાય તે સિદ્ધાંત સમજાવી દેશે સિદ્ધાંત ઉપરથી વિદ્યાર્થીઓને ઉદાહરણ આપશે. વિદ્યાર્થીઓ આવાં બીજા ઉદાહરણ આપશે. અને તે પરથી મળેલ અનુભવ પરથી નીપજ મેળવી શકશે.

શિક્ષકે બંને પદ્ધતિઓનો સાથોસાથ જ ઉપયોગ કરવો જોઈએ. પ્રથમ આગમનનો ઉપદેશ કરી નિયમ અને સિદ્ધાંત તારવી દે તે પછી તુરત જ નિયમન સિદ્ધાંતને અનુરૂપ દૃષ્ટાંતો આપવા કહી શકે. જેથી શિક્ષણ વધુ અસરકારક બને. આગમન-નિગમનનો સંયુક્ત ઉપયોગ કરવાથી શિક્ષણ સુંદર બની શકે છે.

### 7.3.6 જૂથ ચર્ચા પદ્ધતિ

**અર્થ/સંકલ્પના**

જૂથ ચર્ચા પદ્ધતિએ જૂથ અભ્યાસ પદ્ધતિનો એક પ્રકાર છે. એકમના કોઈ એક વિચાર, સમસ્યા કે સંકલ્પનાઓ વિષે વિદ્યાર્થીઓના જૂથ દ્વારા થતી ચર્ચા એટલે જૂથ ચર્ચા પદ્ધતિ જૂથ ચર્ચા પદ્ધતિમાં બે બાબતો સમાવિષ્ટ છે. (1) તેમાં ચર્ચાનું તત્ત્વ હોય છે. (2) જૂથમાં વહેંચાઈને ચર્ચા કરવાની હોય છે.

જૂથ ચર્ચાની વ્યાખ્યા આપતાં વેબ્સટર કહે છે કે કોઈપણ પ્રશ્ન, સમસ્યા કે મુદ્દાને તેની દરેક બાબતોનો વિચાર કરવો, તેનું અવલોકન, પૃથક્કરણ કરવું તેનું નામ ચર્ચા.

આ પદ્ધતિ દ્વારા માતૃભાષાનો કોઈ એકમ કે પેટા એકમ શીખવા માટે સમગ્ર વર્ગમાં સંખ્યા આધારિત બુદ્ધિકક્ષા પ્રમાણે ચાર કે પાંચ જૂથમાં ચર્ચા કરે, તેના જૂથના સભ્યોને યોગ્ય માર્ગદર્શન આપતા રહે અને જૂથના કોઈ સભ્યોથી વિષયાંતર ન થાય, ગેરશિસ્ત ન આચરે તે માટે નેતૃત્વનું કાર્ય જૂથ નેતા સંભાળે છે. આ જૂથમાં એક વૃત્તાંત નિવેદન (રિપોર્ટર) પણ હોય છે. જે ચર્ચા અંગે નોંધ કરી અહેવાલ તૈયાર કરે છે. આ ચર્ચા કોઈ એક સમસ્યા કે મુદ્દાને ધ્યાનમાં રાખી યોજવામાં આવે છે. જૂથો એકબીજાંને સહકાર આપે છે અને પોતાને ફાળે આવેલ ચર્ચાના મુદ્દાનું પૃથક્કરણ કરે છે.

**જૂથચર્ચા પદ્ધતિની કાર્ય પદ્ધતિ/તાસ ફાળવણી**

જૂથચર્ચા પદ્ધતિની કાર્ય પદ્ધતિ અંગે શિક્ષકે સતત તકેદારી રાખવાની છે. શિક્ષકના માર્ગદર્શન હેઠળ જૂથમાં ચર્ચા થાય છે. તેથી શક્યતઃ પદ્ધતિની મંડળી અને તાસ- ફાળવણી પણ શિક્ષકે વિચારવી પડે તો આ રીતે કાર્ય પદ્ધતિ તાસ પ્રમાણે ફાળવી શકાય.

તાસ-1 શિક્ષક જૂથ માટેનો કોઈ એક પ્રશ્ન સમસ્યા, વિચાર મુદ્દાને વિદ્યાર્થીઓ સમક્ષ પ્રસ્તુત કે રજૂ કરે છે.

આ વિચાર મુદ્દા આધારિત શિક્ષક વર્ગની સંખ્યા પ્રમાણે બુદ્ધિ કસોટી લઈ બુદ્ધિકક્ષા પ્રમાણે વિદ્યાર્થીઓના સમાન બુદ્ધિકક્ષાવાળાં જૂથ બનાવે.

તાસ-2 જૂથમાં વિદ્યાર્થીઓ વહેંચાઈ મુદ્દા કે સમસ્યાની વિચારણા કરે છે.

તાસ-3 જૂથ નેતા નિયંત્રણ રાખે છે. નેતૃત્વ પૂરું પાડે છે.

વિદ્યાર્થીઓના વિચારોનું સંકલન થાય. વૃત્તાંત નિવેદક પોતાના જૂથમાં થયેલ સભ્યોના વિચારોનું સંકલન કાર્ય નોંધે કે અહેવાલ તૈયાર કરે છે. વર્ગખંડની બહાર પણ જૂથમાં સભ્યો ચર્ચા કરી શકે.

તાસ-4 બધા જૂથના સભ્યો વર્ગખંડમાં એકત્ર થાય. શિક્ષકની સૂચનાથી બધા જૂથના કાર્યનું અહેવાલ વાંચન ક્રમશઃ જૂથ પ્રમાણે થાય. વૃતાંત નિવેદનના અહેવાલ વાંચન ઉપરથી દરેક જૂથના સભ્યોને બીજા જૂથની કામગીરીની માહિતી મળી શકે છે.

તાસ-5 સમસ્યા/ચિંતન ઉપરથી શિક્ષક મૂલ્યાંકન કસોટી પ્રયોજે, જે મુદ્દા ઉપરની ચર્ચા બરાબર ન થઈ તે મુદ્દા ઉપર શિક્ષક વિશેષ છણાવટ કરે. આ રીતે 5 અથવા 6 માસમાં કાર્ય પદ્ધતિ યોજી શકાય.

**જૂથ ચર્ચા પદ્ધતિનું મહત્ત્વ**

જૂથ ચર્ચા પદ્ધતિ અધ્યેતાકેન્દ્રી નૂતન અભિગમ ધરાવતી પદ્ધતિ છે તેની મહત્ત્વની નીચે મહત્ત્વતા દર્શાવી છે.

- લોકશાહી રીતે ચર્ચા કરવાની આવડતનો વિકાસ થાય છે.
- પરસ્પર સહકાર કેળવતાં થાય છે.
- એકબીજાંના વિચારો સમજવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે.
- નેતૃત્વના ગુણો વિકસાવી શકાય છે.
- વિદ્યાર્થીઓ જૂથમાં રહીને શિક્ષણ કાર્ય કરે તેથી સંઘભાવના વિકસે છે. એકબીજાંને મદદ કરવાનો ગુણ વિકસાવે છે.
- વિદ્યાર્થીઓમાં સમૂહમાં બોલવાની અને બીજાના વિચારો ધીરજપૂર્વક સાંભળવાની તેમજ સ્વીકારવાની તાલીમ મળે છે.
- સહકારથી અને ધીરજથી કાર્ય કરવાની ટેવ પાડે છે.
- દરેક વિદ્યાર્થીને મુક્ત ચર્ચા કરવાની તક મળતી હોવાથી મૌખિક અભિવ્યક્તિ વિકસે છે.
- વિદ્યાર્થીમાં શરમ/સંકોચ દૂર કરાવી શકાય છે.
- નબળા વિદ્યાર્થીઓ પણ જૂથમાં સામેલ થવાથી તેઓ સ્વતંત્ર રીતે સહકારથી મુદ્દાની સમજ મેળવી શકે છે.
- વિચારોનું સંકલન કરવાની તાલીમ મળે છે.
- વિચારોને અહેવાલ સ્વરૂપે રજૂ કરવાની ક્ષમતા કેળવે છે.

**મર્યાદાઓ**

- જૂથ ચર્ચા અધ્યેતાકેન્દ્રી પદ્ધતિ હોઈ તેની અનેક મર્યાદાઓ પણ રહેલી છે જે નીચે મુજબ છે. નીચે લઈ જાઓ જો પદ્ધતિ અમલ વખતે જૂથના સભ્યોની બુદ્ધિ કક્ષા પ્રમાણે વહેંચણી નહીં કરવામાં આવે તો કેટલાંક જૂથ નિષ્ફળ બની રહે છે.
- જૂથમાં ચર્ચા કરવા માટે અલગ અલગ જગ્યાની જરૂર પડે છે. પૂરતી જગ્યા ન હોય તો, બેઠક વ્યવસ્થા બરાબર ન હોય તો શિક્ષક ગમે તેટલાં સારા પ્રયત્નો કરે પણ આ પદ્ધતિ અભ્યાસ ગત નીવડતી નથી.
- શિક્ષકનું માર્ગદર્શન ઘણું ઉપયોગી બને છે. શિક્ષકે સમસ્યા ઉકેલ માટે કઈ રીતે ચર્ચા કરવી/ નેતા/રિપોર્ટર વગેરેની સમજ ન આપી હોય તો પણ પદ્ધતિ બિનઅસરકારક પુરવાર થાય છે.
- બધા વિદ્યાર્થી સક્રિયપણે ભાગ લેતાં નથી.

- એક જ જૂથમાં ઘણીવાર વિદ્યાર્થીઓ એક બીજા પ્રત્યે પૂર્વગ્રહ રાખી બેઠા હોય તો તે સમયે સમસ્યા/ઉકેલ/ચર્ચા કારગત નીવડતી નથી. કારણ કે તેમાં અપેક્ષા વધુ જોવા મળે છે.
- જૂથ ચર્ચા પદ્ધતિમાં સળંગ ચાર-પાંચ તાસની જરૂર પડે જો સમય પત્રકમાં ફેરફાર ન કરી શકાય તો આ પદ્ધતિનું કાર્ય સાર્થક બનતું નથી.
- ઓછી સંખ્યાવાળા વર્ગમાં આ પદ્ધતિથી શિક્ષણકાર્યમાં ચર્ચા થશે જ એવું કહી શકાય નહીં.
- ઘણીવાર વિદ્યાર્થીઓના અંદરો અંદરના મતભેદને કારણે શિસ્ત જોખમાવવાનો ભય રહે છે.
- જો કે આ પદ્ધતિ ધારીએ એટલી સરળ નથી, છતાં શિક્ષક તૈયારી સાથે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપે તો વર્ગ શિક્ષણકાર્યમાં આ પદ્ધતિ અસરકારક બને છે.

**જૂથ ચર્ચા પદ્ધતિમાં શિક્ષકની કામગીરી**

આ પદ્ધતિ વિદ્યાર્થી કેન્દ્રી છે, વિદ્યાર્થીઓ જૂથમાં વહેંચાઈ ચર્ચા કરે છે, છતાં સરળતાનો આધાર શિક્ષકની કામગીરી પર રહેલો છે. જૂથ ચર્ચા પદ્ધતિના અમલ માટે શિક્ષકે નીચે જેવી કામગીરી કરવી આવશ્યક છે. :-

- જૂથ ચર્ચા માટેનો વિષય નક્કી કરી સમગ્ર કાર્યનું આયોજન કરે.
- વર્ગમાં જૂથ ચર્ચા માટેના વાતાવરણનું સર્જન કરે.
- પેટા એકમોને ધ્યાનમાં રાખી સમાન જૂથ બનાવે.
- એકમની ચર્ચા માટે વિદ્યાર્થીઓને સંદર્ભ પુસ્તકો પૂરાં પાડે.
- વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપે.
- જૂથ કાર્યનું સતત નિરીક્ષણ કરે.
- જૂથ કાર્યનું મૂલ્યાંકન કરે.

આમ જૂથ ચર્ચા પદ્ધતિમાં શિક્ષકની ભૂમિકા પણ ખૂબ જ અસરકારક છે. આ પદ્ધતિમાં શિક્ષક અને વિદ્યાર્થીઓ બધાની બરાબર તૈયારી હોય અને સફળ આયોજન હોય તો જૂથ ચર્ચા દ્વારા સફળ રીતે શિક્ષણ કાર્ય થઈ શકે.

### 7.3.7 નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ

**પ્રસ્તાવના**

અધ્યેતા કેવી રીતે વધુ સારું શીખી શકે અને શિક્ષક કેવી રીતે વધુ સારું શીખવી શકે એ મૂંઝવતો પ્રશ્ન રહ્યો છે. આ પ્રશ્નનો જવાબ આપણને પ્રો.હોલકવેસ્ટે 1961માં આપ્યો. તેઓ અમેરિકાની સિનસિનારી યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે કામગીરી દરમ્યાન 'સુપરવાઈઝર સ્ટડી' નામનું પુસ્તક તૈયાર કર્યું. આ પુસ્તકમાં એમણે પ્રતિપાદિત કર્યું કે બાળક જો શિક્ષકના નિરીક્ષણ હેઠળ જાતે અભ્યાસ કરે તો તેને જ્ઞાન પ્રાપ્ત થાય જ, સાથે અધ્યયન કેવી રીતે કરવું ? શીખવું કેવી રીતે તેની ? પણ તેને તાલીમ અને દૃષ્ટિ મળી રહે છે અને અધ્યાપન પ્રક્રિયા વધુ અસરકારક, ફળદાયી અને વેગીલી બને છે. આજે સૌ શિક્ષણ શાસ્ત્રીઓ શીખવા પર વધુ ભાર મુકે છે, શીખવવા પર નહિ. અધ્યેતાને સ્વ પ્રયત્ને શીખતો કરવા માટે નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ અસરકારક બની શકે છે.

અર્થ/સંકલ્પના પ્રો.એ.એલ.હોલકવેસ્ટે, આ પદ્ધતિની દેણગી આપી. તેમણે પોતાના પુસ્તક 'સુપરવાઈઝર સ્ટડી'માં જે સંકલ્પના દર્શાવી તે આધારે પ્રા.ચાલકોની આ પદ્ધતિની સંકલ્પના નીચેના શબ્દોમાં સ્પષ્ટ કરી છે.

'Usally Supervised class is considered a part of organised class periods in which students works individually at their taskse usually the teacher moves among the class ready to give assistance."

વળી, ગ્રેમમ્સ કાર (મોઝીદ) અને ફીચ (Fitch) આ પદ્ધતિ વિશે લખે છે.

"Simpel Assignments caried on in the classroom umder the watchful eye and hleping assistiang in traslating theory in to Practice."

ટૂંકમાં, આ પદ્ધતિ હેતુલક્ષી અને બાળકેન્દ્રી છે. વિદ્યાર્થીઓમાં શીખવવાની રુચિ અને શક્તિમાં રહેલી ભિન્નતાનો એમાં સ્વીકાર થયો છે.

ઉપરની વ્યાખ્યા આધારિત તેની સંકલ્પના આ મુજબ કરી શકાય.

નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિમાં વિદ્યાર્થીઓને સ્વાધ્યાયની સોંપણી કરવામાં આવે છે.

- વિદ્યાર્થીઓ સ્વપ્રયત્ને વ્યક્તિગતરીતે સ્વાધ્યાયોનો ઉકેલ શોધે છે.
- શિક્ષક પોતાના વર્ગના વિદ્યાર્થીઓ સ્વાધ્યાય કાર્ય કરતાં હોય ત્યારે તેમના કાર્યનું સતત નિરીક્ષણ કરતાં રહે છે.
- હરપળ વિદ્યાર્થીઓને સહાયભૂત થવા તત્પર રહે.
- સૈદ્ધાંતિક માહિતીનું વ્યવહારમાં સંક્રમણ થાય છે.
- અધ્યેતા જે કંઈ પણ શીખે છે તે પ્રવૃત્તિ દ્વારા શીખે.
- સ્વપ્રયાસે શીખે અને સ્વગતિએ શીખે.
- વિદ્યાર્થીઓની આંતરસૂઝ વિકસે અને વિદ્યાર્થીઓની શીખવાની પ્રક્રિયામાં તેમની વ્યક્તિગત ભિન્નતા રહેલી છે. તેવી બાબતોનો સ્વીકાર કરવામાં આવે છે.

**નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિની ઉપયોગિતા**

નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિમાં વર્ગમાંજ શિક્ષકના માર્ગદર્શન અને નિરીક્ષણ હેઠળ વિદ્યાર્થીઓને સ્વાધ્યાયકાર્યની સોંપણી અને તેનો અમલ સૂચવતી આ પદ્ધતિની ઉપયોગિતા ખૂબ જ વધી જાય છે.

- આ પદ્ધતિના ઉપયોગને પરિણામે વિદ્યાર્થીઓના વૈયક્તિક તફાવતો સારી રીતે જાણી શકાય છે.
- આ પદ્ધતિએ અભ્યાસ કરનારમાં આત્મવિશ્વાસ વધે છે કારણ કે બાળકની શક્તિઓની સ્વઓળખ થાય છે.
- બાળક ઊભી થતી સમસ્યા હલ કરે છે. આથી તેની તર્કશક્તિ વિકસે છે.
- અધ્યેતા સ્વાવલંબી બને છે.
- સ્વાધ્યાય વર્ગના બધા વિદ્યાર્થીઓને સક્રિય રાખે છે.
- સ્વાધ્યાય દ્વારા વિદ્યાર્થીઓ વિવિધ વિષયોના વિવિધ એકમોને સરળતાથી અને સહજ રીતે શીખે છે.
- નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિમાં બાળકો ઉપર રોકટોક ન હોવાથી તેનું સન્માન જળવાઈ રહે છે. પરિણામે બાળકમાં લઘુતાગ્રંથિ આવતી નથી.
- વર્ગ શિક્ષણની પદ્ધતિની મર્યાદાઓ દૂર કરાવી શકાય છે.
- બાળકો સ્વપ્રયત્ને નવું જ્ઞાન કે નવી માહિતી પ્રાપ્ત કરે છે. સ્વપ્રયત્ને માહિતી શોધવાની, શિક્ષણ મેળવવાની સાચી પદ્ધતિની તાલીમ પણ મેળવે છે.
- શિક્ષણકાર્ય શિક્ષણકેન્દ્રી મટીને અધ્યેતા કેન્દ્રી બને છે.
- શિક્ષક અને વિદ્યાર્થી વધુ નજીક આવે છે.
- વિદ્યાર્થીઓમાં સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરવાની ટેવ વિકસે છે.
- દરેક બાળકને સ્વાધ્યાય કરવાની એક સરખી તક મળે છે.
- તેજસ્વી કે નબળાં એમ બંને પ્રકારના વિદ્યાર્થીઓને શિક્ષકનું માર્ગદર્શન, એમની સહાયતા મળી રહે છે.

- ક્રિયા દ્વારા શિક્ષણનો સિદ્ધાંત વાસ્તવિક રીતે અમલમાં આવે છે.
- ગૃહકાર્ય અંગેની મુશ્કેલી દૂર કરી શકાય છે.
- વિદ્યાર્થીમાં વાચન અભિમુખતા કેળવી શકાય છે.
- વ્યક્તિગત શિક્ષણ અને વર્ગ શિક્ષણનો સુભગ સમન્વય સધાય છે.

**નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિની મર્યાદાઓ**

- આ પદ્ધતિની કેટલીક મર્યાદાઓથી માહિતગાર થાય છે.
- બાળકોનો સામાજિક વિકાસ અવરોધાય થાય છે.
- સહકારની ભાવના, સહનશીલતા, સહાનુભૂતિ મૈત્રી ભાવના જેવા સામાજિક ગુણોનો વિકાસ અટકી જાય છે.
- લોકશાહીમાં મૌખિક અભિવ્યક્તિનાં ગુણો વિકસે એ અત્યંત આવશ્યક છે. જીવન વ્યવહારમાં મૌખિક અભિવ્યક્તિનું કૌશલ્ય સફળતા અપાવે છે. પરંતુ નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિમાં મૌખિક અભિવ્યક્તિના વિકાસ માટે અવકાશ નથી.
- બાળકોના રચનાત્મક કૌશલ્યના વિકાસ માટે એક પણ તક મળતી નથી.
- વ્યક્તિ શિક્ષણ પર આધારિત હોવાથી અનુકરણની તકો મળતી નથી.
- અન્ય સાથે હરીફાઈ કે સરખામણી કરવાનો અવકાશ ન હોવાથી તંદુરસ્ત સ્પર્ધા પોતાની નથી.
- નાની વયનાં બાળકો માટે/નીચલી કક્ષાનાં બાળકો માટે આ પદ્ધતિ અનુકૂળ નથી.
- નબળાં બાળકો પાછળ શિક્ષકે ઘણો પરિક્ષમ કરવો પડે છે.
- બધા વિદ્યાર્થીઓને ઉપલબ્ધ સુલભ કરી શકાય તેટલા પ્રમાણમાં સંદર્ભ સામગ્રી હોતી નથી.
- સ્વાધ્યાય રચવાનું કાર્ય સહેલું નથી. એ માટે શિક્ષકના પક્ષે ખૂબ મહેનત અને તૈયારી અપેક્ષિત છે.
- શિક્ષક બેદરકાર રહે, બે ધ્યાન રહે અને નિષ્ક્રિય રહે તો આ પદ્ધતિ સફળતાને વરે નહિ કારણ કે આ પદ્ધતિની સફળતાનો આધાર શિક્ષકની સક્રિયતા અને ચોકસાઈ પર છે.

**શિક્ષકની ભૂમિકા**

- નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિમાં શિક્ષકે વિશેષ જવાબદારી અદા કરવાની હોય છે. શિક્ષક આ પદ્ધતિના વિનિયોગ માટે નીચેની ભૂમિકા અદા કરે છે.
- શિક્ષક આયોજિત સ્વાધ્યાયોની રચના કરી તેનો અમલ કરે છે.
- વિદ્યાર્થીઓ જ્યારે અભ્યાસ કરે છે (સ્વાધ્યાય લખે છે.) ત્યારે શિક્ષક વર્ગમાં ફરતાં રહી નિરીક્ષણ કરે છે. અને વિદ્યાર્થીઓની સમસ્યાઓનું નિરાકરણ કરી માર્ગદર્શન આપે છે.
- શિક્ષણ નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય પણ કરે છે.
- વિદ્યાર્થીઓની અભ્યાસ પદ્ધતિ નિહાળી શિક્ષક તેને વધુ માર્ગદર્શન આપવા પ્રેરણા પૂરી પાડે છે.
- કોઈ મહત્ત્વના કે કઠિન અને રસપ્રદ મુદ્દાઓ વિશે સમગ્ર વર્ગનું ધ્યાન દોરે છે.
- શિક્ષક સતત સક્રિયતા દાખવે છે અને નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિના વિનિયોગ દરમ્યાન શિક્ષક નિરીક્ષક, સહાયક, આયોજક, અને માર્ગદર્શકની ભૂમિકા ભજવે છે. ટૂંકમાં, આ પદ્ધતિમાં શિક્ષકનો હિસ્સો સતત જાગૃત રહેવાનો છે.

**નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનો વર્ગખંડમાં વિનિયોગ**

આ પદ્ધતિ સ્વાધ્યાય પદ્ધતિ મળતી જ આવે છે. તેમાં સ્વ-અધ્યયનનું તત્ત્વ છે. નિરીક્ષિત સ્વાધ્યાય અભ્યાસમાં સ્વાધ્યાય ચાલુ વર્ગખંડમાં જ શિક્ષકની હાજરીમાં જ કરવાનો હોય છે. અહીં દરેક તાસમાં શરૂઆતમાં શિક્ષક થોડી પ્રસ્તાવના કરી બાળકોને જાતે કરવાનું કામ સોંપે છે. બાળકો જ્યારે સ્વપ્રયત્ને સ્વઅધ્યયન કરતાં હોય છે ત્યારે શિક્ષક વર્ગમાં નિરીક્ષણ કરતાં હોય છે. અહીં બાળકો વ્યક્તિગત તેમજ નાનાં નાનાં જૂથોમાં પણ કામ કરતાં હોય છે.

**તમારી પ્રગતિ ચકાસો**

નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર આપો.

1. સ્વાધ્યાયની નવી સંકલ્પના સમજાવો.
2. સ્વાધ્યાયની ત્રણ ગુણવત્તા દર્શાવો.
3. વ્યાખ્યાન પદ્ધતિનાં બે શૈક્ષણિક ઉદ્દેશો નોંધો.
4. વ્યાખ્યાન પદ્ધતિના બે ફાયદા જણાવો.
5. પ્રકલ્પની એક વ્યાખ્યા લખો.
6. પ્રોજેક્ટની બે મર્યાદાઓ જણાવો.
7. ભાષા શિક્ષણમાં આગમન નિગમની પદ્ધતિની બે ઉપયોગિતા જણાવો.
8. નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિના ચાર લાભ જણાવો.
9. નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિમાં શિક્ષકની મુખ્ય ભૂમિકા જણાવો.
10. જૂથ ચર્ચા પદ્ધતિનું મહત્ત્વ દર્શાવતા ચાર મુદ્દાઓ આપો.

## 7.4 સારાંશ

ભાષા શિક્ષણની વિવિધ પ્રવિધિઓ અપનાવાયી છે. કારણ કે ભાષા શિક્ષણને એ ભાષાનાં વિવિધ પ્રયોજનલક્ષી ઉપયોગો અને તેની સાર્થકતાને ધ્યેય તરીકે સ્વીકારે છે. દાર્શનિકોએ જ્ઞાનનું સ્વરૂપ, સ્ત્રોતોની વિચારણા સાથે શિક્ષણ પદ્ધતિની વિચારણા સૂચવી છે. મનોવિજ્ઞાનીઓએ માનવ ક્ષમતાઓ અને તેના વિકાસને લક્ષમાં રાખી પદ્ધતિની વિચારણા કરી છે. પરિણામે શિક્ષણ પદ્ધતિનું સ્વરૂપ અને વિકાસક્રમ પણ સમજી શકાય છે.

માધ્યમિક શિક્ષણ પંચે શિક્ષણ પદ્ધતિ અંગે વિચારણા કરી, પ્રચલિત પદ્ધતિઓની ઊણપ દર્શાવવા તેના ઉપયોગ અંગે માર્ગદર્શન પણ આપ્યું છે.

ભાષા શિક્ષણ અંગે નીચેની શિક્ષણ પદ્ધતિઓ અંગે તેના વિવિધ પાસાંઓની સમજૂતી આપી.

ભાષા શિક્ષણ માટે તેના વિનિયોગની સમજ પણ આપી છે.

- સ્વાધ્યાય પદ્ધતિ
- વ્યાખ્યાન પદ્ધતિ
- પ્રકલ્પ પદ્ધતિ
- આગમન પદ્ધતિ
- નિગમન પદ્ધતિ
- જૂથચર્ચા પદ્ધતિ
- નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ

## 7.5 સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.

1. સ્વાધ્યાયના બે માપદંડ જણાવો.
2. વ્યાખ્યાન પદ્ધતિ સાહજિક નથી પણ સાહસિક છે. સમજાવો.
3. પ્રોજેક્ટ પદ્ધતિના સોપાન સમજાવો.
4. વ્યાકરણ શિક્ષણ માટે આગમન નિગમનની ઉપયોગિતાના ચાર મુદ્દા જણાવો.
5. જૂથ ચર્ચા પદ્ધતિમાં શિક્ષકની ભૂમિકા સ્પષ્ટ સમજાવો.
6. નિરીક્ષિત અભ્યાસની મર્યાદાઓ જણાવો.

## 7.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. નવી સંકલ્પના નવો એકમ શીખવા માટે નિશ્ચિત માન્ય શૈક્ષણિક પ્રવૃત્તિ.
2. ઉત્તેજના, રસ, સ્પષ્ટતા.
3. શૈક્ષણિક ઉદ્દેશો

- એકમ અધ્યયનની પ્રેરણા આપવી
- એકમની સ્પષ્ટતા કરવી.

4. ફાયદાઓ

- મુદ્રિતને શ્રાવ્ય જીવંત બનાવી શકાય.
- વિગતે સ્પષ્ટતા કરી શકાય.

5. વ્યાખ્યા

શાળા જીવનમાં ઉતારેલો વાસ્તવિક જીવનનો અંશ.

6. મર્યાદાઓ

- બધા જ વિષયો માટે ઉપયોગી ન બને.
- પ્રવૃત્તિ/ ક્રિયા મર્યાદિત જ્ઞાન જ મળે.

7. ઉપયોગિતા

- વ્યાકરણ શિક્ષણના નિયમો, સૂત્રો, સિદ્ધાંતો, ઝડપથી યાદ રાખી શકાય છે.
- વિદ્યાર્થીઓની વિચારવાની શક્તિ વધે છે. સ્મૃતિ વધે છે.

8. નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનાં લાભો.

- વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક તફાવતો જાણી શકાય છે.
- સમસ્યા હલ કરવા માટે વિદ્યાર્થી સ્વ-પ્રયત્ન કરવા પ્રેરાય છે.
- સ્વાવલંબી બની શકે છે.
- બાળક લઘુતાગ્રંથિ અનુભવતો નથી.

9. શિક્ષકની ભૂમિકા

- શિક્ષકે સ્વાધ્યાયની રચના કરી તેનો અમલ કરવો.

10. જૂથચર્ચાનું મહત્ત્વ

- સંઘભાવના વિકસે છે.
- નેતૃત્વની તાલીમ મળે છે.
- મૌખિક વિચાર સરણી વિકસે છે.
- વિચારને સંકલન કરવાની તાલીમ મળે છે.

## 7.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. Bhatia k.and Bhatia B.D.Principles and methods of Teaching, Daada House Delhi 1966.
2. Chhutre P.K.General Methods of class room-Teacging East and West book House, Baroda-1956
3. Frank L Sheaves, Reading in the Methods of Educational Theory The odyssesy press, N.Y.1962
4. Kacchar S.K.Methods and Techniques of Teaching, sterling publishers LTD. Delhi-1982
5. Mckeam Robertk. Principles and Methods in secondary Education, Columbus, Ohio charter memill an books Inc.1962
6. વ્યાસ યોગેન્દ્ર પી.ભાષા વિજ્ઞાન, ભાષા કૌશલ્યનું શિક્ષણ પ્રયોગ પ્રકાશન, અમદાવાદ-1980
7. દેસાઈ ધનવંત મઃ ગુજરાતી અધ્યાપનના નવીન પ્રવાહો, એ.આર.શેઠની કુ.અમદાવાદ.1962
8. દેસાઈ ધનવંત મઃ ગુજરાતી શિક્ષણમાં નવીન દૃષ્ટિ એ.આમ શેઠની કુ.ની અમદાવાદ.
9. રાવલ નટુભાઈ અને અન્ય : અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને શૈક્ષણિક મૂલ્યાંકન હેવમોર રિલીફ રેસ્ટોરન્ટ પાસે, રિલીફ રોડ. અમદાવાદ

એકમ 8

# માતૃભાષા શિક્ષણની પ્રયુક્તિઓ

## : રૂપરેખા :

**8.0 ઉદ્દેશો**

**8.1 પ્રસ્તાવના**

**8.2 કથન પ્રયુક્તિઓ**

**8.3 ચર્ચા પ્રયુક્તિ**

**8.4 પ્રશ્નોત્તર પ્રયુક્તિ**

**8.5 નાટ્યીકરણ પ્રયુક્તિ**

**8.6 સારાંશ**

**8.7 સ્વાધ્યાય**

**તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**8.8 કેટલાક ઉપયોગી પુસ્તકો**

## 8.0 ઉદ્દેશો

પ્રસ્તુત એકમના શિક્ષણથી નીચેના જેવાં હોય તો સિદ્ધ કરી શકાશે.

1. શિક્ષણ પ્રયુક્તિના સ્વરૂપની વિચારણા સ્પષ્ટ કરી શકશો.
2. શિક્ષણ પ્રયુક્તિનો વર્ગ શિક્ષણમાં ઉપયોગ કરી શકશો.
3. શિક્ષણ પ્રયુક્તિઓનું મહત્ત્વ સમજી શકશો.
4. કથન પ્રયુક્તિની સંકલ્પના જાણી શકે લાક્ષણિકતાઓ જાણી શકશે અને વર્ગ શિક્ષણમાં તેનો વિનિયોગ કરી શકશો.
5. ચર્ચા પ્રયુક્તિનું સ્વરૂપ જાણી શકશો ચર્ચા પ્રયુક્તિનું મહત્ત્વ સમજી શકશો અને વર્ગખંડમાં ચર્ચા પ્રયુક્તિનો ઉપયોગ કરી શકશો.
6. પ્રશ્નકલા/પ્રશ્નોત્તર પ્રયુક્તિનું મહત્ત્વ જાણી શકશો માતૃભાષામાં પ્રશ્નકલા પ્રયુક્તિનો ઉપયોગ કરી શકશે.
7. નાટ્યીકરણ પ્રયુક્તિનો પરિચય મેળવી ભાષા શિક્ષણમાં તેનો વિનિયોગ સમજી શકશો.

## 8.1 પ્રસ્તાવના

શિક્ષણને સફળ બનાવવા અનેક પદ્ધતિઓ યોજાઈ છે. દરેક પદ્ધતિમાં વિષય વસ્તુની રજૂઆત માટે કેટલાંક પગથિયાં નિર્ધારિત હોય છે. વિષય વસ્તુ કેવી રીતે ભણાવવું તે પદ્ધતિ નક્કી કરી આપે છે. પરંતુ પદ્ધતિને સફળ બનાવવાનું કાર્ય પ્રયુક્તિઓ કરે છે. શિક્ષક ગમે તે પદ્ધતિએ ભણાવતો હોય પણ તેના અનુસંધાને જે કોઈ પ્રયુક્તિનો ઉપયોગ કરે છે. તેનાથી અસરકારક બને જ્યારે શૈક્ષણિક સાધનોનો યોગ્ય રીતે ઉપયોગ થયો હોય. પણ શૈક્ષણિક  સાધનના ઉપયોગની પ્રયુક્તિ નક્કી કરી આપે છે.

## 8.2 કથન પ્રયુક્તિઓ

સંકલ્પના-કોઈપણ વિષયનું ગમે તે પદ્ધતિએ શિક્ષણ કાર્ય કરવામાં થોડું ઘણું કથન તો શિક્ષકે કરવું જ પડે. માતૃભાષાના શિક્ષણમાં શિક્ષક પ્રશ્ન પદ્ધતિએ શિક્ષણકાર્ય કરતા હોય તો પણ કેટલી પૂરક માહિતી શિક્ષક કથન દ્વારા આપે છે. લેખક કે કવિનો પરિચય શિક્ષક કથન દ્વારા આપે છે. બાળકોના

જવાબોમાં પૂર્તિ કરવાની  હોય અથવા વધુ સ્પષ્ટતા કરવાની જરૂર લાગે તો શિક્ષક કથન પ્રયુક્તિનો આશરો લે છે. નિબંધ કે કાવ્યની ટુકડે ટુકડે થયેલી ચર્ચાને શિક્ષક પોતાના કથન દ્વારા સાંકળી લે છે. અને સળંગ સમગ્ર ખ્યાલ ઊભો કરે છે. વર્ગમાં ઉપયોગમાં લીધેલ કોઈ શૈક્ષણિક સાધન વિશે પરિચય આપવો હોય ત્યારે શિક્ષક રસમય રીતે કથન કરે છે. નવી માહિતી પૂરી પાડવાની હોય ત્યારે તો કથન આવશ્યક બની રહે છે. આ ઉપરાંત વર્ગમાં વિષય વસ્તુને અનુરૂપ ઉદાહરણ આપવા, સ્પષ્ટીકરણ દ્વારા કાવ્યનો ભાવ સમજાવવો, પ્રસંગો કે ઘટનાનું વર્ણન કરવું વગેરે બાબતોમાં કથન પ્રયુક્તિનો ઉપયોગ અનિવાર્ય બની રહે છે.

શિક્ષક કોઈ પદ્ધતિનો પોતાના શિક્ષણકાર્યમાં ઉપયોગ કરે પણ દરેક વખતે સ્પષ્ટતાવાળુ, રસિક કથન શિક્ષકે કરવું પડે છે. પદ્ધતિ અને પ્રયુક્તિ વચ્ચેનો ભેદ સમજીને કથન પ્રયુક્તિનો ઉપયોગ કરવો જોઈએ. તો જ તે અસરકારક રીતે આ પ્રયુક્તિ પ્રયોજી શકશે.

**મહત્ત્વ**

કથન પ્રયુક્તિ શિક્ષણમાં ખૂબ જ ઉપયોગી છે. એટલું જ નહીં. પણ અનિવાર્ય છે. શિક્ષક આ પ્રયુક્તિઓનો સમજપૂર્વક ઉપયોગ કરે તો શિક્ષણકાર્ય ખૂબ અસરકારક બને.

- બાળકોના મનમાં રહેલી અસ્પષ્ટતાઓ શિક્ષકના કથનથી સ્પષ્ટ બને છે.
- ચર્ચાને અંતે વિષયવસ્તુનું સમગ્ર ચિત્ર બાળકો સમજી શકે છે. અને સ્પષ્ટતા કેળવી શકે છે.
- વિષયને લગતી નવી નવી બાબતો બાળકોને શિક્ષકના કથન દ્વારા જાણવા મળે છે.
- ચર્ચાની સારરૂપ બાબતો બાળકોને શિક્ષકના કથન દ્વારા જાણવા મળે છે.
- ચર્ચાની સાર રૂપ બાબતો શિક્ષકના કથનથી બાળકો એકાગ્ર બની સાંભળી રહે ત્યાર બાદ મૌખિક રીતે અભિવ્યક્તિ પણ કરી શકે છે.

**અસરકારક કથન પ્રયુક્તિનાં લક્ષણો.**

અસરકારક કથનમાં નીચેનાં લક્ષણો છે. :-

- કથન સ્વાભાવિક રીતે થવું જોઈએ. બાળકો સાંભળે ત્યારે તેને બોજદાયક ન બની રહે તેમજ કુદરતી સાંભળતો હોય તેવું લાગે
- કથનમાં પ્રસંગોને અનુચિત ભાષા શૈલી, વળી તેમાં ભાવાને અનુરૂપ અવાજના લય અને વાક્છટા હોવાં જોઈએ.
- કથનમાં વાણી વિલાસ ન હોય પણ બાળકોના બોલાયેલાં કથનનો શબ્દોનો અર્થ જાણી શકે,
- કથન વિષયવસ્તુને અનુરૂપ હોય અસંબંધિત હકીકતો કે વિરોધાભાસી વિગતો ન આપવી જોઈએ.
- કથન અત્યંત ઝડપી કે ખૂબ જ ધીમું પણ ન હોવું જોઈએ.
- કથન ખૂબ ન.ચાની માત્રામાં કે ખૂબ ધીમી માત્રામાં પણ નહોવું જોઈએ.
- કથન રજૂઆત તર્કબદ્ધ, ક્રમબદ્ધ રીતે થાય.
- કથન લાંબુ હોય તો અંતે સારાંશ આવવો જોઈએ.

**અસરકારક કથન**

ત્યારે બને જ્યારે લાઘવયુક્ત વાણી, ભાષાની પ્રવાહિતા, દશ્ય સાધનની યોગ્ય રજૂઆત કે ઉપયોગ હોય તો તે સારાં કથનનાં લક્ષણો કહી શકાય.

કથનની પ્રયુક્તિની મર્યાદાઓ

શિક્ષણકાર્ય દરમ્યાન કથન પ્રયુક્તિ અનિવાર્ય હોવા છતાં તેની કેટલીક મર્યાદાઓ પણ છે જે જાણીએઃ-

- જો કથન સ્પષ્ટતાની સાથે રસમય નહીં હોય તો બાળકો કંટાળશે. એકગ્રતા પણ નહીં કેળવી શકે.
- અસ્પષ્ટ કથનને કારણે બાળકો સ્પષ્ટ રીતે ખ્યાલ/સંકલ્પનાઓ બાંધી શકતા નથી.
- જો શિક્ષક કથન પ્રયુક્તિને બદલે કથન પદ્ધતિ તરીકે ઉપયોગ કરવા લાગે ત્યારે તાસનો પૂર્ણ સમય વ્યાક્યાંતરો બની રહે છે. વિદ્યાર્થીઓ માત્ર શ્રોતા બની રહે છે. એટલે કે શિક્ષક કેન્દ્રી એક ધ્રુવી પ્રક્રિયા બની રહે છે.
- કથનની સાથે ઉદાહરણ/પ્રસંગની છણાવટ ન કરીએ, શૈક્ષણિક સાધન સામગ્રી ઉપયોગ ન કરીએ તો કથન નીરસ બની રહે છે.
- કથન પ્રયુક્તિમાં શિક્ષક વારંવાર પુનરાવર્તન કરે તો સમયનો વ્યય થાય છે.
- શિક્ષકનો અવાજ ઉંચો ન હોય/ભાવયુક્ત વાણી ન હોય, અસ્પષ્ટ કે પ્રાદેશિકતાની અસર વાળો હોય ત્યારે શિક્ષકની મર્યાદા બની રહે છે.

**વર્ગ શિક્ષણમાં કથન પ્રયુક્તિનો વિનિયોગ**

- પૂર્વજ્ઞાનની ચકાસણી બાદ વિષયાંગની માહિતી કે જાણકારી મળતી વખતે કથન પ્રયુક્તિ અજમાવી શકાય.
- કૃતિના સર્જકનો પરિચય આપવા કથન પ્રયુક્તિ પ્રયોજી શકાય.
- વિષય વસ્તુને અનુરૂપ પ્રસંગ, ઘટના, ઉદાહરણ આપતી વખતે કથન પ્રયુક્તિ અજમાવાય.
- કાવ્યનો મધ્યવર્તી વિચાર જણાવવામાં મદદરૂપ થાય.
- વ્યાકરણ શિક્ષણમાં નિયમ, સૂત્ર, સિદ્ધાંતની સમજણ આપતી વખતે.
- કૃતિના કોઈ પાત્રનું પાત્રાલેખનની ચર્ચા થયા બાદ સમગ્ર છાપ ઉપસાવવા માટે
- શિક્ષણકાર્યને અંતે કૃતિ/વિષયવસ્તુનો સારાંશ આપવા માટે
- આમ શિક્ષણકાર્યમાં વિવિધ બાબતોની સમજ કેળવવા, વિદ્યાર્થીઓમાં રસ કેળવવા, કૃતિને રસદાયક બનાવવા કથન પ્રયુક્તિ અગત્યની બની રહે છે.

## 8.3 ચર્ચા પ્રયુક્તિ

ચર્ચા પ્રયુક્તિની વ્યાખ્યા આપતા વેબ્સટર કહે છે. કોઈ પ્રશ્ન સમસ્યા કે મુદ્દાની જેની દરેક બાજુએથી વિચારવું તેનું પૃથ્થકરણ કરવું તેનું નામ ચર્ચા વર્ગના વિદ્યાર્થીઓ ચર્ચા કરી કોઈ એક નિર્ણય ઉપર આવે ત્યારે ચર્ચા પ્રયુક્તિનું પ્રયોજન થયેલ છે. એમ કહી શકાય. :-

ચર્ચા પ્રયુક્તિનું સ્વરૂપ

- ચર્ચા વિદ્યાર્થી દરેક કેન્દ્રી પદ્ધતિ છે. તેવી તેનું સ્વરૂપ આ મુક્ત હોઈ શકે.
- ચર્ચાએ સહકારી ચિંતન છે. તેથી ચર્ચામાં ભાગ લેનાર બધા સભ્યો પરસ્પરની ટીકા કરતા નથી પણ પરસ્પર પૂરક બને છે.
- ચર્ચાના મુદ્દાને પ્રશ્ન સમસ્યાની દરેક બાજુએ વિચારવા માટે થયેલી પ્રક્રિયા અને તેના આધારે અંતે કોઈ નિર્ણય પર પરસ્પર પૂરક બને છે.
- ચર્ચાના મુદ્દાને પ્રશ્ન સમસ્યાની દરેક બાજુએ વિચારવા માટે થયેલી પ્રક્રિયા અને તેના આધારે અંતે કોઈ નિર્ણય પર આવી શકે.
- ચર્ચાના મુદ્દાની ભૂમિકા કોઈ એક નેતાના નેતૃત્વ નીચે પણ યોજી શકાય. મોટાભાગે વર્ગ ખંડમાં બધા વિદ્યાર્થીઓ સામેલ હોય ત્યારે શિક્ષક નેતૃત્વ કરે છે. પણ કેટલીક વાર આ રીતે નિબંધ લેખનમાં ચર્ચાને અવકાશ છે.
- અહેવાલ લેખન, પત્રલેખન, રોજનીશી વગેરે કાર્ય કરાવતી વખતે પણ ચર્ચા પ્રયોજી શકાય.

- વ્યાકરણ પાઠમાં :-

  અલંકાર, છંદની રચના ઉપર ચર્ચા યોજી શકાય સાહિત્યકૃતિની રચના કયા છંદને અલંકાર પર રચાયેલ તે અંગે વ્યાકરણની સાથે વિષયવસ્તુ સાંકળી સરસ ચર્ચા યોજી શકાય.

  આમ, શિક્ષણ પ્રક્રિયાની અસરકારકતાને ચર્ચા પ્રયુક્તિ વર્ગખંડમાં જીવંત વાતાવરણ ઊભું કરે છે. શિક્ષક વિદ્યાર્થી ઉણપ પક્ષે સતત સમાનતા દાખવે છે. થયેલ ચર્ચાને અંતે શિક્ષણકાર્યની અસરકારકતા પણ જોઈ શકાય છે.

## 8.4 પ્રશ્નોત્તર પ્રયુક્તિ

**પ્રસ્તાવના**

શિક્ષણમાં વિદ્યાર્થીઓને સક્રિય રીતે ભાગ લેતા કરવા માટે પ્રશ્નો પૂછવા જોઈએ. કૃષ્ણે પણ ગીતામાં કહ્યું છે કે જ્ઞાન પ્રાપ્તિનો મહત્ત્વનો માર્ગ પરિપ્રશ્ને સેવવા છે. ધાર્મિક પઠનની શરૂઆત પણ મોટા ભાગે પ્રશ્નોની થાય છે. સોક્રેટિસના જમાનાથી આજદિન સુધી પ્રશ્નોત્તરી પ્રયુક્તિનો મોટા ભાગે ઉપયોગ થઈ રહ્યો છે. કેલ્વિન જણાવે છે કે પ્રશ્નએ સૌથી ઉત્તમ ઉત્તેજક છે. અને તે શિક્ષકને તાત્કાલિક ઉપલબ્ધ છે. અધ્યાપન પ્રક્રિયામાં વિદ્યાર્થીઓનું વધું સક્રિય બનાવવામાં પ્રશ્નો આગવું મહત્ત્વ ધરાવે છે. પ્રશ્ન પ્રયુક્તિને અસરકારક બનાવવા માટે પ્રશ્ન પૂછવાનું કૌશલ્ય પણ અનિવાર્ય બને છે.

**પ્રશ્નોત્તર પ્રયુક્તિનો અર્થ**

અધ્યાપનકાર્યમાં સમજૂતી, કથન, સુદૃઢકો, આકૃતિ, હાવભાવ કે અન્યની મદદ વગર કોઈપણ એકમ કે વિષયાંગમાં સમાવિષ્ટ થયેલા મુદ્દાઓ, પેટા મુદ્દાઓ, લક્ષણો, કાર્ય કારણ સંબંધ,વ્યાખ્યાઓ કે સંકલ્પનાઓ, નિયમો, સિદ્ધાંતો, લાભ ગેરલાભ, ખૂબીઓનું મહત્ત્વ રહ્યું છે. અધ્યાપન કાર્યમાં પ્રશ્નોત્તર કે ખામીઓ દર્શાવવા તેમજ અનુચિત ઉત્તરોને યોગ્ય ઉત્તરોમાં ફેરવવા માટે પૂછવામાં આવતા પ્રશ્નો અથવા પ્રશ્ન પૂછવાની પ્રક્રિયાને પ્રશ્ન કૌશલ્ય કે પ્રશ્ન પ્રયુક્તિ કહેવામાં આવે છે.

**પ્રશ્નકલાનું મહત્ત્વ**

અધ્યાપન પ્રશ્નો પૂછવાનું કૌશલ્ય ખૂબ જ મહત્ત્વનું છે. આ કૌશલ્ય પ્રાપ્ત કરવાથી શિક્ષકનું અધ્યાપન અસરકારક અને આકર્ષક બને છે. શિક્ષણ કાર્યમાં તેનું આગવું મહત્ત્વ છે.

- પ્રશ્ન કલા કેળવવાથી વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન જાણી તેમને નવાજ્ઞાનની સાથે જોડી શકાય છે.
- કોઈ બાબત, સમસ્યા, નિયમ કે સિદ્ધાંત પરત્વે વિદ્યાર્થીનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે.
- વિદ્યાર્થીઓની જિજ્ઞાસા વૃત્તિ જાગૃત કરી શકાય છે તેમજ તેમને વિચારવા માટે પ્રેરિત કરી શકાય છે.
- બાળકો શિક્ષણ દરમ્યાન નવું જ્ઞાન કે માહિતી મેળવી શક્યા છે કે નહીં. તેની ચકાસણી કરી શકાય.
- શીખવેલી ક્રિયા કે વિષય મુદ્દો શીખ્યાં કે નહીં તે જાણી શકાય છે.
- વર્ગ વ્યવહાર સુધારી શકાય છે.
- વિદ્યાર્થીઓની તર્કશક્તિ અને વિશ્લેષણાત્મક શક્તિનો વિકાસ થાય છે.
- વિદ્યાર્થીઓની મૌખિક અભિવ્યક્તિ કેળવી શકાય છે.
- કથનલક્ષી આવવાથી કંટાળો દૂર કરાવી શકાય છે.
- શિક્ષણ પ્રક્રિયા દ્વિ-ધ્રુવી બની રહે છે તેથી તેની અસરકારકતા ચકાસી શકાય છે.

**પ્રશ્ન કૌશલ્યના પ્રકાર**

પ્રશ્નકાર્યને ચાર પ્રકારોમાં વહેંચી શકાય.

1. ઉચ્ચ પ્રકારના પ્રશ્ન પૂછવાની કુશળતા

2. બહુવિધ પ્રશ્ન કુશળતા

3. પ્રશ્ન પ્રવાહિતા કૌશલ્ય

4. પ્રશ્ન ઊંડાણ કૌશલ્ય

વર્ગમાં કેટલીક વાર શિક્ષક એવા પ્રકારના પ્રશ્નો પૂછે છે જેમાં વિદ્યાર્થીઓને વિચાર કરીને તેમનો ઉત્તર આપવો પડે. આવા પ્રશ્નો કાં તો માહિતી લગતાં હોય કાંતો સ્મૃતિ પર આધારિત હોય. આ સિવાય કેટલાંક પ્રશ્નો એવાં પણ હોય છે કે જેનો ઉત્તર આપતી વખતે વિદ્યાર્થીએ પોતાનાં મૌખિક ચિંતન અને વિવેચન વૃત્તિનો આશ્રય લેવો પડે છે. આવા પ્રશ્નો સામાન્યતઃસમીક્ષાત્મક પ્રશ્નો હોય છે. આવા પ્રશ્નોથી વિદ્યાર્થીઓને માહિતીનું ટીડું જ્ઞાન, પ્રાપ્ત કરેલા જ્ઞાનનો ઉપયોગ, તેમજ શીખેલી માહિતીમાં જુદી જુદી પરિસ્થિતિમાં વિનિયોગ કરવો પડે છે. આનાથી વિદ્યાર્થીની સમીક્ષાત્મક દૃષ્ટિ ખીલે છે અને માહિતી ઊંડાણપૂર્વક પ્રાપ્ત થાય છે. તેની સમજ શક્તિને વિચાર શક્તિને ઉત્તેજન મળે છે. તે વિદ્યાર્થીને વિચાર તેમજ માહિતીના ઉપયોગની તક પૂરી પાડે છે.

**પ્રશ્નો પ્રકાર**

અધ્યાપનની પ્રક્રિયામાં સોપાનો અનુસાર-

શિક્ષક પોતાના અધ્યાપનને અસરકારક બનાવવા માટે અધ્યાપન પ્રક્રિયામાં તબક્કાવાર વિવિધ સોપાનોના આધારે જુદાં જુદાં પ્રશ્નો પૂછે છે. આ પ્રશ્નોની વિવિધતા ધ્યાનાકર્ષક છે. આ પ્રકારના પ્રશ્નોની વિવિધતા ઉપર દૃષ્ટિપાત કરીશું.

**1. આરંભ પ્રશ્નો**

આવા પ્રશ્નો પૂર્વજ્ઞાનની કે પૂર્વાનુભવની ચકાસણી માટે પૂછવામાં આવે છે. પૂર્વજ્ઞાન તાજું કરવા માટે આ પ્રકારના પ્રશ્નો પૂછાય છે.

**2. હેતુ પ્રશ્નો**

કેટલીક વાર માતૃભાષા શિક્ષણમાં વિદ્યાર્થીઓને શાંત વાંચન આપવામાં આવે છે. શાંત વાંચન હેતુલક્ષી બને, વિદ્યાર્થીએ પાઠ્યપુસ્તકના વિષય વસ્તુ તરફ એકાગ્ર થાય, તેઓ પાઠ્યવસ્તુનું હાર્દ સમજને તે હેતુથી શાંત વાંચનના પ્રારંભે આવા એક બે હેતુ પ્રશ્નો મૂકવામાં આવે છે.

**3. વિચાર પ્રેરક પ્રશ્નો**

વિદ્યાર્થીઓની તર્ક શક્તિ, ચિંતન શક્તિ, સમીક્ષા શક્તિ, અવલોકન શક્તિ, કલ્પના શક્તિનો વિકાસ થાય તેમની પૃથક્કરણાત્મક શક્તિ કેળવાય તે માટે વિદ્યાર્થીઓને વિચાર કરતા કરી મૂકે તેવાં વિચાર પ્રેરક પ્રશ્નો પૂછવામાં આવે છે.

**4. પૂર્તિ પ્રશ્નો**

વર્ગમાં કેટલીક વાર પાઠ્યપુસ્તકના પૂછેલા પ્રશ્નોના અધૂરાં ઉત્તર આવે છે તો આવા અધુરાં ઉત્તરોની પૂર્તિ માટે પૂર્ણ ઉત્તર મેળવવા માટે જે પ્રશ્ન પૂછવામાં આવે તે પૂર્તિ પ્રશ્ન કહેવાય.

**5. દૃઢીકરણ પ્રશ્નો**

શીખેલી બાબતોના દૃઢીકરણ માટે જે પ્રશ્નો પૂછાય છે તેમને દૃઢીકરણ પ્રશ્ન કહેવામાં આવે છે.

**6. મૂલ્યાંકન પ્રશ્ન**

બાળકોએ શીખેલું કેટલાં પ્રમાણમાં ગ્રહણ કર્યું છે તેનું મૂલ્યાંકન કરવા માટે પૂછાંતાં પ્રશ્નો મૂલ્યાંકન પ્રશ્ન કહેવાય.

**7. ધ્યાનાકર્ષણ પ્રશ્નો**

વર્ગખંડમાં બાળકો તેમાનાં ચંચળ સ્વભાવને લીધે વારંવાર બેધ્યાન બની જતાં હોય છે આ પરિસ્થિતિમાં બાળકનું વિષય તરફ ધ્યાન આકર્ષિત કરવા માટે જે પ્રશ્નો પૂછવામાં આવે છે તે

ધ્યાનાકર્ષણ પ્રશ્નો કહેવાય.

**8. સ્મૃતિ પ્રશ્નો**

કેટલીક વાર માતૃભાષા શિક્ષણમાં વિદ્યાર્થીઓને શાંત વાંચન આપવામાં આવે છે. શાંત વાંચન હેતલક્ષી બને, વિદ્યાર્થીએ પાઠ્યપુસ્તકના વિષય વસ્તુ તરફ એકાગ્ર થાય, તેઓ પાઠ્યવસ્તુનું હાર્દ સમજને તે હેતુથી શાંત વાંચનના પ્રારંભે આવા એક બે હેતુ પ્રશ્નો મૂકવામાં આવે છે.

**9. સ્વાધ્યાય પ્રશ્નો**

શિક્ષકનું અધ્યાપન કાર્ય પૂર્ણ થાય ત્યારે બાળકોને ગૃહકાર્ય સ્વરૂપે કેટલાંક પ્રશ્નો સ્વ-અધ્યયન માટે આપવામાં આવે છે. શીખેલું કેટલું ગ્રહણ કર્યું છે તે જાણવા માટે પાઠ્યપુસ્તકનું અધ્યાપન કરી બાળકો તેને સુદૃઢ બનાવે તે માટે સ્વાધ્યાયલક્ષી પ્રશ્નો પૂછવામાં આવે છે.

**સારા પ્રશ્નોના લક્ષણો**

- પ્રશ્નો વ્યાકરણ અને ભાષાની દૃષ્ટિએ શુદ્ધ હોવાં જોઈએ.
- તે ટૂંકાં અને સ્પષ્ટ હોવાં જોઈએ. સંક્ષિપ્તતા ધરાવતા હોવાં જોઈએ.
- જે મુદ્દો શીખવવાનો હોય તેની સાથે સુસંગત હોવાં જોઈએ.
- ઉત્તરની દૃષ્ટિએ સુનિશ્ચિતતા ધરાવતા હોવાં જોઈએ એટલે કે દરેક પ્રશ્નનો એક જ ઉત્તર સુનિશ્ચિત હોવો જોઈએ.
- તે ક્રમિક અને પરસ્પર સંબંધિત હોવાં જોઈએ.
- તે તર્કબદ્ધ અને સચોટ હોવાં જોઈએ.

**વર્ગમાં પ્રશ્ન પૂછવાની રીત**

- પ્રશ્નની રજૂઆત સમગ્ર વર્ગ સમક્ષ કરવી. બધા જ વિદ્યાર્થી ઉત્સાહપૂર્વક ઉત્તર આપી શકે તે રીતે પ્રશ્ન વર્ગ રાખવી મૂકવો.
- પ્રશ્નનું પુનરાવર્તન ટાળવું જોઈએ.
- પ્રશ્ન પૂછ્યા પછી પાંચથી દસ સેકન્ડ શાંતિ જાળવી પ્રશ્નના ઉત્તર મળે તેની રાહ જોવી.
- પ્રશ્નની રજૂઆત યોગ્ય ઝડપે કરવી.
- અતિ ઝડપથી કે ખૂબ જ મંદગતિએ પ્રશ્ન ન પૂછવો.
- સુશ્રાવ્ય અવાજે પ્રશ્નની રજૂઆત કરવી.
- પ્રશ્નના મહત્ત્વના મુદ્દા પર ભાર મૂકવો.
- ઉદા.દેવશંકરે લાડુ શા માટે ન ખાધા ?
- પ્રશ્નની રજૂઆત યોગ્ય હાવભાવ સાથે થવી જોઈએ.

આ ઉપરાંત પ્રશ્નનો જવાબ વિદ્યાર્થી સમૂહમાં આપે તે બાબતને ખાસ ટાળવી, જવાબ એક જ વિદ્યાર્થી આપે અને બાકીના વિદ્યાર્થીઓ શાંતિથી જવાબનું શ્રવણ કરે. જરૂર પડ્યે મળેલ ઉત્તરનું પુનરાવર્તન કે દૃઢીકરણ કરાવવા બીજાં બે ત્રણ વિદ્યાર્થીઓને પૂછી શકાય.

- જો વિદ્યાર્થી ખોટો જવાબ આપે તો બીજા વિદ્યાર્થીને તે જવાબ સુધારવા કહેવું જરૂર પડે, શિક્ષકે પોતે પૂર્તિ કરવી.

**માતૃભાષામાં પ્રશ્નકલા પ્રયુક્તિનો વિનિયોગ**

માતૃભાષાના શિક્ષણમાં પાઠના દરેક તબક્કે પૂર્વજ્ઞાન, હેતુલક્ષી, વિષય નિરૂપણ, રજૂઆત, દૃઢીકરણ અને મૂલ્યાંકન તેમજ સ્વાધ્યાયલક્ષી પ્રશ્નોનો ઉપયોગ અસરકારક બની રહે છે. ગદ્ય કૃતિના શિક્ષણ વખતે બાળકોની પૂર્વજ્ઞાનની ચકાસણી બાબતે પ્રશ્નો પૂછી તેમને એકાગ્ર કરી શકાય. કૃતિના સંદર્ભમાં

પ્રશ્નો પૂછી કૃતિના વિષય વસ્તુનું પૃથક્કરણ કરાવે છે. કૃતિમાં જે ઘટના હોય કે પાત્રો હોય તેનું વિશ્લેષણ સંશ્લેષણ કરાવવાથી બાળકોને કૃતિ વિશે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

પદ્ય કૃતિના શિક્ષણમાં બાળકોને પદ્ય કૃતિ સ્પષ્ટ રીતે સમજાય, તેની અનુભૂતિ થાય, કાવ્ય માણી શકે તે દિશાસૂચક, પ્રશ્નો એવી રીતે પૂછવામાં આવે કે જેથી બાળકોને સમજવાની, વિચારવાની દિશા પ્રાપ્ત થાય.

વ્યાકરણના શિક્ષણમાં બાળકોને વ્યાકરણ વિશેનું સૈદ્ધાંતિક અને વ્યવહારિક જ્ઞાન પ્રાપ્ત થાય. બાળકો સરખામણી, તારવણી, સંબંધ તપાસતાં શીખે તેવાં પ્રશ્નો અહિ ખૂબ કામ લાગે છે.

લેખનના શિક્ષણમાં જે તે સ્વરૂપ આધારિત લેખન રચનાનો ક્રમિક વિકસ થાય, તેનું સ્વરૂપ વ્યાપ, ઉંડાણ વગેરે બાબતો અંગે સ્પષ્ટતા મળે તેવા પ્રશ્નો શિક્ષક વર્ગમાં બાળકો સમક્ષ મૂકવા જોઈએ.

## 8.5 નાટ્યીકરણ પ્રયુક્તિ

નાટ્યીકરણ પ્રયુક્તિ મુજબ કોઈ એક એકમ યા વિષય વસ્તુને વિદ્યાર્થી સમક્ષ વાસ્તવિકરૂપે સજીવ રૂપે રજૂ કરવામાં પ્રદર્શિત કરવામાં નાટ્યીકરણનો વિનિયોગ કરવો પડે છે. જેથી વિદ્યાર્થીઓના માનસપટ પરએ ઘાના વિષયવસ્તુનું વાસ્તવિક ચિત્ર ઉપસે છે. અને તે દૃઢ અસર નીપજાવે છે.

આ પ્રયુક્તિનો ઉપયોગ પ્રાચીન કાળથી થતો આવ્યો છે. શિક્ષણ માટે રંગમંચ, ભવાઈ, નાટક, શેરી નાટકો આજે પણ મહત્ત્વની પ્રયુક્તિઓ ગણાય છે.

**નાટ્યીકરણ પ્રવૃત્તિની ઉપયોગિતા**

આ પ્રયુક્તિનો ત્રણ રીતે ઉપયોગી બનાવાય છે.

1. રંગમંચ પ્રવૃત્તિ તરીકે શિક્ષણ એકમ યા એકમવસ્તુને લઈ પાત્ર સંવાદ, અભિનય દ્વારા એકમ વસ્તુની સમજ, સંકલ્પના, અર્થગ્રહણને સાહજિક રીતે વ્યક્ત કે સ્પષ્ટ કરવાનો મુખ્ય ઉદ્દેશ આ પ્રયુક્તિથી સધાય છે. વિષયવસ્તુને દૃશ્ય શ્રાવ્ય સ્વરૂપે પ્રયોજવામાં આ પ્રયુક્તિની સાચી સફળતા જોવા મળે છે. આ પ્રયુક્તિ ખર્ચાળ પણ છે જ.
2. શિક્ષક પાત્રોની ભૂમિકા વિદ્યાર્થીઓને ફાળવે છે. વિદ્યાર્થીઓ ઉત્સાહથી, અભિનય દ્વારા આ ભૂમિકાઓ ભજવે છે. તેથી તેમનામાં ભૂમિકા, સ્થાયી પ્રભાવ, અને ઉચિત લાગણીની ત્રિવિધ અસર બાળકના માનસ પર પડે છે તે વિષય વસ્તુ ઘટના, પ્રસંગલક્ષી સમજ અનુભૂતિને સ્પષ્ટ કરવામાં મદદરૂપ બને છે.
3. શિક્ષક પોતે ઘટના/કાર્યનો અભિનય કરે છે અને તે દ્વારા, વાસ્તવિક ચિત્ર ઉપસાવી આપે છે. આ પ્રકારના અભિનયને મોનો એકટિંગ કે મોનો પ્લેના નામથી ઓળખવામાં આવે છે જે તે નાટ્યીકરણનું આગવું સરળ સ્વરૂપ ગણાવાયું છે. ભાષા શિક્ષણ ઈતિહાસ અને નાગરિક શાસ્ત્ર તેમજ અન્ય વિષયોના વિષયાંગલક્ષી શિક્ષણ માટે આ પ્રયુક્તિ સફળ નીવડે છે.

**નાટ્યીકરણ પ્રવૃત્તિની ગુણવત્તા**

- નાટ્યીકરણને ભજવવાના પ્રસંગે બાળકોની રંગમંચ પર સંબંધિત ભૂમિકા ભજવવાની તેમજ અભિનય દ્વારા જ્ઞાનેન્દ્રિય કે જ્ઞાનેન્દ્રિયના પ્રશિક્ષણ માટેની પ્રભાવશાળી પ્રયુક્તિ ગણાવાય છે.
- વિષય વસ્તુને વાસ્તવિક રીતે રજૂ કર્યા પછી વિદ્યાર્થીઓમાં તેને શીખવા માટેનાં રસ, રુચિ ઉત્પન્ન થાય છે.
- બાળકોની કલ્પના અને સ્મરણ શક્તિનો વિકાસ થાય છે.
- શિક્ષણ સાથે વિદ્યાર્થીઓને મનોરંજનનો અનુભવ પણ થાય છે.
- આ પ્રયુક્તિ વિદ્યાર્થીઓના સહયોગથી થતી સ્વપ્રવૃત્તિ, હોવાથી નૈતિક શિક્ષણ અને ચારિત્ર્ય વિકાસમાં સહભાગી બને છે.

- નાટ્યીકરણ પ્રવૃત્તિની મર્યાદાઓ :-
- નાટ્યીકરણ પ્રવૃત્તિના અમલ માટે સમય અને નાણાંની જરૂરિયાત ઊભી થાય છે. નાટકનો જાહેર કાર્યક્રમ રાખી ધન મેળવી શકાય, પણ નાટક ભજવવા માટે જોઈએ. સમય બચાવી શકતો નથી.
- નાટ્યીકરણ પ્રયુક્તિના અમલ માટે ઉપયોગી સુવિધાઓ વિશેષ પ્રકારની જોઈએ. જે શાળાઓમાં ઊભી કેટલી મુશ્કેલી રૂપ છે. જેવી કે :-
- રંગમંચ
- વેશભૂષા
- નાટ્યને લગતું વાતાવરણ
- નાટ્ય પ્રવૃત્તિ મળે જોઈતી સાધન-સામગ્રી વગેરે સુવિધાઓ શાળાએ કયા ઊભી કરવીએ મર્યાદા બની રહે છે.
- શાળામાં અભિનય દ્વારા જ નાટ્યીકરણ અસરકારક બને અને શાળાના બાળકોને અભિનયની તાલીમ શિક્ષકો આપે એ કઠિન છે. કારણ કે મોટા ભાગના શિક્ષકોમાં અભિનય ગુણનો અભાવ હોવાથી વિદ્યાર્થીઓને તાલીમ કઈ રીતે આપી શકશે ?
- નાટકને ભજવવા માટેના રિહર્સલ માટેના સમયનો અભાવ
- પાયોન એકતસૂત્રતા સાથે સ્વરૂપે કાર્ય શક્તિ પૂરી પાડવાનો અભાવ
- નેતૃત્વ પૂરું પાડવું.

  આ બધી અસુવિધાઓ નાટ્યીકરણની મર્યાદા બની રહે છે જેથી તેને અમલમાં મૂકવું શક્ય નથી.

નાટ્યીકરણ પ્રયુક્તિના અમલ માટે આટલું કરી શકાય. :-

- નાટયીકરણના અમલ માટે વધુ પડતી ઉક્તિઓના ઉપયોગથી બચવું જોઈએ.
- નાટકના પ્રસંગનું અર્થગ્રહણ ભજવનારાઓને પૂરેપૂરું હોવું જોઈએ.
- નાટકના પાત્રોની ભાષા સરળ, સુબોધ અને પરિસ્થિતિ યોગ્ય હોવી જોઈએ.
- નાટ્ય અભિનયની ભજવણી બાળકો દ્વારા કરવામાં અને શિક્ષકે તેનું ઉચિત માર્ગદર્શન આપવું જોઈએ.
- નાટક ભજવતાં પહેલાં તેનું સતત રિહર્સલ (મહાવરો) કરવો જોઈએ. ઉક્તિઓને આત્મસાત્ કરે તે જરૂરી છે.
- કલા અને ભાવ પ્રશ્નનો સમન્વય થવો જોઈએ.
- નાટક સાધન છે. સાધ્ય નથી એ બાબત ક્યારે પણ બંને તો ભૂલવી ન જોઈએ.

**નાટ્યીકરણ પ્રયુક્તિનો ભાષા શિક્ષણમાં વિનિયોગ**

આ પ્રયુક્તિનો ઉપયોગ પ્રસંગ કાવ્યો, વર્ણન કાવ્યો, વ્યક્તિ વિશેષનાં કાવ્યો, સીધો બોધ કરતાં કાવ્યો વગેરેને નાટ્યીકરણથી સંવાદ વિકસાવી શીખવવા માટે થાય છે. આવાં કાવ્યો પ્રાથમિક-માધ્યમિક કક્ષાએ વિશેષ પસંદગી પામે છે અને બાળકોને પણ શબ્દાર્થ ગ્રહણ સાથે અભિવ્યક્તિ માણવાની સાથે કાવ્ય સમજવાનો સંતોષ મળે છે.

ધોરણ 8થી 10માં એકાંકી સ્વરૂપની નાટ્યકૃતિઓ વિષયવસ્તુના અભ્યાસ માટે આપેલાં છે. શિક્ષક પોતાની બુદ્ધિથી, આવડતથી માર્ગદર્શન દ્વારા વિદ્યાર્થીઓને વર્ગમાં ભજવવા માટે તાલીમ આપી શકે.

ટૂંકી વાર્તાના પ્રસંગો પરિસ્થિતિઓને પણ સંવાદ સ્વરૂપમાં ફેરવી નાટ્યીકરણ પ્રયુક્તિ થઈ શકે. ઉદા

'લાડુનું જમણ', 'ખોટી બે ખાની', 'રાઘવનના-સકાર્યકરો', 'દીકરો', 'ખતુડોશી', 'મંગળસૂત્ર', જેવી ટૂંકી વાર્તાના સ્વરૂપોને નાટ્યીકરણનું સ્વરૂપ આપી વર્ગમાં ભજવી શકાય. જરૂર પડે શિક્ષકનો રસ્સે અને કુનેહ.

આ પ્રયુક્તિ સંવાદ તત્ત્વને કારણે વાતચીતની પરિસ્થિતિથી વિકસાવી સંવાદ કે દલીલયુક્ત અભિવ્યક્તિની ક્ષમતાના સુધી ઉપયોગી બનાવી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો તે બાળકના સામાન્ય સાહજિક સંવાદના સ્વભાવથી માંડી વ્યક્તિત્વનાં વલણ, માન્યતા, મૂલ્યો, ગમા-અણગમાને વ્યક્ત કરવાની વિવિધ પરિસ્થિતિઓ વડે સાર્થક પણ બનાવી શકાય છે.

**તમારી પ્રગતિ ચકાસો.**

1. નીચેના વિધાનો સાચાં છે કે તે ખોટાં દર્શાવો. જો વિધાન ✓ હોય ની નિશાની ને × હોય તો નિશાની દર્શાવો.

1. બાળકોના મનમાં રહેલી અસ્પષ્ટતાઓ શિક્ષકમાં કથનથી વધુ અસ્પષ્ટ બને છે. ☐
2. શિક્ષક વધુ પ્રમાણમાં કથન કરે તો તે પ્રયુક્તિ નીરસ બની રહે ☐
3. ચર્ચાએ સહકારી ચિંતન પ્રક્રિયા છે. ☐
4. પ્રશ્નકલા વગર પણ શિક્ષણકાર્ય સફળને અસરકારક બની શકે. ☐
5. નાટ્યીકરણની પ્રયુક્તિ માટે સમય અને નાણાંની જરૂર પડે છે. ☐

2. વ્યાકરણ શિક્ષણમાં કથન પ્રયુક્તિનો ઉપયોગ ક્યારે થઈ શકે ?

1. વ્યાકરણ શિક્ષણમાં કથન પ્રયુક્તિનો ઉપયોગ ક્યારે થઈ શકે ?

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

2. ચર્ચા પ્રયુક્તિની વિદ્યાર્થી પોતાનામાં કયા ગુણો વિકસાવી શકે ?

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

3. પ્રશ્ન પ્રયુક્તિની સંકલ્પના બેથી ત્રણ વાક્યમાં સ્પષ્ટ કરો ?

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

4. સારા પ્રશ્નનાં બે લક્ષણો જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

5. નાટ્યીકરણ પ્રયુક્તિના અમલ માટેની બે રીતો જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 8.6 સારાંશ

ભાષા શિક્ષણને વર્ગખંડમાં અસરકારક બનાવવા માટે જુદી જુદી પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે. અને કયા પ્રયુક્તિ વર્ગખંડની સફળતા અને અસફળતા નક્કી કરે છે.

- વર્ગમાં અસરકારક કથનપદ્ધતિ પાઠ્યવસ્તુના ભાવને સરળ બનાવે છે. અને તે માટેની અસરકારકતા તેમજ વિદ્યાર્થીને નવી નવી બાબતો જાણવા માટે ઉપયોગી છે.
- કથનની કેટલીક મર્યાદાઓ પણ છે તેને દૂર કરવાના પ્રયત્નો કરવા જરૂરી છે.
- ચર્ચા વિદ્યાર્થી-શિક્ષક કેન્દ્રી હેતુ પદ્ધતિ છે. જો વર્ગમાં ચર્ચા અસરકારક રીતે થાય તો વિદ્યાર્થીઓમાં લોકશાહી તાલીમના ઘણાં ગુણો વિકસાવી શકાય છે.
- ચર્ચા પ્રયુક્તિની મર્યાદા પણ જણાવી છે. ચર્ચા પ્રયુક્તિનો વર્ગખંડમાં અમલ કઈ રીતે કરી શકાય તેની રીત પણ દર્શાવે છે.

1. શિક્ષક-વિદ્યાર્થી બંને પક્ષે વર્ગખંડમાં યોજાતી પ્રશ્નોત્તર પ્રયુક્તિ જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ બની રહે છે.

- સારાં પ્રશ્નોનાં લક્ષણો.
- પ્રશ્નના વિવિધ પ્રકારો
- પ્રશ્ન પ્રયુક્તિની મર્યાદા પણ સમાવિષ્ટ છે.

  આ સાથે સારા પ્રશ્નનાં લક્ષણો, તેના વિવિધ પ્રકારો અને પ્રશ્નપ્રયુક્તિની મર્યાદાઓ પણ દર્શાવવામાં આવી છે.

નાટ્યીકરણ પ્રવૃત્તિની ઉપયોગિતા.

- નાટ્યીકરણ પ્રવૃત્તિની ગુણવત્તા તેમજ નાટ્યીકરણ પ્રવૃત્તિની મર્યાદાઓને વર્ણવેલ છે.

## 8.7 સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર જવાબ આપો.

1. કથન પ્રયુક્તિનો ઉપયોગ વર્ગમાં અસરકારક ક્યારે ક્યારે બની શકે ?

3. વર્ગમાં પ્રશ્નો ક્યારે પૂછી શકાય? પ્રશ્નો વિવિધ પ્રકારો જણાવો.

4 નાટ્યીકરણ પ્રયુક્તિનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. વિધાનો સાચાં છે કે ખોટાં

1. ×

2. ✓

3. ✓

4. ×

5. ✓

2. (1) નિયમ, સૂત્ર, સિદ્ધાંત અને સંકલ્પનાની સમજ આપવા વ્યાકરણ શિક્ષણમાં કથન પદ્ધતિનો ઉપયોગ થઈ શકે.

3. અધ્યાપન કાર્યમાં પ્રશ્નોત્તરી કે ખામીઓ દર્શાવવા તેમજ અનુચિત ઉત્તરોને ઉચિત ઉત્તરમાં ફેરવવા માટે પ્રશ્ન પૂછવાની પ્રક્રિયાને પ્રશ્નોત્તર પ્રયુક્તિ કહે છે.

4. સારા પ્રશ્નનાં લક્ષણો

1. વ્યાકરણ રચનાને ભાષાશૈલીની દૃષ્ટિએ શુદ્ધ પ્રશ્ન હોય.

2. ઉત્તરની દૃષ્ટિએ સુનિશ્ચિતતા દર્શાવતાં હોવાં જોઈએ.

5. નાટ્યીકરણ પ્રયુક્તિના અમલ માટેની બે રીતો.

1. નાટકના પાત્રોની ભાષા સરળ, સુબોધ અને પરિસ્થિતિ યોગ્ય હોવી જોઈએ.

2. નાટકમાં કલા અને ભાવ પક્ષનો સમન્વય થવો જોઈએ.

## 8.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો

નોંધ :- એકમ-1 અને એકમ-2માં મુકેલ ઉપયોગી પુસ્તકોની નોંધ જોઈ લેવી.

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ES-116

# ગુજરાતીનું શિક્ષણ

## (Teaching of Gujarati)

વિભાગ

# 3

## માતૃભાષાનાં વિવિધ પાસાંઓનું શિક્ષણ

એકમ-9 ગદ્યનું શિક્ષણ

એકમ-10 પદ્યનું શિક્ષણ

એકમ-11 વ્યાકરણનું શિક્ષણ

એકમ-12 લેખન અને રચનાનું શિક્ષણ

# ES-116, ગુજરાતીનું શિક્ષણ (વિભાગ-3)


| લેખક | |
| --- | --- |
| ડૉ. ઉષાબેન ખેર | એમ. બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર. |
| **પરામર્શક (વિષય)** | |
| ડૉ. રણજીતસિંહ પવાર | શ્રી સી. એચ. શાહ મૈત્રી, વિદ્યાપીઠ મહિલા કૉલેજ ઑફ એજ્યુકેશન, માનસ મંદિર, સુરેન્દ્રનગર |
| **પરામર્શક (ભાષા)** | |
| ડૉ. રમેશભાઈ પટેલ | એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ. |
| **સંપાદન અને સંયોજન** | |
| પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| ડૉ. મીના આઈ. રાજપૂત | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 600
દ્વિતીય આવૃત્તિ-2020, **નકલ :** 180
તૃતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-129-5**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-116 ગુજરાતીનું શિક્ષણ (Teaching of Gujarati)

**વિભાગ-1 ભાષા, શિક્ષણ અને ગુજરાતીનું શિક્ષણ**

એકમ-1 ભાષા સંકલ્પના અને મહત્ત્વ

એકમ-2 ભાષા સ્વરૂપ અને વિકાસ

એકમ-3 માતૃભાષા, પરિભાષા, મહત્ત્વ અને શિક્ષણ

એકમ-4 માતૃભાષા શિક્ષણનાં હેતુઓ

એકમ-5 માતૃભાષા શિક્ષણનું આયોજન

**વિભાગ-2 માતૃભાષા શિક્ષણનાં કૌશલ્યો, અધ્યાપન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ**

એકમ-6 માતૃભાષા શિક્ષણનાં કૌશલ્યો

એકમ-7 માતૃભાષા શિક્ષણની પદ્ધતિઓ

એકમ-8 માતૃભાષા શિક્ષણની પ્રયુક્તિઓ

**વિભાગ-3 માતૃભાષાનાં વિવિધ પાસાંઓનું શિક્ષણ**

એકમ-9 ગદ્યનું શિક્ષણ

એકમ-10 પદ્યનું શિક્ષણ

એકમ-11 વ્યાકરણનું શિક્ષણ

એકમ-12 લેખન અને રચનાનું શિક્ષણ

**વિભાગ-4 માતૃભાષાની આનુષંગિક બાબતો**

એકમ-13 માતૃભાષા શિક્ષણનાં દૃશ્ય, શ્રાવ્ય ઉપકરણો

એકમ-14 માતૃભાષા શિક્ષણની સામગ્રી

એકમ-15 માતૃભાષા શિક્ષણમાં મૂલ્યાંકન

એકમ-16 માતૃભાષા શિક્ષણમાં નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય

એકમ-17 અન્ય આનુષંગિક બાબતો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાંથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાંની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવાં માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણનાં જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવાં માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમા, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણનાં ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણનાં વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાંનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત, શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાંથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાંથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

## પ્રસ્તાવના

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના દૂરવર્તી શિક્ષણનાં બી.એડ્.ના તાલીમાર્થીઓ માટે તેમના અભ્યાસક્રમના અંતર્ગત ભાગરૂપે વિવિધ અધ્યાપન પદ્ધતિઓનો અભ્યાસ કરવાંનો હોય છે. ગુજરાતી અધ્યાપન પદ્ધતિ પસંદ કરનાર તાલીમાર્થીઓ માટે ગુજરાતી વિષયની સ્વાધ્યાય પુસ્તિકા પ્રસિદ્ધ કરતાં આનંદ અનુભવીએ છીએ.

આ સ્વાધ્યાય પુસ્તિકામાં શિક્ષણનાં વિવિધ કૌશલ્યો :-

**એકમ-1 માતૃભાષા શિક્ષણનાં વિવિધ કૌશલ્યો**

જેવાં કે શ્રવણ, કથન વાચન, લેખનની વિષયવસ્તુ આધારિત વિસ્તૃત ચર્ચા જેમાં કૌશલ્યોનું મહત્ત્વ, વિકાસ માટેની પ્રવૃત્તિઓ કૌશલ્યના દોષો નિવારણના ઉપાયો વગેરેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

**એકમ-2 માતૃભાષા શિક્ષણની વિવિધ પદ્ધતિઓ**

વિષયવસ્તુ આધારિત વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. જેમાં વ્યાખ્યાન પદ્ધતિ, આગમન-નિગમન પદ્ધતિ, સ્વાધ્યાય પદ્ધતિ, જૂથ ચર્ચા પદ્ધતિ, પ્રોજેક્ટ પદ્ધતિ તેમજ નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિની ચર્ચા કરવામાં આવી છે.

**એકમ-3 માતૃભાષા શિક્ષણની પ્રયુક્તિઓ**

જેમાં કથન, ચર્ચા પ્રશ્નોત્તર, નાટ્યીકરણ પ્રવૃત્તિની ચર્ચા કરવામાં આવી છે.

**અભ્યાસ અંગે માર્ગદર્શન**

1. અહીં ત્રણ એકમનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે એકમ અંગેની વિસ્તૃત અભ્યાસ પૂર્ણ માહિતી આપવામાં આવી છે.
2. પ્રત્યેક એકમનાં આરંભમાં તેનું માળખું આપવામાં આવ્યું છે તેમ એ માળખાની વ્યવસ્થા બરાબર સમજી લો અને પછી જ ક્રમશ તેના અભ્યાસમાં આગળ વધો.
3. પ્રારંભ એકમનો પરિચય આપવામાં આવ્યો છે. આ પરિચય ધ્યાનપૂર્વક વાંચો આમ કરવાંથી એકમને ગ્રહણ કરવામાં વધુ અનુકૂળતા રહેશે.
4. સમગ્ર એકમનો અભ્યાસ કર્યા પછી તેનું મનન કરો. સારાંશ એક વાર યાદ કરી જાઓ. યાદ રાખેલા સારાંશને એકમને અંતે અપાયેલા સારાંશ સાથે સરખાવી જાઓ. અને જે મુદ્દાઓ રહી ગયા હોય તે સમાવી લઈને ફરીથી કૃતિનો સાર યાદ રાખવાનો પ્રયાસ કરો.
5. એકમના કેટલાંક મુદ્દાઓની ચર્ચાને અંતે તમારી પ્રગતિ ચકાસો એ શીર્ષક નીચે કેટલાંક સ્વાધ્યાયો આપવામાં આવ્યા છે. આ સ્વાધ્યાયોના ઉત્તરો શોધી અલગ નોંધપોથીમાં તૈયાર કરો.
6. એકમને અંતે સ્વાધ્યાય પ્રશ્નો આપવામાં આવેલ છે. આ સ્વાધ્યાય પ્રશ્નોના ઉત્તરો તૈયાર કરી તમારા કેન્દ્ર ઉપરના માર્ગદર્શન દ્વારા તેમનું પરીક્ષણ કરાવો.
7. સમગ્ર એકમનું કાળજીપૂર્વક અને એકાગ્રતાપૂર્વક અધ્યયન અધ્યાપન કરવાંથી તમે તમારી જાતે જે તે એકમની માર્ગ જાણકારી મેળવી શકશો. જરૂર છે માત્ર ખંત-ઉત્સાહને પુરુષાર્થની.

## એકમ 9

# ગદ્ય શિક્ષણ

## : રૂપરેખા :


**9.0 ઉદ્દેશો**

**9.1 ભૂમિકા**

**9.2 ગદ્યશિક્ષણનું મહત્ત્વ**

**9.3 ગદ્યશિક્ષણનાં હેતુઓ**

**9.4 ગદ્યશિક્ષણનાં સોપાનો**

**9.5 ગદ્યશિક્ષણની પદ્ધતિઓ, મૂલ્યાંકન, સ્વાધ્યાય**

**9.6 ગદ્યશિક્ષણ દરમ્યાન જોવા મળતી ક્ષતિઓ**

**9.7 ક્ષતિ નિવારવાના ઉપાયો**

**9.8 તમારી પ્રગતિ ચકાસો**

**9.9 સારાંશ**

**9.10 સ્વાધ્યાય**

**9.11 ચર્ચા માટેના મુદ્દા**

**9.12 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

**9.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**


## 9.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે........

(1) એકમનો પરિચય મેળવી શકશો.

(2) ગદ્યનો અર્થ જાણી શકશો.

(3) ગદ્યની લાક્ષણિકતાઓની વિસ્તૃત સમજ મેળવી શકશો.

(4) ગદ્યશિક્ષણનું મહત્ત્વ સમજી શકશો.

(5) ગદ્યશિક્ષણનાં સોપાનોથી માહિતગાર થશો.

(6) ગદ્યશિક્ષણની પદ્ધતિઓ અંગેની સમજ પ્રાપ્ત કરી શકશો.

(7) ગદ્યશિક્ષણમાં જોવા મળતી ક્ષતિઓથી વાકેફ બનશો.

(8) ગદ્યશિક્ષણની ક્ષતિઓને નિવારવાના ઉપાયો અંગેની સમજ પ્રાપ્ત કરી શકશો.

## 9.1 પ્રસ્તાવના

પરંપરાગત કે ચીલાચાલુ ઢબે ચાલતા શિક્ષણે બાળકોમાં નીરસતા પેદા કરી છે. ભાષામાં વિવિધ વિદ્યાઓના પાઠ મૂકવાનો હેતુ ત્યારે જ સિદ્ધ થાય જ્યારે તેમને વિશિષ્ટ ઢબે ભણાવવામાં આવે. દરેક પાઠમાં આપેલ સાર તત્ત્વોને બાળક સમજે, જીવનમાં ઉતારે અને તે પણ રસપ્રદ રીતે તેથી દરેક પાઠ વિશિષ્ટ રીતે જ ભણાવો જોઈએ. એવા પ્રકારે ભણાવું જોઈએ જેથી સાહિત્યના દરેક સ્વરૂપનો સાચો પરિચય મળે.

## 9.2 ગદ્યશિક્ષણનું મહત્ત્વ

ભાષાશિક્ષણનો એક મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ એ છે કે વિદ્યાર્થીઓમાં પડેલા અંતર્ગત ભાવોની શોધ કરી તેનો વિકાસ કરવાંનો છે. ગદ્યનું શિક્ષણ જીવનના મૂળમાં જ રહેલું છે. ગદ્યશિક્ષણ સિવાય તો આપણો જીવનવ્યવહાર સ્થગિત થઈ જાય. સામન્યતઃ આપણો વિચાર વિનિમય ગદ્યશિક્ષણનાં માધ્યમ દ્વારા જ આગળ વધે છે. વિચાર ઊર્મિ, ભાવનાશક્તિ, સમજશક્તિ તથા જ્ઞાનનો જે ક્રમિક વિકાસ થાય છે તેમાં ગદ્યસાહિત્યનું મહત્ત્વનું યોગદાન છે. મનુષ્યના વિચારોનું સ્વભાવિક સ્વરૂપ ગદ્યમાં જ આવિર્ભૂત થાય છે.

શબ્દ સમૃદ્ધિમાં વૃદ્ધિ ગદ્યના સહારે જ થાય છે. એટલું જ નહિ પણ નિતનૂતન સાહિત્ય સ્વરૂપોથી, શૈલીઓના સ્વરૂપથી પરિચિત કરે છે.

ગદ્યના સહારે જ આપણે ફુરસદના સમયનો યોગ્ય ઉપયોગ કરીએ છીએ. રોજિંદા જીવનનો નાતો પણ ગદ્ય સાથે વધુ સંકળાયેલો છે. ગદ્યમય વિચારોને આપણે સરળતાથી સમજી શકીએ છીએ, અર્થગ્રહણ થઈ શકે છે.

ગદ્યસાહિત્ય નાવીન્યસભર છે. તેનો આસ્વાદ કરાવવો, સંસ્કારોનું સિંચન કરવું તેના પ્રત્યે અભિરુચિ વધારવી જેવું ભગીરથ કાર્ય ભાષા શિક્ષકોનું છે. તેને આત્મસાત્ કરાવવા વિદ્યાર્થીઓનું ભાવિ નાગરિક તરીકે ઘડતર થાય છે. જેથી તેનું શિક્ષણકાર્ય અસરકારક બનાવવું એ આપણું પરમ કર્તવ્ય છે માટે જ આપણાં પાઠ્યપુસ્તકોમાં ગદ્યપાઠોને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યુ છે. પાઠ્યપુસ્તકોમાં જો ગદ્યપાઠોની સંખ્યા પ્રમાણમાં વધારે હો. તો એનો મતલબ એવો નથી કે તેનું શિક્ષણકાર્ય સરળ છે. જો ગધશિક્ષણ પ્રતિ યોગ્ય ધ્યાન આપવામાં ન આવે તો વિદ્યાર્થીઓને વધારેમાં વધારે નુકસાન થાય એ બેશક બની રહે છે.

ગદ્યશિક્ષણનું મહત્ત્વ નીચે મુજબ વર્ણવી શકીએ.

- વિદ્યાર્થીઓના અંતઃનિહિતોની શોધ કરી પ્રગટ કરી શકાય છે.
- શબ્દો, સમાનાર્થી, વિરોધી, રૂઢિપ્રયોગો વગેરેનો સહજ પરિચય મેળવી તેમની ભાષા સમૃદ્ધિ વિકસિત કરી શકાય.
- સમજશક્તિ, ભાવનાશક્તિ, વિચારશક્તિ આદિનો વિકાસ કરી શકાય છે.
- ખૂબ સરળ હોવાથી વિદ્યાર્થીને રસ પડે છે.
- જાતે વાચન કરવાંની ટેવ પાડી તેના ફૂરસદના સમયનો ઉપયોગ કરતો થાય છે.
- રસાસ્વાદ કરાવી શકાય છે.
- શિક્ષણને રસપ્રદ બનાવી શકાય છે.
- પાઠ્યપુસ્તકમાં ખૂબજ અગત્યનો ભાગ છે.
- અન્ય વિષયો શીખવામાં ઉપયોગી થાય છે.

## 9.3 ગદ્યશિક્ષણનાં હેતુઓ

ગદ્યશિક્ષણનાં હેતુઓ નીચે મુજબ છે.

- વિદ્યાર્થી લેખકનાં વિચાર, ભાવ  દૃષ્ટિ વગેરે સમજે.
- વિદ્યાર્થી ગદ્ય સાહિત્યથી પરિચિત થાય.
- વિદ્યાર્થીની અર્થગ્રહણની શક્તિનો વિકાસ થાય.
- ભાષાની કુશળતાઓનું દૃઢીકરણ કરવું અને તેમનું મૂલ્યાંકન કરવું.
- વિદ્યાર્થી ભાષાતત્ત્વોનો પરિચય મેળવે.
- વિદ્યાર્થીઓના શબ્દભંડોળમાં વૃદ્ધિ થાય.

- સાહિત્યના વિવિધ પ્રકારોનો પરિચય મેળવે.
- ગદ્ય સાહિત્ય પ્રત્યે રસ-અભિરુચિ કેળવે.
- લેખકની સર્જનશૈલીથી પરિચિત થાય.
- વિદ્યાર્થી પોતાની ભાષામાં સર્જન કરતાં શીખે.
- તેની ભાષાશક્તિ કેળવવી.
- શિષ્ટ સાહિત્યનો રસાસ્વાદ કરાવવો.
- તેનું દૃષ્ટિબિંદુ વિશાળ થાય.
- અનુભવોમાં વિશાળતા લાવવી.
- કલ્પનાશક્તિ સમૃદ્ધ બનાવવા ઇચ્છનીય માનસિક વલણો અને આદર્શોનું ઘડતર કરવું.

## 9.4 ગદ્યશિક્ષણનાં સોપાનો :

પાઠ્યપુસ્તકમાં નિશ્ચિત પાઠો માટે ગહન અધ્યયન માટે ચર્ચા કરવી છે. નક્કી કરેલ સામાન્ય તથા વિશિષ્ટ ઉદ્દેશો સિદ્ધ કરવાંના છે. વિદ્યાર્થીઓમાં અભિરુચિ જગાવવાની છે. આ બધી જ બાબતોનું દૃઢીકરણ કરાવતાં કરાવતાં મૂલ્યાંકન સુધી પહોંચવાનું છે. પાઠોનું આયોજન પ્રશિક્ષણાર્થી કેવી રીતે કરશે, ક્યા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કરશે તેની જાણકારીની ચર્ચા આ મુદ્દામાં કરવાંનીં છે. જેથી બિનઅનુભવી શિક્ષક શરૂઆતમાં આનો સહારો લઈ આગળ વધી શકે. ગદ્યશિક્ષણ કાર્ય સાથે કેટલાંક મહત્ત્વના સોપાનો જોડાયેલાં છે. કેટલાંક તેને ગદ્યશિક્ષણની સમસ્યાઓ તરીકે ઓળખાવે છે. ખરેખર તે સમયસ્યા નથી પરંતુ વિચારભેદ છે. શિક્ષણ પાઠનું આયોજન કરતી વખતે શિક્ષક જે ક્ષમતા કે હેતુ સિદ્ધ કરવાંની જે અપેક્ષા રાખે તે સિદ્ધ થાય તે અગત્યનું છે. તેની સિદ્ધિ માટે આ પ્રમાણેના સોપાનો વિશે વિચારી શકાય છે.

**(1) પ્રસ્તાવના-પ્રારંભ-વિષયપ્રવેશઃ**

વિદ્યાર્થીઓને જે જ્ઞાન આપવાનું છે. તેના પ્રતિ લઈ જવા તેના પૂર્વજ્ઞાનની તપાસ, જાણકારી આવશ્યક બની જાય છે. ભાષાશિક્ષણનાં સિદ્ધાંત સૂત્રોને ધ્યાનમાં રાખીને પ્રશ્નો પૂછવામાં આવે છે. વિદ્યાર્થીઓના મગજમાં કેટલીક વાતો, બાબતો સુષુપ્તાવસ્થામાં પડેલી હોય છે. તેને પ્રશ્નો દ્વારા બહાર લાવવાની હોય છે, નવા જ્ઞાન માટે તત્પર બનાવવાનો હોય છે. તેની સામે જાતજાતની પ્રયુક્તિ કે પ્રવૃત્તિ દ્વારા પ્રકૃતિસંવાદ, ચિત્રવર્ણન, ઉદાહરણ, રોજિંદા જીવનની વાતો, વાર્તા, મૉડેલ યા ઉપકારક વાતો મૂકીને માનસિક રીતે તૈયાર કરવાંનો છે.

ઉદાર કે સમાનભાવને લીધે વિદ્યાર્થી માનસિક સ્વસ્થતા પ્રાપ્ત કરે છે. નવા જ્ઞાન માટે ઉત્સુક બને છે. સતર્ક તથા સાવધાન બની જાય છે. વર્ગનું વાતાવરણ પ્રારંભથી જ જામી જાય છે. પરિણામે ઉદ્દેશ કથનમાં એકદમ સાહજિકતા આવી જશે. વિદ્યાર્થીઓને ખ્યાલ પણ નહિ આવે કે તેઓએ નવા જ્ઞાનમાં પ્રવેશ કરી લીધો છે, વિષય પ્રવેશમાં સ્વાભાવિકતા, સરળતા, સાહજિકતા હોવી જરૂરી છે. મતલબ કે વિષયપ્રવેશ આદર્શ હોવો જરૂરી છે. પ્રસ્તાવના પછી તરત જ વિષયાંગની સ્પષ્ટતા કરી કાળાપાટિયા પર લખવાનો છે.

**(2) આદર્શ વાચનઃ**

નિશ્ચિત કરેલા એકમનું, એકમ અંશનું શિક્ષક દ્વારા વાચન કરવું ખૂબ જ જરૂરી છે. પ્રસ્તુત વાચન અનુકરણીય યા આદર્શ હોવું જરૂરી છે. વિરામ ચિહ્નનોને ખ્યાલ પણ રાખવાનો છે. યોગ્ય આરોહ-અવરોહ તથા ગતિ-ઝડપ સાથે પઠન કરવાંનું છે. જેથી ગર્ધાશમાં રહેલ અર્થ તેમજ ભાવને આસાનીથી ગ્રહણ કરી શકે તોજ તે પઠન પ્રભાવોત્પાદક બની રહેશે. અહીંયા આદર્શના અર્થ એ કરવાંનો છે કે ભાવવાહી પઠન-વાચનના પરિણામે વિદ્યાર્થીઓનું પઠન દરમ્યાન જ લગભગ 15 થી 20% જેટલું અર્થગ્રહણ થઈ જાય છે. અધ્યેતાને યોગ્ય રીતે વાચન કરવાંની તાલીમ મળે છે અને ગદ્ય પ્રતિ રસ કેળવાય છે.

વાચન સંબંધી શિક્ષણ કેટલીક સમસ્યાઓનો અનુભવ કરે છે. દા.ત. (1) ગદ્યકૃતિને પૂરેપૂરી વાંચવી કે થોડાંક ફકરા વાંચવા. (2) વાચન શિક્ષકે કરવું કે વિદ્યાર્થી પાસે કરાવવું. (3) લાંબી ગદ્યકૃતિના વચન વખતે વિદ્યાર્થીઓ કંટાળી જાય તો તેને તૂટક તૂટક કે સળંગ ? જેવા પ્રશ્નો શિક્ષકોને માટે સમસ્યારૂપ બને છે. તો તે અંગેનો નિર્ણય નીચેના જેવા પ્રશ્નોને ધ્યાનમાં લઈ કરવો.

(1) ગદ્યકૃતિનું શિક્ષણ કઈ કક્ષાએ કરવાંનું છે ? પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક

(2) હપ્તાવાર વાચન કરવાંથી ગદ્યકૃતિનો રસાસ્વાદ જોખમમાં મુકાય છે ?

(3) ગદ્યકૃતિના શિક્ષણકાર્ય માટે વાચન સંબંધી કયાં હેતુ સિદ્ધ કરવાંનુ નિર્ધારિત કર્યું છે.

(4) હેતુ પ્રશ્નો આપી, પૂર્વવાચન કરી આપવાની સૂચના આપીએ તો ?

આના માટે આવા વિકલ્પો અપનાવી શકાયઃ

(1) આદર્શ વાચનના નમૂના માટે કેટલાંક ગદ્યાંશ વાંચી સંભળાવવા.

(2) જો વાચન દ્વારા અર્થગ્રહણ કરાવવું હોય તો પૂરા પાઠનું વાચન કરવું. જો પાઠ લાંબો હોય તો ત્રણ ચાર વિભાગમાં તેની વહેંચણી કરવી. અને એક તાસમાં શીખવવા પૂરતું વાચન કરવું. અન્ય ભાગનું વાચન ત્રીજા કે ચોથા તાસમાં શિક્ષણકાર્ય પહેલાં વાચન કરવું. અલબત્ત ભાષા વિભાગ કરતી વખતે સળંગ વિચાર કે ઘટનાને ધ્યાનમાં રાખવી જરૂરી છે.

(3) માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ શિક્ષક દ્વારા વાચનનો આગ્રહ છોડી વિદ્યાર્થીઓ પાસે વાચન કરાવી શકાય. જરૂર પડ્યે શિક્ષક નમૂનો પૂરો પાડી શકે.

(4) કૌશલ્યાભિમુખ પાઠ હોય તો કેટલાંક ફકરાનું મુખવાચન અને કેટલાંકનું શાંત વાચન (મૂકવાચન) આપી શકાય.

(5) અગાઉથી હેતુ પ્રશ્નો આપીને ગદ્યપાઠનું વાચન કરી આવવાની સૂચના આપી સીધો જ વર્ગવ્યવહાર શરૂ કરી શકાય.

**(3) લેખક પરિચયઃ**

લેખક પરિચય બાબતે બે ત્રણ બાબતો વિચારણા માગી લે તેવી છે. જેમકેઃ

(1) લેખકનો પરિચય ક્યારે આપવો ?

(2) લેખકનો પરિચય કેવી રીતે આપવો ?

(1) લેખકનો પરિચય ક્યારે આપવો ? તે અંગે બે જુદાં જુદાં મત પ્રવર્તે છે. એક મત એવો છે કે કૃતિની શરૂઆતમાં અને કૃતિના શિક્ષણકાર્યને અંતે આમ તો બંને રીતે યોગ્ય છે. આ બંનેમાંથી કઈ રીતે આગળ વધવું એ શિક્ષકની વિવેકબુદ્ધિ ઉપર છોડવામાં આવે છે પરંતુ એટલી વાત નિશ્ચિત રીતે ધ્યાનમાં રાખવી કે તેની અસરકારકતાનો ખ્યાલ અવશ્યપણે કરવો કે જેથી લેખકના પરિચય બાદ વિદ્યાર્થીઓ અન્ય કૃતિઓ વાંચવા પ્રેરાય એ જળવાય જરૂરી છે.

**લેખક પરિચય આપવા માટેની પ્રયુક્તિઓ :-**

(1) કથન કરી લેખકનો પરિચય આપી શકાય. આ માટે લેખકનો જન્મ, અભ્યાસ, વ્યવસાય, સાહિત્ય ક્ષેત્રે પ્રદાન વગેરે વિગતોનો સમાવેશ કરવો.

(2) અગાઉના ધોરણમાં જે-તે લેખકનો પરિચય આપ્યો હોય તેની વિગત તેમની પાસેથી મેળવી, યાદ કરાવી શકાય. આ માટે પ્રશ્નોની પ્રયુક્તિનો ઉપયોગ કરવો., અગાઉથી વાંચવા પણ આપી શકાય.

(3) પી.પી.ટી., રોલ-અપ બોર્ડ પર લખી, ચાર્ટ પણ બનાવી શકાય જેનું વિદ્યાર્થીઓ પાસે વાચન કરાવીને પરિચય આપી શકાય. જો વાચન કરાવવામાં આવે તો પ્રશ્નો પૂછવાની જરૂર નથી. અને પ્રશ્નો પૂછો તો વાચન કરાવવાની જરૂર નથી. શક્ય હોય તો લેખકનો ફોટોગ્રાફ કે ચિત્ર બતાવવું.

**(4) વિષયવસ્તુનું વિશ્લેષણઃ**

પાઠની મજા અથવા હાર્દ આ સમયે જ જોવા મળે છે. જ્યારે શિક્ષક પાઠનું આદર્શ વાચન કરી લે તે પછી પાઠની વિસ્તૃત ચર્ચા કરે છે. વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને ઉચિત પ્રશ્નો, પ્રવૃત્તિઓ (બંનેની શિક્ષકની વિદ્યાર્થીની-વર્ગની અંદરની-બહારની) નું આયોજન કરી તે વિદ્યાર્થીઓને ચર્ચામાં જોડી વર્ગને એકદમ જીવંત બનાવે છે. નક્કી કરેલા ઉદ્દેશો, કૌશલ્યો શિક્ષક આ સોપાન દરમ્યાન સિદ્ધ કરવાંની પૂરેપૂરી કોશિશ કરે છે. જ્ઞાન પ્રાપ્તિનો ઉદ્દેશ્ય આ સમયે જ સિદ્ધ થાય છે. સાથેસાથે અપરિચિત શબ્દો, મુદ્દાઓની કા.પા. પર નોંધ પણ તૈયાર થાય છે. અને ગદ્યાંશનું અર્થગ્રહણ પણ થશે. નીતિવિષયક એટલેકે મૂલ્યલક્ષી, બોધપ્રદ કે માહિતીલક્ષી બાબતોનું સ્પષ્ટીકરણ થાય છે. ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખીને પ્રવિધિમાં શિક્ષક બદલાવ લાવી શકેછે. હા, શિક્ષકે એ વાતનું વિશેષ ધ્યાન રાખવાનું છે કે તે પોતાની સૂઝબૂઝથી, ઉપકારક પ્રશ્નો, કથન દ્વારા વિદ્યાર્થીઓને વધુમાં વધુ ચર્ચામાં સહભાગી બનાવી સક્રિય રાખી વર્ગમાં એક પ્રકારનું અધ્યયનનું વાતાવરણ ઊભું કરી શકે.

આમ પાઠ્યપુસ્તકના એકમ વિષયવસ્તુ શિક્ષક માટે એક માધ્યમ છે. માટે વિષયવસ્તુ પ્રત્યેની શિક્ષકની સૂઝ, સમજ અને તૈયારી જેટલાં વધારે તેટલું શિક્ષણકાર્ય સરળ અને અસરકારકતા વધારે. વિષયવસ્તુની સમજ, ભાષાવસ્તુના ઉપયોગનું જ્ઞાન મૌલિક અભિવ્યક્તિથી વિવિધ પ્રયુક્તિઓ, વિદ્યાર્થીઓને સમજાવવામાં મુદ્દાઓની સ્પષ્ટ વિચારણા અને વૈવિધ્યસભર ઉદાહરણો, શૈક્ષણિક હેતુઓ, સ્પષ્ટીકરણ, પદ્ધતિ અને શૈક્ષણિક ઉપકરણોના ઉપયોગની ક્ષમતા વગેરેની વિચારણા ઉપયોગી બને છે. ગદ્યપાઠમાં વિષય-વસ્તુના વિશ્લેષણ તેના સાહિત્ય પ્રકાર પ્રમાણેના મુદ્દાઓ વિચારણા માગી લે છે.

**વાર્તા કે નવલિકા :**

| **વિષયવસ્તુ** | **ભાષાવસ્તુ** |
|---|---|
| વાર્તા નવલિકાની શરૂઆત | - શબ્દો |
| પાત્રો-પાત્ર પરિચય | - ઉક્તિઓ |
| ગુણદોષ, પાત્ર પાત્ર વચ્ચેનો સંબંધ | - ભાવવાહી સંવાદો |
| મુખ્ય પ્રસંગો કે ઘટનાઓ, બનાવો | - શબ્દચિત્ર |
| સંઘર્ષ | - રૂઢિપ્રયોગ, કહેવત |
| અંત | - સૂક્તિઓ |
| બોધ કે શિખામણ, સલાહ | |

**નિબંધ :**

| **વિષયવસ્તુ** | **ભાષાવસ્તુ** |
|---|---|
| વિષયની સ્પષ્ટતા, અર્થ, વ્યાખ્યા | - શબ્દો |
| સંકલ્પના, સિદ્ધાંત, પ્રમાણ કે આધાર | - રૂઢિપ્રયોગ, કહેવત |
| વૈચારિક બાબતો, દૃષ્ટાંતો, વિદ્વાનોના | -અલંકાર |
| અભિપ્રાય, મંતવ્ય, પુરાવા | - ઉક્તિઓ |
| પક્ષ-વિપક્ષની ચર્ચા કે વિચારણા | - અવતરણો |
| પરિણામોની ચર્ચા | - સુભાષિત કે સૂક્તિઓ |
| બોધ | |

**નાટક-એકાંકી :**

| વિષયવસ્તુ | ભાષાવસ્તુ |
|---|---|
| નાટકની પૂર્વકથા કે એકાંકીની શરૂઆત | - સંવાદ ઉક્તિઓ |
| કથાવસ્તુ-સ્થળ, કાળ સંદર્ભ | - સ્વગતોક્તિની ભાષા |
| પાત્રો-પાત્રોનો પરિચય | -પ્રશ્નાર્થ, ઉદ્ગાર, વાક્યરચના |
| કથાવસ્તુ વિકાસ | - શબ્દો |
| બોધ | - અલંકાર |

**જીવનકથા-આત્મકથા**

| વિષયવસ્તુ | ભાષાવસ્તુ |
|---|---|
| નાટક-કૌટુંબિક માહિતી | - શબ્દો |
| પાત્રાલેખ | - શબ્દચિત્ર |
| જીવન વિકાસક્રમ, કાર્યપ્રણાલિ, | -ઉક્તિઓ |
| જીવદૃષ્ટિ, ગુણદોષ | - રૂઢિપ્રયોગ, કહેવત |
| રજૂઆતનો ક્રમ-ઘટના પ્રસંગો | - અલંકાર |
| બોધ | |

**ભાષાવસ્તુનું નિરૂપણઃ (શિક્ષણ)**

વિદ્યાર્થીઓની ભાષાસમૃદ્ધિનો પાયો તો ગદ્યશિક્ષણ છે. ભાષાવસ્તુની જાણકારી વિના કે સ્પષ્ટતા વિના અર્થગ્રહણમાં અવરોધ આવે છે. એટલે જ તો આવશ્યકતા પ્રમાણે વય, સમય વગેરેનો ખ્યાલ રાખીને આ બધાં જ અંગોને આવરી લેવાના છે.

ભાષાવસ્તુમાં બધી જ બાબતોનો સમાવેશ કરવો યોગ્ય નથી. પરંતુ ખૂબ જ અનિવાર્ય કહી શકાય તેવ, ગદ્યની સમજૂતી માટે આવશ્યક હોય તેટલી બાબતોનો સમાવેશ કરવો જોઈએ. કોઈ ગદ્ય પાઠમાં શબ્દાર્થ, સમાનાર્થી શબ્દ, શબ્દભેદ, સંધિ, રૂઢિપ્રયોગો, સમાસ,અલંકાર વગેરે બધી જ બાબતોનો સમાવેશ કરવાંમાં આવે તો ગદ્યપાઠ ભાષાવસ્તુ મતલબ કે વ્યાકરણનો જ પાઠ થઈ જાય. પરિણામે ગદ્યના આસ્વાદની મજા મરી જાય છે. એટલે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને ભાષાવસ્તુની બાબતોનું પ્રમાણ જાળવવું જરૂરી છે.

ભાષાવસ્તુનું શિક્ષણ પ્રયોગની યથાર્થતા વિશેષતા સમજાવવાની હોવાથી તેનો જ્યાં ઉપયોગ થયો હોય તે મુદ્દાની સમજ ચર્ચા વખતે જ શીખવવું જરૂરી છે. તો જ તેની યથાર્થતા, ઉપયોગ થયો હોય તે મુદ્દાની સમજ ચર્ચા વખતે જ શીખવવું જરૂરી છે. તો જ તેની યથાર્થતા, વિશેષતાની સમજૂતી સાથેસાથ અર્થગ્રહણ, અભિવ્યક્ત અને ઉપયોગનો ફાયદો સાંધવામાં મદદરૂપ બને છે.

વિદ્યાર્થીઓને ભાષાવસ્તુની અભિવ્યક્તિ લખી પ્રયોગ માટે ગૃહકાર્ય કે સ્વાધ્યાય લખી મહાવરાના પ્રશ્નો આપવા જોઈએ.

## 9.5 ગદ્યશિક્ષણની પદ્ધતિઓ :

ગદ્યશિક્ષણ માટે ઘણી બધી પદ્ધતિઓ પ્રચલિત છે. ખાસ કરીને કથન-પ્રશ્નોત્તર પદ્ધતિ વધુ ઉપયોગમાં લેવાય છે. આ ઉપરાંત જૂથચર્ચા, સ્વાધ્યાય, નિરીક્ષિત અભ્યાસ, નાટ્યીકરણ, સેમિનાર, અવલોકન, નિદર્શન-દાર્શનિક જેવી પધ્ધતિઓનો ઉપયોગ એકમ અનુસાર ઉપયોગ કરી શકાય છે.

**મૂલ્યાંકનઃ**

ગદ્યપાઠના શિક્ષણકાર્યના અંતે વિદ્યાર્થીઓએ તાસના અંતે કેટલી લબ્ધિ કરી છે. શિક્ષક જે હેતુઓ નિર્ધારિત કરીને આવ્યા હતા તે હેતુઓ કેટલે અંશે સિદ્ધ થયા છે. તેની ચકાસણી કરવાંમાં આવે છે.

તો વળી શિક્ષકની પદ્ધતિ યોગ્ય રહી કે કેમ ? તેનો ખ્યાલ પણ મૂલ્યાંકન થકી થાય છે. મૂલ્યાંકન સામાન્ય રીતે પાંચ સાત મિનિટમાં જ કરી લેવાનું હોય છે. તે માટે શિક્ષક ભિન્ન ભિન્ન પ્રયુક્તિઓ જેવી કે નાટ્યીકરણ, સંવાદ, રોલ પ્લે, જોડકાં જોડે, વિધાનપૂર્તિ કરે વગેરે જેવાં પ્રશ્નોત્તર થકી શક્ય બને છે.

**સ્વાધ્યાયઃ**

પાઠના અંતે શીખેલ વિષયવસ્તુનું દૃઢીકરણ કરાવતા થાય તેવા પ્રશ્નો સ્વાધ્યાય માટે આપી શકાય.

## 9.6 ગદ્યશિક્ષણ દરમ્યાન જોવા મળતી ક્ષતિઓઃ

માતૃભાષાના ગદ્યશિક્ષણને આજે વર્ગખંડમાં જેવો જોઈએ તેવો યથાર્થ ન્યાય મળતો નથી. ગદ્યશિક્ષણ દરમ્યાન ઘણી બધી ક્ષતિઓ, ઊણપો, કચાશ જોવા મળે છે. ખાસ કરીને નીચે પ્રમાણે

(1) નવી ભાષાકીય માહિતીનું સાંદર્ભિક પુનરાવર્તન થતું નથી.

(2) વિદ્યાર્થીઓને નિયત હેતુઓને સંદર્ભમાં પૂરતી પ્રવૃત્તિ મળતી નથી.

(3) મૂલ્યાંકન માટે ખાસ કોઈ જોગવાઈ નથી.

(4) સ્વાધ્યાય કાર્ય મહદ્અંશે અસ્તિત્ત્વ ધરાવતું નથી. અને હોય તો તેનું સ્વરૂપ ક્ષતિપૂર્ણ છે.

(5) હેતુઓની સ્પષ્ટતા શિક્ષક પાસે જોઈએ તેટલી નથી. શિક્ષક ગદ્યકૃતિ વર્ગસમક્ષ વાંચે છે. થોડી વિગતો આપે છે અને પૂછે છે. પણ ગદ્યનાં વિવિધ સ્વરૂપોની કૃતિના શિક્ષણકાર્ય પાછળનાં હેતુ શું ? તેની સ્પષ્ટતા નથી.

(6) ગદ્યપાઠના શિક્ષણ દ્વારા અર્થગ્રહણ સિવાયના બીજા હેતુઓ પર ખાસ ભાર મૂકવામાં આવતો નથી. ઉચ્ચારશુદ્ધિ, જોડણીશુદ્ધિ પર પણ ભાર મૂકવામાં આવતો નથી.

(7) માતૃભાષાનું શિક્ષણકાર્ય ગુજરાતી ભાષા બોલતી કોઈપણ વ્યક્તિ કરી શકે છે. એ પૂર્વગ્રહ પીડા આપે છે.

## 9.7 ક્ષતિ નિવારવાના ઉપાયો :

(1) નવી ભાષાકીય માહિતીનું સાંદર્ભિક પુનરાવર્તન કરાવવું. આ માટે શિક્ષક આ પ્રકારના પ્રયત્નો કરી શકે જેવા કે, શબ્દો, શબ્દસમૂહો, રૂઢિપ્રયોગો, કહેવતો, સામસિક શબ્દરચનાઓને શિક્ષકે ગદ્યશિક્ષણ દરમ્યાન પ્રશ્નોમા, કથન દ્વારા અથવા વર્ણનાત્મક અભિવ્યક્તિમાં નવા શબ્દઆદિનો યોગ્ય પ્રયોગ શિક્ષકે કરવો જોઈએ. વિદ્યાર્થીને તેવા પ્રયત્નો કરતો કરવો જોઈએ. ભાષા તેના પુનરાવર્તનથી દૃઢ થાય છે. તેથી પુનરાવર્તિત પ્રયોગો ભાષાના જ્ઞાનનો ઉપયોગ વિદ્યાર્થીને શીખવે છે. તત્સમ, તદ્ભવ, દેશજ કે બોલીના રૂઢ શબ્દો તેમજ અન્ય ભાષાના રૂઢ શબ્દો વિશેની પણ સમજ શિક્ષકે આપવી જોઈએ.

(2) વિદ્યાર્થીઓને નિયત હેતુઓના સંદર્ભમાં પૂરતી પ્રવૃત્તિઓ મળવી જોઈએઃ ગદ્યશિક્ષણ ભાષાશિક્ષણનું જરૂરી અંગ છે. તેના અનુસંધાનમાં શિક્ષક કેટલાંક હેતુઓ નક્કી કરે તે જરૂરી છે. ભાષાજ્ઞાન અભિવ્યક્તિ, અર્થગ્રહણ, સાહિત્યાભિરુચિ જેવા હેતુઓનો સંદર્ભ વિવિધ પ્રવૃત્તિ સભર હોવો જોઈએ.

   ભાષાજ્ઞાન માટે શબ્દાર્થ, રૂઢિપ્રયોગાર્થ આપવા જોઈએ. સમાસ, અલંકાર, સામાસિક શબ્દરચનાના અર્થ આપવા વાક્યપ્રકારો, વાક્યાર્થો, વાક્યપ્રયોગોથી માહિતગાર કરવાં. પદચ્છેદ, વિરામચિહ્નનો સમજ આપવી.

(3) મૂલ્યાંકન માટે ટૂંકાં, અતિટૂંકાં, વસ્તુલક્ષી, ભાષાના ઉપયોજનના પ્રશ્નો પુછવા જોઈએ. તેમા વૈવિધ્ય જાળવવુ, અને હેતુઓના સંદર્ભમા મૂલ્યાંકન કસોટી યોજવી.

(4) સ્વાધ્યાયકાર્ય, પાઠ્યમાહિતી ઉપરથી તથા અગ્રિમકાર્યને લગતા પ્રશ્નોવાળુ હોય.

(5) શિક્ષણનાં ઉદ્દેશ્યો સ્પષ્ટ હોવો જોઈએ.

(6) શિક્ષકે ખાસ ધ્યાનમાં રાખવુ જોઈએ કે આપણું ધ્યેય તો ભાષાશિક્ષણ છે. પાઠ્ય પુસ્તકમાની વિવિધ કૃતિઓમા તેનુ માધ્યમ છે.

(7) માતૃભાષાનું શિક્ષણ આપવાને માટે તેજ વ્યક્તિ હકદાર અને યોગ્ય ગણાય જે ભાષા સંબંધી જ્ઞાનથી ભરપૂર હોય. ગુજરાતી ભાષા બોલવી એ અલગ બાબત છે. અને તેનુ શિક્ષણકાર્ય કરવું એ ભિન્ન બાબત છે. એટલે એ બાબતથી મુક્ત થવું પડે કે કોઈપણ શિક્ષક માતૃભાષાનુ શિક્ષણ કાર્ય કરી શકે.

## 9.8 તમારી પ્રગતિ ચકાસોઃ

નીચે આપેલાં પ્રશ્નોના ઉત્તરો આપેલી ખાલી જગ્યામાં લખો.

**1. ગદ્યશિક્ષણનો મહત્ત્વ જણાવો.**

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

**2. ગદ્યશિક્ષણનાં કોઈપણ પાંચ હેતુઓ લખો.**

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

**3. ગદ્યશિક્ષણનાં સોપાનોનો નામોલ્લેખ કરો.**

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

**4. ગદ્યશિક્ષણની ચાર પદ્ધતિના ફક્ત નામ લખો.**

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

## 9.9 સારાંશ

ગુજરાતી ભાષામાં ગદ્યશિક્ષણનું કાર્ય અઘરું છે. ગદ્યશિક્ષણ દ્વારા એક તો ભાષાકીય રૂઢ ભૂલોને દૂર કરવાંની છે. અને શુદ્ધ ભાષાનું રખોપું કરવાંનું છે. વિદ્યાર્થીઓની અભિવ્યક્તિ ભાવસભર બને એ ગદ્યશિક્ષણની સાર્થકતા છે ગદ્યનું શિક્ષણ એ અભિનયનું શિક્ષણ છે. કથનનું શિક્ષણ છે તર્કનું શિક્ષણ છે. સમજનું શિક્ષણ છે. તથા અભિવાદનનું શિક્ષણ છે. સાહિત્યના વિવિધ સ્વરૂપનો ધ્યાનમાં લઈને નૂતન અભિગમ અપનાવવાની જરૂર છે. શિક્ષણની ઘરેડયુક્ત પદ્ધતિમાંથી બહાર લાવવાની તાતી જરૂરિયાત છે.

ભાષાજ્ઞાનની દૃષ્ટિ એ ગદ્યના શિક્ષણ સમયે વ્યાકરણના અંગોને સમાવવાના હોય છે જેમાં સમાસ, સંધિ, અલંકાર, શબ્દસમૂહ, સામાજિક શબ્દો, વ્યુત્પત્તિ વગેરે અનેક શબ્દો પ્રયોગો તથા કહેવતોના ઉપયોગને તેના સંદર્ભમાં સમજી લઈ પ્રસ્તુત કરવાંના હોય છે.

નાટક, નવલિકા, નવલકથા ખંડ, નિબંધ, રોજનીશી વગેરે સ્વરૂપો ગદ્યશિક્ષણનું હાર્દ છે. ગદ્યસાહિત્ય નાવીન્યસભર છે. તેનો આસ્વાદ, સંસ્કારોનું સિંચન, ગદ્યશિક્ષણ પ્રત્યે અભિરુચિ, વિદ્યાર્થીઓનું ભાવિનાગરિક તરીકે ઘડતર ગદ્યશિક્ષણ દ્વારા જ થાય છે.

ગદ્ય વિચાર વિનિમયનું માધ્યમ છે. મનુષ્યના વિચારોનું સાહજિક સ્વરૂપ ગદ્યમાં જ જન્મ પામે છે.

## 9.10 સ્વાધ્યાયઃ

(1) ગદ્યશિક્ષણનો અર્થ સ્પષ્ટ કરી તેની લાક્ષણિકતાઓ જણાવો.

(2) ગદ્યશિક્ષણનું મહત્ત્વ સ્પષ્ટ કરો.?

(3) ગદ્યશિક્ષણનાં સોપાનો જણાવી કોઈપણ ત્રણ વિસ્તૃત સમજ આપો.

(4) ગદ્યશિક્ષણનું કાર્ય કરતી સમયે ક્યા ક્યા હેતુઓને ધ્યાનમાં રાખવા જરૂરી છે.

(5) ગદ્યશિક્ષણ દરમ્યાન તમે વ્યાકરણનો અનુબંધ કઈ રીતે સાધશો ?

(6) ગદ્યશિક્ષણ એ ભાષાશિક્ષણની કસોટી કરતો પથ્થર છે. સમજાવો.

## 9.11 ચર્ચા માટેના મુદ્દાઃ

(1) ‘‘સાહિત્યના દરેક સ્વરૂપનો પરિચય ગદ્યશિક્ષણ દ્વારા મળી રહે છે.’’ પ્રસ્તુત વિધાનના સંદર્ભમાં તમારા વિચારો જણાવો.

(2) ‘‘ગદ્યશિક્ષણ સિવાય આપણો જીવન વ્યવહાર સ્થગિત થઈ જાય ’’ પ્રસ્તુત વિધાન સાથે તમારી સંમતિ-અસંમતિ માટેની દલીલો જણાવો.

(3) ગદ્યશિક્ષણની સજ્જતા વિષે તમારા વિચારો જણાવો.

## 9.12 કેટલાંક ઉપયોગી પુસ્તકોઃ

(1) મોતીભાઈ પટેલ, દવે જયેન્દ્ર અને ભોગાયતા ચંદ્રકાંત

ગુજરાતીના અધ્યાપનનું પરિશીલન બી.એસ.શાહ પ્રકાશન-અમદાવાદ

(2) પરમાર ઈશ્વરઃ

ભાષા શિક્ષણની કળા, પ્રવીણ પ્રકાશન, રાજકોટ

(3) જોષી સુરેશઃ

ગુજરાતી કવિતાનો આસ્વાદ, ચેતન પ્રકાશકગૃહ-વડોદરા

(4) Curry, p:

Teaching of mother Fongue in secondary schools, London, Longmans, 1960.

(5) Naransimharao. K.V.V.L. and N.Nadaraja Pillai

Drins Exercise in language Teaching, Central Institutes of Indian Languages, Manasasangotri Mysore, 1987

## 9.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબોઃ

1:1:3

2:1:3

3:1:4

5:1:5

એકમ 10

# પદ્ય શિક્ષણ

## : રૂપરેખા :

10.0 ઉદ્દેશો
10.1 પ્રસ્તાવના
10.2 પદ્યશિક્ષણનું મહત્ત્વ
10.3 પદ્યશિક્ષણનાં હેતુઓ
10.4 કાવ્યનું વર્ગ શિક્ષણ-વાસ્તવિકતા
10.5 પદ્યશિક્ષણ અંગેનાં મંતવ્યો
10.6 પદ્યશિક્ષણની પદ્ધતિ
10.7 પદ્યશિક્ષણનાં કૌશલો
10.8 તમારી પ્રગતિ ચકાસો
10.9 સારાંશ
10.10 સ્વાધ્યાય
10.11 ચર્ચા માટેના મુદ્દા
10.12 કેટલાંક ઉપયોગી પુસ્તકો
10.13 'તમારી પ્રગતિ ચકાસો' ના ઉત્તરો

## 10.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે....

(1) એકમનો પરિચય મેળવી શકશો.

(2) કેટલાંક વિદ્વાનોએ આપેલી વ્યખ્યાઓ પરિચિત થશો.

(3) પદ્યશિક્ષણનો અર્થ અને પ્રકારોથી માહિતગાર

(4) પદ્યશિક્ષણનો અર્થ અને પ્રકારોથી માહિતગાર બનશો.

(5) પદ્યશિક્ષણનાં હેતુઓની સમજ પ્રાપ્ત કરશો.

(6) પદ્યશિક્ષણની વર્ગશિક્ષણની વાસ્તવિકતાથી પરિચિત ઘશો તથા તેના ઉકેલથી માહિતગાર થશો.

(7) પદ્યશિક્ષણની સજ્જતા ખ્યાલ પ્રાપ્ત કરશો.

(8) પદ્યશિક્ષણની પદ્ધતિઓથી પરિચિત થશો.

## 10.1 પ્રસ્તાવના

કાવ્ય એક વિશિષ્ટ સાહિત્યકૃતિ છે. કાવ્યની રચના તો એક સાહસ છે જ પણ એમાંથી મોટું સાહસ તો તેમના શિક્ષણ કાર્યનું છે. કાવ્યને અધ્યાપિત કરવાં કરતાં આરોપિત કરવાંનું છે. કવિતા શી રીતે શીખવવાની એ એક મોટો પ્રશ્ન છે. ગદ્યશિક્ષણનાં વિવિધ સ્વરૂપો કરતાં પદ્યશિક્ષણ જુદાં જ પ્રકારનું જતન માગી લે તેવી બાબત છે. અને માટે જ તેના શિક્ષણ કાર્યમાં અનેક જોખમો રહેલ છે. કાવ્ય ગદ્યની અપેક્ષાએ વિશિષ્ટ નજાક્તવાળી કૃતિ છે. તેથી તેની સાથેનો વ્યવહાર ખૂબ જ કમનીય અને નજાક્તભર્યો હોવો જોઈએ. પદ્યનું શિક્ષણ શિક્ષકની ચાતુરી અને વ્યુત્પન્નતા માંગે છે. આદિલ મન્સુરીએ

કવિતાની રચના માટે કહ્યું છે કે 'અહીં તો કહીં લોટી પણ નીકળે' તે કવિતા શિક્ષણ માટે પણ એટલું જ સાચું છે.

મનુષ્ય જ્યારે પ્રકૃતિનાં વિવિધ સ્વરૂપો તથા વ્યાપારોથી ઊંચે ઊડી પોતાના યોગ-ક્ષેમ, હાનિ-લાભ, સુખ-દુ:ખ વગેરેને ભૂલી જઈ પોતાની સંત્તામાંથી છૂટકારો મેળવી ફક્ત અનુભૂતિ માત્ર બની જાય ત્યારે આપણે તેને મુક્ત હૃદય કહીએ છીએ. હૃદયની આ મુક્ત સાધના માટે જે વાણી શબ્દોમાં વિધાન કરે છે તેને કવિતા કહેવાય. આમ કવિતા માનવીની માનવતાને સજાગ રાખનારું એક સુકોમળ સાધન છે. કવિતા દ્વારા મનુષ્યનો ભાવાત્મક વિકાસ થાય છે. વાચકનું હૃદય અલૌકિક આનંદથી ભરાય છે. સત્યમ્, શિવમ્, સુંદરમ્ને આપણે કવિતાના ભાવમય જગતમાં જોઈ શકીએ છીએ. મનુષ્યને સતત પરિશ્રમ પછી વિરામની જરૂર પડે છે. તેવી જ રીતે સતત બૌદ્ધિક કાર્યો પછી મનને પ્રફુલ્લિત કરવાં કવિતાની જરૂર પડે છે. કવિતા દ્વારા વિદ્યાર્થીઓના કલ્પના શક્તિનો વિકાસ થાય છે.

## 10.2 પદ્યશિક્ષણનું મહત્ત્વ

પદ્યશિક્ષણનું વર્ણન નીચે મુજબ વર્ણવી શકાય.

- કવિતાને પ્રથમ અનુભવ આનંદનો છે. જેના દ્વારા આનંદ સંવેદના અને સંસ્કાર પ્રાપ્ત થાય છે.
- કવિતાના શિક્ષણથી પ્રેમ, લાગણી, કરુણા અને સહાનુભૂતિ જેવા ગુણોનો વિકાસ કરી શકાય
- મનુષ્યને મનુષ્યત્વ પ્રદાન કરી શકાય છે.
- કવિતા દ્વારા મનુષ્ય સ્વ માંથી બહાર નીકળી સર્વ તરફ ગતિમાન બને છે.
- કવિતા દ્વારા ભાષા પોતાના કમનીય સ્વરૂપોનું દર્શન પામે છે.
- ગીતામાં સાચે જ કહેવાયું છે કે કવિતા દ્વારા આધ્યાત્મિકતાનો વિસ્તાર થાય છે.
- જ્યારે રવીન્દ્રનાથ ટાગોર કાવ્યસૃષ્ટિના અનુભવ દ્વારા આપણા વ્યક્તિત્ત્વનો વિસ્તાર થાય છે એવું જણાવે છે.
- આજે જ્યારે મૂલ્યોનો હાશ થઈ રહ્યો છે તેવા કપરા સંજોગોમાં કવિતા તથ્યો અને મૂલ્યો દ્વારા મનુષ્યત્વને પોષણ આપે છે.
- કવિતા દ્વારા ભાષાકીય કૌશલના વિકાસને સ્થાન છે.
- જડ અને શુષ્ક જીવનને કવિતા લાગણીસભર બનાવી દે છે.
- કવિતા જીવનની વેદના, શોક, વિષાદમય ક્ષણોને પ્રસાદમય બનાવવાની તાકાત ધરાવે છે.
- પ્રકૃતિમાંથી સંસ્કૃતિનું નિર્માણ કરવાંની તાકાત અને ખુમારી કવિતામાંથી પ્રાપ્ત થયેલ છે.

## 10.3 પદ્યશિક્ષણનાં હેતુઓ:

પદ્ય એટલે કે લાગણી સાથે જોડાયેલુ તત્ત્વ છે. કલાકૃતિ તરીકે એનો આસ્વાદ લઈ શકાય છે. કવિતામાં ભાવાત્મક ક્ષેત્રના હેતુઓની પ્રધાનતા રહેલી છે. શિક્ષણનાં સામાન્ય હેતુઓને અનુરૂપ કવિતા શિક્ષણનાં વિશિષ્ટ હેતુઓ આ પ્રમાણે નક્કી કરી શકાય જેમ કે :-

વિદ્યાર્થીઓ..........

- કાવ્યના કવિનો પરિચય મેળવે.
- કાવ્યના વિવિધ પ્રકારોથી પરિચિત થાય.
- શ્રવણ અને વાચન દ્વારા કાવ્યનો આનંદ મેળવે-અનુભવ કરે.
- કાવ્યમાં નિરૂપિત લાગણીઓ, ભાવના અને સંવેદનાઓને સમજે.
- ભિન્ન ભિન્ન પ્રકારનાં કાવ્યોમાં રસ કેળવે.

- કાવ્યગત શબ્દો, પ્રતીકો, કલ્પનાઓ, છંદ, અલંકાર તથા અન્ય પ્રયુક્તિઓ અંગેનું કવિનું પ્રયોજન સમજે.
- કાવ્યના સ્વરૂપગત પ્રકારોથી પરિચિત થઈ કવિતા અને સંગીત તથા કવિતા અને પદ્ય વચ્ચેનો ભેદ સમજે.
- માધ્યમો દ્વારા કવિતાનાં પઠનો થાય. રેડિયો, ટી.વી. દ્વારા પ્રાયોજિત કાવ્ય સમૂહ કવિ મુલાકાતના કાર્યક્રમો સાંભળે અને આનંદ પ્રાપ્ત કરવાંનું તેવું વલણ કેળવે.
- કાવ્યમાં રહેલ શબ્દાર્થ, વાચ્યાર્થ, ધ્વન્યાર્થ સમજે
- કાવ્યમાંથી નિષ્પન્ન થતાં જીવનનાં જુદાંજુદાં પાસાં જેવાકે દેશભક્તિ, વીરતા નીતિ, કટાક્ષ, હાસ્ય, પ્રેમ વગેરેનો આસ્વાદ કરે.
- કવિતાના સર્જન માટે પ્રયત્નશીલ બને.
- કાવ્યની શૈલીને સમજે.
- કાવ્ય શીર્ષકની યથાર્થતાપૂર્વક સમજ કેળવે.

## 10.4 કાવ્યનું વર્ગ શિક્ષણ-વાસ્તવિકતા :

વિદ્યાલયોમાં થતાં કાવ્ય શિક્ષણને નિહાળવામાં આવે તો તેનો સ્પષ્ટ ચિતાર પ્રાપ્ત થાય છે. ખરેખર કાવ્ય શીખવવામાં આવે છે કે કાવ્યનું ખૂન કરવાંમાં આવે છે. શિક્ષક જ કાવ્યનો મારક તે તારક કે ઉદ્ધારક બની શકે છે. વર્ગખંડોની કાવ્યશિક્ષણની વાસ્તવિક્તા આ પ્રમાણે છે.

- કાવ્યનું શિક્ષણ રસાસ્વાદનું શિક્ષણ બનવાને બદલે શબ્દોના અર્થ તારવીને શિક્ષક ગદ્યાન્વય કરી નાખે છે.
- કાવ્ય શિક્ષણમાં ભાષાવસ્તુ પર ભારણ આપી છંદ અલંકાર, શબ્દાર્થ, સંધિની સમજ આપી દે છે. કાવ્યની જે યથાર્થતા છે તે બાજુ પર રહી જવા પામે છે.
- કાવ્યપઠન, કાવ્યગાન અંગેની શિક્ષક અક્ષમતાઓ વિદ્યાર્થીઓને પ્રેરણા, સમજ કે મહાવરાથી વિમુખ રાખે છે.
- કાવ્યશિક્ષણ પરંપરાગત બની ગયું છે
- પ્રયોગાત્મક પાસાનું ઉલ્લંઘન સ્પષ્ટ જણાઈ આવે છે.

  કાવ્યશિક્ષણ એક પ્રકારની કર્મકાંડ બની જાય છે. જ્યાં માહિતીલક્ષી પ્રશ્નોમાંજ ઈતિશ્રી માનવામાં આવે છે.
- કાવ્યનો વર્ગ સજીવ બનવાને બદલે નિર્જીવ, શુષ્ક બની જતો જોવા મળે છે.
- કાવ્યાર્થગ્રહણ કે સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવામાં, કાવ્યગત શબ્દો, શબ્દસમૂહોને પુનરાવર્તિત કરી સ્પષ્ટતા જાળવવાનો પ્રયાસ માત્ર બની રહે છે.
- કાવ્યને ખરેખર ફૂલની પાંદડીઓની જેમ ખોલવાનું હોય છે. તે વાત જ વિસારે પડી જતી જોવા મળે છે. કાવ્યને ખોલવાને બદલે મચડી નખાતું જોવા મળે છે.

  આ બધી વાસ્તવિકતા જોતાં કાવ્યના શિક્ષકે કાવ્યશિક્ષણનાં હેતુઓથી બરાબર માહિતગાર થવાની જરૂર જણાય છે.

## 10.5 પદ્યશિક્ષણ અંગેનાં મંતવ્યો :

કવિતા શિક્ષણ અંગે જુદાં જુદાં વિદ્વાનો જુદાં જુદાં મત ધરાવે છે. પરિણામે કાવ્યશિક્ષણ માટે ના અભિગમો પણ જુદાં જુદાં છે.

**(1) કવિતા એ શીખવવાની નહીં પણ પામવાની છે.**

આ મત પ્રમાણે કાવ્ય શિક્ષકે વર્ગમાં કાવ્યનું શિક્ષણ આપવાનું નથી પરંતુ વિદ્યાર્થીઓએ પોતે

પામવાનું છે. આ માટે વિદ્યાર્થીઓએ સ્વઅધ્યયન કરવાંનું રહે છે. એટલે અહીં સ્વાધ્યાયલક્ષી અભિગમને આવકાર મળે છે. એમ કહેવાય. કાવ્યમાં કેન્દ્ર સ્થાને સંવેદનશીલતા છે, તેના અનુભવ વિદ્યાર્થીઓ સ્વપ્રયત્ને કરી શકે. અન્યના પ્રયત્નોથી સવંદનશીલતાનો અનુભવ થતો નથી. અહીં શાબ્દિક અર્થગ્રહણ અનુભાવનકરવાં માટે સ્વાધ્યાય કરવો પડે છે.

**(2) બધાજ શિક્ષકો કવિતાના શિક્ષકો નથી.**

આ મત પ્રમાણએ ભાષા શિક્ષણ માટે સજ્જ બનવું પડે. કાવ્ય શિક્ષણ વિશેની સજ્જતા જેટલી વધારે તેટલી વર્ગશિક્ષણની સફળતા વધારે. સજ્જતા પ્રાપ્ત શિક્ષક વર્ગશિક્ષણ દરમ્યાન વિદ્યાર્થીઓને જુદાં જુદાં શિક્ષણનાં અનુભવો આપી શકશે. શિક્ષકની સજ્જતા આપે, વિષય શીર્ષક, બોધ વગેરેની ચર્ચા કરે છે. આમ, શિક્ષક દ્વારા કવિતાના અર્થઘટનોની ગુણવત્તા વિદ્યાર્થીના અર્થગ્રહણને સાહજિક બનાવે છે.

**(3) કાવ્ય શીખવવાની વિવિધ રીતો છે.**

આ અભિપ્રાય પ્રમાણે શિક્ષક, કવિતા શીખવવા માટે સ્વતંત્ર છે. મતલબ કે શિક્ષક પોતે પદ્ધતિ નક્કી કરે છે. હા પ્રશ્ન એ થાય કે બધા શિક્ષકો યોગ્ય પદ્ધતિ નક્કી કરી શકશે ખરા ? અનુભવ સિદ્ધ-સજ્જ શિક્ષકો પોતાની સંવેદનશીલ ક્ષમતાઓને આધારે કાવ્ય શિક્ષણની રીત અપનાવી કાર્ય કરતા જ હોય છે. પણ કવિતા સ્વરૂપને ધ્યાનમાં લઈ કવિતા શિક્ષણ અંગેની પદ્ધતિ અંગે વિચારવું પડે.

**(4) કાવ્ય કાનની કળા છે.**

ઉમાશંકર જોશીએ 'કવિતા વાંચવાની કળા' તથા કવિ નિરંજન ભગત 'કવિતા કાનથી વાંચો આ મતને આગળ ધરે છે.

કવિતાના સૌંદર્યને ખીલવવા માટે (1) અવાજ (2) અવાજના સંકેતની સમજે મૂકેલો અર્થ એમાં શબ્દના બન્ને પાસાંની મોટી ભૂમિકા છે કારણ કે કવિતાનો । દેહ શબ્દનો બંધાયેલો છે.

સામાન્ય રીતે કવિતા કાગળ પર મુદ્રિત થયેલી, આંખોના ઉપયોગથી વાંચીએ છીએ, પણ કવિતા આંખનો વિષય, જોવાનો વિષય બનતી નથી. માની લો કે આંખો સારી નથી અને 'ઝુકી ઝુંડ ની ઝાઝી ઝાડી' વાંચતાજ દ્રઢ બંધ ઝ ઝ હૃદય સોંસરવા ઊતરતાં ચાલ્યા આવે છે. આ વખતે કાન ચમકે છે. કે બધા જ શબ્દો 'ઝ' થી શરૂઆત પામ્યા છે. એ જોઈને નહિ બલ્કે સાંભળીને........... આંખ કવિતાના અવાજદેહને ધારણ કરી અંતે શ્રવણેન્દ્રિય ને ચરણ ધરી દે છે અને એમાં જ સૌંદર્ય બોધ છુપાયેલાં માલુમ પડે છે.

કવિતા એ અવાજોની એવી સૃષ્ટિ છે કે જ્યા મૂંગા મૂંગા પંક્તિઓ યાદ કરીને અથવા મૂંગા મૂંગા વાંચીએ ત્યારે પણ કવિતાનો સ્વસ્વર સુરેખપણે દૃષ્ટિગોચર થાય અને તેથી શ્રવણની મધુરતા હૃદયને સ્પર્શી જાય છે.

આમ, કાવ્ય કાનની કળા છે. એમ હોવા પાછળનું તાત્પર્ય કાવ્યપઠનનું ગૌરવ અને વિશેષતાઓ દર્શાવવાનું છે.

કાવ્યનું ગાન કે સમૂહગાન આ દૃષ્ટિએ જરૂરી બને છે. શિક્ષણનાં સૂરીલા કંઠના અભાવમાં શ્રાવ્ય સાધન તરીકે ટેપરેકોર્ડરના ઉપયોગ દ્વારા અથવા કોઈના સારા કંઠનો લાભ લઈ કાવ્યગાન સંભળાવી શકાય.

ઉપરોક્ત બાબતો શિક્ષકના સજ્જતાલક્ષી અભિગમ, સ્વરૂપલક્ષી અભિગમ, કાવ્યપઠન ગાનઅભિગમ, સ્વાધ્યાયલક્ષી અભિગમ તરફ દોરી જાય છે જે આવશ્યક પણ છે.

## 10.6 પદ્યશિક્ષણની પદ્ધતિ

કાવ્યશિક્ષણ અંગેની વિશદ્ છણાવટ બાદ પ્રશ્ન એ થાય કે શિક્ષણની ઉત્તમ પદ્ધતિ કઈ ? તો સ્પષ્ટ જવાબ પ્રાપ્ત થાય છે. જે પદ્ધતિ વિદ્યાર્થીને કાવ્ય સન્મુખ કરે તે પદ્ધતિ જ યોગ્ય ગણાય. આ વાત

કહેવી જેટલી સરળ છે પણ તેના સાહજિક અનુભવ કરવો સરળ નથી. અન્ય વિષયોની જેમ માહિતી અને વિચારોનું સહેલાઈથી હસ્તાતરણ થઈ શકે, પરંતુ કવિતામાં એ બાબત કઠિન એટલા માટે લાગે છે કે કવિતા મુખ્યત્વે આત્મલક્ષી વિદ્યા છે. તેનો આધાર અંગત અનુભવ અને સંવેદન ઉપર રહેલો છે. કાવ્યનો મુખ્ય હેતુ રસ અને આનંદ પ્રાપ્તિ તથા સંવેદના ઝંકૃત કરી સંસ્કાર આપવાનો છે. એને માટે કાવ્ય શિક્ષણની પદ્ધતિ પણ આનંદદાયી હોય તે આવકાર્ય છે. કાવ્ય આસ્વાદની ચીજ છે. તેથી એકાગ્ર અનુભવ આવે તેવી પદ્ધતિ અંગે વિચારણા કરવી જોઈએ.

કાવ્ય શિક્ષણ અંગે કોઈ એક જ પદ્ધતિ પ્રચલિત નથી. કાવ્ય શિક્ષકને પોતાની રીતે કાવ્ય શીખવવા પદ્ધતિ અંગેની સ્વતંત્રતા હોવા છતાં કેટલીક પદ્ધતિઓ પ્રચલિત છે, અસ્તિત્ત્વ ધરાવે છે. જેમ કે :-

**(1) પંચપદી પદ્ધતિ હર્બાર્ટ પદ્ધતિઃ**

આ પદ્ધતિમાં કાવ્યની પગથિયાંબધ્ધ સમજ આપવામાં આવે છે. પ્રસ્તાવના,કાવ્યપઠન કે કાવ્યગાન, કાવ્યના વિષયવસ્તુનું નિરૂપણ મૂલ્યાંકન અને સ્વાધ્યાય જેવાં ક્રમિક પગથિયાં દ્વારા કાવ્યનો સર્વાંશે પરિચય આપવા પ્રયત્ન થાય છે.

પ્રસ્તાવનામાં કાવ્યના પરિચયને અનુરૂપ તેની ભૂમિકા આપે છે. ત્યારબાદ શુદ્ધ, સરળ અને સ્પષ્ટપણે કાવ્યનું પઠન કે ગાન કરવાંમાં આવે છે. ત્યારબાદ કાવ્યમાં નિહિત વિવિધ સૌંદર્ય સ્થાનોને પ્રગટ કરી એનું કાવ્ય નિર્માણમાં શું સ્થાન છે તેની વિચારણામાં પ્રશ્નોત્તરી દ્વારા વસ્તુ નિરૂપણ કરવમાં આવે છે. વિદ્યાર્થીઓ ને શેની પ્રાપ્તિ થઈ ? કાવ્ય શિક્ષણનો હેતુ સિદ્ધ થયો કે નહિ તે માટે મૂલ્યાંકન કરવાંમાં આવે છે. અને અંતે કાવ્યનાં રસસ્થાનો, રહસ્યકેન્દ્રો સંબંધી સ્વાધ્યાયના પ્રશ્નો અપાય છે.

**(2) ગદ્ય વિવરણ પદ્ધતિઃ**

આ પદ્ધતિમાં અઘરા શબ્દોના અર્થ સાથે કાવ્ય પંક્તિઓનો સાર આપી દેવામાં આવે છે. કાવ્ય પંક્તિઓનો કેન્દ્રવર્તી વિચાર રજૂ કરવાંમાં આવે છે. દા.ત.'હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને', તે કાવ્યનું શિક્ષણ આપતાં શૂરા એટલે કે શૂરવીર - શૂરવીરના લક્ષણોની યાદી આપી દેવામાં આવે. અને તેના આધારે કાયરનાં લક્ષણો- દુર્ગુણોની- વિગતો આપી દેવાય. આ સિવાય કવિતાપદનું વ્યાકરણનું સામ્રાજય જાળવી રાખવા વ્યાકરણ વિષયક મુદ્દાની સમજૂતી આપવામાં આવે.

આ પદ્ધતિ દ્વારો થતા શિક્ષણકાર્યમા ભાવાવરણ આસ્વાદમાં આવરોધ ઉત્પન્ન થાય છે. કાવ્યની કલ્પનાત્મક-સંવેદનાત્મક બાજુએ હડસેલી અર્થ ચર્ચા જ કેન્દ્રમાં રખાય છે. તે તેની સીમા બની જાય છે.

**(3) પ્રભાવવાદી કે પ્રયોગવાદી પદ્ધતિઃ**

આમ તો આ કોઈ ચોક્કસ પદ્ધતિ નથી, પરંતુ કેટલાંક પ્રયોગવાદી શિક્ષકો એ અપનાવેલી પદ્ધતિ છે. આ પદ્ધતિમાં એક કવિતા દ્વારા મનમાં જે વિચારો, ભાવો, તરંગો કે મુદ્દાઓ ઉત્પન્ન થાય અન્ય કવિતાના સ્મરણો જાગે તે બધાને પોતાની રીતે રજૂ કરતા જઈ જે તે કાવ્યના પ્રભાવનું નિરૂપણ આ પદ્ધતિમાં થાય છે, આમ, અહીં કવિતા પર કવિતા જેવું વિવેચનાત્મક કથન હોય છે, સંક્રમણને જૂજ સ્થાન મળે છે. એટલે શિક્ષણનો મૂળભૂત હેતુ સચવાય નહિ છતાં ચોક્કસ દૃષ્ટિથી આવો ભાવ પ્રગટ કરવાંની તક મળે છે. જેની અસરથી વિદ્યાર્થીઓ સ્વતંત્ર ભાવનાઓ થકી પોતાનાં મંતવ્યો ઘડે છે.

આમ, ઉપર જણાવેલ પદ્ધતિઓ પ્રચલિત છે. વ્યવહારમાં ઉપયોગ થાય છે. હા, એ વાત નિર્વિવાદ છે કે તેમાં અનેક પ્રયુક્તિઓ સંકળાયેલી છે. શિક્ષક કાવ્ય શિક્ષણ દરમ્યાન ચર્ચા કરે, પ્રશ્નો પૂછે, નિદર્શન કરે, કથન કરે વગેરે ના સંયોજનરૂપે પદ્ધતિ જન્મેલી હોય છે. આ પદ્ધતિ ખરેખર કોઈ એક પદ્ધતિ નથી. પણ ઘણી પદ્ધતિઓનો સમૂહ છે. વ્યાખ્યાન પદ્ધતિ, સંશ્લેષણ-વિશ્લેષણ પદ્ધતિ, જૂથ ચર્ચા પદ્ધતિ જેવી અનેક પદ્ધતિ છે, કોઈ એકજ પદ્ધતિથી કવિતાનું શિક્ષણકાર્ય સાચા અર્થમાં સંભવિત

બનતું નથી પણ અનેક પદ્ધતિઓના સંયોજન થકી જ આ કાર્ય સંભવિત, સફળ અને અસરકારક બને છે. આમ કાવ્ય શિક્ષણની અસરકારકતા માટે હેતુઓની સિદ્ધિ અર્થે વર્ગમાં વિચારલક્ષી રજૂઆત માટે કેટલાંક વિદ્વાનો એ કેટલાંક સિદ્ધાંતો તરફ અંગુલિનિર્દેશ કર્યો છે જ આ પ્રમાણે છે :-

(1) કાવ્ય શિક્ષણ આપતાં પહેલા અર્થગ્રહણ, પઠન, આસ્વાદ, આસ્વાદવા લાયક અભિવ્યક્તિ, અભિગમ, ગાન, ભાવગ્રહણ જેવા હેતુઓ અંગે પૂર્વ વિચારણા કરવી જોઈએ. અને તેના આધારે પૂર્વભૂમિકાના સર્જન માટે હેતુલક્ષી સ્પષ્ટતા શિક્ષકના મનમાં ચોક્કસ આકારે હોય તો વર્ગમાં આંતરક્રિયાના પ્રયત્નો સફળ નીવડે.

(2) આદર્શ કાવ્યપઠન થકી વિદ્યાર્થીઓને કવિતાનું અર્થગ્રહણ પોતાની રીતે કરવાં દો.

(3) કવિતાનાં ઉપાદાનો-શબ્દ, અર્થ, લય, છંદ, અંલકારના અર્થઘટન અને અર્થગ્રહણલક્ષી યથાર્થતાની સમજણ સાથે કાવ્ય ને માણવાની પ્રવિધિ એટલે કાવ્ય આસ્વાદ.

(4) શ્રાવ્ય અનુભવો થકી જ વિદ્યાર્થીઓ કાવ્યની સમજ કેળવે તેવી મનોભૂમિકા સર્જવી.

(5) અર્થગ્રહણની પૂર્વસજ્જતાને આધારે વિદ્યાર્થીઓના આસ્વાદના પ્રયત્નોની સિદ્ધિ સાધો.

## 10.7 પદ્યશિક્ષણનાં કૌશલો

કાવ્ય એક વિશિષ્ટ સાહિત્ય કૃતિ છે. કાવ્યના શિક્ષણ સમયે શિક્ષકે તેને રસપ્રદ બનાવવા અનેક નુસખા અપનાવવા જોઈએ. - યોજવા જોઈએ. આ ઉપરાંત કાવ્યની પોતાની સમજ પણ તેના પૂર્ણતયા, એક સાચા ભાવકની દૃષ્ટિથી વિકસાવવાની હોય છે.

કાવ્ય શિક્ષણની શરૂઆતથી શિક્ષકે કાવ્યને ભણાવવા નહિ પણ કાવ્યની ભાવના પકડવાનો પ્રયત્ન કરવાં જોઈએ. છંદોબદ્ધ કાવ્યને ગાતાં અને અત્રે કાવ્યનું ભાવાયુક્ત પઠન કરતાં પણ શિક્ષકને આવડવું જોઈએ. કવિએ પ્રયોજેલાં શબ્દો અને શબ્દોને કારણે આવતી અર્થસભરતાથી શિક્ષકે સુપરિચિત બની જવું જોઈએ. કવિતાનો શિક્ષક કાવ્યનો ઉત્તમ વિવેચક બનવો જોઈએ, કાવ્યનું સામર્થ્ય હોવું જોઈએ. કાવ્યમાં રહેલો રસ, વિશિષ્ટ વ્યંજના,શબ્દ માધુર્યની સમજ કેળવી તેને વર્ગ સમક્ષ મૂક્તાં અને તે ભાવોનું સાધારણીકરણ કરતાં આવડવું જોઈએ. કાવ્ય ગદ્યની અપેક્ષાએ વિશિષ્ટ નજાકતવાળી કૃતિ છે. તેની સાથેનો વ્યવહાર ખૂબજ કમનીય અને નજાકત ભર્યો હોવો જોઈએ. પદ્યનું શિક્ષણ જ ચતુરાઈ અને વ્યુત્પન્નતા માગે છે.

**પદ્યશિક્ષકના કૌશલોઃ**

(1) કાવ્યનું સારું ગાન અથવા ભાવયુક્ત પઠન કરવું.

(2) સમાન ભાવવાળાં કાવ્યો વિશે, પાઠપ્રવેશ તથા સ્વાધ્યાય સોંપણી દરમિયાન ઉલ્લેખ કરવો.

(3) પ્રશ્નોના સંદર્ભમાં વિશ્લેષણાત્મક અને ભાષાકીય રીતે શુદ્ધ ઉચ્ચારોનો આગ્રહ સેવવો.

(4) વચ્ચે વચ્ચે સુંદર અને આકર્ષક ગાનનું કૌશલ.

(5) સુગંધ કાવ્યનો આહ્‌લાદ વિદ્યાર્થી માણે તેવી તેમને તક પૂરી પાડવી.

(6) કાવ્યના ધ્વનિ અને કાવ્યના વ્યંગનો વાક્યમાંથી અર્થ કાઢવાની તાકાત હોવી જોઈએ.

(7) કાવ્યનું એક સમગ્ર, અવિભાજ્ય, અખંડ કલાકૃતિ તરીકે મૂલ્ય સમજવું જોઈએ.

(8) પ્રશ્નો સરળ થી સૂક્ષ્મ તરફ લઈ જાય તેવાં હોવાં જોઈએ.

(9) અનેક સંદર્ભોને કાળાપાટિયા પર મૂકી ચર્ચાને વધુ સંવેદનશીલ બનાવવી.

(10) જરૂર પડે જરૂરી ચાર્ટ્સ, ચિત્રોનો ઉપયોગ કરવો જોઇએ.

(11) જે-તે કાવ્ય સંગ્રહ (જેમાંથી કૃતિ ઉદ્વત કરી હોય) લાવીને વિદ્યાર્થીને બતાવવો જોઇએ.

(12) અલંકાર તત્ત્વ, રસતત્ત્વો,રૂપકો તથા પ્રતીકોથી વિદ્યાર્થીઓને માહિતગાર કરી ભાષા સાથે સાહિત્યનો આસ્વાદ માણવા તરફ દોરી જવાં.

(13) પંક્તિઓની, કંડિકાઓની અને સમગ્ર કાવ્યની વિસ્તૃત ચર્ચા કરવી.

(14) યોગ્ય મૂલ્યાંકન કાર્ય કરવું.

## 10.8 તમારી પ્રગતિ ચકાસો

નીચેના પ્રશ્નોના ઉત્તરો આપેલી ખાલી જગ્યામાં લખો.

**(1) પદ્ય શિક્ષણનું મહત્ત્વ જણાવો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**(2) પદ્ય શિક્ષણના કોઈપણ પાંચ હેતુઓ લખો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**(3) કાવ્ય શિક્ષણનાં વર્ગની વાસ્તવિકતા - પાંચ વાક્યો લખો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**(4) કાવ્ય 'કાન ની કળા છે' સમજાવો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**(5) કાવ્યશિક્ષકનાં પાંચ અગત્યનાં કૌશલો લખો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

.........................................................................

.........................................................................

## 10.9 સારાંશ

કવિતા (પદ્ય) ગદ્યની અપેક્ષાએ વિશિષ્ટ નજાકતવાળી કૃતિ છે, તેથી તેની સાથેનો સંબંધ પણ તેવોજ હોવો ઘટે, અને તે દષ્ટિએ કાવ્યનું શિક્ષણ શિક્ષકની ચતુરાઈનું પ્રમાણ છે. મનુષ્ય પોતાના અનેક પ્રકારના મનોવ્યાપારમાંથી બહાર આવી કાવ્ય દ્વારા વિશેષ અનુભૂતિનો અનુભવ કરે છે. આમ કવિતા માનવની માનવતાને ઢંઢોળવાનું કાર્ય કરે છે. પાઠક કવિતા દ્વારા અલૌકિક આનંદનો અનુભવ કરે છે. બૌદ્ધિક કાર્ય કર્યા પછી મનને આનંદની જરૂર પડે છે, વિદ્યાર્થીઓ પણ અતિવ્યસ્તતાવાળા સમયમાં કવિતા જેવા અધ્યયનમાંથી આનંદ પ્રાપ્ત કરી શકે છે.

કવિતા કેવી રીતે શીખવવી એ વિશે વિચારણા કરવાંમાં આવી જ છે. શિક્ષક કવિતા શિક્ષણ માટે સજ્જ બને. કવિતા અને તેના શિક્ષણનાં મહત્ત્વ વિષે કોઈ દ્વિધા ન હોય. વિદ્યાર્થીઓ દ્વારા જ કવિતા શિક્ષણનું યોગ્ય વાતાવરણ ઊભું થાય. વિદ્યાર્થીઓ તે દરમ્યાન પોતાની યોગ્ય ભૂમિકા અદા કરે, કવિતાનો સાચો આનંદ પ્રાપ્ત કરે. એમાં જ  કવિતા શિક્ષણની યથાર્થતા રહેલી છે.

હા કાવ્ય શિક્ષણ સમયે કથાત્મક કાવ્યના શિક્ષણમાં અર્થગ્રહણ પર મૂકાય તેમ છતાં કાવ્યનું સૌંદર્ય અને તેનામાં આનંદ જેવા ઘટકો તો આવી જ જાય એ જરૂરી છે. તો વળી રસાસ્વાદ માટેનું કાવ્ય શિક્ષણ કરવાંનું હોય ત્યારે વ્યાકરણની ચર્ચાને મહત્ત્વ ન આપતા કાવ્યની આંતરિક ભાવની ચર્ચા કરી રસાસ્વાદને ન્યાય આપી શકાય. આવા પ્રકારના કાર્ય સમયે રૂઢિગત માળખાને ત્યજવું પડે તો રસાસ્વાદને મહત્ત્વપૂર્ણ સ્થાન આપી શકાય.

## 10.10 સ્વાધ્યાય :

(1) કાવ્ય શિક્ષણનાં હેતુઓ સ્પષ્ટ કરો.

(2) 'કાવ્યનું શિક્ષણ એક કળા છે, તેને માટે સાધના જરૂરી છે' - ચર્ચા કરો.

(3) કાવ્ય શિક્ષણનું મૂલ્યાંકન તમે કેવી રીતે કરશો. સંદષ્ટાંત જણાવો.

(4) કાવ્ય અધ્યાપન દ્વારા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા શી રીતે કેળવી શકાય ? ચર્ચા કરો.

(5) 'કાવ્ય શીખવી શકાય નહિ માણી શકાય.' પ્રસ્તુત વિધાનની નીચેના સંદર્ભમાં ચર્ચા કરો.

- કાવ્યશિક્ષણનું મહત્ત્વ.
- કાવ્યશિક્ષકના કૌશલો.

## 10.11 ચર્ચા માટેના મુદ્દા :

(1) 'બધા ભાષાના શિક્ષકો કવિતાના શિક્ષકો હોતાં નથી'. પ્રસ્તુત વિધાનના સંદર્ભમાં તમારા વિચારો જણાવો.

(2) 'કાવ્ય શીખવવાની એક માત્ર રીત નથી', પ્રસ્તુત સમર્થનમાં વિધાનના સમર્થનમાં મંતવ્યો ઉદાહરણ સહિત જણાવો.

(3) 'કવિતા રસાસ્વાદનો વિષય છે' આ વિધાન સાથે તમે કેટલે અંશે સંમત થાઓ છો ? તે અંગેની તમારી દલીલો જણાવો.

## 10.12 કેટલાંક ઉપયોગી પુસ્તકો :

(1) કવિતામાં આધુનિકતા : અનુવાદક નગીનદાસ પારેખ ગુર્જર ગ્રંથ કાર્યાલય અમદાવાદ - 9

(2) Wsiddowson, H,G.Teaching Language as communication. oxford: oxforduni press, 1978.

(3) Francis, Hanzel, Language in Teaching and Learniug. First Edition, London, George, Allen & unwin 1977.

(4) Richards, Jill: Classroom Language: What short? first Edition. London:, Allev & Unwin 1978

(5) શ્રીવાસ્તવ રવીન્દ્ર ભાષાશિક્ષણ: પ્રથમ સંસ્કરણ, નવી દિલ્લી, ધી મેકમિલન કંપની ઓફ ઈન્ડિયા લિમિટેડ, 1979.

## 10.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

1-2.2

2-2.3

3-2.4

4-2.5

5-2.7

એકમ 11

# વ્યાકરણ શિક્ષણ

## : રૂપરેખા :


11.0 ઉદ્દેશો

11.1 પ્રસ્તાવના

11.2 વ્યાકરણ શિક્ષણઃ મતાંતરો

11.3 વ્યાકરણ શિક્ષણનાં હેતુઓ

11.4 તમારી પ્રગતિ ચકાસો- 1

11.5 વ્યાકરણ શિક્ષણનું મહત્ત્વ

11.6 વ્યાકરણ શિક્ષણની ઉપેક્ષાનાં કારણો

11.7 વ્યાકરણ શિક્ષણની પદ્ધતિઓ

11.8 વ્યાકરણ શિક્ષણને સ-રસ રસપ્રદ બનાવવાના ઉપાયો

11.9 તમારી પ્રગતિ ચકાસો- 2

11.10 સારાંશ

11.11 સ્વાધ્યાય

11.12 ચર્ચા માટેના મુદ્દા

11.13 કેટલાંક ઉપયોગી પુસ્તકો

11.14 તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 11.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે....

1. એકમનો પરિચય મેળવી શકશો.
2. વ્યાકરણ શિક્ષણ અંગેનાં વિવિધ મંતવ્યો જાણી શકશો.
3. વ્યાકરણ શિક્ષણનું મહત્ત્વ વિવિધ મંતવ્યો જાણી શકશો.
4. વ્યાકરણ શિક્ષણનાં હેતુઓથી પરિચિત થશો.
5. વ્યાકરણ શિક્ષણની ઉપેક્ષાનાં કારણો જાણી શકશો.
6. વ્યાકરણ શિક્ષણને રસપ્રદ બનાવવાના ઉપયોગ જાણી શકશો.
7. વ્યાકરણ શિક્ષણની વિવિધ પદ્ધતિઓ વિશે જાણી શકશો.

## 11.1 પ્રસ્તાવના

વ્યાકરણના જ્ઞાન વગર ભાષાની શુદ્ધતાને પામવી અઘરી છે. વ્યાકરણ એ ભાષા શિક્ષણનું અનિવાર્ય અંગ છે. કેવી રીતે શીખવવું તે અંગે મતાંતરો છે. સરળ પણ વ્યવહારુ વ્યાકરણ શીખવવા આ મન સ્વીકારી વર્તમાનમાં શિક્ષણ ભણાવાય છે. જેમાં ગોખણપટ્ટીને સ્થાન નથી છતા પાઠ્યસામગ્રીમાં આવેલી બાબતોમાં સમાવેલ વ્યાકરણના આધારે સમજ સ્પષ્ટ કરવાંની હોય છે. વ્યાકરણ શિક્ષણની નવી બદલાયેલી શૈલી શિક્ષકે જાણવી જોઈએ.

## 11.2 વ્યાકરણ શિક્ષણઃ મતાંતરો

શાળાઓમાં વ્યાકરણનું શિક્ષણ આપવું કે નહિ તે અંગે વિદ્વાનો વચ્ચે મતાંતરો પ્રવર્તે છે.

**(1) વ્યાકરણ શિક્ષણનું આવશ્યક અને અનિવાર્ય અંગ છે.**

"વ્યાકરણનું શિક્ષણ મેળવ્યા વિના વ્યકિત શુદ્ધ બોલી કે લખી શકે નહિ. કોઈપણ વ્યક્તિનો ભાષા વિકાસ વ્યાકરણ શિક્ષણ વિના અધૂરો છે તેવો મત ઘણા વિદ્વાનો ધરાવે છે."

- "ભાષા ને શુધ્ધ રાખવાનું બનાવવાનું કામ વ્યાકરણ કરે છે." **- સીતારામ ચર્તુવેદી**
- "વ્યાકરણના જ્ઞાનની આવગણના કરવાંથી ભાષામાં ઉચ્છખલતાં આવી જાય છે. અને તે સંસ્કૃતિનો વિનાશ કરી દે છે. ભાષા પ્રયોગનું રહસ્ય સમજવા માટે વ્યાકરણ જ્ઞાન અત્યંત આવશ્યક છે ."

**- કરુણાપતિ ત્રિપાઠી**

આમ, ભાષામાં વ્યાકરણ શિક્ષણ આપવું જોઈએ તે ક્યારે આપવું તે પ્રશ્ન પણ ઉપસ્થિત થાય. તેના માટે વિદ્વાનો જણાવે છે કે જયારે વિદ્યાર્થીએ ભાષા પર અધિકાર મેળવી લીધો હોય ત્યારે જ વ્યાકરણ શિક્ષણ આપવું જોઈએ. પાંચમા ધોરણ પછી વ્યાકરણ શિક્ષણનો જે મુદ્દો તેની ભાષા પ્રગતિમાં સહાયક બનતો હોય તે શીખવો જોઈએ. આમ વિદ્યાર્થી ભાષા વ્યવહારનું પ્રાથમિક કૌશલ્ય પ્રાપ્ત કરે ત્યારે જ વ્યાકરણ શિક્ષણ આપવું જોઈએ.

**(2) ભાષાજ્ઞાન માટે વ્યાકરણ આવશ્યક નથી.**

વ્યાકરણ શીખ્યા વિના પણ શુદ્ધ ભાષા બોલી કે લખી શકાય છે. વ્યાકરણ ભાષા માટે રચાયું છે, વ્યાકરણ માટે ભાષા રચાઈ નથી. ભાષા વપરાશ અને પ્રયોગથી શીખાય છે. ભાષા શુદ્ધિ માટે ભાષામાં શુદ્ધ બોલવા કે લખવાનો અભ્યાસ અનિવાર્ય નથી.

- "બાળકો સૂચન અને અનુકરણ દ્વારા ભાષા શીખતાં હોય છે, જેથી વ્યાકરણ શીખવા કરતાં વિશાળ વાચન અને સૂક્ષ્મ શ્રવણ શીખવું વધુ મહત્ત્વનું છે."

**-રાયબર્ન.**

- "વ્યાકરણ અને ઘણાં નિયમો, નિયમોનો પ્રયોગ- જેનો ઉપયોગ હવે વખતો વખત કરવાંમાં આવે છે. હકીકતમાં તે તેની શુદ્ધતાની વૃદ્ધિ કરનારાં ઉત્પાદક નથી પણ તેના વિનાશ માટે યોગ્ય સહકાર આપનારાં મુખ્ય સાધનો છે ."

**- થોમસન**

- ભાષા પ્રવાહ એટલા માટે સંચલિત થાય છે. ભાષા પ્રસાર એટલા માટે મર્યાદિત થાય છે. ભાષા વિકાસ એટલા માટે સંકુચિત થાય છે. કારણ કે આપણે તેને વ્યાકરણ જટિલ બંધનમાં બાંધીને પ્રૌઢ સરસ્વતીનું ગળું ટૂંપાવીએ છીએ.

આમ, કેટલાંક વિદ્વાનો વ્યાકરણમાં સૈદ્ધાંતિક શિક્ષણને આવશ્યક માનતાં નથી. અને આ મતને આધારે વ્યવહારું - વ્યાકરણની શરૂઆત થઈ.

**વ્યવહારુ વ્યાકરણઃ**

આ એક નવો અને સ્વીકૃત થયેલી સંકલ્પના છે જેમાં વ્યાકરણના અભ્યાસ વિના પણ શુદ્ધ ભાષા મહાવરો કે અભ્યાસથી શીખી શકાય છે. તેવી માન્યતાને આધારે વ્યાકરણના સૈદ્ધાંતિક શિક્ષણને બદલે સ્વભાષામાં શુદ્ધ અને સ્પષ્ટ વ્યવહારથી વ્યાકરણ શિક્ષણ આપી શકાય છે. બાળકના ભાષા સર્જન (Language apistion) ના તબક્કાની મનોભાષા વિજ્ઞાનીઓએ વિચારણા કરી છે. જે નીચે મુજબ છે :-

1. વાક્યરૂપ શબ્દઃ એક શબ્દ દ્વારા વાક્યનો અર્થ પ્રગટ કરવાંનો પ્રયત્ન બાળક દ્વારા થાય છે.

2. વ્યાકરણ-ઉચ્ચારણ આ તબક્કે ઉચ્ચારણ કરવાં ટેવાય છે.

3. વ્યાકરણ-વિકાસ બાળકની ભાષામાં વ્યાકરણનો ઉપયોગ શરૂ થાય છે. વાક્યની લંબાઈ વધે છે તે વધારે જટિલ બને છે. ભૂતકાળ, બહુવચન અને કેટલાંક કાર્યલક્ષી વ્યાકરણ પ્રયોગો શરૂ થાય છે. જેમ બાળક પરિપક્વ બનતું જાય છે. તેમ તેની વાણીમાં શબ્દોની સંખ્યા અને પ્રકારો વધતાં જાય છે.

4. વ્યક્ત વ્યાકરણની સમીપેઃ બાળક જટિલ વ્યાકરણ રચનાઓનો ઉપયોગ કરતો થાય છે. સંબંધવાચક, સંયુક્તપૂરક વાક્યોનો ઉપયોગ કરે. જો કે તેમાં ઘણી ક્ષતિઓ થતી જોવા મળે છે.

   બાળકમાં જટિલ વાક્યોનો ઉપયોગ તેના ભાષાકીય સામર્થ્યના થતાં ગુણાત્મક સુધારા વિકાસનું સૂચન કરે છે. લિયોયાકડના મતાનુસાર જટિલ વાક્યો ઉપર પ્રભુત્વ મેળવ્યું એટલે ભાષાકીય વિકાસ છેલ્લે તબક્કામાં પહોંચ્યો કહેવાય. હવે તેણે વાક્યરચના અને ધ્વનિ વ્યવસ્થાના સંદર્ભમાં વિવિધ પ્રકારનાં સ્વરૂપો અને અપવાદરૂપ ઉપયોગ જ શીખવાના રહે છે.

   આમ, બાળકો અનાયાસ અનુકરણ દ્વારા પ્રયોગો પર ધીરે ધીરે અધિકાર પ્રાપ્ત કરતાં રહે છે. આ વિસ્તારને આગળ વધારતા રહી ભાષાશિક્ષણ સમયે તેને વિશેષ મહાવરાને આધારે ભાષા પ્રભુત્ત્વ કેળવી શકાય. આ પ્રકારનું વ્યાકરણ શિક્ષણ વ્યાવહારિક વ્યાકરણ-વ્યવહારુ વ્યાકરણ તરીકે ઓળખાય છે.

5. વ્યાકરણ સૈદ્ધાંતિક શિક્ષણ અનિવાર્ય છે પણ તેનું વ્યાકરણ તરીકે અલગ શિક્ષણ આપવું યોગ્ય નથી.

બાળકો ઉચ્ચ કક્ષાએ શિક્ષણ મેળવવા આવે છે ત્યારે તેઓએ વ્યાકરણના ઘણાં પ્રયોગો આત્મસાત્ કરેલાં હોય છે. તેથી ફક્ત નવા નિયમોને આત્મસાત્ કરાવાવ પ્રયત્ન કરવો જોઈએ. આ માટે તેઓને વ્યાકરણનું અલગ શિક્ષણ ન આપતાં ગદ્ય પદ્ય લેખનના શિક્ષણની સાથો સાથ સૈદ્ધાંતિક શિક્ષણ આપી દેવું જોઈએ અને સ્વાધ્યાયકાર્ય માટે વ્યાકરણ પાઠ્યપુસ્તકનો ઉપયોગ કરવો જોઈએ.

ઉપરોક્ત ત્રણેય મતમાં બે મત વ્યાકરણ શિક્ષણની તરફેણ કરે છે. જ્યારે એક મત તેને આવશ્યક ગણતો નથી, પણ મહાવરાથી ભાષા શીખી શકાય છે તેમ કહે છે. આ અંગે વિશિષ્ટ ના વિચારતાં લેખિત સ્વરૂપમાં પોતાના વિચારોને રજૂ કરવાંના થાય છે ત્યારે ભાષા શુદ્ધિની ભૂલો થાય છે જ.રોજિંદા વ્યવહારમાં ચલાવવામાં ભાષામાં વ્યાકરણની જરૂરિયાત ઓછી જણાય પણ ભાષાસૌંદર્ય પ્રગટાવવા વ્યાકરણ જરૂરી બને છે. વ્યાકરણનું કાર્ય વિશ્લેષણનું છે અને વિશ્લેણની પ્રક્રિયા અપનાવી ભાષાના અંર્તગત સૌંદર્યને ભવ્ય બનાવી શકાય છે. આમ વ્યાકરણ શિક્ષણની ઉપેક્ષા પણ કરી શકાય તેમ નથી પણ શિક્ષણને રસમય બનાવવું જોઈએ. તે બાબત સ્વીકારવી જોઈએ.

## 11.3 વ્યાકરણ શિક્ષણનાં હેતુઓ

વ્યાકરણ શિક્ષણનાં સામાન્ય હેતુઓ નીચે પ્રમાણે છે :-

1. વિદ્યાર્થીઓ વ્યાકરણનાં મૂળ તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરે.
2. વિદ્યાર્થીઓ વ્યાકરણના પ્રાપ્ત જ્ઞાનનો ઉપયોગ કરે.
3. વિદ્યાર્થીઓ વ્યાકરણના સિદ્ધાંતો કે નિયમો અંગે સમજ મેળવે.
4. વિદ્યાર્થી વ્યાકરણ પ્રત્યે અભિરુચિ કેળવે.

ઉપરોક્ત સામાન્ય હેતુઓને ધ્યાનમાં લઈ ધોરણવાર અને વિષયવસ્તુના મુદ્દા પર વિશિષ્ટ હેતુઓ અને વર્તન પરિવર્તનની રચના અને વિચારણા કરી શકાય. આ માટે માતૃભાષા શિક્ષણનાં હેતુઓ પ્રકરણમાં વિશેષ માહિતી મેળવી શકશે.

## 11.4 તમારી પ્રગતિ ચકાસો- 1

**(1) વ્યાકરણ શિક્ષણ અલગ રીતે ન આપવાના કારણો જણાવો.**

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**(2) વ્યાકરણ શિક્ષણની અનિવાર્યતા અંગેનાં બે કારણો આપો.**

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**(3) વ્યાકરણ શિક્ષણનાં અગત્યના ચાર હેતુઓ દર્શાવો.**

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 11.5 વ્યાકરણ શિક્ષણનું મહત્ત્વ :

વ્યાકરણ શિક્ષણ વિશેના વિવિધ મતાંતરો અને વ્યાકરણ શિક્ષણ પ્રત્યેની નીરસતાનાં કારણો જોયાં. આ બન્ને બાબતોમાં વિચારભેદ અને પરિસ્થિતિ ભાગ ભજવતી હોય  તેમ લાગે છે. પરંતુ વ્યાકરણ શિક્ષણનું મહત્ત્વ નથી તે કહેવું યોગ્ય નથી.

ભાષાશિક્ષણમાં ભાષા મુખ્ય છે અને વ્યાકરણ ગૌણ છે. ભાષા સાધ્ય છે અને વ્યાકરણ સાધન છે. આમ વ્યાકરણ એ ભાષા સાથે સંકળાયેલું એક વિશિષ્ટ અંગ છે ત્યારે ભાષા શિક્ષણમાંથી વ્યાકરણને દૂર કરવાંની દલીલ શરીરમાંથી એક અંગને જુદાં પાડવા બરાબર છે.વ્યાકરણ શિક્ષણનું મહત્ત્વ, નીચે જેવી બાબતોથી ખ્યાલમાં આવશે.

- શુદ્ધ ભાષા વ્યાકરણને કારણે- વ્યાકરણના જ્ઞાનથી બને છે.
- વાચન-કૌશલ્યનો વિકાસ વ્યાકરણને કારણે થઈ શકે છે. વ્યાકરણના જ્ઞાન સિવાય વાચન અર્થગ્રહણ થતું નથી જ્યારે લેખનમાં ભાષાશુદ્ધિ અને ક્રમિકતા આવતાં નથી.
- વ્યાકરણ તર્કશક્તિ અને માનસિક શિસ્ત કેળવે છે.
- વ્યાકરણ ભાષાની વ્યંજન શક્તિને દીપાવે છે.
- સ્વભાષાનું વ્યાકરણ અન્ય ભાષા શીખવામાં ઉપયોગી બને છે.
- વ્યાકરણથી ભાષા શુદ્ધ, સચોટ, પ્રાસાદિક, સુરુચિકર અને અભિવ્યંજનાત્મક બને છે.

- વ્યાકરણ તો ભાષા માટે પ્રાણવાયુની ગરજ સારે છે. તે ભાષાને જીવંત અને અણીશુદ્ધ રાખે છે. આમ, ભાષાનું પૂરકબળ વ્યાકરણ છે ત્યારે તેનું શિક્ષણ અનિવાર્ય છે.

## 11.6 વ્યાકરણ શિક્ષણની ઉપેક્ષાનાં કારણો.

વ્યાકરણ શિક્ષણની સ્થિતિ ઉપેક્ષિત નારી જેવી જોવા મળે છે. વ્યાકરણ શીખનાર કે શીખવનાર બંનેને રસ નથી. આમ વિચારતા ત્રણ પાસાં દશ્યમાન થાય છે. સમાજ, શિક્ષક-શિક્ષણ અને વિદ્યાર્થી

**(અ) સમાજ**

વ્યાકરણ શિક્ષણ પ્રત્યે સમાજમાં નીરસતા જોવા મળે છે. સમાજમાં વ્યાકરણ શુદ્ધિને બહુ મહત્ત્વ અપાતું નથી કારણ કે સમાજમાં વ્યવહાર મૌખિક વિશેષ છે અને મૌખિક વ્યવહારથી જે બાબતનું પ્રત્યાયન કરવું છે તે થઈ જાય તેટલી ભાષાથી ચાલી શકે છે. આ ઉપરાંત સમાજમાં ભાષા કરતાં બોલીને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. દરેક વ્યક્તિ પોતાની બોલીમાં પોતાના સમાજમાં વાતચીત કરે છે. તેથી તેના સમાજ પૂરતી તેની સમસ્યા હલ થઈ જાય છે અને ભારતની સામાજિક અને આર્થિક વ્યવસ્થા પણ પરંપરાને સાચવી વર્તમાન સ્થિતિ બદલાઈ છે. વ્યક્તિને ધંધાર્થે જુદાં જુદાં પ્રદેશોમાં ભ્રમણ કરવું પડે તેવી પરિસ્થિતિ સર્જાય છે ત્યારે શુદ્ધ ભાષાની જરૂરિયાત રહેવાની. આ માટે વ્યાકરણ શિક્ષણ માટે અગત્યનું બની રહે છે.

સમાજમાં વ્યાકરણ પ્રત્યેની બેદરકારી તેના વ્યવહારમાં જોવા મળે છે. તેનાં કેટલાંક દષ્ટાંતો જોઈએ :-

- દુકાનોનાં પાટિયાં (બોર્ડ) માં જોડણી વિષયક ભૂલો.
- વર્તમાનપત્રો સામયિકોમાં વ્યાકરણ વિષયક ભૂલો.
- મૌખિક વ્યાવહારમાં ઉચ્ચારણ સંબંધી ભૂલો.
- બોલે તેવું લખાણ-લેખનમાં ભૂલો કરાવે છે.

આ બધાંની અસર વિદ્યાર્થી ઉપર થાય છે અને તે જ્યારે શાળામાં આવે છે ત્યારે ભાષાની અશુદ્ધિઓથી ભરપૂર હોય છે. કોરી સ્લેટ ઉપર લખવાનું હોય તો વાંધો ન આવે. પણ લખાણવાળી અને સ્લેટમાં અને તેમાંય માનવમનરૂપી સ્લેટમાં લખાયેલું ભૂસવું અને નવું શુદ્ધ લખવું એકદમ કઠિન બની જાય છે.

**(બ) શિક્ષક-શિક્ષણ**

વ્યાકરણ શિક્ષણ પ્રત્યે શિક્ષક કેમ નીરસ છે. તેના કારણો ઘણાં છે.

(1) જે શિક્ષકો શાળામાં આવે છે તેઓને કોઈએ વ્યાકરણનું શિક્ષણ આપ્યું છે ખરું ?

ઉત્તર મેળવતાં 'ના' માં જ મળશે. પ્રશિક્ષણ કૉલેજમાં આવતાં ભાવિ શિક્ષકો ગુજરાતી સાથે સ્નાતક-અનુસ્તાકની પદવી ધરવતાં હોવા છતાં વ્યાકરણની સમજ તેઓ પાસે નથી. અભ્યાસો જણાવે છે કે તેઓને કોઈએ વ્યાકરણનું શિક્ષણ આપ્યું નથી. વ્યાવહારિક પદ્ધતિએ વ્યાકરણ શીખવી દેવાય છે. સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ ભાષા વિજ્ઞાનનું પ્રશ્નપત્ર હોય છે. પણ તેમાં વ્યાકરણ કરતાં ભાષાજ્ઞાનને સંબંધી (Linguistic) વિશેષ મહત્ત્વ અપાય છે અને તે સૈદ્ધાંતિક જ્ઞાન પણ વ્યાખ્યાન પદ્ધતિથી જ સમજાય છે. જે વધુ નીરસતા પ્રસરાવે છે.

(2) શિક્ષક સ્વઅધ્યયન દ્વારા તૈયાર નથી, શિક્ષક તરીકે સેવા કરવાંને બદલે નોકરી કરવાં જોડાય છે. સેવામાં નિઃસ્વાર્થતા હોય છે. જ્યારે નોકરીમાં સ્વાર્થ હોય છે. શિક્ષક સ્વઅધ્યયનથી શીખે અને પછી વિદ્યાર્થીઓ સુધી તે જ્ઞાન કેવી રીતે પહોંચાડવું તે જો વિચારતો રહે તો વ્યકરણ શિક્ષણ નીરસ બને જ નહિ.

(3) શિક્ષક કે જે ભાષા શીખવે તેનો વિષય ભાષા છે ખરો ? આ પ્રશ્નને બે રીતે વિચારી શકાય. (1) ગુજરાતી સાહિત્ય સાથે સ્નાતક થનાર ગુજરાતી ભાષા સાથે સ્નાતક છે કે ગુજરાતી

સાહિત્ય સાથે ? (2) ગુજરાતી ભાષા શીખવનાર શિક્ષક ગુજરાતી સાથે સ્નાતક છે ખરો ? ગુજરાતની ઘણી શાળાઓમાં અન્ય વિષયના શિક્ષકો ગુજરાતી શિક્ષણ સાથે સંકળાયેલાં છે. ગુજરાતી જેની માતૃભાષા તે તમામ ગુજરાતી શીખવી શકે તેવી માન્યતા ઘર કરી ગયેલ છે. આથી શાળામાં તે શિક્ષકો પાઠ્યપુસ્તકની કૃતિઓ જ સાહિત્યની ઢબે વાચ્યાર્થ સુધી પહોંચી શીખવતા હોય ત્યાં વ્યાકરણ શિક્ષણની પરિસ્થિતિ સર્જાય ખરી ?

(4) વ્યાકરણ ભાષા શિક્ષણનો પાયો છે-અન્ય વિષયોનો આધાર છે. તે બાબત બધા શિક્ષકો જાણતા હોવા છતાં ભાષા શુદ્ધિ તરફ અનભિજ્ઞ રહે છે અને પોતાના વિષયમાં ભાષાને મહત્ત્વ આપતા નથી.

(5) ગુજરાતી ભાષા સંસ્કૃતમાંથી ઊતરી આવેલી છે. આમ ગુજરાતી ભાષાનું મૂળ સંસ્કૃત છે. તેના જ્ઞાન વિના ગુજરાતી વ્યાકરણ સુધી પહોંચાતું નથી. બધા ગુજરાતી વિષયના શિક્ષકોને સંસ્કૃતનું જ્ઞાન હોતું નથી.

**(ક) વિદ્યાર્થીઓ...........**

વિદ્યાર્થીઓ વ્યાકરણ શિક્ષણ પ્રત્યે નીરસતા કેમ દાખવે છે ? તે અંગે નીચે જેવા મુદ્દા ધ્યાનમાં આવે છે.

(1) વ્યાકરણ ન આવડે તો પણ ભાષામાં પાસ થઈ જવાય તેવી માન્યતા પ્રવર્તે છે.

(2) પ્રશ્નપત્રોમાં વ્યાકરણના પ્રશ્નો સૈદ્ધાંતિક હોતાં નથી. તેથી વિદ્યાર્થીઓ - શિક્ષકોના કહ્યા પ્રમાણે - માર્ગદર્શિકાઓમાંથી અમુક પ્રશ્નો ગોખીને તૈયાર કરી દે છે. તે જ પૂછયાં હોય છે. જેથી ગુણ મળી જાય છે. ત્યારે તે વધુ કડાકૂટમાં પાડવા ઈચ્છતા નથી.

(3) શિક્ષણરૂપી પરિબળઃ વર્ગશિક્ષણ દરમ્યાન વ્યાકરણ શિક્ષણને વિશેષ મહત્ત્વ અપાતું નથી.

(4) વ્યાકરણ શીખવવાની પદ્ધતિનો ઉપયોગ થતો નથી.

(5) વ્યાકરણ વિષયક પ્રયુક્તિઓ કે પ્રવૃત્તિઓ અંગે શિક્ષક પક્ષે વિચારણા થતી જ નથી.

(6) શિક્ષકને વ્યાકરણ પ્રત્યે સૂગ હોય તો વિદ્યાર્થીઓને સૂગ આવે જ ને !

(7) પાઠ્યપસ્તકોમાં ભાષાનાં મૂળ તત્ત્વોને સ્થાન અપાયેલ નથી. તેમજ અભ્યાસક્રમમાં પણ વ્યાકરણને ઓછું મહત્ત્વ અપાય છે.

## 11.7 વ્યાકરણ શિક્ષણની પદ્ધતિઓ :

વ્યાકરણ શિક્ષણ અંગે કેટલીક પદ્ધતિઓ પ્રચલિત થયેલી છે.

જે નીચે મુજબ છે :-

1. નિગમન પદ્ધતિ (Deductive Method)
2. આગમન પદ્ધતિ (Inductive Method)
3. પાઠ્યપુસ્તક પ્રણાલી (Texual Method)
4. અનુબંધ પદ્ધતિ (Correlation Method)
5. ભાષાસંસર્ગ પદ્ધતિ (Direct Language Method)

(1) નિગમન પદ્ધતિ- અને (2) આગમન પદ્ધતિ આ બન્ને પદ્ધતિનો પરિચય પદ્ધતિના પ્રકરણમાં આપેલ છે. ત્યાંથી વાંચી લેવું.

(3) પાઠ્યપુસ્તક પ્રણાલી : વ્યાકરણનાં પાઠ્યપુસ્તક ને આધારે વ્યાકરણ પાઠને એકમ તરીકે સ્વીકારી તેનું શિક્ષણકાર્ય કરવાંમાં આવે છે. તેમાં સીધી સમજ આપવામાં આવે છે. આ રીતે થતાં શિક્ષણકાર્યને પાઠ્યપુસ્તક પ્રણાલી કહેવામાં આવે છે.

આ પદ્ધતિથી વ્યારકરણ શિક્ષણ નીરસ અને અરુચિકર બને છે. વ્યાકરણના પુસ્તકની, તેના વિષયવસ્તુની ગુણવત્તા, રજૂઆતની મર્યાદાઓ આ પદ્ધતિના ઉપયોગમાં મર્યાદાઓ વધારે છે. ઉચ્ચ શિક્ષણક્ષેત્રે વિદ્યાર્થીઓના જ્ઞાનને વધુ તલસ્પર્શી બનાવવા પાઠ્યપુસ્તક તૈયાર કરવાંમાં આવે, અને તેમાં મનોવૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ અપનાવાય, વિપુલ ઉદાહરણો આપી ચર્ચા કરેલ હોય અને સ્વાધ્યાયની જોગવાઈ હોયતો આ પદ્ધતિ ઉપયોગી થઈ પડે.

(4) અનુબંધ પદ્ધતિ : આ પદ્ધતિ બુનિયાદી શિક્ષણ પ્રણાલીમાંથી આવેલી છે. વિદ્યાર્થીને પ્રવૃત્તિ પાઠ અપાયા પછી પ્રવૃત્તિ પાઠમાંથી ફલિત થતાં જુદાં જુદાં વિષયાંગોને સમન્વય દ્વારા શીખવવામાં આ પદ્ધતિ પ્રયોજાય છે. આ રીતે વ્યાકરણ શિક્ષણમાં પ્રવૃત્તિપાઠ આપી શકાય ખરો ? તે પ્રશ્ન છે. પરંતુ અનુબંધ સાધવો એમ અર્થ કરીએ તો ગદ્ય-પદ્ય કે લેખનના શિક્ષણકાર્ય દરમ્યાન વ્યાકરણ શિક્ષણને વણી લેવું તેમ સમજી શકાય. આથી અલગ વ્યાકરણ શિક્ષણ માટે અલગ તાસની જરૂર રહે નહિ અને પાઠ્યપુસ્તની પણ આવશ્યકતા રહે નહિ.

આ પદ્ધતિથી અભ્યાસક્રમના બધા મુદ્દાઓ શીખવી શકાતા નથી. સિદ્ધાંતો અને નિયમોને ક્રમિક શીખવવામાં આવે તો તેની સમજ વિશેષ રહે છે જે આ પદ્ધતિના ઉપયોગથી થઈ શકતું નથી. કૃતિના શિક્ષણકાર્ય દરમ્યાન વ્યાકરણનો મુદ્દો શીખવવાથી રસ ક્ષતિ થાય છે. આ પદ્ધતિ પુનરાવર્તન માટે ઉપયોગી છે. શીખી ગયેલા વ્યાકરણના મુદ્દાને તાજો કરવો - દઢિકરણ કરવાં ફળદાયી નીવડે.

(5) ભાષા સંસર્ગ પદ્ધતિ : ભાષાના વપરાશ દ્વારા જ બાળક વ્યાકરણ શીખી શકે છે તે સિદ્ધાંત પર આ પદ્ધતિ આધારિત છે. આ પદ્ધતિમાં બાળક વ્યાકરણના ઔપચારિક શિક્ષણ વિના ભાષા સર્જન અને ભાષાશિક્ષણનાં પ્રયત્નોથી-શ્રવણ, કથન, વાચન અને લેખનના અનુભવોથી વ્યાકરણનું જ્ઞાન મેળવે છે. સમાજના સંસર્ગથી બાળક શુદ્ધ ભાષા આપમેળે શીખે છે. તેને વ્યાકરણના નિયમોની જરૂર નથી. આ પદ્ધતિ પ્રાથમિક ધોરણોના અભ્યાસકાળ દરમ્યાન ઉપયોગી બની રહે. માધ્યમિક અને ઉચ્ચમાધ્યમિક કક્ષાએ વ્યાકરણના ઔપચારિક શિક્ષણની જરૂરિયાત રહે જ છે. કારણ કે વ્યાકરણ શિક્ષણ વિના ભાષાનું નિયમન થશે નહિ. ભાષામાં સ્વચ્છંદના અરાજક્તા ફેલાશે. આ ઉપરાંત વ્યાકરણના નિયમો ઔપચારિક શિક્ષણથી જ શીખવી શકાય.

વ્યાકરણ શિક્ષણની ઉપરોક્ત પદ્ધતિઓમાં ઔપચારિક શિક્ષણ માટે આગમન-નિગમન પદ્ધતિ વધુ અનુકૂળ પદ્ધતિ છે. બન્નેના વિવેકપૂર્વકના ઉપયોગ દ્વારા વ્યાકરણ શીખવવામાં આવે તો તે અસરકારક બને. આ ઉપરાંત વ્યાકરણ શિક્ષણ પ્રવૃત્તિલક્ષી-ક્રિયાલક્ષી બને તે પણ જરૂરી છે.

### 11.8 વ્યાકરણ શિક્ષણને રસપ્રદ બનાવવાના ઉપાયો :

વ્યાકરણ શિક્ષણને નીરસ બનતું અટકાવવા અને વિદ્યાર્થીઓને રસ લેવાં કરવાં નીચે જેવાં મુદ્દાઓ ખ્યાલમાં રાખવાં જોઈએ.

- પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓને વ્યાકરણ ન શીખવતાં તેઓને ભાષાનો વ્યાવહારિક ઉપયોગ કરતા શીખવવું.
- ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓએ ભાષાની શુદ્ધિ, સમૃદ્ધિને સમજવાની તકો આપો. અનૌપચારિક રીતે વ્યાકરણ શીખવવાની શરૂઆત કરો.
- માધ્યમિક કક્ષાએ ઔપચારિક વ્યાકરણની શરૂઆત કરવી જોઈએ.
- વ્યાકરણ શિક્ષણમાં રસ હોય તેવા જ શિક્ષકોને વ્યાકરણ શિક્ષણ માટે કાર્ય સોંપવું જોઈએ.
- વ્યાકરણના નિયમોને અક્ષરશ : ગોખાવવાને બદલે તેઓ પોતાની જાતે સિદ્ધાંતો રચે તેવી પરિસ્થિતિ પ્રયુક્તિ-પદ્ધતિ વિચારો.

- વ્યાકરણ શિક્ષણ માટે વિદ્યાર્થીઓના વલણોમાં ફેરફાર લાવો. વ્યાકરણ વધુ ગુણ મેળવવા માટે છે, વ્યાકરણ વિના ભાષા ન આવડે તેવી બાબતો વધુ ગુણ મેળવવા માટે છે, વ્યાકરણ વિના ભાષા ન આવડે તેવી બાબતો દૂર કરી ભાષા એ સાધ્ય છે અને વ્યાકરણ એ સાધન છે માટે સાધ્યને પહોંચવા માટે સાધનશુદ્ધિની અનિવાર્યતા સ્વીકારવાનું વલણ કેળવો.
- વ્યાકરણ શિક્ષણ દરમ્યાન દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરો.
- વ્યાકરણ શિક્ષણ દરમ્યાન ક્રિયા દ્વારા શિક્ષણ, શબ્દ રમતો દ્વારા શિક્ષણ, વાક્યપૂર્તિ, શબ્દ કુટુંબ શોધ, ભૂલ સુધાર, જોડકા બનાવો, સામ્ય-વૈષમ્ય તારવો જેવી પ્રયુક્તિઓનો ઉપયોગ કરતાં રહેવું જોઈએ.
- જે તે ભાષાનું વ્યાકરણ શીખવતા હોય તો તે ભાષામાં પોતાના પ્રત્યાયન વ્યવહારો અપનાવે છે તે ભાષાની સંરચના-પ્રયોગો-રૂપો-વાક્યો અને અભિવ્યક્તિના વ્યાકરણીય આધારોનું સ્પષ્ટીકરણ,વ્યાખ્યા સમજી શકે- સમજાવી શકે તો તેને સાહજિકતાથી પ્રયોજી શકે એ માટે વ્યવહારોપયોગી વ્યાકરણ શીખવવા પ્રયાસ કરવો જોઈએ.

## 11.9 તમારી પ્રગતિ ચકાસો- 2

**(1) વ્યાકરણ શિક્ષણની નીરસતાના ચાર કારણો આપો.**

.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................

**(2) વ્યાકરણ શિક્ષણની વિવિધ પદ્ધતિઓનાં નામ જણાવો.**

.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................

**(3) વ્યાકરણની ભાષા સંસર્ગ પ્રણાલી એટલે શું ?**

.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................

**(4) વ્યાકરણની અનુબંધ પ્રણાલી એટલે શું ?**

.........................................................................
.........................................................................
.........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 11.10 સારાંશ :

ભાષા એક વ્યવસ્થા છે. આ વ્યવસ્થાને પોતાના નિયમો છે. આ નિયમોનો સંગ્રહ એટલે વ્યાકરણ. આમ, વ્યાકરણ એટલે ભાષાના વર્ણ-ધ્વનિ, રૂપપદ શબ્દ અને વાક્ય આધારિત રચના, સંરચના અંગેની નિયમલક્ષી વિચારણા.

જો કે વ્યાકરણ શિક્ષણ અંગે વિવિધ મતાંતરો ચાલે છે. કેટલાંક વિદ્રાનો ભાષાજ્ઞાન માટે જો કે વ્યાકરણ શિક્ષણ અનિવાર્ય માને છે. જ્યારે કેટલાંક વ્યાકરણ શિક્ષણને અનાવશ્યક માને છે. વ્યાકરણ સૈદ્ધાતિંક રીતે શીકવવાને બદલે સ્વભાષામાં વ્યવહારથી પણ શીખી શકાય છે. તેને વ્યવહારુ વ્યાકરણ કહેવામાં આવે છે.

વ્યાકરણ શિક્ષણનાં સામાન્ય હેતુઓમાં વ્યાકરણનું જ્ઞાન પ્રાપ્ત કરવું. વ્યાકરણના જ્ઞાનનો ઉપયોગ કરવો, વ્યાકરણના સિદ્ધાંતો અને નિયમો જણાવો અને વ્યાકરણ પ્રત્યે અભિરુચિ કેળવણીનો સમાવેશ થાય છે.

વ્યાકરણ શિક્ષણ નીરસ લાગે છે કારણકે સમાજ, તેના શિક્ષક, વિદ્યાર્થીઓ વ્યાકરણશુદ્ધ ભાષા પ્રત્યે ઉદાસીનતા જુવે છે. વ્યાકરણના જ્ઞાન સિવાય ભાષા શીખી શકાય તેવી ભ્રામક માન્યતા પ્રવર્તે છે. આમ છતાં, શુદ્ધ ભાષા માટે, તર્કશક્તિના વિકાસ માટે અને અસરકારક પ્રત્યાયન માટે ભાષામાં વ્યાકરણનું અનિવાર્ય છે.

વ્યાકરણ શિક્ષણની વિવિધ પદ્ધતિઓ છે. આગમન પદ્ધતિ, નિગમન પદ્ધતિ, પાઠ્યપુસ્તક પ્રણાલી, અનુબંધ પદ્ધતિ અને ભાષા સંસર્ગ પ્રણાલીથી વ્યાકરણનું શિક્ષણ આપી શકાય છે. વ્યાકરણ શિક્ષણમાં રુચિ પેદા કરવાં માટે નિયમોની ગોખણપટ્ટીને બદલે અનૌપચારિક રીતે ભાષા સાહિત્યનું શિક્ષણ આપતાં આપતાં વ્યાકરણ શીખવવું જોઈએ, આગમન પદ્ધતિ દ્વારા તેમજ આગમન-નિગમન પદ્ધતિના સંયુક્ત ઉપયોગથી વ્યાકરણ શિક્ષણ આરવાથી વિદ્યાર્થીઓ વ્યાકરણ તરફ અભિમુખ છે. આ માટે શિક્ષકની પૂર્વતૈયારી, વિષય સજ્જતા અને આંતરસૂઝ મહત્ત્વના બની રહે છે.

## 11.11સ્વાધ્યાય :

(1) વ્યાકરણની સંકલ્પના સમજાવો.

(2) વ્યાકરણ શિક્ષણનાં હેતુઓ ટૂંકમાં દર્શાવો.

(3) ભાષા શિક્ષણમાં વ્યાકરણ શિક્ષણનું મહત્ત્વ દર્શાવો.

(4) વ્યાકરણ શિક્ષણ પ્રત્યે વિદ્યાર્થીઓની ઉદાસીનતાનાં ચાર કારણો જણાવો.

(5) વ્યાકરણ પ્રત્યે વિદ્યાર્થીની અભિરુચિ કેળવાય તે માટે શા પ્રયત્નો કરવાં જોઈએ ?

(6) આગમન પદ્ધતિનાં લાભ અને મર્યાદાઓ જણાવો.

## 11.12 ચર્ચા માટેના મુદ્દા :

(1) જ્ઞાન માટે વ્યાકરણનું જુદું શિક્ષણ આપવું જરૂરી નથી. પ્રસ્તુત વિધાનના સંદર્ભમાં તમારી દલીલો જણાવો.

(2) વ્યાકરણ શિક્ષણ પાઠ્યપુસ્તકના શિક્ષણ સાથે આપવું જોઈએ. પ્રસ્તુત વિધાનના સંદર્ભમાં તમારા મંતવ્યો દર્શાવો.

(3) 'વ્યાકરણના શિક્ષણ માટે અલાયદું પુસ્તક અનિવાર્ય છે.' ચર્ચા કરો.

## 11.13 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. વ્યાસ યોગેન્દ્ર : ગુજરાતી ભાષાનું વ્યાકરણ, પ્રથમ આવૃતિ, ગુજરાતી યુનિ.વતી સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ 1977.
2. આક્રુવાલા સી.કે : અનુસ્વાર વ્યવહાર, ભારત પ્રકાશન, 1977
3. ડૉ.શિવલાલ જેસપુરા : ગુજરાતી વ્યાકરણ અને લેખન, જ્યોતિ પ્રકાશન, અમદાવાદ
4. પટેલ મોતીભાઈ, શાસ્ત્રી જયેન્દ્ર અને અન્ય : ગુજરાતીના અધ્યાપનનું પરિશીલન, બી.એસી.શાહ પ્રકાશન, અમદાવાદ.

## 11.14 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(1) તમારી પ્રગતિ ચકાસો - (1)

1. 3.2

2. 3.2

3. 3.3.

(2) તમારી પ્રગતિ ચકાસો (2)

1. 3.6

2.3.7

3.3.7

એકમ 12

# લેખન-રચના કાર્યનું શિક્ષણ

: રૂપરેખા :

12.0 ઉદ્દેશો

12.1 પ્રસ્તાવના

12.2 લેખનકાર્યનું મહત્ત્વ

12.3 લેખન શિક્ષણની વર્તમાન સ્થિતિ

12.4 લેખન રચના પ્રત્યે શિક્ષણ પ્રત્યે ઉદાસીનતાનાં કારણો

12.5 તમારી પ્રગતિ ચકાસો- 1

12.6 લેખન-રચના શિક્ષણનાં ઉદ્દેશો (હેતુઓ)

12.7 લેખન કાર્યના આયોજનમાં ધ્યાનમાં રાખવાની બાબતો

12.8 લેખન કાર્યની તપાસણી

12.9 તમારી પ્રગતિ ચકાસો- 2

12.10 માધ્યમિક કક્ષાએ લેખન અને રચના શિક્ષણ

12.10.1 નિબંધ લેખન

12.10.2 રચના વિષયક અન્ય ક્ષેત્રોનું શિક્ષણ

12.11 તમારી પ્રગતિ ચકાસો- 2

12.12 સારાંશ

12.13 સ્વાધ્યાય

12.14 ચર્ચા માટેના મુદ્દા

12.15 કેટલાંક ઉપયોગી પુસ્તકો

12.16 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 12.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે---

1. લેખન-રચના શિક્ષણની સંકલ્પના જાણી શકશો.
2. રચના કાર્યનું મહત્ત્વ સમજી શકશો.
3. લેખન-રચના કાર્યની વર્તમાન સ્થિતિથી વાકેફ થશો.
4. લેખન-રચના કાર્યને પ્રત્યે ઉદાસીનતાનાં કારણો જાણી શકશો.
5. લેખન-રચના કાર્યના ઉદ્દેશોથી પરિચિત થશો.
6. લેખન કાર્યના આયોજન માટે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ જાણી શકશો.
7. લેખન કાર્યની તપાસણી માટેના ઉપાયો સૂચવી શકશો.
8. માધ્યમિક કક્ષાએ વિવિધ પ્રકારનાં લેખન સ્વરૂપોના શિક્ષણની વિવિધ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓથી પરિચિત થશો.

## 12.1 પ્રસ્તાવના

લેખિત અભિવ્યક્તિ એ શિક્ષણમાં ખૂબ જ અગત્યની છે. ભણેલો એને જ કહેવાય જેની સારી રીતે લખતાં આવડે. ભાષાની લેખિત અભિવ્યક્તિના ત્રણ વિભાગ પડે છે. પ્રથમ વિભાગમાં અક્ષરો, જોડણી, વિરામચિહ્નો નો સમાવેશ થાય છે. બીજો વિભાગ અર્થ સાથે જોડાયેલ છે. વ્યાકરણ શુદ્ધિ, યોગ્ય શબ્દો, અલંકારોનો ઉપયોગ, ભાવવાહી પ્રભાવી લેખન, ત્રીજા વિભાગમાં સાહિત્યના સ્વરૂપનો રસિકતા તાર્કિક ગોઠવણી, લયબદ્ધતાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત યોગ્ય ઝડપ, મૌલિકના વિશિષ્ટ શૈલી તમામ બાબતો પણ જરૂરી છે. વિદ્યાર્થી પોતાના ભાવ, લાગણી, વિચારોના સરળ અને પ્રભાવી રીત સાથે, શુદ્ધતાપૂર્ણ અભિવ્યક્તિ કરે તે પણ જરૂરી છે. તેની લેખન રચનાનું શિક્ષણકાર્ય ખૂબ જ પ્રભાવી રીતે થવું જોઈએ.

## 12.2 લેખનકાર્યનું મહત્ત્વ

વિદ્યાર્થી શાળાકીય શિક્ષણકાર્ય પૂર્ણ કરીને જીવનની શરૂઆત કરે ત્યારે તેને ડગલેને પગલે લેખિત અભિવ્યક્તિનો ઉપયોગ કરવાંનો હોય છે. લેખનકાર્ય તેનો ચિરંજીવ અક્ષરદેહ છે. તે વધુને વધુ અસરકારક બને તે જરૂરી છે લેખન અભિવ્યક્તિનું મહત્ત્વ નીચે મુજબ વર્ણવી શકાય :-

**લેખનકાર્યથી**

- વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ, ચિંતનશક્તિ અને તર્ક દૃષ્ટાંતનો વિકાસ થાય છે.
- લેખનકાર્યમાં ચોકસાઈ, નિયમિતતા અને વિચારોની ક્રમબદ્ધતા જળવાય છે.
- લેખન એક કળા છે. લેખનથી લિપિનું લાવણ્ય જાળવી શકાય છે. હસ્તાક્ષરો સુવાચ્ય બનાવી શકાય છે.
- ઉત્તમ વિચારોની અભિવ્યક્તિ તેમજ કાર્ય દ્વારા શક્ય બને છે.
- લેખનકાર્યને કામનો કાટ લાગતો નથી. વર્ષો સુધી તેને જાળવી શકાય છે.
- વિદ્યાર્થીઓની મૌલિકતા અને સર્જનાત્મક શક્તિઓનો વિકાસ થાય છે.
- મહાપુરૂષોના અને ઉત્તમ સાહિત્યકારોના વિચારો લેખનશક્તિ દ્વારા જ જળવાઈ રહ્યાં છે.
- લેખનકાર્ય દ્વારા સાહિત્ય અને સંસ્કૃતિનું સંરક્ષણ, સાર્વત્રિક અને શક્ય બને છે.
- વિદ્યાર્થીઓની વિચારશક્તિ ખીલે છે.
- વિદ્યાર્થીઓની નિરીક્ષણ-અવલોકન શક્તિનો વિકાસ શક્ય બને છે.
- વિદ્યાર્થીઓ સંક્ષેપીકરણ અને વિસ્તૃત લેખનક્રમ હસ્તગત કરી શકે છે.
- વિદ્યાર્થીઓ વ્યાકરણ શુદ્ધ અને જોડણીશુદ્ધ ભાષા લખતાં શીખી શકે છે.

## 12.3 લેખન શિક્ષણની વર્તમાન સ્થિતિ :

શાળાઓમાં જે લેખન-રચના શિક્ષણ થાય છે તે વિદ્યાર્થીને લેખિત અભિવ્યક્તિના વિકાસમાં મદદરૂપ બને તેમ નથી. શિક્ષક લેખનકાર્ય કરાવવા ઈચ્છે ત્યારે તકાવતા હોય છે. તે માટે કોઈ આયોજન તૈયાર કરવાંમાં આવતું નથી. શ્રી આર.એસ.ત્રિવેદી નોંધે છે કે; "અલીબાબા અને ચાલીસ ચોર, જેમ બારણા ઊઘડી જા એમ કહેતાં અને બારણું ઊઘડી જતું તે પ્રમાણે શિક્ષક લખો કહે અને વિદ્યાર્થી લખી નાખે એવા ચમત્કારિક પ્રયોગો હજી જોવામાં આવે છે." આ રીતે લેખનકાર્ય કરાવવામાં આવે તો વિદ્યાર્થી શું લખતા હશે તે વિચારણા માગી લે છે.

કેટલીક શાળાઓમાં વર્ષ દરમિયાન કરાવવાના લેખનનું વાર્ષિક આયોજન માસવાર તૈયાર કરવાંમાં આવે છે. જે માસમાં જે નિબંધ લેખન માટેનો વિષય હોય તે શિક્ષક પોતાની મરજી મુજબના દિવસે કરાવે છે. વર્ગમાં આવીને શિક્ષક કૃષ્ણ ફલક પર વિષય લખી તેનાં અંગે થોડી ચર્ચા કરે છે. કૃષ્ણ ફલક ઉપર મુદ્દા નોંધે છે. ક્યારેક આખો નિબંધ બોલી નાખે છે અને પછી વિદ્યાર્થીઓને નિબંધ લખવા માટે

તે કહે છે. વિદ્યાર્થીઓને નિબંધ કથનનું અર્થગ્રહણ થયું હોય તેવું લખે છે અને નિબંધનો વ્યાયામ પૂરો થાય છે.

કેટલીકવાર સમયના અભાવે વિદ્યાર્થીઓને નિબંધ ઘેરથી લખી લાવવા આપવામાં આવે છે અને તેઓ મોટાભાઈ બહેન કે માતાપિતાની મદદ લઈને નિબંધ લખી આવે છે.

કોઈ શાળામાં શિક્ષક પોતે બોલે અને વિદ્યાર્થીઓ નિબંધ લખે તો તેવી પરિસ્થિતિ પણ જોવા મળે છે.

લેખનની સુધારણાનું કાર્ય પણ વિહંગાવલોકન પદ્ધતિએ થાય છે. ઉપર છલ્લી રીતે કેટલીક જોડણીની ભૂલો કાઢી શિક્ષક સુધારણાનો સંતોષ લે છે. વિદ્યાર્થી શિક્ષકે કાઢેલી ભૂલો તેની સૂચના અનુસાર સુધારે છે. આચાર્ય અને અધ્યક્ષ આયોજન પ્રમાણે શિક્ષકે લેખનકાર્ય કરાવેલ છે તેમાં સંતોષ માને છે.

આમ શાળામાં લેખન -રચના શિક્ષણ અંગે અંધાધૂધ પરિસ્થિતિ પ્રવર્તે છે. જે વિદ્યાર્થીઓના લેખનકૌશલ પર કુઠારાધાત સમાન છે.

## 12.4 લેખન રચના પ્રત્યે શિક્ષણ પ્રત્યે ઉદાસીનતાનાં કારણો

લેખન-રચના શિક્ષણમાં શિક્ષકને રસ હોતો નથી. વિદ્યાર્થીઓનો તો રસ કેળવતો જ નથી. આમ કેમ પ્રશ્ન ઉદ્ભવે છે. કેટલાંક કારણો વિચારી શકાય તેમ છે.

- લેખન-રચના શિક્ષણનાં હેતુઓની સ્પષ્ટતા શિક્ષક પાસે નથી. આથી લેખન અંગે પરિસ્થિતિ સર્જવાની, વિદ્યાર્થીઓમાં તત્પરતા ઊભી કરવાંની, તેઓને શૈક્ષણિક અનુભવો પૂરા પાડવાની, તેઓની શક્તિઓને સંકોરવાની અને યોગ્ય વળાંક આપવાની વિચારણા સરખી પણ શિક્ષકે કરી હોતી નથી.
- ભાષાનો અભ્યાસક્રમ પ્રમાણમાં વિશેષ હોય છે. વર્ષ દરમ્યાન 35-40 ગદ્ય-પદ્ય પાઠો, 10 કે 15 લેખન, 8 કે 10 મુદ્દા વ્યાકરણના શીખવવાના હોય છે.અભ્યાસક્રમના ભારણમાં શિક્ષક અભ્યાસક્રમ કેવી રીતે પૂર્ણ કરવો તેના ટૂંકા માર્ગો જ વિચારે છે.
- લેખનકાર્યની ગુણવત્તા કરતાં સંખ્યાને વધુ મહત્ત્વ આપવામાં આવે છે.
- ભાષા શિક્ષક પર નિબંધ સુધારણાનો બોજો વિશેષ હોય છે. દરેક ભાષા શિક્ષકને ઓછામાં ઓછાં ત્રણેક વર્ગની નિબંધ સુધારણા કરવાંની હોય છે. તેથી 150 થી 180 ની સંખ્યામાં નોટબુકો જોવી પડે. તે જ રીતે જો બીજો વિષય પણ ભાષાનો હોય તો બીજી તેટલી જ જવાબદારી તેના માથે આવે છે. આમ તેના માટે આ કાર્ય વેઠ બની જાય છે.

## 12.5 તમારી પ્રગતિ ચકાસો- 1

**(1) લેખનકાર્યનું મહત્ત્વ દર્શાવતાં ચાર મુદ્દાઓ જણાવો.**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

**(2) લેખનકાર્યની વર્તમાન અસંતોષકારક સ્થિતિ માટેનાં ત્રણ કારણો આપો.**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..................................................................

..................................................................

**(3) લેખનકાર્ય પ્રત્યે ઉદાસીનતા સેવવાનાં મુખ્ય કારણો જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 12.6 લેખન-રચના શિક્ષણનાં ઉદ્દેશો (હેતુઓ)

લેખન-રચના શિક્ષણ માટે નીચે જેવાં હેતુઓ હોઈ શકે :-

1. વિદ્યાર્થીઓ શુદ્ધ અને સુવાચ્ય અક્ષરોમાં લખે.
2. વિદ્યાર્થીઓ લેખન માટે શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવત કે મંતવ્યોનો યથોચિત ઉપયોગ કરતાં શીખે.
3. વિદ્યાર્થીઓ વિવિધ વાક્ય રચનાઓનો ઉપયોગ કરે.
4. વિદ્યાર્થીઓ પોતાનાં વિરામચિહ્નોનો ઉપયોગ કરીને લખે.
5. વિદ્યાર્થીઓ પોતાના વિચારો ક્રમબદ્ધ રીતે રજૂ કરે.
6. વિદ્યાર્થીઓ મૌલિક વિચારોમાં લખે.
7. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા વિકસે.
8. વિદ્યાર્થી તર્કબદ્ધ અને વિચારોની સુંદર ગૂંથણી કરીને લખતાં શીખે.
9. વિદ્યાર્થીઓ યોગ્ય ફકરાઓ યોજીને લખે.
10. વિદ્યાર્થીઓ લેખનનાં વિવિધ સ્વરૂપો ઉપર પોતાની હથોટી અજમાવે.

## 12.7 લેખન-કાર્યના આયોજનમાં ધ્યાનમાં રાખવાની બાબતો:

1. લેખન-કાર્યનો હેતુ સ્પષ્ટ હોવો જોઈએ. હેતુ આધારિત મૂલ્યાંકન કરવું જોઈએ.
2. વિદ્યાર્થીઓને ખૂબ જ લખાવવું જોઈએ તેવી જબરદસ્તી ન હોવી જોઈએ.
3. વિદ્યાર્થીની લેખનકાર્યની ભૂલો પ્રત્યે સહાનુભૂતિની ચર્ચા કરવી અને સારી બાબતો બતાવવી.
4. વિષયની પસંદગી, વિદ્યાર્થીની વયકક્ષા, રસને ધ્યાનમાં લઈને કરવી જોઈએ. તેમાં વિદ્યાર્થીઓનો મત લઈ શકાય.
5. લેખનકાર્ય અંગે વર્ગમાં વાતાવરણનું નિર્માણ કરવું જોઈએ.
6. પ્રવૃત્તિલક્ષી લેખન કરાવવામાં આવે તો વિદ્યાર્થીઓને રસ પડે.
7. પાઠ્યપુસ્તક ઉપર આધારિત વિષયો લેખન માટે પસંદ કરવો જોઈએ.
8. લેખનકાર્ય ગુણ મેળવવા માટે છે તેવો ખ્યાલ દૂર કરવો જોઈએ.
9. લેખનને શબ્દો અને સમયના બંધનમાંથી મુક્ત કરવું જોઈએ. તેની ગુણવત્તા પર લક્ષ આપવું જોઈએ.
10. લેખન માટે વિદ્યાર્થીઓને પ્રથમ સજ્જ કરવાં જોઈએ. ચર્ચા, વાચન, મનન અને પ્રશ્નોત્તરી પછી લેખન કરાવવું જોઈએ.

11. વિદ્યાર્થીઓના સુંદર લેખનકાર્યના નમૂનાઓને જાહેરમાં બિરદાવવા જોઈએ સારા નમૂનાનું વાચન, સ્થાનિક પત્રમાં હસ્તલિખિત કે વાર્ષિક અંકમાં સ્થાન આપવું જોઈએ.
12. લેખનકાર્ય માટે વર્તમાનપત્ર-સામયિકમાં કોઈ સારા નમૂના જોવા મળે તો વિદ્યાર્થીઓને વાંચવા પ્રોત્સાહિત કરવાં જોઈએ.
13. લેખનકાર્ય અંગેની પદ્ધતિઓનો ઉપયોગ કરવો.

## 12.8 લેખન કાર્યની તપાસણી :

લેખનકાર્યની તપાસણી એ મૂંઝવતો પ્રશ્ન છે. પણ તેના મૂળમાં આપણે જ છીએ. શિક્ષક જો પદ્ધતિસર, હેતુ સાથે લેખનકાર્ય કરાવે તો ખૂબ જ ઓછી મહેનતે તપાસણી કાર્ય પાર પાડી શકાય. તપાસણીકાર્ય માટે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે :-

1. ઉપલા વર્ગના હોશિયાર વિદ્યાર્થીઓને નીચલા ધોરણના વિદ્યાર્થીઓના લેખનનું તપાસણીકાર્ય સોપવું જોઈએ, તેઓ તપાસણીકાર્ય પૂર્ણ કરે ત્યારબાદ શિક્ષકે તેના ઉપર નજર ફેરવી લેવી જોઈએ.
2. ભાષાશિક્ષણમાં વિદ્યાર્થીની સામાન્ય ભૂલોની યાદી બનાવી વિદ્યાર્થીઓને તેનો ખ્યાલ આપવો, સમજ આપવી જેથી ઓછી ભૂલો થશે.
3. નિબંધ લેખન કરાવતાં તેમાં આવતા અપરિચિત-અઘરા શબ્દો, જોડાક્ષરો કા.પા.પર લખવા, જેથી તે શબ્દોની ભૂલો થશે નહિ.
4. વિદ્યાર્થીઓની જોડણી વિષયક ભૂલો નીચે લીટી દોરવી અને વિદ્યાર્થીઓને જોડણીકોશને આધારે તે ભૂલો શોધવી, સાચી જોડણી લખવા કહેવું.
5. લેખનમાં કરેલી ભૂલોના સુધારાથી કાર્ય પતતું નથી પણ તે ભૂલો ફરીથી ન થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું.
6. અન્ય વિષયોના શિક્ષકોને લેખનકાર્યનું તપાસણી કાર્ય સોંપવું અયોગ્ય છે. કારણ કે તેઓની ભાષાશુદ્ધિ અંગે પ્રમાણભૂતતા કેટલી ?
7. લેખનકાર્યની તપાસણી વખતે વિદ્યાર્થીના દૃષ્ટિબિંદુને લક્ષમાં લેવું જોઈએ.
8. વિદ્યાર્થી લેખનકાર્ય કરે છે ત્યારે તે પોતાના વિચારોને મુક્ત રીતે રજૂ કરે છે. અને તેના લખાણ વિશે શિક્ષકનો અભિપ્રાય શું છે તે જાણવા તે ઉત્સુક હોય છે. અભિપ્રાય જણાવવો જોઈએ.
9. વિદ્યાર્થીને એકસામટી ભૂલો ન બતાવતાં અગત્યની ભૂલો તરફ જ ધ્યાન દોરવું જોઈએ, જેથી વિદ્યાર્થીનો ઉત્સાહ મરી ન પરવારે.

## 12.9 તમારી પ્રગતિ ચકાસો- 2

(1) લેખન રચના કાર્યના મહત્ત્વના પાંચ ઉદ્દેશો જણાવો.

(2) લેખનકાર્યના આયોજનમાં ધ્યાનમાં રાખવાની ત્રણ અગત્યની બાબતો જણાવો.

(3) લેખનકાર્યની તપાસણી માટે ક્યા ક્યા, કઈ કઈ બાબતો ધ્યાનમાં લેશો ? ગમે તે ચાર બાબતો જણાવો.

## 12.10 માધ્યમિક કક્ષાએ લેખન અને રચના શિક્ષણ :

માધ્યમિક કક્ષાએ અભિવ્યક્તિની યોગ્યતા, વૈવિધ્ય, પુનઃરચના, સર્જનશીલતા, વાક્યસંરચના, રજૂઆતનો ક્રમ, લિપિબદ્ધ લખાણ, અક્ષર મરોડ, વિરામચિહ્નોનો સમજભર્યો ઉપયોગ વગેરે બાબતોને ધ્યાનમાં રાખી લેખન અને રચના શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ. માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં નીચે જેવા લેખન પ્રકારોનું શિક્ષણ આપવામાં આવે છે.

**12.10.1 નિબંધ લેખન :**

માધ્યમિક શાળામાં નિબંધ લેખનની પ્રવૃત્તિને શાલેય નિબંધ તરીકે ઓળખવામાં આવે છે.

**(1) લક્ષણો :**

1. નિબંધ માત્ર ગદ્યમાં જ લખાય છે. નિબંધમાં ઉચિત શબ્દોનો ઉપયોગ કરીને વાક્યો પ્રયોજવાનાં હોય છે અને એ વાક્યો પરિચ્છેદમાં રજૂ કરવાંનાં હોય છે.
2. શાલેય નિબંધમાં વર્ણનાત્મક વધારે હોય છે. આપેલાં વિષયમાં વિદ્યાર્થી કેટલી માહિતી આપે છે તે ખાસ જોવાય છે. તે માહિતી કેવી રીતે રજૂ કરે છે. તે જોવાતું નથી. નિબંધમાં મુદ્દાસર રજૂઆત કરવાંમાં આવે છે. તેથી કલ્પનાત્મકારકતાને સ્થાન રહેતુ નથી. આ બાબત સુધારણા માગે છે.
3. શાલેય નિબંધમાં વિદ્યાર્થીની રજૂઆત સાદીસીધી હોય છે, પણ જો તે રજૂઆત તેની પોતાની જ હોય તેવી અપેક્ષા રાખવી જોઈએ.
4. નિબંધની મર્યાદા શબ્દોમાં કે લીટીમાં સોંપેલી હોય છે.
5. નિબંધ પ્રયત્નપૂર્વક લખી શકાય છે.
6. નિબંધ દ્વારા મુદ્દાસર, શુદ્ધભાષામાં રજૂઆત તેમજ શબ્દો, વાક્યોના ઉપયોગ અંગેની સૂઝ વિકસાવવાનો પ્રયાસ થાય છે.
7. નિબંધમાં નિરૂપણ, શૈલીનું વૈવિધ્ય ઓછું જોવા મળે છે.
8. નિબંધમાં આરંભ, મધ્ય અને અંતવાળું ચોક્કસ માળખું રાખેલું હોય છે, વિષયને વળગીને જ રજૂઆત કરવાંમાં આવે છે.

**(2) સારા નિબંધ લેખન માટેની પૂર્વ શરતો**

**(1) વાચન :** પાઠ્યપુસ્તક ઉપરાંત વિવિધ પુસ્તકો, સામયિકો અને વર્તમાનપત્રોમાં આવતા વિવિધ કટાર-લેખોનું વાચન કરવું જોઈએ. વાચન દરમ્યાન ઉપયોગી વાક્યો, કાવ્યપંકિતઓની નોંધ કરી અવતરણ પોથી કે નોંધપોથી બનાવો. વાચન ઉપર મનન કરતાં રહો.

**(2) અવલોકન :** આસપાસ બનતી ઘટનાઓનું નિરીક્ષણ કરી, તે ઘટનાનું નિરૂપણ અને પ્રતિભાવ લખતા રહેવું જોઈએ.

**(3) શ્રવણ :** મિત્રો અને સંબંધીઓની વાત-ચીત સાંભળો, વિદ્વાનોના વ્યાખ્યાન-પ્રવચન સાંભળો, રેડિયો-ટીવી ઉપર આવતા વાર્તાલાપોનું શ્રવણ કરો અને તે બધાંની બોલવાની રીત અને ભાષાની નોંધ કરવી.

**(4) વિષય પસંદગી :** જ્યારે એક જ વિષય ઉપર નિબંધ લખવાનો હોય ત્યારે વિષય પસંદગી કરી શકાતી નથી. પરંતુ જ્યારે ચાર-પાંચ વિષયો આપેલાં હોય ત્યારે તેમાંથી તમે જે વિષયમાં વિશેષ જ્ઞાન અને અનુભવ ધરાવતાં હોય, તેમાં વિશેષ રસ હોય, જેમાં :-

વાચન-મનન હોય, અને જેમાં વિચારો વ્યક્ત કરવાંનો પૂરતો અવકાશ હોય તેવા વિષય પસંદ કરવાં જોઈએ.

**(5) વિષયના વિવિધ પાસાંની વિચારણા :** વિષયનાં વિવિધ પાસાં અંગે વિચારણા કરી અલગ કાગળ પર મુદ્દાઓની નોંધ કરો. નિબંધ લેખનમાં શબ્દોનું બંધન હોય તો ગૌણ મુદ્દા કાઢી નાખી મુખ્ય મુદ્દાઓ રાખો.

**(6) મુદ્દાઓનું વર્ગીકરણ અને ગોઠવણી :** મુદ્દાઓની વિચારણા પછી મુદ્દાઓનું વર્ગીકરણ કરી રજૂઆતનો ક્રમ નક્કી કરવાં મુદ્દાઓને ગોઠવવા જોઈએ. નિબંધમાં મુદ્દો ઓતપ્રોત થઈ જાય તે રીતે ક્રમ નક્કી કરવો જોઈએ.

(7) રજૂઆતમાં વ્યવસ્થા અને મૌલિકતા મુદ્દાઓની ક્રમિકતા નક્કી કર્યા પછી તેની રજૂઆત અંગે વિચારણા કરવી જોઈએ. ક્યા મુદ્દામાં અવતરણ કે દષ્ટાંત ઉપયોગી બનશે તે અંગે વિચારણા કરવી. નિબંધનો આરંભ સરસ રીતે થયો જોઈએ. આકર્ષણ રજૂઆત તે વિષયોની રસિક રીતે ખિલવણી, તેના મુદ્દાસર ખંડો અને છેલ્લે આખા નિબંધના મુક્ત વક્તવ્યનું સંકલન થાય તેવો સચોટ અંત નિબંધ માટે આવશ્યક છે. નિબંધની રજૂઆત મૌલિક રીતે કરવી જોઈએ. ગોખણપટ્ટીને અવકાશ ન હોવો જોઈએ.

**(8) પ્રમાણભૂત :** નિબંધ લેખન માટે નક્કી કરેલા મુદ્દાઓની રજૂઆતમાં પ્રમાણભાન એ મહત્ત્વની બાબત છે. નક્કી કરેલા મુદ્દામાંથી રસ પડે તેવા મુદ્દામાં વિશેષ લખાણ અન્ય મુદ્દાઓની ટૂંકમાં રજૂઆત નિબંધની અસરકારકતા ઘટાડે છે. તેથી બધા મુદ્દાઓને ન્યાય મળે તે રીતે પ્રમાણભાન જાળવવું જોઈએ.

**(9) ભાષાશુદ્ધિ અને રસિક શૈલી :** શુદ્ધ ભાષામાં લખાયેલા નિબંધ સારી છાપ ઉપસાવે છે. ભાષા અલંકારિક ન હોય તો ચાલે પણ વ્યાકરણની દૃષ્ટિએ શુદ્ધ અને સ્પષ્ટ રજૂઆતવાળી હોવી જોઈએ. આકર્ષક, અસરકારક અને રસિકશૈલીમાં નિબંધ લેખન કરાવવું જોઈએ. આ માટે જોડણીકોશની ઉપયોગ કરવો જોઈએ.

**(10) સરખામણી :** નિબંધ લખ્યા પછી વર્ગના હોશિયાર વિદ્યાર્થીના નિબંધ સાથે, તે જ વિષય ઉપર જણામાં હોય તેવા વિદ્વાનના નિબંધ સાથે, સરખામણી કરતાં રહો અને અમારા નિબંધમાં અને અન્યના નિબંધની રજૂઆતમાં કેવો ફરક છે તે ધ્યાનથી જુઓ તે નિબંધમાંથી ગ્રહણ કરવાં જેવું ગ્રહણ કરો.

**(3) નિબંધ લેખનની શિક્ષણ પદ્ધતિઓ :**

નિબંધ લેખનનું શિક્ષણકાર્ય કરવાંમાં ઉપયોગી કેટલીક પદ્ધતિઓની વિચારણા અહીં રજૂ કરેલ છે.

**(1) અવલોકન કરો અને લખો :** આ પદ્ધતિના પ્રણેતા મોન્ટેસોરી અને કોવેલસા આ પદ્ધતિનાં ઈન્દ્રિયો દ્વારા શિક્ષણ ક્રિયા દ્વારા અનુકરણ દ્વારા શિક્ષણ તેમજ અશિક્ષણ જેવાં મનોવૈજ્ઞાનિક આધારો પર આપેલી છે.

આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ વસ્તુનું અવલોકન કરે છે અને તેનું વર્ણન કરી લેખન માટે ઉપયોગી ભાષાવસ્તુ (શબ્દો, મૂળાક્ષરો વગેરે ) પૂંઠા કે કાગળની કાપલીમાં લખીને અલગ રજૂ કરે છે. વિદ્યાર્થીઓ પોતાની સ્વતંત્ર સમજ પ્રમાણે અભિવ્યક્તિ કરવાં ભાષાવસ્તુનો ઉપયોગ કરે છે. આ પ્રવિધિ બાળકોની ઉંમર અને વર્ગકક્ષા પ્રમાણે ભાષાલેખન અનુભવોને ધ્યાનમાં લઈ પ્રાથમિક કક્ષાએ ઉપયોગ બનાવી શકાય.

**(2) પ્રશ્નોત્તર પદ્ધતિ :** પ્રશ્નોત્તર પદ્ધતિ અંગે પદ્ધતિના પ્રકરણમાં ચર્ચા કરેલ છે. નિબંધના વિષયના સંદર્ભમાં શિક્ષણ પ્રશ્ન, પરિપ્રશ્નના આધારે વર્ગમાં ચર્ચા કરે અને કા.પા. માં મુદ્દાઓ નોંધતા જાય. જેનો વિચાર કરી વિદ્યાર્થીઓ નિબંધ લખો.

આનાથી વિરૂદ્ધ અધ્યેતા વિષયના સંદર્ભમાં અધ્યાપકને પ્રશ્ન પૂછે અને નિબંધની ચર્ચા થાય. તેમાં તથ્યો, માહિતી, સિદ્ધાંતો, સંકલ્પનાઓ, અનુમાન, તર્ક, દલીલ વગેરેની રજૂઆત થાય અને વિદ્યાર્થી નિબંધ લખે.

**(3) સૂત્રવિધિ :** સૂત્ર કે સૂક્તિ સ્વરૂપે રજૂ થયેલી વિગત, સિદ્ધાંત સમજને વિસ્તાર વિવેચનથી ટીકા ટીપ્પણથી સમજાવવાની વિધિ એટલે સૂત્રવિધિ. આ પદ્ધતિ ગુરૂકુલ પ્રથામાં ઉપયોગમાં લેવાતી.

અર્થ વિસ્તાર, વિચાર વિસ્તાર જેવા લેખન પ્રકારો આ વિધિથી શીખવી શકાય. વિવેચન કે સમજ વિસ્તારવા કહેવત, વિચાર કંડિકા, કાવ્ય પંક્તિઓ કે સૂત્રોનો આધાર લેવામાં

આવે છે. આ નીતિને ઐતિહાસિક ઘટનાઓ. જીવનકથાના પ્રસંગો, વ્યક્તિ વિશેષના કાર્યો, સામાજિક પરિસ્થિતિ કે ઘટના વિશેષનું વર્ણન પણ કરાવી શકીએ.

**(4) પ્રવચન પદ્ધતિઃ** આ પદ્ધતિની ચર્ચા અગાઉ પદ્ધતિના પ્રકરણમાં કરેલી છે. ચિંતનાત્મક, શાસ્ત્રીય વિચારણા કે અભિનય વિષય માટે આ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય.

**(5) સ્વાધ્યાય અને મુલાકાત પદ્ધતિ :** કોઈપણ વિષય અંગે નિબંધ લેખન કરવાં માટે શિક્ષક સંદર્ભ સાહિત્ય, સામગ્રી, સ્ત્રોત, વ્યક્તિ, સ્થળ અંગે માહિતી આપે છે. વિદ્યાર્થીએ તે સંદર્ભોની શોધ કરી, અભ્યાસ કરી અને સંપાદન કરી નિબંધ લેખન કરવાંનું હોય છે. શિક્ષક મુલાકાત દ્વારા માર્ગદર્શન આપે છે. આ પદ્ધતિ ઉચ્ચતર માધ્યમિક શાળામાં ઉપયોગી બને. શિક્ષકનું ચોક્કસાઈ ભર્યું માર્ગદર્શન અને વિદ્યાર્થીની અભ્યાસ નિષ્ઠા પર પદ્ધતિની સફળતાનો આધાર છે.

**(6) અનુકરણ અને આદર્શ વિધિ :** વિદ્વાનો, લેખકો, સાહિત્યકારોએ લખેલા નિબંધોનું વાચન કરે. તેના અનુકરણની વિદ્યાર્થીઓમાં વિચાર પ્રક્રિયા, લેખનશૈલી, રજૂઆત ક્રમ વગેરે અંગે ક્ષમતા કેળવાય અને તેના આધારે તેઓ અનુકરણથી નિબંધ લેખન કરે.

**(7) વાદ-વિવાદ પદ્ધતિ :** સંવાદ-સમસ્યાયુક્ત વિષય પર પક્ષ-વિપક્ષના દૃષ્ટિબિંદુથી વિવાદાત્મક નિદર્શન રજૂ કરી નિબંધ લખવાની આ પદ્ધતિ છે. વર્ગમાં વાદ-વિવાદ રૂપે ચર્ચા કરાવી પક્ષ-વિપક્ષની દલીલો સાથે લેખનકાર્ય કરાવી શકાય.

**(8) જૂથ ચર્ચા પદ્ધતિ :** વિષયના સંદર્ભમાં વિવિધ મુદ્દાઓની ચર્ચા માટે વર્ગના વિદ્યાર્થીઓને જૂથમાં વહેંચવાથી ચર્ચાના અંતે વર્ગના અહેવાલ વાચન કરાવી નિબંધ લેખન કરાવી શકાય. પદ્ધતિના પ્રકારમાં આ પદ્ધતિ વિશે વિશેષ માહિતી આપેલ છે.

**(9) પ્રોજેક્ટ પદ્ધતિ :** નિબંધ લેખનના સંદર્ભમાં ચારેય દિવસનો પ્રોજેક્ટ લઈને નિબંધ લેખન કરાવી શકાય. વધુ માહિતી પદ્ધતિના પ્રકરણમાં જુઓ.

**12.10.2 રચના વિષયક અન્ય ક્ષેત્રોનું શિક્ષણ**

**(1) વાર્તા લેખન :**

**અર્થ** : આપેલ મુદ્દાને આધારે વાર્તાની રચના કરવી એટલે વાર્તા લેખન

**શરૂઆત** : વાર્તાની શરૂઆત એક ગામ હતું એક નદી હતી... એમ કરી શકાય.

**મધ્યમાં** : વાર્તાના વિષયવસ્તુમાં ઘટના કે પ્રસંગનું આલેખન કરવું જોઈએ. અંતમાં વાર્તામાંથી મળતો બોધ રજૂ કરી, વાર્તા સાર રજૂ કરી વાર્તાને અનુરૂપ શીર્ષક આપવું જોઈએ.

**ધ્યાન-યોગ્ય મુદ્દા :-**

- વાર્તામાં કેટલી કલ્પનાઓ રજૂ કરી શકો છો તે અગત્યનું છે તેથી વાર્તાને અનુરૂપ કલ્પનાઓની રજૂઆત કરવી જોઈએ.
- વાર્તાની શરૂઆત આકર્ષક, વાંચવી ગમે તે રીતે થવી જોઈએ.
- વાર્તાનાં પ્રસંગ કે ઘટનાની ક્રમબદ્ધ રજૂઆત કરવી જોઈએ.
- વાર્તાનાં પાત્રોને અનુકૂળ પહેરવેશ, વ્યવહાર અને વાર્તાલાપની રજૂઆત કરવી જોઈએ.
- વાર્તાની ભાષા સરળ, શુદ્ધ અને હૃદયસ્પર્શી હોવી જોઈએ.
- વાર્તાના પ્રસંગો દ્વારા વાચકને લાગણી થાય તે રીતે રજૂઆત થવી જોઈએ.

**(2) અહેવાલ લેખન :**

શાળામાં યોજાતી વિવિધ પ્રવૃત્તિઓ, ઉજવણીઓ, જાહેર સમસ્યાઓ, સમાજ હિતકલ્યાણની ઘટનાઓ, અંગે એક પત્રકાર તરીકે તેના તરીકે અહેવાલ તૈયાર કરવો જરૂરી છે. શાળામાં તેની તાલીમ મળી રહે અને અહેવાલ લેખન કૌશલ્યની ખિલવણી થાય તે હેતુસર અહેવાલ લેખન કરાવવામાં આવે છે.

**ધ્યાનમાં રાખવાની બાબતો :**

- અહેવાલ લેખન કરતાં સૌ પ્રથમ ઉપર શીર્ષક લખવું.
- અહેવાલ જેમને સ્પર્શતો હોય તેમને અથવા પ્રસ્તુત કામગીરી સોંપનાર સંસ્થા, સંગઠનને સંબોધન કરીને અહેવાલ લેખન કરાવવું.
- અહેવાલ સબંધિત સંદર્ભની માહિતી આપવી.

  જે સંસ્થાએ કામગીરી સોંપી હોય તેનો, ઘટના સમસ્યાઓ, પ્રાસંગિક તપાસનો, સંબંધિત સ્થોળોનો, સમય, તારીખ અને કામગીરી બજાવનાર સભ્યોનો ઉલ્લેખ કરવો જરૂરી છે. અહીં અહેવાલ લેખનનો વિષય અનુસાર ફેરફાર કરવો પડે.
- અહેવાલમાં નાનામાં નાની વિગતો, માહિતી, આંકડાકીય માહિતી, ચોકસાઈપૂર્વક રજૂ કરવી.
- હૃદયસ્પર્શી, જનજાગૃતિની, સામાજિક પ્રભાવ પેદા કરનારી નોંધપાત્ર વિગતો અમુક રીતે રજૂ કરવી.
- રજૂઆંત ટૂંકાં વાક્યો, યથાર્થ શબ્દો, વિવિધ વાક્યરચનાઓ વડે કરવી.
- પ્રવૃત્તિ કે ઘટનાની અસર, લાભ-ગેરલાભ, ટીકા, યશને પા સંબંધિતોનો ખાસ ઉલ્લેખ કરવો.
- પ્રતિભાવ, તારણ, અભિપ્રાય, દિશાસૂચન, લોકમત જણાવી ભાવનિર્દેશથી સમાપન કરવું.

**શિક્ષણ કેવી રીતે :**

- અહેવાલ લેખન માટે પ્રશ્નોત્તર પદ્ધતિનો ઉપયોગ થઈ શકે. વિદ્યાર્થીઓએ જોયેલી પ્રવૃત્તિ હોય તો આ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય.
- વિદ્યાર્થીઓએ જોયેલી પ્રવૃત્તિ ન હોય અને કાલ્પનિક રીતે અહેવાલ લખવાનો હોય તો ચર્ચા કે જૂથચર્ચા પદ્ધતિનો ઉપયોગ થઈ શકે.
- આમંત્રણ પત્રિકાઓનો શૈક્ષણિક સાધન તરીકે ઉપયોગ થઈ શકે.

**(3) વિસ્તાર-અર્થવિસ્તાર :**

**અર્થ :** ગૂઢ કે સૂક્ષ્મ અર્થ, સત્ય કે સારતત્ત્વ ધરાવતી કાવ્યપંક્તિ કે વાક્યનો સમજપૂર્વક વિસ્તાર કરવો એટલે વિચાર કે અર્થ વિસ્તાર.

**હેતુ :** વિદ્યાર્થીઓ અન્યના ઉમદા વિચારોનું સમજપૂર્વક આકલન કે મૂલ્યાંકન કરી શકે.

- વિદ્યાર્થીઓ બીજાંઓને તે વિચાર પૂરેપૂરો સમજાવી શકે.
- વિદ્યાર્થીઓ તેમાંથી સાર કે બોધ તારવી શકે.

**કેવી રીતે કરશો ?**

- વિચારની કંડિકા પદ્યમાં હોય તો ગદ્યમાં તેના સરળ-સામાન્ય અર્થ લખો. ગદ્યમાં હોય તો તેનો સામાન્ય અર્થ સરળ ભાષામાં લખો.
- મધ્યમાં વિચાર અંગે સમજૂતી આપો. આ માટે વિવિધ દૃષ્ટાંતો યા વિચાર ને મળતી કાવ્ય પંક્તિઓ કે સુવાક્યોનો ઉપયોગ કરી વધુ સ્પષ્ટતાથી સમજ આપવી.
- અંતમાં વિચાર કંડિકામાંથી મળતો બોધ કે સાર તારવી લખવો.

**ધ્યાન-યોગ્ય બાબતો :**

- આપલા કંડિકાના અર્થને સમજી-પામી ને રજૂઆત કરવી.
- કંડિકામાં રૂપક, વ્યંગ્યાર્થ હોય તો તને સ્પષ્ટ રીતે સમજીને રજૂઆત કરવી.
- અન્યના વિચારોને પણ પોતાના શબ્દોમાં રજૂ કરો.
- વિચારની સમજણ સ્પષ્ટ કરવાં સમર્થનયુક્ત કાવ્ય પંક્તિઓ, કહેવતો, સુવિચારો વગેરેની

રજૂઆત અવતરણ ચિહ્નમાં કરો. અને તેના સદ્‌વિચારકોનું નામ લખો. નામ અને કંડિકા પૂર્ણ રીતે યાદ ન હોય તો પણ એક રચયિતાનું - લેખકે કવિએ કહ્યું છે કે એમ ઉલ્લેખ કરી શકાય રજૂઆત તર્કબદ્ધ અને ક્રમિક હોવી જોઈએ.

- બિનજરૂરી પુનરાવર્તન ટાળવું.
- છેલ્લે ટૂંકમાં સાર કે બોધ રજૂ કરવો.
- વિચાર કે અર્થ વિસ્તાર બારથી પંદર લીટીમાં કે સેવાઓ-દોઢસો શબ્દોમાં હોવાં જોઈએ.

**(4) સંક્ષેપીકરણ - સારલેખન :**

**અર્થ :** મૂળકથનના તાત્પર્યને યથાર્થ રીતે જાળવીને ઓછામાં ઓછા શબ્દોમાં જે સુસંકલિત સુરેખ, એકરૂપ રચના એટલે સંક્ષેપ શબ્દ પરથી બન્યો છે. સંક્ષેપ એટલે સારી રીતે - ટૂંકાવીને લખવું.

સંક્ષેપના કદનો આધાર સંક્ષેપ કરવાંનો હેતુ કે લખાણના પ્રકાર પર કે લેખનની શૈલી પર રહે છે.

**સંક્ષેપીકરણ માટે બે પદ્ધતિઓ છે.**

1. સૂચિત ફકરાના મુદ્દાઓ, પેટા મુદ્દાઓ નોંધી તેનું સંક્ષેપીકરણ કરવું.
2. સૂચિત ફકરાના મહત્ત્વનાં વાક્યો નીચે લીટી દોરી તેનું સંશ્લેષણ કરવું.

**ધ્યાન-યોગ્ય બાબતો :**

- આપેલ ફકરાને પ્રથમ એકાગ્રતાથી વાંચી મુખ્ય વિચાર તારવો. બીજા વાચનમાં મુખ્ય મુદ્દા પેટામુદ્દા, ભાષાવસ્તુ, અગત્યના મુદ્દા કે વાક્યોની નોંધ કરો. બીજા વાચનમાં કોઈ અગત્યની બાબત રહી જતી નથી તેની ચકાસણી કરો. આમ વાચન દ્વારા અર્થગ્રહણ કરો.

**ફકરામાં ............**

- અવતરણ, ઉદાહરણ, દૃષ્ટાંત કે અલંકારિક વાક્યો છોડી દેવાં.
- શબ્દસમૂહની જગ્યાએ એક શબ્દોનો ઉપયોગ કરો.
- મહત્ત્વનાં વાક્યોમાંથી બિનજરૂરી શબ્દો કાઢી નાખી વાક્યખંડ બનાવી એકથી વધુ વાક્યખંડને જોડો.
- રૂઢિપ્રયોગ, સામાજિક શબ્દોના ઉપયોગથી વાક્યોની સંખ્યા ઘટાડો.
- સૂચિત ફકરાની રજૂઆતના ક્રમને જાળવો.
- સંક્ષેપ એક જ પ્રયત્ન ન કરતાં બે - ત્રણ પ્રયત્નો કરો. દરેક વખતે સંક્ષેપને મૂળ ફકરા સાથે વાંચી મુખ્ય વિચાર વ્યક્ત થાય છે કે નહીં તેનો ખ્યાલ રાખો.
- સંક્ષેપ લેખનમાં જોડણી, વિરામચિહ્ન, વાક્યરચના દોષ ન રહે તેની કાળજી રાખો.
- સંક્ષેપને અર્થસૂચન - શીર્ષક આપો.
- વિદ્યાર્થીઓને સંક્ષેપકરણનો મહાવરો આપવો જોઈએ. તે માટે સ્વાધ્યાય રચના કરી શકાય.
- શબ્દોને બદલે સામાસિક શબ્દો વાપરીને સંક્ષેપ કરો.
- કહેવત-રૂઢિપ્રયોગના ઉપયોગની સૂઝ-સમજનો મહાવરો આપો.
- બે-ત્રણ કે પાંચ વાક્યોમાં સંક્ષેપીકરણ કરો.

**(5) પત્રલેખન :**

પત્રલેખન એ જીવનોપયોગી કળા છે. વ્યક્તિના જાહેર જીવનની સાથોસાથ અંગત જીવન તેનું વ્યવહારુ જીવન તો તાજગીભર્યું રાખવા પત્રવ્યહાર ઉપયોગી થઈ પડે છે. પત્ર વ્યવહારમાં વ્યક્તિના વ્યક્તિત્ત્વના કે સહાધ્યાયીપણાનો સાચો પરિચય મળી આવે છે. પત્રલેખનની તાલીમ

કે અનુભવ ન હોય તો તેના વ્યવહારિક જીવનમાં પણ મૂંઝવણ કે ઓછી અનુભવાય છે.

**ધ્યાન-યોગ્ય બાબતો :**

પત્રનું માળખું સમજી લેવું જોઈએ.

**પત્રલેખનનું સરનામુ** : પત્રના જમણા ખૂણે પત્રલેખકનું સરનામું જોઈએ. સરનામામાં પ્રથમ નામ, મકાનનું નામ કે નંબર, શેરી, મહોલ્લો કે સોસાયટીનું નામ, રસ્તો કે નજીકના પ્રખ્યાત સ્થળનો ઉલ્લેખ, ગામ કે શહેરનું નામ, તાલુકા-જિલ્લાના ઉલ્લેખ (રાજ્ય બહારના પત્રમાં રાજ્યનું અને વિદેશના પત્રમાં દેશનુ નામ પણ લખવું જોઈએ) છેલ્લે પોસ્ટ ઑફીસ (Pincode) નંબર લખવો જોઈએ. નીચે તારીખ લખવી જોઈએ.

**સંબોધન** : તારીખની નીચે, ડાબા ખૂણે સામી વ્યક્તિના નામને યોગ્ય સંબોધન કરવું. સંબોધન વ્યક્તિ સાથેના સંબંધને અનુરૂપ લખવું જોઈએ. સરકારી પત્રોમાં, વ્યવસાયિક પત્રોમાં સંબોધનની સાથે તેમનું સરનામુ પણ લખવું.

**પત્રનું વક્તવ્ય** : સંબોધનની નીચે ડાબી બાજુએ પત્રનું વક્તવ્ય લખવાની શરૂઆત કરવી.

**અંત** : પત્રનું વક્તવ્ય પૂરું થયા બાદ છેલ્લી લીટીના જમણા ખૂણે શિષ્ટાચાર સૂચક યોગ્ય વિદાયવચન (આભારસહ, હેતમાયા રાખજો, કામકાજ લખશો, જોઈતું કરતું મંગાવજો, ભૂલચૂક માફ કરશો, આશીર્વાદ ઈચ્છીએ છીએ) લખવું જોઈએ અને છેલ્લે પત્ર લેખનનું નામ કે સહી કરવી જોઈએ.

**પત્રનું સરનામું :**

પત્ર જેને લખ્યો છે તેનું સરનામું (ઉપર જણાવ્યા મુજબ) કવર પર લખવું અને ડાબા ખૂણે રવાના કરી મોકલનારનું સરનામું લખવું જોઈએ.

- પત્રલેખનની ભાષા સરળ, શુદ્ધ અને હૃદયસ્પર્શી હોવી જોઈએ. પત્રમાં આધાર, વિનય,સ્નેહ, આનંદ કે લાગણીઓ વ્યક્ત થતી હોવી જોઈએ.
- પત્ર, સ્પષ્ટ અને સચોટ રીતે લખાયેલો હોવો જોઈએ.
- પત્ર અરજી સ્વરૂપે હોય તો તેમાં સંબોધન પછી સંદર્ભ આપવો જોઈએ અને તેની સાથે જરૂરી કાગળો બીડવાં જોઈએ.

**(6) વાદાત્મક ગદ્ય :**

અર્થ : વિષય, મુદ્દાના પક્ષમાં કે વિપક્ષના સમર્થન રૂપે દલીલો રજૂ કરવી એટલે વાદાત્મક ગદ્ય.

**ધ્યાન-યોગ્ય બાબતો :**

- વાદાત્મક ગદ્ય લખતી વખતે વિષયના મુદ્દા પક્ષમાં કે વિપક્ષમાં ગમે તે એક પક્ષમાં દલીલો રજૂ કરવી.
- પોતાની દલીલો રજૂ કરતાં આ એક માત્ર હકીકત છે, એમાં શંકાનું કારણ નથી, સૌ સંમત થશે જ, અન્ય દલીલને અવકાશ નથી, વિરોધીઓ પણ સંમત થશે જ, એ સર્વ વિદિત જાહેર સત્ય છે જેના આત્મવિશ્વાસ રજૂ કરતાં શબ્દ પ્રયોગો વાપરવા.
- હકારાત્મક, નકારાત્મક કે નકારાત્મક - હકારાત્મક વાક્યરચનાઓના ઉપયોગ દ્વારા દલીલોની વધુ તર્કસંગત, અને સમર્થનયુક્ત રજૂઆત કરવી.
- પુરાવા માટે સરખામણી દૃષ્ટાંત પ્રસંગોનો ઉપયોગ કરવો.
- દલીલનું સમાપન સારાંશ કે આ બધાં કારણોસર એટલે કે આવું તારણ કાઢતાં કરી શકાય કે.......જેવાં શબ્દપ્રયોગો દ્વારા કરવું.

**(7) ભાવાત્મક ગદ્ય :**

અર્થ : આત્મલક્ષી ભાવ, લાગણીઓ કે સંવેદનાની રજૂઆત કરતું ગદ્ય એટલે ભાવાત્મક ગદ્ય.

**ધ્યાન-યોગ્ય બાબતો :**

- આપેલ વિષય પર તેમને થતી લાગણીનું આલેખન કરવાંનું હોય છે. આ માટે ઈતરવાચન ખાસ ઉપયોગી બને છે.
- પોતાની લાગણીઓની રજૂઆત માટે શબ્દ પસંદગી ચોક્સાઈપૂર્વકની હોવી જોઈએ.
- ઓછામાં ઓછા ક્રિયાપદોનો ઉપયોગ કરવો.
- ચોક્કસ કાર્યસાધક ભાષાપ્રયોગો કરવાં.
- ઉદ્‌ગાર વાક્યો - વિસ્મયની લાગણી વ્યક્ત કરતાં વાક્યો, દુઃખદ લાગણીઓને રજૂ કરતાં વાક્યો કે આનંદ મિશ્રિત ભાવોને વ્યક્ત કરતાં વાક્યો વિષય પ્રમાણે વાપરવા.
- કેટલીક જગ્યાએ અપૂર્ણ ઉક્તિઓ છોડી દેવી જોઈએ. જેથી તેની અસર વિશેષ થાય.

ટૂંકાં વાક્યોમાં ધારદાર રજૂઆત કરવી જોઈએ.

લેખન અને રચના શિક્ષણનાં વિવિધ સ્વરૂપો જોયા પછી વિદ્યાર્થી તેનું આલેખન કરે તેવા સક્રિય પ્રયત્નો થાય તે જરૂરી છે. આ વિવિધ સ્વરૂપોના તાસનું સઘન આયોજન થાય અને તે અનુસાર વર્ગખંડમાં વિદ્યાર્થીઓને શીખવવામાં આવે તો હાલ વિદ્યાર્થીઓ લેખન કૌશલ્યમાં જેટલી ભૂલો કરે છે તે તો સુધરે જ પણ સર્જનાત્મક અને મૌલિક વિચારો દ્વારા વિવિધ સ્વરૂપોમાં લેખન અને રચના કાર્ય કરી શકે.

## 12.11 તમારી પ્રગતિ ચકાસો- 2

**(1) સારા નિબંધ લેખનની ત્રણ આવશ્યક પૂર્વ શરતો જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(2) નિબંધના અગત્યના વિવિધ પ્રકારો જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(3) નિબંધ લેખનની વિવિધ પદ્ધતિઓ જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..........................................................................

..........................................................................

**(4) વિચાર વિસ્તારનું શિક્ષણ તમે કેવી રીતે આપશો ? સંક્ષિપ્તમાં જણાવો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 12.12 સારાંશ

શિક્ષણકાર્ય એ હેતુલક્ષી પ્રક્રિયા છે. વિદ્યાર્થીઓની ભાષાકીય ક્ષમતાના વિકાસ માટે શ્રવણ, કથન, વાંચન અને લેખન કૌશલ્યોના સુપેરે વિકાસ થવો જોઈએ. વિદ્યાર્થી પોતાના જીવનમાં સરળતાથી જીવન વ્યવહાર ચલાવી શકે તે માટે મૌખિક અને લેખિત પ્રત્યાયનને અસરકારક બનાવવા માટે યોગ્ય પદ્ધતિઓ દ્વારા શિક્ષણનું આયોજન થાય તે અત્યંત જરૂરી છે.

લેખિત અભિવ્યક્તિ એ દીર્ઘકાલીન અને ચિરંજીવ હોય છે. આથી વિદ્યાર્થીઓને લેખનનાં વિવિધ સ્વરૂપોનું શિક્ષણ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ આપવું જોઈએ. વર્તમાન પરિસ્થિતિમાં શાળાકક્ષાએ રચનાનાં વિવિધ સ્વરૂપોનું શિક્ષણ અસરકારક રીતે જણાવતાં આવડતું નથી. તેના-પ્રત્યે ઉદાસીનતા જોવામાં આવે છે. રચના શિક્ષણમાં નિબંધ, વાર્તાલેખન, પત્રલેખન, અહેવાલ લેખન વિચાર, સાર લેખન વગેરેનો સમાવેશ થાય છે. આ બધાં સ્વરૂપોનું યોગ્ય પદ્ધતિઓ દ્વારા આયોજન પૂર્વક શિક્ષણ આપવું જોઈએ. તો જ વિદ્યાર્થીની લેખિત અભિવ્યક્તિનો ઉચિત રીતે વિકાસ થઈ શકે.

વિદ્યાર્થીઓને વિવિધ રચનાસ્વરૂપોનું શિક્ષણ એવી રીતે આપવું જોઈએ કે જેથી તેમની સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય. તેઓ મૌલિક રીતે, વિચારોને તર્કબદ્ધ રીતે રજૂ કરી શકે. આ માટે વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ, તર્કશક્તિ, ચિંતનાત્મકતા વગેરેનો વિકાસ આવશ્યક છે. શિક્ષકોએ યોગ્ય રીતે ચિંતન કરીને વિદ્યાર્થીઓને મૌખિક સર્જન કરવાં પ્રેરવા જોઈએ.

## 12.13 સ્વાધ્યાય

(1) રચના શિક્ષણનું મહત્ત્વ જણાવો.

(2) લેખન-રચના શિક્ષણનાં મહત્ત્વ ઉદ્દેશો જણાવો.

(3) નિબંધ લેખન વખતે તમે કઈ બાબતો ધ્યાનમાં રાખશો ?

(4) વિચાર વિસ્તારનું શિક્ષણ તમે કેવી રીતે આપશો ?

(5) અહેવાલ લેખનમાં ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

(6) લેખન તપાસણી વખતે તમે કઈ બાબતોની કાળજી રાખશો.

## 12.14 ચર્ચા માટેના મુદ્દાઓ

(1) "શાળાઓમાં નિબંધ લેખન એક ક્રિયાકાંડ બની ગયો છે." પ્રસ્તુત વિધાનની યથાર્થતા તપાસો.

(2) "શાળાઓમાં રચના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓની મૌલિક સર્જનશક્તિનો જોઈએ તેટલો વિકાસ થતો નથી." પ્રસ્તુત વિધાન સાથે આપની સંમતિ, અસંમતિની ત્રણ દલીલો આપો.

(3) વિદ્યાર્થીઓની લેખિત અભિવ્યક્તિ સક્ષમ બનાવવામાં શિક્ષકની ભૂમિકાની ચર્ચા કરો.

## 12.15 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. વાળંદ અને બ્રહ્મભટ્ટ માતૃભાષામાં સર્જનાત્મક અભિવ્યક્તિ, પ્રથમ આવૃત્તિ, શ્રી.વી.ડી.શાહ કૉલેજ ઓફ એજ્યુકેશન, 1972
2. ત્રિવેદી આર.એસ.લેખિત અભિવ્યક્તિ એફ અભ્યાસ, ગુજરાત સેકન્ડરી સ્કૂલ સર્ટિ બોર્ડ, વડોદરા અને એમ.બી.પટેલ કૉલેજ ઓફ એજ્ય, વલ્લભવિદ્યાનગર, 1969
3. આકુવાલા, સી.કે.જોડણી શિક્ષણ, ભારત પ્રકાશન, અમદાવાદ, 1966
4. દેસાઈ ધંનવન્ત, ગુજરાતી અધ્યાપન નવા પ્રવાહો, એ.આર.શેઠની કંપની, મુબંઈ, પ્રથમ આવૃત્તિ 1961.


## 12.16 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**(1) તમારી પ્રગતિ ચકાસો - 1**

(1) જુઓ 4.2

(2) 4.3

(3) 4.4

**(2) તમારી પ્રગતિ ચકાસો - 2**

(1) જુઓ 4.6

(2) જુઓ 4.7

(3) જુઓ 4.8

**(3) તમારી પ્રગતિ ચકાસો - 3**

(1) જુઓ 4.10.1 (1)

(2) જુઓ 4.10.1 (3)

(3) જુઓ 4.10.1 (4)

(4) જુઓ 4.10.2 (3)

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ES-116
# ગુજરાતીનું શિક્ષણ
# (Teaching of Gujarati)

વિભાગ

# 4

## માતૃભાષાની આનુષંગિક બાબતો

એકમ-13 માતૃભાષા શિક્ષણનાં દૃશ્ય, શ્રાવ્ય ઉપકરણો

એકમ-14 માતૃભાષા શિક્ષણની સામગ્રી

એકમ-15 માતૃભાષા શિક્ષણમાં મૂલ્યાંકન

એકમ-16 માતૃભાષા શિક્ષણમાં નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય

એકમ-17 અન્ય આનુષંગિક બાબતો

# ES-116, ગુજરાતીનું શિક્ષણ (વિભાગ-4)


| લેખક | |
|---|---|
| **ડૉ. રમેશ એમ. પટેલ** | એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. રણજીતસિંહ પવાર** | શ્રી સી. એચ. શાહ મૈત્રી,<br>વિદ્યાપીઠ મહિલા કૉલેજ ઑફ એજ્યુકેશન,<br>માનસ મંદિર, સુરેન્દ્રનગર |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. રાકેશભાઈ પટેલ** | પ્રકાશ કૉલેજ ઓફ એજ્યુકેશન, અમદાવાદ. |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર)<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.<br>અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.<br>અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 600
દ્વિતીય આવૃત્તિ-2020, **નકલ :** 180
તૃતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-130-1**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-116 ગુજરાતીનું શિક્ષણ (Teaching of Gujarati)

**વિભાગ-1 ભાષા, શિક્ષણ અને ગુજરાતીનું શિક્ષણ**

એકમ-1 ભાષા સંકલ્પના અને મહત્ત્વ

એકમ-2 ભાષા સ્વરૂપ અને વિકાસ

એકમ-3 માતૃભાષા, પરિભાષા, મહત્ત્વ અને શિક્ષણ

એકમ-4 માતૃભાષા શિક્ષણનાં હેતુઓ

એકમ-5 માતૃભાષા શિક્ષણનું આયોજન

**વિભાગ-2 માતૃભાષા શિક્ષણનાં કૌશલ્યો, અધ્યાપન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ**

એકમ-6 માતૃભાષા શિક્ષણનાં કૌશલ્યો

એકમ-7 માતૃભાષા શિક્ષણની પદ્ધતિઓ

એકમ-8 માતૃભાષા શિક્ષણની પ્રયુક્તિઓ

**વિભાગ-3 માતૃભાષાનાં વિવિધ પાસાંઓનું શિક્ષણ**

એકમ-9 ગદ્યનું શિક્ષણ

એકમ-10 પદ્યનું શિક્ષણ

એકમ-11 વ્યાકરણનું શિક્ષણ

એકમ-12 લેખન અને રચનાનું શિક્ષણ

**વિભાગ-4 માતૃભાષાની આનુષંગિક બાબતો**

એકમ-13 માતૃભાષા શિક્ષણનાં દૃશ્ય, શ્રાવ્ય ઉપકરણો

એકમ-14 માતૃભાષા શિક્ષણની સામગ્રી

એકમ-15 માતૃભાષા શિક્ષણમાં મૂલ્યાંકન

એકમ-16 માતૃભાષા શિક્ષણમાં નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય

એકમ-17 અન્ય આનુષંગિક બાબતો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાંની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવાં માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવાંમાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણનાં જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવાં માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમા, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવાંમાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણનાં ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણનાં વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાંનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત, શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાંનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવાંમાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

# એકમ 13 માતૃભાષા શિક્ષણનાં દૃશ્ય શ્રાવ્ય ઉપકરણો

## : રૂપરેખા :

**13.0** ઉદ્દેશો

**13.1** પ્રસ્તાવના

**13.2** દૃશ્ય શ્રાવ્ય સાધનોનું મહત્ત્વ

**13.3** ઉપકરણોની કાળજી

**13.4** ઉપકરણોની મર્યાદાઓ

**13.5** દૃષ્ટિગમ્ય સાધનો

- **13.5.1** ચિત્રો
- **13.5.2** ભીંતપત્રો
- **13.5.3** ફલેનલ કટ્સ
- **13.5.4** ચાર્ટ્સ
- **13.5.5** ફલેશ કાર્ડ
- **13.5.6** ચૉક બોર્ડ

**13.6** શ્રુતિગમ્ય સાધનો

- **13.6.1** ટેપરેકોર્ડર
- **13.6.2** મોબાઈલ

**13.7** દૃષ્ટિગમ્ય અને શ્રુતિગમ્ય સાધનો

- **13.7.1** ફિલ્મ
- **13.7.2** ટેલિવિઝન
- **13.7.3** કમ્પ્યૂટર

**13.8** તમારી પ્રગતિ ચકાસો

**13.9** સારાંશ

**13.10** સ્વાધ્યાય

**13.11** ચર્ચા માટેના મુદ્દાઓ

**13.12** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 13.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે

- એકમનો પરિચય મેળવી શકશો
- માતૃભાષાના શિક્ષણમાં શૈક્ષણિક સાધનોનું મહત્ત્વ સમજી શકશો.
- માતૃભાષા શિક્ષણનાં ઉપકરણોની લાક્ષણિકતાઓ જાણી શકશો.
- માતૃભાષા શિક્ષણની દૃષ્ટિગમ્ય અને શ્રુતિગમ્ય ઉપકરણો વિશે જાણી શકશો.
- માતૃભાષા શિક્ષણનાં ઉપકરણોની વિવિધ ઉપયોગો જાણી શકશો.

## 13.1 પ્રસ્તાવના

શિક્ષણની પ્રકિયા શિક્ષકકેન્દ્રી કે વસ્તુકેન્દ્ર ન બની રહેતાં વિદ્યાર્થીકેન્દ્રી બનાવી જોઈએ. આજે આપણે જોઈએ છીએ કે વર્ગખંડોમાં શિક્ષકોનું જ પ્રભુત્વ જોવા મળે છે. આમ થવાથી વિદ્યાર્થીઓ મોટેભાગે નિષ્ક્રિય શ્રોતા બનીને જ બેસી રહે છે. અધ્યાપન પ્રક્રિયામાં વિદ્યાર્થી જેટલો સક્રિય રહે તેટલો અધ્યાપન તેજસ્વી અને અસરકારક બને છે. તેમજ વિદ્યાર્થીની આંતરિક શક્તિ વિકસે છે.

કોઈપણ વિષયમાં શિક્ષણનાં સાધનોનું મહત્ત્વ ઓછું આંકી શકાય નહી. સાધનોની મદદ વડે જ શિક્ષણ કાર્ય ઝડપી અને અસરકારક બને છે.

માતૃભાષામાં શિક્ષણમાં પણ દ્દષ્ટિગમ્ય અને શ્રુતિગમ્ય સાધનો ઉપકારક નિવડે જ છે જ્યારે બાળક શાળાએ આવે છે ત્યારે તે શ્રવણકૌશલ્ય અને કથનકૌશલ્ય કેટલેક અંશે શીખીને આવ્યું હોય છે. પણ તે તો વ્યવહાર પૂરતું  જ હોય છે. બાકીનું ગુણાત્મક શિક્ષણકાર્ય તો બાકી જ રહે છે. જ્યારે લેખન વાચન કૌશલ્યમાં તો શાળાએ જ શરૂઆત કરવાંની જ હોય છે. આ માટે શાળાએ જ માતૃભાષાનું શિક્ષણ શક્ય હોય તેટલું વધુમાં વધુ શ્રુતિગમ્ય અને દ્દષ્ટિગમ્ય બનાવવું જોઈએ તો જ બાળકો શીખવાના કાર્યમાં ચોક્કસ મદદરૂપ બની શકે.

પ્રસ્તુત એકમમાં આપણ દશ્ય શ્રાવ્ય ઉપકરણોનું મહત્ત્વ, મર્યાદાઓ અને કાળજી વિશે અભ્યાસ કરીશું.

## 13.2 દશ્ય શ્રાવ્ય સાધનોનું મહત્ત્વ

સામ્પ્રત સમયની માંગ એ છે કે શિક્ષણની પ્રક્રિયા અધ્યેતાકેન્દ્રી અનુભવકેન્દ્રી અને પ્રવૃત્તિકેન્દ્રી બને. આ દ્દષ્ટિએ શૈક્ષણિક સાધનોનું ઉપયોજન શિક્ષણનાં સ્તરને ઊંચું લાવવામાં કેટલે અંશે મહત્ત્વ ધરાવે છે તે જોવું જોઈએ. એડગર ડેઈલના મતે રોજિંદા શિક્ષણ દરમિયાન  શિક્ષક શીખવે છે જ્યારે દશ્ય શ્રાવ્ય સાધન દ્વારા બાળક જાતે અધ્યયન કરે છે. દશ્ય શ્રાવ્ય સાધન દ્વારા કરેલું અધ્યયન રોજબરોજના જીવંત અનુભવો તુરત જ ત્વરિત રીતે પૂરો પાડે છે.

- ઈન્દ્રિયગમ્ય અનુભવોને કારણે શિક્ષકમાં વૈવિધ્ય આવે છે.
- અદ્યતન માહિતી પ્રાપ્ય બનતાં જ્ઞાનની ઊંડાઈ પ્રાપ્ત થાય છે.
- ઉપકરણોના ઉપયોગથી એક કરતાં વધારે જ્ઞાનેન્દ્રિયો સક્રિય બને છે. આથી અનુભવોની છાપ ધેરી અને સમૃદ્ધ બનતાં શિક્ષણ કાયમી બને છે.
- અધ્યેતાની કલ્પના શક્તિ, તર્કશક્તિ, વિચારશક્તિ, ગ્રહણશક્તિ, અર્થઘટન શક્તિ, વિકસાવવી જોઈએ.
- વર્ગમાં વધતી સંખ્યાને ઉપકરણ દ્વારા ન્યાય આપી શકાય છે.
- વૈશ્વિકસ્તરે પૂર્વઆયોજિત કે આકસ્મિક રીતે સર્જાતાં બનાવોને બતાવી શકાય છે.
- કેટલીક ક્રિયાઓ ઝડપી કે ધીમી હોય છે. તેને નિયંત્રિત કરીને દર્શાવી શકાય છે.
- જોખમી ઘટનાઓ કે હિંસક પ્રાણીઓનો ખૂબજ સહજતાથી પરોક્ષ અનુભવ આપી શકાય છે.
- અત્યંત આધુનિક ટેકનોલોજી (એનિમેશન) દ્વારા કાવ્ય કે પાઠને ફિલ્માવી શકાય છે.
- શૈક્ષણિક ઉપકરણોથી અધ્યેતાને પ્રત્યક્ષ અને પરોક્ષ અનુભવ મળતાં સરળતાથી જ્ઞાનપ્રાપ્તિ થાય છે. તેથી શિક્ષકનું કથન ઘટે છે.
- ઉપકરણો જિજ્ઞાસા, રસ પેદા કરી નવા અધ્યયન માટે પ્રવૃત્તિની પ્રેરણા આપે છે.
- પ્રત્યક્ષીકરણ અને ખ્યાલીકરણ સ્પષ્ટ બને છે.
- સાધનોની રચના કરવાનું કૌશલ્ય વિકસે છે.
- એનિમેશન દ્વારા ભૂતકાળની ઘટનાઓની સાથે સાથે ભાવિ શક્યતાઓ, યોજનાઓ, પ્રોજેક્ટો અને રચનાઓનો આબેહૂબ  ચિતાર આપી ભાવિ અસરો વિશે પણ દર્શાવી શકાય છે.

- અધ્યેતાની એકાગ્રતા વધતાં શિક્ષણ ભારરૂપ બનતું નથી.

## 13.3 ઉપકરણોની કાળજી

શિક્ષક વર્ગમાં ઉપકરણો બતાવી દે તેથી ઉપકરણોનો ઉપયોગ કર્યો કહેવાતો નથી. ઉપકરણો વર્ગમાં ફક્ત બતાવી દેવાના નથી. પરંતુ તેના ફાયદાયી ઉપયોગ કરવાંથી અર્થ સરે છે. આ માટે શિક્ષકે કેટલીક કાળજી રાખવાની હોય છે.

- ઉપકરણોની રજૂઆત યોગ્ય સ્થળે થવી જોઈએ. બધા વિદ્યાર્થીઓ જોઈ શકે અથવા સાંભળી શકે તે પ્રમાણે ગોઠવણી કરવી જોઈએ. જેથી ઉપકરણોનો વ્યવસ્થિત ઉપયોગ કરી શકાય
- ધ્વનિયુક્ત સાધનોના સંચાલનમાં ખાસ કાળજી રાખવી જોઈએ.
- ઉપકરણોના ઉપયોગ દરમ્યાન પ્રશ્નોત્તરી અને ચર્ચાને સ્થાન આપવું જોઈએ.
- ઉપકરણોમાં શું નિહાળવાનું છે ? શું સાંભળવાનું છે? ઉપકરણોના ઉપયોગ સમયે અને પછીની પ્રવૃત્તિ શું હશે?

  તેની સૂચના પ્રથમથી જ આપી દેવી જોઈએ જેથી વિદ્યાર્થી ધ્યાનથી નિહાળે કે સાંભળે અને જરૂરી મુદ્દાઓ નોંધે.
- ઉપયોગમાં લેવાનાં સાધનની ચકાસણી તથા પૂર્વાલોકન કરી લેવું.
- વર્ગખંડમાં ઉપકરણ શિક્ષણનાં ક્યા તબક્કે અને કેટલા સમય માટે ઉપયોગમાં લેવાનું છે તે પ્રથમ જ નક્કી કરી લેવું.
- વિદ્યાર્થીઓની સહભાગીદારી અને એકાગ્રતા વધે તેની કાળજી રાખવી.
- નાનાં સાધનો હોય તો વ્યક્તિગત કે મોટા સ્વરૂપમાં કરીને બતાવી શકાય. દા.ત, ઓવરહેડ પ્રોજેક્ટર દ્વારા મોટા સ્વરૂપમાં બતાવી શકાય છે.
- એકી સાથે ઘણા બધાં સાધનો ઉપયોગમાં ન લેવાં જોઈએ.
- તમે કેવા સાધનનો ઉપયોગ કરો છો તે પ્રમાણે વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા વિચારી લેવી જોઈએ.
- ઉપકરણમાં વર્ગમાં ઉપયોગ કરતાં પહેલાં તેનું ચોક્કસ આયોજન કરી લેવું.

## 13.4 ઉપકરણોની મર્યાદાઓ

ઉપકરણ એ વર્ગ શિક્ષણમાં અસરકારક સાધન છે પણ આ ઉપકરણોની કેટલીક મર્યાદાઓ પણ જોવા મળે છે.હજુ આપણે ચોક અને ટોકની બહાર આવ્યા નથી તો ક્યાંક આર્થિક અને ભૌતિક પ્રતિકૂળતા જોવા મળે છે

- શાળાઓમાં શૈક્ષણિક ઉપકરણોની જાળવણી અને ઉપયોગ માટેની વ્યવસ્થા હોતી નથી.
- કેટલાંક સાધનો મોંઘા અને ખર્ચાળ હોવાંથી દરેક સંસ્થાને વસાવવાનું પોષાતું નથી.
- વીજ પ્રવાહ બંધ હોય ત્યારે કેટલાંક ઉપકરણો ઉપયોગમાં લઈ શકાતાં નથી. તો ક્યારેક વર્ગમાં ઉપકરણ ઉપર શિક્ષણ આપવાનું ચાલું હોય ત્યારે અચાનક વીજપ્રવાહ બંધ થવાથી પણ સાધનો બગડી જાય છે.
- અભ્યાસક્રમોના દરેક એકમ માટે ઉપકરણો પ્રાપ્ત થતાં પણ નથી.
- ઉપકરણોથી પરોક્ષ અનુભવ આપી શકાય છે. પ્રત્યક્ષ નહીં.
- કેટલાંક મોંઘા ઉપકરણો બગડી જાય છે ત્યારે તેનો ખર્ચ પરવડે તેવો હોતો નથી ક્યારેક બગડેલાં કે તૂટી ગયેલા સ્પેરપાર્ટ બજારમાં મળતાં પણ નથી.
- અભ્યાસક્રમમાંને પૂર્ણ કરવામાં મુશ્કેલી પડે છે.

- જો ભાષા ખંડ ન હોય તો વર્ગમાં સાધનો લઈ જવા અને લાવવા તથા તેના ઉપયોગમાં સમય વધુ જાય છે.
- બધા જ શિક્ષકો સાધનોના ઉપયોગ માટે તત્પરતાં કે ઉત્સાહ ધરાવતાં નથી. વળી સાધનોના ઉપયોગ અંગેની કુશળતા બધા શિક્ષકમાં હોતી નથી.
- કેટલાંક સાધનોના ઉપયોગ સમયે શિસ્તનો પ્રશ્ન ઊભો થાય છે.
- શૈક્ષણિક કાર્યના નિશ્ચિત આયોજનો અભાવ હોવાંથી શૈક્ષણિક ઉપકરણો અંગે ઉપેક્ષા સેવાય છે.
- સ્વનિર્મિત સાધનો તૈયાર કરવામાં કે કરાવવામાં શિક્ષકનો ઉત્સાહ જોવા મળતો નથી.

**ઉપકરણોના પ્રકાર**

| **દૃષ્ટિગમ્ય સાધનો** | | **શ્રુતિગમ્ય સાધનો** | |
|---|---|---|---|
| 1 | ચિત્રો | 1 | ટેપ રેકોર્ડર / ડી.વી.ડી પ્લેયર |
| 2 | ભીંતપત્રો | 2 | મોબાઈલ |
| 3 | ફ્લેનલ કટ્સ | | |
| 4 | ચાર્ટ્સ | | |
| 5 | ફ્લેશકાર્ડ | | |
| 6 | ચૉક બોર્ડ | | |

**દૃષ્ટિગમ્ય અને શ્રુતિગમ્ય સાધનો**

1 ફિલ્મ

2 ટેલિવિઝન

3 ભાષા-પ્રયોગશાળા

4 કમ્પ્યૂટર

## 13.5 દૃષ્ટિગમ્ય સાધનો

ભાષા શિક્ષણમાં દૃશ્ય શ્રાવ્ય સાધનોનો વિચાર કરીએ તો તેમાં ત્રણ વિભાગો પાડી શકાયઃ- દૃષ્ટિગમ્ય સાધનો, શ્રુતિગમ્ય સાધનો અને દૃષ્ટિગમ્ય - શ્રુતિગમ્ય સાધનો. સાધનોમાં ચિત્રો, ભીંતપત્રો, ચાર્ટ્સ, ટેપરેકોર્ડર, લિંગ્વાફોન રેકર્ડઝ, રેડિઓ, ફિલ્મ, ટેલિવિઝન, ભાષા પ્રયોગશાળા વગેરેનો સમાવેશ થાય છે.

### 13.5.1 ચિત્રો

**મહત્ત્વ**

પ્રાથમિક કક્ષાના બાળકોને લેખનકાર્ય કરવામાં ચિત્રો ખૂબ ઉપયોગી બને છે. વર્ગ સમક્ષ કોઈ પ્રકૃતિ કે પ્રસંગ ચિત્ર મૂકી બાળકોને તેનું વર્ણન કરવાં આપી શકાય છે.

- બાળકોને મૂળાક્ષરોનો પરિચય ચિત્રો દ્વારા વધુ સારી રીતે કરાવી શકાય. દા.ત., ક કમળનું ચિત્ર, વર્ગમાં પાંચ-છ ચિત્રોની હારમાળા વર્ગમાં રજૂ કરી તેને આધારે વિદ્યાર્થીઓને વાર્તા લખવાનું કહી શકાય.
- પાઠ્યપુસ્તકના કેટલાંક પાઠો વર્ગ શિક્ષણમાં શીખવતી વખતે પાઠોનું ઉચિત વાતાવરણ સર્જવામાં ચિત્રો સહાયરૂપ થાય છે.
- ચિત્રો અમૂર્ત તરફથી મૂર્ત તરફ લઈ જાય છે. દૂરને નજીક બનાવે છે અને કઠિનને સરળ બનાવે છે.

- ચિત્રો દ્વારા વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા વધે છે.
- અમૂક બાબતો શબ્દોમાં સ્પષ્ટ થતી નથી તે ચિત્રો દ્વારા તરત જ સ્પષ્ટ થાય છે.
- વિદ્યાર્થીઓમાં ચિત્રો સંગ્રહ કરવાનું વલણ કેળવાય છે.
- ચિત્રો દ્વારા વિદ્યાર્થીમાં કલાની સૂઝ કેળવાય છે.
- કવિની કલ્પના સમજાવવામાં ચિત્ર ઘણી વાર ખૂબ મદદરૂપ બને છે. દા.ત., ગ્રામ્યમાતા કાવ્યમાં આવતું શેરડીના ખેતરમાં પ્રભાતનું વર્ણન.

**કાળજી**

- મૂળભૂત સ્ત્રોત દ્વારા પ્રાપ્ત થયેલાં ચિત્રોના ઉપયોગ કરવો જોઈએ.
- જે એકમ શીખવતાં હોઈએ તે જ એકમને અનુરૂપ ચિત્રો હોવાં જોઈએ.
- એકમના હેતુઓને સિદ્ધ કરતા ચિત્રો હોવાં જોઈએ.
- ચિત્રો વિદ્યાર્થીઓની સમયે ચિત્રને જોવા માટે અને સમજવા માટે વિદ્યાર્થીઓને પૂરતો સમય આપવો જોઈએ.
- ચિત્રો શક્ય હોય ત્યાં સુધી વજનમાં હલકાં હોવાં જોઈએ.
- એક તાસમાં વધુ પડતાં ચિત્રો બતાવવા નહી.
- ચિત્રોની જાળવણી માટે વિશેષ વ્યવસ્થા હોવી જોઈએ.
- ચિત્રોમાં શું જોવાનું છે તેનુ માર્ગ દર્શન પૂરું પાડવું જોઈએ.

**મર્યાદાઓ**

- ચિત્રો વર્ગખંડમાં ઉપકારક હોવાં છતાં કેટલીક મર્યાદાઓ પણ છે.
- ચિત્રો સરળતાથી મળી શકતાં નથી.
- કેટલાંક ચિત્રો હોતાં જ નથી. દા.ત., જૂનું ઘર ખાલી કરતાં-આવા કાવ્યનાં ચિત્રો તૈયાર કરાવવાં પડે છે.
- ચિત્રો તૈયાર કરવવાનો ખર્ચ વધી જાય છે.
- ગામડાંઓમાં ચિત્રો તૈયાર લેવાનાં કે બનાવવામાં મુશ્કેલ બને છે.
- જો શિક્ષક પોતે જ ચિત્રો કેવી રીતે વર્ગ વ્યવહારમાં બતાવ્યા તે જાણતો ન હોય તો પણ ચિત્રદર્શન અસરકારક બનતું નથી.

## 13.5.2 ભીંતપત્ર

**મહત્ત્વ**

અનૌપચારિક અધ્યયન અને પૂરક સામગ્રીની પ્રાપ્તિ માટે ભીંતપત્ર ખૂબ જ અસરકારક અને મહત્ત્વનું ઉપયોગી શૈક્ષણિક સાધન છે આવા શૈક્ષણિક સાધનનાં ઉપયોગથી શિક્ષકો અને અસાધારણ ઉપયોગિતા ધરાવતું અસાધારણ સાધન છે.

- બાળકોમાં સાહિત્યની અભિરૂચિ કેળવવામાં ખૂબ ઉપયોગી બને છે.
- વર્ગશિક્ષણનાં પોષણ, પૂર્તિ, વિસ્તરણ માટે ખૂબ ઉપયોગી બને છે.
- વિદ્યાર્થીઓ ચિત્રો, ફોટોગ્રાફ્સ, આલેખ, સારણી, કાવ્યો, વાર્તાઓ લેખો કે ક સ્વરચિત રચનાઓ વગેરે ભીંત પર આ ઉપયોગી બને છે.

**કાળજી**

ભીંતપત્રનો ઉપયોગ કરવામાં કેટલીક કાળજી રાખવી જરૂરી છે.

- ભીંતપત્રો પર રજૂ થયેલાં ચિત્રો, માહિતી કે સમાચારો સમયાન્તરે બદલતાં રહેવાં જોઈએ.

ભીંતપત્રની પ્રવૃત્તિમાં શિક્ષકે એકલાં હાથે કામ ન કરતાં વિદ્યાર્થીઓને પ્રવૃત્તિમાં સામેલ રાખવા જેથી વિદ્યાર્થીમાં રહેલી શક્તિ વિકસે.

- ભીંતપત્ર પર રજૂ થતી સામગ્રી હેતપૂર્ણ હોવી જોઈએ. જે હેતુ સિદ્ધ કરવાંનો હોય તે હેતુના સંદર્ભમાં જ સામગ્રી હેતુપૂર્ણ હોવી જોઈએ. કઈ સામગ્રી ક્યારે, કેવી રીતે, ક્યા સ્વરૂપમાં, ક્યા ક્રમમાં રજૂ કરવી છે તેનો ખ્યાલ વિચાર કરી લેવો જોઈએ.
- ભીંતપત્ર પર પ્રકાશની અસર અને ભીંતપત્ર પર વાપરેલ કાપડના રંગની અસરનો ખ્યાલ રાખવો જોઈએ.

**મર્યાદાઓ**

- ભીંતપત્રની સારી બાબતો છે તેમ તેની કેટલીક મર્યાદાઓ પણ જોવા મળે છે. જે નીચે મુજબ છે.
- ભીંતપત્ર પર જે માહિતી મૂકવામાં આવે છે તે પ્રમાણભૂત કે વિશ્વસનીય ન હોય તો વિદ્યાર્થીને સાચી માહિતી મળતી નથી.
- ચિત્રો મૂકવાની એકસૂત્રતા ન હોય તો પણ વિદ્યાર્થીઓને અવલોકન કરવામાં કે સમજવામાં મુશ્કેલી ઊભી થાય છે.
- ભીંતપત્રની સાઈઝ એક સરખી રહેતી નથી.
- અમુક શાળાઓમાં હવા-ઉજાસ વાળી જગ્યાના અભાવનાં કારણે ભીંતપત્રો મૂકી શકાતાં નથી.
- ભીંતપત્ર બાબતે જો શિક્ષક જ નીરસ હોય તો યોગ્ય ઉપયોગ થઈ શકતો નથી.

**13.5.3 ફલેનલકટ્સ**

ફલેનલબોર્ડ કે ફેલ્ટ બોર્ડની રચના લાકડાના પાટિયા પર કે પ્લાયવૂડના પાટિયા પર ફલેનલ કે ફેલ્ટ પ્રકારના કાપડ જોઈએ તો આ બોર્ડ બુલેટિન પ્રકારનું જ બોર્ડ હોય છે. પણ તેના પર રજૂ કરવાંની સામગ્રીના માધ્યમમાં તફાવત હોય છે. આ બોર્ડ વર્ગખંડમાં દીવાલ પર રહી શકે અથવા સ્ટેન્ડ હોય તો ટેબલ પર પણ રહી શકે.

**મહત્ત્વ**

- શિક્ષણ ચિરંજીવી, કાયમી સરળ અને અસરકારક બને છે.
- વર્ગ શિક્ષણકાર્યમાં બ્લેક બોર્ડની જેમ ખૂબ ઉપયોગી છે.
- વાર્તા કે ચર્ચાના પ્રવાહ સાથે ઐક્ય સાધી શિક્ષણકાર્ય થઈ શકે છે.
- પાઠ્યપુસ્તકની ચિત્રાત્મક શૈલીવાળી કૃતિઓના અધ્યાપનમાં ફલેનલકટ્સનો સારો ઉપયોગ થઈ શકે.
- અનુમાન,તર્ક, પૃથક્કરણ, વર્ગીકરણ, વર્ણન, તારવણી કે આગાહી કરવાંની શક્તિઓ વિકસે છે.
- ફલેનલ બોર્ડ પર રજૂ કરવાંની વિગતો શિક્ષક અગાઉથી તૈયાર કરી શકે છે. તેથી શિક્ષણ કાર્ય દરમ્યાન તેનો વ્યવસ્થિત ઉપયોગ કરી સચોટ અસર ઉપજાવી શકે છે.
- વિદ્યાર્થીઓ ક્રિયા અને સર્જન દ્વારા શીખી શકે છે.
- શિક્ષણકાર્ય પૂર્ણ થતાં સામગ્રી ઉઠાવી લઈ શકાય છે. તેથી વિદ્યાર્થીઓ બેધ્યાન બનતા નથી.
- વ્યાકરણના વિભિન્ન વિષયાંગોના શિક્ષણમાં ખૂબ અસરકારક બને છે.

**કાળજી**

ફલેનલકટ્સ અંગે ધ્યાનમાં રાખવાની કેટલીક બાબતો નીચે મુજબ છે.

- ફલેનલ બોર્ડ ઉપર રજૂ કરવાંની કોઈ પણ સામગ્રી હેતુપૂર્ણ હોવી જોઈએ.
- ફલેન બોર્ડ ઉપર જે રજૂ થાય તે સામગ્રી એકમનો અનુરૂપ હોવી જોઈએ.
- ફલેનલકટ્સ પરનુ લખાણ સ્પષ્ટ અને વર્ગની છેલ્લી બેંચ સુધી જોઈ શકાય તેવા કલરથી લખાયેલું હોવું જોઈએ.
- ફલેનલકટ્સનો વર્ગમાં ઉપયોગ કરતી વખતે વિદ્યાર્થીઓની ભાગીદારી વધારવી.
- ફલેનલ બોર્ડ ઉપર જે સામગ્રી રજૂ થાય તે ક્રમિક અને સાતત્યપૂર્ણ હોવી જોઈએ.

**મર્યાદા**

ફલનલકટ્સની કાળજી રાખવા છતાં કેટલીક મર્યાદાઓ પણ રહેલી છે.

- જો ફલેનલકટ્સના લખાણમાં કે ચિત્રોમાં યોગ્ય કલરનો ઉપયોગ ન થયો હોય તો છેલ્લી બેન્ચ સુધી દેખાતું નથી.
- અક્ષરો કે ચિત્રો નાનાં હોય તો પણ જોવામાં મુશ્કેલી ઊભી થાય છે.
- ફલેનલકટ્સ સાચવવાની યોગ્ય વ્યવસ્થા ન હોય ત્યારે વર્ગશિક્ષણકાર્ય વખતે શોધાશોધ કરવી પડે છે અને સમયનો વ્યય થાય છે.
- ફલેનલકટ્સ થોડું ખર્ચાળ પણ હોય છે તેથી તેનો ઓછો ઉપયોગ થાય છે. વળી ગામડાઓમાં આવું કાપડ મળવાની ઓછી શક્યતા હોય છે તેથી ગામડાની શાળાઓમાં ઓછો ઉપયોગ થાય છે.
- કેટલાંક શિક્ષકોને ફલેનલકટ્સનો વર્ગશિક્ષણમાં ઉપયોગ કરવાંનો અનુભવ ન હોય એટલે વર્ગશિક્ષણ અસરકારક બનતું નથી.

### 13.5.4 ચાર્ટ્સ

ભાષાશિક્ષણમાં વિષય વસ્તુની રજૂઆત કરવાંની તરકીબો અલગ-અલગ હોય છે. કોઈ ચિત્રો દ્વારા, કોઈ આકૃતિઓ દ્વારા તો કોઈ આલેખ દ્વારા રજૂ કરતા હોય છે. ચાર્ટ એ કોઈ પણ વિષય મુદ્દાની તાર્કિક અને કમબદ્ધ રજૂઆત માટે ઓછું ખર્ચાળ અને છતાં એક અસરકારક શૈક્ષણિક ઉપકરણ છે. વ્યાકરણ શિક્ષણમાં આ ઉપકરણનો વધુ ઉપયોગ કરી શકાય છે. જેવાં કે પદ પ્રકાર, સમાસ પ્રકાર, સર્વનામના પ્રકાર તથા જોડણીના નિયમો વગેરે આકૃતિઓ દોરીને, આલેખો દોરીને કે ચિત્રો દોરીને બતાવી શકાય છે.

**મહત્ત્વ**

- માહિતી અત્યંત સંક્ષિપ્તમાં રજૂ કરી અસરકારકતા ઊભી કરી શકાય છે.
- વ્યાકરણ જેવા વિષયોમાં નિયમો, સિદ્ધાંતો, પ્રકારો વગેરેની દશ્ય રજૂઆત દ્વારા અસરકારક શિક્ષણકાર્યમાં સરળતા રહે છે.
- ગુજરાતી ભાષાના વિકાસક્રમની રજૂઆત કરવામાં ઉપયોગી થાય છે.
- સાહિત્ય સ્વરૂપોની તુલના કરવામાં ઉપયોગી છે.
- સાહિત્યકારોના પરિચયાત્મક ચાર્ટ્સ તૈયાર થઈ શકે છે.
- અમૂર્ત ખ્યાલો કે વિચારનોને મૂર્ત સ્વરૂપે રજૂ કરી શકાય છે.
- ચાર્ટ્સના ઉપયોગથી શિક્ષકનાં સમય અને શ્રમ બચે છે.
- પ્રતીકો દ્વારા માહિતી મેળવે છે, પ્રતીકોનું અર્થઘટન કરતાં શીખે છે.

**કાળજી**

- ચાર્ટ્સમાંના અક્ષરો સુવાચ્ય અને છેલ્લી બેંચ સુધી જોઈ શકાય તેવા હોવાં જોઈએ.
- વર્ગમાં જે એકમ ચલાવવા માગતા હોઈએ તે વિષયવસ્તુને અનુરૂપ હોવો જોઈએ.

- મધ્યવર્તી વિચાર વિદ્યાર્થીને સ્પષ્ટ સમજાવો જોઈએ.
- એકમની રજૂઆત યોગ્ય સમયે, ક્રમબદ્ધ અને પૂરતા સમય માટે કરવી જોઈએ.
- ચાર્ટ્સમાં વપરાયેલા રંગોની અસરકારકતા સ્પષ્ટ હોવી જોઈએ.
- ચાર્ટ્સની વિગતોના ક્રમ પ્રમાણે પ્રશ્નો પૂછવાનો ક્રમ પણ નક્કી કરી લેવો જોઈએ.
- ચાર્ટ્સનું કદ બધા વિદ્યાર્થીઓને દેખાય તેવું હોવું જોઈએ.
- ચાર્ટ્સ કા.પા.ને નડે નહીં તે રીતે યોગ્ય જગ્યાએ લટકાવવા જોઈએ.

**મર્યાદાઓ**

- ચાટ્ર્સનું જમાં પાસું છે તેમ ઉધાર પાસું પણ જોવા મળે છે જે નીચે મુજબ છે.
- ઘણીવાર ચાર્ટ્સની સાઈઝ એકસરખી રહેતી નથી તેથી નાનીસાઈઝના ચાર્ટ્સના કારણે વર્ગમાં પાછળ બેઠેલાં વિદ્યાર્થીઓ નિષ્ક્રિય બની જાય છે.
- ઘણીવાર એકમની રજૂઆત ક્રમબદ્ધ થતી ન હોવાંને કારણે પણ વિદ્યાર્થીઓને સમજવામાં તકલીફ પડે છે.
- ચાર્ટ્સ સાચવવાની વ્યવસ્થા ન હોય તો પણ સમય અને નાણાંનો વ્યય થાય છે.
- શિક્ષકની ચાર્ટ્સ વર્ગમાં લઈ જવાની નિષ્ક્રિયતા પણ ઘણીવાર વર્ગને નીરસ બનાવી દે છે.

### 13.5.5 ફ્લેશ કાર્ડ

નાનાં નાનાં કાર્ડ પર ચિત્રો અને લખાણ અંકિત કરેલું હોય છે. ફ્લેશકાર્ડની સાઈઝ સામાન્ય રીતે પોસ્ટકાર્ડ જેટલી હોય છે. જો કે પોસ્ટકાર્ડથી સાઈઝ નાની કે મોટી હોઈ શકે છે. આ કાર્ડ પર મૂળાક્ષરો, ચિત્રો કે એવું કઈક લખાણ લખેલું હોય છે. ચિત્રના નામની ચિઠ્ઠી જુદી પણ હોય અથવા ચિત્રની સાથે નીચેના કે ઉપરના ભાગમાં ચોંટાડેલી પણ હોય છે. આમ, આ અત્યંત સાદું શૈક્ષણિક સાધન છે.

**મહત્ત્વ**

- આ કાર્ડનો ઉપયોગ પ્રાથમિક શાળામાં વધુ અસરકારક બને છે. માતૃભાષાના વાચનના શિક્ષણમાં બાળકો ફ્લેશકાર્ડમાંના એક એક શબ્દને ખાલી જગામાં મૂકી આખું વાક્ય વાંચે છે. જેથી બાળકોને મઝા પડી જાય છે. ગમ્મત સાથે જ્ઞાન મળે છે.
- પદાર્થ-પરિચય કરાવવામાં આ કાર્ડ નાનાં બાળકોને ખૂબ ગમે છે.
- શબ્દરમત રમાડી શકાય છે અને તે દ્વારા શબ્દ ભંડોળની વૃદ્ધિ થાય છે.
- વ્યાકરણ શિક્ષણનું પુનરાવર્તન કરવામાં આ કાર્ડનો ઉપયોગ અસરકારક બને છે.
- ચિત્રો દ્વારા કલ્પના શક્તિ, તર્કશક્તિ અને વિચાર શક્તિ વિકસે છે.
- ફ્લેશકાર્ડના કારણે વિદ્યાર્થીઓની સક્રિયતા વધે છે તેમજ વર્ગનું વાતાવરણ જીવંત બને છે
- ફ્લેશકાર્ડ દ્વારા વિદ્યાર્થીઓ અવનવી માહિતી મેળવે છે.

**કાળજી**

- ફ્લેશકાર્ડનો ઉપયોગ હેતુસરનો હોવો જોઈએ.
- કાર્ડ બનાવીએ ત્યારે કલાત્મક અને આકર્ષક બનાવવું જોઈએ. જેથી વિદ્યાર્થીઓનું આકર્ષણ જળવાઈ રહે.
- કાર્ડની સાચવણી યોગ્ય રીતે થાય તેનું ધ્યાન રાખવું. આ માટે ખાસ બોક્ષની વ્યવસ્થા કરવી.
- કાર્ડ ઉપર ચોંડાડેલાં ચિત્રોથી કાર્ડની સુંદરતા ઘટવી ન જોઈએ.
- પ્રોજેક્ટ તરીકે વિદ્યાર્થીઓને આપેલાં કાર્ડની સાઈઝ તથા લખાણ અને તેનો કલર નક્કી કરીને જ આપવા.

- વર્ગશિક્ષણ દરમ્યાન વિદ્યાર્થીઓને આપેલ કાર્ડ ધ્યાનમાં રાખવાં જોઈએ કે ક્યા વિદ્યાર્થી પાસે ક્યું કાર્ડ છે. જેથી કાર્ડનો ઉપયોગ વ્યવસ્થિત કરી શકાય.

**મર્યાદાઓ**

આમ જોવા જઈએ તો ફ્લેશકાર્ડની કોઈ મર્યાદાઓ હોઈ શકે નહીં, છતાં એક-બે મર્યાદાઓ જોઈએ.- ફ્લેશકાર્ડની સાચવણી બરોબર ન હોય તો કાર્ડ ઝડપથી ખરાબ થવાની સંભાવના રહે છે.

- યોગ્ય કલર અને યોગ્ય કલરની કાર્ડ સીટનો ઉપયોગ બરાબર થયો ન હોય તો પણ આ સાધન નકામું બને છે.

### 13.5.6 ચૉક બોર્ડ

વર્ગખંડમાં માતૃભાષાના શિક્ષણ દરમ્યાન કા.પા. એ અતિ ઉપયોગી દૃષ્ટિગમ્ય સાધન છે. શિક્ષક વર્ગમાં શીખવતી વખતે ચૉકબોર્ડનો ઉપયોગ કરે છે. વર્ગમાં વિદ્યાર્થીઓ શિક્ષકને સાંભળે છે અને સાથે જ તે અંગે બોર્ડ પર કંઈક જુએ છે, વાંચે છે અને પોતાની નોટબુકમાં લખે છે, ત્યારે સાંભળવાનો, જોવાનો અને લખવાની ક્રિયાનો સમન્વય થાય છે.

ભાષાના શિક્ષણકાર્ય દરમિયાન અપરિચિત શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવતો, એકમના મુદ્દા પણ શિક્ષક કા.પા. પર નોંધે છે. જેથી વિદ્યાર્થીઓને અપરિચિત શબ્દોના અર્થ, રૂઢિપ્રયોગો, કહેવતોના અર્થ તેમજ એકમના મુદ્દાઓને સમજવામાં સરળતા રહે છે.

**મહત્ત્વ**

- વિષયવસ્તુનું સુદૃઢીકરણ કરાવવાનું સરળ રહે છે.
- વિષયવસ્તુની વિસ્તૃત સમજ આપવી હોય તો આપી શકાય છે.
- વિષયવસ્તુની સ્પષ્ટ સમજ આપવા ઉપયોગી છે. તેમજ કોઈ સંકલ્પના, વ્યાખ્યા કે નિયમની સમજ આપ્યા બાદ કા.પા. પર નોંધ કરવામાં આવે તો તેની વિશેષ સમજ વિદ્યાર્થીને મળે છે.
- વિષય વસ્તુની સમગ્ર છાપ ઉપસાવી વિદ્યાર્થીના મગજમાં સ્થિર કરી શકાય છે.
- વિષયવસ્તુના જે મુદ્દા પર ભાર મૂકવો હોય કે ધ્યાન કેન્દ્રિત કરવું હોય તો કરી શકાય છે.
- શિક્ષણકાર્યને અસરકારક અને દીર્ઘકાલીન બનાવે છે.
- ટૂંકમાં,ચૉકબોર્ડ એ માતૃભાષા શિક્ષણમાં અનિવાર્ય સાધન છે.

**કાળજી**

- ચૉકબોર્ડ યોગ્ય ઊંચાઈએ હોવું જોઈએ જેથી આખા બોર્ડનો પૂરેપૂરો ઉપયોગ કરી શકાય.
- દીવાલના 2/3 ભાગથી વધારે લાબું ન હોવું જોઈએ.
- બોર્ડની આસપાસ પૂરતો પ્રકાશ ગ્લેર (glair) ન પડે તેમ મેળવો જોઈએ.
- કા.પા.કાર્ય કરતી વખતે ચૉકનો અવાજ ન થાય તે રીતે લખવું.
- કા.પા. પર ભૂલો વગરનું લખાણ લખવું.
- વર્ગમાં પ્રવેશતાં જ કા.પા. પર દૃષ્ટિ કરી સાફ ન હોય તો સાફ કરી લેવું.
- કા.પા. પર અક્ષરો સુવાચ્ય, સ્પષ્ટ અને યોગ્ય કદવાળા હોવાં જોઈએ તેમજ અક્ષરો અને શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખવું.
- કા.પા. કાર્યનું લખાણ સીધી લીટીમાં અને બે લીટીઓ વચ્ચે યોગ્ય અંતર રાખવું.
- મુદ્દાઓ વચ્ચે ક્રમિકતા, સાતત્ય અને સંક્ષિપતા રાખવી.
- બોર્ડવાળી દીવાલ પર બારીઓ ન રાખવી તેમજ વર્ગની ટ્યુબ લાઈટો એવી રીતે ફીટ કરવી કે બોર્ડનું લખાણ સ્પષ્ટ જોઈ શકાય અને વાંચી શકાય.

- રંગીન ચોકનો વિવેકપૂર્ણ રીતે જ ઉપયોગ કરવો. તેમજ બોર્ડના રંગ પ્રમાણે ચોકના રંગો પસંદ કરવાં.
- શિક્ષકે કા.પા. કાર્ય કરી લીધા બાદ ખસી જવું. જેથી વિદ્યાર્થીઓ પોતાના નોટમાં કા.પા.નોંધ ઉતારી શકે.

**મર્યાદાઓ**

- બધા જ શિક્ષકોના સારા અક્ષરો ન હોવાંના કારણે ઘણી વખત શિક્ષક કા.પા. કાર્ય કરવાનું ટાળે છે.
- બોર્ડ પરનું લખાણ સીધી લીટીમાં કે બે લીટી વચ્ચેનું યોગ્ય અંતર ન હોય તેમજ અક્ષરો નાના મોટા થવાને કારણે વિદ્યાર્થીઓને વાંચવામાં તકલીફ પડે છે.
- ઘણી શાળાઓમાં બે બારીઓ વચ્ચે ચૉકબોર્ડ મૂકેલાં હોય છે. તેને કારણે બારીઓનો પ્રકાશ સીધો વિદ્યાર્થીઓની આંખોમાં આવતો હોવાંથી ચૉકબોર્ડ પરંતુ લખાણ સ્પષ્ટ વાંચી શકતા નથી.
- ખાસ કરીને પ્રાથમિક શાળામાં બાળકો શિક્ષકને આદર્શ માનતા હોય છે તેથી બોર્ડ પૂરતું ખોટું લખાણ પણ તેઓ સાચું માની લેતા હોય છે.

આમ, ચૉકબૉર્ડનું વર્ગમાં આગવું મહત્ત્વ છે તેમ તેની કેટલીક મર્યાદાઓ પણ છે.

## 13.6 શ્રુતિગમ્ય સાધનો

આપણે દષ્ટિગમ્ય સાધનો વિશે વિગતે અભ્યાસ કર્યો. દષ્ટિગમ્ય સાધનો માતૃભાષા શિક્ષણમાં કેવીરીતે ઉપકારક નીવડે છે અને તે કેટલાં અસરકારક બની શકે છે તેનો ખ્યાલ મેળવો. ભાષા શિક્ષણમાં માત્ર વાંચી શકાય તેવી શિક્ષણસામગ્રીને બદલે સાંભળી શકાય તેવી સામગ્રીની પણ આવશ્યકતા રહે છે.

આપણે દષ્ટિગમ્ય સાધનોમાં ચિત્રો, ભીંતપત્રો, ફ્લેનલકટ્સ, ફ્લેશકાર્ડ તથા ચૉકબૉર્ડનો અભ્યાસ કર્યો. તે દરેક સાધનને પોતપોતાનું આગવું મૂલ્ય છે. દષ્ટિગમ્ય સાધનોની જેમ શ્રાવ્ય સાધનોનો ઉપયોગપણ માતૃભાષા શિક્ષણમાં કરવામાં આવે છે. જેમાં ટેપ રેકોર્ડર, સી.ડી। ડી.વી.ડી પ્લેયર અને રેડિયો વગેરનો સમાવેશ થાય છે. આ સાધનો માતૃભાષામાં કઈ રીતે ઉપયોગ નીવડે છે તે આપણો જોઈએ.

### 13.6.1 ટેપરેકોર્ડર / ડી.વી.ડી. પ્લેયર

ટેપરેકોર્ડર એ મોટાભાગની શાળાઓમાં હાથવગું સાધન થઈ ગયું છે. સી.ડી. / ડી.વી.ડી પ્લેયર આવવાથી ટેપ રેકોર્ડરનો ઉપયોગ ઓછો થતો જાય છે. આમ છતાં, શિક્ષકો તેનો ઉપયોગ કરે છે. ટેપ રેકોર્ડર પર વ્યકિત પોતાનો અવાજ જાતે રેકર્ડ કરી તેને ફરીથી સાંભળી શકે છે. ટેપરેકોર્ડર એ બેટરી તથા વીજળીથી ચાલતું સાધન છે. તે દરેક સાઈઝમાં ઉપલબ્ધ હોઈ વાપરવામાં સુગમ પડે છે.

વર્ગ શિક્ષણમાં ઉપયોગી એવી કેટલીક બાબતો તેની ઉપર રેકર્ડ કરી લઈ બાળકોને સંભાળવામાં આવે તો તેમનો મજા પડે છે.

**મહત્ત્વ**

- આદર્શ વાચન, શ્રેષ્ઠ વક્તાનું પ્રવચન, નાટકનાં સંવાદો, કવિઓએ કે ગદ્યકારોએ કરેલાં વર્ણનો, ગીતો વગેરે સંભળાવી અસરકારક ભાષાશિક્ષણ કરી શકાય છે.
- એક જ ટેપ પર વારંવાર અવાજ નોંધી, તેમાં ભૂલ થઈ હોય તો તેને દૂર કરી શકાય છે.
- લાંબા સમયના કાર્યક્રમો પણ ટેપ રેકોર્ડરમાં કેસેટ પર મુદ્રિત કરી શકાય છે તથા નોંધી શકાય છે.
- જ્યારે જરૂરિયાત ઊભી થાય થાય ત્યારે મુદ્રિત કરેલાંનો ઉપયોગ ફરીથી કરી શકાય છે.
- આર્થિક દષ્ટિએ સસ્તુ અને ઉપયોગ કરવામાં પણ સરળ છે.

- ટેપ રેકોર્ડર / ડી.વી.ડી પ્લેયર અલગ અલગ સાઈઝનાં હોવાંથી તથા એક હાથે ઉપાડી શકાય તેવું હોવાંથી તેને એક જગ્યાએથી બીજી જગ્યા ઉપર લઈ જવામાં સરળ રહે છે.
- કેસેટ પરની વિગતો સાંભળતાં સાંભળતાં વચ્ચે ચર્ચા કરવાંની, પ્રશ્નો પૂછવાની અને પૂરક સામગ્રી પૂરી પાડવાની તક રહે છે.
- ધ્વનિમુદ્રિત વિગતો બિનજરૂરી લાગે કે જૂની લાગે ત્યારે તેને દૂર કરી નવી અદ્યતન વિગત તે જ કેસેટ પર ફરીથી ધ્વનિમુદ્રિત કરી શકાય છે. ડી.વી.ડી પ્લેયરમાં આ કાર્ય થતું નથી.
- શિક્ષણ રસપ્રદ અને અસરકારક બને છે. નવી અને પૂરક માહિતી આપવામાં સહાયક બને છે.
- પ્રોક્સી તાસમાં ઉપયોગ કરી શકાય છે.

**કાળજી**

- ટેપરેકોર્ડરનો ઉપયોગ કરવામાં કેટલીક બાબતોની કાળજી રાખવી જરૂરી છે.
- ટેપ કરેલ કાર્યક્રમોની રજૂઆત પહેલાં વિદ્યાર્થીઓની શીખવા અને સાંભળવા તત્પર કરવાં.
- શ્રવણ બાદ મહત્ત્વના મુદ્દાઓના સંદર્ભમાં ચર્ચા અને પ્રશ્નોત્તરી કરવી.
- ટેપરેકોર્ડરના ઉપયોગ બાબતે જરૂરી જ્ઞાન મેળવી લેવું.
- બે કે બેથી વધુ વ્યક્તિઓનો અવાજ ટેપ કરવાં સારી જાતનું વધારાનું માઈક્રોફોન જોડવું.
- આવાજ ટેપ કરતાં પહેલાં ટોન અને વોલ્યુમ ચેક કરી લેવાં.
- જે વિષયવસ્તુ આલેખિત કરવાંની હોય તેની પૂર્વ આયોજિત સ્ક્રિપ્ટ લખો અને તેની પ્રેકટિસ કર્યા બાદ જ ટેપ કરવું.
- કેસેટ ઉપર ટેપ કરવાનું કામ પૂરું થયા બાદ જરૂરી એડિટીંગ કાર્ય કરવાં તેને અકવાર ધ્યાનથી સાંભળવું.
- વર્ગમાં શ્રવણ સમયે વિદ્યાર્થીઓએ ક્યા મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જેવા છે તે અલગ તારવી લેવા જોઈએ અને વિદ્યાર્થીઓ તે મુદ્દાઓ ધ્યાનમાં રાખીને શ્રવણ કરે તેવી સૂચના આપવી.
- વીજપ્રવાહ ખોરવાઈ જાય ત્યારે ટેપરેકોર્ડરનો ઉપયોગ થઈ શકે તે માટે સેલની વ્યવસ્થા રાખવી.
- ટેપ કરેલ કાર્યક્રમોની પસંદગી વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસાર કરવી.
- રેકોર્ડિંગ કરવાનું હોય ત્યારે શાંત વાતાવરણમાં, પડઘા ન પડે તેવા રૂમમાં કરવું.

### 13.6.2 મોબાઈલ

વર્તમાનમાં મોબાઈલ સર્વ સુલભ સાધન બન્યું છે. સામાન્યમાં સામાન્ય વ્યક્તિ પાસે પણ હોય છે. સરળતાથી અવાજ રેકોર્ડ કરી શકાય છે.અને સાંભળીપણ શકાય છે. તેની સંગ્રહ શક્તિ પણ ખૂબ સારી હોય છે શિક્ષક અને વિદ્યાર્થી બંને તેનો ઉપયોગ ખૂબ પ્રભાવી રીતે કરી શકે છે.

**મહત્વ**

- વકતવ્યો, ગીતો, ભજનો, નાટકો સંભળાવી શકાય છે.
- વારંવાર, ગમે તેટલી વખત ઉપયોગ થઈ શકે છે.
- ખૂબ ઝડપથી અંદર રહેલી માહિતી શોધી શકાય છે.
- સ્પીકર સાથએ સરળતાથી જોડી મોટા સમૂહમાં સંભળાવી શકાય છે.
- આવાજ રેકોર્ડ કરવાંની પણ ખૂબ જ સરળતા છે.
- વિદ્યાર્થીને તેનું વાચન કે ગાન રેકોર્ડ કરી સંભળાવી શકાય છે.
- વર્તમાનમાં એન્ડ્રોઈડ મોબાઈલ દશ્ય-ગમ્ય સાધન તરીકે પણ ખૂબ જ ઉપયોગી છે.

- ઈન્ટરનેટ સાથે જોડાણ કરી વિશ્વભરની માહિતી સરળતાથી વર્ગખંડમાં ઉપસ્થિત કરી શકાય છે.
- એન્ડ્રોઈડ ફોનમાં એક બીજા પાસે થી માહિતીની આપ-લે પણ ખૂબજ ઝડપથી થાય છે.
- વૉટ્સએપ જેવા માધ્યમોનો ઉપયોગ કરી માહિતીનું વિસ્તરણ ખૂબ ઝડપથી કરી શકાય છે.
- બેટરીથી ચાલતું હોવાંના કારણે વીજળીના અવરોધો નડતા નથી.

**કાળજી**

- ઉપયોગમાં માર્યાદા જાળવવી પડે છે.
- સમય પર ચાર્જ કરી લેવો.
- વાયરસ ન આવે તેવી કાળજી રાખવી.
- ઝડપથી માહિતી મળે તે પ્રમાણે સંગ્રહ કરવો.

**મર્યાદા**

- વધુ ઉપયોગ નુકસાન કારક બને છે.
- બીનજરૂરી માહિતી સમય બગાડે છે.

## 13.7 દૃષ્ટિગમ્ય અને શ્રુતિગમ્ય સાધનો

આપણે અગાઉ જે સાધનો જોયા તે માત્ર દૃષ્ટિગમ્ય કે શ્રુતિગમ્ય સાધનો જોયા. આ વિભાગમાં આપણે દશ્ય-શ્રાવ્ય સંયુક્ત શૈક્ષણિક સાધનો વિશે અભ્યાસ કરવાંનો છે.

### 13.7.1 ફિલ્મ

ઘણીવાર માતૃભાષા શિક્ષણમાં ફિલ્મ બતાવવામાં આવે છે. નાનાં બાળકોને ફિલ્મ ગમે છે. તેથી જો ફિલ્મ દ્વારા શિક્ષણકાર્ય કરવામાં આવે તો તે લાંબાગાળાની અસરો મૂકી જાય છે. શાળામાં વાપરી શકાય તેવી ફિલ્મોના ચાર પ્રકાર પડે છે. (1) વિષય શિક્ષણને લગતી ફિલ્મ (2) દસ્તાવેજી ફિલ્મ (3) ધંધાકીય ફિલ્મ (4) રમૂજી ફિલ્મ

વિષયશિક્ષણને લગતી ફિલ્મો કેળવણી ખાતા તરફથી શાળામાં મોકલવામાં આવે છે. સરકાર તે ફિલ્મો બનાવવા જેતે વિષયના તજ્જ્ઞોની મદદ લેતી હોય છે. દસ્તાવેજી ફિલ્મો સામાજિક વિજ્ઞાન, સાહિત્ય, કળા, રમતો વગેરેની દસ્તાવેજી ફિલ્મો તૈયાર કરવામાં આવે છે. રમુજી ફિલ્મોમાં વિદ્યાર્થીઓને ખૂબ આનંદ આવે છે. તેની વિચારશક્તિ અને કલ્પનાશક્તિનો વિકાસ થાય છે.

**મહત્ત્વ**

- ફિલ્મ બતાવવાથી શિક્ષણ ઝડપી અને દીર્ઘકાલીન બનતું હોય છે. મૂળભૂત બાબતોનો વાસ્તવિક ખ્યાલ આપી શકાય છે. દા.ત., છપ્પનિયા દુકાળ વિશે વર્ગખંડમાં ભણાવવું છે તો પન્નાલાલ પટેલની નવલકથા માનવીની ભવાઈ, ઉપર બનેલ ફિલ્મ બતાવવાથી વિદ્યાર્થીઓને દુષ્કાળની ભયંકરતાનો વાસ્તવિક ખ્યાલ આવી શકે છે.
- ફિલ્મ બતાવવાથી શિક્ષણ સચોટ, રસિક, જીવંત અને વાસ્તવિક અને બહારની દુનિયાને વર્ગખંડમાં લાવી શકાય છે.
- ભૂતકાલીન અને વર્તમાન બનાવો દર્શાવી શકાય છે. એટલે કે દુર્લભ અનુભવો પૂરાં પાડે છે.
- વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન આપી સર્જનશીલતા, સૌંદર્ય ભાવના, રસ, જિજ્ઞાસાને પોષે છે.
- વિદ્યાર્થીઓને ફિલ્મ બતાવતી વખતે વચ્ચે વચ્ચે અટકાવીને સમજ આપી શકાય છે. ટી.વી.માં શક્ય નથી.

- સૂક્ષ્મ વસ્તુઓને મોટા સ્વરૂપમાં બતાવી શકાય છે. તેમજ અમૂર્ત ખ્યાલો અને સૌદ્ધાંતિક સંકલ્પનાઓ સમજાવવા માટે ઉપયોગી બને છે.

**કાળજી**

- ફિલ્મ સાથે સંકળાયેલી વિષયવસ્તુની પૂર્વભૂમિકા વિદ્યાર્થીઓ સમક્ષ સ્પષ્ટ કરવી.
- વિદ્યાર્થીઓને ફિલ્મ બતાવવાના એક કલાક પહેલાં અવલોકન માટેના મુદ્દાઓ આપી દેવા.
- ફિલ્મ કઈ દષ્ટિએ જોવાની છે તે ફિલ્મ બતાવતાં પહેલાં સમજાવવું દા.ત., મનોવૈજ્ઞાનિકની રીતે કે સામાજિક રીતે વગેરે.
- ફિલ્મ નિહાળતા વિદ્યાર્થીઓને ઉદ્ભવતા પ્રશ્નોની નોંધ કરવાં જણાવવું અને ફિલ્મ પૂર્ણ થયા બાદ તેની ચર્ચા કરવી. અને પૂરક માહિતી પૂરી પાડવી.
- ફિલ્મ બતાવતી વખતે વિદ્યાર્થીઓ અગવડતાઓ ન પડે તેની કાળજી લેવી.
- ફિલ્મની પસંદગી અભ્યાસક્રમને અનુરૂપ કરવી. તેમજ ફિલ્મ દર્શન પછી કરવાંના અનુકાર્યની યોગ્ય યોજના વિચારી રાખવી.

**મર્યાદાઓ**

- ફિલ્મો મેળવવી અઘરી પડે છે તેમજ બધા જ એકમો માટે ફિલ્મો પ્રાપ્ત થતી પણ નથી.
- ફિલ્મ ઓછામાં ઓછી અઢી કલાકની હોય છે તેથી તેના માટે તાસ ગોઠવવામાં પણ મુશ્કેલી પડે છે. વળી ફિલ્મ ચાલે ત્યાં સુધી શિક્ષક નિષ્ક્રિય રહે છે.
- ફિલ્મ બતાવવામાં ક્યારેક વીજપ્રવાહનો અવરોધ નડે છે.

  સમય અને કદ અંગેના ખોટા ખ્યાલો બંધાઈ શકે છે.
- પ્રોજેક્ટ કે વીસીઆરનું સંચાલન, હેરફેર, ગોઠવણી, વર્ગવ્યવસ્થા, ફિલ્મ મેળવવી, પર મોકલવી વગેરે કાર્ય માટે સમય, મહેનત, નાણાં અને કુશળતા, માગી લે છે જે દરેક શિક્ષક પાસે ન પણ હોય. જોકે છેલ્લી ટેકનોલોજી મુજબ સી.ડી. દ્વારા ફિલ્મ બતાવવી શકાય છે જે પ્રમાણમાં સસ્તી હોય છે.

### 13.7.2 ટેલિવિઝન

ટેલિવિઝન એ બાળકો માટે કલાકો સુધી સંભાળપૂર્વક અને શાંત શૈક્ષણિક પ્રક્રિયા પૂરી પાડતું આ એક દશ્ય શ્રાવ્ય સાધન છે. ટી.વી.પ્રસારણ દ્વારા બનાવાને જીવંત બતાવી શકાય છે. ઉપરાંત વીડિયો કેસેટ પર રેકર્ડ કરી કાર્યક્રમોનું વી.સી.આર. કે ડી.વી.ડી. પ્લેયર દ્વારા પુનઃપ્રસારણ થઈ શકે છે. ટી.વી. ઉપર ફિલ્મ, ચાર્ટ્સ, ફોટોગ્રાફ્સ વગેરે દર્શાવી શિક્ષણને અસરકારક બનાવી શકાય છે.

સરકાર દ્વારા બાયસેગ દ્વારા પ્રસારિત કાર્યક્રમો શાળા સમયમાં વિદ્યાર્થીઓને બતાવી શિક્ષણને પ્રભાવી બનાવી શકાય છે.

**મહત્ત્વ**

- ઉત્તમ શિક્ષકના પાઠોની કેસેટ વીડિયો દ્વારા દર્શાવી ભાષા શિક્ષણને જીવંત બનાવી શકાય છે.
- ટી.વી.જ્ઞાન પ્રસારનું માધ્યમ હોવાંથી વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ, વાસ્તવિક રોજેરોજની ઘટનાઓ તેમજ વિવિધ અધ્યયન અનુભવો પૂરાં પાડે છે.
- વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણ અને તર્ક શક્તિ વિકસે છે.
- વિદ્યાર્થીઓને સર્જનાત્મકતા અને અભિનયની પ્રેરણા મળે છે.
- ટી.વી. એક સાથે મોટા સમૂહને દશ્ય શ્રાવ્ય અનુભવો પૂરાં પાડે છે. તેથી શિક્ષણ તાદશ્ય, જીવંત તેમજ અસરકારક અને રસપ્રદ બને છે.
- શિક્ષણમાં વિવિધતાં આવે છે. રુચિ વધે છે. જિજ્ઞાસા સતેજ થાય છે.

- સરકાર દ્વારા સંચાલિત વિવિધ ચેનલો શાળા સમયમાં બતાવી શકાય છે. જેમાં ઉત્તમ શિક્ષકો દ્વારા ભણવામાં આવે છે. ગામડાનો વિદ્યાર્થીપણ મોટા શહેરના શ્રેષ્ઠ શિક્ષકોના વર્ગખડમાં પ્રવેશ થઈ શકે છે.

**કાળજી**

- વિદ્યાર્થીઓને ટી.વી.ના કાર્યક્રમ સંદર્ભમાં વિષયભિમુખ કરવાં.
- વિદ્યાર્થીઓને કાર્યક્રમ દરમિયાન ઉપયોગી મુદ્દાની તેમજ મૂંઝવતા પ્રશ્નોની નોંધ કરવાંની સૂચના આપવી.
- ટી.વી.કાર્યક્રમો બતાવ્યા પછી વિદ્યાર્થીઓ પાસેથી પ્રતિભાવો લેવા અને તેઓને મૂંઝવણનું નિરાકરણ લાવવું.
- વિષયવસ્તુના સ્પષ્ટીકરણ માટે વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી કરવી.
- ટી.વી. અને પ્રથમ હરોળમાં બેઠેલા વિદ્યાર્થીઓ વચ્ચે 6.7. ફૂટનું અંતર રાખવું.
- ટી.વી.ના પડદા પર પ્રકાશ ન પડે તે રીતે ટી.વી. ગોઠવવું. પણ ટી.વી.રૂમ આંધારાવાળો બનાવવો નહી.

**મર્યાદાઓ**

- ટી.વી. પર પુનરાવર્તન ન થતું હોવાંથી જે વસ્તુ રજૂ થાય ત્યારે જ તેનો ઉપયોગ કરી લેવો પડે છે.
- ટી.વી. પરના બધા જ કાર્યક્રમો રસપ્રદ હોય તેવું ન પણ બને.
- એકપક્ષીય વ્યવહાર હોવાંથી ન સમજાતા મુદ્દા અંગે પ્રશ્નો પૂછી શકાતાં નથી.
- આમ જોવા જઈએ તો ટી.વી. પર અભ્યાસક્રમના બધા જ મુદ્દાઓ અંગેના કાર્યક્રમો શકતો નથી.
- શાળામાં સમય પત્રક સાથે મેળ બેસતો નથી તથા લાઈટ ન હોય ત્યારે ઉપયોગ થઈ શકતો નથી.
- ટી.વી.વિદ્યાર્થીઓના કે શિક્ષકોના કે શિક્ષકોના હાવભાવને અનુસરતું નથી.
- શાળાઓમાં ટી.વી. દ્વારા શિક્ષણ આપવાની સભાનતા વિકસી નથી.
- ક્રિયા દ્વારા શિક્ષણ એ સિદ્ધાંત આમાં કામ આવતો નથી.

**13.7.3 કમ્પ્યૂટર**

કમ્પ્યૂટર શોધે વિશ્વમાં ક્રાંતિકારી પરીવર્તનો લાવ્યાં છે. શિક્ષણ પણ તેમાંથી બાકાત નથી. સામાન્ય પરિવારોમાં પણ ઉપલબ્ધ આ સાધનનો શિક્ષણમાં ખૂબ જ અસરકારક રીતે ઉપયોગ કરી શકાય છે.

**મહત્ત્વ**

- ખૂબ સરળતાથી ઉપલબ્ધ સાધન છે.
- માહિતીની આપ લે ખૂબ જ સરળતાથી થઈ શકે છે.
- માહિતી સંગ્રહ કરવાંની અને એક સ્થાનેથી વીજે સ્થાને લાવા લઈ જવાની ખૂબ જ સરળતા રહે છે.
- ખૂબ નાના સાધનો સી.ડી., પેનડ્રાઈવ, કાર્ડમાં માહિતીનો સંગ્રહ લાંબા સમય સુધી કરી શકાય છે.
- વર્ગખંડમાં પ્રસ્તુત કરવામાં સરળતા રહે છે.
- મલ્ટીમિડીયાનો ઉપયોગ કરતાં ધ્વમિને પ્રભાવી બનાવી શકાય છે.
- ઈન્ટરનેટ સાથે જોડી વિશ્વની માહિતી ક્ષણમાં મેળવી શકાય છે.

- યુ-ટ્યૂબ ઉપરથી માહિતી મેળવી વિદ્યાર્થીઓ સામે મૂકી શકાય છે.
- વિદ્યાર્થીઓની માહિતી પણ યુ-ટ્યૂબ પર સરળતાથી મૂકી શકાય છે.
- ફોટો, નાટકો જોઈ શકાય છે.
- ચિત્રો, ચાર્ટ, મોડેલ બતાવી શકાય છે.

**કાળજી**

- માહિતી સંગ્રહ કરવામાં ધ્યાન રાખવું પડે છે.
- સાધનોને રજ (ડસ્ટ) અને ગરમીથી સાચવવા જોઈએ.
- જે સામગ્રી પ્રસ્તુત કરવાંની હોય તેનું પૂર્વ આયોજન કરવું જોઈએ.

**મર્યાદા**

- વધુ પડતો ઉપયોગ સમય બગાડે છે.
- વિદ્યાર્થીને ઈન્ટરનેટ ઉપયોગ વ્યસન ન બની જાય તેવી કાળજી રાખવી.
- વિદ્યાર્થી રમવા ઉપયોગ કરવાં ન લાગે તેનું ધ્યાન રાખવું.
- શારીરિક શક્તિઓ નબળી પડી જાય છે.

## 13.8 તમારી પ્રગતિ ચકાસો

સૂચનો- 1. નીચે આપેલાં પ્રશ્નોના ઉત્તરો આપો. ઉત્તરો પ્રશ્નની નીચેની ખાલી જગ્યામાં લખો.

2. આ ઉત્તરો છેલ્લે આપેલાં પ્રશ્નોના ઉત્તરો સાથે સરખાવો.

**(1) ભાષા શિક્ષણમાં ક્યાં ક્યાં દૃષ્ટિગમ્ય સાધનો વપરાય છે ?**

1. 4.

2. 5.

3. 6.

**(2) ફ્લેનલકટ્સ કઈ રીતે તૈયાર કરવામાં આવે છે ?**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**(3) ફ્લેશનકાર્ડના મહત્ત્વ વિશે ચાર વાક્યો લખો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**(4) ફિલ્મના ત્રણ પ્રકાર લખો.**

.....................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**(5) ટી.વી.ની ચાર મર્યાદાઓ લખો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**(6) બાયસેગથી પ્રસારિત થતાં કાર્યક્રમોની માહિતી આપો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 13.9 સારાંશ

શિક્ષણની પ્રક્રિયામાં પ્રત્યક્ષ જ્ઞાનનું ઘણું મહત્ત્વ છે. કેવળ શાબ્દિક વર્ણન કરતાં ચિત્રો, ભીંતપત્રો, ફ્લેનલકટ્સ, ચાર્ટ્સ, ફ્લેશકાર્ડ, ચૉકબોર્ડ વગેરે મૂળવસ્તુ રજૂ કરવાંથી કોઈ વિચાર, પદાર્થ કે ક્રિયાનુ શિક્ષણ સારી રીતે આપી શકાય છે. રંગ અને રેખાના સંયોજનથી શિક્ષણની અસરકારકતામાં વધારો થાય છે. પ્રાથમિક અને માધ્યમિક શાળામાં અનુક્રમે બાળકોને મૂળાક્ષરો શીખવવામાં તથા પ્રકૃતિના જુદાં જુદાં દૃષ્યોને રંગો દ્વારા દર્શાવી શકાય છે. ભીંતપત્રો પર છાપાનાં કટિંગ્સ, સામયિકમાં આવેલ લેખોની ઝેરોક્ષ, ફોટોગ્રાફ, વિદ્યાર્થીઓના લેખો, વિદ્યાર્થીઓનાં સ્વરચિત કાવ્યો તથા અન્ય કવિઓનાં કાવ્યો, પ્રવૃત્તિ, સમાચાર, વિદ્યાર્થી સૂચના, ટાઈમટેબલ લેખનના નમૂના રજૂ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપી શકાય.

ફ્લેનલકટ્સ કે ફેલ્ટબોર્ડની રચના લાકડાના પાટિયા પર કે પ્લાટવુડના પાટિયા પર ફ્લેનલ પ્રકારનું કાપડ લગાવવામાં આવે છે. આ બોર્ડનો ઉપયોગ ખાસ કરીને વ્યાકરણ શિક્ષણમાં વધુ ઉપયોગ કરવામાં આવે છે. તે ઉપરાંત શબ્દરચના શીખવવા, વાર્તા વિકાસ માટેના પ્રસંગોનાં ચિત્રણો કરવામાં આવે છે. તે ઉપરાંત શબ્દરચના શીખવવા, વાર્તા વિકાસ માટેના પ્રસંગોનાં ચિત્રણો કરવામાં ઉપયોગમાં લેવામાં આવે છે. ચાર્ટ્સ ભાષા શિક્ષણમાં બહુ ઉપયોગી છે. વ્યાકરણ જેવા વિષયમાં નિયમો, સિદ્ધાંતો વગેરની દશ્ય રજૂઆત કરી શકાય છે. સાહિત્યકારો અને એમનાં સર્જનનો પરિચય પણ તેના દ્વારા આપી શકાય છે.

ફ્લેશકાર્ડનો ઉપયોગ પ્રાથમિક ધોરણમાં વાચનના શિક્ષણમાં થઈ શકે છે. આ ઉપરાંત માધ્યમિક શાળામાં સમાસ, ક્રિયાવિશેષણ, સંધિ વગેરેમાં પણ થાય છે. શબ્દભંડોળ વધારવા માટે શબ્દરચના માટે કાર્ડ ખૂબ જ ઉપયોગી છે.

કાળું પાટિયું તો શિક્ષકની સજ્જતાનું પ્રતિબિંબ પાડે છે. શિક્ષકના કા.પા.પરના લખાણનું અનુકરણ કરીને બાળક લખતાં શીખે છે. અપિરિચિત શબ્દો, રૂઢિપ્રયોગો વગેરેની નોંધ શિક્ષક કા.પા. પર કરે છે. એકમના મુદ્દાઓ નોંધી તેનું દઢીકરણ કરાવે છે.

દૃષ્ટિગમ્ય સાધનોની જેમ શ્રુતિગમ્ય સાધનો પણ ભાષા શિક્ષણ માટે ઉપયોગમાં લેવાય છે. ટેપ રેકોર્ડર, ડી.વી.ડી.પ્લેયર વગેરેનો શ્રુતિગમ્ય સાધનોમાં સમાવેશ થાય છે. ટેપ રેકર્ડરનો ઉપયોગ ઉચ્ચાર શુદ્ધિ, વાચનકૌશલ્ય, કાવ્યપઠન કે કાવ્યગાન વગેરે શીખવા માટે થાય છે. આ ઉપારાંત સાહિત્યકારો સાથેની મુલાકાતો, કવિસંમેલનોના કાર્યક્રમો, આકાશવાણી પરથી પ્રસારિત થતા ભાષા શિક્ષણનાં કાર્યક્રમો, શાળામાં યોજેલ વ્યાખ્યાનમાળા, એકોક્તિઓ, નાટકો વગેરે ટેપ કરી વર્ગખંડમાં વિદ્યાર્થીઓને સંભળાવી શકાય છે.

રેડિયો ઉપરથી રજૂ થતાં શાલેય કાર્યક્રમોમાં ભાષાશિક્ષણનાં પાઠો પણ અપાતા હોય છે.

આ કાર્યક્રમો સંભાળવવા રેડિયો ઉપયોગમાં લેવાય છે. રેડિયોના માધ્યમ દ્વારા ઉત્તમ શિક્ષણનાં શિક્ષણકાર્યનો વિદ્યાર્થીઓના બહોળા સમુદાયને લાભ મળે છે.

ફક્ત દૃષ્ટિગમ્ય કે ફક્ત શ્રુતિગમ્ય સાધનોને બદલે ભાષા શિક્ષણમાં સંયુક્ત રીતે દૃષ્ટિગમ્ય અને શ્રુતિગમ્ય સાધનોનું મહત્ત્વ વિશેષ છે. જોતાં જોતાં સાંભળી શકાય તેવા સાધનોની અસરકારકતા સવિશેષ હોય છે. ફિલ્મ, ટેલિવિઝન, એ આ વર્ગનાં સાધનો છે. ફિલ્મોના ચાર પ્રકાર પડે છે. (1) ભાષાના વિષયવસ્તુ અંગેની (2) દસ્તાવેજી ફિલ્મો (3) ધંધાકીય ફિલ્મો અને રમૂજી ફિલ્મો. ફિલ્મોના માધ્યમથી ભાષા શિક્ષણમાં જીવંતતા લાવી શકાય છે. ટેલિવિઝન દ્વારા વાણીનો આરોહ અવરોહ, ચહેરાના હાવભાવ વગેરે દર્શાવી શકાય છે. શ્રવણ કૌશલ્યની તાલીમ ટી.વી. દ્વારા આપી શકાય છે. પરંતુ ટી.વી. દ્વારા થતા શિક્ષણમાં એકમાર્ગી પ્રવાહ ચાલે છે તે એની મોટી ઊણપ છે. આમ છતાં, આજના યુગમાં તે શિક્ષણનું પ્રબળ માધ્યમ છે.

## 13.10 સ્વાધ્યાય

1. તમે ચાટ્ર્સ બનાવતી વખતે કઈ કઈ કાળજી લેશો ?
2. ચૉકબોર્ડનું ટૂંકમાં મહત્ત્વ જણાવો.
3. તમે ઉપકરણોની કાળજી કઈ રીતે લેશો ? સમજાવો.
4. ટેપરેકોર્ડરનો ઉપયોગ વર્ગમાં કઈ રીતે કરી શકાય ? સમજાવો.
5. ટેલિવિઝનનું મહત્ત્વ જણાવો .
6. ટેલિવિઝનનું મહત્ત્વ જણાવો.
7. ''રેડિયો કરતાં ટી.વી.ના શાલેય કાર્યક્રમો વધુ અસરકારક છે.'' સમજાવો.
8. બાયસેગ અંગે માહિતી આપો.
9. ચક દે ઈન્ડિયા, ચૉક એન્ડ ડસ્ટર, તારેં જમીન પર જેવી ફિલ્મો પાછળનો શૈક્ષણિક દૃષ્ટિકોણ લખો.

## 13.11 ચર્ચા માટેના મુદ્દાઓ

1. દૃશ્ય-શ્રાવ્ય સાધનોના મહત્ત્વ વિશે ચર્ચા કરો.
2. ઉપકરણોની મર્યાદાઓની ચર્ચા કરો.
3. અભ્યાસક્રમના મુદ્દાને ધ્યાનમાં રાખી ફિલ્મ બતાવવી છે તો કંઈ રીતે આયોજન કરશો ? ચર્ચા કરો.

## 13.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

1. જુઓ 1.5
2. જુઓ 1.5.3
3. જુઓ 1.5.5.
4. જુઓ 1.7.1.
5. જુઓ 1.7.2.

એકમ 14

# માતૃભાષા શિક્ષણની સામગ્રી

: રૂપરેખા :


**14.0 ઉદ્દેશો**

**14.1 પ્રસ્તાવના**

**14.2 માતૃભાષા શિક્ષણની સામગ્રી**

- **14.2.1** શિક્ષક નિદર્શિની
- **14.2.2** શબ્દકોશ
- **14.2.3** સામયિકો
- **14.2.4** સંદર્ભગ્રંથો
- **14.2.5** પાઠ્યપુસ્તક

**14.3 તમારી પ્રગતિ ચકાસો**

**14.4 સારાંશ**

**14.5 સ્વાધ્યાય**

**14.6 ચર્ચા માટેના મુદ્દાઓ**

**14.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.**


## 14.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે..

- એકમનો પરિચય મેળવી શકશો.
- માતૃભાષા શિક્ષણમાં શૈક્ષણિક સામગ્રીનું મહત્ત્વ સમજી શકશો.
- માતૃભાષા શિક્ષણની શૈક્ષણિક સામગ્રીની લાક્ષણિકતાઓ જાણી શકશો.
- શૈક્ષણિક સામગ્રીનો પરિચય મેળવી શકશો.
- માતૃભાષામાં શૈક્ષણિક સામગ્રીના વિવિધ ઉપયોગ જાણી શકશો.

## 14.1 પ્રસ્તાવના

કોઈપણ વિષયના શિક્ષણમાં જે તે વિષયની સામગ્રીનું મહત્ત્વ ઓછું આંકી શકાય નહીં. ભાષા શિક્ષણની સામગ્રીની મદદથી શિક્ષણકાર્ય ઝડપી બને છે. માતૃભાષાના શિક્ષણમાં આ કાર્ય અપવાદ હોઈ શકે નહી.

## 14.2 માતૃભાષા શિક્ષણની સામગ્રી

માતૃભાષા શિક્ષણની સામગ્રીમાં શિક્ષક નિદર્શિની, શબ્દકોશ, સામયિકો તથા સંદર્ભગ્રંથોનો સમાવેશ થાય છે. અહીં આ સામગ્રીના મહત્ત્વ વિશે અભ્યાસ કરવાંનો છે.

### 14.2.1 શિક્ષક નિદર્શિની

શિક્ષકને અધ્યાપન અંગે માર્ગદર્શન આપવા માટે તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવતા પુસ્તકને શિક્ષક નિદર્શિની કહેવામાં આવે છે. શિક્ષક નિદર્શિનીને અધ્યાપન પોથી, ટીચર્સ હેન્ડ બુક, ટીચર્સ મેન્યુઅલ, ટીચર્સ ગાઈડ, શિક્ષકની હસ્તપુસ્તિકા વગેરે બીજાં નામોથી પણ ઓળખવામાં આવે છે.

**મહત્ત્વ :**

- શિક્ષક નિદર્શિનીમાંથી પાઠ્યપુસ્તકનું સ્વરૂપ અને તેના ઉપયોગ અંગે માર્ગદર્શન મળી રહે છે.
- સાહિત્ય સ્વરૂપ, વ્યાકરણ વિશેના પાયાના વિષય વસ્તુનું જ્ઞાન મળી રહે છે.
- પ્રત્યેક વિષયાંગના શિક્ષણકાર્યની રૂપરેખા, હેતુઓ, વિસ્તૃત ચર્ચા, મૂલ્યાંકન, સ્વાધ્યાય વગેરે બાબતોની જાણકારી જોવા મળે છે.
- સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અને સ્વાધ્યાય પ્રશ્નો માટેનાં દિશાસૂચન હોય છે.
- એકમના અધ્યાપન માટે કઈ કઈ પદ્ધતિઓ અપનાવવી, ક્યાં શૈક્ષણિક સાધનો અપનાવવાં તે અંગેની માહિતી મળી રહે છે.

**ઉપયોગિતા**

જે-તે શ્રેણીના પાઠ્યપુસ્તકના સંદર્ભમાં જ શિક્ષક નિદર્શિની તૈયાર કરવામાં આવે છે. તેથી તે વિષયના અધ્યપનકાર્યમાં તે ઉપયોગી નીવડે છે. માતૃભાષાના પાઠ્યપુસ્તક માટેની શિક્ષક નિદર્શિની શિક્ષકને શિક્ષણકાર્યમાં સહાયભૂત થાય છે. શિક્ષકને સંદર્ભો પૂરાં પાડે છે. મૂલ્યાંકન માટેની જુદી જુદી ટેકનિકો બતાવે છે.

શિક્ષક નિદર્શિનીમાં શિક્ષણકાર્યની વિવિધ પ્રયુક્તિઓ દર્શાવેલી હોય છે જે શિક્ષક વર્ગમાં પ્રયોજી પોતાના કાર્યને દીપાવી શકે છે. વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓમાં સાંકળવાની તક આપે છે. માતૃભાષાના શિક્ષણમાં અનુભવાતી વિવિધ મુશ્કેલીઓ આપમેળે દૂર કરી શિક્ષણકાર્યને વધુ અસરકારક બનાવી શકાય છે.

### 14.2.2 શબ્દોકોશ

શબ્દકોશ એટલે શબ્દનો કોશ, શબ્દકોશને દશ્ય સંદર્ભ ગ્રંથ પણ કહી શકાય. શબ્દકોશમાં મૂળાક્ષરો પ્રમાણે ગોઠવણી કરવામાં આવી હોય છે. આ શબ્દકોશમાં દરેક શબ્દની જોડણી, વ્યાકરણ, લિંગ, વ્યત્પત્તિ, અર્થ, ઉચ્ચારણનો સમાવેશ થયો હોય છે.

શબ્દકોશમાં શરૂઆતના પાના ઉપર શબ્દકોશનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સૂચના આપેલી હોય છે. વિવિધ હેતુઓ માટે અલગ અલગ શબ્દકોશ જોવા મળે છે. જેમ કે ભૌગોલિક કોશ, ઐતિહાસિક કોશ વગેરે અહીં આપણે શબ્દકોશના મહત્ત્વ વિશે જોઈશું.

**મહત્ત્વ**

શબ્દકોશ સ્વઅધ્યયન માટે ખૂબ જ ઉપયોગી છે. વિદ્યાર્થી કે શિક્ષક કોઈ એકમનું અધ્યયન કરતાં હોય ત્યારે કોઈક શબ્દની અર્થછાયા બરાબર બેસતી ન હોય ત્યારે શબ્દકોશમાં અર્થ જોઈ લેવાથી સમસ્યાનો ઉકેલ આવી જાય છે. શબ્દનાં ભિન્ન ભિન્ન પાસાંઓ જાણી શકાય છે. શબ્દનો ઉપયોગ વાક્યમાં કઈ રીતે થયો છે તેને આધારે તેનો તેની પાસેની અર્થ સહેલાઈ થી તારવી શકાય છે.

વર્ગ શિક્ષણ દરમિયાન કૃતિનું અધ્યાપન કરતાં પહેલાં વિદ્યાર્થીઓ પાસે તેનું વાચન કરાવી તેઓને ન સમજાતા શબ્દોની ઓળખ કર્યા બાદ તેના અર્થ શબ્દકોશમાંથી શોધવાનું કહી શકાય. શબ્દોના અર્થ શોધ્યા બાદ ફરીથી કૃતિનું વાચન વિદ્યાર્થીઓ કરે. આમ તેઓના અર્થગ્રહણમાં સુધારો કરાવી શકાય.

શબ્દકોશનો ઉપયોગ જેમ વધુ તેમ તેમ બાળકોનું શબ્દભંડોળ વધુ લેખનકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓને પોતાના વિચારને અનુરૂપ કોઈ શબ્દ મળતો ન હોય તો તેના પર્યાય શબ્દકોશમાંથી શોધીને લખશે.

આમ, બાળક શબ્દકોશ દ્વારા શબ્દોના સંદર્ભો સાથેના અર્થ જાણે છે અને તેનો ઉપયોગ કરતાં શીખે છે.

### 14.2.3 સામયિકો

માતૃભાષાના શિક્ષણ માટે સામયિકો એક અતિ મહત્ત્વનું સ્ત્રોત અને સાધન છે. જેમ વર્તમાનપત્રો

પ્રજાજીવન માટે, ઓતપ્રોત થઈ ગયાં છે તેમ સામયિકો પણ ઓતપ્રોત થયાં છે. જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાન સમૃદ્ધિના પ્રબળ અને અસરકારક સમૂહ માધ્યમ તરીકે ઉપયોગ સાબિત થયાં છે. વિવિધ ક્ષેત્રે હાંસલ થતી સિદ્ધિઓ વગેરેના સમાચારો કે લેખો સામયિકોમાં આવતા હોય છે. આજે પળે પળે રાષ્ટ્ર અને વિશ્વમાં જ્ઞાનનો વિસ્ફોટ થતો જાય છે. પરિવર્તન પામતું જાય છે અને નવા જ્ઞાનનો વિસ્તાર આંખના પલકારામાં વધતોં જાય છે.

આજ ભાષાશિક્ષણ સાથે ગાઢ સંબંધ ધરાવતા સામયિકોનું શૈક્ષણિક મહત્ત્વ એટલું બધું છે કે અધ્યાપન અધ્યયન દરમિયાન તેની ઉપેક્ષા કે અવગણના કરવાનું જોખમ માતૃભાષાના શિક્ષક કે વિદ્યાર્થી લઈ શકે નહીં. આપણે શિક્ષક તરીકે આજના વિદ્યાર્થીને શિક્ષણ દ્વારા અદ્યત્તન જ્ઞાનથી વાકેફ રાખવાનો છે. તેને સંવેદનશીલ, જાગૃત અને શિક્ષિત નાગરિક બનાવવાનો છે. હવે સામયિકોના મહત્ત્વ વિશે અભ્યાસ કરીએ.

**મહત્ત્વ**

સામયિકો સાંપ્રત સમયની માહિતી પૂરી પાડે છે. વિદ્યાર્થીઓ સામયિકના ઉપયોગથી વિવિધ સમયની પ્રવૃત્તિઓ અને સ્થિતિથી વાકેફ બને છે. વિદ્યાર્થીઓ સામયિકના અભ્યાસથી શૈક્ષણિક પ્રવૃત્તિ દ્વારા જ્ઞાનવૃદ્ધિ કરે છે. સામયિકો વિદ્યાર્થીને સ્વઅધ્યયન માટેની સામગ્રી અને પ્રેરણા આપે છે. સામયિકો દ્વારા વિદ્યાર્થીઓ પોતાના પાઠ્યપુસ્તકોમાંથી બહાર આવી નવી નવી કાવ્ય રચનાઓથી વાકેફ બને છે. નવી કાવ્ય રચનાઓ કે લેખો દ્વારા ભાવોને સમજવાનો પ્રયત્ન કરે છે. તેથી પોતાના જ્ઞાન ભંડોળમાં વધારો થાય છે. વિદ્યાર્થીઓને પોતાની રચનાઓ સામયિકોમાં મોકલવાનો મોકો મળે છે. જો રચનાઓ સામયિકોમાં છપાય તો તેઓનો ઉત્સાહ વધુ પ્રબળ બને છે અને બીજી રચનાઓ રચવાની પ્રેરણા મળે છે. આવી પ્રેરણાને કારણે તે વિદ્યાર્થી ભવિષ્યનો કવિ કે લેખક પણ બની શકે છે. સામયિકો શિક્ષકના જ્ઞાનમાં પણ વધારો કરે છે. સામયિકોના વાચનથી શિક્ષક વર્ગખંડમાં એકમને અનરૂપ અન્ય ઉદાહરણો દ્વારા એકમને રસપ્રદ બનાવે છે.

વિદ્યાર્થીઓના દૃષ્ટિકોણને વિશાળ બનાવવામાં, ખેલદિલી અને ખેલદિલીની ભાવના વિકસાવવામાં તેમજ વિકસતા માનવજીવન સમાજજીવન, સાથે તાદાત્મ્ય સાધવામાં સામયિકો સહાયરૂપ બને છે. આમ, વિવિધ વિષયો સાથે અનુબંધ સાધવામાં સામયિકો ઉપયોગી બને છે.

### 14.2.4 સંદર્ભગ્રથો

માતૃભાષાના શિક્ષણને અસરકારક બનાવવામાં સંદર્ભગ્રંથો ખૂબ જ ઉપયોગી પુરવાર થયા છે. પાઠ્યપુસ્તમાંના વિષયવસ્તુને સમજવામાં સંદર્ભગ્રથો સહાયરૂપ થાય છે. પાઠ્યપુસ્તકના શિક્ષણને વધુ ઘનિષ્ઠ અને માહીતીપ્રચુર બનાવવા તથા આધુનિક પ્રવાહોની જાણકારી મેળવવા સંદર્ભગ્રંથો ખૂબ જ મહત્ત્વના અને ઉપયોગી છે.

વર્ગશિક્ષણનાં હેતુઓની સિદ્ધિ માટે શિક્ષકે વિદ્યાર્થીઓને અધ્યયન અનુભવો આપવાના છે. આ અધ્યયન અનુભવો જેટલાં સંગીન તેટલું શિક્ષણ અસરકારક બની શકે છે. પાઠ્યપુસ્તકની કેટલી સ્વભાવિક મર્યાદાઓ હોય છે. પાઠ્યપુસ્તકની સામગ્રી ઉપરાંત સંદર્ભો જોવાં જોઈએ.

સંદર્ભગ્રથોમાં સમાવિષ્ટ સાહિત્યમાં જુદાં જુદાં લેખકનાં એક જ બાબતને લગતાં પુસ્તકો, વિવેચનગ્રંથો, ભાષાવિજ્ઞાન ગ્રંથો, વ્યાકરણના ગ્રંથો અને વિવિધ પ્રકારના સાહિત્યની કૃતિઓનો સમાવેશ થાય છે. હવે સંદર્ભગ્રંથોના મહત્ત્વ વિશે જોઈએ.

**મહત્ત્વ**

સંદર્ભો આપવાથી પાઠ્યપુસ્તકની મર્યાદા દૂર થાય છે. સંદર્ભના કારણે શિક્ષકની સજ્જતા વધે છે. અધ્યાપનમાં ઊંડાણ આવે છે, શિક્ષણ રસમય બને છે, વાસ્તવિક બને છે અને વિદ્યાર્થી વધુ વાંચવા પ્રેરાય છે. સંદર્ભગ્રથોના કારણે શિક્ષકો અને વિદ્યાર્થીઓની જ્ઞાનક્ષિતિજો વિસ્તરે છે. આધુનિક પ્રવાહો, બનાવો, સંશોધનો વગેરેની માહિતી પૂરી પાડે છે અને અદ્યતન માહિતી દ્વારા શિક્ષણને વિશ્વસનીય બનાવે છે.

શિક્ષક વિષયશિક્ષણનું આયોજન કરે છે ત્યારે વિષયાંગને અનુરૂપ સંદર્ભ પુસ્તકો, સામયિકો અને અન્ય વાચન સામગ્રીનું અવલોકન કરી તેમની વાંચન નોંધ તૈયાર કરે છે. પાઠ્યપુસ્તકની બહાર જઈ શિક્ષક વિષયવસ્તુને અનુરૂપ અન્ય સંદર્ભ સાહિત્યની માહિતી આપે છે. ત્યારે વિદ્યાર્થીઓને શિક્ષક પ્રત્યે માન અને અહોભાવની લાગણી જન્મે છે. વિદ્યાર્થીની વાચન અભિમુખતા વધે છે. શિક્ષકની ઊણપો દૂર થાય છે અને આત્મવિશ્વાસ વધે છે. સ્વાધ્યાય, સેમિનાર, સિમ્પોઝિયમ, પેનલ ચર્ચા, જૂથ ચર્ચા, નિરીક્ષિત અભ્યાસ પદ્ધિતિની અસરકારકતા વધારવામાં બને છે તેમ જ વિશિષ્ટ હેતુઓ સિદ્ધ કરવામાં પણ સહાય રૂપ બને છે.

### 14.2.5 પાઠ્યપુસ્તક

વર્ગશિક્ષણમાં શિક્ષક વિવિધ પ્રકારનાં દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરે છે. તેમ છતાં, આ સર્વના અમલ માટે મૂલગત સંદર્ભ તો પાઠ્યપુસ્તક જ હોય છે. પાઠ્યપુસ્તક એ પરંપરાથી પ્રચલિત બનેલી અધ્યયન પ્રવિધિ છે. કારણ કે પાઠ્યપુસ્તક જ હોય છે પાઠ્યપુસ્તક એ પરંપરાથી પ્રચલિત બનેલી અધ્યયન પ્રવિધિ છે. કારણ કે પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમના મુદ્દાઓનું યોજનાસર માર્ગદર્શન આપે છે. તેમ છતાં, પાઠ્યપુસ્તક સાધન મટી જઈ સાધ્ય બની જાય ત્યારે અધ્યયનનાં દ્વારા સાંકડાં બની જવાનો ભય છે.

માતૃભાષાના પાઠ્યપુસ્તકમાં મહદંશે વિવિધ સાહિત્યકૃતિઓ, કર્તા પરિચય, કૃતિ પરિચય, સ્વાધ્યાય, ટિપ્પણ વગેરેનો સમાવેશ થાય છે. માતૃભાષાના પાઠ્યપુસ્તકનો ઉપયોગ વિવિધ કૌશલ્યો ખિલવવના સાધન તરીકે કરવામાં આવે છે. શ્રવણ, કથન, વાચન અને લેખનના અધ્યયન અને અધ્યાપન માટે પાઠ્યપુસ્તક શિક્ષણને અત્યંત મદદરૂપ થાય છે.

**બાહ્યલક્ષણો**

- **મુખ્યપુષ્ઠ :** પાઠ્યપુસ્તકનું મુખ્યપૃષ્ઠ આકર્ષક, રંગીન અને નયનરમ્ય હોવું જોઈએ. વિષયવસ્તુના સંદર્ભને ધ્યાનમાં રાખી મુખ્યપૃષ્ઠ ઉપર ચિત્રો હોવાં જોઈએ. મુખ્યપૃષ્ઠ પરનું લખાણ આકર્ષક હોવું જોઈએ. મુખપૃષ્ઠનું પૂઠું મજબૂત હોવું જોઈએ.
- **બાંધણી કદ અને આકાર**

  પાઠ્યપુસ્તક બાંધણી ટકાઉ અને મજબૂત હોવી જોઈએ. પૃષ્ઠ સંખ્યા 175 થી વધુ હોય તો દોરાની, પાકી ટકાઉ બાંધણી યોગ્ય ગણાય. પીનો વડે બાંધેલા પાઠ્યપુસ્તકો ટકાઉ હોતાં નથી. પાઠ્યપુસ્તકનું કદ વિદ્યાર્થીઓની વયકક્ષા અને માનસિક કક્ષાને ધ્યાનમાં રાખીને હોવું જોઈએ. સામાન્ય રીતે તેની સાઈઝ કે ક્રાઉન સાઈઝનાં પાઠ્યપુસ્તકો હોવાં જોઈએ.
- **કાગળ,મુદ્રણ અને અક્ષરો**

  કાગળો જાડા સફેદ અને ચીકણા હોવાં જોઈએ. કાગળની સપાટી સાદી પરંતુ અતિ ચળકાટવાળી ન હોવી જોઈએ. મુદ્રણ આકર્ષક અને શુદ્ધ હોવું જોઈએ. છતાં મુદ્રણદોષ રહી ગયો હોય તો પાઠ્યપુસ્તકના અંતે શુદ્ધિપત્રક આપવું જોઈએ.

  પાઠ્યપુસ્તકમાંના લખાણના અક્ષરો વિદ્યાર્થીઓના શારીરિક વયકક્ષાને ધ્યાનમાં રાખી નાના કે મોટા રાખવાં, વ્યાકરણના પુસ્તકમાં નવા પારિભાષિક શબ્દો રજૂ કરવાં, નિયમ કે સિદ્ધાંત, સૂત્ર કે વ્યાખ્યા રજૂ કરવાં, વિદ્યાર્થીઓને ખાસ ધ્યાન ખેંચતી બાબતો રજૂ કરવાં, મુદ્દાઓ, એકમનું શીર્ષક વગેરેના ટાઈપ બોલ્ડ હોવાં જોઈએ.
- **કિંમત** - સામાન્ય માધ્યમવર્ગના વિદ્યાર્થીઓને પોષાય તેટલી કિંમત હોવી જોઈએ. શક્ય હોયતો કિંમત પ્રથમ પાને છાપવી.
- **પ્રકાશક, લેખક**-પાઠ્યપુસ્તકના પ્રકાશકનું નામ તથા લેખક કે સંપાદકોનાં નામ પ્રથમ પાના પર છપાયેલાં હોવો જોઈએ. તારીખ, સ્થળ પણ પ્રથમ પાના પર હોવાં જોઈએ. લેખક કે સંપાદક અનુભવી હોવાં જોઈએ.

**આંતરિક લક્ષણો**

પાઠ્યપુસ્તકના બાહ્ય દેખાવથી ફક્ત ચાલી જતું નથી તેના આંતરિક દેખાવ પણ આકર્ષક હોવો જોઈએ. આંતરિક રીતે પાઠ્યપુસ્તક સુંદર હશે તો અધ્યેતાને વાંચવામાં રસ વધુ પડશે. નીચે જેવાં આંતરિક લક્ષણોને ધ્યાનમાં રાખવાં જોઈએ.

- **વિષયવસ્તુ** - અભ્યાસક્રમમાં નિર્દિષ્ટ વિષયવસ્તુ વિદ્યાર્થીઓની કક્ષાને ધ્યાનમાં રાખી પસંદ કરેલું હોવું જોઈએ. વિદ્યાર્થીઓનો અર્થગ્રહણ ક્ષમતા તેમજ રુચિને ધ્યાનમાં રાખી વિષયવસ્તુની પસંદગી થવી જોઈએ. નીચલા ધોરણના પાઠ્યપુસ્તકમાં આપેલ વિષયવસ્તુને ધ્યાનમાં રાખી સુમેળતા સધાય તેવી રીતે વિષયવસ્તુની પસંદગી થવી જોઈએ. માધ્યમિક કક્ષાનાં માતૃભાષાનાં પાઠ્યપુસ્તકોનું એક ધ્યેય વિદ્યાર્થીઓની ભાષાશક્તિ કેળવાય. વિદ્યાર્થીઓ સર્જનાત્મક લેખન કાર્ય કરી શકે તેવી શક્તિ પ્રાપ્ત થાય તેવા એકમો મૂકવા જોઈએ. માધ્યમિક કક્ષાએ નવલિકા, નવલકથા, વિવિધ નિબંધો, ઊર્મિપ્રધાન, પ્રકૃતિપ્રધાન, ભક્તિપ્રધાન કાવ્યો, સૉનેટ, ખંડ કાવ્યો વગેરેનો સમાવેશ કક્ષા અનુસાર કરી શકાય

- **ભાષા**

  માતૃભાષાના પાઠ્યપુસ્તકમાં અન્ય વિષયોની જેમ વિષયવસ્તુ લેવામાં આવતુ નથી. કારણકે મૂળ લેખકે જે સાહિત્યકૃતિ લખી હોય તેમાં ફેરફાર થઈ શકતો નથી. આથી એવી સાહિત્યકૃતિઓ પસંદ કરવી જોઈએ કે જેની ભાષા વિદ્યાર્થીઓની કક્ષા અનુસાર હોય. પ્રાથમિક કક્ષાએ સાદી, સરળ અને પ્રવાહી ભાષા હોય અને માધ્યમિક કક્ષાએ ક્રમિક વિકાસની દૃષ્ટિએ યોગ્ય શબ્દ ભંડોળ અને ગાંભીર્ય સચવાય તે રીતે કૃતિ પસંદ કરવી. માધ્યમિક કક્ષાએ ભાષાનાં ચાર કૌશલ્યો વાચન, લેખન, શ્રવણ અને કથનમાં ખાસ કરીને વાચન અને લેખનનું શિક્ષણ અપાય છે. આમ, વિદ્યાર્થીઓની અર્થગ્રહણ શક્તિ વિકસાવવામાં પાઠ્યપુસ્તકની ભાષા ઉપયોગ બની છે.

- **રજૂઆત**

  માતૃભાષાનું વિષયવસ્તુ પ્રમાણભૂત, આધારભૂત, વિશ્વસનીય અને સચોટ હોવું જોઈએ. પાઠ્યપુસ્તકમાં વિવિધ વસ્તુની રજૂઆતમાં અધ્યેતાકેન્દ્રી અભિગમ અપનાવાયેલો હોવો જોઈએ.

- **શૈલી**

  આકર્ષક, પ્રવાહી, સરળ અને સ્પષ્ટ રજૂઆત થાય તેવી શૈલી વાળી કૃતિઓ પસંદ કરવી જોઈએ. દરેક કૃતિની શરૂઆતમાં લેખકનો પરિચય અને કૃતિનો પરિચય કરાવતી પૂર્વભૂમિકા આપવી જોઈએ. વિષયવસ્તુ કૃતિના ક્રમાંકના સરળથી કઠિન તરફનો સિદ્ધાંત અને શૈક્ષણિક સત્રને તેમજ ઋતુઓને ધ્યાનમાં લેવી જોઈએ.

## 14.3 તમારી પ્રગતિ ચકાસો

સૂચનો

(1) નીચે આપેલાં પ્રશ્નોના ઉત્તરો આપો. ઉત્તરો પ્રશ્નોની નીચેની ખાલી જગ્યામાં લખો.

(2) આ ઉત્તરોને છેલ્લે આપેલાં ઉત્તરો સાથે સરખાવો.

**(1) માતૃભાષા શિક્ષણની સામગ્રીના નામ આપો.**

**1.** ..........................................................................

**2.** ..........................................................................

**3.** ..........................................................................

**4.** ..........................................................................

**5.** ..........................................................................

**(2) શિક્ષક નિદર્શિની શિક્ષકને કઈ રીતે ઉપયોગી છે ?**

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

**(3) બાળકનું શબ્દભંડોળ વધારવા કઈ સામગ્રીનો ઉપયોગ કરશો ?**

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

**(4) પાઠ્યપુસ્તકનું મુખપૃષ્ઠ કેવું હોવું જોઈએ ?**

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

**(5) પાઠ્યપુસ્તકનાં આંતરિક લક્ષણો જણાવો ?**

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

## 14.4 સારાંશ

માતૃભાષા શિક્ષણમાં શિક્ષક નિદર્શિની, શબ્દકોશ, સામયિકો, સંદર્ભગ્રંથો અને પાઠ્યપુસ્તકો જેવી દશ્ય સાધનોનું મહત્ત્વ ઓછું આંકી શકાય તેમ નથી.

શિક્ષક નિદર્શિની એટલે ટીચર્સ હેન્ડબુક દ્વારા શિક્ષકોને અધ્યાપન કાર્ય માટે જરૂરી માર્ગદર્શન માળી રહે છે. આને અધ્યાપનપોથી પણ કહે છે. પાઠ્યપુસ્તકમાંના એકમો શીખવવા કઈ પદ્ધતિઓ અપનાવવી, એકમને અસરકારક બનાવવો ક્યાં શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો, સ્વાધ્યાયમાં વૈવિધ્ય કઈ રીતે આણી શકાય વગેરે બાબતો શિક્ષક નિદર્શિની દ્વારા રજૂ કરવામાં આવે છે.

શબ્દકોશના સ્વઅધ્યયન માટે ખૂબ ઉપયોગી સાધન છે. તેના દ્વારા વિદ્યાર્થીઓનું શબ્દ ભંડોળ વધારી શકાય છે. સંદર્ભગ્રથો અને સામયિકોના ઉપયોગ દ્વારા શિક્ષક વધુ ને વધુ સજ્જ થાય છે. શિક્ષક જેટલું

વધુ વાંચશે એટલું તેનું માતૃભાષા ઉપરનું પ્રભુત્વ વધશે. વિશેષવાચન માતૃભાષાના શિક્ષણમાં ઉપયોગી નીવડે છે.

માતૃભાષાનાં પાઠ્યપુસ્તકો ભાષા શિક્ષણનાં હેતુઓને લક્ષમાં રાખી તૈયાર કરવામાં આવ્યાં હોય છે. પાઠ્યપુસ્તકો ભાષાના તજ્જ્ઞો પાસે તૈયાર કરાવવામાં આવે છે. પાઠ્યપુસ્તકોનો યોગ્ય ઉપયોગ કરતાં બાળકોને શીખવવું જોઈએ.

## 14.5 સ્વાધ્યાય

1. ''સામયિકો એટલે જ્ઞાનની પરબ'' સમજાવો.
2. તમે વર્ગશિક્ષણ માટે સંદર્ભગ્રથોનો ઉપયોગ કેવી રીતે કરશો ?
3. કાગળ, મુદ્રણ અને અક્ષરો વિશે નોંધ લખો.
4. માતૃભાષાના પાઠ્યપુસ્તકની રજૂઆત અને શૈલી કેવી હોવી જોઈએ ?
5. સ્વાધ્યાયપોથીનું મહત્ત્વ સમજાવો.

## 14.6 ચર્ચા માટેના મુદ્દાઓ

1. શબ્દકોશના મહત્ત્વ વિશે ચર્ચા કરો.
2. સંદર્ભગ્રથાના મહત્ત્વ વિશે ચર્ચા કરો.,
3. માતૃભાષાના પાઠ્યપુસ્તકની ભાષા કેવી હોવી જોઈએ ? ચર્ચા કરો.

## 14.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

1. જુઓ 2.2.
2. જુઓ 2.2.1
3 જુઓ 2.2.3
4 જુઓ 2.2.5
5 જુઓ 2.2.5

એકમ 15

# માતૃભાષા શિક્ષણમાં મૂલ્યાંકન

## : રૂપરેખા :

**15.0 ઉદ્દેશો**

**15.1 પ્રસ્તાવના**

**15.2 માતૃભાષા શિક્ષણનુ મૂલ્યાંકન**

**15.2.1 સંકલ્પના**

**15.2.2 મહત્ત્વ**

**15.2.3 વિવિધ પ્રકારની કસોટીઓ**

**15.2.4 મૂલ્યાંકનના વિવિધ પ્રકારો.**

**15.2.5 વિવિધ કસોટી પ્રશ્નોના પ્રકારો**

**15.2.6 આદર્શ પ્રશ્નપત્રના લક્ષણો**

**15.2.7 બ્લ્યૂ પ્રિન્ટ**

**15.2.8 પ્રશ્નપત્ર રચના**

**15.3 તમારી પ્રગતિ ચકાસો**

**15.4 સારાંશ**

**15.5 સ્વાધ્યાય**

**15.6 ચર્ચા માટેના મુદ્દાઓ**

**15.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.**

## 15.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે....

- એકમનો પરિચય મેળવી શકશો
- માતૃભાષામાં મૂલ્યાંકનની સંકલ્પના સમજી શકશો.
- મૂલ્યાંકનનું મહત્ત્વ સમજી શકશો.
- મૂલ્યાંકનના વિવિધ પ્રકારો વિશે જણાવો.
- આદર્શ પ્રશ્નપત્રમાં લક્ષણો વિશે જાણી શકશો.
- બ્લ્યૂ પ્રિન્ટ (ત્રિપરિમાલા કોઠી) બનાવવાનું જ્ઞાન મેળવી શકશો.
- પ્રશ્નપત્રની રચના વિશે જાણી શકશો.

## 15.1 પ્રસ્તાવના

વર્તમાન શિક્ષણ હેતુલક્ષી બન્યું છે. હેતુઓ કેટલા પ્રમાણમાં પૂર્ણ થયાં તેની ચકાસણી મૂલ્યાંકન દ્વારા થઈ શકે છે. ત્રણ કલાકમાં પેપર લખવાની મૂલ્યાંકન પ્રક્રિયા હવે જુની વાત થઈ ગઈ છે. વર્તમાન શિક્ષણ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની પ્રક્રિયા, તેનું મહત્ત્વ, તેના વિવિધ પ્રકાર વગેરે બાબતો શિક્ષકે જાણવી ખૂબ જરૂરી છે.

## 15.2 માતૃભાષા શિક્ષણનુ મૂલ્યાંકન

આ વિભાગમાં મૂલ્યાંકનની સંકલ્પના, મહત્ત્વ, પ્રકારો, મૂલ્યાંકન માટેની વિવિધ કસોટીઓ, આદર્શ પ્રશ્નપત્રનાં લક્ષણો, બ્લ્યૂપ્રિન્ટ તથા પ્રશ્નપત્રની રચના વિશે અભ્યાસ કરીશું.

### 15.2.1 સંકલ્પના

સાર્થ જોડણીકોશ પ્રમાણે મૂલ્યાંકનનો અર્થ મૂલ્ય આંકવું તે, મુલવણી થાય છે. શૈક્ષણિક મૂલ્યાંકન એટલે હેતુઓના સંદર્ભમાં પ્રાપ્તિનું મૂલ્ય આંકવું તે, મુલવણી થાય છે. આમ, શૈક્ષણિક હેતુઓ કેટલા પ્રમાણમાં સિદ્ધ થયા છે તે નક્કી કરવાંની પ્રકિયા એટલે મૂલ્યાંકન. મૂલ્યાંકન એ હેતુકેન્દ્રી પ્રક્રિયા છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં કયા અપેક્ષિત વર્તન-પરિવર્તન આવ્યાં તે ચકાસવાની પ્રક્રિયા એટલે મૂલ્યાંકન. આમ, મૂલ્યાંકન શબ્દ વિદ્યાર્થીના સમગ્ર વિકાસના સંદર્ભમાં પ્રયોજાતો શબ્દ છે.

**- રેચર્સ અને ડોંગ**

મૂલ્યાંકન વિશે જણાવે છે કે મૂલ્યાંકનની પ્રક્રિયા સતત ચાલુ હોય છે. એનો અર્થ એ થાય છે કે શિક્ષકે શક્ય હોય તેટલી બધી રીતે અને બધા પ્રસંગોએ વિદ્યાર્થીઓનું નિરીક્ષણ કરવુ જોઈએ. આજે વિદ્યાર્થીની પ્રગતિનું ચિત્ર તેની પરીક્ષા લેવામાં આવે ત્યારે તથા તેનું પ્રગતિપત્રક ભરવામાં આવે ત્યારે લેવામાં આવે છે. પરંતુ દરેક મુખપાઠ, દરેક સ્વાધ્યાય, દરેક વાતચીત વિદ્યાર્થી વડે થતી દરેક પ્રક્રિયા અને વર્તણૂંકની સામગ્રી શિક્ષક માટે વિદ્યાર્થીના મૂલ્યાંકનમાં સાધન બને છે અને તેના પાયા પર રેકોર્ડ બનાવી વિદ્યાર્થી વિશેનું મહત્ત્વનું સંગ્રહિત જ્ઞાન ભેગું કરી શકાય.

કોઠારી શિક્ષણપંચ (1964-66) મૂલ્યાંકનની સ્પષ્ટતા આ રીતે કરે છે. ''મૂલ્યાંકન એ સતત ચાલતી પ્રક્રિયા છે, જે સંપૂર્ણ શિક્ષણપ્રણાલીનું મહત્ત્વનું અંગ છે. તેને શિક્ષણનાં હેતુઓ સાથે ઘનિષ્ઠ સંબંધ છે. તે માત્ર શૈક્ષણિક સિદ્ધિનું માપન કરાવામાં મદદરૂપ થાય છે એમ નથી પરંતુ તેમાં સુધારો પણ કરે છે.''

મોફાતના મતે મૂલ્યાંકન એ સતત ચાલતી પ્રક્રિયા છે. તે વિદ્યાર્થીઓની ઔપચારિક શૈક્ષણિક લબ્ધિ કરતાં વિશેષ છે. તે વ્યક્તિના વિકાસમાં અધિક રુચિ દાખવે છે. વ્યક્તિના વિકાસને, તેની ભાવનાઓ, વિચારો તથા ક્રિયાઓ સાથે સંબંધિત ઈચ્છિત વ્યવહાર પરિવર્તનના રૂપમાં વ્યક્ત કરે છે. આમ, મૂલ્યાંકન એ પ્રતિપોષણ પૂરું પાડવાનું કામ કરે છે.

### 15.2.2 મહત્ત્વ

- વર્ગશિક્ષણ દરમિયાન ઉપયોગમાં લીધેલ પદ્ધતિ, સામગ્રીની સફળતા જાણી શકાય છે.
- અભ્યાસક્રમ તથા પાઠ્યક્રમની સુધારણા અંગે વિચારી શકાય છે.
- નક્કી કરેલાં હેતુઓ કેટલા અંશે સિદ્ધ થયા તે જાણી શકાય છે.
- અભ્યાસના વિવિધ મુદ્દાઓની અસરકારકતા જાણી શકાય છે.
- વિદ્યાર્થીએ જ્ઞાનાત્મક, ભાવાત્મક અને ક્રિયાત્મક ક્ષેત્રે પ્રાપ્ત કરેલ સિદ્ધિ જાણી શકાય છે.
- વિદ્યાર્થી વર્ગશિક્ષણ દરમિયાન કેટલું અર્થગ્રહણ કરી શક્યો છે, તેની સમજ કેટલી કેળવાઈ છે તે જાણી શકાય છે. તેમજ શ્રવણ અને વાચન દ્વારા કરેલું અર્થગ્રહણ પણ જાણી શકાય છે.
- શિક્ષણની કુશળતા નક્કી કરી શકાય છે.
- જે તે વિષયવસ્તુનું કઠિનતામૂલ્ય નક્કી કરી શકાય છે.
- વિદ્યાર્થીઓમાં રહેલી ઊણપો નક્કી કરી ઉપચારાત્મક કાર્ય કરી શકાય છે.
- વાલી અને સમાજનો સહકાર મેળવવામાં મૂલ્યાંકન જરૂરી છે.
- હોશિયાર વિદ્યાર્થીઓને વિવિધ પ્રોજેક્ટ કે વધારાનાં કાર્ય સોંપી શકાય છે.
- નબળા વિદ્યાર્થીઓને અલગ તારવી માર્ગદર્શન આપી શકાય છે.

- મૂલ્યાંકનને આધારે શિક્ષણ, અધ્યાપન પ્રયુક્તિ કે પદ્ધતિમાં ફેરફાર કરવો કે કેમ તે નક્કી કરી શકે છે.
- પરીક્ષાનો તણાવ દૂર કરવાં માટે પણ મૂલ્યાંકન ઉપયોગી છે.

### 15.2.3 વિવિધ પ્રકારની કસોટીઓ

(1) શિક્ષણનિર્મિત કસોટીઓ

(2) નિદાનાત્મક કસોટીઓ અને

(3) પ્રમાણભૂત કસોટીઓ

**(1) શિક્ષણનિર્મિત કસોટીઓ**

સામાન્ય - શાળા પોતાના ઉપયોગ માટે તેના શિક્ષકો દ્વારા જે કસોટીઓ તૈયાર કરાવે છે તેમને શિક્ષક નિર્મિત કસોટીઓ કહેવાય છે. તેના Teacher - Mode Test કે Classroom Test તરીકે ઓળખીશું.

વિદ્યાર્થીની પ્રગતિ સિદ્ધિની ચકાસણી માટે આ પ્રકારની કસોટીઓ ઉપયોગમાં લેવામાં આવે છે. શિક્ષણકાર્ય થયા બાદ વિદ્યાર્થીના વર્તનમાં પરિવર્તન, થાય છે. આ વર્તન - પરિવર્તનની જાણકારી મેળવી આપવાનું આ કસોટીઓ કરી શકે છે. આ કસોટીથી વિષયવસ્તુ વિષેની આવડત પણ જાણી શકાય છે. તે માટેના શૈક્ષણિક હેતુઓની સિદ્ધિ પણ માપી શકાય છે. આ રીતે કાળજીપૂર્વક રચાયેલી શિક્ષક નિર્મિત કસોટીઓ પણ ખૂબ ઉપયોગી બનાવી શકાય.

શિક્ષક નિર્મિત આ કસોટીઓમાં વિદ્યાર્થીઓની સિદ્ધિ જાણવા માટે શિક્ષક નિબંધાત્મક, ટૂંકજવાબી અને વસ્તુલક્ષી પ્રશ્નોનો ઉપયોગ કરે છે. જો કે આવા પ્રકારની કસોટીઓની પૂર્વ અજમાયશ થતી નથી. પ્રશ્નોનું કઠિનતામૂલ્ય કે તારવણી મૂલ્ય પણ નક્કી કરાતું નથી .આ કસોટી વિશ્વસનીય અને પ્રમાણભૂત પણ હોતી નથી.

શિક્ષક દ્વારા રચાતી કસોટીઓના પ્રશ્નો મોટેભાગે ત્રણ સ્વરૂપના જોવા મળે છે.

1. નિબંધલક્ષી 2. ટૂંક ઉત્તરી 3. વસ્તુલક્ષી

**(2) નિદાનાત્મક કસોટીઓ**

આ કસોટીનો પ્રકાર તેના કાર્યહેતુને કારણો શિક્ષકનિર્મિત કસોટીથી જુદો પડે છે. નિદાનાત્મક કસોટી (Diagnostc Test) નો હેતુ નિદાન કરવાંનો છે. જ્યારે શિક્ષકનિર્મિત (Teacher Test) કસોટીનો હેતુ વિદ્યાર્થીની જ્ઞાનસિદ્ધિ માપવાનો ખાસ કરીને રહે છે.

નિદાન કસોટી એટલે શિક્ષણકાર્યની આખી પ્રક્રિયામાં એવાં ક્યાં વિઘાતક પરિબળો કામ કરે છે કે જેથી વિદ્યાર્થી ભણવામાં પાછળ પડે છે તેનું નિદાન કરવાં માટેની કસોટી. એક શિક્ષક તેના વર્ગના બધાં જ 40-50 વિદ્યાર્થીઓને એકસરખી સમજ આવતી જાય છે. આ રીતે જો શીખવી ન જ શકે તેના શિક્ષણકાર્ય દરમિયાન કોઈ એક મુદ્દા માટે કોઈ એક સમયે વિદ્યાર્થીમાં ક્યાંક કચાશ રહી જવાનો સંભવ છે. શિક્ષકે આવી રહી ગયેલી કચાશ કે નબળાઈ વિશે જાણી લેવું જોઈએ અને તેને દૂર કરવાનું ઉપચારાત્મક શિક્ષણ આપ્યા પછી જ આગળ વધવું જોઈએ. નિદાનાત્મક કસોટીનો મૂળભૂત કાર્યહેતુ એ છે કે વિદ્યાર્થીઓમાં રહેલી કચાશ-નબળાઈ માટેનાં સંભવિત કારો શોધવામાં (1) વિદ્યાર્થીઓના વૈયક્તિક તફાવતો (2) વિદ્યાર્થીની હાજરી-ગેરહાજરી અને (3) વિદ્યાર્થીઓમાં અગાઉના પાસામાં શૈક્ષણિક મુદ્દામાં જ કચાશ, (4) શિક્ષણકાર્ય અરસિક, યોગ્ય પદ્ધતિ વગરનું વગેરે.

આમ જોવા જઈએ તો નિદાનાત્મક કસોટીને દાકતરી-પરિભાષામાં સરખાવતાં પૂરી સમજ કેળવશો. ડૉક્ટર દર્દીની જેમ, શિક્ષક-વિદ્યાર્થીના સંબંધો સરખાવી શકાય. એકમાં સ્વાસ્થ્ય સુધારાનું કામ છે તો બીજામાં શિક્ષણ સુધારણાનું. આ બન્નેમાં સમાનતા તો એક જ છે જે તે નબળાઈ-કચાશ વિશે નિદાન કરવાનું.

આમ, નિદાનાત્મક કસોટી વિદ્યાર્થીમાં વર્તાતી સંભવિત નબળાઈ-કચાશને લગતાં જ પ્રશ્નો તેને પૂછવા છે. આવડતું હોય તેવા નહીં.

**(3) પ્રમાણભૂત કસોટીઓ**

શિક્ષકનિર્મિત કસોટી અને નિદાનાત્મક કસોટી વિશે આપણે જોઈ ગયા. શિક્ષકરચિત કસોટીમાં તેના ઉપયોગ પહેલાં તેની ચકાસણી કરવામાં આવતી નથી, અને તેથી તે કસોટીના કઠિનતામૂલ્ય કે તારવણીમૂલ્ય વિશે ચોક્કસ ખબર હોતી નથી. ઉપરાંત સમગ્ર કસોટીની વિશ્વસનીયતા અને પ્રમાણભૂતતા પણ આપણે જાણતા હોતા નથી. આમ, સાદી કસોટી હોવાં માટે આવા લક્ષણો ધ્યાનમાં લેવા જરૂરી છે. શિક્ષક રચિત કસોટીને શક્યત : આ માટેની જરૂરી કાર્યવિધિમાંથી પસાર કરવાંનો આગ્રહ રાખવો, તો તેવી કસોટીઓ સાદી અને ઉપયોગી બને. કસોટી તૈયાર કરીને તેને યોગ્યતમ નમૂના પરનાં વિદ્યાર્થીઓનાં ધોરણો (Norms) બાંધવાની તેમજ મૂલ્યાંકન માટેની જંત્રી (Ready Reckoner) તૈયાર કરવાંની સઘળી પ્રક્રિયાને પ્રમાણભૂત કરવાંની કસોટી (Standardigation) ક્રિયા કરે છે.

આમ, પ્રમાણભૂત કસોટીને ઉપયોગિતાની દૃષ્ટિએ જોઈએ તો આ પ્રકારની કસોટીથી વિદ્યાર્થીઓનાં ઉંમર, કક્ષા, કાર્યશક્તિ, પર્યાવરણ જેવી બાબતોમાં વ્યક્તિગત તફાવતો ધરાવતા વિદ્યાર્થીઓની સિદ્ધિની શાસ્ત્રીય ઢબથી સરખામણી થઈ શકે છે.

**15.2.4 મૂલ્યાંકનના વિવિધ પ્રકારો**

મૂલ્યાંકનની વિવિધ પ્રકારે કરવામાં આવે છે. તેમાં નીચેના વિવિધ પ્રકારે મૂલ્યાંકન કરવામાં આવે છે.

**(1) લેખિત મૂલ્યાંકન**

આજે તો આપણી પાસે લેખિત કસોટીઓનું જડબેસલાક માળખું છે. આપણી પરીક્ષામાં આજે લેખિતની જ બોલબાલા છે. પરંતુ લેખિત મૂલ્યાંકનમાં માત્ર કલાકનું પ્રશ્નપત્ર જ મહત્ત્વનું નથી. વિદ્યાર્થીઓ માતૃભાષાના તાસમાં નોટબુક લખે છે. તે મૂલ્યાંકનમાં જોવું જોઈએ. ગૃહકાર્યમાં સ્વાધ્યાય કરે છે તે જોવું જોઈએ. આપણે તો આજ માત્ર પરીક્ષાને જ જોઈએ છીએ. જ્યારે નોટબુક, ગૃહકાર્ય વગેરે પ્રવિધિઓનો ઉપયોગ કરીશું, ત્યારે સાચા અર્થમાં સતત મૂલ્યાંકન થશે.

**(2) મૌખિક :** - મૂલ્યાંકનની બીજી પ્રવિધિ આપણી પાસે મૌખિક છે. આનો ઉપયોગ તો માતૃભાષામાં પૂરો થઈ શકે છે. ચર્ચા ગોઠવવી, નાટ્યીકરણ કરાવવું, પ્રશ્નોત્તરી, જૂથચર્ચા દ્વારા બાળકોને મૌખિક અભિવ્યક્તિની તક મળશે. તે દ્વારા પણ ભાષાશિક્ષક બાળકની પ્રગતિ નોંધી શકે છે.

**(3) નિરીક્ષણ-અવલોકન :-** વિદ્યાર્થીઓને સોંપેલ પ્રવૃત્તિ અધ્યયન કાર્ય જેવાં કે એક જ નિબંધ જુદાં-જુદાં જૂથ પાડીને ચર્ચા કરવાં માટે આપવો અથવા બે-ત્રણ નિબંધો અલગ-અલગ જૂથને આપવા. કાવ્યની સમીક્ષા જૂથમાં આપવી, કોઈ સમસ્યા આપીને તેના ઉપર ચર્ચા અને પ્રશ્નોત્તરી કરવી. સાહિત્ય પરિષદ યોજવી. કવિ સંમેલન યોજવું વગેરે જેવી પ્રવૃત્તિ કરાવવાથી બાળકનાં સ્થાન, ઉત્સાહ, નેતૃત્વ વગેરે પરથી તેનું મૂલ્યાંકન કરી શકાય છે.

શિક્ષક રચિત વિવિધ કસોટી પ્રશ્નોના પ્રકારો :-

**15.2.5 વિવિધ કસોટી પ્રશ્નોના પ્રકારો**

નિબંધાત્મક પ્રશ્નો

1. કોઈ ચોક્કસ હેતુને લક્ષમાં રાખી તે હેતુની સિદ્ધિ માટે પ્રશ્ન રચવો જોઈએ.
2. પ્રશ્નની સૂચનાની બાબતમાં નીચેના મુદ્દાઓને લક્ષમાં રાખી ચર્ચા કરો કે વર્ણન કરો તેમ પૂછવું.

3. એક પ્રશ્નમાં એક સાથે બે હેતુઓનું માપન થાય તેવા પ્રશ્ન ન રચવા.

4. પ્રશ્નની ભાષા સ્પષ્ટ હોવી જોઈએ. જેથી વિદ્યાર્થીને તેમાં શું લખવું અને કેટલું લખવું તેનો પૂરપૂરો ખ્યાલ આવી જાય.

5. પ્રશ્નની ઉત્તર ખૂબ લાંબો હોય તો પ્રશ્નના પેટા વિભાગો પાડવા જેવી વિદ્યાર્થી દરેક મુદ્દાનો વ્યવસ્થિત જવાબ આપી શકે.

6. ભાષાવસ્તુ માટે જરૂર હોયતો અલગ ગુણ રાખવા પરંતુ તેના ઉત્તરને પ્રશ્નના વિષયની દૃષ્ટિએ જ મુલવવો.

**ઉપયોગિતા**

હંમેશા નિબંધાત્મક પ્રશ્નો નકામાં કે ખામીવાળા જ હોય તેવું નથી. ખાસ કરીને ભાષાશિક્ષણનાં મૂલ્યાંકનમાં તેનુ સ્થાન મહત્ત્વનું છે. આવા પ્રશ્નોની ઉપયોગિતા નીચે મુજબ ગણાવી શકાય.

1. અભિવ્યક્તિ ના હેતુ માટે આ પ્રકારના પ્રશ્નોનું મહત્ત્વ ઓછું નથી.
2. શિક્ષકોને આ પ્રકારના પ્રશ્નો રચવામાં સરળ પડે છે.
3. વિચારોની યોગ્ય અભિવ્યક્તિ માટે નિબંધ પ્રકારના પ્રશ્નોની જરૂર છે.
4. ભાષામાં પ્રવાહિતા, વ્યાકરણ-શુદ્ધિ જોઈ શકાય છે.
5. નિબંધ પ્રકારના પ્રશ્નોમાં વિદ્યાર્થીઓને વ્યવસ્થિત ઉત્તર આપવાની તાલીમ મળે છે.
6. વિચારોની ક્રમબદ્ધતા જોઈ શકાય છે.

**મર્યાદાઓ**

નિબંધાત્મક પ્રશ્નોની કેટલીક મર્યાદાઓ પણ જોવા મળે છે, જે નીચે પ્રમાણે છે :-

1. આવા પ્રકારના પ્રશ્નોના ઉત્તરની લંબાઈ નક્કી હોતી નથી.
2. પ્રશ્ન પૂછવાની ભાષા સ્પષ્ટ ન હોય ત્યારે વિદ્યાર્થીને પ્રશ્ન સમજાતો નથી.
3. નિબંધાત્મક પ્રશ્નની સૌથી મોટી મર્યાદા તેના મૂલ્યાંકનમાં છે. દરેક પરીક્ષક એક જ પ્રશ્નના અલગ-અલગ ગુણ આવે છે. યોગ્ય મૂલ્યાંકનમાં છે. દરેક પરીક્ષક એક જ પ્રશ્નના અલગ-અલગ ગુણ આપે છે. યોગ્ય મૂલ્યાંકન થઈ શકતું નથી.
4. નિબંધાત્મક પ્રશ્નમાં વિદ્યાર્થીને વચ્ચે-વચ્ચે ગપ્પા મારવાની પૂરતી તક મળે છે.
5. માતૃભાષાના મૂલ્યાંકનમાં 20 % થી 70% સુધીના માપદંડનો ઉપયોગ થાય છે. આવા પ્રશ્નમાં વિદ્યાર્થીને પૂરેપૂરાં ગુણ કદી આપવામાં આવતાં નથી. તો બીજી બાજુ કોઈને શૂન્ય ગુણ પણ મળતો નથી.

**નમૂનો**

નિબંધાત્મક પ્રશ્નો નીચે મુજબ પૂછી શકાય :-

1. અદના આદમીનો અર્થ સમજાવી સમાજના મોટા ગણાતા માણસોથી તેઓ કેવી રીતે જુદાં પડે છે. તે સ્પષ્ટ કરો.
2. શિશિર ઋતુમાં કરોડો માનવીઓ કેવી રીતે જીવન ગુજારી રહ્યાં છે.
3. ઝીણાભાઈના વતનના પ્રાકૃતિક સૌંદર્યનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

**ટૂંકોત્તરી પ્રશ્નો**

**રચના**

આવા પ્રકારના પ્રશ્નો એવાં હોય છે કે તેનો જવાબ ચોક્કસ વાક્યોમાં આપી શકાય છે. એક કે ચાર-પાંચ વાક્યોમાં જવાબ આપી શકાય છે. પ્રશ્નની ભાષા અને રચના જ એવા પ્રકારની હોય છે કે તેમાં

ધારે તો પણ લખવાનો અવકાશ ન હોય. પ્રશ્નની ભાષા શબ્દરચના સચોટ હોય છે. ટૂંકા ઉત્તર પ્રશ્નો તેના નામ પ્રમાણે ઓછા સમયમાં પાંચ-સાત લીટીમાં લખી શકાય તેવા હોય છે. આવા પ્રશ્નોની મુખ્ય લાક્ષણિકતા સંક્ષેપતા અને સચોટતા છે. આધુનિક યુગમાં નિબંધ પ્રકારના પ્રશ્ન કરતાં ટૂંકા પ્રકારના પ્રશ્નોનું મહત્ત્વ વધારે હોય છે.

**ઉપયોગિતા**

1 આવા પ્રશ્નોમાં ચોક્સાઈ વધુ લાવી શકાય છે.

2 ઘણી વખત ટૂંકા પ્રશ્નો પૂછીએ છીએ પરંતુ તે સાચી રીતે ટૂંકા પ્રશ્નો હોય જ એમ બનતું નથી.

3 ટૂંકમાં જવાબ લખવામાં પ્રસ્તાવના કે ઉપસંહારની જરૂર પડતી નથી. જે માગ્યુ છે તેજ લખવામાં આવે છે.

4 પ્રશ્નોનો ગુણભાર ઓછો અને પ્રશ્નોપત્રમાં પ્રશ્નોની સંખ્યા વધારે હોય છે.

5 અભ્યાસક્રમનું આવરણ સારી રીતે કરી શકાય છે. ટૂંકા પ્રશ્નો દ્વારા વધુ પ્રશ્નો પૂછી શકાય છે.

6 ટૂંકા ઉત્તરપ્રશ્નો માતૃભાષાની પરીક્ષામાં ખૂબ ઉપયોગી છે.

**મર્યાદા**

1 પ્રશ્નો રચવાનો અનુભવ ન હોય તો શિક્ષક ટૂંકમાં જવાબ આપોના મથાળાથી નિબંધ પ્રકારના પ્રશ્નો પૂછી બેસે છે.

2 ઘણી વખત ટૂંકા પ્રશ્નો પૂછીએ છીએ પરંતુ તે સાચી રીતે ટૂંકા પ્રશ્નો હોય જ એમ બનતું નથી.

3 ટૂંકમાં જવાબ આપો એમ લખી નાખવાથી ટૂંકો ઉત્તર બની જતો નથી.

4 નિબંધ પ્રકારના પ્રશ્નોના જવાબમાં શિક્ષકે-શિક્ષકે ગુણોમાં તફાવત જોવા મળે છે. તેવી જ રીતે થોડે ઘણે અંશે ટૂંક જવાબી પ્રશ્નમાં પણ જોવા મળે છે.

**નમૂનો**

ટૂંક જવાબી પ્રશ્નો નીચે મુજબ પૂછી શકાય છે.

1 કલ્યાણને કોની ચિંતા હતી ?

2 બહેન વીરાની સરખામણી શાની શાની સાથે કરે છે ?

3 બાને સારું ન હોય ત્યારે લેખક શું કરતા ?

4 જીવન અંગે કવિ કેવા આંક સૂચવે છે ?

**વસ્તુલક્ષી પ્રશ્નો**

વસ્તુલક્ષી પ્રશ્નો માટે અંગ્રેજીમાં Objective type Questions એવો શબ્દોપ્રયોગ થાય છે. ખરેખર તો વસ્તુલક્ષી ને બદલે અનાત્મલક્ષી પ્રશ્નો એવો અર્થ સૂચક છે. વસ્તુલક્ષી પ્રશ્નોનો સીધો અને સરળ અર્થ ચોક્કસ જવાબ સૂચવતાં પ્રશ્નો એવો થાય છે. આ પ્રકારની કસોટીમાં પૂછાતા પ્રશ્નોના એટલા ચોક્કસ અને નિશ્ચિત હોય છે કે જવાબ તપાસનાર વ્યક્તિ ગમે તે હોય તો પણ ગુણાંકન એક સરખું હોય છે. વિષય ન જાણનારી વ્યક્તિ ઉત્તર તપાસે તો પણ ગુણમાં ફેર પડતો નથી.

વસ્તુલક્ષી પ્રશ્નો યોગ્ય રીતે બનાવ્યા હોય તો તેનાથી પરીક્ષા અને મૂલ્યાંકનની શાસ્ત્રીયતા, પ્રમાણભૂતતા, વિશ્વસનીયતા અને સાનુકૂળતા જળવાઈ રહે છે.

માતૃભાષામાં વસ્તુલક્ષી પ્રશ્નો નીચે મુજબ હોય છે :-

1 બહુવિકલ્પ પ્રકાર (Multiple Choice Test)

2 વૈકલ્પિક ઉત્તર કસોટી (Alternate-Response Test)

3 ખાલી જગ્યા પૂરક કસોટી (Completion Test)

4 જોડકાં બનાવો કસોટી (Matching Test)

5 પ્રમુખચાવી કસોટી (Master Matching Test)

6 સંબંધ ઘટાયક કસોટી (Analogy Test)

**1 બહુવિકલ્પ પ્રકાર (Multiple Choice Test)**

રચના પ્રશ્નનું સ્ટેમ કાંતો પ્રશ્નના સ્વરૂપમાં હોય અથવા અપૂર્ણ વિધાનના સ્વરૂપમાં હોય છે. વિકર્ષકો એવાં હોય કે જેથી કોઈને કોઈ તો તેને પસંદ કરવાં આકર્ષાય જ. આમાં બધા વિકલ્પોની લંબાઈ એકસરખી રાખવામાં આવે છે. સારા પ્રશ્નો બનાવવા માટે વર્ષ દરમિયાન શિક્ષણકાર્ય કરતાં જે જે વિચારો આવ્યા હોય તે એક એલગ નોટમાં નોંધતા જવું જોઈએ. જેથી એક સાથે બધા પ્રશ્નો ભેગા ન થઈ જાય. જરૂર જણાય તો પહેલાં કાચા પ્રશ્નો તૈયાર કરવાં અને સાથી શિક્ષકમિત્રને બતાવી સુધારા-વધારા કરી પછી જ ફાઈનલ પ્રશ્નના સ્વરૂપમાં ગોઠવવા.

**ઉપયોગિતા**

1 વિચાર શક્તિનો સારો ખ્યાલ મળી રહે છે.

2 આ પ્રકારની કસોટીની વિશ્વસનીયતા ખૂબ ઊંચી હોય છે.

3 જ્ઞાત્મક અને કેટલેક અંશે ભાવાત્મક હેતુઓની ચકાસણી બલુવિકલ્પ કસોટીઓ દ્વારા સારી રીતે થઈ શકે છે.

4 વિષયવસ્તુના મોટાભાગને આવરી લઈ શકાય છે.

5 ગુણ આપવામાં આત્મલક્ષીપણું આવતુ નથી.

6 જો ઉત્તર સાચો હોય તો ગુણ પૂરેપૂરાં મળે છે.

**મર્યાદા**

1. વિચારસંકલન, મૌલિક્તા, વિગતોનું સંશ્લેષણ કરવું વગેરે જેવા હેતુઓને આવી કસોટી દ્વારા ચકાસી શકાતાં નથી.
2. વિકર્ષકો તરીકે કામ કરતા વિકલ્પો નબળાં હોય તો વિદ્યાર્થીઓ અટકળ કરી શકે છે.
3. આવી કસોટીઓ નિષ્ણાતો દ્વારા બનવી જોઈએ અને તે નીવડેલી હોવી જોઈએ. જો નિપુણ ન હોય તેવી વ્યક્તિઓ આ કસોટીઓ બનાવે છે. ત્યારે નબળી બને છે.

**નમૂનો**

- આપેલ પ્રશ્નની નીચે ચાર વિકલ્પો આપેલ છે તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો.
- દેવશંકરે લાડુનું જમણ ન કર્યું કારણ કે....

(અ) કલબના માલિક શંકરલાલે તેને લાડુ ન જ પીરસ્યા.

(બ) શંકરલાલે પ્રારંભમાં જ તેના પર કટાક્ષ કરી તેને અપમાનિત કર્યો હતો.

(ક) તેણે જુલાબ લીધો હતો.

(ડ) તેણે લાડુ ખાવાનું જળ મૂક્યું હતું.

**(2) વૈકલ્પિક ઉત્તર કસોટી (Alternate-Response Test)**

**રચના**

1 હંમેશા, માત્ર કેટલીક વાર જેવાં શબ્દોનો ઉપયોગ ન કરવો.

2 વૈકલ્પિક ઉત્તર કસોટીમાં વાક્યરચના કિલષ્ટ ન બને તેમજ સંયુક્ત વાક્યનો ઉપયોગ ન કરવો.

3 માત્ર બે વિકલ્પો વાપરવાથી અટકળનું પ્રમાણ વધે તે ઘટાડવા ત્રણ કે ચાર વિકલ્પો આપવા પ્રયત્ન કરવો.

4 પ્રશ્નો બનાવવામાં ભાષા સરળ અને સ્પષ્ટ તેમજ એક જ અર્થ નીકળે તેવી રાખવી.

**ઉપયોગિતા**

1 વિષયવસ્તુનું આવરણ સારું થઈ શકે છે.

2 વૈકલ્પિક ઉત્તર કસોટી બનાવવી સરળ છે.

3 આ કસોટીમાં જ્ઞાન અને સમજના હેતુઓ સિદ્ધ થાય છે.

**મર્યાદા**

1 સાચાં વિધાનો સરળતાથી બની શકે છે. પરંતુ ખોટાં વિધાનો બનાવવા અઘરા પડે છે.

2 જો બે જ વિકલ્પો આપવામાં આવ્યા હોય તો અટકળથી સાચું પડી શકે છે.

3 હકીકતો સાચી કે ખોટી હોય, પણ હકીકત સિવાયની બાબતોમાં બે જ પાસાં હોતાં નથી. તો ત્યાં આ કસોટી બહુ કામિયાબ ન બને.

**નમૂનો**

ઉદા. 1 નીચે આપેલ વાક્યો ધ્યાનથી વાંચો અને તેની સામે આપેલ ☐ માં ✓ અથવા ×ની નિશાની કરો.

1 દેવંશકરે લાડું ખાવાની પ્રતિજ્ઞા લીધી હતી. ☐

2 વડલાએ પંખીઓને ઊડી જવાનું કહ્યું. ☐

3 લેખકે ગુલાબકાકીની ડોકમાં બાનું મંગલસૂત્ર જોયું. ☐

4 ઘોડો કેટલો મોટો થયો છે તે માપવા ધીરજકાકા ઘોડાનું માપ લેતા હતા. ☐

ઉદા. 2 અહીં એક-એક સમાનાર્થી શબ્દ આપેલ છે. તેની સામે બીજા ત્રણ -ત્રણ સમાનાર્થી શબ્દો નીચે કૌસમાં આપેલ શબ્દોમાંથી શોધીને લખો.

1 નવાણ ________________ ________________ ________________

2 હરિ ________________ ________________ ________________

3 મૃત્યુ ________________ ________________ ________________

(મોત, પ્રભુ, જળાશય, નિધન, અવસાન, પરમાત્મા, સરોવર, છબી, ઈશ્વર, શ્વેત, તળાવ)

**(3) ખાલી જગ્યા પૂરક કસોટી (Completion Test)**

**રચના**

1 જુદાં જુદાં વિધાની અથવા સળંગ ફકરો આપવામાં આવ્યો હોય તેમાં કેટલીક જગ્યાઓ ખાલી રાખવામાં આવતી હોય છે.

2 વિદ્યાર્થીઓએ યોગ્ય શબ્દ કે શબ્દસમૂહ મૂકી ખાલી જગ્યા પૂરવાની હોય છે.

3 આ પ્રકારની રચના સરળ હોય છે, પણ તેમાં જે ખાલી જગ્યાઓ આપવામાં આવે છે તે શબ્દ અગત્યનો હોય છે.

**ઉપયોગિતા**

ખાલી જગ્યા પૂરક કસોટી દ્વારા જ્ઞાન પ્રાપ્તિ, ઉપયોજન, અર્થનિરૂપણ, તર્ક કરવો વગેરે સ્થૂળથી સૂક્ષ્મ પ્રકારની બાબતોથી વિશિષ્ટ હેતુઓ સિદ્ધ થયા કે નહીં તે ચકાસી શકાય છે.

**મર્યાદા**

1 અન્ય કસોટીઓની જેમ ઉત્તર તપાસવાનું તદ્દન બનતું નથી, કેમ કે ઘણીવાર વિદ્યાર્થીએ આપેલ જુદાં પ્રકારનો ઉત્તર પણ સાચો હોય છે.

2 હકીકત સિવાયની બાબતો માટે ઓછી ઉપયોગી ગણાય છે.

**નમૂનો :** નીચે વાક્યોમાં યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પુરો.

1 ગમતાંનો કરી એ ગુલાલ ગીતનો કવિ _________ છે.

2 ઝીણાભાઈ રતનજી દેસાઈનું ઉપનામ ________ છે.

3 પુનિત પીંતાબર પહેરવા આપ્યુ એ ________ અલંકાર છે.

4 ઝવેરચંદ મેઘાણીને ________ નું બિરુદ મળ્યું છે.

**(4) જોડકાં બનાવો કસોટી (Matching Test)**

**રચના**

1 આ પ્રકારની બે ઊભી કતારમાં હોય છે.

2 ઉત્તેજનાની વિગતો આપતી વખતે તે ધ્યાનમાં રાખવું કે તે બધી વિગતો એકજ વર્ગની હોવી જોઈએ. દા.ત.ગુજરાતી ભાષાના લેખકની વાત હોય તો ગુજરાતી ભાષાના લેખકોની જ વિગત આપવી જોઈએ.

3 પ્રત્યુત્તર સીધો સંબંધ ઉત્તેજના સાથે જ હોય.

4 જોડકાં ચાર પ્રકારનાં હોય છે. (1) પૂર્ણ જોડકાં (2) અપૂર્ણ જોડકાં (3) સંયુક્ત જોડકાં અને (4) બહુવિધ જોડકાં.

5 પૂર્ણ યુગ્મમાં ઉત્તેજના અને પ્રત્યુત્તરની સંખ્યા સરખી હોય છે. અપૂર્ણ યુગ્મમાં ઉત્તેજના કરતાં પ્રત્યુત્તરની સંખ્યા વધુ હોય છે. (બે કે ત્રણ વધુ હોય) સંયુક્ત યુગ્મમાં પ્રત્યુત્તર ની વિગતોની બે કતાર હોય છે અને ઉત્તેજનાની કતાર સામે ચોરસમાં પ્રત્યુત્તરની વિગતો નંબર કે અક્ષર લખવાનો હોય છે.

**ઉપયોગિતા**

પૂર્ણ-અપૂર્ણ કે સંયુક્ત યુગ્મ કસોટી દ્વારા વિદ્યાર્થીઓની ભિન્ન-ભિન્ન શક્તિઓનું મૂલ્યાંકન થઈ શકે છે. જેમ કે કાર્ય-કારણ, ઉપયોગ સદ્ધાંત, સમસ્યા-ઉકેલ જેવા જુદાં-જુદાં પ્રકારના સંબંધો પારખવા, પારિભાષિક શબ્દો અને તેની વ્યાખ્યાઓ, શબ્દો અને તેના અર્થ, કહેવતો અને તેની સમજૂતી લેખક અને કૃતિ વગેરેના સંબંધો પારખવાની શક્તિનું મૂલ્યાંકન થઈ શકે છે.

**મર્યાદા**

1 આવા પ્રકારની કસોટીઓ દ્વારા વિદ્યાર્થીની તર્ક કે વિચાર જેવી ઉચ્ચ માનસિક પ્રક્રિયા ન ચકાસી શકાય.

2 પ્રત્યુત્તર માટે વિદ્યાર્થીને માત્ર ગોખણપટ્ટી કરવી પડે છે.

3 પૂર્ણયુગ્મમાં છેલ્લી વિગત આપો-આપ ગોઠવાઈ જાય છે.

4 જો એક ભૂલ થાય તો બીજી ભૂલ થાય જ છે.

5 સમજશક્તિનું ફક્ત ઉપરછલ્લું જ મૂલ્યાંકન થાય છે.

**નમૂનોઃ અપૂર્ણ યુગ્મ**

નીચે (અ) વિભાગ માં કેટલાંક લેખકોનાં નામ આપવામાં આવ્યા છે. (બ) વિભાગમાં કેટલીક કૃતિઓનાં નામ આપ્યાં છે. જે લેખકની જે કૃતિ હોય તેના નંબર લેખકના નામ સામે આપેલ ચોરસમાં લખો.

| (અ) | (બ) |
|---|---|
| દલપતરામ | 1 સ્વર્ગ અને પૃથ્વી |
| કાકા કાલેલકર | 2 શરણાઈના સૂર |
| દિલીપ રાણપુરા | 3 જીવરામ ભટ્ટ જમવા બેઠા |
| સ્નેહરશ્મિ | 4 ખતુડોશી |
| | 5 ઈતિહાસનું એક પાનું |
| | 6 દ્વિદલ |

**પૂર્ણ યુગ્મ**

નીચે (અ) વિભાગમાં કેટલાંક કવિઓનાં નામ આપવામાં આવ્યાં છે. (બ) વિભાગમાં કેટલીક રચનાઓનાં નામ આપ્યાં છે. જે કવિની જે રચના હોય તેના નંબર કવિના નામ સામે આપેલ ચોરસમાં લખો.

| (અ) | (બ) |
|---|---|
| મીરાંબાઈ | 1 આપણા દુઃખનું કેટલુ જોર. |
| રાજેન્દ્ર શાહ | 2 વિશાળે જગવિસ્તારે--- |
| અનિલ જોષી | 3 ગોવિંદો પ્રાણ અમારો રે |
| ઉમાશંકર જોશી | 4 કન્યા વિદાય |

**સંયુક્ત-યુગ્મ**

નીચે (અ) વિભાગમાં કવિઓનાં નામ આપ્યાં છે અને (બ) વિભાગમાં તેમની કૃતિઓનાં નામ આપ્યાં છે. જ્યારે (ક) વિભાગમાં કૃતિનું સ્વરૂપ દર્શાવ્યું છે. તમારે કવિના નામ સામે આપેલાં બે ચોરસમાં તેને લાગુ પડતી બાબતોના નંબર લખવાના છે.

| (બ) | (ક) | (અ) | (બ) | (ક) |
|---|---|---|---|---|
| - | - | નર્મદ | 1 ત્રણ પાડોશી | 1 રાસ કાવ્ય |
| - | - | બાલમુકુન્દ દવે | 2 હળવે હળવે | 2 અછાંદસ |
| | | કાવ્ય | | |
| - | - | નરસિંહ મહેતા | 3 વતનવાટે બપોર | 3 ઊર્મિકાવ્ય |
| - | - | ન્હાનાલાલ કવિ | 4 હમણાં હમણાં | 4 ભક્તિગીત |
| | | | 5 ના હઠવું | 5 સૉનેટ |
| | | | 6 ખમ્મા વીરાને | 6 દીર્ઘ કાવ્ય |

## 5. પ્રમુખચાવી કસોટી (Master Matching Test)

**રચના**

આ કસોટીમાં બે વિભાગો હોય છે. એક વિભાગમાં ગુરુચાવી (પ્રમુખચાવી) અથવા સંજ્ઞા હોય છે અને આ સંજ્ઞા કે ચાવી શાના માટે હોય છે તે દર્શાવેલું હોય છે. બીજા વિભાગમાંના કેટલાંક વિધાનો કે શબ્દો આપેલાં હોય છે. પ્રથમ વિભાગમાંની ચાવી કે સંજ્ઞાને બીજા વિભાગમાં લાગુ પડતી વિગત સાથે જોડવાની હોય છે. ઘણીવાર એક જ સંજ્ઞા કે ચાવી એક થી વધુ વિધાનોને લાગુ પડતી વિગત સાથે જોડવાની હોય છે. આ કસોટીને પ્રમુખ યુગ્મીકરણ (બહુવિધ જોડકાં) કસોટી પણ કહે છે.

**ઉપયોગિતા**

1 પ્રમુખચાવી કસોટી દ્વારા જ્ઞાનપ્રાપ્તિ કે સંબંધ-પરખ જેવી શક્તિઓનું માપન થઈ શકે છે.

2 જ્ઞાનનો ઉપયોગ, અર્થનિરૂપતાની ચકાસણી આના દ્વારા થઈ શકે છે.

3 વિષયોના મોટાભાગના મુદ્દાઓ ટૂંકમાં આવરી લઈ શકાય છે.

4 પુનરાવર્તન કે પુનઃઅવલોકન ઝડપી થઈ શકે છે.

5 ઉત્તરોમાં અટકળોની સંભાવના ઘણી ઓછી હોય છે.

**મર્યાદા**

1 આ કસોટી દ્વારા સમજશક્તિનું ખરું માપન થઈ શકતું નથી.

2 સૂક્ષ્મ બાબતોના માપનમાં ઓછી ઉપયોગી છે.

3 પ્રશ્નપત્રમાં જગ્યા ઘણી રોકે છે.

**નમૂનો**

'પિતરાઈ' વાર્તાને આધારે દિનકર દેસાઈ અને વીજુ દેસાઈના સ્વભાવનાં લક્ષણો આપ્યાં છે. નીચે દર્શાવ્યા પ્રમાણે તેને ગોઠવો.

1 જે લક્ષણ દિનકર દેસાઈના સ્વભાવનું હોય તો તેની આગળ ચોરસમાં દ લખો.

2 જે લક્ષણ વીજુ દેસાઈના સ્વભાવનું હોય તો તેની આગળના ચોરસમાં વ લખો.

3 જે લક્ષણ બેમાંથી એકેયના સ્વભાવનું ન હોય તો ન લખો.

**સ્વભાવના લક્ષણો**

- ઉડાઉ - દેવું કરવું - ખાનદાની - ભવિષ્યની ચિંતા - સ્નેહાળ - વ્યવહારુ - લોભી - ખોટી - મોટાઈ - કરકસર
- પૂર્વજોના ગુણગાન કરવાં

**(6) સંબંધ ઘટાયક કસોટી (Analogy Test)**

**રચના**

1 આ કસોટીનો ઉપયોગ વિદ્યાર્થીની શબ્દશક્તિનું મૂલ્યાંકન કરવામાં થાય છે.

2 આ કસોટીમાં સાદો તર્ક અને સંયુક્ત તર્ક એમ બે પ્રકાર હોય છે.

3 આ કસોટીમાં વિદ્યાર્થીએ કામ કરવાંની રીતે આ પ્રમાણે હોય છે. પ્રથમ બે વિગત વચ્ચેના સંબંધ તારવી કાઢી તે જ સંબંધના ધોરણે ત્રીજી વિગત સાથે સંબંધિત શોધી વિગત પૂરવાની હોય છે. ચોથી વિગત માટે ચાર-પાંચ વિકલ્પો પણ આપવામાં આવે છે.

**ઉપયોગિતા**

1 વિદ્યાર્થીના શબ્દભંડોળમાં વધારો કરે છે.

2 વિદ્યાર્થીની તર્ક શક્તિ વધે છે.

3 ઉચ્ચ પ્રકારના સંબંધો જોવાની ક્ષમતાનું મૂલ્યાંકન કરી શકાય છે.

4 આ પ્રકારની કસોટીઓ જગ્યા ઓછી રોકે છે.

**મર્યાદા**

1 જો શિક્ષકમાં આવી કસોટીઓ રચવાની આવડત ન હોય તો મુશ્કેલી પડે છે.

2 આવી કસોટીઓ રચવામાં સમય વધુ માંગી લે છે.

**નમૂનો**

ઉદા. 1 પહેલી બે વિગતો વચ્ચેનો યોગ્ય સંબંધ સમજી તેનો ઉપયોગ કરી ત્રીજા શબ્દ સામે યોગ્ય ચોથો શબ્દ મૂકો.

1 વૃક્ષ, વાડી, ફળ

2 નવરાત્ર, ગરબા, છંદ

3 નવલકથા, ગદ્ય, ગીત

ઉદા. 2 નીચે બે પદોની એક જોડ આપી છે. તેના જેવી જ બે પદોની બીજી એક જોડ બનાવવા ત્રીજું પદ કૌંસમાં આપેલ પદોમાંથી ચોથા પદને ધ્યાનમાં રાખી નક્કી કરો.

1 શિલ્પી (શિલ્પ ક, કવિ ખ, ફોટોગ્રાફર, ગ સુથાર, ઘ વૈજ્ઞાનિક)

**કાવ્ય**

ઉદા 3 અહીં પહેલા બે પદોની એક જોડ આપી છે. તેમની વચ્ચેના સંબંધ જેવો સંબંધ દર્શાવતું એક બીજું જોડકું તૈયાર કરવાં માટે પહેલાં ચાર વિકલ્પોમાંથી એક શબ્દ પસંદ કરી તેને અનુરૂપ બીજા ચાર વિકલ્પોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરો.

1 પુત્રી, પિતા _____________ : _____________

(1) માતા (2) દીકરી (3) પુત્ર (4) સ્ત્રી

(અ) સ્નેહ (બ) પુત્ર (ક) દાદા (ડ) બાપ

### 15.2.6 આદર્શ પ્રશ્નપત્રના લક્ષણો

આદર્શ પ્રશ્નપત્રની લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

- દરેક પ્રકારના પ્રશ્નોને પ્રશ્નપત્રમાં યોગ્ય સ્થાન મળવું જોઈએ. પ્રશ્નપત્રમાં કઠિન, મધ્યમ અને સરળ ત્રણે પ્રકારના પ્રશ્નોને ઉચિત સ્થાન મળવું જોઈએ.
- પ્રશ્નપત્રમાં જે મુદ્દાઓનું માપન કરવાનું હોય તેને જ માપે તેવા પ્રશ્નો હોય અર્થાત્ પ્રશ્નોની પ્રમાણભૂતતા જળવાતી હોવી જોઈએ.
- સમગ્ર અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી પ્રશ્નપત્ર તૈયાર કરવું જોઈએ.
- વિષય શિક્ષણનાં નિશ્ચિત હેતુઓની ચકાસણીના અને પેટા પ્રશ્નોની સૂચનાઓ સરળ અને સ્પષ્ટ હોવાં જોઈએ.
- પ્રશ્નપત્રમાં આંતરિક વિકલ્પો આપવા જોઈએ.
- પ્રશ્નપત્રમાં વિભાગોની સૂચનાઓ તથા પ્રશ્નો અને પેટા પ્રશ્નોની સૂચનાઓ સરળ અને સ્પષ્ટ હોવાં જોઈએ.
- ઉત્તર તપાસવાની માન્યતાઓ, ગમા, અણગમાઓ, રસ વગેરેની સહેજ પણ અસર ન પડે તેવી તટસ્થતાથી ઉત્તરો જોવાં જોઈએ.
- પ્રશ્નપત્રના ઉત્તરો ચકાસયા ગમે તે વ્યક્તિ મારફતે તપાસાય પણ તો પણ તેના ગુણાંકમાં તફાવત ન પડે તેવી વિશ્વસનીયતાવાળા હોવાં જોઈએ.
- પ્રશ્નપત્રની ભાષા સ્પષ્ટ અને સમજાય તેવી હોવી જોઈએ.
- ગુણાંતકનમાં વસ્તુલક્ષિતા લાવવા નિબંધ પ્રકાર, ટૂંકા ઉત્તર પ્રકાર અને અનાત્મલક્ષી પ્રકારના પ્રશ્નોની સમતોલ ગોઠવણ હોય, સાથે ઉત્તરો માટે ગુણપ્રદાન યોજનાની વ્યવસ્થા હોય.

### 15.2.7 બ્લ્યૂ પ્રિન્ટ

શિક્ષણ વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન-પરિવર્તન લાવવા માટે વિદ્યાર્થીઓને ચોક્કસ અધ્યયન અનુભવો

પૂરા પાડે છે. આ અધ્યયન અનુભવો પૂરા પાડવા માટે વિષયવસ્તુનો સહારો લે છે. શિક્ષકે કરેલ અધ્યાપન અને વિદ્યાર્થીઓએ કરેલ અધ્યયન કેટલાં અંશે સફળ રહ્યું છે તે ચકાસવા માટે મૂલ્યાંકન કરવામાં આવે છે. વિદ્યાર્થીના મૂલ્યાંકન માટે એક પ્રશ્નપત્રની રચના કરવામાં આવે છે. પ્રશ્નપત્રની રચનાના આયોજનને બ્લ્યૂ પ્રિન્ટ કહે છે.

પ્રશ્નપત્રની રચ્યાના પાયામાં વિષયવસ્તુ, હેતુઓ અને પ્રશ્નપ્રકાર જેવાં ત્રણ પરિમાણો છે. આ ત્રણેય પરિમાણોનું કેટલું સ્થાન છે તે બતાવતો નકશો એટલે બ્લ્યૂપ્રિન્ટ.

**બ્લ્યૂ પ્રિન્ટનું મહત્ત્વ**

- અભ્યાસક્રમના એકમોને ચોક્કસ ગુણભાર આપી શકાય છે.
- અભ્યાસક્રમના બધા જ એકમોને ન્યાય આપી શકાય છે.
- પ્રશ્નપત્રની વિશ્વસનીયતા અને કઠિનતામૂલ્ય જળવાય છે.
- વિવિધ હેતુઓની ચકાસણી કરી શકાય છે.
- આદર્શ પ્રશ્નપત્રની રચના કરી શકાય છે.
- હેતુઓ પ્રમાણે જ પ્રશ્નોની રચના થાય છે.

**બ્લ્યૂ પ્રિન્ટનાં સોપાનો**

બ્લ્યૂપ્રિન્ટની રચના કરવાં માટે તેનાં સોપાનો ધ્યાનમાં રાખવામાં આવે છે. આ સોપાનોમાં (1) વિષયવસ્તુ પ્રમાણે ગુણભાર (2) હેતુ પ્રમાણે ગુણભાર આ ત્રણે સોપાનોને ભેગા કરવાંથી બ્લ્યૂ પ્રિન્ટની રચના થાય છે. નીચેના કોઠાઓ દ્વારા બ્લ્યૂપ્રિન્ટની રચના સમજીએ.

| **કોઠા : 1** | | | **કોઠો : 2** | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વિષયવસ્તુ | ગુણ | ક્રમ | હેતુઓ | ગુણ |
| 1 | દેવશંકરનું પાત્ર | 14 | 1 | જ્ઞાન | 07 |
| 2 | શંકરલાલનું પાત્ર | 06 | 2 | સમજ | 12 |
| 3 | વ્યાકરણ | 05 | 3 | ઉપયોજન | 06 |
| | કુલગુણ | 25 | 4 | રસદર્શન | - |
| | | | | કુલગુણ | 25 |

**કોઠો : 3**

| ક્રમ | પ્રશ્નોના પ્રકાર | ગુણ |
|---|---|---|
| 1 | નિબંધ પ્રકાર | 07 |
| 2 | ટૂંક જવાબી | 13 |
| 3 | વસ્તુલક્ષી | 05 |
| | કુલ ગુણ | 25 |

**એકમ : લાડુનું જમણ** **સમય : 40 મિનિટ**

**ધોરણ : 8** **ગુણ : 25**

## ત્રિપરિમાણદર્શક (બ્લ્યૂપ્રિન્ટ) કોઠો

| હેતુઓ | જ્ઞાનપ્રાપ્તિ | | | અર્થગ્રહણ (સમજ) | | | અભિવ્યક્તિ (ઉપયોજન) | | | રસદર્શન | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રશ્નપ્રકાર | નિ. | ટૂં. | વ. | નિ. | ટૂં. | વ. | નિ. | ટૂં. | વ. | નિ. | ટૂં. | વ. | |
| વિષયવસ્તુ | | | | | | | | | | | | | |
| દેવશંકરનુપાત્ર | 4(3) | | 4(1) | 4(2) | | | | 2(1) | | | | | 14(7) |
| શંકરલાલનું પાત્ર | 1(1) | | | | 2(1) | | 3(1) | | | | | | 6(3) |
| વ્યાકરણ | | | 2(2) | | 2(2) | | 1(1) | | | | | | 5(5) |
| કુલ | 5(4) | 2(2) | 4(1) | 6(3) | 2(2) | 3(1) | 2(1) | 1(1) | | | | | 25(15) |

**નોંધ :-** કૌંસ બહારના અંક ગુણ દર્શાવે છે. અને કૌંસના અંક પ્રશ્નો દર્શાવે છે.

### 3.2.8 પ્રશ્નપત્ર રચના

બ્લ્યૂપ્રિન્ટના આધારે હવે પ્રશ્નપત્રની રચના જોઈએ. ધોરણ -8 'લાડુનું જમણ' એકમનું 25 ગુણનું પ્રશ્નપત્ર નીચે મુજબ તૈયાર થશે.

**સૂચના :-**

1. બધા પ્રશ્નોના ઉત્તર ફરજિયાત છે.
2. પ્રશ્નની જમણી બાજુ પ્રશ્નના ગુણ દર્શાવેલ છે.

**પ્રશ્ન 1 માગ્યા પ્રમાણે જવાબ આપો. (10)**

(અ) વણનોતર્યા શબ્દમાં વણ (વિનાનું) પૂર્વપદ છે. વર્ણ પૂર્વપદવાળા બે શબ્દો આપો. (5)

(બ) સંધિ છૂટી પાડો : મિષ્ટાન્ન

(ક) અર્થ આપો : ધોઈપોઈ

(ડ) વાક્યમાં પ્રયોગ કરો : માથું મારવું

(ઈ) ભાવવાચક રૂપ આપો : હસવું

**પ્રશ્ન - 2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

(અ) દેવશંકરને ગોરપદું શા માટે છોડવું પડ્યું ?

(બ) લાડુ ન ખાવાની પ્રતિજ્ઞા દેવશંકરે શા માટે લીધી ?

(ક) આદર્શ કલબનું રવિવારના ભોજનનું પાટિયું વાંચી દેવશંકરના મનમાં શી ગડમથલ ચાલી ?

(ડ) શંકરલાલને ક્યારે પસ્તાવો થયો ?

(ઈ) તમે દેવશંકરની જગ્યાએ હો તો શંકરલાલના આગ્રહ પછી શો નિર્ણય લો ?

**પ્રશ્ન - 3 એક-એક વાક્યમાં જવાબ આપો. (3)**

(અ) દેવશંકરે દાળ-ભાત ખાવા માટે ક્યું કારણ રજૂ કર્યુ ?

(બ) દોઢ રૂપિયો બચાવવા દેવશંકરે કેવું આયોજન કર્યુ ?

(ક) બબુચક વિશેષણનો પ્રયોગ કોને માટે થયો હતો ?

**પ્રશ્ન - 4 દેવશંકરના પાત્રમાં રુચિ અને સ્વમાન સામસામે કેવી રીતે ટકરાય છે. ? (4)**

**પ્રશ્ન- 5 શંકરલાલના પાત્રમાં વ્યક્ત થતી વ્યાપારી વૃત્તિનું વર્ણન આપો. (5)**

## 15.3 તમારી પ્રગતિ ચકાસો

**સૂચના :**

(1) નીચે આપેલાં પ્રશ્નોના ઉત્તરો આપો. ઉત્તરો પ્રશ્નની નીચેની ખાલી જગ્યામાં લખો.

(2) આ ઉત્તરોને છેલ્લે આપેલાં પ્રશ્નોના ઉત્તરો સાથે સરખાવો.

**1. મૂલ્યાંકનનું મહત્ત્વ દર્શાવતા ત્રણ મહત્ત્વના મુદ્દાઓ જણાવો ?**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**2. મૂલ્યાંકનના ત્રણ પ્રકારો ક્યા ક્યા ?**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**3. નિદાનાત્મક કસોટી અને શિક્ષકનિર્મિત કસોટીનો એક-એક હેતુ જણાવો ?**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**4. તમે શિક્ષક તરીકે સતત મૂલ્યાંકન કેવી રીતે કરશો ?**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**5. મૌખિક કસોટી માટે તમે કઈ કઈ પદ્ધતિનો ઉપયોગ કરશો ?**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..............................................................................................

..............................................................................................

6. **બ્લ્યૂપ્રિન્ટનાં ત્રણ સોપાનો જણાવો.**

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

7. **નિબંધ પ્રકારના પ્રશ્નોની મર્યાદાઓ જણાવો.**

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

## 15.4 સારાંશ

આમ જોવા જઈએ તો માતૃભાષા વિષયમાં કોઈ ચોક્કસ ઢાંચો (બ્લ્યૂપ્રિન્ટ) તૈયાર કરવામાં આવતો નથી. તેથી ભાષાશિક્ષણનું મૂલ્યાંકન અધકચરું થતું જેવા મળે છે. એકાદ નિબંધ, વ્યાકરણનો પ્રશ્ન, જે મહદ્ અંશે માર્ગશિક્ષકામાં હોય તેવો, ગદ્ય-પદ્યમાંથી લાંબા અને ટૂંકા પ્રશ્નો પૂછી શિક્ષક પોતાનું કાર્ય પૂરું થયેલું માને છે.

ક્યા વિશિષ્ટ હેતુંઓનું મૂલ્યાંકન કરવાનું છે તેના વિચાર પણ પ્રાશ્નિકે કર્યો હોતો નથી. આગે સે ચલી આવતી પદ્ધતિઓ લઈ તેમાં શાબ્દિક ફેરફાર સાથે નવું પ્રશ્નપત્ર તૈયાર કરવામાં આવે છે. પ્રશ્નોની પ્રમાણભૂતતા જળવાતી નથી.

લેખિત કસોટીથી વિદ્યાર્થીની મૌખિક અભિવ્યક્તિ, શ્રવણ અને વાચન કૌશલ્યનું મૂલ્યાંકન થઈ શકતું નથી. વર્ગશિક્ષણમાં નક્કી કરેલાં ધ્યેયો કેટલે અંશે સિદ્ધ થયાં છે તે જાણવા પરીક્ષા-મૂલ્યાંકન જરૂરી છે. મૂલ્યાંકન હેતુઓને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન કરવું જોઈએ.

શિક્ષણનિર્મિત કસોટીઓમાં સામાન્ય રીતે શાળા પોતાના ઉપયોગ માટે શિક્ષકો પાસે કસોટીઓ તૈયાર કરાવતી હોય છે. પણ આવા પ્રકારની કસોટીઓની પૂર્વ અજમાયશ થતી ન હોવાંથી પ્રશ્નનું કઠિનતા મૂલ્ય કે તારવણીમૂલ્ય નક્કી કરી શકાતું નથી. પણ કાળજીપૂર્વક રચાયેલી શિક્ષકનિર્મિત કસોટીઓ ઉપયોગી બનાવી શકાય. આ પ્રકારની કસોટીમાં મુખ્યત્ત્વે ત્રણ પ્રકારના પ્રશ્નો જોવા મળે છે. (1) નિબંધલક્ષી (2) ટૂંકા ઉત્તરી અને (3) વસ્તુંલક્ષી નિદાનાત્મક કસોટી તેના કાર્યહેતુને કારણે શિક્ષકનિર્મિત કસોટીથી થોડી જુદી પડે છે. નિદાનાત્મક કસોટીનો હેતુ નિદાન કરવાંનો છે અને શિક્ષકનિર્મિત કસોટીનો હેતુ વિદ્યાર્થીની જ્ઞાનસિદ્ધિ માપવાનો છે. નિદાનાત્મક કસોટીનો મૂળભૂત હેતુ એ છે કે વિદ્યાર્થીમાં રહી ગયેલ કચાશ કે નબળાઈ માટે કારણો શોધવા અને ઉપચારાત્મક શિક્ષણ આપવું. આમ, નિદાનાત્મક કસોટીનો અર્થ દાક્તરી પરિભાષામાં નિદાન કરવું અને ઉપચાર માટે દવા આપવી એવો થાય છે.

શક્ય હોય ત્યાં સુધી શિક્ષકનિર્મિત કસોટીઓને જરૂરી કાર્યવિધિઓમાંથી પસાર કરવાંનો આગ્રહ રાખવો. કસોટી તૈયાર કરીને તેને યોગ્યતમ નમૂના પરના વિદ્યાર્થીઓ પર અભ્યાસ કરી પ્રમાણભૂત કરવામાં આવે છે.

નિરીક્ષણ-અવલોકનમાં વિદ્યાર્થીઓનાં જૂથ પાડી કોઈ સમસ્યા આપી દેવામાં આવે છે તેથી વિદ્યાર્થી ઉત્સાહથી ભાગ લે છે. પરિણામે વિદ્યાર્થીનું સ્થાન, હિસ્સો, ઉત્સાહ અને નેતૃત્વ વગેરેનું મૂલ્યાંકન થઈ શકે છે.

આદર્શ પ્રશ્નપત્રમાં કઠિન, મધ્યમ અને સરળ એમ ત્રણે પ્રકારના પ્રશ્નોને સ્થાન મળે છે. જે મુદ્રા નું માપન કરવાનું હોય એવા પ્રશ્નો કે જે વિષય શિક્ષણનાં નિશ્ચિત હેતુઓની ચકાસણી ખ્યાલ આપતો હોય છે. એવો પ્રશ્નો કે જે વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન-પરિવર્તન લાવવા માટે વિદ્યાર્થીના મૂલ્યાંકન માટે પ્રશ્નપત્રની રચના કરવમાં આવે છે. આ રચનાના આયોજનને બ્લ્યૂપ્રિન્ટ કહેવામાં આવે છે. રચનમાં હેતુઓ, પ્રશ્નનાપ્રકારો અને શૈ.મુદ્દાઓનો સમાવેશ થાય છે. બ્લ્યૂપ્રિન્ટ ઉપરથી આદર્શ પ્રશ્નપત્રની રચના કરવામાં આવે છે.

## 15.5 સ્વાધ્યાય

(1) પ્રવર્તમાન સમયમાં શિક્ષકનિર્મિત પ્રશ્નપત્રની મર્યાદાઓ જણાવો.

(2) શૈક્ષણિક મૂલ્યાંકન એટલે શું ? સમજાવો.

(3) રેચર્સ અને ડોંગના મૂલ્યાંકન વિશેના ખ્યાલો દર્શાવો.

(4) નિદાનાત્મક કસોટી શિક્ષકનિર્મિત કસોટી કરતાં કઈ રીતે જુદી પડે છે.

(5) તમે સારી કસોટી તૈયાર કરવાં માટે કેવા પ્રકારનાં લક્ષણો ધ્યાનમાં રાખશો ?

(6) મૂલ્યાંકનની કસોટીઓ કઈ કઈ છે તે એક એક ઉદાહરણ સહિત જણાવો.

(7) તાલીમ દરમિયાન તમે કરેલ એકમ-શિક્ષણનાં મૂલ્યાંકનનો ત્રિપરિમાણદર્શક કોઠો તૈયાર કરો.

## 15.6 ચર્ચા માટેના મુદ્દાઓ

(1) શાળાઓમાં હાલમાં મૂલ્યાંકન માટે કેવું સ્વરૂપ જોવા મળે છે ?

(2) પ્રમાણભૂત કસોટી વિશે ચર્ચા કરો.

(3) મૂલ્યાંકનના મહત્ત્વ વિશે ચર્ચા કરો.

(4) શિક્ષકનિર્મિત કસોટી એટલે શું ? ચર્ચા કરો.

(5) પ્રર્વતમાન પરીક્ષા પદ્ધતિના દોષો જણાવી તેની સુધારણાના ઉપાયો વિશે ચર્ચા કરો.

## 15.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. જુઓ 3.2.2

2. જુઓ 3.2.3

3. જુઓ 3.2.3

4. જુઓ 3.2.4

5. જુઓ 3.2.4

6. જુઓ 3.2.6

# એકમ 16 માતૃભાષા શિક્ષણમાં નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય

**: રૂપરેખા :**

**16.0 ઉદ્દેશો**

**16.1 માતૃભાષા શિક્ષણમાં નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય**

**16.1.1 શૈક્ષણિક સાધનોનું સ્વરૂપ**

**16.1.2 નિદાનની પ્રક્રિયા**

**16.1.3 ઉપચારાત્મક શિક્ષણ**

**16.2 તમારી પ્રગતિ ચકાસો**

**16.3 સારાંશ**

**16.4 સ્વાધ્યાય**

**16.5 ચર્ચા માટેના મુદ્દાઓ**

**16.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

## 16.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે....

- એકમનો પરિચય મેળવી શકશો.
- શૈક્ષણિક નિદાનનું સ્વરૂપ જાણી શકશો.
- નિદાનની પ્રક્રિયા વિશે જાણી શકશો.
- જોડણી-શિક્ષણમાં નિદાન-ઉપચારનો અભિગમ જાણી શકશો.
- ઉપચારાત્મક શિક્ષણ વિશે જાણી શકાશે.

## 16.1 માતૃભાષા શિક્ષણમાં નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય

### 16.1.1 શૈક્ષણિક નિદાનનું સ્વરૂપ :

નિદાન શબ્દ મોટે ભાગે બીમારી સાથે સંકળાયેલો શબ્દ છે. આપણે બિમાર પડીએ છીએ એટલે તરત જ ડૉક્ટર પાસે જઈએ છીએ. ડૉકટર આપણા શરીરનું નિદાન કરે છે અને દવા આપે છે. તબીબી ક્ષેત્રે નિદાન અને શૈક્ષણિકક્ષેત્રે નિદાન વચ્ચે તફાવત એટલો છે કે તબીબીક્ષેત્રે દર્દી ડૉકટર પાસે જાય છે જ્યારે શિક્ષણક્ષેત્રે ડૉક્ટર (શિક્ષક) દર્દી પાસે જાય છે.

બાળકમાં શારીરિક ખોડખાંપણ, શરમાળપણું વિષમ અને અસહ્ય સાંવેગિક સ્થિતિ વગેરે અનેક કારણોને લીધે બાળકો શાળાજીવન દરમિયાન અવ્યવસ્થિત અને વિસંવાદી થઈ જાય છે. તેથી બાળકોમાં એક યા બીજા કારણોસર જુદી-જુદી ક્ષતિઓ કે ખામીઓ રહી જાય છે. આ ક્ષતિઓ કે કચાશ એ શૈક્ષણિક રોગ છે. બાળકની આ કચાશ પારખવાની ક્રિયાને નિદાન કહેવામાં આવે છે. બાળકની કચાશ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તે પહેલાં તેને પારખી લેવી જોઈએ.

### 16.1.2 નિદાનની પ્રક્રિયા

આજે શિક્ષણનાં અર્થ અને મહત્ત્વમાં પરિવર્તન જોવા મળે છે, તેમ નિદાનનું ક્ષેત્ર પણ વિસ્તરતું જાય છે, આજે શિક્ષણનો હેતુ બાળકોને ફક્ત વિષયોનું જ્ઞાન આપવા પૂરતો મર્યાદિત રહ્યો નથી. ત્યારે નિદાનનું ક્ષેત્ર મર્યાદિત રહેતુ નથી. શૈક્ષણિક નિદાનની પ્રક્રિયાનાં પાંચ સોપાનો સી.મી.રોસે આપ્યાં છે તે નીચે મુજબ છે.

1. ક્યા વિદ્યાર્થીને મુશ્કેલી છે. ?

2. ભૂલ ક્યાં થાય છે ?

3. ભૂલ શા માટે થાય છે ?

4. ક્યા ઉપાયો સૂચવ્યા છે ?

5. ભૂલ કેમ અટકાવી શકાય ?

ઉપરોક્ત પાંચ સોપાનોમાંથી પહેલાં ચાર સોપાનોને સુધારાત્મક નિદાન સાથે સંબંધ છે. જ્યારે પાંચમાં સોપાનને ભૂલ કેમ અટકાવી શકાય તે માટે નિદાન સાથે સંબંધ છે. બીજી રીતે કહીએ તો નિદાનનો તાત્કાલિક હેતુ સુધારણાનો છે પણ તેનો અંતિમ હેતુ ભૂલો થતી અટકાવવાનો છે.

નિદાન કાર્યનું સૌથી પહેલું પગથિયું એ નૈદાનિક કસોટી તૈયાર કરવી તે છે. નિદાન-કસોટી તૈયાર કરતી વખતે નીચેની બાબતો લક્ષમાં રાખવી જોઈએ.

1. કસોટીની કલમોની પસંદગી એવી રીતે કરવી કે જેથી વિષયવસ્તુની બધા પ્રકારની પ્રક્રિયાઓનો સમાવેશ થઈ જાય.
2. કસોટીની કલમો કઠિનાઈના ક્રમમાં ગોઠવવી.
3. બાળકોની કલમો કઠિનાઈના ક્રમમાં ગોઠવવી.
4. કસોટી રચતી વખતે ભૂલ ને કેન્દ્રમાં રાખવામાં આવે એ જરૂરી છે.

આપણે માતૃભાષા નિક્ષણમાં નિદાન-ઉપચારનો અભિગમ કેવી રીતે પ્રયોજી શકીએ તેની રૂપરેખા જોઈએ. આ અભિગમ જોડણી-શિક્ષણમાં નિદાન-ઉપચારનો છે.

**નિદાન-ઉપચારનો અભિગમ :-**

વિદ્યાર્થીના ગુજરાતી લેખન વિશે સર્વસામાન્ય ફરિયાદો અનેક છે. વિદ્યાર્થીઓ જોડણી પ્રત્યે બેદરકાર રહે છે. લેખનશુદ્ધિ પ્રત્યે અરુચિ દાખવે છે. અનુસ્વારનો દોષો પાર વિનાના કરે છે. મોટાભાગના બધા શિક્ષકોની આ સામાન્ય ફરિયાદો છે. વિદ્યાર્થીઓ જોડણી પરત્વે ધ્યાન આપતા જ નથી. તેનાં અનેક કારણો છે. પરિણામે વિદ્યાર્થીઓ જોડણીમાં કાચા રહે છે. આ સ્થિતિમાંથી રસ્તો કાઢવાના ઉપાયો પૈકી એક ઉપાય વિદ્યાર્થીઓની કચાશ પારખી તે નિવારવા માટે ઉપાયો યોજવા તે છે. આ કાર્યને નિદાન-ઉપચાર કરે છે.

નિદાન કસોટી તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.

- કસોટીની રચનામાં શબ્દોની પસંદગી વખતે જે શબ્દો સામાન્ય વપરાશમાં અવારનવાર આવતા હોય અને તેની જોડણી વિદ્યાર્થીઓ ખોટી કરતાં હોય તેવાં શબ્દોની કરવી.
- અનુભવના આધારે અને શિક્ષકમિત્રોની સાથે ચર્ચા કરીને શબ્દોની પસંદગી કરવી.
- કસોટી માટે લગભગ 50 શબ્દો પસંદ કરવાં. આ શબ્દોની જોડણી-કસોટી બહુવિકલ્પ પ્રકારની રાખવી.

**કસોટી રચના :**

સૂચના :- નીચે કેટલાંક શબ્દોની જુદી-જુદી જોડણી આપી છે. દરેક શબ્દની આ જુદી-જુદી જોડણી વાંચો અને તેમાંથી જે જોડણી સાચી લાદે તેના ક્રમાંક તે શબ્દની પહેલાં આપેલ ચોરસમાં લખો.

☐ (1) 1.અમારુ 2. અમારું 3.અમારૂ 4. અમારૂં

☐ (2) 1.આશીર્વાદ 2.આર્શીવાદ 3.આર્શિવાદ 4. આશિર્વાદ

☐ (3) 1. થંડુ 2.થંડું 3.ઠંડુ 4.ઠંડું

**કસોટીનાં પાત્રો :-**

શાળામાંથી કોઈ પણ એક શ્રેણી પસંદ કરવી દા.ત ધોરણ - 9 ના બે વર્ગોનાં 110 બાળકો પસંદ કર્યા.

**કસોટીનું સંચાલન :-**

કસોટી તૈયાર થઈ ગયા પછી જે બાળકો પર આ પ્રયોગ કરવાંનો છે તે બાળકોને આ ગુજરાતી નૈદાનિક જોડણી કસોટી આપવી. આ માટે એકાદ તાસ જેટલોં સમય આપવો. (50 શબ્દોની કસોટી માટે) જરૂર જણાય તો અન્ય માતૃભાષાના શિક્ષકની મદદ લેવી. અને દરેક વખતે તેમને સાથે રાખવા.

**કસોટી તપાસણી :-**

નૈદાનિક કસોટી આપવાનું કામ પૂરું થયા બાદ દરેક કસોટી કાળજીપૂર્વક તપાસી લેવી. દરેક ઉત્તરવહીના સાચા અને ખોટા જવાબો તારવવા ખોટા જવાબોનો અભ્યાસ કરી વિદ્યાર્થી ક્યાં અને કેવા પ્રકારની ભૂલો કરે છે તેની આવૃત્તિ સહિત નોંધ કરવી.

**ભૂલોના પ્રકાર અને આવૃત્તિ :-**

બાળકો કેવી ભૂલો કરે છે અને કેટલાં બાળકો જે તે પ્રકારની ભૂલો કરે છે તે જાણવા માટે પૃથક્કરણનો ચાર્ટ તૈયાર કરવો.

**પૃથક્કરણ ચાર્ટ**

| કસોટી ક્રમાંક | વિકલ્પો અને આવૃત્તિ | | | | સાચા ઉત્તરો આપનારની સંખ્યા | ખોટા ઉત્તરો આપનારની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | **1** | **2** | **3** | **4** | **સંખ્યા** | **સંખ્યા** |
| 1 | 17 | 70 | 17 | 06 | 70 | 40 |
| 2 | 30 | 50 | 10 | 20 | 30 | 80 |
| 3 | 15 | 33 | 32 | 30 | 33 | 77 |

ઉપરોક્ત પૃથક્કરણ ચાર્ટના આધારે જે તારણો મળે તેને આધારે ઉપચારાત્મક શિક્ષણકાર્યની વિચારણા કરવી.

### 16.1.3 ઉપચારાત્મક શિક્ષણ

ડૉકટર નિદાન કરે પણ દવા ન આપે તો શું હાલત થાય ?તેવી જ હાલત શિક્ષણમાં થાય. નિદાન કરીએ પછી જે કચાશ રહી છે તેની દવા (ઉપચાર) કરવામાં ન આવે તો નિદાનનો કોઈ જ અર્થ રહેતો નથી. આ માટે શિક્ષકે કેટલાંક તાસો અને વિદ્યાર્થીઓને ઉપચારાત્મક શિક્ષણ આપવું.

સૌ પ્રથમ બાળકોને જોડણી શુદ્ધિની અગત્ય સમજાવી અશુદ્ધ જોડણીને કારણે અર્થનો કેવો અનર્થ થાય છે તે સદષ્ટાંત સમજાવવું ત્યારપછી કેટલાંક સામાન્ય શબ્દોની સાચી જોડણી બતાવવી અને તેના નમૂના વર્ગમાં મૂકવા ઈક અને ઈત પ્રત્યય વાળા શબ્દોની જોડણી સમજાવવી નીતિ,મતિ જેવા શબ્દો તથા અન્ય શબ્દોની સાચી જોડણી સમજાવવી.

ઉપચારાત્મક શિક્ષણ આપ્યા પછી તેની અસરકારકતા તપાસવાનું મન થાય એ સ્વભાવિક છે. નૈદાનિક કસોટી દ્વારા કચાશ પારખ્યા પછી તે કચાશ દૂર કરવાં માટે ઉપચારાત્મક શિક્ષણ આપવામાં આવ્યું. ઉપચારાત્મક શિક્ષણ કેટલું અસરકારક નીવડ્યું તે જણવા માટે પુનઃનૈદાનિક કસોટી આપવી. આ પુનઃનૈદાનિક કસોટીનું સ્વરૂપ નૈદાનિક કસોટીના સંમાતર સ્વરૂપનું હોય છે. ઉપચારાત્મક શિક્ષણ આપ્યા બાદ એકાદ મહિને વિદ્યાર્થીઓને પુનઃનૈદાનિક કસોટી આપવી. વિદ્યાર્થીઓ ક્યા શબ્દની જોડણી ખોટી કરી. તેમાં તેઓ કેવો પ્રકારની ભૂલો કરે છે તેની નોંધ કરવી અગાઉની માકફ પૃથક્કરણનો ચાર્ટ ફરી તૈયાર કરવો.

**નૈદાનિક અને પુનઃનૈદાનિક કસોટીની ભૂલોની તુલના :-**

જો ઉપચારાત્મક શિક્ષણ બરાબર આપ્યું હશે (જોડણીના નિયમો બરાબર સમજાવ્યા હશે) તો જોડણીની ભૂલો પ્રમાણમાં ઘટી હોવાંનું માલૂમ પડશે.

જોડણી ઉપરાંત સંધિ, અલંકાર, છંદ સમાસ વગેરે ઉપર આ રીતે કામ કરી શકાય. આ માટે શરત એક જ છે કે માતૃભાષાના શિક્ષકને ધગશ અને રસ હોવાં જોઈએ.

## 16.2 તમારી પ્રગતિ ચકાસો

સૂચના. 1 નીચે આપેલાં પ્રશ્નોના ઉત્તરો આપો. ઉત્તરો પ્રશ્નની નીચેની ખાલી જગ્યામાં લખો.

2 આ ઉત્તરોને છેલ્લે આપેલાં પ્રશ્નોના ઉત્તરો સાથે સરખાવો.

**1 તબીબીક્ષેત્રે નિદાન અને શિક્ષણક્ષેત્રે નિદાન બન્નેમાં શું તફાવત છે ?**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**2 બાળકો કયા કારણોને લીધે શાળાજીવન દરમિયાન અવ્યવસ્થિત અને વિસંવાદી થઈ જાય છે ?**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**3 બાળકોની કચાશને તમે કઈ રીતે પારખી શકશો ?**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**4 શૈક્ષણિક નિદાનની પ્રક્રિયાના પાંચ સોપાનો જણાવો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

5 નિદાન કાર્યનું સૌથી પહેલું પગથિયું ક્યું છે ?

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

## 16.3 સારાંશ

શાળાઓમાં ભાગ્યે જ નિદાનત્મક કસોટીઓ લેવાતી હોય છે. જો દરેક શાળાઓમાં ફરજિયાત નિદાનાત્મક કસોટીઓ લેવામાં આવે તો બાળકમાં રહેલી ખામીઓ કે કચાશ દૂર કરી શકાય છે. વર્ગમાં આવનાર બધાં બાળકો એકસરખાં હોતાં નથી. તેથી નિદાન કસોટી જરૂરી છે. આજે શિક્ષણનો હેતુ બાળકોને ફક્ત વિષયોનું જ્ઞાન આપવા પૂરતો મર્યાદિત રહ્યો ન હોવાંથી નિદાનક્ષેત્રે ખાસ મર્યાદિત રહ્યો ન હોવાંથી નિદાનક્ષેત્ર ખાસ મર્યાદિત રહેતુ નથી. શૈક્ષણિક નિદાન માટે સી.સી.રોસે આપેલાં પાંચ સોપાનો મુજબ નિદાન કરવામાં આવે છે. આમ નિદાન કાર્યનું સૌથી પહેલું પગથિયું એ નૈદાનિક કસોટી તૈયાર કરવી તે છે.

નિદાન-ઉપચારનો અભિગમ શિક્ષણમાં અપનાવામાં આવે છે. બાળકોમાં વ્યાકરણની ભૂલો વધુ પ્રમાણમાં જોવા મળે છે. ખાસ કરીને જોડણીની ભૂલો વધુ કરે છે. આ સ્થિતિમાંથી રસ્તો કાઢવાના ઉપાયો પૈકી એક ઉપાય વિદ્યાર્થીની કચાશ પારખીને તે નિવારવા માટે ઉપચાર કરવામાં આવે છે.

નિદાન માટે કસોટીની રચના કરવામાં આવે છે. વ્યાકરણનો કોઈ પણ એકમ લઈ કસોટી તૈયાર કરવામાં આવે છે. કસોટીની અજમાયશ માટે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવામાં આવે છે. જેવી કે કસોટીના પાત્રો, કસોટીનું સંચાલન ,કસોટીની તપાસણી કેવી રીતે કરવી વગેરે. કસોટીની તપાસી કેવી રીતે કરવી વગેરે. કસોટીની તપાસણી થઈ પછી પૃથક્કરણ માટે ચાર્ટ તૈયાર કરવામાં આવે છે. આ ચાર્ટના આધારે જે તારણો મળે તેને આધારે ઉપચારાત્મક શિક્ષણકાર્યની વિચારણા કરવામાં આવે છે.

ડૉકટર નિદાન કરે પણ ઉપચાર ન કરે તો ? એમ શિક્ષણમાં પણ નિદાન કર્યા પછી ઉપચાર માટે કાર્ય કરવામાં આવે છે. ફરી નૈદાનિક અને પુનઃનૈદાનિક કસોટીની ભૂલોની તુલના કરવામાં આવે છે.

## 16.4 સ્વાધ્યાય

1. માતૃભાષા શિક્ષણમાં નિદાનાત્મક અને ઉપચારાત્મક શિક્ષણનું મહત્ત્વ જણાવી નિદાનાત્મક કસોટીની રચના કરો.
2. તમે નિદાન કસોટી તૈયાર કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખશો ?
3. માતૃભાષામાં વ્યાકરણનો કોઈ એક એકમ પસંદ કરી નિદાનાત્મક કસોટી તૈયાર કરો અને પસંદ કરેલ શ્રેણીમાં અજમાયશ કરી પૃથક્કરણ ચાર્ટ તૈયાર કરો.
4. તમે નિદાનાત્મક કસોટીનું સંચાલન કેવી રીતે કરશો ?
5. ઉપચારાત્મક શિક્ષણ એટલે શું ?

## 16.5 ચર્ચા માટેના મુદ્દાઓ.

1 બાળકો લેખિત અભિવ્યક્તિમાં નબળાં છે. આવાં બાળકોને તમે ઉપચારોત્મક શિક્ષણ કેવી રીતે આપશો ચર્ચા કરો.

2 નિદાન-ઉપચારના અભિગમની ચર્ચા કરો.

3 વિદ્યાર્થીની જોડણીની ભૂલ ઘટી છે તેવું કઈ રીતે કહી શકાય ? ચર્ચા કરો.

## 16.6 તમારી પ્રગતિ ચકાસો ના જવાબો.

1. જુઓ. 4.1.1
2. જુઓ. 4.1.1
3. જુઓ. 4.1.1
4. જુઓ. 4.1.2
5. જુઓ. 4.1.2

એકમ 17

# અન્ય આનુષંગિક બાબતો

## : રૂપરેખા :


17.0 ઉદ્દેશો

17.1 પ્રસ્તાવના

17.2 અન્ય આનુષંગિક બાબતો

17.2.1 સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ

17.2.2 ભાષા પ્રયોગશાળા

17.2.3 ભાષા ખંડ

17.2.4 માતૃભાષાનો શિક્ષકઃસજ્જતા, ગુણો

17.3 તમારી પ્રગતિ ચકાસો

17.4 સારાંશ

17.5 સ્વાધ્યાય

17.6 ચર્ચા માટેના મુદ્દાઓ

5.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.


## 17.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે......

- એકમનો પરિચય મેળવી શકશો
- માતૃભાષામાં સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ વિશે જાણી શકશો.
- ભાષા ખંડ વિશે જાણી શકશો.
- ભાષા પ્રયોગશાળા વિશે જાણી શકશો.
- માતૃભાષાનો શિક્ષક, તેની સજ્જતા અને ગુણો જાણી શકશો.

## 17.1 પ્રસ્તાવના

શિક્ષણનાં દરેક તબક્કે માત્ર સાક્ષરી શિક્ષણ પર્યાપ્ત નથી. ફક્ત જ્ઞાન આપીને શિક્ષકે બેસી રહેવાનું નથી. શિક્ષકે તો બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેનુ પણ ધ્યાન રાખવાનું છે. તે માટે શાળામાં કેટલીક સહઅભ્યાસ પ્રવૃત્તિઓ થાય તે જરૂરી છે. બાળકે લીધેલું શાળાનું ફક્ત સાક્ષરી શિક્ષણ લાંબેગાળે તે ભૂલી જાય છે. પરંતુ સહઅભ્યાસ દ્વારા મેળવેલું જ્ઞાન જીવનપર્યન્ત રહે છે.

આવી પ્રવૃત્તિઓનો શાળાઓમાં અતિરેક પણ ન થવો જોઈએ. તે સપ્રમાણ રહેવી જોઈએ, આ માટે આયોજન અને અમલ વ્યવસ્થિત થાય તે ખાસ જોવું જોઈએ.

## 17.2 અન્ય આનુષંગિક બાબતો

શાળામાં સાક્ષરી જ્ઞાન ઉપરાંત વિદ્યાર્થીઓને રસ પડે તેવી પ્રવૃત્તિઓ ભાષા શિક્ષણમાં કરાવી શકાય. જેથી બાળકને પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન પ્રાપ્ત થાય. આ પ્રકરણમાં સહઅભ્યાસ પ્રવૃત્તિઓ જેવી કે અંક પ્રકાશન, વાર્તાલાપ, કવિસંમેલન, જેવી પ્રવૃત્તિઓ કરાવી શકાય. શાળામાં ભાષાં પ્રયોગશાળા, ભાષાખંડ હોવાં જોઈએ. જેથી વિદ્યાર્થીઓ પોતાની રીતે પ્રયોગ કરી શકે તથા ભાષા ખંડનો ઉપયોગ પણ કરી શકે. આ માટે આપણે કેટલીક આનુષંગિક બાબતોનો અભ્યાસ કરીશું.

### 17.2.1 સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ

માતૃભાષામાં સહઅભ્યાસ પ્રવૃત્તિઓ માટે સૌપ્રથમ ભાષાસાહિત્ય મંડળનું આયોજન કરવું. આ મંડળનું સંચાલન ભાષાશિક્ષક અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે. આ મંડળ દ્વારા થતી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ વિશે જોઈએ.

- **નાટ્યીકરણ**

  પાઠ્યપુસ્તકમાં આપેલી અથવા બહારની નાટ્યકૃતિઓમાંથી રૂપાંતર કરી નાટક ભજાવવામાં આવે છે. આવી પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં વાચન, કથન કૌશલ્ય વિકસે છે. ઉચ્ચારોમાં શિષ્ટતા, આરોહ, અવરોહ, અર્થાનુસારી કાકુ અને ભાવવાહિતા વિકસે છે. નાટ્યરૂપાંતર કે સ્વતંત્ર નાટ્યલેખન કરતાં થાય છે.

- **પાદપૂર્તિ**

  વિદ્યાર્થીઓને આપેલી કાવ્યપંક્તિને આધારે અને તેના અનુસંધાનમાં બાકીની પંક્તિઓ પૂર્ણ કરી કાવ્ય સર્જનની પ્રવૃત્તિ કરી શકાય છે. આ પ્રવૃત્તિથી અધ્યેતાનું વાચન ફલક વિસ્તરે છે. સર્જનાત્મક શક્તિ વિકસે છે. કાવ્યપઠનનો મહાવરો મળે છે. કાવ્ય રુચિ કેળવાય છે.

- **વાર્તાલાપ**

  વિદ્યાર્થીઓનો પ્રાર્થના સભમાં કે રેડિયો વાર્તાલાપ ગોઠવી શકાય. વાર્તાલાપના કારણે વિદ્યાર્થીઓમાં વાચન, માહિતીનું સંશ્લેષણ કરી વાર્તાલાપ પ્રત તૈયાર કરી શકે છે. પોતાના વિચારોને મુક્ત રીતે રજૂ કરી શકે છે.

- **કવિસંમેલન અને મુશાયરો**

  કવિઓ સ્વરચિત કાવ્યોનું શ્રોતા સમક્ષ પઠન કરે છે તે કવિ સંમેલન અને કવિઓ સ્વરચિત ગઝલોનું પઠન કરે તેને મુશાયરો કહેવામાં આવે છે. કવિ પોતાની કૃતિ પોતાના અવાજમાં રજૂ કરે તે સાંભળવાનો અનુભવ વિદ્યાર્થીઓની સાહિત્યરુચિ કેળવે છે. શ્રવણ, આદર્શ મુખપાઠ અને કાવ્ય સર્જનની તાલીમ મળે છે. શાળાનાં બાળકો માટે પણ કવિસંમેલન અને મુશાયરો યોજી શકાય. બાળકોના આ કાર્યક્રમમાં સ્વરચિત કૃતિ ન હોય તો પણ ચાલે.

- **અંક પ્રકાશન**

  શાળાઓમાં હસ્તલિખિત કે મુદ્રિત અંકો પ્રકાશિત કરી શકાય. આ અંકો માટે વિદ્યાર્થીઓ પાસેથી મૌલિક કે સંપાદિત સામગ્રી લેવામાં આવે છે. અને પછી ભાષાશિક્ષક ભાષાકીય રીતે જોઈ લે છે. પછી જે તેનુ પ્રકાશન કરવામાં આવે છે. આ પ્રવૃત્તિથી વાચન-લેખન અને સર્જનાત્મક અભિવ્યક્તિનાં કૌશલ્યો વિકસે છે. સુલેખન અને શુદ્ધ લેખનની તાલીમ મળે છે. સામયિક સંપાદનનો અનુભવ મળે છે. વિદ્યાર્થીનું જ્ઞાન વધે છે. વિદ્યાર્થીને વાચન-લેખન માટે પ્રેરણા મળે છે તથા સાહિત્ય રુચિ વિકસે છે.

- **ઉજવણી**

  શાળાની પ્રાર્થના સભામાં સાહિત્યકારોના જન્મદિવસ અને મૃત્યુદિનની ઉજવણી કરી શકાય. આવી ઉજવણીના પ્રસંગે વિદ્વાનોનાં વ્યાખ્યાન, ગીત-કવિતા ગાન, નાટક પ્રસ્તુતિ, નિબંધ સ્પર્ધા વગેરે સ્પર્ધાઓ યોજી શકાય. આ પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓને સાહિત્યકાર પ્રત્યે માન ઉપજે છે અને સાહિત્ય પ્રત્યે રસ કેળવાય છે.

- **પ્રવાસ-પર્યટન**

  કલાત્મક અને સાહિત્યિક દૃષ્ટિએ મહત્ત્વનાં સ્થળોનો પ્રવાસ ગોઠવી શકાય. સ્થળ અને વ્યક્તિનો સંપર્ક વિદ્યાર્થીને પ્રત્યક્ષ અનુભવ પૂરો પાડે છે. પ્રવાસનો અહેવાલ, રોજનીશી જેવાં લેખનો અધ્યેતાની સર્જનાત્મક વિકસાવે છે. સ્થળ વિષયક વાચનસામગ્રી વાચનકૌશલ્ય વિકસાવે છે. તેમજ સાહિત્ય પ્રત્યે અભિરુચિ કેળવાય છે.

◆ **પ્રદર્શન**

શાળામાં પુસ્તક પ્રદર્શન, સામયિક પ્રદર્શન, ભાષાના શૈક્ષણિક સાધનોનું પ્રદર્શન, સાહિત્યકારોની તસ્વીરોનુ પ્રદર્શન, વ્યક્તિ વિષય (સાહિત્યકાર) ના જીવન-દર્શન પર આધારિત પ્રદર્શન યોજી શકાય.

◆ **શૈક્ષણિક સાધન નિર્માણ**

સાહિત્યમંડળના સભ્યો વર્ગખંડના શિક્ષણમાં ઉપયોગી બને તેવાં દશ્ય સાધનો તૈયાગ કરે. ગદ્ય-પદ્યના વિષયવસ્તુને અનુરૂપ ચિત્રોના સંયોજન દ્વારા સર્જનાત્મકતા અને વ્યાકરણ શિક્ષણ માટે વિવિધ ચાર્ટની રચના દ્વારા સમજ અને સર્જનાત્મકતા વિકસાવી શકાય. દા.ત.ઉનાળાનો બપોરે કાવ્ય છે. તેને ચિત્રોમાં કેવી રીતે ઉતારી શક્ય, ચાર્ટ કેવી રીતે તૈયાર કરી શકાય આ સમજ અને સર્જનાત્મકતા ઉપર આધાર રાખે છે. જે વિદ્યાર્થીમાં આવી દષ્ટિ હશે તો વિદ્યાર્થી ઝડપથી કામ કરી શકશે.

### 17.2.2 ભાષા પ્રયોગશાળા

ભાષા પ્રયોગશાળામાં મુખ્ય બે પ્રકાર પાડી શકાય છે.

(1) શૈક્ષણિક ભાષા પ્રયોગશાળા અને

(2) સંશોધનાત્મકભાષા પ્રયોગશાળા. શૈક્ષણિક ભાષા-પ્રયોગશાળામાં બે વિભાગ હોય છે.

ધ્વનિવિજ્ઞાન પ્રયોગશાળા

અને શ્રાવ્ય-દ્રશ્ય પ્રયોગશાળા. ધ્વનિવિજ્ઞાન પ્રયોગશાળા વડે વિદ્યાર્થીઓને ધ્વનિનું શિક્ષણ આપી શકાય છે.

આ માટે પ્લેટોગ્રાફી, એક્સ-રે, સિનેમા-સ્લાઈડોનો ઉપયોગ કરવામાં આવે છે. શ્રાવ્ય-દશ્ય પ્રયોગશાળામાં બે પ્રકારની સામગ્રી હોય છે. એક છે પ્રક્ષેપણી અને બીજી છે અપ્રક્ષેપણી. શૈક્ષણિક દષ્ટિકોણના આધારે જોવા જઈએ તો ભાષા પ્રયોગમાં શ્રાવ્ય સામગ્રીનું વધુ મહત્ત્વ છે. આદર્શ ભાષા પ્રયોગશાળામાં દરેક વિદ્યાર્થી માટે અલગ બૂથ હોય છે. તે દરેક બૂથ Air conditioned અને Sound હોય છે. આવા બૂથની સંખ્યા વિદ્યાર્થી-સંખ્યા, તાસની સંખ્યા અને સમય પર આધારિત હોય છે.

બૂથયુક્ત ભાષા-પ્રયોગશાળાના બે પ્રકાર હોય છે.

(1) પ્રસારણ ભાષા પ્રયોગશાળા અને

(2) પુસ્તકાલય ભાષા-પ્રયોગશાળા. આ બન્ને ભાષા પ્રયોગશાળાને વિગતે જોઈએ.

**(1) પ્રસારણ ભાષા પ્રયોગશાળા (Brodcasting type of Laboratary).**

આ પ્રયોગશાળાના પ્રત્યેક બુથમાં હેડફોન, માઈક્રોફોન તથા પ્રિએમ્પ્લીફાયર હોય છે. વિદ્યાર્થી હેડફોન ની મદદથી શિક્ષક દ્વારા ટેપ કરેલું સાભળી શકે છે અને જ્યારે સાંભળવું ન હોય ત્યારે હેડફોન કાઢી નાખે છે.

**(2) પુસ્તકાલય ભાષા-પ્રયોગશાળા (Lirary type of Laboratary).**

આ પ્રકારની ભાષા પ્રયોગશાળામાં પ્રત્યેક બૂથમાં બે ચેનલવાળું ટેપરેકોર્ડર હોય છે. વિદ્યાર્થી પાસે શિક્ષક દ્વારા ટેપ કરાયેલી સામગ્રી હોય છે. માસ્ટર ટેપની મદદથી તે સાંભળે છે, અને પોતાની ટ્રેકમાં પોતાની સામગ્રી ટેપ કરે છે, ભૂંસે છે, ફરી ટેપ કરે છે. આ પ્રકારના ટેપ રેકોર્ડર ફેરો-ટ્યુટર હોય છે.

**ભાષા પ્રયોગશાળાની શિક્ષણ પદ્ધતિ.**

1. દરેક બૂથમાંથી શિક્ષક કેન્દ્રમાંથી માસ્ટર ટેપ પ્રસારિત કરે છે. જેને અધ્યેતા સાંભળે છે અને ટેપરેકોર્ડિંગ કરે છે. આ પ્રક્રિયા લોક સ્ટેપ લર્નિંગ (Lock step Learining) તરીકે ઓળખાય

છે. આ પદ્ધતિમાં માસ્ટરટેપ ચાલુ હોય ત્યારે તેને અટકાવીને અઘરી બાબતો સાંભળવાની તક નથી.

2. માસ્ટર ટેપનું પ્રસારણ પૂરું થયા બાદ અધ્યેતા પોતે રેકોર્ડિંગ કરેલ કાર્યક્રમ પુનઃસાંભળે છે અને સાંભળેલી બાબતો પોતે બોલીને વચ્ચે-વચ્ચે પ્રતિચાર આપે છે, જેનું રેકોર્ડિંગ થાય છે.

3. હવે અધ્યેતા માસ્ટર ટેપ અને પોતાના પ્રતિચારોવાળું રેકોર્ડિંગ કરેલું સળંગ સાંભળે છે. અને અધ્યેતા આ ક્રિયા વારંવાર કરે છે. જ્યાં સુધી પોતાના ઉચ્ચારો માસ્ટર ટેપ સાથે મળતા ન આવે ત્યાં સુધી.આ પ્રક્રિયાને સ્પીચ ડ્રિલ (Speech Drill) કહે છે.

4. આ Speech Drill રેકોર્ડિંગ શિક્ષણ પોતાની કેબિનમાં ગમે ત્યારે સાંભળી શકે છે. અને જરૂરિયાત મુજબ અધ્યેતાને વ્યક્તિગત માર્ગદર્શન અને સૂચનો આપે છે.

5. અધ્યેતાના ટેપરેકોર્ડરમાં Twin Track દ્વિમાર્ગી ટેપ હોય છે જેમાં એક Track માં માસ્ટર ટેપનુ રેકોર્ડિંગ થાય છે. જેમાં વચ્ચે વિરામ Pause આપવા ટેપ ખાલી રહે છે. જ્યારે માસ્ટર ટેપમાં વિરામ આવે ત્યારેજ બીજા Track માં અધ્યેતાના પ્રતિચારોનુ રેકોર્ડિંગ કરી-રેકોર્ડિંગની અસર માસ્ટર ટેપના રેકોર્ડિંગને થતી નથી.

**ભાષા-પ્રયોગશાળાના સંદર્ભમાં શિક્ષકનાં કાર્યો.**

(1) ભાષા-પ્રયોગશાળાના સંદર્ભનાં યંત્રોની દેખરેખ રાખવી. યંત્રોનો ઉપયોગ કરતી વખતે બરાબર કામ આપે તેવી સ્થિતિમાં રાખવાં તેમને રીપેર કરાવી લેવા.

(2) ભાષા-પ્રયોગશાળામાં વિદ્યાર્થીને શિક્ષણ આપવું. ઉચ્ચારિત સામગ્રી સાંભળવી, ક્ષતિયુક્તિ સામગ્રી, સુધારવી અને વિદ્યાર્થી શીખવામાં રસ લે છે કે નહીં તે જોવુ.

(3) ભાષા શિક્ષણ માટે સામગ્રી તૈયાર કરવી, વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ જાણવી, મુશ્કેલીઓને આધારે બીજી સામગ્રી તૈયાર કરવી, તેના મહાવરા પાઠો (Drill Lessons) તૈયાર કરવાં.

### 17.2.3 ભાષા ખંડ

આપણી શાળાઓમાં મોટા ભાગે વિજ્ઞાનખંડ, સામાજિક વિજ્ઞાનખંડ, ચિત્રખંડ, ઉદ્યોગખંડ, પુસ્તકાલય ખંડ વગેરે જોઈએ છીએ, પરંતુ ભાષાખંડ ભાગ્યેજ જોવામાં આવે છે. આમ જોવા જઈએ તો દરેક વિષયના અલગ અલગ ખંડની વ્યવસ્થા થવી જોઈએ. શિક્ષક પોતાના વિષય ભણાવવાનો હોય તે વિષયના ખંડમાં જાય અને શિક્ષક ભણાવે. આ વિચાર મુજબ માતૃભાષાના શિક્ષણ માટે શિક્ષણ માટેની અન્ય વ્યવસ્થા ઊભી કરવી.

**સાધનસામગ્રી ભાષાખંડની**

- શિક્ષક માટે ટેબલ-ખુરશી
- વિદ્યાર્થીઓ માટે પાટલીઓ અથવા ટેબલ-ખુરશી
- કાચના દરવાજાવાળાં કબાટો
- ચિત્રપટ્ટીઓ
- પુસ્તકોનાં કબાટ
- સામયિક સ્ટેન્ડ
- કાળું પાટિયું
- બુલેટિન બોર્ડ-તેનું સ્ટેન્ડ
- ટી.વી.સ્ટેન્ડ

**શૈક્ષણિક સાધનો.**

- ગદ્ય-પદ્ય રચનાના

- શિક્ષણ માટેનાં જુદાં-જુદાં ચિત્રો
- વ્યાકરણ શિક્ષણ માટે ચાર્ટ્સ
- વિવિધ લેખકોના, કવિઓ, વિવેચકોના પરિચય સાથેના ફોટા
- સંદર્ભ પુસ્તકો
- સામયિકો
- ઓવરહેડ પ્રોજક્ટર
- રેડિયો
- ટેપ રેકોર્ડર
- કેસેટ
- સી.ડી. / ડી.વી.ડી પ્લેયર
- સી.ડી. / ડી.વી.ડી
- ટી.વી.
- વી.સી.આર.
- વીડિયો કેસેટ
- ફિલ્મ / ફિલ્મ પ્રોજેકટર
- સ્લાઈડ / સ્લાઈડ પ્રોજેક્ટર તથા પડદો

**ભાષાખંડ સજાવટ માટે ધ્યાનમાં રાખવાની બાબતો**

- શિક્ષકની પાછળના ભાગમાં બ્લેકબોર્ડ રાખવું. બ્લેકબોર્ડ ની બાજુમાં એકતરફ બુલેટિન બોર્ડ અને બીજી તરફ પેગબોર્ડ ગોઠવવું.
- શિક્ષકના ટેબલની ડાબી બાજુએ નકશા-ચાર્ટ્સ, નિદર્શન સ્ટેન્ડ અને જમણી બાજુએ પ્રોજેકટર પડદો ગોઠવી શકાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ.
- બ્લેકબોર્ડના જમણા ખૂણામાં ટી.વી.કેસ રાખી શકાય જેમાં વિદ્યાર્થીઓ નિહાળી શકે તેટલી ઊંચાઈએ ટી.વી.રાખવું જોઈએ તેની નીચે વી.સી.આર.નુ ખાનું હોય અને ટી.વી.કેસમાં જ રેડિયો, ટેપરેકોર્ડર અને કેસેટની ગોઠવણી કરવી.
- પ્રવેશના દરવાજા ડાબી બાજુ નકશા-ચાર્ટ્સ રોલઅપબોર્ડ ની વ્યવસ્થા અને નજીકમાં સંદર્ભ પુસ્તકોનાં કબાટ રાખી શકાય.
- શિક્ષકના ટેબલની સામે ચાલુ હાલતમાં પ્રોજેક્ટરો ગોઠવેલાં હોવાં જોઈએ.
- સ્વાધ્યાય માટે અને વિશેષ માહિતી માટે બુલેટિનબોર્ડ પણ ગોઠવી શકાય.
- દીવાલો ઉપર ચિત્રો, સાહિત્યકારોના ફોટોગ્રાફ્સ રાખી શકાય.

### 17.2.4 માતૃભાષાનો શિક્ષક : સજ્જતા, ગુણો વગેરે

ગુજરાતીનું શિક્ષણકાર્ય કરતા ભાષાશિક્ષક પાસે શિક્ષણકાર્ય પાત્રતાની દૃષ્ટિએ કેટલીક અપેક્ષાઓ રાખવામાં આવે છે. શિક્ષણની પ્રક્રિયામાં શિક્ષકનું સ્થાન ચાવીરૂપ છે. શિક્ષક પોતાના જ્ઞાન અને અનુભવના આધારે વિદ્યાર્થીઓને માટે જ્ઞાનસંગ્રહ ક્રિયા સરળ કરી આપે છે, શિક્ષક વિદ્યાર્થીને અમૂલ્ય પ્રેરણા આપે છે તેમજ વિદ્યાર્થીને યોગ્ય બદલો એ સુદઢીકરણ પૂરાં પાડનાર પ્રવક્તા બની રહે છે.

ભાષાના શિક્ષક શી રીતે અસરકારક, કાર્યક્ષમ કે સફળ બની શકે આનો ઉત્તર એ છે કે ભાષાના વિષયમાં સુસજ્જતા પ્રાપ્ત કરીને અને કેટલાંક વ્યક્તિત્ત્વગુણો કેળવીને ભાષાશિક્ષક પોતાના કાર્યમાં

અસરકારક, કાર્યક્ષમ કે સફળ બની શકે છે. શિક્ષક જન્મે છે, બનતા નથી. એવી એક જાણીતી ઉક્તિ છે.---- પણ આ ઉક્તિ અંતિમ સત્ય કે પૂર્ણ સત્ય નથી. ઉત્તમ શિક્ષકોની દુર્લભતા તરફની તીવ્રતમ અભિવ્યક્તિ રૂપે આ ઉક્ત અસ્તિત્ત્વમાં આવી હોય તે બનવા જોગ છે. શિક્ષક થયેલ પ્રત્યેક વ્યક્તિ જો પૂરો પુરુષાર્થ કરે તો જરૂર સારો શિક્ષક બની શકે છે.

વિષય સજ્જતા અને વ્યક્તિત્ત્વ ગુણો.

(1) સૌ પ્રથમ શિક્ષકે આજીવન વિદ્યાર્થી જ રહેવું જોઈએ. જ્ઞાનની ઉપાસના અવિરત રહેવી જોઈએ. ભાષાનો શિક્ષક અધ્યયન નિષ્ઠ ન રહે તે ન ચાલે. ભાષા સાહિત્યના ગ્રંથો અને સામયિકોના વાચનના વ્યસની બનવાનું છે. પાઠ્યપુસ્તકો અને અભ્યાસક્રમની સીમોઓથી પર રહી સખત અભ્યાસ કરવો જોઈએ. શિક્ષક જ્યાં સુધી વિદ્યાર્થી બની રહે છે. ત્યાં સુધી નિષ્ફળ જતો નથી.

(2) શિક્ષક કે કાંઈ શીખવવાનું છે તેના ઉપર તે તો કાબૂ મેળવવા માટે પૂર્વ તૈયારી કરવી જોઈએ. શિક્ષકે કદી હોમવર્ક કર્યા વગર વર્ગમાં જવું ન જોઈએ. જ્ઞાનની કોઈ સીમા નથી. છતાં શિક્ષકે ભાષા અને સાહિત્ય વિશે બને તેટલુ જ્ઞાન સંપાદન કરવું જોઈએ. કેટલાંક શિક્ષણને લગતાં સાહિત્યને લગતાં, સામયિકો ઘરે મંગાવતો હોવો જોઈએ અને નિયમિત વાંચતો હોવો જોઈએ. દૈનિક પેપરો પણ મંગાવવાં જોઈએ. કેટલાંક એવા શિક્ષકો પણ જોયા છે કે પોતાની કમાણીમાંથી અડધો ટકો પણ સામયિકો અને દૈનિક પેપર મંગાવવામાં ખર્ચતા નથી. કેટલાંક શિક્ષકો તો ગામની અનાજ કરિયાણાની દુકાનના કોથળા ઉપર બેસીને દુકાનદારના દૈનિક પેપર વાંચતા હોય છે.

(3) ભાષા શિક્ષકનો માતૃભાષાના અને અન્ય ભાષાઓના સાહિત્યમાં ગાઢ રસ હોવો જોઈએ. સાહિત્યનો આનંદ તેને મન સર્વોત્તમ હોવો જોઈએ. સાહિત્યના પરિશીલનથી તેમનાં સાહિત્યનો વિવેક કેળવાયો હોવો જોઈએ અને ભાષા શિક્ષક ઉત્તમ ભાવક હોવો જોઈએ.ખરેખર તો સાહિત્ય પ્રેમી શિક્ષક ભાષા શિક્ષણ માટે અધિકારી ગણાવો જોઈએ.

(4) ભાષા શિક્ષક પાસે ભાષાશિક્ષણની સહ-આભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજનની અને તેના સંચાલનની આવડત હોવી જોઈએ.

(5) ભાષાશિક્ષકે ક્રિયાત્મક સંશોધનો, પ્રયોગો, પ્રોજેક્ટો વગેરે માટે સુસજ્જ બનવું જોઈએ. ભાષાશિક્ષકે શિક્ષણકાર્યમાં સતત પ્રયોગશીલ અને સાનુકૂળ બની રહે તો જ તેનું કાર્ય ઘરેડિયું મટીને જીવંત બની શકશે.

(6) એક વ્યક્તિ તરીકે ભાષાશિક્ષકની વાણી વિશુદ્ધ, મધુર, વિનયી અને પ્રભાવશાળી હોવી જોઈએ. વિદ્યાર્થીઓ પ્રત્યે નિઃસ્થાર્થ પ્રેમ હોવો જોઈએ. વિદ્યાર્થીઓમાં રહેલા વ્યક્તિગત તફાવતોનો સહજ સ્વીકાર કરવો જોઈએ. વિદ્યાર્થીઓ પ્રત્યેનું શિક્ષકનું વર્તન પ્રેમાળ અને તટસ્થ હોવું જોઈએ. વિદ્યાર્થીના વર્તનની અસર તેના ગુણ (માર્ક) પર પડવી જોઈએ નહીં.

(7) વિદ્યાર્થીઓને અભ્યાસ અને સર્જનાત્મક કાર્યો માટે પ્રેરણા અને માર્ગદર્શન આપવું જોઈએ. પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની ભાષાકીય પ્રતિભાની કાળજીપૂર્વક માવજત કરવી જોઈએ તેમજ નબળા વિદ્યાર્થીઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવીને તેમને અભ્યાસમાં વધુ મદદ કરવી જોઈએ. આમ ભાષા શિક્ષકનું વ્યક્તિત્ત્વ પ્રસન્ન, વિનયી, પ્રેમાળ અને પ્રેરક બની રહેવું જોઈએ.

જ્ઞાન અને પ્રેમ એ બન્ને પલ્લામાં પગ મૂકીને સમતુલા જાળવીને શિક્ષણકાર્ય રૂપી મત્સ્યવેધ કરવાંનો મોટો પડકાર દરેક શિક્ષક સમક્ષ પડેલો છે, શું આપણે તેને ઝીલી શકીશું ? આપણી ભારતીય સંસ્કૃતિમાં ગુરુની ભવ્ય પરંપરા રહી છે. ગોવિંદ કરતાંય ગુરુનું માહાત્મ્ય અધિક છે. દરેક શિક્ષકે એ ખ્યાલ રાખવો જોઈએ કે પોતાનું સન્માન અને કદરનો આધાર ખુદ તેના કાર્યની ગુણવત્તા ઉપર રહલો છે. ભાષાશિક્ષકને આનંદ અને ગૌરવ બંનેની અનુભૂતિ થવી જોઈએ.

## 17.3 તમારી પ્રગતિ ચકાસો

**સૂચના :** (1) નીચે આપેલાં પ્રશ્નોના ઉત્તરો આપી. ઉત્તરો પ્રશ્નની નીચેની ખાલી જગ્યામાં લખો.

(2) આ ઉત્તરોને છેલ્લે આપેલાં પ્રશ્નોના ઉતરો સાથે સરખાવો.

**1. સાક્ષરીજ્ઞાન અને સહઅભ્યાસ દ્વારા આપેલું જ્ઞાન બન્નેમાંથી ક્યું ઉત્તમ ગણાય છે ?**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**2. કોઈ  પણ ત્રણ સહઅભ્યાસ પ્રવૃત્તિઓનાં નામ આપો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**3. વિદ્યાર્થીઓનાં વાંચન અને કથન વિકાસવવા કઈ પ્રવૃત્તિઓ કરવી જોઈએ ?**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**4. પાદપૂર્તિથી વિદ્યાર્થીઓની કઈ શક્તિ વિકસે છે ?**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**5. ભાષા પ્રયોગશાળાના બે પ્રકાર જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

.....................................................................

**6. ભાષા - પ્રયોગશાળાના સંદર્ભમાં શિક્ષકનાં બે કાર્યો જણાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**7. પ્રતિભાશાળી શિક્ષકમાં ક્યા ગુણો હોવાં જોઈએ ?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 17.4 સારાંશ

શિક્ષણકાર્ય દરમિયાન શિક્ષક અવારનવાર અનેક સહઅભ્યાસ પ્રવૃત્તિઓનો ઉપયોગ કરતો હોય છે. ફક્ત સાક્ષરી જ્ઞાન કરતાં બાળકોના સર્વાંગી વિકાસ માટે શિક્ષકે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. જેથી બાળક પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન મેળવી શકે.

નાટ્યીકરણ કરાવવા માટે પાઠ્યપુસ્તકમાંથી કોઈ એક એકમ પસંદ કરી યોગ્ય સંવાદો મૂકી વર્ગમાં કે પ્રાર્થમાં સભામાં ભજવવામાં આવે છે.

પાદપૂર્તિમાં વિદ્યાર્થીઓને આપેલ અધૂરી કાવ્ય પંક્તિને આધારે વિદ્યાર્થી બાકીની પંક્તિઓ પૂર્ણ કરે છે, જેથી વિદ્યાર્થીની સર્જન શક્તિ વિકસે છે અને લાંબે ગાળે કાવ્યરુચિ કેળવાય છે. વાર્તાલાપ, કવિ સંમેલન અને મુશાયરો પ્રાર્થના સભામાં યોજી શકાય છે. આ પ્રવૃત્તિના કારણે વિદ્યાર્થીઓને વાચન, માહિતીનું સંશ્લેષણ, શ્રવણ, આદર્શ મુખપાઠ અને કાવ્ય સર્જનની તાલીમ મળે છે. અંક પ્રકાશનના કારણે વિદ્યાર્થીઓમાં વાચન-લેખન અને સર્જનાત્મક અભિવ્યક્તિનાં કૌશલ્યો વિકસે છે. આવી પ્રવૃત્તિ કરાવવાથી વિદ્યાર્થીઓમાં જ્ઞાન વધે છે.વિદ્યાર્થીઓને વાચન લેખન માટે પ્રેરણા મળે છે.

શાળાઓમાં જુદી-જુદી પ્રવૃત્તિઓ કરાવવાથી વિદ્યાર્થીઓમાં પ્રત્યક્ષ અનુભવો થાય છે. તેનાથી અહેવાલ તથા રોજનીશી લખવાની ટેવ પડે છે. આ ઉપરાંત શાળામાં પુસ્તક પ્રદર્શન, સામયિક પ્રદર્શન, શૈક્ષણિક સાધનોનું પ્રદર્શન વગેરે પ્રકારનાં પ્રદર્શનો યોજી શકાય.

વર્ગ શિક્ષણમાં ગદ્ય-પદ્યને અનુરૂપ દશ્ય સાધનો વિદ્યાર્થીઓ પાસે બનાવડાવી શકાય. માટે, ચિત્રો જેવાં સાધનોની પણ રચના થઈ શકે છે. સાધન રચનામાં વિદ્યાર્થીઓની સર્જનશક્તિનો ખ્યાલ આવી શકે છે.

ભાષા પ્રયોગશાળા અને (2) સંશોધાનાત્મક ભાષા પ્રયોગશાળા બે પ્રકારની હોય છે. આદર્શ ભાષા પ્રયોગશાળામાં વિદ્યાર્થીઓ માટે અલગ બૂથ હોય છે. બૂથયુક્ત ભાષા-પ્રયોગશાળા બે પ્રકારની હોય છે (1) પ્રસારણ ભાષા અને પુસ્તકાલય ભાષા પ્રયોગશાળા.

ભાષા ખંડમાં ફર્નિચર અને શૈક્ષણિક સાધન સામગ્રી રાખવામાં આવે છે. ભાષા ખંડ એટલે વિષય શિક્ષક પોતે ભાષા ખંડમાં બેસતા હોય, સંદર્ભ પુસ્તકો હોય. સામયિકો હોય, દશ્યશ્રાવ્ય સાધનો વ્યવસ્થિત ગોઠવેલા હોય. ભાષા ખંડની બરાબર સજાવટ કરવામાં આવી હોય.

શિક્ષણકાર્ય કરતાં ભાષાશિક્ષક પાસે શિક્ષણકાર્ય કરવાંની પાત્રતાની દષ્ટિએ કેટલીક અપેક્ષાઓ હોય તે સ્વભાવિક છે. કેટલીક શિક્ષણની પ્રક્રિયામાં શિક્ષકનું કામ ચાવીરુપ હોય છે. પોતાના જ્ઞાન અને અનુભવના આધારે વર્ગશિક્ષકને જીવંત બનાવે છે. શિક્ષકે પુસ્તકો અને સામયિકોના વ્યસની બનવું જોઈએ. શિક્ષક વિદ્યાર્થી બની રહે ત્યાં સુધી તે નિષ્ફળ જતો નથી.

## 17.5 સ્વાધ્યાય

1. વિદ્યાર્થીઓ પોતાના વિચારો રજૂ કરેતે માટે તમે કઈ પ્રવૃત્તિઓ યોજશો ? કઈ રીતે ?
2. તમે શાળામાં સાધન-નિર્માણ માટે બાળકોને કેવી પ્રવૃત્તિ આપી શકશો ?
3. ભાષા ખંડનાં શૈક્ષણિક સાધનો જણાવો.
4. તમે ભાષા ખંડની સજાવટ માટે શું ધ્યાનમાં રાખશો ?
5. માતૃભાષાના શિક્ષકની વિષય સજ્જતા અને વ્યક્તિત્ત્વ ગુણો જણાવો.

## 17.6 ચર્ચા માટેના મુદ્દાઓ

સહઅભ્યાસ પ્રવૃત્તિઓની વિગતે ચર્ચા કરો.

1. ભાષા પ્રયોગશાળા અને પુસ્તકાલય પ્રયોગશાળા વિશે આપનાં મંતવ્યો જણાવો.
2. ભાષાખંડની સજ્જતા વિશે આપના વિચારો વ્યક્ત કરો.

## 17.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. જુઓ 5.1
2. જુઓ 5.2
3. જુઓ 5.2.1
4. જુઓ 5.2.1
5. જુઓ 5.2.2
6. જુઓ 5.2.2.

## 17.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. ત્રિવેદી ગુણવંત, ભાષા શિક્ષણની પ્રક્રિયા, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, રાજ્ય શિક્ષણભવન, 1969.
2. પટેલ જોષી, શાહ, લિખિયા, કાપડિયા, હેસ્મા શૈક્ષણિક ટેકનોલોજી, તૃતીય આવૃત્તિ અમદાવાદ, બી.એસ.શાહ પ્રકાશન, 2003-2004
3. રાવલ, પાઠક, વાઘેલા, ત્રિવેદી, ગુજરાતીનું અભિનવ અધ્યાપન, અદ્યતન આવૃત્તિ અમદાવાદ, નીરવ પ્રકાશન.
4. પટેલ, દવે, ડાભી, ભોગાયતા, ધામેયા, મહેતા,. ગુજરાતીના અધ્યાપનનું પરિશીલન, છઠ્ઠી આવૃત્તિ, અમદાવાદ. બી.એસ.શાહ પ્રકાશન, 2004-2005
5. પટેલ મોહનભાઈ અને શેઠ ચંદ્રકાન્ત, ગુજરાતીમાં વિરામચિહ્નોનો, પ્રથમ આવૃત્તિ અમદાવાદ. ગુજરાત વિદ્યાપીઠ, 1973
6. પારેખ ભગવાનલાલ, ગુજરાતી જોડણી : નૈદાનિક કસોટી, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ રાજ્ય શિક્ષણ ભવન, 1969.
7. શ્રીવાસ્તવ, રવીન્દ્રનાથ, ભાષાશિક્ષણ, પ્રથમ સંસ્કરણ, નવી દિલ્હી, ધી મેકમિલન કંપની ઓફ ઇન્ડિયા લિમિટેડ, 1979.

8. Bloom, Benjamin, Taxonomy of Education, New York, David Mckay, 1956.

9. Makey, William Franics, Language, Teaching Analysis Second Impressin. Londan, Langmans, Green and co. Ltd., 1966.

10. Pierce, W.D. and Larber, M.A., objectives and methhods for secondary Teaching, First Edition, New Jersey, Prentice Hall, Inc.Englewood cliffs. 1977.

11. Widdowson. H.G. Teaching Language as Comminication, Oxford University Press, 1978.